શ્રી આત્માનંદ પ્રકાશ

ATMANAND PRAKASH

मध्यस्थभावो विपर्गतवृत्तेः

જેમ નિર્મળ આરીસામાં સામેની તમામ વસ્તુઓનું પ્રતિબિંબ પડે છે, તેમ મધ્યસ્થ માનવના મનમાં સમગ્ર-ધર્મના ગુણોનું પ્રતિબિંબ પડે છે. મધ્યસ્થ માનવો [illegible] દૂધને માત્ર ગ્રહણ કરવા જેવાં જ તત્ત્વોને ગ્રહણ કરે છે. વળી, [illegible] મધ્યસ્થવૃત્તિને શાસ્ત્રોને ભણ્યા વિના જ બુદ્ધિમાં આવેલા સંસ્કાર કહે છે [illegible] વિના જ વસ્તુઓને જોવાનું સાધન કરે છે અને આચાર્યની શિક્ષા વગર જ આત્મિક ધર્મ પ્રગટ કરે છે. કોઈ માનવ ભલે ઓછા ગુણવાળો હોય તો પણ તે પોતાની મધ્યસ્થવૃત્તિને લીધે બીજા માનવોનો [illegible] થાય છે. [illegible] ગુણને [illegible] તેથી [illegible] પામી [illegible] છે.

જે બુદ્ધિશાળી માનવ [illegible] ગુણને [illegible] થાય છે તે [illegible] જેમ [illegible]

પુસ્તક ૫૬ અંક ૧-૨

શ્રી જૈન આત્માનંદ સભા

ભાવનગર

विषयानुक्रम

ક્રમાંક	લેખ	લેખક	પૃષ્ઠ
૧	मित्ती मे सव्वभूएसु		૧
૨	વર્ષારંભે પ્રભુ સ્તુતિ	(વિ. મૂ. શાહ)	૨
૩	નૂતન વર્ષારંભે માંગલ્ય ભાવના	(વિ. મૂ. શાહ)	૨
૪	નૂતન વર્ષનું મંગલમય વિધાન		૩
૫	ભક્તિ અને વિભક્તિ	(સાહિત્યચન્દ્ર બાલચંદ-માલેગામ)	૯
૬	અહિંસાની ત્રણ ધારાઓ	(પં. મુનિશ્રી શ્રીમલ્લજી મહારાજ)	૧૦
૭	મનનું પાપ	(મનસુખલાલ તારાચંદ મહેતા)	૧૪
૮	ધર્મગુરુ અને ડૉકટર	(રૂપાં. ન. જ. ત્રિવેદી)	૧૭
૯	મિત્રા દૃષ્ટિની સઝાય	(સં. ડૉ. વલભદાસ નેણુશીભાઈ)	૨૦
૧૦	સ્વીકાર અને સમાલોચના		૨૩
૧૧	અવસાન નોંધ		ટા. ૩

જીવનને ઘડવામાં ઉપયોગી બે પ્રાણવાન પ્રકાશનો

જ્ઞાનપ્રદીપ ભાગ (૧ થી ૩)

આ ગ્રંથમાં સ્વ. આચાર્યશ્રી વિજયકસ્તૂરસૂરીશ્વરજીએ લખેલા આધ્યાત્મિક લેખોનો સર્વ-સંગ્રહ રજુ કરવામાં આવ્યો છે.

લેખો એટલા ઊંડા અને તલસ્પર્શી છે કે તે વાંચનારને જૈન દર્શનશાસ્ત્રનો ઊંડો અભ્યાસ આપોઆપ થઈ જાય છે. ટૂંકામાં આત્મસિદ્ધિ માટે આ ગ્રંથ ખાસ વાંચવા મનન કરવા જેવો છે લગભગ છસો પાનાનો આ ગ્રંથ મોટો હોવા છતાં તેની કિંમત માત્ર રૂા. ૮-૦૦ રાખવામાં આવેલ છે (રવાનગી ખર્ચ અલગ).

૨ કથારત્ન કોશ :—ભા. ૧-૨. આજ સુધીમાં પ્રગટ નહિ થએલ એવી કથાઓનો સંગ્રહ આ બન્ને ભાગમાં આપવામાં આવેલ છે. દરેક કથા સરળ શૈલિએ અને ધાર્મિક-સંસ્કાર પ્રેરતી રહે તે રીતે આલેખવામાં આવેલ છે.

તેના પ્રથમ ભાગની કિંમત રૂા ૧૦-૦-૦ તથા બીજા ભાગની કિંમત રૂા. ૮-૦-૦ છે એમ છતાં તે આપને અનુક્રમે રૂા. ૮-૦-૦ અને રૂા. ૬-૦-૦ થી આપવામાં આવશે. જ્યારે બન્ને ભાગના રૂા. ૧૮-૦-૦ ને બદલે માત્ર રૂા. ૧૪-૦-૦ લેવામાં આવશે (રવાનગી ખર્ચ અલગ.)

લખોઃ— **શ્રી જૈન આત્માનંદ સભા—ભાવનગર**

श्री आत्मानंद प्र

વર્ષ ૫૯મું] કારતક-માગશર તા. ૧૫-૧૨-૬૧ [અંક ૧-૨

मित्ती मे सव्वभूएसु

सव्वे पाणा पियाउया
सुहसाया दुक्खपडिकूला।
अप्पियवहा जीविउकामा
सव्वेसिं जीवियं पियं॥

બધા પ્રાણીઓને પોતાનું જીવન પ્રિય છે, સુખ પ્રિય છે, તેઓ દુઃખને ચાહતા નથી. એ પોતાનો વધ ન કરનારા અને જીવવાની ઇચ્છાવાળા છે. સૌને જીવન પ્રિય છે.
આચારાંગ

सव्वे जीवा वि इच्छंति
जीविउं न मरिज्जिउं।
तम्हा पाणिवहं घोरं
निग्गंथा वज्जयंति णं॥

બધાં જીવો જીવવા ઇચ્છે છે,
કોઈ મરવું ઇચ્છતું નથી.
માટે પ્રાણીવધ એ ઘોર પાપ છે
નિર્ગ્રંથો તેનો ત્યાગ કરે છે
દશવૈકાલિક

जं इच्छसि अप्पणतो
जं च न इच्छसि अप्पणतो।
तं इच्छ परस्स वि मा
एत्तियगं जिणसासणं॥

જે તું પોતાને માટે ઇચ્છે છે તે બીજાઓને માટે પણ ઇચ્છ. જે તું પોતાને માટે ઇચ્છતો નથી, તે બીજાઓને માટે ઇચ્છીશ નહીં. આ જિનશાસન છે.
બૃહત્કલ્પભાષ્ય

વર્ષારંભે પ્રભુ સ્તુતિ

હરિગીત

સત્તત્વ અમૃત રસ વિશે જે હર્ષ પામે રસ ધરી,
દેવેંદ્ર ઇચ્છે પૂર્ણપદને સંગમાં જેના રહી;
સંસારમાં ભમતા ભવિકો આવતા જ્યાં શરણમાં,
તે નાથને પ્રણમું પ્રીતે આ નવિન વર્ષારંભમાં.

અંતર તણા આનંદમાં જે આત્મપદ આરાધતા,
ક્લેશો કષાયો છેદીને શિવધામને જે સાધતા;
આ લોકમાં સૌ જીવને સમદષ્ટિથી આલોકતા;
તે નાથને પ્રણમું પ્રીતે આ નવિન વર્ષ શરૂ થતા.

વિ૦

નૂતન વર્ષારંભે માંગલ્ય ભાવના

હરિગીત

નમિએ નિરંતર નવિન વરસે દેવશ્રી આદિ પ્રભો,
અજ્ઞાન તિમિર ઉચ્છેદવા આદિત્ય સમ એ છે વિભો;
ધ્યાતા નિપાવે ધ્યેય પદને ધ્યાન જો નિશ્ચલ બને,
યાચું પ્રભો, હું આ સમે એ યોગ્યતા અર્પો મને.

ગુરુરાજ ગુણનિધિ ભવિક જનને બોધતા દઢતા ધરી,
વિચરી વિવિધ સ્થળમાં સદા સ્યાદ્વાદ શૈલી વિસ્તરી;
ઉપદેશ તેમજ લેખ ને પુસ્તક બનાવ્યા તત્વના,
શ્રી વિજ્યાનંદસૂરીશને હો નમન આત્મિક હૃદયના.

આ નવિન વર્ષારંભમાં આશિષ છે અંતર તણી,
સ્યાદ્વાદ શૈલી રૂપ અમૃત ભોજ્ય છે ચિન્તામણી;
અર્પીશ એ ગ્રાહક પ્રતિ પ્રતિમાસ વિવિધ રસ ભરી,
શ્રી આત્માનંદ પ્રકાશ ઇચ્છે હૃદય શુદ્ધિ હજો ખરી.

છે રમ્ય આ સૌરાષ્ટ્રમાં ભાવિકની ભાવાપુરી,
જ્યાં જૈન મંદિર શોભતાં જાણું ખરે અલકાપુરી;
ત્યાં આત્માનંદ સભા સદા શ્રી જૈન ધર્મ પ્રસારવા,
પ્રકટાવે આત્માનંદ માસિક આત્મશુદ્ધિ વધારવા.

વિ૦

નૂતન વરસનું મંગળમય વિધાન

સૂર્યના દર્શનથી જેમ, કઈ વસ્તુ ક્યાં છે તેનું દર્શન થાય છે. આત્મજ્ઞાનના પ્રકાશથી જીવનમાં કઈ વસ્તુ ક્યાં છે તેનું દર્શન થાય છે, અને સંસારની છોડવા અને ગ્રહણ કરવા લાયક વસ્તુનું ભાન થાય છે માટે આત્મજ્ઞાનનો એ પ્રકાશ મેળવો. —ચિત્રભાનુ

આત્માના આનંદની, આત્મરમણતાની વાતો પર પ્રકાશ પાડતા પાડતા "આત્માનંદ પ્રકાશે" પોતાના અઠ્ઠાવન વરસની મજલ પૂરી કરી, ઓગણસાઠમા વરસમાં પ્રવેશ કરે છે

કોઈપણ વર્તમાનપત્રનું અઠ્ઠાવન વરસનું લાંબુ આયુષ્ય એ માત્ર આ સભાને માટે જ નહિ, પરંતુ સમસ્ત જૈન સમાજને માટે ગૌરવનો પ્રસંગ છે

જૈન સમાજમાં જ્યારે વર્તમાનપત્રોનો પ્રકાશનની પ્રવૃત્તિ વિરલ હતી, એવા સમયે આત્માનંદ પ્રકાશનો જન્મ થયો, અને વાચકો, લેખકો અને શુભેચ્છકોના સહકારથી આજે અઠ્ઠાવન વરસ સુધી, અવિરતપણે તે સમાજની યત્કિંચિત્ સેવા બજાવતું રહ્યું છે તે બદલ અમો અમારો આત્મસંતોષ વ્યક્ત કરીએ છીએ અને તેના શુભેચ્છકોનો આ તકે આભાર માનીએ છીએ.

આત્મજ્ઞાનનો પ્રકાશ એ આ માસીકનો મુખ્ય વ્યવસાય છે અને ઓગણસાઈઠ વરસના મંગળ-પ્રવેશ પ્રસંગે પણ આત્મજ્ઞાનની દૃષ્ટિએ જ આપણે મુખ્યત્વે વિચાર કરવાનો છે.

એક વાત ચોક્કસ છે કે સુખ અને શાન્તિને માટે આપણે તલસીએ છીએ, અને આત્મસિદ્ધિ એ આપણું જીવન-ધ્યેય છે. માણસ ચૌદ પૂર્વનું જ્ઞાન સંપાદન કરે, અપૂર્વ રિદ્ધિ-સિદ્ધિ પ્રાપ્ત કરે, પરંતુ જ્યાં સુધી તે પોતાના આત્માને ઓળખે નહિ ત્યાં સુધી એ સર્વ રિદ્ધિનો કોઈ અર્થ નથી. અખો કહે છે તેમ "જ્યાં લગી આતમા તત્ત્વ ચિંત્યો નહિ ત્યાં લગી સાધના સર્વ જુઠી" એટલે શાન્તિની ઉપાસના માટે —આત્માસાધના માટે અભ્યંતર જ્ઞાન આત્મજ્ઞાન અતિ મહત્ત્વનું છે.

મરજીવા માણસો પોતાના જીવનના જોખમે પણ સાગરના ઊંડાણમાં ડુબકી મારીને, તળીએ રહેલ મહામૂલાં મોતી જેમ શોધી કાઢે છે તેમ માણસ જીવનના ઊંડાણમાં ઉતરીને, આત્મામાં જે અનંત વીર્ય રહેલું છે તેની પ્રતીતિ કરીને—આત્મસિદ્ધિરૂપી રત્ન સાધી શકે છે. પણ કલ્યાણનો સાચો માર્ગ આમનવી આજે ભૂલ્યો છે.

અત્યારના વિજ્ઞાને વધારી મુકેલ ઝડપ-દોડધામ, જુઠી મહત્વાકાંક્ષાઓ, ભોગ-વિલાસ-પક્ષાપક્ષી, અને અશાન્તિ એટલી બધી વધારી મુકી છે કે આજનો માનવી આજે ક્યાં જઈને પટકાશે તે કહી શકાય તેમ નથી.

લોકજીવનમાં વિરલ બનતી જતી પ્રામાણિકતા, ન્યાયનીતિ અને આત્મશુદ્ધિની ભાવનાની સમતુલા જાળવી રાખવા માટે આપણે સજાગ થવા વિના છુટકો નથી.

આમ વધતી જતી આસુરીવૃત્તિને નિયંત્રિત કરવા માટે ધર્મભાવનાની—આત્મજ્ઞાનની આજે વધારેમાં વધારે જરૂર છે. અને તેનો સાચો ઉપાય છે તત્ત્વજ્ઞાનના પ્રચારનો.

શ્રમણ સંસ્કૃતિમાં, અને તેમાંએ ખાસ કરીને જૈન સંસ્કૃતિમાં આત્મસાધના માટેનું અપૂર્વ

સાહિત્ય ભર્યું છે. આજના ચોમેર પ્રસરેલા દાવાનળને શાન્ત કરવા માટે, છેવટે આસુરીવૃત્તિની સાથે દૈવીવૃત્તિની સમતુલા જાળવી રાખવા માટે—જો યુગદૃષ્ટિ ઓળખીને જૈન સાહિત્યનો–લોકભોગ્ય રીતે પ્રચાર કરવામાં આવે તો વિશ્વશાન્તિના માર્ગે આપણે ઘણું કરી શકીએ.

એટલે જૈન સાહિત્ય અને શિક્ષણનો પ્રચાર એ આજે આપણું પરમ કર્તવ્ય બની રહે છે.

અત્યારે જેમ જેમ આસુરીવૃત્તિ જોર કરતી જાય છે તેમ તેમ જનતા તેનાથી કંટાળી અહિંસાની વાતો કરવા લાગી છે અને આ હમારી આસુરીવૃત્તિ આપણને મારી નાખશે એવા ભયથી આજે સૌ શાન્તિની વાતો કરવા લાગ્યા છે, એટલે જનસમુહમાં સાચી શાન્તિની–આધ્યાત્મિક જ્ઞાનની ભૂખ ઉઘડતી આવે છે. ટૂંકામા આજે આ સમય એવો આવ્યો છે કે જો જનતા પાસે લોકભોગ્ય શૈલિએ જૈન દર્શનનું સાહિત્ય મુકવામા આવે તો વિશ્વકલ્યાણનું સર્વત્ર સુખી ભવતુ લોકઃનું સૂત્ર આપણે ચરિતાર્થ કર્યું ગણાશે.

એટલો આનંદનો વિષય છે કે આપણા સાહિત્ય પ્રકાશનનો પ્રવાહ એ દિશા તરફ ઢળતો જાય છે.

ડૉ, રાજેન્દ્રપ્રસાદ જેના સંરક્ષક છે એવી દિલ્હીની અર્ધ સરકારી પ્રાકૃત ટ્રેકટ સોસાયટી, શેઠ કસ્તુરભાઈ લાલભાઈ દ્વારા સ્થપાએલ પ્રાચ્યવિદ્યા મંદિર, શ્રી મહાવીર જૈન વિદ્યાલય અને જૈન સાહિત્યના સંશોધન અને પ્રકાશન માટે કાર્ય કરી રહેલ આવી સંસ્થાઓની પ્રવૃત્તિનો વિચાર કરીએ તો આપણે જરૂર આશા રાખી શકીએ કે આપણા બધાએ આગમો આધુનિક ઢબે સંશોધિત થઈને તેના પૂર્ણ રૂપમાં પ્રાપ્ત થએલા નજીકના ભવિષ્યમાં આપણે જોઈ શકશું.

આ ત્રણે સંસ્થાઓના સંપાદન કાર્યમા આગમપ્રભાકર મુનિશ્રી પુણ્યવિજયજી મહારાજ તેના એક અવિભાજ્ય અંગ તરીકે જોડાએલ છે તે આપણા માટે આનંદનો વિષય છે.

બીજી બાજુ, કલકત્તા યુનિવર્સિટીએ ઉત્તરાધ્યયન સૂત્રનો બાબુ શ્યામસુંદરે તૈયાર કરેલ બંગાળી ભાષાનો અનુવાદ પ્રગટ કર્યો છે.

અખિલ ભારતીય પ્રાચ્યવિદ્યા પરિષદના ૨૧મા અધિવેશન પ્રસંગે પં. બેચરદાસ અને પં. સુખોધભાઈ (પિતા–પુત્ર) ને પ્રાકૃત ભાષા અને જૈન ધર્મ માટે નિયુક્ત કરવામાં આવેલ હતા.

શ્રી ઋષભદાસજી જૈન અને શ્રી મોહનલાલ ધામીનું યોગ્ય સન્માન કરવામા આવ્યું.

શ્રી દલસુખભાઈ માલવણિયા, શ્રી જયભિખ્ખુ, શ્રી ઉમાકાન્ત શાહ આદિ સાહિત્યસેવકોની સેવાની વ્યાપક કદર થતી આવે છે; શેઠ અમૃતલાલ કાળીદાસના સતત ચિન્તન અને પ્રયાસથી આપણું સૂત્ર સાહિત્ય સુંદર આકાર લેતું આવે છે. આ રીતે બની રહેલ આપણી સાહિત્ય પ્રવૃત્તિ એ આપણા માટે ગૌરવના પ્રસંગો ગણાય.

ટૂંકામાં જેમ જેમ લોકરુચિ વધતી આવે છે, તેમ તેમ આપણું જૈન સાહિત્ય વ્યાપક પ્રચાર લેતું આવે છે. અને જૈન–જૈનેતર જગતમાં સારો આદર પામતું આવે છે.

આ મંગળ પ્રવૃત્તિને વેગ આપવાનો જો સમયધર્મ આપણે સમજીએ તો હજુ આ દિશામાં આપણે ઘણું કરવા જેવું છે તેનો થોડો વિચાર કરીએ ;—

૧ નિશાળોમાં વિદ્યાર્થીઓને નૈતિક શિક્ષણ કેવી રીતે આપવું. જુદા જુદા ધર્મના વિદ્યાર્થીઓ

જ્યાં એક સાથે અભ્યાસ કરી ગયા હોય–તેમનાં નૈતિક–જીવનના ઘડતર માટે કેવા પ્રકારનો અભ્યાસક્રમ યોજવો તે અંગે ભારત સરકારે નિમેલ કમિટિ વિચાર કરી રહેલ છે.

આધ્યાત્મિક શિક્ષણનો અભ્યાસક્રમ યોજવામા જૈન સાહિત્યમાંથી ઘણી પ્રેરણા મળી રહે તેમ છે. આ બાબત તરફ પ્રકાશ–કમિટિનું ધ્યાન ખેચવા આપણે જાગૃત થવું જોઈએ. દિલ્હીમા દિગમ્બર ભાઈઓએ આ માટે વિચારણા કરી છે. આપણે આ દિશામાં કરવા જેવું હોય તેનો વિચાર કરી યોગ્ય કરવું ઘટે

૨. ભારતીય સંસ્કૃતિના પ્રચાર માટે આપણાં વિશ્વ–વિદ્યાલયો કામ કરી રહેલ છે. ભારતીય સંસ્કૃતિમાં જૈન સંસ્કૃતિનું સ્થાન જરાએ ઓછું નથી બલ્કે વ્યાપક રીતે વિચારીએ તો ભારતિય સંસ્કૃતિનું એ એક અવિભાજ્ય અંગ છે. એટલે અન્ય સંસ્કૃતિના અભ્યાસ માટે જેમ ભારતની જુદી જુદી યુનીવર્સિટીઓમાં જોગવાઈ છે તેમ 'જૈન ચેર'ની વ્યવસ્થા દરેક યુનિવર્સિટીઓમા થાય, (બનારસ યુનિવર્સિટીમાં જૈન કોન્ફરન્સ તરફથી છે તેવી) તે માટે યોગ્ય પ્રયાસ કરવાની આજે ખાસ આવશ્યકતા છે.

૩. જૈન સૂત્રો, આગમો અને સિદ્ધાંતોનુ તત્વસ્પર્શી જ્ઞાન–આપણા બાળકોમા આવે, તેના અભ્યાસ માટે રસ જાગે, અને જૈન–દર્શનનો સાચો ખ્યાલ પોતામા આવે તેમજ બીજાને તે આપી શકે તે પ્રકારનું ધાર્મિક શિક્ષણ આપવા માટેની યોજના વિચારવી, અને લાખોના ખરચે આપણે ધાર્મિક–શિક્ષણની પાઠશાળાઓ ચલાવીએ છીએ, તે દ્વારા તેનો પ્રચાર કરવો.

૪. વ્યાપક દૃષ્ટિએ જૈન સાહિત્ય તૈયાર કરવુ. અને દેશ–વિદેશમાં તેનો પ્રચાર કરવો.

આ અને આવા ઘણા પ્રશ્નો આપણી સામે પડયા છે જેનો ઉકેલ કરવા આપણે શક્તિમાન થઈએ એવી નવા વરસમાં મંગળ પ્રવેશ કરતી વખતે અમે ઇચ્છીએ છીએ

હવે થોડું સ્થાનિક દૃષ્ટિએ વિચારીએ

સાહિત્ય, શિક્ષણ અને સંસ્કારની દૃષ્ટિએ ભાવનગરનું સ્થાન હંમેશા ઉચ્ચ કક્ષાએ રહ્યું છે.

સાહિત્યના સમાન ક્ષેત્રમાં કાર્ય કરી રહેલ ભાવનગરની ત્રણ સંસ્થાઓની સાહિત્ય સેવાનો વિચાર કરીએ તો જૈન સાહિત્યના જુદા જુદા ક્ષેત્રોને સ્પર્શતું ઘણું મહત્વનું સાહિત્ય પ્રકાશન અત્રે થયું છે અને માત્ર ભારતના જ જૈન જગતમાં નહિં પરંતુ હિન્દ અને હિન્દ બહાર જૈન જૈનેતર જગતમાં તે ગૌરવભર્યું સ્થાન પ્રાપ્ત કરી શકેલ છે.

શિક્ષણના બારામાં પણ ભાવનગરનું સ્થાન એટલું જ ગૌરવભર્યું છે. ભાવનગર સૌરાષ્ટ્રમાં શિક્ષણનું એક મહત્વનું કેન્દ્ર બની રહ્યું છે, અને એ મહત્વમાં આપણો સમાજ સમયે સમયે યોગ્ય સેવા બજાવતો આવ્યો છે.

તેવી જ રીતે ભાવનગરે સંસ્કારી રત્નો પણ આપ્યા છે. અને એ રત્નોએ ભાવનગરને દિપાવ્યું છે

આમ ભાવનગરનો ભૂતકાળ ઘણો ભવ્ય છે અને એ ભવ્યતાને ટકાવી રાખવા માટે ભાવનગર ધારે તો આજે પણ ઘણું કરી શકે તેમ છે.

ગત વરસના પ્રયત્નોનો વિચાર કરીએ તો બે–ત્રણ નોંધપાત્ર કાર્યો થઈ ગયા છે.

જેમ જુદી જુદી કોલેજો અને ઉચ્ચ અભ્યાસના કેન્દ્રો ભાવનગરમાં વધતા ગયા તેમ બહારગામથી અત્રે અભ્યાસ માટે આવતા વિદ્યાર્થીઓની સંખ્યા વધતી ગઈ, પણ આવતા વિદ્યાર્થીઓને સગવડ આપવા

જેટલી આપણી દાદાસાહેબ જૈન બોર્ડીંગ પાસે જગ્યા ન હતી. તે માટે યોગ્ય મહેનત કરી બોર્ડીંગે એક વિશાળ મકાન તૈયાર કર્યું છે અને એ રીતે હવે વધુ વિદ્યાર્થીઓ તેનો લાભ લઇ શકશે.

આવી રીતે બાળ-વિદ્યાર્થી ભુવનના વિકાસનો પ્રશ્ન પણ આ વરસે વિચારાયો છે, અને સંસ્થાને અનુરૂપ યોગ્ય મકાન બનાવવાની સંસ્થાને સગવડ મળી છે અને નજીકના ભવિષ્યમાં એક સારૂ મકાન સંસ્થાને સાંપડશે એવી આશા રાખી શકાય તેમ છે

માંદગીમાંથી ઊભા થયેલાઓ જલદી પુનઃ સ્વાસ્થ્ય પ્રાપ્ત કરે તે માટે કોઇ આરોગ્ય-નિવાસની સગવડ ન હતી. શેઠ હીરાલાલ અમૃતલાલની ઉદારતાથી " અમૃત નિવાસ " અને " જડાવ નિવાસ," એમ અદ્યતન સગવડવાળા બે આરોગ્ય નિવાસે બંધાયાં અને શેઠ કસ્તુરભાઇના હસ્તે તો ખુલ્લા મૂકવામાં આવ્યા છે.

આપણી સામે જે અનિવાર્ય અગત્ય ઘણા સમયથી ઊભી હતી. તે થોડા ઘણા અંશે પુરી પાડવા જેવું આ કાર્ય ગણી શકાય.

જ્યારે બીજી બાજુ એકના એક પ્રતિભાસપન્ન સાહિત્યોપાસક શ્રી ભીમજીભાઇ સુશીલને આપણે ગુમાવ્યા. તત્ત્વચિન્તક શ્રીમંત ગૃહસ્થ શ્રી હિરાલાલ અમૃતલાલની આપણને ખોટ પડી.

ગત વરસનું સરવૈયુ કાઢતી વખતે, સામાન્ય રીતે નવા વરસમા મંગળ પ્રવેશ કરતી વખતે અનેક મંગળ ભાવનાઓ હૃદયમાં સ્ફુરે છે. અને એ ભાવનાઓને મૂર્તસ્વરૂપ આપવાનો સંકલ્પ જાગે છે. એ રીતે વિચારીએ તો, સાહિત્ય અને શિક્ષણની બાબતમાં આપણે ઘણું કરી શકીએ છીએ, અને ભાવનગરના ભવ્ય ભૂતકાળમાં આપણે પણ એકાદ બે ગૌરવભર્યા પ્રસંગો નોંધાવી કર્તવ્યપરાયણતાનો આનંદ અનુભવી શકી છીએ.

ભાવનગરની સાહિત્યોપાસના કંઇ ઓછી મહત્ત્વની નથી. તેમ આપણી પાસે જે સમૃદ્ધ સાહિત્ય પડયું છે તેનુ મૂલ્યાંકન કંઇ ઓછું નથી.

થોડી વિશાળ દૃષ્ટિ કેળવીને, સાધકની દૃષ્ટિએ થોડો વિચાર કરીએ તો જુદી જુદી સાહિત્ય સંસ્થાઓ પાસે તથા શ્રી સંઘના જ્ઞાનભંડારમા મહામૂલું પ્રાચીન સાહિત્ય પડયું છે. દર્શનશાસ્ત્રના મહામૂલા ગ્રંથના સંપાદનમાં જે પ્રાચિન પ્રત બીજે ન મળી તે ભાવનગરના જ્ઞાન-ભંડારમાંથી મળી, અને આવું ઘણું એ અલભ્ય સાહિત્ય આપણા સંગ્રહમાં પડયું છે જેનું મહત્ત્વ આપણે સમજી શકતા નથી. પરંતુ બહારના વિદ્વાનો કવચીત્ કવચીત્ આપણા જ્ઞાન ભંડારોની મુલાકાત લ્યે છે અને તેમના સંગ્રહનું અવલોકન કરે છે ત્યારે સહજ ભાવે પ્રસન્નતા અનુભવે છે.

જુદા જુદા સ્થળે પડેલ આવું તમામ સાહિત્ય જો વ્યવસ્થિત કરવામાં આવે અને શ્રમણ સંસ્કૃતિના અભ્યાસકોને માટે તેનો ઉપયોગ કરવાની વ્યવસ્થા કરવામાં આવે તો આપણે ત્યાં શ્રમણશાસ્ત્રના અભ્યાસકોનું એક સુંદર કેન્દ્ર ઊભું કરી શકાય તેમ છે. અને તે બહુ જ ઓછા ખરચે એક અતિ અગત્યનું કામ કર્યાનો આત્મસંતોષ અનુભવવા જેવું ગૌરવભર્યું પગલું ગણાય. અને જો એકતાની ભાવના રાખી સાધકની દૃષ્ટિએ આ પ્રશ્ન વિચારીએ તો આ કાર્ય પાર પાડવા માટે આપણી પાસે દરેક સંયોગોની અનુકુળતા છે. જરૂર છે માત્ર જાગૃતિની-તમન્નાની. અને આની સાથોસાથ બીજું કાર્ય થઇ શકે-એક સુંદર આકારપાત્ર જૈન માસિકની. માસિક પ્રકાશન પાછળ આમ તો આપણી સંસ્થાઓ મોટી રકમ ખર્ચે છે, એની એ શક્તિ, એનું એ ધન, આપણે સંયુક્ત દૃષ્ટિ કેળવીને

ખરચીએ તો અભ્યાસકોને ઉપયોગી થાય તેવું એક સમૃદ્ધ માસિક આપણે સમાજને આપી શકીએ અને તેની પાછળ જે ખરચ આપણે કરીએ છીએ તેનો વધુ આત્મસંતોષ લઇ શકીએ.

સાહિત્ય અને શિક્ષણ, એ ભાવનગરની ખાસ વિશિષ્ટતા છે. સમગ્ર જૈન સમાજમાં ભાવનગરનું સ્થાન જો અગ્રસ્થાને હોય તો તેનું કારણ તેની સાહિત્યોપાસના છે, તેનો શિક્ષણ પ્રેમ છે, અને સાહિત્યની દુનિયામાં તેની ગૌરવ પતાકા આજે દેશ-વિદેશમાં ફરકી રહી છે.

ભાવનગર આજે સાહિત્યોપાસક વિહોણું થતું જાય છે ' વિદ્વદ્ દૃષ્ટિ પણ સરતી જાય છે અને એક વિચારશીલ-વિશાળદીલ સાધક તરીકેની જે પ્રભા ભાવનગરના હતી તે પણ ઝાંખી થતી જાય છે. એવા વખતે બહુ જ ઓછા ખરચે, આપણી પાસે છુટું છવાયું છે તે જ સાહિત્ય સુવ્યવસ્થિત રીતે એકત્ર કરીએ અને એક સુંદર જ્ઞાનમંદિર, તેમજ શ્રવણ-સંસ્કૃતિના અભ્યાસકોનું એક કેન્દ્ર બનાવીએ તો આપણો આ પ્રયાસ સમયોચિત ગણાશે અને તેમાં ભાવનગરને જરૂર યશ મળશે તેમ કહેવું એ યથાર્થ જ છે.

સામાજીક અને શિક્ષણની દૃષ્ટિએ બીજું ઘણું વિચારવા જેવું છે પણ સ્થાનાભાવે એ વિચારણાને અત્રે અવકાશ નથી એટલે આજે તો આપણે આટલાથી આત્મસંતોષ પકડીએ અને કર્તવ્યના પંથે પડીએ એ જ મહેચ્છા.

× × ×

આ પછી આ સભાનો જરા વિચાર કરીએ.

સામાન્ય રીતે સભા તરફથી સાહિત્ય-પ્રકાશન અંગે આ વરસે કોઇ મહત્ત્વનો ફાળો નોંધાયો નથી. અવિરત અથાગ શ્રમ લઇને મુનિ શ્રી જંબુવિજયજી મહારાજ ' નયચક્ર 'નું સંપાદન કરી રહ્યા છે. તેના આઠ અરો લગભગ તૈયાર થવા આવ્યા છે અને નજીકના ભવિષ્યમાં તે પ્રગટ કરી શકાશે. સંશોધનમાં સતત શ્રમ સેવી રહેલ પૂ. મુનિ મહારાજ શ્રી જંબુવિજયજી મહારાજશ્રીના પૂર્ણ પ્રયાસથી આ સભા, દર્શનશાસ્ત્રના એક અતિ પ્રાચિન અને મહત્ત્વના ગ્રંથને શુદ્ધ સ્વરૂપમાં પ્રગટ કરી શકશે અને માત્ર સભા જ નહિ પરંતુ સમસ્ત જૈન સમાજ ગૌરવ લઇ શકે તેવું નોંધપાત્ર અને શુદ્ધ પ્રકાશન જૈન સાહિત્યના ઇતિહાસમાં મહત્ત્વનું સ્થાન લેશે એ આ સભા માટે અતિગૌરવભર્યું ગણાય તેમ છે.

યુગદૃષ્ટિને અનુલક્ષીને નાની-નાની પુસ્તિકાઓ પ્રગટ કરવાની સભાની ખાસ મુરાદ છે તેમ જ આ સભાના સ્વ. સેક્રેટરી શ્રી વલ્લભદાસભાઇના સેવા કાર્યની સ્મૃતિ રૂપે લોકભોગ્ય એક ગ્રંથ પ્રગટ કરવાની સભાની ઉમેદ છે. જે ભવિષ્યમા પહેલી તકે પૂરી થવા પામે એમ ઇચ્છીએ.

ગ્રંથ પ્રકાશન ઉપરાંત સભા ૫૮ વરસથી પોતાનું આ માસિક ' આત્માનંદ પ્રકાશ " પ્રગટ કરી રહેલ છે તેને વિકસાવવાની અને વધુ લોકભોગ્ય બનાવવાની સભાની ઉમેદ છે અને તે માટે પ્રયાસો ચાલુ છે.

સાહિત્ય પ્રકાશન અને શિક્ષણ પ્રચારની દિશામાં સભા ઘણું કરી શકે તેમ છે અને જૈન દર્શનના અભ્યાસકોને આકર્ષી શકાય તેવી કોઇ પ્રવૃત્તિ પણ કરવાની સભા ઊંડી ઊંડી ભાવના ગણે છે. નવા વરસમાં સભા પ્રગતિની દિશામાં આગે કદમ ઉઠાવે અને તેના મનોરથો સિદ્ધ-સ્વરૂપ લેતા આવે એમ આ તકે ઇચ્છીએ છીએ.

બાકી તો આત્મ-સિદ્ધિના માર્ગે પ્રકાશ પાડવામાં આ સભા શક્તિમાન થાઓ એ જ મહેચ્છા સાથે વિરમીએ છીએ.

હ. દે. શેઠ

યોગાભ્યાસનો એકડો

(પ્રભાતિયું)

ધ્યાન કર, ધ્યાન કર, ધ્યાન કર આત્મનું. ધ્યાન કરતા મળે તત્ત્વ સિદ્ધિ !
ટાળી આધિ ઉપાધિ ય સંસારની, ધ્યાનથી પ્રકટશે આત્મ રિદ્ધિ. ધ્યાનકર

ધ્યાનથી આત્મશાન્તિ થતાં પ્રકટશે જ્ઞાન-શ્રી ગુરુજીએ વચન ભાખ્યા !
ધ્યાનથી ધર્મના માર્ગ આવી મળે દગ્ધ થાશે કર્મ બીજ નાખ્યા ! ધ્યાનકર

પ્રથમ પદ્માસને શાન્તિથી બેસતાં વિશ્વ વિચારને તુર્ત ત્યજવા !
વાણીને ગોપવી અન્તરે પેસતાં —મંત્ર ૐકાર દૃઢ ચિત્ત ભજવા ! ધ્યાનકર

શ્વાસ લઈ નાકથી, પૂરક પ્રેમે કરી, સ્થિર મસ્તક વિષે ધારી રાખો,
એમ કુંભક કરી શ્વાસને કાઢવો એ જ રેચક થયો ગુરુએ ભાખ્યો ! ધ્યાનકર

ધ્યાન ૐ કારનું હૃદયમાં ધ્યાવતાં જાપ અજપા જપો પુણ્યશાળી
ભ્રકુટી ભેદન થતાં, ચક્ર છેદાય ત્યાં -ભુવની કોદિ નવ બંકનાળી ધ્યાનકર

નાભિના સાગરે કમળને કલ્પતાં પાંખાંડ લાળ વિકસે રૂપાળી,
નાથ ! બિરાજતા કમળની ઉપરે, ધ્યાનમાં મુર્તિ રહેજે નિરાળી. ધ્યાનકર

એમ અભ્યાસથી નિર્વિકલ્પી થતાં- આત્મ સાક્ષાત્ દર્શન થાશે,
ગાવતાં ધ્યાવતા સેવતા આત્મને, કર્મ કંઈ કાળના તુટી જાશે. ધ્યાનકર

એમ નિર્મળ થતાં -આત્મ તો પામશે, જ્ઞાન-દર્શન-ચરણ અલ્પકાળે,
ધ્યાન- આસન- અચળ મણિ-મનોરથ ફળે, સદ્ગુરૂ ધીનીધિની કૃપાએ ! ધ્યાનકર

પાદરાકર

આભાર

શ્રી ઊંઝા ફાર્મસી લિ ના માલીક શેઠશ્રી ભોગીલાલભાઈ નગીનદાસ તરફથી સં. ૨૦૧૮ ના કાર્તિકી પંચાંગ આપણી સભાના મેમ્બરોને ભેટ આપવા મળ્યા છે તે બદલ તેઓશ્રીનો આ સભા આભાર માને છે.

નોંધ : પંચાંગ આ અંક સાથે મોકલેલ છે.

સ્વર્ગવાસ તિથિ

પ્રાતઃસ્મરણીય આચાર્ય શ્રી વિજયકમળસૂરીશ્વરજી મહારાજની સ્વર્ગવાસ તિથિ આસો સુદી ૧૦ ગુરુવારના રોજ હોવાથી તે દીવસે ગુરુ ભક્તિ નિમિત્તે સવારના દસ કલાકે શ્રી મોટા દેરાસરજીમાં નવપદજી મહારાજની પૂજા ભણાવવામાં આવી હતી આ પ્રસંગે સભાસદ બંધુઓ તથા અન્ય સદ્-ગૃહસ્થોએ લાભ લીધો હતો.

ભક્તિ અને વિભક્તિ

લે. સાહિત્યચંદ્ર બાલચંદ, માલેગામ

ભક્તિ એવી વસ્તુ છે કે તે અંતઃકરણની ઉર્મિઓમાંથી જન્મેલી હોવી જોઈએ. પોતાના પુત્રપુત્રી ઉપર માબાપ પ્રેમ કરે છે. ભાઈબહેનો ઉપર પ્રેમ કરે છે. પતિપત્ની પરસ્પર ઉપર પ્રેમ કરે છે. પણ આ બધાં પ્રેમના પ્રકાર છે. અને તેની પાછળ સ્વાર્થની ભાવના કાર્ય કરે છે. પોતાને સુખ મળે, પોતાનો સ્વાર્થ સરે અને પોતાને વિસામો મળે અને સમૃદ્ધિ પ્રાપ્ત થાય અને અનેક જાતના કાર્યો સરે એવી ભાવના તેમાં હોય છે. પણ ભક્તિનું તેમ નથી. ભક્તિ તો નિઃસ્વાર્થી જ હોય. અને એવી એ ન હોય ત્યાં સુધી તેને સાચી ભક્તિનું ઉપમાન ઘટતું નથી.

જેની ઉપર ભક્તિ કરવી હોય તેની ઉપર નિતાંત આદર અને પૂજ્યભાવ હોય તો જ ભક્તિ કરવાનું મન થાય અને એવી ભક્તિનું સાચું સ્થાન તો દેવ અને ગુરૂ એ જ હોઈ શકે. દેવમાં જરા જેવો અંશતઃ પણ દોષ છે એવું આપણું મન કહેતું હોય અર્થાત દેવ અને આપણે વિભક્ત છીએ, જુદા છીએ એમ લાગતું હોય ત્યાં સુધી દ્વિધાવૃત્તિ કાયમ રહે અને ભક્તિમાં તે આડખીલીરૂપ થઈ રહે. કોઈ મોટા માણસ સાથે આપણે બોલવું હોય ત્યારે તેમનો આદર સાચવી આપણે બોલવાની હીંમત કરીએ છીએ. પણ પોતાની મા સાથે બોલવું હોય ત્યારે આપણે હુંકારાથી બોલીએ છીએ. માને તકલીફ કે અગવડ પડશે કે કેમ તેનો વિચાર કર્યા વગર હઠીલાઈથી કાંઈ માગવું હોય તે માગીએ છીએ. તે આપવા મા ના પાડે અગર વિલંબ કરે ત્યારે આપણે રીસાઈએ અને રડવા પણ બેસીએ. કાંઈ છાની વાત કરવી હોય તો તે નિઃસંકોચથી મા આગળ કહીએ છીએ. મા કાંઈ ઠપકો આપે અગર મારે તો પણ આપણે સહન કરીએ. એનો અર્થ એ થયો કે આપણી મા અને આપણામાં જુદાઈની ભાવના હોતી નથી વિભક્તિ હોતી નથી. અને તેથી જ એને સાચી ભક્તિ કહી શકાય. પોતાની મા કરતા બીજુ કોઈ આપણું હિતસ્વી અને રક્ષક નથી, એવી ભાવના આપણા મનમાં હોય છે, તેથી જ આવી ભાવના જાગે છે ભક્ત અને દેવમાં વિભક્તિ કે જુદાઈની ભાવના હોવી નહી જોઈએ. સરળ બાલભાવથી દેવ અને ભક્ત જ્યારે એક રૂપ થઈ જાય છે ત્યારે જ એને ભક્તિ કહેવાય છે. મોટા જ્ઞાનીઓ પોતાના સ્તુતિ સ્તોત્રોમાં, કવનોમાં અને સ્તવનોમા પ્રભુની પ્રાર્થના કરે છે, તેમાં પ્રભુ સાથે નિરંકુશ પણે જાણે પોતાનો કોઈ સાથી હોય એવી શુદ્ધ અને બાલક જેવી ભાવનાથી વદે છે. પ્રભુ કોઈ આપણા સહ પ્રવાસી અને માતા પિતા જેવા નજીકના એકલા જ હિતસ્વી છે, અને એની પાસે પોતાનું દુઃખ ખુલ્લુ કરતાં એ આપણું દુઃખ ટાળશે, અગર તે ટાળવાનો કોઈ સુલભ માર્ગ બતાવશે એવી ખાત્રી સાથે એ પ્રભુ સાથે એકરૂપ થઈ ભક્તિ કરે છે. પ્રભુ મારી સામે કેમ હસુ જોતા નથી ! મારો હાથ કેમ ઝાલતા નથી ? મારી આંખના પાણી કેમ લુંછતા નથી ? પ્રભુ મને ભૂલી ગયા ? એવી એવી અનંત ભાવનાઓથી જ્ઞાનીઓ

પ્રભુ ભણી પોતાની ભક્તિ પ્રગટ કરે છે પ્રભુ સાથે નિકટનો નાતો તેઓ જોડી પ્રભુ સાથે સ્નેહીની જેવી ભાવનાથી વાત કરતા હોય એમ જોવામા આવે છે

પ્રભુ સાથે મારો શો સંબંધ ? એવી વિભક્તિની ભાવના હોય, બે ભાઇઓ પોતપોતાને માર્ગે જુદા થઇ જાય, એક માબાપના સંતાન હોય, સાથે જ ઉછેરાયા હોય, છતાં વિભક્ત થઈ જાય, જાણે પોતાના હાથે જ નાતો તોડી નાખે ત્યારે તેઓમા શુદ્ધ ભાવના, પ્રેમ અને ભક્તિના અંકુરો કયાથી રહે ? પ્રભુ ઉપર એકાન ભક્તિરાગ હોય, હું પ્રભુનો છુ અને પ્રભુ મારા છે એવી અટલ ભાવના હોય એને જ ભક્તિ કહી શકાય વિભક્તિને કે જુદાઇને નહીં

આપણી પોતાની ભક્તિને સાચી ભક્તિનુ ઉપમાન ઘટે છે કે નહી તેનો વિચાર આપણા મન સાથે કરી જોઇએ ત્યારે શો જવાબ મળે છે ? અમારી ખાત્રી છે કે, આપણામાના ઘણાખરા બંધુભગિનીઓનો દેખાતી ભક્તિ એ સાચી ભક્તિ નથી. પણ ભક્તિનુ સ્વાંગ છે આપણી ભક્તિ તો આપણા તુચ્છ ઇહલોકના બાહ્ય સુખ સગવડ ઉપર જ સ્થિર થએલી છે એમ જોવામા આવશે. આપણે બાહ્ય રીતે પૂજાદિ ધર્મ કાર્યો કરતા હોઇએ અને એ જ આપણી ભક્તિ છે એમ માની લઈએ એ નરી આત્મવચના જ છે. આપણે હજુ ભક્તિનુ સાચુ સ્વરૂપ જાણ્યુ જ નથી, એમ સ્પષ્ટ જણાય છે આપણી ભક્તિ તો દ્રવ્ય, સુખસગવડો અને સંસાર પ્રપંચ ઉપર જ અવલંબી રહેલી છે ધર્મક્રિયાને નામે ચાલતી ક્રિયાઓ તો ફક્ત દેખાવ પૂરતી જ હોય છે એ એક જાતની છેતરપિંડી છે આત્મવચના છે અને ઠગવાનો પ્રકાર છે એમ આપણા ખાત્રી થશે કારણ પ્રભુમા અને આપણામા મોટુ આતરૂ છે. પ્રભુ અને આપણા વચ્ચે વિભક્તાપણુ અને આનરૂં ઘણું મોટું છે. અને મનના અનુસંધાનમાં એ આતરૂં સંપૂર્ણ મટી નહીં જાય, પ્રભુ સાથે એકરૂપતા ન થાય ત્યા લગી ભક્તિનો સુગંધ આત્મ સ્ફુરણા, આત્મિક આનંદ કયાથી જાગે ? અને જ્યા સુધી એવો આનંદ આપણા અનુભવમા ન આવે ત્યા સુધી ભક્તિ એ શબ્દ અને તેની મહેક ઘણી આઘી છે એમ સમજી રાખવું જોઇએ. ભક્તિ કરવી એ બચ્ચાઓનો ખેલ ન હોય એ તો ખાંડાની ધાર ઉપર નાચવા જેવુ અઘરૂં કાર્ય છે એ તો કોક વિરલ સંત મહાત્માઓ જ કરી જાણે મોઢેથી ભક્તિનું નામ ઉચરીએ એથી ભક્તિ થઈ જતી નથી ભક્તિમા તો ભક્ત અને દેવ એકરૂપ થઇ જવા જોઇએ, આતરૂં નિકળી જવુ જોઇએ ત્યારે જ સાચી ભક્તિ પ્રગટ થવાનો સંભવ છે

આવી ભક્તિ કયારે આપણામાં પ્રગટી શકે ? કારણ આપણે જે ભક્તિ કરીએ છીએ એ શુદ્ધ ભક્તિ ખાસ નથી એમા સ્વાર્થનું ઝેર મિશ્રિત થઇ ગએલુ છે. એ ઝેર આપણી ભક્તિમાથી નિકળી જવુ જોઇએ આપણને વિચાર કરતા જણાશે કે, આપણી ભક્તિ એવા સ્વાર્થરૂપી ઝેરથી ખીચોખીચ ભરેલી છે એ સાવ ઝેર જ છે એમ કહેવામા જરાએ અતિશયોક્તિ નથી ત્યારે પ્રશ્ન એવો થાય છે કે, એ ઝેર કાઢવાનો કોઇ ઉપાય છે કે કેમ એનો આપણે વિચાર કરવો જોઇએ.

જ્યારે એમા ઝેર મિશ્રિત થએનુ હોય ત્યારે તે વીણી વીણીને અને નિચોવીને કાઢી નાખવું જોઇએ જેમ ઘઉં કે બીજા અનાજમાથી આપણે કાકરા વીણીને ફેંકી દઇએ છીએ અર્થાત્ તે વિભક્ત કરી નાખીએ છીએ ત્યારે જ તે અનાજ ખાવા લાયક થયું એમ આપણે ગણીએ છીએ તેમ આપણી નકલી ભક્તિમાંથી ઐહિક તુચ્છ સ્વાર્થના કાકરા વીણી કાઢી ફેંકી દેવા જોઇએ અર્થાત આપણે ભક્તિમાથી સ્વાર્થ કાઢી નાખીએ ત્યારે જ, તે શુદ્ધ ભક્તિ થઈ શકે. અને ભક્તિ જ્યારે શુદ્ધરૂપ ધારણ કરે ત્યારે જ તેનું શુદ્ધ ફળ મળે.

અનેકાન્ત, અપરિગ્રહ તથા સમભાવ—અહિંસાની ત્રણ ધારાઓ.

—પંડિત મુનિશ્રી શ્રી મલ્લજી મહારાજ.

ભગવાન મહાવીરના સમય પહેલાં ભારતની સામાજિક તથા રાજકીય પરિસ્થિતિ બગડી ચુકી હતી. ચારે તરફ હિંસા તથા શોષણનું સામ્રાજ્ય જણાઈ રહ્યું હતું સ્ત્રીઓ તથા શુદ્રોને પગ નીચે કચડવામાં આવતાં. એમને ધર્મશાસ્ત્રો વાંચવાનો તથા શ્રવણ કરવાનો પણ અધિકાર ન હતો. સમાજમાં એક વર્ગ એવો હતો, જે પોતાની કક્ષાને શ્રેષ્ઠ માનતો હતો, તથા અન્ય કક્ષાના લોકોને અપવિત્ર, અસ્પૃશ્ય માનતો હતો: કેટલાક દાર્શનિકોના મતમાં એટલી બધી જડતા પ્રવેશી ચુકી હતી કે તેઓ એકબીજાના વિચારોને શાંતિપૂર્વક સાંભળી પણ નહોતા શકતા અને તે ઉપર વિચાર પણ નહોતા કરી શકતા.

આવે સમયે કે જ્યારે ચારે તરફ હિંસાની

મને પુત્ર પ્રાપ્તિ થાય, સ્ત્રી મળે. ધન મળે, બહુ માન મળે, લોકોમાં મારી પ્રતિષ્ઠા વધે, અધિકાર મળે, હું ધર્મી જ્ઞાની પંડિત ગણાઉં કે એવો ભક્તિ વિશિષ્ઠ સુખ આનંદ કે સંતોષ મળે એવી ભાવના આપણી ભક્તિ સાથે નિગડિત થઈ ગએલી હોય ત્યા સુધી સાચી ભક્તિ ઘણી દૂર છે એ સમજી રાખવું જોઇએ. આપણી કહેવાતી ભક્તિમાં તો એવો સ્વાર્થ ખાચોખીચ ભરેલો છે એ આપણે સારી પેઠે જાણીએ છીએ. આપણા મનમાંથી એ એહિક સ્વાર્થ વિભક્ત થાય, જુદો થાય તોજ આપણે ભક્તિ કરવા લાયકના ભક્ત ગણાઇએ. એમ બનતું નથી ત્યાં સુધી આપણે બાહ્ય ટીલાં ટપકાં કરતા હોઇએ કે વેશ પરિવર્તન કરીએ તો પણ ભક્ત એવી બહુમાનની પદવી ધારણ કરવાનો આપણને જરા જેવો પણ અધિકાર નથી.

મારૂં નામ લોકોમાં પ્રગટ થાય, મારા નામ પાછળ ખુબ બહુમાનના પુંછડાં વળગેલાં છાપામાં પ્રગટ થાય, મારા નામની જય બોલાય, અનેક કાર્યો જાતે મમે તેણે કરેલાં હોય તેનું લાંબુ લિસ્ટ મારા નામ ઉપર ચઢે અને હું બોલું એ પ્રભુ તીર્થંકર ભગવંતની જ વાણી છે, મારા કરતા બીજા બધા નીચા એવી તુચ્છ બાલિશ કલ્પનાઓ જેના મનમાં રમી રહેલી હોય તે ભક્ત નહીં પણ ભક્તપણાનું વિકૃત સ્વાંગ છે એ સમજી રાખવું જોઇએ. સાચા ભક્તો તો પ્રસિદ્ધિ પરાઙ્મુખ અને નિઃસ્વાર્થ હોય, ગુણગ્રાહક હોય અને પરોપકારી જ હોય !

માટે જ અમો કહીએ છીએ કે ભક્તિ એ અમે તેવા માનવો કરે છે એમ જણાય તે વિષમિશ્રિત ભક્તિ જ ગણાય. વ્યક્તિગત સ્વાર્થની જ્યારે મનથી પણ વિભક્તિ થઇ જાય ત્યારે સાચી ભક્તિ પ્રગટે. ભક્તિ અને વિભક્તિનો ઉકેલ આપણે સમજી લેવો જોઇએ. ભક્ત અને દેવ એકરૂપ થઈ જાય, તેમની વચ્ચેનું આંતરૂ મટી જાય અને સ્વાર્થની માત્રા આપણા મનથી પણ વિભક્ત થઇ જાય ત્યારે જ આપણામાં ભક્તિ એના સાચા અને નિર્મલરૂપમાં પ્રગટ થાય. એવી શુદ્ધ ભક્તિ બધાઓના મનમાં ઉત્પન્ન થઇ તેમનું આત્મકલ્યાણ થાય એજ અભ્યર્થના!

જ્વાલા પ્રજવલિત હતી, ત્યારે ભગવાન મહાવીરે અહિંસાની ત્રિપથગા ગંગા વહેવરાવીને સમસ્ત માનવ સમાજને શાંતિ તથા અહિંસા તરફ વાળવાનો સફળ પ્રયત્ન કર્યો.

(૧) અનેકાન્ત :—પોતાને શ્રદ્ધા હોય તેવા ધર્મગ્રન્થો તથા ધર્મશાસ્ત્રોમાં જ સંપૂર્ણ સત્ય છે, તે સિવાયની કોઈ પણ બાબતમાં સત્ય નથી તેવી માન્યતા તળે સર્વે પોતાના ધાર્મિક સંપ્રદાયને સત્યવાદી તથા ઇતર સંપ્રદાયોને મિથ્યાવાદી સિદ્ધ કરવામાં પોતાની સર્વ શક્તિ અને સમય વ્યય કરતા હતા. અગર તેમની સામે તેમના મત કે પંથની વિરૂદ્ધ કોઈ સાચી વાત કરવાનું સાહસ કરે તો તેમને ખરાબ રીતે તોડી પાડવામાં આવતા, અરે, ફાંસીને માંચડે લટકાવવાનો પ્રયાસ પણ થતો. આવા ધાર્મિક મુદ્દાને કારણે કેટલીકવાર યુદ્ધનો જ્વાળામુખી ફાટી નીકળતો. લગભગ બધા દેશોમાં ધર્મને નામે આવાં યુદ્ધ થયાં કર્યાં છે. ઇતિહાસના પાઠકને આ વાતનો પૂરો પરિચય છે જ. ધર્મ તથા ધર્મસિદ્ધાંતના નામ ઉપર થતી આવી મહાહિંસાને સમૂળગી નષ્ટ કરવા ભગવાન મહાવીરે સ્યાદ્વાદ, અનેકાન્તવાદ-અપેક્ષાવાદનાં રૂપમાં અહિંસાનું શિક્ષણ આપ્યું, અને માનવ જગતને સમજાવ્યું કે પોતાની મિથ્યા હઠ અને આગ્રહનો ત્યાગ કરી સમદૃષ્ટિ પ્રાપ્ત કરે તથા પ્રત્યેક ધર્મગ્રંથોમાં જે સનાતન સત્ય છે, તે સમજવા પ્રયત્ન કરે અગર સમદૃષ્ટિથી સર્વત્ર નિરીક્ષણ કરવામાં આવે તો સર્વત્ર સત્ય ફેલાયેલું દેખાશે અનેકાન્તની દૃષ્ટિથી અગર સમજવાનો પ્રયત્ન કરવામાં આવે તો, દરેક દર્શનોમાં રહેલ સત્યાંશ જણાય છે અને એ રીતે સર્વદૃષ્ટિને સમ્મિલિત કરવાથી પૂર્ણસત્યનું દર્શન શક્ય બને છે. આ પ્રમાણે પૂર્ણ સત્ય સમજવાનો તથા જીવનને સત્યમય બનાવવાનો પ્રયાસ જો કરવામાં આવે તો ધર્મ તથા ધર્મસિદ્ધાંતના નામ ઉપર જે સંઘર્ષ, હિંસા થાય છે તે, તથા એકબીજાને અપમાનીત કરવાની જે ભાવનાઓ જાગૃત થાય છે, તેનો નાશ કરી શકાશે. આ અહિંસાની એક ધારા છે, અનેકાન્ત અથવા સર્વ-સમન્વય.

(૨) અપરિગ્રહ :—હિંસાનું બીજું સ્વરૂપ છે પરિગ્રહ. હું તથા મારાપણાની ભાવનાને ભગવાન મહાવીર પરિગ્રહ કહે છે. સ્વાધિકારનું જે મમત્વ છે—આ વસ્તુ મારી છે, એનો ઉપભોગ કરવાનો અધિકાર મારો છે, કારણ કે આ વસ્તુ પરંપરાથી મારા સ્વામિત્વની છે, મારા સામર્થ્યથી એને મેં પ્રાપ્ત કરી છે, તેથી મારા સિવાય કોઈ ઉપયોગ ન કરી શકે, ભલે પછી તે વસ્તુની જરૂરિયાત અન્યને ગમે તેટલી હોય, પરન્તુ મારા અધિકારની વસ્તુનો ઉપભોગ કરવાનો અધિકાર અથવા તેનો અધિકારી અન્ય કોઇ હોઈ શકે જ નહિ —થઇ શકે જ નહિ. આ પ્રકારનું વસ્તુઓ તરફનું મમત્વ-મમત્વભાવ તે પરિગ્રહ છે. આ પરિગ્રહની ભાવના પૃથ્વીના કોઇપણ એક હિસ્સા થકી ઉત્પન્ન થાય છે. કયારેક પૃથ્વીમાંથી ઉત્પન્ન થતાં અન્નવસ્ત્ર તથા અન્ય પદાર્થો, તથા સોનાચાંદી ઝવેરાત વિગેરે સંપત્તિ થકી ઉત્પન્ન થાય છે. આ પરિગ્રહ તરફની આસક્તિને કારણે પ્રેરાઇને પૃથ્વી ઉપર અનેકવાર ભીષણ યુદ્ધો થયાં છે. લોહીની નદીઓ વહી છે અને આજે પણ વહી રહી છે. ઘરઘરમાં, સમાજ સમાજમાં રાષ્ટ્ર-રાષ્ટ્રમાં "તારૂં તારૂં મારૂં મારૂં"નું મૂળ કારણ પોતાની અધિકાર જમાવવાની વિપયુક્ત ભાવનામાં છે. રશિયા, અમેરિકા તથા ઇગ્લાંડ દ્વારા સમસ્ત માનવજાતિને નષ્ટ કરનાર અણુબોંબના અખતરાનું કારણ પણ પરિગ્રહ-વિશ્વ ઉપર સ્વાધિકાર જમાવવાની દુષિત ભાવનામાં જ છે. આવી માનસિક કલુષિતતાને ધોઈ નાખવા માટે, નષ્ટ કરવા માટે જ મહામાનવ મહાવીર ભગવાને અપરિગ્રહની સરિતા વહેવરાવી. તથા તેમણે કહ્યું કે સંસારમાં જેટલાં પદાર્થો-વસ્તુઓ-સાધનો છે, તે સર્વે માનવ સેવાના સાધનરૂપ છે સમસ્ત પ્રાણીજગતના ઉપયોગ માટે જ છે. તેનો દરેક વ્યક્તિ આવશ્યકતા અનુસાર ઉપયોગ કરી શકે

છે. પરન્તુ તેની ઉપર પોતાપણાની છાપ મારવી, તથા તેનો ઉપયોગ પોતાનો જ પરિવાર કરી શકે તેવી ભાવના રાખવી–પછી ભલે તે પદાર્થ ઘરમાં પડી પડી સડી જાય, તો પણ અન્યની આવશ્યકતા પૂર્ણ કરવા તે વસ્તુ ન દેવી, તેવી ભાવના પાપ છે, ઘોર અપરાધ છે. ગૃહસ્થ પોતાની આવશ્યકતા અનુસાર આવશ્યક વસ્તુઓનો સંગ્રહ મર્યાદિત સ્વરૂપમાં રાખે ત્યાં સુધી તો કોઈ વિરોધ નથી પણ તે તેની ઉપર પોતાનું એકાધિપત્ય ન જમાવે દુષ્કાળ, પૂર, ધરતીકંપ, અતિવૃષ્ટિ, અનાવૃષ્ટિ આદિ દુઃખદ પ્રસંગોને વખતે માનવજાતિ, તથા પશુ પંખીઓના સંરક્ષણ માટે પણ તેનો ઉપયોગ કરે તે જ સુદૃષ્ટિ છે તે સંપત્તિનો સ્વામી નહિ પણ ટ્રસ્ટી અથવા સંરક્ષકનું રૂપ ધારણ કરે છે. આ પ્રમાણે અપરિગ્રહરૂપ અહિંસાની આરાધના સાધના થકી પરિગ્રહની સંકીર્ણ ભાવનાથી થતી હિંસાને અહિંસા દયા તથા વિશ્વબંધુત્વની ભાવનાને વિશાળરૂપમાં પરિણિત કરી શકે છે, ફેરવી શકે છે. આ ઉદાર ભાવનાનો પ્રચાર સંત વિનોબા ભૂદાન, સંપત્તિદાન, શ્રમદાન તથા ગ્રામદાન યજ્ઞ દ્વારા કરે છે.

(૩) સમભાવ :—માણસે કુટુંબ પરિવાર, સમાજ, પ્રાન્ત, ભાષા, દેશ, જાતિ તથા ધર્મ વગેરે અનેક ભેદભાવો ઉભા કર્યા છે, તેને પોષણ પણ આપ્યો છે. તે પોતાને તથા પોતે સ્વીકારેલ કલ્પિત મત, પંથ તથા જાતિને શ્રેષ્ઠ તથા અન્યને સર્વેને નિકૃષ્ટ અથવા નકામા સિદ્ધ કરવા સદૈવ પ્રયત્નશીલ રહ્યો છે, રહે છે. આ સામ્પ્રદાયિક વિષને વિષમુક્ત બનાવવા માટે મહાવીર ભગવાને સર્વે પ્રતિ સમભાવ તથા સર્વધર્મસમભાવનારૂપમા અહિંસાનો ઉપદેશ આપ્યો 'એગે આયા'ના ઉદાર સિદ્ધાંતનો ઉપદેશ આપતા જણાવ્યું કે, જેવી રીતે જુદા જુદા ઘાટ ધરાવતાં આભૂષણોમાં રહેલું સુવર્ણ સમાન છે, એકસમ છે (ઘાટ ઘડ્યા પછી નામરૂપ જુજવા, અંતે તો હેમનું હેમ હોયે) તે જ પ્રમાણે જુદા જુદા આત્માઓમાં રહેલી ચૈતન્ય શક્તિ–આત્મસૌન્દર્ય એક સરખું છે. તેથી સર્વ આત્માઓમાં પોતાનું આત્મસૌન્દર્ય જોવાનો અભ્યાસ કરવો આવશ્યક છે. તથા પોતાની જેવા સર્વ સાથે સત્ય અને સરળ વ્યવહાર રાખવો જોઈએ. આવી ભાવનાને–સન્મતિને ભગવાન મહાવીરે "સમયા સવ્વભુએસુ" સર્વ જીવો તરફનો સમભાવ કહ્યો છે. આ અભ્યાસ દ્વારા સ્વપરનો ભેદ દૂર કરી વિશ્વકુટુંબની વિશાળ ભાવનાને મૂર્તરૂપ આપી શકાય

કુટુંબ, પરિવાર, સમાજ, ભાષા, દેશ, જાતિ તથા ધર્મ આદિની વ્યવસ્થાઓ તો ફક્ત વ્યવહાર ચલાવવાની દૃષ્ટિથી તથા અહિંસાનો અભ્યાસ ઉત્તરોત્તર વધતો રહે તે માટે નિયત કરેલી છે. જે પ્રમાણે વિદ્યાર્થી શાળામા જાય છે ત્યારે પ્રથમ શ્રેણીથી અભ્યાસ શરૂ કરે છે અને ઉત્તરોત્તર પ્રગતિ કરતો રહે છે, તે જ પ્રકારે કુટુંબ પરિવારથી અહિંસા સમભાવની સાધનાનો અભ્યાસ શરૂ થાય છે, તથા ભાઈચારા વિશ્વબંધુત્વની ભાવના વિકસિત થતાં થતાં એટલી વિશાળ બને છે કે, પછી તેવી ભાવના ધરાવતી વ્યક્તિ માટે સમસ્ત વિશ્વ પોતું પોતાનું બની જાય છે, અને પછી ત્યાં પોતાનું પારકું જેવો કોઈ ભેદ અસ્તિત્વ ધરાવતો નથી. પછી તે કર્મયોગી માનવમાંથી મહામાનવ કે વિશ્વરૂપ અહિંસાનો સાધક આરાધક બની જાય છે

આથી વિરુદ્ધ જ્યારે માણસ કોઈ એક વિચારધારાને પકડીને બેસી રહે છે તથા પોતાની દૃષ્ટિત પરંપરાને વિશેષ મહત્ત્વ આપે છે, ત્યારે તેની તે સાધના ખાબોચીયાના બંધાઈ રહેલા પાણીની જેમ વિકૃત થઈ જાય છે, સડવા લાગે છે, તથા તેમા રાગદ્વેષ, મિથ્યાત્વ, આદિ મનોવિકારોના વિષયુક્ત કીડાઓ પેદા થવા માંડે છે. પછી તે સાધના એક ધર્મ તથા પંથની રક્ષાનું સાધન નથી બનતું–નથી રહેતું. તે માનવજાતિ માટે આચરણીય નથી રહેતું. તે જીવનનું પરિપોષક ન રહેતાં

મનનું પાપ

મનસુખલાલ તારાચંદ મહેતા

ક્ષિતિપ્રતિષ્ઠિત નગરીના મહાન રાજવીની એકની એક પુત્રી લક્ષ્મણાનો લગ્ન દિવસ હતો. બાલ્ય-વયમાં જ લક્ષ્મણાએ આગમો, સંહિતાઓ, તર્ક-શાસ્ત્ર, ન્યાયશાસ્ત્ર, વ્યાકરણશાસ્ત્રનો અભ્યાસ કર્યો હતો. જ્યોતિષશાસ્ત્રમાં પણ તે નિપુણ હતી. પોતાની જન્મકુંડળીમાં સપ્તમ સ્થાને મંગળ–શનિની યુતિ હતી, અને જન્મ લગ્નના રાહુ અને સૂર્યની તેના પર સંપૂર્ણ દૃષ્ટિ હતી. કર્મશાસ્ત્રોનો તેણે અભ્યાસ કર્યો હતો, એટલે તે જાણતી હતી કે કર્મના અવિચલ કાયદામાં જ્ઞાની, પરાક્રમી તપસ્વી કે સંયમી સૌના માટે નિયમો તો એક સરખા છે. જે કર્મ બાંધ્યું તે અવશ્ય ભોગવવું જ રહ્યું પછી ભલે તે કર્મનો બંધ કરનાર મહાન શક્તિશાળી જીવ હોય કે રસ્તાનો રખડતો ભિખારી હોય.

યૌવન વયે એના લગ્ન એક ભારે તેજસ્વી રાજકુમાર સાથે નક્કી કરવામાં આવ્યા હતા, અને રાજકુમાર પોતાના રસાલા સાથે લગ્ન અર્થે ક્ષિતિ-પ્રતિષ્ઠિત નગરીમાં આવી પહોંચ્યો હતો. નગરીના લોકો ઉત્સવ ઘેલા થઈ ગયા હતા. રાજ્યમહેલમાં પણ સર્વત્ર આનંદ આનંદ વર્તાઈ રહ્યો હતો.

પરન્તુ આનંદના વાતાવરણને શોકમાં ફેરવાય જતાં કયા વાર લાગે છે! લક્ષ્મણાના લગ્નનો વિધિ પૂરો થયો હતો. અને હવે ચોરીમાં ફેરાઓ ફરવાની ક્રિયા શરૂ થઇ હતી. ત્રણ ફેરા પૂર્ણ થયા પછી. ચોથા ફેરા વખતે રાજકુમારને એક ઝેરી સર્પે દંશ દીધો, અને તેનું પ્રાણ પંખેરૂં ત્યાં ને ત્યાં જ ઊડી ગયું. જે લગ્નમંડપમાં લગ્નની ક્રિયા થઈ, તે જ લગ્નમંડપમાં લક્ષ્મણા વિધવા થઇ. પ્રણય જીવનની શરૂઆત થતાં પહેલાં જ પ્રણય પાત્રનો લોપ થયો. આથી વિશેષ દુઃખમય ઘટના બીજી શી હોઈ શકે?

માતા પિતાએ અને સખીમંડળે લક્ષ્મણાને આ લગ્નની વાત ભૂલી જઇ બીજા લગ્ન કરી લેવાની સલાહ આપી, પરન્તુ લક્ષ્મણાનો તો એક જ જવાબ હતો. "જે સુખ મારા ભાગ્યમાં લખાયેલું નથી, એ સુખ હું ભોગવવા જ ઇચ્છતી નથી. મારા ભાગ્યમાં લગ્ન સુખ લખાયું હોત તો મારા પતિનું અવસાન અકાળે થાત જ કેમ!"

પ્રણયના માર્ગે પ્રયાણ કરવાને બદલે, ભર યૌવન અવસ્થામાં લક્ષ્મણા હવે વૈરાગ્યના પથે પડી.

વિનાશક બની જાય છે. આજનો સંપ્રદાયવાદ આજ દુષિત ભાવનાનું પરિણામ છે, અને આવી સાંપ્ર-દાયિક, જાતીય, તથા પ્રાન્તીય સંકીર્ણ મનોવૃત્તિ તથા કૌટુંબિક, સામાજિક, આધ્યાત્મિક તથા રાષ્ટ્રિય જીવનને નિર્બળ બનાવી રહી છે.

એટલા માટે જ મહામાનવ ભગવાન મહાવીરે સમભાવની સાધના દેખાડી છે. દરેક વ્યક્તિના વિચારો ઉપર શાંતમનથી વિચારવા તથા તેના પ્રતિ સહિષ્ણુ બનવાનો ઉપદેશ આપેલ છે, જે દ્વારા વિશ્વઐક્યની ભાવના સુગમતાથી સફળ બનાવી શકાશે.

આ પ્રકારે ભગવાન મહાવીરે દર્શાવેલ આ ત્રિપથમા ગંગામાં સ્નાન કરીને સમસ્ત માનવ સમાજ પાવન, પવિત્ર તથા મંગળમય બની શકશે.

પ્રબુદ્ધમાં આવેલા હિંદી લેખનો સાભાર
અનુવાદ: અનુવાદક શ્રી સુશીલાબેન ઉ. શાહ એમ. એ.

ગુરુદેવે કહ્યું : આવો અયોગ્ય વિચાર આવવાના માટે એક અઠ્ઠમનું તપ યોગ્ય પ્રાયશ્ચિત છે.

લક્ષ્મણા સાધ્વીએ પાછું પૂછ્યું "ભગવંત ! ભગવાન અવેદિ છે, અને સવેદિના મનોભાવ અને વ્યથાની એને ક્યાંથી સમજ હોય ? એવો વિચાર પણ વ્યક્તિને મૈથુનની ક્રિયા નિહાળતી વખતે ઉત્પન્ન થયો હોય તો તેને કેવું પ્રાયશ્ચિત લાગે ?

ગુરુદેવે ગંભીર બની કહ્યું : લક્ષ્મણાજી ! આ તો મહાપાપ ગણાય, કારણ કે આમા તો તીર્થંકર ભગવંતોનો તિરસ્કાર કર્યા જેવું થયું. આવા પાપના પ્રાયશ્ચિત અર્થે ગુરુદેવે પચાસ વરસની તપશ્ચર્યાના સમયમાં માત્ર બે વરસના દિવસો દરમ્યાન ખાવાની છૂટ રહે એવો વિધિ બતાવ્યો, અને સાથોસાથ નિઃશલ્યવ્રતની વાત સમજાવતાં કહ્યું કે આ વ્રત મનમાં કોઈ પણ જાતનું શલ્ય રાખ્યા વિના કરવાનું છે.

પાપનું પ્રાયશ્ચિત લીધા છતા લક્ષ્મણાજીએ પોતે જ આ પાપના વિચારો કર્યા હતા એ સત્ય હકીકત ગુરુદેવથી ગોપવી હતી. આ રીતે લક્ષ્મણાજીએ સત્ય મહાવ્રતનો ભંગ કર્યો એટલું જ નહીં પણ તેણે દંભનો આચાર સેવ્યો હતો ખરી હકીકત જાહેર કરવામાં આવે તો તેના કીર્તિ–પ્રતિષ્ઠા મોભામાં ખોટ આવે, અને તેથી કરીને ધર્મ વગોવાય એમ પોતાના મનને સમજાવી સાચી હકીકત જે પ્રમાણે રજૂ કરવી જોઈતી હતી તે પ્રમાણે ન કરી.

લક્ષ્મણાજી મહાન તપસ્વિ હતા. પચાસ પચાસ વરસો સુધી અવિરતપણે તેનુ વ્રત ચાલુ રહ્યું એની કાયા હાડપિંજર જેવી થઈ ગઈ. એનુ સૌન્દર્ય કરમાઈ ગયું, અને તેની વાસનાઓનો પણ નાશ થઈ ગયો. આવું મહાન તપ પણ તેના પાપનો ક્ષય ન કરી શક્યું, કારણ કે એમા હૃદયની શુદ્ધિનો અભાવ હતો. માયા, નિદાન અગર મિથ્યાત્વપૂર્વક કરાયેલા વ્રતને વ્રત કહી શકાય જ નહીં. શલ્ય રહિત બન્યા પછી જ વિધિપૂર્વક વ્રતનું પાલન કરે તો જ તે સાચો વ્રતી બની શકે છે.

સમગ્ર જીવનનું સરવૈયું માનવીના મૃત્યુકાળે, એ ઇચ્છે કે ન ઇચ્છે, તો પણ તેની સમક્ષ ખડું થાય છે માનવી ગમે તેમ જીવે, અને તેમ છતાં ભવ્ય મૃત્યુ ને ઇચ્છે, તો તેમ કોઈ કાળે બન્યું નથી, અને કોઈ કાળે બનવાનું પણ નથી. માનવનું જેવું જીવન હોય છે, તેને અનુરૂપ તેને તેવું મૃત્યુ પ્રાપ્ત થાય છે લક્ષ્મણાના મૃત્યુ કાળે તેને આર્ત-ધ્યાન થયું.

એ મહાન સાધ્વીના અંતકાળે ગુરુદેવે તેને ધર્મ ધ્યાન કરાવતાં કહ્યું: લક્ષ્મણાજી ! सच्चस्स आणाए से उवट्ठिए मेहावी मारं तरइ–સત્યની આજ્ઞા ઉપર ઉભેલો બુદ્ધિશાળી મૃત્યુને તરી જાય છે. લક્ષ્મણાને આ ઉપદેશ સાંભળી ચકલા ચકલીની વાત યાદ આવી અને તે બાબતના અંગે પોતે સેવેલા દંભ પરનો પડદો દૂર કરી ખરી હકીકત અશ્રુપૂર્ણ આંખે ગુરુદેવને કહી સંભળાવી, અને જીવનની છેલ્લી પળે અસત્યના આચરણરૂપ પાપના ભારથી હળવી બની ગઈ.

દંભ સેવનના કારણે અનંતા ભવો કર્યા પછી, લક્ષ્મણાજીનો જીવ સિદ્ધ, બુદ્ધ, અને મુક્ત થશે માત્ર કાયા અને વાણીના પાપથી મુક્ત રહેવું એટલું બસ નથી, પરન્તુ મનમા પાપનો વિચાર પણ ન આવે એ રીતે જીવન જીવતાં શીખવું જોઈએ

ધર્મગુરુ અને ડૉક્ટર*—
આધુનિક માનવસેવામાં

પ્રખ્યાત નાટ્યમાર બર્નાર્ડ શૉએ પોતાના કટાક્ષ ાટક "ધી ડૉક્ટર્સ ડાયલેમા'મા આધુનિકના ાન્ત્રિક ચિકિત્સાપ્રધાન ઉપચારોની ટીકા કરી છે ે નાટકમાં એક જડવાદી સર્જન પોતાના ક્ષયરોગના દીને કહે છે કે "મારે મન તમે એક રણક્ષેત્ર જેવા ા, જેમા ક્ષયના ભક્ષક જ તુઓ જીવનના રક્ષક ંતુઓ સામે યુદ્ધ કરી રહ્યા છે." આજે લગભગ ધા દર્દીઓ આની રીતે જ વિચારે છે તેઓ ઊડે ડે એમ ઇચ્છે છે કે તેમનુ જીવનચૈતન્ય આ બતમા વિગ્રહથી મુક્ત રહે રોગનિવારણની સર્વ ાઓ માત્ર દવાની શીશી, કે માત્ર સર્જનની ા અને પિચકારીથી સમાપ્ત થાય તેમ તેઓ કે છે.

છેલ્લા પચાસ વર્ષથી રોગનિવારણમા ધર્મ વૈદક ભિન્ન રહ્યા છે. રિણામે ઘણી જ હાનિ છે આજે ધર્મગુરુ અને ડૉક્ટર બંનેનો સહ- જરૂરી લાગે છે. અત્યાર બે પ્રશ્નો ઉપસ્થિત છે (૧) અદ્યતન વિજ્ઞાન પાસેથી ધર્મશાસ્ત્ર ીખી શકે? (૨) ઔષધોપચાર અને અધ્યા- દા વચ્ચે શો સંબંધ હોઇ શકે?

ારીર અને આત્માના પરસ્પર સંબંધોનો આ આજે વધુ ઊંડાણપૂર્વક વિચારવો જરૂરી છે. ા તેના શરીરબંધારણ સાથે ખૂબ જ સંકળા ો, ધર્મચુસ્ત માણસો આ બાબતની અવ- કરે છે તેઓ દેહરચનાના ખ્યાલને અવ- માત્ર શ્રદ્ધા પર મદાર બાંધે છે પરંતુ શ્રદ્ધા રી શકે નહીં. મૂત્રાશયના 'ગ્લોસીસ'ના દર્દમા ઇશ્વર પ્રાર્થના માત્ર શું કરે? તેવું જ ગર ાના કેન્સરની કે કાણા પડેલા ફેફસાની બાબતમા સમજવું આ દર્દી માત્ર શ્રદ્ધાથી સુધર્યા નથી હા કેટલાક દાખલાઓમા થોડો વખત માનસિક સ્થિરતા મળતા તે વિલંબિત પામ્યા હોય જો કે આ સમય દરમિયાન પણ તેમની ભયંકરતા ઘટવી નથી હોય છે. શારીરિક ક્રિયાઓ માનસની ઇચ્છાશક્તિ તથા બુદ્ધિ બંને પર પ્રબળ અસર પાડે છે. ખોરાકમા ઓછી અમુક 'કેલોરીઝ' (calories) ન મળે તો માણસ જનાવર જેવો થઈ જાય છે તેમજ અતિશય થાક ભૂખ, ઠંડી વગેરેથી માણસની નૈતિક શક્તિઓ નબળી પડે છે તેના અનેક દાખલાઓ યુદ્ધકાળમા સાબિત થયા છે જીવનની પલટાતી અવસ્થાઓના સંધિકાળો શારીરિક પ્રક્રિયાઓમાં કોઈવાર ઉત્તેજના અને કોઈવાર મંદત્વ લાવે છે. એ જ રીતે નાજુક, નબળો, ઊંઘિલ માણસ જાડા માણસ કરતા પ્રેમ, પ્રાર્થના કે વર્તનમા ઘણો જુદો પડે છે કેમકે કંઠુંઓ પુરાણા, ચૂર્ણ અને ખખડી ગયેલ હોય છે આ વૈજ્ઞાનિક રીતે સિદ્ધ થયેલ બાબતો જો ધર્મગુરુઓ ન જાણે તો ઘણુ નુકશાન થવા સંભવ છે.

તેથી ય વિશેષ આશ્ચર્ય પમાડે તેવું મગજની રચના વિગેરેના અભ્યાસમા થયું છે. 'મગજ ચિકિત્સા' (Brain Pathology) તો અંગ-

* 'યુનિવર્સિટાસ' વો. ૩. અંક ૧મા આવેલા પ્રો એડોલ્ફ કોર્બેલ દુઇગિન્જનના લેખના આધારે. રૂપાંતરકાર—પ્રા નર્મદાશંકર જ ત્રિવેદી એમ. એ.

રચના અને દેહગ્ંધારણ ઉપર જ ચિત્તની વૃત્તિઓનો આધાર છે તેમ કહે છે. એટલે કે આપણા આધ્યાત્મિક અનુભવો મગજનાં કેટલાંક કેંદ્રો ઉપર આધાર રાખે છે. જો આ કેંદ્રો કલુષિત બને અથવા નાશ પામે તો માનવનું આધ્યાત્મિક જીવન એવી જ રીતે વિકૃત બને. અતિશય યાતના કે નિરાશા વડે એક પ્રકારની બુદ્ધિની મંદતા પેદા થાય છે. પણ આ મંદત્વ માત્ર મગજના કલુષિત કેંદ્રોને વીજળીનો આંચકો આપીને સુધારી શકાય છે. આમ ભૌતિક વિજ્ઞાન અને શરીરવિજ્ઞાન આગળ વધ્યાં છે અને આત્મા તથા દેહના સંબંધોના ખ્યાલ ઊંડા અને જટિલ બન્યા છે. પણ આથી અધ્યાત્મ જીવન એ શરીરના વ્યવસાયોનું જ એકમાત્ર પરિણામ છે એમ સમજવાનું નથી.

શરીરની ક્રિયાઓ ઉપર આધ્યાત્મિક જીવનનો આધાર છે, પણ તે છતાં તે બંને એક નથી. કેમકે માણસનું ચૈતન્યમય વ્યક્તિત્વ તેના રોગથી અલગ એક વિશિષ્ટ બાબત છે, એટલે કે વ્યક્તિત્વને પણ અવકાશ રહે છે. કેટલીક માંદગીઓ આધ્યાત્મિક અંશોનો નાશ કરે છે. પણ એ છતાં દરેક માણસ પોતાની જાતને પૂરી સમજી શકે તે માટે પ્રયત્ન કરવો પડે છે; પોતાની નૈતિક શક્તિના બળાબળનો (self-determination સ્પષ્ટ વિચાર કરવો પડે છે; સ્વતંત્ર રીતે સદ્ અસદ્નો નિર્ણય જાતે જ કરવો પડે છે.

આજે શરીરવિજ્ઞાન અને મનોવિજ્ઞાનના ક્ષેત્રોમાં ખૂબ જ વિકાસ થયો છે. ત્યારે પ્રકૃતિ અને ચેતના, દેહ અને આત્મા, જીવ અને બ્રહ્મ, ઇંદ્રિયપગમ્યતા અને વિવેક વગેરે વચ્ચે ભૂલાયેલા સંબંધનો પાછો સુમેળ કરવો તે મહાન કર્તવ્ય થઈ પડે છે. ધર્મશાસ્ત્રોએ પુન: પ્રતિપાદન કરવું ઘટે છે કે પ્રકૃતિ નિર્મિત જીવનમાં જ આધ્યાત્મિક જીવન સ્થપાયેલ છે. જો ધર્મશાસ્ત્રો વિજ્ઞાનના નક્કર સત્યોને ન સ્વીકારે તો તે માણસોની શ્રદ્ધા ગુમાવી બેસશે.

તે જ પ્રમાણે ડૉક્ટરોએ પણ માત્ર શરીરશાસ્ત્ર પર મદાર બાંધવો જોઈએ નહીં. તેણે ' ઓપરેશન ટેબલ' ઉપર શસ્ત્રક્રિયા માટે રખાયેલ કોઈ પશુ હોય એ રીતે માણસની ગણના કરવી જોઈએ નહીં.

બીજી રીતે જોતાં આજે તે પણ સાબિત થયું છે કે અતિશય વેદનાથી, માણસના અવયવો તબીબી તપાસે નિરોગી લાગે તો પણ, તેની ક્રિયામાં તેને ઘણી જ ઈજા થયેલી હોય છે. એટલે કે તબીબી તપાસ નિરોગી ગણે તો પણ દર્દીને મન તો તે પોતે થાકેલ, મંદ, નિષ્પ્રાણ જેવો હોય છે. એનો અર્થ એ છે કે આધ્યાત્મિક જીવનની અસર શરીરની ક્રિયાઓ ઉપર થાય છે. વિક્ટર વૉન વાઇઝકરે કહ્યું છે કે દરેક માંદગી કંઇને કંઇ પચાવી ન શકાય તેવા આધ્યાત્મિક અનુભવોની અસરથી ઉત્પન્ન થાય છે. જ્યારે જ્યારે માણસને કડવો અણગમાજનક અનુભવ થાય છે ત્યારે જ તે માંદો પડે છે.

ડૉક્ટર પોલ ટુર્નિયરે " માંદગી અને જીવવા વિશેના પ્રશ્નો ' નામના ગ્રંથમાં દર્શાવ્યું છે કે અમુક માનસિક આઘાતના પરિણામે અમુક રોગ ઉત્પન્ન થાય છે. દા. ત. દમનો વ્યાધિ ઠંડી હવા કરતાં ચિંતાના દબાણથી, હૃદયરોગ પણ માનસિક યાતનાને લીધે વગેરે.

આ બધું શું સૂચવે છે? માત્ર વૈજ્ઞાનિક કે યાંત્રિક ઉપચારો સર્વસ્વ નથી. અકસ્માત થાય ત્યારે શસ્ત્રોપચાર કરાય છે પણ તે થયો શા માટે તેના કારણ અને ઉપચારમાં સંકલિત માનસિક પરિસ્થિતિનો અભ્યાસ કરવો તે જરૂરી છે. જે ડૉક્ટર શરીરના આંતરિક રોગની દવા કરે છે તેણે તો દરેક વ્યક્તિના જીવન ઘડનાર પ્રસંગો પરથી વિશિષ્ટ અભ્યાસ કરીને રોગના ઉપચારક ઔષધો વિચારવા વધુ શાસ્ત્રીય છે આમાં ડૉક્ટરે દર્દીની અંતર્ગત ઊર્મિઓ તથા મનોગત વણો વિશે વિચારણા કરવી પડે છે.

આમ શરીર અને ચેતનાના સંબંધ વિશે વિચારતા ડૉક્ટર અને ધર્મગુરુ બંનેને કે રોગવિદ્યા તથા માનસશાસ્ત્રનો સુમેળ જરૂરી છે. આ રીતે વિચારતા પાપમૂલક ગુનાહિત મનની સ્થિતિમાંથી, વ્યક્તિને પોતાના ભાવિ વિશેની શ્રદ્ધાના અભાવમાંથી અને સામાજિક જીવનમાં ઊર્મિસંઘર્ષમાંથી તેમ ત્રણ રીતે રોગો ઉત્પન્ન થતા હોય તેમ જણાય છે.

રોગનું પહેલું કારણ તે પાપ કે પાપ કર્યાનું ગુનાહિત મન. યુદ્ધ અને યુદ્ધોત્તર સમયમાં માણસના ઊર્મિજીવનમાં એક જાતની અવ્યવસ્થા વ્યાપી છે, અને જાતીય વાસનાક્ષેત્રે અનેક ગૂંચો ઊભી છે. આ રોગી અવસ્થા માટે કશું જ નિવારણ થયું નથી. દરેક માણસ પોતાની ચિંતા કે પાપનો પોટલો માથે લઈને ફરે છે, અને પરિણામે તે વ્યગ્ર, અનિદ્રિત, આત્મનિંદિત જીવન જીવે છે. પાપનો એકરાર તે તેનો નિવેડો નથી. આ માટે દિવ્ય જીવન સાથે વ્યક્તિનું સમાધાન કરવું જરૂરી છે. પાપની મુક્તિ માટે ક્ષમાયાચના કેવી રીતે પ્રાપ્ત થઈ જોઈએ. અહીં જ ધર્મગુરુની જરૂર રહે છે. માણસ અને ઈશ્વર વચ્ચે તે સમાધાન કરાવે છે.

રોગનું બીજું કારણ તે માણસને આજે પોતાના ભવિષ્ય વિશે સંપૂર્ણ નિરાશા છે. તે તેના લીધે માણસો અકાળે વૃદ્ધ બને છે. કેટલાયે માણસોએ ઘરબાર, સ્વજનો, સ્વદેશ વગેરે યુદ્ધમાં ખોયા છે. આ દુઃખ સામે આંતરિક તીવ્ર વિરોધ તેને સંતપ્ત કરે છે અને તેનામાં મંદાગ્નિના રોગો ઉપજાવે છે. જ્યાં શોક કે કડવાશ હૈયું કોરી ખાતી હોય, ત્યાં લોહીની સમતોલના ક્યાંથી રહે કે કેશસા અને નસોનું કાર્ય સ્વસ્થ રીતે ક્યાંથી ચાલે? દવાઓ ત્યાં શું કરે? અહીં તો ધર્મગુરુઓ જ આવા નિરાશ, મનોપીડિત માનવોને નવી આશા અને નવી ધાર્મિક પ્રેરણા આપી શકે. ધર્મગુરુઓએ પયગંબર ઈસુની જેમ પરપીડાહરણ માટે દુઃખભંજક બલિદાનનો માર્ગ સ્વેચ્છાપૂર્વક લેવો ઘટે. તો જ પ્રારબ્ધ અને પરમાત્મા બંને સાથે પુનઃ સમાધાન સાધી શકે.

માનસશાસ્ત્ર પ્રમાણે દરેક માણસ પોતાના સુષુપ્ત મનમાં હમેશાં અમુક આદર્શો (archetypal ideals) રાખે છે જ. આ આદર્શો ખાતર તે દુઃખો વેઠે ને સહે છે. પણ દુઃખથી તેમાં અંતરાય થાય છે. મનની વાસનાઓ તેને કોરી ખાય છે. આવા સમયે આપણે રોગના ભોગ થઈએ છીએ. વેદના અસહ્ય થતાં દારૂ જેવું માદક વસ્તુ પીએ. તેથી જ ધર્મગુરુઓએ તેમજ ડૉક્ટરોએ માણસના આ નૂતન પાસાનો અભ્યાસ કરવો જરૂરી બને છે.

રોગનું ત્રીજું કારણ સામાજિક જીવનમાં બનતા આઘાતજનક પ્રસંગો છે. વ્યક્તિવાદને પરિણામે સામાજિક જીવનની ભાવના વિસરાઈ ગઈ છે અને પિતા ને પુત્ર વચ્ચે, પતિ ને પત્ની વચ્ચે, ઘરધણી ને ભાડૂત વચ્ચે વગેરે અનેક જાતના સંઘર્ષો રહે છે. પરિણામે આઘાતજન્ય રોગો જન્મે છે. દા. ત. નવોઢા પત્ની મૂર્છિત થયા કરે છે તે અણગમાજનક વ્યક્તિના નિષ્ઠુરપણાને લીધે, કદાચ કડવી સાસુને લીધે. આવા અનેક દૃષ્ટાંતો મળી આવે તેમ છે. આવા ક્ષેત્રે ધર્મગુરુનું કાર્ય શાંતિદૂત તરીકે અગત્યનું છે. ડૉક્ટરને તે મદદ કરી શકે છે. કારણ કે આવા કિસ્સાઓમાં સાચી રીતે સ્થિતપ્રજ્ઞ, સહૃદયી ધર્મગુરુ જ સંઘર્ષ નિવારી શકે, ગુન્હો માગી શકે, ક્ષમા ઉતારી શકે અને બંધુત્વનો ભાવ પુનઃ સ્થાપી શકે તેમ છે. દેહચિકિત્સક ડૉક્ટર અને સૂક્ષ્મ દેહના ચિકિત્સક ધર્મગુરુ એ બંને ચિકિત્સકો ભેગા મળી કામ કરે તો જ માણસના દેહ અને આત્માનું સંમિલિત વ્યક્તિત્વ (Composite personality) સમજી શકાય. તેથી જ શરીરચિકિત્સકો આત્મવિદ્યા સમજે અને આત્મવિદ્યા સમજનાર ધર્મગુરુઓ શરીરકાર્ય સમજે તે જરૂરી છે. આ પરસ્પરનો અભ્યાસ—બંને પાસાનો—થવો જોઈએ. ડૉક્ટરો તેમજ ધર્મગુરુઓના સંમેલનો યોજવાં જોઈએ, જેથી બંને વચ્ચે વિનિમય વધે.

મિત્રા દૃષ્ટિની સઝાય

સં. ડૉ. વલભદાસ નેણશીભાઈ (મોરબી)

(૧) શિવ સુખ કારણ ઉપદિશી,
યોગ. તણી અડદિટ્ઠી રે. ॥
તે ગુણી શુભ જિનવરનો,
કરીશું ધર્મની પુટ્ઠી રે. ॥ ૧
વીર જીનેશ્વર દેશના

ભાવાર્થ :—અવ્યાબાધ મોક્ષ સુખના કારણભૂત શ્રી વીરપ્રભુએ, યોગની આઠ દૃષ્ટિ બનાવેલી છે તે શ્રી વીરપ્રભુના ગુણની સ્તુતિ કરીને અમે ધર્મની પુષ્ટિ કરીશું.

સ્પષ્ટાર્થ :—જીવને અનંત કર્મો લાગેલા છે. તેમાથી મુખ્ય આઠ કર્મો છે. જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય. અંતરાય, અને વેદનીય એ ચાર કર્મોની ૩૦ કોડાકોડી સાગરોપમની ઉત્કૃષ્ટ સ્થિતિ છે, મોહનીય કર્મની ૭૦ કોડાકોડી સાગરોપમ સ્થિતિ છે. નામ અને ગોત્રની ૨૦ કોડાકોડી, અને આયુષ્ય કર્મની ૩૩ સાગરોપમની ઉત્કૃષ્ટ સ્થિતિ છે —આયુષ્ય સિવાય સાતે કર્મોની દેશે ઉણી (કાંઈક ઓછી) એક કોડા કોડી સાગરોપમની સ્થિતિ રહે ત્યારે તેને યથાપ્રવૃત્તિકરણ કહે છે

જ્યાં સુધી સમ્યક્ત્વની પ્રાપ્તિ ન થાય ત્યા સુધી કર્તાની સ્થિતિ રેંટના ઘડાઓની માફક એક કોડાકોડી સાગરોપમમાથી ૭૦ અને ૭૦ કોડાકોડી સાગરોપમમાંથી એક એમ વૃદ્ધિ- હાનિ થયા જ કરે છે—આ અરહટઘટ ન્યાય પ્રમાણે ભવી કે અભવી જીવો અનંતવાર યથાપ્રવૃત્તિકરણ સુધી આવીને પાછા ઉત્કૃષ્ટ કર્મબંધનની સ્થિતિમાં આવ્યા જ કરે છે. આ સંબંધમાં શાસ્ત્રકાર મહારાજા પણ જણાવે છે કે :—

કર્મની ગાંઠ એટલે આત્માનો રાગદ્વેષજન્ય નિબીડ કર્મોનો ક્લિષ્ટ અધ્યવસાય :—જ્યાંસુધી જીવાત્મા આ ગાઢ મિથ્યાત્વયુક્ત ગ્રંથીને છેદે નહીં ત્યાં સુધી શુભ વિચારપૂર્વક અનેક શુભ કરણીયો કરે, અનેક વખત વ્રત નિયમાદિનું પાલન કરે છતાં ગ્રંથીને ભેદી શકે નહીં—અર્થાત્ નિબીડ કર્મના ક્લિષ્ટ અધ્યવસાયોનો નાશ કરવા શક્તિમાન જ ન થાય તેને યથાપ્રવૃત્તિકરણ કહે છે.

શ્રી સદ્‌ગુરૂની નિશ્રાએ અવ્યક્તપણે (વાસ્તવિક માર્ગને જાણ્યા વિના) અનેક જન્મો સુધી સેવેલા સદ્‌ક્રિયા, સદ્‌સંસ્કારો અને સદ્‌ભાવનાથી આત્મા શુભ પરિણામી થઈને સાતે કર્મોની ઉત્કૃષ્ટ સ્થિતિને ખપાવીને એક કો૦ કો૦ સા૦ની પણ અંદર લાવ્યા પછી અનાદિકાળના અજ્ઞાનપણાને લઈને બહિર્ગતભાવે પરિણામ પામતી અંતર્વૃત્તિઓને પલટી નાંખીને અંતર સન્મુખ થઈ જવામાં (જીવનનું પરીવર્તન કરવામાં) પ્રબળ શક્તિવાન શ્રી સદ્‌ગુરુદેવનો સત્સમાગમ થતાં, આત્મ કલ્યાણ થવાની સાચી અને તીવ્ર જીજ્ઞાસા જાગતાં અંતરદૃષ્ટિથી સદ્‌ગુરૂનું વાસ્તવિક સ્વરૂપ સમજીને, અંતર ત્યાગ-વૈરાગ્ય પ્રાપ્ત કરીને અનન્ય ભક્તિ તથા અડગ શ્રદ્ધાથી કર્મોની ક્લિષ્ટ પરિણામરૂપ ગ્રંથીને ભેદીને સ્વસ્વરૂપ સન્મુખ થવા માટે અપૂર્વ ઉલ્લાસભાવને પામે તેને અપૂર્વ કરણ કહે છે.

અનંત કાલ સંસાર પરિભ્રમણ કરતાં. અને અનેક સાધનોનું સેવન કર્યા છતાં પણ કોઈ કાળે પૂર્વે જે ભાવ પામ્યો નથી તેવા અપૂર્વ ભાવને પામીને ત્યાગ-વૈરાગ્ય-ભક્તિ અને શ્રદ્ધાની વિશેષતાથી

સાથે વિવેક અને આત્મબળની જાગૃતિથી સ્વસ્વરૂપ સ્વાનુભવ (સમ્યક્જ્ઞાન)ની પ્રાપ્તિ થાય તેને અનિવૃત્તિ કરણ કહે છે. અર્થાત્ જે સ્વરૂપ પ્રાપ્ત થયા પછી સંસાર તરફ પાછો ન વળે, અથવા સંસારમાં રહેવા અનાદિ મિથ્યાત્વીની જેમ તન્મય, તદાકાર ન થઈ જાય તેને જ **અનિવૃત્તિકરણ** કહે છે.

આ આઠ દૃષ્ટિમાં પ્રથમની ચાર દૃષ્ટિઓ **મિથ્યાત્વ અવસ્થાની છે સમકિતની પ્રાપ્તિ તો ૫ મી સ્થિરા દૃષ્ટિથી** થાય છે. અત્યારે તો ચાર દૃષ્ટિ સુધી ઉપાધ્યાયજીએ શું શું કર્યું, શું ન કરે છે અને ન શું કરી શકશે તેનો જ યથાર્થ ચિતાર વર્ણવ્યો છે

મોક્ષ મેળવવાની ઇચ્છાને જીજ્ઞાસા કહે છે આ ઇચ્છા બે પ્રકારે હોય છે. એક કુલાચારના સંસ્કાર **રથી**, અને બીજી પૂર્વ જન્મના સંસ્કારથી જ [illegible] પરમાર્થ માર્ગના યથાર્થ સ્વરૂપને જાણ્યા વિના ઓઘ સંજ્ઞા લોક સંજ્ઞા, દેખાદેખી કે કુળાચારથી ધર્મક્રિયાઓ કરતા કલ્યાણ કરવાની જ ભાવના જાગે છે તે **સાચી જીજ્ઞાસા** કહેવાય નહીં પણ તેને તો કુલાચાર પૂર્વક ધર્મની અભિલાષા કહે છે, અને જે પૂર્વજન્મના સંસ્કારથી પરમાર્થ માર્ગે જાગવાની સાચી ભાવના જાગૃત થાય તેને જ જીજ્ઞાસા કે મુમુક્ષુતા કહે છે. આવી સાચી જીજ્ઞાસા જાગૃત થયા વિના ઓઘસંજ્ઞાદિ ભાવોથી જ ધર્મ ક્રિયાઓ કરનાર કે ધર્મની ભાવનાઓ બળવાન છતાં પણ ક્યાં સુધી ચડી શકે છે તેનો ચિતાર આ **પહેલી** ઢાળમાં બતાવેલ છે

સઘન અઘન દિન રયણીમાં,
બાલ વિકલને અનેરા રે ....
અર્થ જુએ જેમ જુજુઆ,
તેમ ઓઘ નજરના ફેરા રે... (૨
વીર જીનેશ્વર દેશના.

ભાવાર્થ :—સઘન રાત્રિ (વાદળાં સહિત રાત્રિ), અઘનરાત્રિ (વાદળાં રહિત રાત્રિ) સઘન દિવસ-અઘન દિવસ-આ ચારે ભેદો [illegible] કે વાદળાં સહિત રાત્રિ, તે આત્માની અજ્ઞાન દશાનો નિર્દેશ છે, તેને જૈન શાસ્ત્ર [illegible] ગાઢ મિથ્યાત્વ દશા (મોહનીય કર્મની ઉત્કૃષ્ટ સ્થિતિ) કહે છે વાદળાં રહિત રાત્રિ [illegible] અવસ્થા છે તેને મિથ્યાત્વ કહે છે. [illegible] દિવસ દશા જ્ઞાન દશા [illegible] સ્વાનુભવ સમ્યક્ત્વદશા [illegible] દિવસ તેને ઉજ્જવલતા યા પૂર્ણ [illegible] કહે છે અને તેને સંપૂર્ણ નિરાવરણતા યા કેવળજ્ઞાનદશા કહે છે

ભાવાર્થ: આ ચારે દશા [illegible] દૃષ્ટિને પ્રથમની ચાર દૃષ્ટિ સુધી નિદ્રા-દશાવસ્થા હોય છે. ૫-૬-૭ એ ત્રણ દૃષ્ટિએ જાગૃતદશામાં [illegible] સમ્યક્ત્વ દશા અને [illegible] હોય છે અને છેલ્લી પરાદૃષ્ટિ [illegible] ઉત્કૃષ્ટ સ્થિતિ તે કેવળજ્ઞાનદશામાં હોય છે.

જેમ વાદળ સહિત અને વાદળ રહિત રાત્રિ અને દીવસમાં પ્રકાશની ન્યૂનાધિકતા હોય છે તે જ પ્રમાણે ગાઢ મિથ્યાત્વ અને મિથ્યાત્વ, તથા સમ્યક્ જ્ઞાન અને પૂર્ણ જ્ઞાનમાં ન્યૂનાધિકતા રહે છે અર્થાત્ આત્માની જાગૃતતા અને [illegible] ન્યૂનાધિકતાને લઈને જ્ઞાનની પણ ન્યૂનાધિકતા રહે છે આ સર્વ [illegible] કારણ કે ઓઘદૃષ્ટિ અનેક પ્રકારની હોય છે [illegible] જ્ઞાનાવરણાદિ કર્મોના ક્ષયોપશમ પ્રમાણે હોય છે

(૩) દર્શન જે થયાં જુજુઆ તે ઓઘ નજરને ફેરે રે;
ભેદ સ્થિરાદિક દૃષ્ટિમાં, સમકિત દૃષ્ટિને હેરે રે.
વીર જિનેશ્વર દેશના

ભાવાર્થ :—જે ષટ્ દર્શનો ભિન્ન ભિન્ન [illegible] મુખ્યતા અને ભિન્નતાનું કથન [illegible] છે એ વાત નિર્વિવાદ છે જ્યારે સ્થિરાદિની

મુખ્યતા વા દૃષ્ટાનો લક્ષ ભૂલી જઈને એટલે ઉપાદાન શૂન્ય બનીને નિમિત્તનું આગ્રહવૃત્તિએ સેવન થાય છે ત્યારે જ અનેક મતભેદો અને અનેક સંપ્રદાયો ઉદ્ભવે છે, અને તે મતભેદો ભિન્ન ભિન્ન દર્શનનું સ્વરૂપ પકડે છે જ્યાં સુધી ઉપાદાનની દૃષ્ટતા સર્વથા શૂન્ય થતી નથી અને નિમિત સેવનમા સરલતા રહે છે ત્યાં સુધી તો મતભેદોથી ઉત્પન્ન થયેલી ભાવનાઓ દર્શનરૂપે પરિણમે છે, પરંતુ જ્યારે ઉપાદાન (આત્મ જાગૃતિ)ને ભૂલી જઈને નિમિત્તોના જ કદાગ્રહી બને છે ત્યારે તે દર્શન ભાવથી પરાંગ મુખ થઈને મતાગ્રહભાવમા જ મુગ્ધ બનીને પરમાર્થ માર્ગથી વિમુખ થાય છે આ ઉપરથી એ ફલિતાર્થ નીકળે છે કે જ્યા આત્માની શ્રદ્ધા સન્માર્ગની અલ્પ પણ ઝાંખી (આરાધના) હોય ત્યા દર્શન છે અને જ્યાં દર્શન છે ત્યા સમ્યક્ત્વ છે અને જ્યા મત છે ત્યા મિથ્યાત્વ છે પ્રભા સમાન બોધ (સમજણ) પ્રથમની ચાર દૃષ્ટિમાં મિથ્યાત્વદશામા હોય છે અને તારા-ચંદ્ર સૂર્ય તથા રત્નની પ્રભા સમાન પછીની ચાર દૃષ્ટિમા સમકિતદશાના હોય છે.

(૪) દર્શન સકળના નય ગ્રહે, આપ રહે નિજ ભાવે રે,
હિતકારી જનને સંજીવની, ચારો તેહ ચરાવે રે ॥ વીર૦

ભાવાર્થ:-દર્શન ત્યાં સમકિત અને મત ત્યાં મિથ્યાત્વ, આ સિદ્ધાંત લક્ષમા રાખીને સર્વ દર્શનના નયોને સ્વીકારીને પોતે પોતાના સ્વભાવમાં રહે, કોઈપણ દર્શન તરફ ઉપેક્ષા અરુચિ કે દ્વેષ ન રાખે એવી મધ્યસ્થતામા રહે તેને મિત્રા દૃષ્ટિ કહે છે-છએ દર્શનોમા અંશે અંશે સત્યતા છે પણ જૈન દર્શન બધા નયની અપેક્ષાએ પૂર્ણ છે. જૈન દર્શન એટલે કષાય, વિષય અને રાગદ્વેષના બંધનોથી મુક્ત થઈને વિશુદ્ધ નિરાવરણ એવા અનંત જ્ઞાન-દર્શનમા તન્મય થઈ જવાનો, સ્થિર થઈ જવાનો જે વીતરાગ માર્ગ તેને જ જૈનદર્શન વા વીતરાગ દર્શન કહે છે.-સર્વ દર્શનો જ ભિન્ન ભિન્ન નયની અપેક્ષાએ સ્વીકારીને પોતે પોતાના શુદ્ધ સ્વરૂપમા હિતકારી જનને સંજીવન એવી સંજીવની ઔષધિનો ચારો ચરાવીને વર્તે તે જ પરમાર્થ માર્ગનો આરાધક બને છે.

(સ્ત્રીએ પોતાના પતિને બળદ બનાવી દીધેલ તેનું દૃષ્ટાંત)

આ દૃષ્ટાંતનો સાર એ છે કે, અનાદિકાલના અજ્ઞાનપણાને લઈને વાસનાસક્ત થવાથી મનુષ્ય પશુ સમાન બની ગયેલ છે કારણકે ઇંદ્રિઓને વશ થાય તે પશુ, ઇંદ્રિઓને વશ કરવા પ્રયત્નશીલ બને તે મનુષ્ય, અને ઇંદ્રિઓને વશ કરીને આત્મ સ્વભાવમા વર્તે તે દેવ—આવા વાસનાસક્ત પશુ સમાન જીવનમાંથી મુક્ત કરીને વાસના વિરક્ત થઈને જીવનને દિવ્ય બનાવે તેજ દેવ કહેવાય છે.

(૫) દૃષ્ટિ થિરાદિક ચારમા, મુક્તિ પ્રયાણ ન ભાજે રે,
રયણી શયન જેમ શ્રમ હરે, સુર નર સુખ તેમ છાજે રે—વીર૦

ભાવાર્થ:—પ્રથમની ચાર દૃષ્ટિમાં આરાધકપણું કે સાધકદશા કહી છે. અને પાછળની ચાર દૃષ્ટિમાં વર્તતા જીવને પ્રાયે કરીને અપનાવર્તન. સમકિત (પામીને વમી ન જાય તેવું) હોય છે. તેથી તે જ્ઞાની મહાત્મા વિરતિ અપ્રમત્ત દશા અને ક્ષપક શ્રેણીએ ચઢીને કેવળજ્ઞાન પ્રાપ્ત કરી શકે છે-કદાચ આ જ્ઞાની મહાત્માને સત્તાગત કર્મો ભોગવવાના અવશેષ રહેવાં હોય તો વચમાં સુબાહુકુમાર તથા શ્રીપાલ રાજાની જેમ દેવ કે મનુષ્યોના ભવો કરીને છેવટે અવશ્ય મોક્ષે જાય છે.

સ્વીકાર અને સમાલોચના

શ્રી રાધનપુર (એક ઐતિહાસિક પરિચય) લેખક : ધર્મજીવ તોપાસક મુનિરાજશ્રી વિશાળવિજયજી મહારાજ. પ્રકાશક : શ્રી યશોવિજય જૈન ગ્રન્થમાળા, આંબાચોક, ભાવનગર મૂલ્ય ૦-૭૫ નયા પૈસા

આ પુસ્તકમાં ઇતિહાસવિદ્ મુનિશ્રીએ રાધનપુર વિષેનો સુંદર પરિચય આપ્યો છે. તેમાંની માહિતી એકઠી કરી અને ઐતિહાસિક દૃષ્ટાંતોનું સંશોધન કરી રજુઆત કરવામાં મુનિશ્રીએ ઘણો જ શ્રમ લીધો છે. તેમાં ઉપયોગી શિલાલેખો, ફોટાઓ વગેરે આપી પુસ્તકનું મહત્વ વધાર્યું છે આ વિષયના અભ્યાસીઓએ આ પુસ્તક જોવા જેવું છે.

શ્રી રાધનપુર પ્રતિમાલેખ સંદોહ:— સંપાદક મુનિરાજ શ્રી વિશાળવિજયજી મહારાજ, પ્રકાશક ઉપર મુજબ કીં. પાંચ રૂપીઆ.

વિદ્વાન મુનિરાજે આ પુસ્તકમાં રાધનપુરના ૨૬ જિનાલયોમાંથી લીધેલા ૫૦૦ જેટલા પ્રતિમા લેખોનો સંગ્રહ આપ્યો છે તે ઐતિહાસિક સંશોધન માટે ખરેખર અમૂલ્ય સેવા ગણાય પુસ્તકના પરિશિષ્ટમાં રાધનપુરના ઇતિહાસ માટે ઉપયોગી રચનાઓ, સ્તવનો, કવિતાઓ વગેરે આપી પુસ્તકની ઉપયોગિતામાં વધારો કર્યો છે પુસ્તકનું પુઠું પાકું, સુંદર જેકેટ અને સારું બાઈન્ડીંગ કરી વધારે સુશોભિત બનાવ્યું છે

શ્રી ભીલડિયા પાર્શ્વનાથજી તીર્થ : લેખક અને પ્રકાશક ઉપર મુજબ મૂલ્ય ૦-૧૦ નયા પૈસા.

આ પુસ્તિકામાં શ્રી ભીલડિયા પાર્શ્વનાથ તીર્થનો સુંદર પરિચય આપવામાં આવ્યો છે ઐતિહાસિક વિગતોવાળી પુસ્તિકાને ઉપયોગી બનાવેલ છે ઇતિહાસરસિકો તથા તીર્થપ્રેમીઓએ વાંચવા લાયક છે

નમસ્કાર સ્વાધ્યાય : પ્રકાશક : જૈન સાહિત્ય વિકાસ મંડળ-વિલેપારલે, મુંબઈ-૨૪ સંપાદક : પૂ. શ્રી ધુરંધરવિજયજી ગણિવર્ય, પં. શ્રી જંબૂવિજયજી, મુનિશ્રી તત્ત્વાનંદવિજયજી અને મુનિશ્રી તત્ત્વાનંદવિજયજી પ્રકાશક : શ્રી અમૃતલાલ કાળીદાસ દોશી બી.એ. મૂલ્ય રૂા. ૨૦) વીસ રૂપીઆ.

મંત્રીશ્રીના નિવેદનમાં જણાવ્યા મુજબ સાતેક વર્ષ પહેલાં આ 'નમસ્કાર સ્વાધ્યાય' જેવા વિસ્તૃત ગ્રન્થની શરૂઆત કરવામાં આવેલી. આ ગ્રન્થને સર્વાંગ-સંપૂર્ણ, માહિતીપૂર્ણ બનાવવા પૂરતા પ્રયત્નો કરવામાં આવ્યા છે. આ ગ્રન્થની પાછળ ખર્ચ ઉત્તમ છે નમસ્કાર મંત્રની મહત્તા જૈન જગતમાં વિદિત છે સર્વાંગસંપૂર્ણ વિસ્તૃત માહિતીવાળા પુસ્તકની ઘણી જ જરૂર હતી આ ગ્રન્થપ્રકાશકે આ કાર્ય ઉપાડી સાચે અતિ મહત્ત્વનું કાર્ય કર્યું છે આવા કાર્યમાં પ્રકાશકે જે અનેક સંસ્થાઓ - ને વ્યક્તિઓ પાસેથી હસ્તપ્રતો મેળવવામાં પણ જે પરિશ્રમ લીધો છે તે આ પુસ્તકને અદ્ભુત અને પરિપૂર્ણ કરવાની પ્રયત્નોનો ખ્યાલ આપે છે

વળી, આ પુસ્તકની શુદ્ધિ કરવામાં જૈન પૂ. મુનિરાજ જંબૂવિજયજી પં. પૂ. ધુરંધરવિજયજી ગણિવર્ય, મુનિશ્રી તત્ત્વાનંદવિજયજી, મુનિશ્રી પુણ્યવિજયજી તથા અન્ય વિદ્વાન મુનિવર્યોએ સાથ આપી પુસ્તકને ઉત્તમ અને નમૂનેદાર બનાવવા માટે સંપાદકોએ ખૂબ પ્રયાસ કર્યો છે અને તે માટે જૈન સમાજ તેમજ સહકાર આપનારા સૌ વિદ્વાન મુનિવર્યો ખરેખર ધન્યવાદના અધિકારી છે

આ વિસ્તૃત ગ્રન્થમાં નમસ્કાર મંત્ર અંગે તાત્ત્વિક વિચારણા નવકારમંત્રની અનેક વિગતો વિસ્તૃત સ્વરૂપે ઉપર ... આ ગ્રન્થને ઉત્તમ રીતે બનાવવામાં આવ્યો છે

આ વિષયના અભ્યાસીઓને આ ગ્રન્થ વાંચવા અમે ખાસ ભલામણ કરીએ છીએ

શ્રીમદ્ રાજચંદ્ર જીવનપ્રભા —લે. જિજ્ઞાસુ. સંપાદક અમુલખ નાનચંદાસ ગોરવાળા. મૂલ્ય સદુપયોગ. પ્રાપ્તિસ્થાન કેશવલાલ મગનલાલ દેસાઈ, પોસ્ટેજ ચાર આના, સાયલા (સૌરાષ્ટ્ર)

આ નાનકડા પુસ્તકમાં શ્રીમદ્ રાજચંદ્રનું જીવન તેમજ તેમની વાણી આપવામાં આવી છે. પુસ્તકની શરૂઆતમાં તેમનું જીવન આપ્યું છે અને પછીના પૃષ્ઠોમાં શ્રીમદ્ રાજચંદ્ર અને તેમની વાણી ઉપર મનનીય વિચારો દર્શાવતા લેખો આપવામાં આવ્યા છે. તેઓ એક સમર્થ જૈન વિચારક હતા અને તેમનું જીવન ઉચ્ચ કોટિનું હતું. તેમના ઉપદેશનો પ્રભાવ મહાત્મા ગાંધીજી ઉપર પણ સારી રીતે પડેલો જોવાય છે. તેમના આ લેખોથી તેમના વિચારો સમજવામાં સરળતા પડશે અને વાચકો તેમના વિચારો સમજી શકશે. એ રીતે આ લેખો ચરિત્રનાયકની વાણી ઉપર સારો પ્રકાશ પાડે છે. દરેક જિજ્ઞાસુને આ પુસ્તક વાંચી જવા ભલામણ કરીએ છીએ.

શ્રી મહેન્દ્ર જૈનપંચાંગ : (વર્ષ ૨૭ મું) કર્તા પૂજ્ય આચાર્યશ્રી વિજયવિકાશચંદ્રસૂરીશ્વરજી

શ્રી મહેન્દ્ર પંચાંગ—સૂક્ષ્મ (સાયન નક્ષત્રવાળું) આ પંચાંગ બનાવનાર કર્તા આ. શ્રી વિકાશચંદ્ર સૂરીશ્વરજી જૈન જ્યોતિષ પ્રમાણ મગધ સુધી નક્ષત્ર ઉપરથી કરે છે. સાયન અને નિરયન પદ્ધતિ પ્રમાણે દર વર્ષે જ્યોતિષીઓ ઘણા પંચાંગો પ્રગટ કરે છે પરંતુ જૈનોને સૂક્ષ્મમાં સૂક્ષ્મ [illegible] સાયનની જરૂર હોય તેમની આ પંચાંગ જરૂરીઆત પૂરી પાડે છે, જૈનોએ પોતાના ધાર્મિક અને વ્યવહારિક પ્રસંગો નક્કી કરવા માટે આ જૈન દૃષ્ટિએ સંપાદન પામેલું પંચાંગ હવે અપનાવી લેવાની અમે સાનંદ [illegible] કરીએ છીએ [illegible].

આ પંચાંગ આ સંસ્થામાંથી વેચાતુ મળી શકે છે.

પરિચય પુસ્તિકાઓ : પરિચય ટ્રસ્ટ વતી જયવંત તમતાવાળા

આ પરિચય પુસ્તિકાઓ જીવનના વિવિધ પ્રશ્નો અંગે ઘણી ઉપયોગી માહિતી સરળ ભાષામાં આપે છે. લોકશાહીમાં દરેક નાગરિક ગમે તેટલી બીજી પ્રવૃત્તિઓમાં મગ્ન હોય તો પણ, સમાજ અને રાષ્ટ્રના વિવિધ પ્રશ્નોની સમજ તેને ઘણી જરૂરી છે, પણ એવી સમજ માટે તેને આજે ધમાલીયા જીવનમાં અવકાશ મળતો નથી. આવી પુસ્તિકાઓ તે [illegible] થોડે ઘણે અંશે ઓછી કરે છે, તે દરેક નાગરિકને ઉપયોગી વિવિધ વિષયોનું જ્ઞાન ટૂંકમાં આપે છે, વળી આ પુસ્તિકાઓની મુખ્ય વિશિષ્ટતા એ છે કે જે વિષયની પુસ્તિકા હોય તે વિષયના સાચા જાણકાર પાસે એ તૈયાર કરાવવામાં આવે છે. તેથી આ પુસ્તિકાઓની માહિતી ઊંડા તલસ્પર્શી જ્ઞાનપર રચાયેલી તેમજ ખાત્રીવાળી હોય છે.

નીચેની પુસ્તિકાઓ પ્રસિદ્ધ થઈ ચુકી છે.

ઈંડુયુદ્ધ, આપણું લશ્કર, ભારત અને મહાન [illegible], [illegible]ની કથા, પોષણ, પાયાની કેળવણી, પૈસા [illegible] નથી, [illegible], ગાડીહાગ તરુણની, સામે ઉતરાવના [illegible], ગાવા જેવા ગરબા, શાંતિઓ ક્યાંથી આવી, [illegible]ની કામગીરી, કામદાર સંઘો શા માટે? નાગા લોકો જાણવા જેવું, બેંકો શા માટે? જીવ ક્યાંથી આવ્યો? [illegible] સાથે વાતો કેમ કરશો? પબ્લિક સર્વિસ કમિશન, સમાચાર સંસ્થાઓ, સિંધી સાહિત્યમાં ડોકીયું, આપણું [illegible] શરીર, ભાવો કેમ [illegible]? નાના ઉદ્યોગો શા માટે? અણુશક્તિ; [illegible]! [illegible] નાના [illegible]? કાર્ટૂનની કથા, અહિંસાના [illegible] નથી, ટેલીવિઝન શું છે? [illegible] શા માટે? અવકાશની યાત્રા

સૌએ આ પુસ્તિકાઓ વાંચી જવા જેવી છે.

અવસાન નોંધ

શ્રી લલ્લુભાઇ કરમચંદ દલાલ,

સં. ૨૦૧૭ના ભાદરવા વદિ ૧૧ શુક્રવારે ૮૧ વરસની વૃદ્ધ વયે, મુંબઈ ખાતે શ્રી લલ્લુભાઈ કરમચંદ દલાલનું દુઃખદ અવસાન થયાની નોંધ લેતા અમો અમારી સમવેદના વ્યક્ત કરીએ છીએ.

તેઓશ્રીના અવસાનથી, આપણને જુની પેઢીના એક ધર્મપ્રેમી. સેવાભાવી અને શિક્ષણપ્રેમી સજ્જનની ન પુરી શકાય તેવી ખોટ પડી છે.

તેઓશ્રીનુ મુળ વતન વીજાપુર (ગુજરાત) હતું. અને ઝવેરાતનો તેમનો મુખ્ય વ્યવસાય હતો જીવનમાં ચડતી–પડતીના વાવટોળ વચ્ચેથી તેઓશ્રી પસાર થયા હતા એમ છતાં પોતાનો ધર્મપ્રેમ, સેવાભાવના અને આધ્યાત્મિક રસ જીવનના અંતકાળ સુધી તેઓશ્રીએ એકધારો ટકાવી રાખ્યો હતો.

આચાર્યશ્રી બુદ્ધિસાગરસુરીશ્વરજીના તેઓ પરમ ઉપાસક હતા. અને આધ્યાત્મજ્ઞાન પ્રસારક મંડળના સ્થાપિતકાળથી જ તેઓશ્રી તેના સંચાલનમાં સારો રસ ધરાવતા હતા, પાલીતાણા જૈન ગુરૂકુળના મંત્રી તરીકે તેઓશ્રીએ ઘણા લાંબા કાળ સુધી સેવા બજાવી હતી. અને અન્ય સંસ્થાઓ તથા સેવા કાર્યમાં તેઓ સારો રસ ધરાવતા હતા.

આ સભાના પણ તેઓશ્રી આજીવન સભાસદ હતા. અને સભાના વિકાસમાં તેઓ સારો રસ ધરાવતા હતા.

તેઓશ્રીના અવસાનથી સભાને એક સેવાભાવી સભ્યની ખોટ પડી છે. અમો સદ્દગતના આત્માની ચિરશાન્તિ પ્રાર્થીએ છીએ.

શેઠ કુંવરજી જેઠાભાઇ

સંવત ૨૦૧૭ના આસો સુદી ૧૩ ને શનીવારે અઠ્યાસી વર્ષની ઉંમરે ભાવનગર મુકામે તેઓશ્રીનું દુઃખદ અવસાન થયું છે, તેઓ આપણી સભાના આજીવન સભાસદ હતા. તેમના અવસાનથી સભાને એક લાયક સભાસદની ખોટ પડી છે, તેઓશ્રીના આત્માને અનંત શાંતિ પ્રાપ્તિ થાઓ તેમ પ્રાર્થના કરીયે છીએ.

ડૉકટર વિઠ્ઠલદાસ જીવરાજ દોશી

સંવત ૨૦૧૭ આસો સુદી ૧૩ ને શનીવારે અડસઠ વર્ષની ઉંમરે અમદાવાદ ખાતે સ્વર્ગવાસી થયેલ છે. તેઓ આપણી સભાના આજીવન સભાસદ હતા. તેમના સ્વર્ગવાસથી સભાને એક લાયક સભાસદની ખોટ પડી છે. સ્વર્ગસ્થના આત્માને પરમાત્મા પરમ શાંતિ અર્પે તેમ ઇચ્છીએ છીએ.

શ્રી મૂળચંદભાઇ શાહ

તા. ૧૭–૯–૧૯૬૧ રોજ મુંબઇમાં થયેલ તેઓશ્રીના અકાળ અવસાન પરત્વે અમે ઊંડી દુઃખની લાગણી વ્યક્ત કરીએ છીએ. તેઓશ્રી મેસર્સ: લલ્લુભાઈ ગુલાબચંદ ઝવેરીની પેઢીના ભાગીદાર હતા અને આ સભાના પેટ્રન હતા તેઓશ્રીએ વ્યાપારી ક્ષેત્રે ખ્યાતિ મેળવી હતી એટલું જ નહીં પણ તેઓ જૈન સમાજમાં અનેકવિધ પ્રવૃત્તિઓમાં અને ખાસ કરીને જીવદયાની પ્રવૃત્તિઓમાં ઘણો જ સક્રિય અને અને અગ્રગણ્ય ભાગ લેતા હતા. તેમના દુઃખદ અવસાનથી જૈન સમાજને એક કાર્યકુશળ કાર્યકર્તાની ખોટ પડી છે. પરમ કૃપાળુ પરમાત્મા તેમના આત્માને પરમ શાંતિ આપે તેવી અમે પ્રાર્થના કરીએ છીએ.

શેઠશ્રી જવાહરલાલજી નાહટા.

સં. ૨૦૧૭ના આસો વદી ૧૨. તા. ૨૧–૧૦–૬૧ શનિવારના રોજ જયપુરમાં સ્વર્ગવાસી થયેલ છે. તેઓ આપણી સભાના આજીવન સભાસદ હતા. તેમના સ્વર્ગવાસથી સભાને એક લાયક સભાસદની ખોટ પડી છે તેઓશ્રી ધર્મ પ્રત્યે ખુબ પ્રેમ ધરાવતા હતાં. તેમના આત્માને પરમકૃપાળુ શાશ્વત શાંતિ આપે તેજ પ્રાર્થના.

શેઠશ્રી ભોગીલાલ દલસાભાઇ,

સં. ૨૦૧૭ ના ભાદરવા સુદી ૭ મંગળવાર તા ૧૨–૧૦–૬૧ ના રોજ પાટણ મુકામે સ્વર્ગવાસી થયેલ છે. તેઓ આપણી સભાના આજીવન સભ્ય હતા તેમના સ્વર્ગવાસથી સભાને એક લાયક સભાસદની ખોટ પડી છે. તેઓ ખુબ ધર્મશ્રદ્ધાળુ હતા. તેમનો આત્મા પરમ શાંતિ પામે તેમ અમે પ્રાર્થના કરીએ છીએ.

સુખ અને સગવડ

આ જગતમાં માનવી સુખ ઝંખે છે અને દુઃખથી દૂર ભાગે છે. પરંતુ સુખનું સ્પષ્ટચિત્ર એની દૃષ્ટિ સમક્ષ ન હોવાથી સુખ પાછળની આંધળી દોટ એની આસપાસ અનેક દુઃખો ઊભાં કરે છે. આ વિષચક્રમાં અટવાયેલો માનવી મૃગજળ પાછળ દોડતાં હરણની પેઠે દુઃખમાં જીવન પુરું કરે છે. વહેવારમાં 'સુખ સગવડ' શબ્દ આપણે વાપરીએ છીએ. પરંતુ સુખ અને સગવડ એ બન્ને જુદી જુદી વસ્તુઓ છે. સગવડમાં જ જો સાચું સુખ હોય તો આજની આશ્ચર્યજનક વૈજ્ઞાનિક સગવડોના યુગમાં કોઈ દુઃખી જ ન હોય ! છતાંય આપણે જોઈએ છીએ કે પહેલાં કરતાં આજના યુગમાં દુઃખનું પ્રમાણ વધ્યું છે. એટલે સગવડમાં હંમેશાં સુખ હોતું નથી. હા, સુખાભાસ હોય ખરો. અને એથી જ તો માનવી આટઆટલી ભૌતિક સિદ્ધિઓ પ્રાપ્ત કર્યા છતાં સુખનો અનુભવ કરી શકતો નથી.

આજે માનવી અવકાશમાં હજારો માઈલનું અંતર કાપી શકે છે. પરંતુ એક ટેબલના સામસામે છેડે બેઠેલા માનવીઓ કોઈ પણ સમજુતિના પ્રશ્ન માટે તેમની વચ્ચે પડેલું બે ત્રણ ફુટનું અંતર પણ કાપી શક્તા નથી. આજે માનવી અણુના હૃદયમાં ડોકિયું કરી શક્યો છે. પરંતુ માનવી–માનવીના હૃદયમાં ડોકિયું કરવા અશક્ત બન્યો છે. માનવજીવનની એ કેટલી કરુણતા છે ?

સાચી વાત એ છે કે સુખ એ બહારથી મેળવી શકાય એવી વસ્તુ નથી. ગાડીઘોડા બાગબગીચા. નોકરચાકર, સત્તાસંપત્તિ. મોટર બંગલા. ધન વૈભવ વગેરેમાં જો સુખ હોત તો માનવીએ ઇચ્છેલી હદે એ મળતાં તેને વધારે મેળવવાની ઇચ્છા ન થાત. પણ આપણે જાણીએ છીએ કે માનવીની તૃષ્ણાને કદી છેડો આવતો નથી. વ્યસનીનાં વ્યસન પેઠે હંમેશાં તેની માત્રા વધારવાથી જ તેને સુખાભાસનો અનુભવ મળે છે. પરંતુ વ્યસન તંદુરસ્તીની નિશાની નથી તેમ તૃષ્ણાનું વધ્યે જવું એ સાચું સુખ નથી.

સુખ એ મનનું કારણ છે અને મનમાં—પ્રાદુર્ભૂત થતાં સાત્વિક આનંદ છે. શરદપૂર્ણિમાની સુધા વરસાવતી શીતળ ચાંદની કોઈ પ્રેમી-યુગલને પરમ આનંદનો અનુભવ કરાવશે, જ્યારે એ જ ચાંદની આંધળાની લાકડી સમા એકના એક યુવાન પુત્રના અકાળ અવસાનથી હૈયાફાટ રુદન કરતી કોઈ વૃદ્ધ માતાને અગ્નિજ્વાળાઓનો સાક્ષાત્કાર કરાવશે. કારણ ? કારણ કે સુખ કે દુઃખ એ ચંદ્રનો ગુણ નથી. તેનો મૂળ સ્રોત તો માનવીમાં પડેલો હોય છે. માનવીનાં મનમાં પડેલી આ સુખની ખાણની શોધ કરવી એ માનવજીવનનું પરમ કર્તવ્ય છે.

• મેઘદૂત ગાંધી.

શ્રી આત્માનંદ પ્રકાશ

SHRI ATMANAND PRAKASH

મે...ઘ...ના.

વર્ષાઋતુનો ઉદાર મેઘ મહાસાગરના પાણીમાંથી ક્ષાર કાઢી નાખે છે અને માત્ર નિર્મળ પાણી વરસાવે છે ! સજ્જનોનું પણ તેવું જ છે. તે કોઈ પણ વસ્તુ કે વ્યક્તિના દુર્ગુણોને દૂર ફેંકી દે છે અને માત્ર ગુણો ગ્રહણ કરે છે ! પણ મેઘ અને સજ્જનો વચ્ચેનું સામ્ય આટલેથી અટકતું નથી. મેઘ સાગર પાસેથી કેટલી મોટી સંપત્તિ મેળવે છે, પણ તે પોતાને માટે નહિ, બીજા માટે ! પોતાની અમાપ જલસંપત્તિ તે તરસી થયેલી પૃથ્વી પર નિરપેક્ષ રીતે વરસાવે છે. એને કારણે જ પૃથ્વી પરનાં તમામ સચરાચરોને 'જીવન' મળે છે. મેઘનું અસીમ ઔદાર્ય જાણે કે નદી-નાળાંમાંથી એકધારું વહે જાય છે. વર્ષાઋતુમાં પોતાની પાસેની સર્વ સંપત્તિ લોકકલ્યાણાર્થે ચારે દિશામાં વાપરી શરદ ઋતુમાં શ્વેત બનેલાં વાદળાં આપણને શું ત્યાગનો જ સંદેશો નથી આપી રહ્યા વારૂ?

વિશાળ અંતઃકરણવાળા સજ્જનોનું પણ તેમ જ હોય છે. તે જે કંઈ મેળવે છે તે પોતાના એશઆરામ માટે નહિ. તે જ્ઞાન મેળવે કે ધન મેળવે, પણ તેનું નિરપેક્ષ બુદ્ધિથી દાન કરવામાં તેમને જેટલો આનંદ આવે છે તેટલો તેનો સંગ્રહ કરવામાં નથી આવતો. તે જે કંઈ મેળવે છે તે બીજાને આપવા માટે જ !

અનુક્રમણિકા

૧.	चेरं मज्झं न केणइ		૧
૨.	મધુર વચન બોલો !		૨
૩.	ભય અને જય	(સાહિત્યચંદ્ર બાલચંદ હીરાચંદ, માલેગામ)	૩
૪.	શ્રમણ: એક વ્યાખ્યા		
૫.	મિત્રા દૃષ્ટિની સઝાય	(સં. ડૉ. વલ્લભદાસ નેણુશીભાઈ)	૮
૬.	મધુકરી		૧૨
૭.	અમરઆત્મનિરીક્ષણ	(અમરચંદ માવજી શાહ)	૧૪
૮.	શ્રી મદનમોહન માલવીય પરિચય		૧૬

ખાસ નોંધ

હવેથી દર અંગ્રેજી મહીનાની સાતમી તારીખે 'શ્રી આત્માનંદ પ્રકાશ' પ્રસિદ્ધ થશે તેની દરેક સભ્યે અને ગ્રાહકે નોંધ લેવી. પ્રકાશકો

પૂજા ભણાવી

તપાગચ્છાધિપતિ સ્વ. પૂ. મૂળચંદજી ગણિવર્યની સ્વર્ગવાસ તિથિ અંગે આપણી સભા તરફથી માગસર વદી ૬ ગુરુવારના રોજ અત્રેના શ્રી દાદા સાહેબ જિનમંદિરમાં સવારે ૧૦ કલાકે શ્રી આત્મ-વલ્લભકૃત પંચપરમેષ્ઠી પૂજા ભણાવી દેવગુરુ ભક્તિ કરી પુણ્યતિથિ ઉજવવામાં આવેલ તેમજ આંગી-રચના કરવામાં આવેલ. આ પ્રસંગે પરમ પૂજ્ય ગુરુદેવ આચાર્ય શ્રી ઉદયસૂરીશ્વરજી મહારાજ તથા અન્ય સાધુસાધ્વીજીઓ પધાર્યા હતા અને સભાસદ બંધુઓ તેમજ અન્ય સદ્‌ગૃહસ્થોએ સારા પ્રમાણમાં ભાગ લીધો હતો.

મફત મંગાવો :—શાંતિસ્નાત્ર માટેની જરૂરી ચીજોની છાપેલી યાદી પોસ્ટ ખર્ચના આઠ નયા પૈસાની ટીકીટ બીડવાથી મફત મોકલાશે.

ઈન્દુલાલ મગનલાલ પાલેજવાળા ગંધનપુરી બજાર, ભાવનગર-૧ (ગુજરાત રાજ્ય)

સુધારો

ગયા અંકની અવસાન નોંધમાં નીચે પ્રમાણે શરતચૂકથી ભૂલો રહી ગઈ છે તે માટે અમો દિલગીર છીએ. વાંચકોને તે ભૂલો સુધારી લેવાની વિનતિ છે.

૧. શ્રી વિઠ્ઠલદાસ જી. દોશીની સ્વર્ગવાસ તિથિ આસો વદી ૫ છે. આસો શુદિ ૧૩ છપાઈ છે તે ભૂલ છે.

૨. શ્રી મૂળચંદભાઈ શાહના બદલે નામ શ્રી મગનલાલ મૂળચંદભાઈ શાહ છે.



વર્ષ ૫૯મુ] પોષ તા. ૭-૧-૬૨ [અંક ૩

वेरं मज्झं न केणइ ।

अक्कोच्छि मं अवधि मं
अजिनि म अहासि मे ।
येच त उपनय्हन्ति
वेर' तेस न सम्मति ॥

अक्कोच्छि म अवधि म
अजिनि म अहासि मे ।
ये त न उपनय्हन्ति
वेर' तेसूपसम्मति ॥

न हि वेरे न वेरानि
समन्ती ध कुदाचन ।
अवेरन च सम्मन्ति
एस धम्मो सनन्त ते ॥

धम्मपद

મને ભાંડ્યો, મને માર્યો,
હરાવ્યો ને લુંટ્યો મને;
એમ જે હૃદયે રાખે,
તેનું વેર નહી શમે.

મને ભાંડ્યો, મને માર્યો,
હરાવ્યો ને લુટ્યો મને;
એમ જે ગાંઠ ના બાંધે,
તેનું વેર સદા શમે.

વેરથી વેરની કો દિ,
ઉપશાંતિ થતી નથી;
અવેરથી થતી શાંતિ,
એ છે ધર્મ સનાતન.

ધમ્મપદ

મધુર વચન બોલો !

હરિગીત

શુભ મિષ્ટ વાણી ગદનિવારિણી ઔષધી ગુણકારિણી
ક્ષણમાં નિવારી શત્રુભાવો પ્રેમ સુખ સચારિણી
જગમાં ભલાઈ કીર્તિકારક વેર કટુ સંહારિણી
મિત્રો વધારી લોકપ્રિયતા આપતી સુખબોધિની ૧

એ દેવગુરૂ ભક્તિ પ્રબોધી જિનવચન સંવર્ધિની
માતા સમી વાત્સલ્યધારી પ્રબલ દુઃખ નિવારિણી
વાણી સદા સહુ મિષ્ટ બોલો અમિત સુખ ગુણકારિણી
રહેજો તરો ભવસિંધુ તેથી એહ ભવદવ શામિની ૨

વાણી કટુક ગુણહારિણી જે શસ્ત્રસમ વાગે અતિ
જે મિત્રતાનો ભંગ કરી ગંભીર વેર જગાવતી
જે કર્ષક ભવના સ્નેહવલ્લી અંકુરો બાળે બધા
નવનવિન વેરી કેઈ વધારે પાપકારણ હો તદા ૩

ગુરૂ વચનમાં શ્રદ્ધા ન એને બહુ બકે કડવી ગિરા
લડતા ઝગડતા પૂર્ણ કરતા આયુબંધન વાગુરા*
કડવા વચન ગમતા નથી એ કોઈને પણ દુઃખ કરે
પશુ પંખિઓ પણ કટુક વચને વેર નિજ મનમાં ધરે ૪

માટે સુજન સહુ બંધુભગિની ! મિષ્ટ વાણી ઉચ્ચરો
હિત મિત અને શુભ સત્ય વચને સર્વ જન મન વશ કરો
શુચિ બોલતા ખોવી પડે નહીં અર્થ વા વાણી નવી
બાલેન્દુ વિનવે સત્ય વાણી મિષ્ટ વચને બોલવી ૫

*જાળ

ભય અને જય

(લેખક—સાહિત્યચંદ્ર બાલચંદ હીરાચંદ, માલેગામ.)

ભય અને જય એકસાથે રહી જ શકતા નથી. એ જગતનો નિત્યનો અનુભવ છે. ડરપોક માણસના હાથે કોઈ પણ વિશિષ્ટ કોટિનું કાર્ય થવું એ અશક્ય વસ્તુ છે, જગતમાં કોઈપણ કાર્યક્ષેત્રમાં પ્રકાશ પાથરનારા અસાધારણ પુરુષો થઈ ગયા હોય તો તે પોતાનું બીકણપણું ફગાવી દેવા પછી જ યશસ્વી થયેલા છે. જેના મનમાં ભય હોય છે તે સતત દરેક પ્રસગે ડરતો જ રહે છે અને આમ કરીશ તો મારૂં કેમ થશે ? અને અમુક જાતની અડચણો આવશે તો ત્યાં હું શું કરીશ ? એવી શંકાના વમળમાં એ ગોથાં જ ખાધાં કરે છે. એવાઓના હાથે સાહસ થાય જ નહીં. એટલે જય ક્યાંથી મળે ? साहसे श्रीः प्रतिवसति। એટલે ભય છોડી જે પોતાનું અંતરંગ વીર્ય ફેરવી પરાક્રમ કરવા તૈયાર થાય છે તેને જ લક્ષ્મીની પ્રાપ્તિ થાય છે. અહિંઆ લક્ષ્મીનો અર્થ ફક્ત દ્રવ્ય કે ધન એટલો જ અભિપ્રેત નથી. એમાં તો જ્ઞાન, અધિકાર, પરાક્રમ અમર વાસના ત્યાગ કે વૈરાગ્ય વિગેરે બાબતોમાં જે સિદ્ધિ મેળવવાની હોય છે એ બધી જાતની લક્ષ્મી કે સિદ્ધિ અથવા જયનો સમાવેશ થઈ જાય છે.

ઘણાં લોકોના મનમાં એવો એક ન્યૂનગંડ ઘર કરી બેઠેલો હોય છે કે, મારાથી આવું કામ થાય જ કેમ ? એ આપણું કામ નહીં. એવાં મોટાં અને સાહસનાં કામો તો કોઈ મહાન પુરુષો જ કરી શકે. આપણા જેવા સામાન્ય માણસોથી એવાં મોટાં કામો થાય જ શી રીતે ? આવા આવા માયકાંગલા વિચારો એવું ઘર કરી બેઠેલા હોય છે કે, તેઓ મોટુ સાહસ કરવા તૈયાર જ થતા નથી.

આપણે જગતમાં એવા દાખલાઓ પગલે પગલે જોઈએ છીએ કે, તદ્દન નિર્માલ્ય ગણાતા માણસો મહાન્ પરાક્રમી અને જગતની સ્તુતિને પાત્ર બનેલા છે. પોતાનું કુટુંબ પોષણ કરવામાં પણ જે અસમર્થ હતા અને આવતીકાલનું શું ? એવો પ્રશ્ન જેઓને ડરાવતો હતો તેવાઓ અત્યારે ધનપતિ થઈ બેઠેલા છે. અને તેઓ લાખોનું દાન પોતાના હાથે કરી કીર્તિપાત્ર થઈ ગએલા છે. કેટલાએક અક્ષરશત્રુ ગણાતા માણસો પોતાના અસાધારણ પરાક્રમથી ગ્રંથકાર બની અનેકોને જ્ઞાનદાન આપી પંડિત કે જ્ઞાનીઓનું માન ખાટી ગએલા છે. કેટલાએક દુર્વ્યસની લોકનિંદાને પાત્ર બનેલા માણસો શ્રેષ્ઠ ઉંચી કોટીના સાધુ બનેલા છે. રખડતા માનવો મોટો અધિકાર ભોગવે છે. મતલબ કે, ઘણા માણસો ભયનો ત્યાગ કરી કોઈપણ જાતનું પરાક્રમ કરે છે ત્યારે તેઓ અનાયાસે જય પ્રાપ્ત કરી જગતના આદરને પાત્ર થાય છે.

એથી વિરૂદ્ધ રીતે પ્રાપ્ત વભવ જે ટકાવી શકતા નથી અને તેમા વૃદ્ધિ કરી શકતા નથી તેઓ પણ મોહમાયામાં લપટાઈ પોતામાં રહેલું વીર્ય, શૌર્ય, પરાક્રમ ભયગંડથી પ્રગટ કરી શકતા નથી. તેઓ બધું ગૌરવ ખોઈ પતનાવસ્થાને પ્રાપ્ત થાય છે. એમ થવાનું કાંઈ કારણ હોય તો તે એજ છે કે, તેઓ અહંભાવના વમળમાં સપડાઈ પોતાનું પરાક્રમ ફેરવવા માટે લાગતી નિર્ભય વૃત્તિ ખોઈબેસે છે ત્યારે જ તેઓની આત્મશક્તિ તિરોહિત થઈ જાય છે માટે જ અમો કહીએ છીએ કે, જો તમારે યશ સાથે વિજય મેળવવો હોય તો નિર્ભયવૃત્તિ કેળવો. ભયગંડથી આપણે નજીક આવેલો જય ખોઈ બેસીએ છીએ, એ ભૂલવું નહીં જોઈએ.

આત્મામાં ગુપ્ત રહેલી શક્તિ અનંતી છે.

શાસ્ત્રકારો એ વસ્તુ પોકારી પોકારી વારંવાર કહેતા આવ્યા છે. જ્યારે એવી શક્તિઓ આપણી પાસે વિદ્યમાન હોય ત્યારે તેને પ્રગટ કરવા માટે આપણે કાંઈક પ્રયત્ન તો કરવો જ પડે. આપણે જો પહેલાથી પ્રતબલ થવા જેવી વાતો કરી બેસી જ રહીએ અને આપણા હાથપગને કાંઇ જ હલનચલન નહીં આપીએ તો તે છુપાઈ રહેલી આપણી આત્મિક શક્તિઓ શી રીતે પ્રગટ થાય? આપણે કોઇ ગામ જવું હોય ત્યારે તે ગામ જવાનો માર્ગ આપણે તેના જાણકાર પાસેથી જાણી લઇએ. અને તે માર્ગે જવાનાં સાધનો કયા કયા છે તે સમજી લેવાં જોઇએ. તેમ માર્ગમાં કેવા અવરોધો ઊભા છે તેની માહિતી મેળવી તેને ટાળવાના અને તેને પાર કરવાના ઉપાયો શોધી લેવા જોઇએ. અને છેવટ તે માર્ગે પગલાં ભરવાં જોઇએ. તો જ આપણે ધારેલા ગામે પહોંચી શકીએ. તેમાં પહેલાં તો ભય ફગાવી દેવો જ જોઇએ. અને એમ કરવાથી જ ઇષ્ટપ્રાપ્તિ થઈ શકે. એમ નહીં કરતા આપણે જો "જો અને તો"ના વમળમાં સપડાઈ જઇએ તો આપણે કોઈ પણ કાર્યમાં જયની આશા રાખી જ ન શકીએ.

એક સામાન્ય દૃષ્ટાંતથી આપણે પૂર્વોક્ત વસ્તુ સિદ્ધ કરવાનો પ્રયત્ન કરીએ. એક શ્રીમંત ગૃહસ્થને ત્યાં એમનો પુત્ર માંદો હતો. ડૉક્ટરને બોલાવી તેની ચિકિત્સા કરવામાં આવી. ડૉક્ટરે દવાની યોજના એક કાગળ ઉપર લખી આપી. અને દવા મંગાવી લેવા કહી ડૉક્ટર તો નિકળી ગયા. શેઠે એક નોકરને બોલાવ્યો. એના હાથમાં એક ખાલી બાટલી આપી પેલો દવાવાળો કાગળ આપતાં કહ્યું કે ડૉક્ટરના દવાખાનામાં જઈ દવા લઈ આવ. નોકરે પ્રશ્ન કર્યો કે ડૉક્ટર તો ઘેરઘેર દરદીઓને તપાસવા જાય ત્યારે ડૉક્ટર ત્યાં ન મળે તો? શેઠે સમજાવ્યું. "જા ડૉક્ટર હમણા મળશે. નહીં મળે તો ત્યાં થોડો થોભી જજે—પણ દવા લેતો આવજે." નોકરે ફરી પૂછ્યું, જો ડૉક્ટર દવા નહીં આપે તો? શેઠે ફરી તાકીદ આપી કે, જા. દવા મળશે. શંકા કાઢતો બેસીશ નહીં. ત્યારે નોકરે પુછ્યુ. રસ્તામાં ગાડીઓ મોટરની અવરજવર ખુબ હોય છે. ત્યારે દવા લાવતા જો બાટલી હાથમાંથી પડી ફુટી જાય તો? શેઠ ગુસ્સે થયા અને તેને જણાવ્યું કે આમ શંકાઓ કાઢી તું શા માટે કટકટ કર્યા કરે છે? જરા સાચવીને બાટલી લાવજે. હવે જા. નોકરે શંકા બતાવી કે દવા તો કડવી હોવાની, ત્યારે ભાઈ એ પીશે એની શી ખાત્રી? છેવટ દવા ફેંકી દેવી પડશે તો? શેઠ જરા ઉશ્કેરાઈ નોકરને બોલ્યા. મૂર્ખા આમ જુદી જુદી શંકા કાઢી તારે દવા લેવા જવાનું નથી શું? નોકરે ધીમેથી પ્રશ્ન કર્યો શેઠ આપ ગુસ્સે શું કામ થાઓ છો? દવા તો હું લેઈ આવીશ! ભાઈ લેશે એ પણ સાચું હોય, પણ તેથી ભાઈનું દરદ સારૂ થઈ જશે એનો શું ભરોસો! એ સાંભળતા શેઠે એના હાથમાંથી બાટલી છીનવી લીધી અને બીજા નોકરને એ કામ સોંપ્યું.

આ દૃષ્ટાંતમાં આપણને ઘણો બોધપાઠ મળી શકે તેમ છે. પેલા નોકરે અનેક જાતની શંકાઓ પેદા કરી કામ ટાળવાનો જ પ્રયત્ન કર્યો હતો. આપણે પણ કોઈ કાર્યનો પ્રારંભ કરતા આવી જ શંકાઓ કાઢતા હોઈએ તો આપણા હાથે કોઈ પણ કામ થાય જ શી રીતે? ધર્મકાર્યમાં સંયમ કેળવવામાં અને જ્ઞાન મેળવવાના કામમાં પણ આવી જ ખોટી શંકાઓ આપણે કાઢતા રહીએ છીએ અને તેને લીધે જ આપણા હાથે કોઈ મૌલિક કાર્ય થઈ શકતું નથી. માટે આપણે કોઇપણ સારૂં કાર્ય કરવું હોય તો એમાં વિલંબ નહીં કરવો અને કાલ્પનિક ભીતિ આગળ ધરી કામ છોડી નહીં દેવું.

અત્યારસુધી જે તીર્થપતિઓ, રાજામહારાજાઓ, વાસુદેવો, પ્રતિવાસુદેવો, સંત મહાત્માઓ થઈ ગયા છે તેમના અનેક ભવોના ઇતિહાસોની નોંધ જ્ઞાની દૃષ્ટાઓએ લખેલી આપણા જોવામાં આવે છે. આપણા જીવનમાં અને એમના જીવનોમાં કેટલુંએક સામ્ય પણ જોવામાં આવે છે. તેમણે પણ હીન મણાતું જીવન ગુજાર્યું છે. એટલું જ નહીં પણ

નર્ક લોકનું દીર્ઘ કટુજીવન પણ તેમણે ભોગવેલું છે. છતાં એમણે કેટલાએક જીવન પ્રસંગોમાં ભય છોડી આત્મશક્તિ ફોરવેલી જોવામાં આવે છે. અને એમ કરી પોતા ઉપર ચટી ગએલા કર્મનાં આવરણો કાપી નાંખેલાં છે. અને એમ કરી પોતાના આત્માને શુદ્ધ ચૈતન્યમય કરેલો જોવામાં આવે છે. જ્યારે આપણા જેવા જ કર્મગ્રસિત તે આત્માઓ છુટકારો મેળવી શકે ત્યારે આપણે પણ ધારીએ તો તેવું કાર્ય કેમ નહીં કરી શકીએ તેનો આપણે આપણા મન સાથે વિચાર કરવો જોઈએ.

શુદ્ધ ચિન્મય આત્મા અને આપણામાં ભેદ ક્યા છે ? એ જોવાથી આપણને સ્પષ્ટ જોવામાં આવશે કે, આપણે ફક્ત આળસને વશ થઈ પોતાને હીન માનીએ છીએ; અને ખોટા કાલ્પનિક ભયથી મુંઝાઈએ છીએ; અને તેને લીધે કોઈ પણ જાતનું પરાક્રમ ફોરવી શકતા નથી. અને તેને લીધે આપણી ભવપરંપરા વધારતા રહીએ છીએ. નજીક લાગતી ભૂલો આપણે બેભાનપણે કરીએ છીએ અને તેના કડવાં ફળો ભોગવતા રહીએ છીએ.

આપણે જય મેળવવો હોય, આ જીવન યશસ્વી અને સુમધુર બનાવવું હોય તો આપણે આપણું ચારિત્ર્ય સુધારવું પડશે. દયા, ક્ષમા, શુભેચ્છા કેળવવી પડશે. પરહિત કરવું એ પોતાનું જ હિત છે એમ માની પરહિતપરાયણતા રાખવી પડશે. બીજાઓ આપણી સ્તુતિ કરે કે નિંદા, એ વસ્તુ આપણે ભૂલી પરોપકારવૃત્તિ ધારણ કરવી જ પડશે. આમ આત્માને અભિમુખવૃત્તિ ધારણ કરવા લગાડી ધીમે ધીમે આગળ વધવું જ પડશે. તો જ આપણે યશના ભાગી થઈ શકીશું.

શાસ્ત્રકારોને બધા જ જ્ઞાની કે અજ્ઞાની, સામાન્ય કે અસામાન્ય, બુદ્ધિશાળી કે બુદ્ધિહીન જીવો ઉપર સરખી જ મમતા હોવાથી બધાઓ માટે તેઓએ માફક આવે તેવા વ્રત અને આચારો ઉપદેશેલા છે. તેમાંના કોઈ પણ પોતાને અનુકૂલ આવે એવા વ્રતો નિયમો કે બંધનો સ્વેચ્છાએ સ્વીકારવાથી આપણે કાંઈ ને કાંઈ કરી શકીએ તેમ છીએ.

આપણે બધા સારી પેઠે જાણીએ છીએ કે, હાથી એ વિશાલકાય પ્રાણી છે. અને તેના પ્રમાણમાં સિંહ એક નાનું પ્રાણી ગણી શકાય તેમ છે. સિંહના અંગ ઉપર હાથી જો એક પગ મૂકે તો પણ હાથીના ફક્ત વજન માત્રથી સિંહ કચડાઈ મરી જાય. હાથી પોતાની સુંઢ વડે સિંહને હવામાં ઉછાળી પટકી મૂકે. એક દંતશૂળથી પણ સિંહના પ્રાણ હરણ કરી શકે. આટલું બળ હાથી પાસે હોવા છતાં હાથી સિંહથી ડરે છે. એને જોઈ દોડવા માંડે છે. એનું કારણ શું ? કારણ એટલું જ છે કે, એના મનમાં ભય ભરાએલો છે. તેથી જ તે સિંહ સામે માથું ઉચકી શકતો નથી. તેથી ઉલટો સિંહ ગર્જના કરી નિર્ભય થઈ હાથીના ગંડસ્થળ ઉપર આક્રમણ કરી હાથીને હતબલ કરી મૂકે છે. અને હાથી સામે જય મેળવે છે. એટલે જય મેળવવા માટે કાંઈ શર્ત હોય તો તે ભય છોડવો એ જ છે. ભય છોડ્યા વિના જયની આશા રાખી શકાય નહીં.

પ્રભુ મહાવીર ભગવંત બાલ્યકાળથી જ નિર્ભયવૃત્તિ કેળવી રહેલા હતા. તેમનું નામ તો વર્ધમાન હતું, પણ નિડરપણાને લીધે, મહાન સંકટ પ્રસંગે પણ તેઓ અચલ રહ્યા, અને આત્માનું વીર્ય તેમણે ફોરવી મહાવીર એવું સાર્થ બિરૂદ મેળવ્યું. એ ઓ તેથી જ જગદ્વંદ્ય બન્યા. એમાં મુખ્ય વસ્તુ જો કોઈ હોય તો તે ભયરહિતપણું એ જ છે. બાલ્યખેલમાં, મહાભિનિષ્ક્રમણમાં, ગોશાલકના પ્રસંગમાં, ચંડકૌશિકને સામા ચાલી જઈ તેનું કલ્યાણ કરવા માટે ભયગ્રસ્ત સ્થિતિમાં પણ તેને ઉપદેશ આપવામાં, મહાસાધ્વી ચંદનબાલાના પ્રસંગમા ગોચરી મેળવવાની અશક્ય જેવી પ્રતિજ્ઞા ધારણ કરવામાં એ અસાધારણ ધૈર્ય પ્રભુએ બતાવ્યું તેથી જ તેઓ વીર અને અંતે મહાવીર થયા એના મુખ્ય કારણમાં જે કાંઈ હોય તો તે ભયરહિતપણું એ જ તરી આવે છે. અને તેથી જ તેઓ વિજયશ્રીને પ્રાપ્ત કરી શક્યા હતા. તો ભય છોડો ને કાર્ય કરવા માંડો. જય આપોઆપ આવી મળશે.

શ્રમણ એક વ્યાખ્યા

વૈદિક પરંપરાના સંન્યાસ અને ગૃહસ્થની જેમ જૈન પરંપરાના શ્રમણ તથા શ્રાવક શબ્દ અત્યંત પ્રચલિત છે. 'શ્રમણ' શબ્દમાં ભારતીય સંસ્કૃતિનો પ્રાચીન ઇતિહાસ છુપાયેલો છે. આ શબ્દનો પ્રયોગ, પંથ, સંપ્રદાય, દીન, મજહબ વગેરેની સંકુચિત દિવાલોને ઓળંગીને પોતાના શ્રમ–પ્રયત્નથી કોઈપણ લોક અભ્યુદયના મહાન લક્ષ્યને પ્રાપ્ત કરનાર પ્રત્યેક વ્યક્તિ માટે કરવામાં આવે છે.

શ્રમણ શબ્દ શ્રમ, સમ અને શમ અર્થાત્ પરિશ્રમ, સમતા અને શાંતિ એ ત્રિવેણી સંગમમાં આપણને સ્નાન કરાવી પવિત્ર બનાવે છે. શ્રમણ ક્યારેય પણ કામચોર બની શકતો નથી. પરિશ્રમ એના જીવનનું મહાન ધ્યેય હોય છે. તે સ્વયં બીજાનું કામ કરી આપે છે પણ પોતાનું કામ બીજા પાસે કરાવતો નથી. શ્રમ કર્યાં સિવાય જો એ સમાજનું અન્ન ખાય છે તો તે પાપાત્મા બને છે.

શ્રમણનો લોકહિતકારી શ્રમ, સમત્વ–સમતાનુ કવચ પહેરી ગૌરવશાળી બને છે. સર્વ પ્રાણી અને સર્વ ધર્મો પ્રત્યે શ્રમણ સમભાવ રાખે છે અને સમન્વય એ જ એના જીવનનું મુખ્ય ધ્યેય છે. પોતાના ધર્મ પ્રત્યે માનદૃષ્ટિ રાખીને બીજા ધર્મની ઇર્ષ્યા કે નિંદા તે કરતો નથી પણ બીજા ધર્મોમાં જે કાંઇ પણ સત્ય હોય તેને અપનાવી લેવા તત્પર રહે છે. વિચારોના જગતમાં એનો સમન્વયવાદ એક મહાસાગર જેવો હોય છે, અને એકાંત આગ્રહવૃત્તિથી ઉત્પન્ન થયેલ એકપક્ષીય નદીઓ તેમાં વિલીન થઇ જાય છે. એકાંગી સિદ્ધાંતો સમન્વયાત્મક વૃત્તિ અપનાવી પવિત્ર અને મહાન બને છે. અને તેમાં કોઇ પણ પ્રકારનો દોષ રહેતો નથી.

શ્રમણનો ત્રીજો ગુણ છે શાંતિ. ક્ષમાવૃત્તિ તેની વિશેષતા છે. તે પ્રત્યેક સ્થિતિમાં સમુદ્રની જેમ આનંદિત રહે છે. પ્રાચીનકાળથી લઇને અર્વાચીન કાળ સુધી અક્ષુબ્ધ વૃત્તિથી કામ કરવાવાળા માનવો જ શાંતિ સ્થાપિત કરી શક્યા છે. ક્રોધ એ આત્માનો વિકૃત ગુણ છે. ક્રોધાવસ્થામાં કોઇપણ પ્રકારની સાધના ન થઈ શકે. આજના યુગમાં અક્ષુબ્ધ વૃત્તિની ખાસ જરૂરિયાત છે. કોઇપણ મોટા દેશના નાયકદ્વારા ક્ષુબ્ધવૃત્તિથી ઉપાડેલું પગલું આખા વિશ્વનો સંહાર કરી શકે.

શ્રમણ શબ્દ પોતાના શ્રેષ્ઠ ગુણોની પાછળ એક મહાન ઐતિહાસિક પરંપરા ધરાવે છે. જૈન પરંપરા અનુસાર ઘણા પ્રાચીન કાળમાં ભગવાન ઋષભદેવ સૌ પ્રથમ મહાશ્રમણ થયા. જૈન ઇતિહાસની દૃષ્ટિએ આ કાળ એટલો પ્રાચીન છે કે એકદમ તેમાં વિશ્વાસ નથી આવતો. છતાં બ્રાહ્મણ પરંપરાના ભાગવત આદિ ગ્રંથોમાં ભગવાન ઋષભદેવનું જે વર્ણન છે તે ઘણેખરે અંશે જૈન પરંપરા સાથે સંગત છે. એમનું ગૃહસ્થ તથા સંન્યસ્તજીવન શ્રમણના વાસ્તવિક અર્થને ચરિતાર્થ કરે છે.

ત્રેવીસમા તીર્થંકર પાર્શ્વનાથનાં ઐતિહાસિક હોવાનાં અનેક સદ્દર પ્રમાણો છે. એમનો ઉલ્લેખ જૈન આગમોની જેમ બૌદ્ધ ત્રિપિટકોમાં પણ છે. તેઓ ઈ. સ. પૂર્વે આઠમી સદીમાં વિદ્યમાન હતા. આ સમય પ્રાચીન ઉપનિષદોનો હતો. તે સમયે જ્યારે બ્રાહ્મણો પ્રાચીન વૈદિક, જટિલ અને બિભત્સ ક્રિયાકાંડોથી મુક્ત થઈને ઉપનિષદોની સ્વતંત્ર હવામાં શ્વાસ લઈ રહ્યા હતા, ત્યારે શ્રમણોના તીર્થંકર પાર્શ્વનાથ પ્રાણીમાત્રની સ્વતંત્રતાનો બોધ આપી રહ્યા હતા. બ્રાહ્મણ પરંપરાની જેમ શ્રમણ પરંપરા પણ વિસ્તૃત અને વિશાળ છે.

બધા જ શ્રમણોની દૃષ્ટિમાં માનવને પ્રથમ સ્થાન મળ્યું છે. તેઓએ સમય અને માનવહિતની દૃષ્ટિએ

લોકભાષા અપનાવી છે. જે સમયે વિચારકો અને તત્ત્વચિંતકો પોતાના વિચારો સંસ્કૃતમાં પ્રદર્શિત કરતા હતા, તે સમયમાં પણ શ્રમણોએ લોકભાષા પ્રાકૃત અથવા પાલીને અપનાવી હતી અને પરિણામે તેઓ નીચી શ્રેણીના લોકોમાં પણ પોતાના વિચારો પ્રસારિત કરી શક્યા હતા અને તેમને સન્માર્ગ દેખાડી શક્યા હતા.

શ્રમણની બીજી વિશેષતા છે નિરંતર વિહાર અથવા ચંક્રમણશીલ જીવન. તે કોઈપણ સ્થળે સ્થાયી થઈને બેસી નથી શકતા. તે પોતાના વિહાર-કાળમાં અનેક સંતો અને સાધુઓને મળે છે નવી નવી ભાષા શીખે છે. સમાજ અથવા રાષ્ટ્રને અવનત કરવાવાળી પરિસ્થિતિઓનું અધ્યયન કરે છે; બધા જ ધર્મો અને શાસ્ત્રોનો અભ્યાસ કરે છે. અને સંતસમાગમ, સ્વાધ્યાય તથા લોકદર્શનના પરિણામ સ્વરૂપે શાશ્વત સાહિત્યની રચના કરે છે. આ સાહિત્યમાં ત્રિકાળ સત્ય રહેલું હોય છે અને તે કાળના સીમાડાઓ પાર કરી માનવ માત્ર માટે સમાનરૂપે હિતકારી નીવડે છે.

શ્રમણની ત્રીજી વિશેષતા છે વ્યક્તિનિરપેક્ષ પૂજ્યબુદ્ધિ એ પંથ અથવા સંપ્રદાય સ્થાપિત કરવા-વાળા કોઈપણ વ્યક્તિના વિશેષ ગુણગાન ગાતા નથી. એ જે શબ્દોને અપનાવે છે તેમા સંસારના લગભગ બધા જ મહાપુરુષોનો સમાવેશ થઈ છે.

પૂર્વકાલીન બધા જ શ્રમણો વિચારસ્વતંત્ર્યમાં માનતા હતા, વર્ણવ્યવસ્થાના પ્રબળ વિરોધી હતા અને જાતિવાદની કટુ આલોચના કરનારા હતા. તેમણે કોઈ ઈશ્વરકૃત અથવા અતિમાનવીય ગ્રંથને માન્યતા આપી નથી. પવિત્ર જીવન વ્યતીત કરતા સત્યદૃષ્ટિદ્વારા ઉચ્ચારાયેલ વાણી જ તેમના શાસ્ત્ર-ગ્રંથો હતા. આ હતું પૂર્વકાલીન શ્રમણત્વ. આજનું શ્રમણત્વ આની સામે કેટલું ઊભી શકે છે તે જ એક પ્રશ્ન છે. આ પ્રશ્ન યોગ્ય ઉકેલની અપેક્ષા રાખે છે.

'શ્રમણ વર્ષ ૧૭, અંક ૨ માં આવેલા શ્રી મહેંદ્રકુમાર જૈનના હિંદી લેખનો સાભાર અનુવાદ. અનુવાદકઃ અધ્યા. શ્રી સુશીલાબેન હ ભટ્ટ એમ. એ.

सुभाषित

विहाय पौरुषं यो हि दैवमेवावलम्बते।
प्रासाद सिंहवत्तस्य मूर्ध्नि तिष्ठन्ति वायसाः॥

પુરુષાર્થ તજી જેહ આલંબે માત્ર દૈવને;
મહેલના સિંહ શા તેને માથે બેસે છે કાગડા.

વિવરણ :- સિંહ એટલે ઝળહળતા વ્યક્તિત્વ ને અમોઘ શક્તિનું અનન્ય પ્રતીક. એવા સિંહની એ એક અત્યંત નામોશીભરી દશા, સુભાષિતકારે વર્ણવી છે. મહેલના પૂતળાના સિંહને જોઈને કોઈ બીતું નથી કે ખચકાતું નથી; નાનાં છોકરાં યે તેના માથા ઉપર હાથ ફેરવી શકે છે, અરે તેના માથા પરતો કાગડા સુદ્ધાં બેસે છે. જાજ્વલ્યમાન સિંહ સ્વરૂપનું આથી તે શરમજનક અધઃપતન બીજું કયું હોય ? તે અધઃપતનનું કારણ સુભાષિતકારે જણાવ્યું છે તેમ પુરુષાર્થનો અભાવ છે. પુરુષાર્થની વિજયગાથા ગાતા આ સબળ સુભાષિતનું મનન કરતાં, દુર્દમ શક્તિસંપન્ન ગણાતા સિંહના બચ્ચાના યે દાંત ગણનાર સમર્થ માનવબાળ ભરતનું દૃષ્ટાંત તરત આંખ આગળ આવે છે. 'કુમાર'માંથી

શ્રીમદ્ ઉપાધ્યાય યશોવિજયકૃત
આઠ દૃષ્ટિની સઝાયો ભાવાર્થ સહિત

મિત્રા દૃષ્ટિની સઝાય

સં. ડૉ. વલ્લભદાસ નેણશીભાઇ (મોરબી)

(૧) એહ પ્રસંગથી મેં કહ્યું,
પ્રથમ દૃષ્ટિ હવે કહીએ રે;
જીહાં મિત્રા ત્યાં બોધ જે,
તે તૃણ અગ્નિ સમ લહીએ રે. —વીર

ભાવાર્થ :—જ્ઞાનાવરણીય કર્મના ક્ષયોપશમથી જે બોધ થાય તેને જાણવું કહે છે. અહીં મુખ્યતાએ ભાવને ગ્રહણ કર્યો નથી. પણ દર્શનાવરણીય કર્મના ક્ષયોપશમથી આત્મામાં સન્માર્ગ પામવાની સાચી રુચિ–જીજ્ઞાસા અને અવ્યક્તપણે શ્રદ્ધા ઉત્પન્ન થાય તેને મિત્રાદૃષ્ટિ કહે છે.

આ દૃષ્ટિમાં મિથ્યાત્વ મોહનીયનો મંદ રસ, અને મંદ સ્થીતિ હોય છે. ગાઢ મિથ્યાત્વી જીવને એ દૃષ્ટિ હોય નહીં તેથી અજ્ઞાનભાવે માનનારને ઓઘદૃષ્ટિ કહેલી છે તે યથાર્થ છે.

વિશેષાર્થ :—અનંત સંસાર પર્યટનના યોગે સંસાર પરિભ્રમણ કરતાં આ અનંત જીવોમાંથી કોઈક જીવ અવ્યક્તપણે પણ સત્પુરૂષ કે સત્સંગના પરિચયમાં આવીને યમ-નિયમ-દાન-પૂજાદિ સત્ક્રિયાઓ કરતાં પૌદ્‌ગલિક સુખોની આસક્તિમાંથી મંદ થઇને પરમાર્થમાર્ગ પામવાની અવ્યક્તપણે પણ સાચી ભાવના (મંદ જીજ્ઞાસા) થવાથી અને ગાઢ મિથ્યાત્વ, તથા અનંતાનુબંધી કષાયના રસની મંદતા થવાથી મોહનીય કર્મની ૭૦ કો. કો. સા૦ની ઉત્કૃષ્ટ સ્થીતિમાંથી મંદ થઇને એક કો. કો સા૦ સુધીના યથા પ્રવૃતિકરણ સુધી આવે, અર્થાત્ અજ્ઞાનભાવપૂર્વક અવ્યક્તપણે જો અસદ્‌ગુરૂની નિશ્રાએ રહીને યમ-નિયમાદિકનું પાલન કરતાં ત્યાં પણ એક કો. કો. સા૦માંથી ૭૦ કો. કો. સા૦સુધી નિબીડ મોહનીય કર્મ બાંધીને ગાઢ મિથ્યાત્વી બને છે. અને અવ્યક્તપણે પણ જો સદ્‌ગુરૂની નિશ્રાએ રહીને યમ-નિયમાદિકનું પાલન કરે તો ૭૦ કો. કો. સા૦માંથી એક કો. કો. સા૦ની અંદર આવીને મંદ મિથ્યાત્વી બને છે યથા પ્રવૃતિકરણ સુધી આવેલા, આવા મંદ મિથ્યાત્વી જીવને શ્રી સદ્‌ગુરુનો સમાગમ થવાથી તેમનો સદ્‌બોધ સાંભળવાથી સંસાર પરિભ્રમણનો ત્રાસ, વિષય કષાયની મંદતા, કરૂણા–સરલતા, તથા નમ્રતા, પરોપકાર, નૈતિક જીવન, સેવા અને ધર્મક્રિયા તરફ નિષ્કામ રૂચિ જાગવાથી સત્પુરૂષની આજ્ઞાએ સદ્‌સાધનોનું સેવન કરતાં અંતરદૃષ્ટિ જાગૃત થાય. પરમાર્થ માર્ગની સાચી ઓળખાણ, રૂચિ અને શ્રદ્ધા થવાથી અપૂર્વકરણ સન્મુખ થાય, વા નજીક આવે તેવા અલ્પરૂચિ ભાવને મિત્રાદૃષ્ટિ કહે છે.

મિત્રા એટલે વિષય, કષાય અને મિથ્યાત્વના પ્રબલ ઉદયથી આત્માને ચાર ગતિના અનંત સંસારના પરિભ્રમણ કરાવવારૂપ જે શત્રુતા (આત્મઘાતકતા) તેનાથી નિવૃત્ત થઇને સંસાર પરિભ્રમણથી મુક્ત થાય તેવા સન્માર્ગની ઉપાસના કરવાની સાચી ભાવના જાગૃત થવાથી જે આત્માનું હિત થાય તેમ વર્તવા રૂપ, જે આત્માની મિત્રતા થાય. તેને મિત્રાદૃષ્ટિ કહે છે. જ્યાં બોધ તૃણના અગ્નિ સમાન છે એટલે અવ્યક્તપણે અલ્પ પણ સાચી રૂચિ, સાચી ભાવના અને સાચી સમજણ હોય છે તેનેજ મિત્રાદૃષ્ટિ કહે છે—

(૨) વ્રત પાળુ ઇહાં યમ રૂપ જો,
ખેદ નહીં શુભ કામે રે,
દ્વેષ નહીં વળી અવરશું,
એહ ગુણ અંગ વીરાજે રે. વીર૦

ભાવાર્થ—બાહ્યદૃષ્ટિ, મિથ્યાત્વભાવ, અસદ્‌ગુરૂની નિશ્રા અને સકામવૃત્તિ (પૌદ્‌ગલિક સુખની ભાવના)થી કરેલ યમ—નિયમાદિ સાધનો પણ જીવાત્માને બંધનરૂપ થઈને સંસાર પરિભ્રમણ કરાવનાર જ થાય છે. જ્યારે અંતરદૃષ્ટિ, અંતર જીજ્ઞાસા, સદ્‌ગુરૂની આજ્ઞા, અને નિષ્કામ વૃત્તિથી સેવેલાં યમ—નિયમાદિ સાધનો સાધનરૂપ થાય છે; સંસારની ક્ષીણતા કરાવનાર થાય છે તેથી આત્માર્થી જીવને આ મિત્રા દૃષ્ટિમાં યમ (અહિંસા—સત્ય—અસ્તેય, બ્રહ્મચર્ય અને અપરિગ્રહ) આ પાંચ યમની સાથે સદ્‌ગુરુ, સદ્‌દેવ અને સદ્‌ધર્મની ઉપાસના કરવામાં જરા પણ ખેદ, અરૂચિ કે આળસ ન લાવતાં, ઉત્સાહ, સદ્‌ભાવના, અને શ્રદ્ધાથી સદ્‌સાધનોનું સેવન કરે છે. અર્થાત્ સદ્‌ગુણો તરફ પ્રવૃત્તિ અને સદ્‌ગુણો તરફ નિવૃત્તિ થાય છે.

(૮) યોગના બીજ ઇહાં ગ્રહે,
જીનવર શુદ્ધ પ્રણામો રે,
ભાવા ચાર જ સેવના,
ભવ ઉદ્વેગ સુઠામો રે. વીર૦

ભાવાર્થ—અહીં યોગ એટલે મન—વચન—કાયા અને તેનું બીજ એટલે કાર્મણ શરીર તેને **જીવાત્માએ અનાદિકાળથી** ગ્રહણ કરેલું છે તો પછી બીજું વળી કયું બીજ ગ્રહણ કરવાનું રહે છે? આનો ખુલાસો દર્શાવે છે:—યોગ એટલે યોગ્યતા, લાયકાત, પાત્રતા યથા પ્રવૃત્તિકરણમાંથી નીકળીને અપૂર્વકરણ નજીક આવવાની જે લાયકાત તેને યોગનું બીજ કહે છે, એટલે પરમાર્થ માર્ગ પામવાની જે પાત્રતા તે પ્રાપ્ત થવાથી જીનવર એટલે વીતરાગભાવ તે તરફ આદર કરે. નિષ્કામપણે પ્રભુ ભક્તિમાં ઉલ્લસિત ભાવે લીન થાય, તે **વ્યવહારાભાસની અશુદ્ધ ક્રિયાઓનો** ત્યાગ કરીને સદ્‌ગુરુની આજ્ઞાએ વર્તવાથી, અને શુદ્ધ વ્યાવહારનો ઉપાસક થવાથી ભાવ આચારનો (સદ્‌વ્યવહારનો) સેવનાર બનીને સંસારભાવથી ઉદાસીન થઈને યોગ્ય સ્થાને સ્થિર થાય, અર્થાત્ પરમાર્થ માર્ગની નજીક આવે છે.

(૯) દ્રવ્ય અભિગ્રહ પામવા,
ઔષધ પ્રમુખને દાને રે;
આદર આગમ આસરી,
લિખનાદિક બહુ માને રે. વીર૦

ભાવાર્થ—સમ્યકત્વપૂર્વક જે વ્રત—નિયમ, અભિગ્રહાદિક આચારોનુ સેવન થાય છે, તેને **ભાવાચાર** જ કહે છે. અને સાચી જીજ્ઞાસા પૂર્વક સદ્‌ગુરૂને **અંતરદૃષ્ટિથી** ઓળખીને તેમની આજ્ઞાપૂર્વક જે સદાચારોનું સેવન થાય. તેને **દ્રવ્યાચાર** જ કહે છે. તેવા અભિગ્રહાદિક આચારોનું પાલન કરે. પૂજ્ય મુનિમહારાજાદિને નિર્દોષ વસ્ત્ર, પાત્ર, ઔષધ, આહારાદિનું દાન કરે. પરમ જ્ઞાનીપ્રણીત ધર્મશાસ્ત્રોના આશ્રયે અનુસરીને શાસ્ત્રોની ઉપાસના કરે લખાવે અથવા શાસ્ત્રોના રહસ્યને લિખ એટલે જાણે તેથી સન્માર્ગનો આરાધક બને છે.

(૧૦) લેખન, પૂજન આપવું,
શ્રુત વાચના ઉદ્‌ગ્રાહો રે;
ભાવ, વિસ્તાર સઝાયથી,
ચિંતન ભાવના ચાહો રે. વીર૦

ભાવાર્થ—સિદ્ધાંત લખવામાં, વા સિદ્ધાંતના રહસ્યને જાણવામાં તથા સદ્‌ગુરુ, સદ્‌દેવ અને સદ્‌ધર્મની પૂજા કરવામાં દ્રવ્યાદિ સામગ્રીનો સદ્‌વ્યય કરવામાં, પ્રયત્નશીલ બનીને સન્માર્ગ પ્રકાશક સિદ્ધાંતનો સદ્‌બોધ આપનાર સદ્‌ગુરૂનો ઉત્સાહી બનવામાં (સમાગમ સાધવામાં) પ્રબલ ઉત્સાહી બને તેમજ વાચના, પૃચ્છના, વાચણા, પ્રતિવાચણા અને ધર્મકથારૂપ પાંચ પ્રકારે સ્વાધ્યાયમાં સ્થિર થાય. અથવા સ્વ એટલે આત્માના ધ્યાન અને ચિંતવનમાં સ્થિર થઇ જાય. અને તેથી ભાવવિસ્તારની વૃદ્ધિ કરે—અર્થાત્ પોતાના સત્સ્વરૂપનું ધ્યાન, ચિંતવન, આહના અને ભાવનાથી જાગૃત કરીને આત્માને વિશુદ્ધ બનાવીને પોતાના સ્વભાવમાં સ્થિરતા કરે.

(૧૧) બીજ કથા ભલી સાંભળી,
રોમાંચિત હુએ દેહ રે;
એહ અવંચક યોગથી
લહિએ ધર્મ સનેહ રે. વીર૦

ભાવાર્થ—શમ, સંવેગ, અને સપ્રવૃત્તિરૂપ શ્રદ્ધા, નિસ્વાર્થ પરોપકાર, દુ:ખી તરફ અનુકંપા, સદાચરણનું સેવન, નૈતિક જીવન, ઔદાર્ય, ધૈર્ય, ગાંભિર્યાદિ સદ્ગુણોયુક્ત બીજ કથા શ્રવણ કરીને, હર્ષાતૃષ્ટ યુક્ત પુલકિત દેહવાળો થાય અને પ્રશસ્ત બાહ્યાભ્યંતર સંયોગો મળવાથી સદ્અભ્યાસ કરવા કરાવવામાં, અવંચકપણું (નિર્માયીપણું) પ્રાપ્ત થાય

બાહ્યદૃષ્ટિ, બહિરાત્મવૃત્તિ, માયા, પ્રપંચ, ક્રોધ, માન—માયા—લોભ—મતાગ્રહ તથા અજ્ઞાનાદિ દોષો સહિત જે ક્રિયાઓ કરવાથી આત્માને બંધન થાય, ચાર(ગતિરૂપ સંસારમાં પરિભ્રમણ કરવાનું થાય તેને વંચક (આત્માને ઠગવાની) ક્રિયા કહે છે અને જે ક્રિયાઓથી આત્માની નિર્મળતા તથા નિરાવરણતા થાય તેને અવંચક ક્રિયા કહે છે — આત્માને જાગૃત અને વિશુદ્ધ કરનારી આવી અવંચક ક્રિયાઓથી આત્મા પરમોત્કૃષ્ટ ધર્મસ્નેહી બનીને જીવનને કૃતાર્થ કરે છે

(૧૨) સદ્ગુરૂ યોગે વંદન ક્રિયા,
તેહથી ફળ હોય જે હો રે;
યોગ ક્રિયા, ફળ ભેદથી
ત્રિવિધ અવંચક એહો રે —જીવ

ભાવાર્થ :—જેમ સધવા સ્ત્રીના વિવિધ શૃંગારો સફલ તથા શોભાસ્પદ છે અને વિધવા સ્ત્રીના વિવિધ શૃંગારો નિષ્ફળ અને હાસ્યાસ્પદ છે તેમ સદ્ગુરૂની આજ્ઞાપૂર્વક થતી વ્રત–નિયમ–વંદનાદિક ક્રિયાઓ કર્મબંધન અને સંસાર પરિભ્રમણથી મુક્ત કરાવીને પરમાર્થ માર્ગની પ્રાપ્તિ કરાવે છે તેથી મનની નિર્મલતા થવાથી. તે યોગાવંચક (માનસિક પવિત્રતા) કહેવાય છે. તથા વચન અને કાયયોગને પણ પરમાર્થ સાધવામાં નિરવદ્યપણે પ્રવર્તાવે, અર્થાત્ સંયમી બનાવે તેને ક્રિયા અવંચકતા કહે છે. આ પ્રમાણે મન–વચન–કાયાના ત્રણે યોગને મિથ્યાત્વ–વિષય તથા કષાયાદિ દોષોથી નિવૃત્ત કરીને ત્રણે યોગની વિશુદ્ધ તથા સ્થિરતા કરવાથી પરમપદ (મોક્ષ)ની પ્રાપ્તિ થાય તેને ફલાવંચક કહે છે આ ત્રણે પ્રકારની અવંચકતા (ત્રણે યોગની નિરાવરણતા) સમ્યગ્ જ્ઞાનની પ્રાપ્તિ થયા પછી જ થાય છે, અર્થાત્ આ ત્રણે અવંચકતા સાધુને હો છે. એટલે **વેષધારી** કે **મહાવ્રતધારી** સાધુ તે મિથ્યાત્વી વા અભવી પણ હોઈ શકે છે પૂ શ્રી. આચારાંગજી સૂત્રના કથન અનુસાર, જ્યાં સમ્યક્ત્વ (સ્વ. **સ્વરૂપની રમણતા**) હોય ત્યાં **મુનિપણું વા સાધુ** દશા છે

(૧૩) ચાહે ચકોર તે ચંદ્રને,
મધુકર માલતી ભોગી રે;
તેમ ભવિ સહજ–ગુણે હોવે,
ઉત્તમ નિમિત સંયોગી રે . જીવ

ભાવાર્થ :—ચકોર પક્ષી જેમ ચંદ્રને ચાહે છે અને ભોગી ભ્રમર જેમ માલતીના પુષ્પમાં સ્નેહ મુગ્ધ બને છે તેમ જે જીવ સત્પુરૂષની શોધ કરીને તેને અંતરદૃષ્ટિથી વાસ્તવિક રીતે ઓળખીને અનન્ય ભક્તિ તથા અડગ શ્રદ્ધાથી તેની ઉપાસના કરનાર, સન્માર્ગનો સાચો પ્રેમી અને સંસારની વાસનાઓથી ઉદાસીન બનેલો જે ભવી આત્માર્થી હોય તે જ સદ્ગુરૂએ દર્શાવેલ ઉત્તમ સાધનોને સેવનાર હોય છે અને તેથી જ તે જીવાત્માને સમ્યગ્જ્ઞાનની પ્રાપ્તિ અવશ્ય થાય છે

સો સાધન બંધન થયાં,
રહ્યો ન કોઈ ઉપાય;
સત્સાધન સમજ્યો નહીં,
ત્યાં બંધન શું જાય.

સદ્ગુરૂની આજ્ઞાએ સેવેલા સર્વ સાધનો સાધનરૂપ થાય છે

(૧૪) એહ અવંચક યોગ તે,
પ્રગટે ચરમા વર્તે રે;
સાધુને સિદ્ધ દશા સમુ,
બીજનું ચિત્ત પ્રવર્તે રે...વીર

ભાવાર્થ :—જ્યારે છેલ્લું પુદ્‌ગલ પરાવર્તન બાકી હોય ત્યારે જ જીવને આવી ત્રિવિધ અવંચક યોગ સાધવાની સાચી જીજ્ઞાસા થાય છે અને તેથી સાધુ એટલે આત્મહિત સાધનાર મુમુક્ષુ આત્માનો જ્યારે મિત્રાદૃષ્ટિમાં વર્તતો હોય, ત્યારે બીજ એટલે સન્માર્ગ પામવાની લાયકાત, તેવા યોગનું બીજ પ્રાપ્ત થાય છે. અર્થાત્ કરૂણા, સેવા, પરોપકાર, ઔદાર્ય, સહિષ્ણુતા અને સરલતાદિ સદ્‌ગુણો પ્રાપ્ત કરવાને પ્રયત્નશીલ મન આ દૃષ્ટિમા હોય છે જેથી પાત્રતા પામે છે.

(૧૭) કરણ અપૂર્વના નિકટથી,
જે પહેલું ગુણ ઠાણું રે;
મુખ્યપણે તે ઇહાં હોવે,
સુયશ વિલાસનું ટાણું રે. જીવ.

ભાવાર્થ : યથાપ્રવૃત્તિ કરણમાંથી પણ નીકળીને અપૂર્વકરણની નજીક આવવાથી; અનંતાનુબંધી કષાયોની—ઉપશમતા—મિથ્યાત્વ મોહનીયના રસબંધની મંદતા, વિષય ભાવની ઉદાસીનતા, સંસારમાં ઉદ્વેગ પણું અને પરમાર્થ પામવાની નિરંતર ઝંખના થવાથી જીવ પહેલે ગુણઠાણે આવે છે. આવી દશા જ્યાં સુધી જીવ પામે નહીં ત્યાંસુધી જીવ મિથ્યાત્વ ગુણસ્થાનકે નથી પણ **મિથ્યાત્વ ભૂમિકામાં છે.** જ્યારે જીવને સન્માર્ગ પામવાના આંતરિક ગુણો પ્રગટ થાય ત્યારે જ તે જીવ મિથ્યાત્વ ગુણસ્થાનકે આવ્યો છે એમ કહી શકાય. ત્યાંસુધી મિથ્યાત્વ ભૂમિકામાં જ રહેલો છે.

અપૂર્વકરણની નજીક આવવાની આવી અપૂર્વ દશા બહુ પુદ્‌ગલ પરાવર્તન કરનાર, અભવી, દુર્ભવી, શઠ, માયી, ગાઢ મિથ્યાત્વી, તીવ્ર કષાયી, હઠાગ્રહી, મતાગ્રહી, કદાગ્રહી, અભિનિવેશી, તીવ્ર વિષયાંધ, સન્માર્ગ દ્વેષી તથા સદ્‌ગુરુ, સદ્દેવ અને સદ્ધર્મનો દ્રોહ કરનાર દુર્ભાગી આત્માને આ **મિત્રા દૃષ્ટિ હોય જ નહીં** પણ ઉપર જણાવેલા આત્મઘાતી દોષોથી મુક્ત થઈને સન્માર્ગનો આરાધક હોય તેવા આત્માર્થી જીવને જ મિત્રાદૃષ્ટિ હોય છે અને આ દૃષ્ટિ મેળવીને સુયશ (પાત્રતા)ને મેળવવાને સદ્‌ભાગ્યશાળી બને છે.

ક્રમશઃ

દરિદ્રતા

दग्धं खाण्डवमर्जुनेन बलिना दिव्यैर्द्रुमैः सेवितः
दग्धा वायुसुतेन रावणपुरी लंका पुनः स्वर्णभूः।
दग्धः पञ्चशरः पिनाकपतिना तेनाप्ययुक्तकृतं
दारिद्र्यं जनतापकारकमिदं केनापि दग्धं नहि॥

બળવાન અર્જુને દિવ્ય વૃક્ષોથી ભરેલુ પાંડવવન બાળી નાખ્યું, વાયુપુત્ર હનુમાને રાવણની સ્વર્ણ પુરી લંકા બાળી નાખી અને પિનાકપાણી શંકરે કામદેવને બાળી નાખ્યા એમાં કોઇએ કંઈ સારું કર્યું નથી. બાળી નાખવા યોગ્ય તો જનોને સંતાપ આપનારી આ ગરીબાઈ—દારિદ્ર છે. પણ એ ગરીબાઇને તો કોઇએ પણ બાળી નહિ.

મધુકરી

(૧)
માનવતા

આપણને સાંપડેલું માનવજીવન ઘણી તપસ્યા પછી મળતું હોય છે એમ સૌ માને છે. ભવિષ્યમાં આ માનવજીવન ફરીથી મળશે કે નહિ તેની કોઈ ખાત્રી નથી. આવા સંજોગોમા આપણને મળેલું માનવજીવન સુંદર રીતે જીવવાની કળા આપણે મેળવી લેવી જોઈએ.

તે માટે સૌ પ્રથમ તો આપણે એ જાણવું જોઈએ કે ઈન્સાન અને હેવાનમાં શો ફરક છે અને હોવો જોઈએ. આ ફરક નહિ સમજનારા કેટલાક લોકો માનવીના લેબાસમાં હોવા છતાં હેવાન કરતાંય બૂરી રીતે જીવતા હોય છે, એ આપણે જાણીએ છીએ, આવો, આપણે આપણી જાતને એક સવાલ પૂછીએ, આપણી જાતને આપણે ઈન્સાન કહેવડાવીએ છીએ, પરંતુ આપણામાં ખરેખર ઈન્સાનિયત છે ખરી ? જો હોય તો કેટલા પ્રમાણમાં છે ?

આ સવાલનો જવાબ મેળવવા માટે, આપણે ઈન્સાનિયતનું મુખ્ય લક્ષણ કયું હોઈ શકે એ તપાસવું પડશે.

મારી દૃષ્ટિએ તો, માણસાઈનું મુખ્ય લક્ષણ સહિષ્ણુતા છે. માનવી સહિષ્ણુ થઈ શકશે, હેવાન કે પશુ સહિષ્ણું નહિ બની શકે.

માનવીમાં જો માણસાઈ હશે તો, એ એમ વિચાર કરશે કે, હું ખાઉં તે પહેલાં મારાં બાળ બચ્ચાંને ખવડાવું, મારી આડોશપાડોશનાં બાળકો ભૂખ્યાં છે કે તેમને માટે ભોજનની વ્યવસ્થા થઈ છે તેની પણ સાથે સાથે તપાસ કરું.

માનવતાવાદી માનવીને પોતાની આડોશપાડોશનાં, ગામનાં, જિલ્લાનાં, પ્રાંતનાં, અને દેશનાં ગામભાંડુંઓને માટે ખોરાક પાણી અને કપડાંનો પૂરો બંદોબસ્ત ન થાય ત્યાં સુધી ખાવાનું પણ ભાવતું નથી.

આ દૃષ્ટિએ મહાત્મા ગાંધી સર્વશ્રેષ્ઠ માનવ હતા. કારણકે અનેકવિધ તકલીફો વેઠીને, ત્યાગ કરીને, તપસ્યા કરીને, સહન કરીને ભારતવાસીના સુખ માટે એમણે આઝાદી મેળવી. એ આશા એ કે મારો ભારતવાસી એનાં બાળબચ્ચાં અને કુટુંબ–પરિવાર સાથે સદૈવ સુખી અને ખુશી રહે.

મહાત્મા ગાંધીજીએ આ માટે કેટકેટલું સહન કર્યું હતું ? વખત આવ્યો ત્યારે સમસ્ત જીવન હોડમાં મૂકી દેતા પણ એમણે જરા સરખો વિચાર નહોતો કર્યો. આઝાદી આવ્યા પછી પોતાને ભારતવાસી માનવાને બદલે હિન્દુ અગર મુસલમાન માનનારા લોકો જ્યારે એકબીજાનું ગળું કાપવા તૈયાર થયા ત્યારે હજારોની કતલ જોઈ ને એ સર્વશ્રેષ્ઠ માનવનું કાળજું કપાઈ ગયું હતું, અને તેથી જ જાનનાં જોખમોનો સામનો કરીને, અનેકવિધ ગાળોના વરસતા વરસાદમાં બંગાળ અને બિહારની પદયાત્રા આદરી. કારણ માત્ર એટલું જ હતું કે સહન કરીને એમને ઈન્સાન બનવું હતું અને અન્યને ઈન્સાન બનાવવા હતા.

એમની એક જ ઝંખના હતી, માનવ ઈન્સાન બને અને બીજા ઈન્સાન માટે આત્મભોગ આપીને

ઇન્સાનિયતને આબાદ કરે, એટલે મારી નજરે તો સહિષ્ણુતા જ માણસાઇનો માપદંડ છે.

આપણે આ સહિષ્ણુતાને સમજવી જોઇશે, સહિષ્ણુતા એટલે આપણે ગમે તે ધર્મના હોઇએ, ગમે તે મતમાં માનતા હોઇએ, પરંતુ વ્યવહારમાં તો પ્રત્યેક માનવ સાથે ભાઈચારાથી વર્તીએ અને અહંકાર તજીને એની સેવા કરીએ. પારકાના સુખ માટે સહન કરવામાં જ માનવતા સમાઇ છે.

જનકલ્યાણ, અંક ૧૧ પૃ. ૯૪૫

મુનિશ્રી ચંદ્રપ્રભસાગરજી

(૨)

જેવાની સાથે તેવા

"તલવારની સામે તલવાર જ જોઇએ. એ સિવાય ન ચાલે." એવો આપણામાંના અનેકને વહેમ પેસી ગયો છે. પરંતુ આપણા પૂર્વજો, જેઓ યુદ્ધના પાકા અનુભવીઓ હતા, તેઓ તો આપણા આ વહેમ ઉપર ખૂબ હસતા હશે. તેઓ જાણતા હતા કે "તલવારની સામે તલવાર ન હોય, પણ ઢાલ હોય."

આજે આપણે "જેવાની સાથે તેવા' થવાની વાત કરીએ છીએ, પણ તેનો અર્થ ભાગ્યે જ સમજતા હઇશું. "જેવાની સાથે તેવા' નો અથ એટલો જ કે દુશ્મનની તલવાર જેટલી મજબૂત, તેટલી જ આપણી ઢાલ પણ મજબૂત હોવી જોઇએ. તલવારની સામે તલવાર ઉપાડવી એ મૂર્ખાઇ છે. તલવારની સામે તો ઢાલ જ લડે. તલવારવાળા કરતાં ઢાલવાળાનું બળ જો ઓછું હોય તો કામ ન આવે. દુશ્મનના પડકારમાં જો પાંચ શેર ગુસ્સો ભર્યો હોય તો આપણા જવાબમાં પાંચ શેરથી ઓછો પ્રેમ તો ન જ હોવો ઘટે.

શિક્ષકને વિદ્યાર્થીના અજ્ઞાન સાથે હંમેશા લડવું પડે છે. હવે શિક્ષક જો "જેવા સાથે તેવા" થવાની ગાંઠ વાળે તો એ બન્નેની શી દશા થાય ? વિદ્યાર્થી કંઇક પૂછવા આવે તો શિક્ષક શું એમ કહે કે તું આટલી સીધી સાદી વાત નથી સમજતો તો હું શા સારૂ સમજાવું ? હું તારા સવાલનો જવાબ નહિં આપું, તું મૂર્ખ છે તો હું પણ તારા કરતાં બેવડો બેવકુફ બનીશ.

વસ્તુતઃ વિદ્યાર્થી અજ્ઞાન હોય છે તેથી જ શિક્ષકને શિરે શાંતિથી સમજાવવાની જવાબદારી આવી પડે છે. અજ્ઞાનની સામે જ્ઞાનથી જ લડાય. 'જેવાની સાથે તેવા' થવું, તેનો અર્થ એટલો જ કે બન્ને સમોવડીઆ યા બરાબર સરખા હોવા જોઇએ. સામા માણસમા જેટલું અજ્ઞાન ભર્યું હોય તેટલું જ આપણામા જ્ઞાન ભરેલું હોવું જોઇએ, અને એટલા જ માટે એકડીઆના વર્ગમાં ભણાવનાર શિક્ષક સૌથી વધારે કુશળ અને જ્ઞાની જોઇએ પુરાણોમાં પણ આટલી વાત તો આપણે સાંભળીએ છીએ કે યુદ્ધમા જ્યારે એક પાસથી મેઘાસ્ત્ર ફેંકાતું ત્યારે બીજી બાજુથી પવનાસ્ત્ર જ આવતું. મેઘના મોટા ઢગલાનું પીગળાવીને પાણી કરવાને બદલે, એક ઢગ ઉપર બીજો ઢગ ખડો કરે તો શી દશા થાય ? અજ્ઞાનીના કપાળ સાથે તે અજ્ઞાન અફાળવાનું હોય કે જ્ઞાનથી અજ્ઞાન દૂર કરવાનું હોય ?

જેને વ્યવહારનો રહેજસાજ પણ અનુભવ છે તે આવી બાબતમાં ભૂલ ન કરે, પાણી શોષી લેવા માટે તો તાપ જ જોઇએ, અંધારૂં અજવાળવા માટે તો દીવો જ જોઇએ, આ વાત કોણ નથી જાણતું ? અને એ વાત જો સમજાતી હોય તો પછી ક્રોધને પ્રેમથી જીતવો, બુરાઇને ભલાઇથી જીતવી, કંજુસાઇને ઉદારતાથી જીતવી, ખોટાને ખરાથી જીતવું, એવાં એવાં સંત વચનો કેમ ન સમજાય ? આ ચોકખી વ્યવહારની વાત છે. આપણે જરા ઊંડા ઉતરી વિચાર કરતા નથી તેથી જ એવી વાતો સમજમા વિનાની રહી જાય છે. વિચાર કરવાની ટેવ પાડીએ તો બધી વાત બરાબર સમજાય

યુગધર્મ, પુ. ૪ અં. ૬ પૃ. ૪૬૯

વિનોબા ભાવે

(૩)

અબૂ મોર્ત્તાશ

ઈસ્લામ પણ એક મહાન ધર્મ છે અને તેમાં પણ કેટલાક ઉદારચરિત સંતો અને મહાત્માઓ થઈ ગયા છે. તેમાં અબૂ મોર્ત્તાશ પોતાના પ્રેમ અને વૈરાગ્ય માટે પ્રખ્યાત છે. પોતાની તીર્થયાત્રાઓના સંબંધમાં તેઓ લખે છે કે "મેં લગભગ તેર વર્ષ પર્યંત લાગલાગટ તીર્થયાત્રાઓ કરી, પરંતુ વિચાર કરતાં મને લાગ્યું કે એ સઘળું તીર્થભ્રમણ કેવળ સાંસારિક ભાવે જ થયું હતું. કારણકે એક વખત જ્યારે મારી માતાએ મારી પાસે પાણીનો લોટો માગ્યો ત્યારે મને એ ફરજ બજાવતાં જરા કંટાળો આવ્યો. તે પરથી મારી ખાત્રી થઈ કે મારૂં તીર્થભ્રમણ કેવળ સાંસારિક ભાવે જ થયું છે; તેનાથી જીવનની કોઈ પ્રકારે ઉન્નતિ નથી થઈ."

મોર્ત્તાશને કોઈએ કહ્યું કે "અમુક એક માણસ પાણી ઉપર પગે ચાલીને તરી જાય છે, તેમજ આકાશમાં પણ પંખીની જેમ ઉડી શકે છે." મોર્ત્તાશે તેના જવાબમાં જણાવ્યું કે "મારે મન એ બહુ મહત્ત્વની વસ્તુ નથી. જે સાધક પોતાની ઇંદ્રિયોને પોતાના કાબુમાં રાખી શકે તે જળવિહારી અને આકાશવિહારી કરતાં શ્રેષ્ઠ છે."

યુગધર્મ પુ ૪. અં. ૨ પૃ. ૯૯ સુશીલ

અમર આત્મ નિરીક્ષણ

નિરીક્ષક - અમરચંદ માવજી શાહ

જે વિકલ્પ વિકારને વૃત્તિઓનો જય કરી જિન વિતરાગ પુરૂષ ભગવાન સર્વજ્ઞ સર્વદર્શી સ્વ સ્વરૂપમાં સ્થીર થયા તે પરમ યોગીંદ્ર, પરમાત્મ શ્રી પાર્શ્વનાથ ભગવાનને મારા અંતરનાં આંગ હૃદયનાં સિંહાસને અષ્ટદળ કમળ ઉપર બિરાજમા કરી, તેમને આત્મભાવે વંદના કરી, તેમનાં શુ શુદ્ધ ચૈતન્યઘન સ્વરૂપનું ધ્યાન કરી, હું અજ અમર અને શાશ્વત આત્મા મારા પોતાનાં આપ રાધથી સંસારનાં બંધનમાં આધિ વ્યાધિ ને ઉપા ધીમાં સપડાયેલો દુઃખ દોષને પાપથી ભરેલો હૃ જન્મ–જરા મરણને આધીન થયેલો મારા સ્વ આત્માની શુદ્ધિ કરવા માટે મારૂં આત્મ નિરીક્ષણ કરૂં છું.

હે વિતરાગ! પરમાત્મા આપનાં નામ સ્મરણથી આપનાં મહા પ્રભાવથી મારી દુષ્ટ વૃત્તિઓ દુષ્ટ વિકારો, દુષ્ટ વાસનાઓ, દુષ્ટ વિકલ્પોનું શમન થાઓ અને સદ્‌વૃત્તિઓનું ઉગમન થઓ. મારા હ્રદયસિંહાસનમાં બિરાજમાન પરમાત્મા મારા આત્મામાં જે પૂર્વસંચીત કર્મોથી, અંધકાર ફેલાયો છે તે આપની જ્ઞાનજ્યોતિનાં પ્રકાશથી નષ્ટ થાઓ. મારૂં અજ્ઞાન મિથ્યાત્વ અને અસંયમ નાશ પામો. મારા અંતરાત્મામાં સમ્યક્‌દર્શન, સમ્યક્‌જ્ઞાન અને સમ્યક્‌ચારિત્ર જે મારૂં સ્વભાવિક સ્વરૂપ છે તે પ્રગટ થાઓ. આપે સેવેલા અહિંસા–સંયમને તપનાં સાધનો વડે હું આત્મશુદ્ધિ કરૂં.

હે પરમાત્મા! વણનોતર્યા વિકલ્પો મારા ચિત્તગૃહમાં સ્વયં પ્રવેશ કરી મારા શુદ્ધ આત્માને મલીન કરી રહ્યા છે. મારી અજ્ઞાનતાથી પરાધિનતા થઈ છે. આ વિકલ્પોથી મને આપનું વિસ્મરણ કરાવી આર્ત્ત અને રૌદ્ર ધ્યાન કરાવી મારી અધોગતી કરી રહ્યા છે. આપનાં ધર્મ અને શુક્લ ધ્યાનથી હું વંચિત રહું છું. અને એ દુર્ધ્યાનનાં

નિમિત્તોથી મારો આત્મા સમયે સમયે ભાવકર્મનાં નિમિત્તોથી દ્રવ્યકર્મો સ્વયં પરીણમી બંધાયા કરે છે.

આ બંધભાવથી જ આ સંસાર અને આ બધી ઉપાધીમાં મારે સપડાવું પડે છે. આપનું સમાધી સુખ પ્રાપ્ત કરવા માટે હું આપના આશ્રયે આપની સેવા સ્વિકારૂં છું.

હે જિનેશ્વર ! પુદ્દગલીક વિકારોનું એવું પરિબળ છે કે, મારા મન–વચન કાયાનાં યોગો તેને આધિન થઈ જાય છે, એ વિકારોને તૃપ્ત કરવા માટે હું ઝાંઝવાનાં જળ જેમ દોડધામ કરૂં છું. પણ તે તૃપ્ત થતાં જ નથી. જેમ જેમ તૃપ્ત કરૂં તેમ તેમ તેનો અસંતોષ વધતો રહે છે. પૂર્વે વાસનાથી પરિણમાવેલ વિકારો નિમિત્ત મળતાં જાગ્રત થઈ જાય છે. મારૂં મિથ્યાત્વ ને અજ્ઞાન તેમાં જવાબદાર છે. હું તેમાં અજ્ઞા[illegible] પરિણમી તૃપ્તિનો ભ્રામક અનુભવ કરૂં છું - [illegible]રક તૃપ્તિ થતી નથી. પરિણામે ખેદ અને રુ[illegible]જ થાય છે. આપ તો તૃપ્તિનો અખંડ આનંદ અનુભવો છો.

આ વિકલ્પો અને વિકારો અનાદિ વાસનાથી છે: એ વાસનાનો ક્ષય કરવા માટે જ મારે પુરૂષાર્થ કરવાનો છે. મોહ અને આસક્તિમાંથી વાસના જન્મે છે. આસક્તિ અજ્ઞાનમાંથી જન્મે છે. અજ્ઞાન અનાદિથી છે. અને મારા પોતા સંબંધીનું જ્ઞાન ક્યારેય પણ મળ્યું નથી. હવે આપનાં શાસનથી આપના દર્શનથી મને સ્વ-પરનું વિવેકજ્ઞાન પ્રગટશે. જડ–ચેતનની ભિન્નતા દેહાદીક પરપદાર્થોથી આત્મપદાર્થની ભિન્નતા સમજાશે. અને હું આપના જ પરમાત્મ સ્વરૂપમાં લીન રહી આપનાં શુદ્ધ સ્વરૂપનું ધ્યાન સ્મરણ કરી મારા શુદ્ધ નિર્મળ સ્વરૂપને પ્રાપ્ત કરીશ.

ચારિત્ર મોહિનીયના પ્રબળ ઉદયથી દૃષ્ટ પદાર્થોનાં સંયોગથી દૃષ્ટિમાં વિકાર વાસના થઈ જાય છે. ચિત્તની વૃત્તિઓ ત્યાં ખેંચાઈ જાય છે. દર્શન મોહિનીયનાં ક્ષયોપશમથી એ દુષ્ટ વૃત્તિઓને હટાવવા માટે પ્રયત્ન કરૂં છું. તેમાં ઘણીવાર સફળતા મળે છે અને એ સફળતાનો આનંદ ક્યારેક અગમ્ય અનુભવાય છે. દૃષ્ટિનો ધર્મ જોવાનો છે. પરંતુ દૃષ્ટિમાં જો વિકાર રાગદ્વેષ ન હોય તો જોવા માત્રથી મને બંધ થતો નથી. જાણવા માત્રથી હું બંધાતો નથી. જાણવું અને જોવું એ તો મારા આત્માનો અબાધિત અધિકાર ધર્મ છે. પરંતુ તેમાં જે મોહ રાગદ્વેષ થાય છે તે આપની વિતરાગ મુદ્રાથી દૂર કરૂં.

રજસ ને તમસ પ્રકૃતીઓ નિમિત્ત મળતાં તુરત જ ઉશ્કેરાઈ જાય છે. સમતા ને સ્થીરતા ટકી શકતી નથી. આ નિર્બળતા કેમ દૂર કરવી? ઉપશમમાં રહેવા માટે શું કરવું ? ક્રોધ થઈ જાય, અભિમાન આવી જાય, માયા કપટ થાય, લોભ થઈ જાય અને ભાન ભૂલાઈ જાય. આ ચાર કષાયો પાંચ ઇન્દ્રિયનાં વિષયમાં અનુરોધ થતાં કે આસક્તિ થતાં આત્મઘાતક બની જાય અને અનંત કર્મનાં આવરણો આત્માની આસપાસ વીંટળાઈ જાય. સમયે સમયે અનંત કર્મપુદ્દગલ વર્ગણાઓ આત્માનું નિમિત્ત પામી સ્વયં પરિણમી જાય એમાંથી બચવા આપનું આલંબન શ્રેયસ્કર છે.

આપનાં ચિત્તપ્રદેશમાં દૃષ્ટિ સ્થિર કરી તેમાં જ સંયમપૂર્વક ધ્યાન ધારણા કરી સમાધિસ્થ થવા સિવાય બીજા કોઈ કારગત ઉપાય નથી. આપનાં શુદ્ધ નિરંજન ચૈતન્ય સ્વરૂપ ચિત્તપ્રદેશમાં મારા ચિત્તનું ધ્યાન અખંડપણે ચાલુ રહે, સંસારની આધિ–વ્યાધિ–ઉપાધી વચ્ચે પણ આપનું અખંડ સ્મરણ-ચીંતન રહે. ઉપયોગ ઉપયોગમાં જોડાઈ રહે તેવી ચીતની અવસ્થા સહજ સ્વાભાવીક થાય તેવી મારી ભાવના છે. આ ભાવના ભાવનામાં જ રહી જાય છે. કર્તવ્યમાં મુકવા જતાં અનેક વિકલ્પ–સંકલ્પથી ચિત્ત ઘેરાઈ જાય છે

મારે અન્ય કોઈ તૃષ્ણા કે આસક્તિ નથી. જે

સ્થિતીમાં છું તેથી વિશેષ કાંઈ આકાંક્ષા નથી. જીવનનિભાવ સિવાય કોઇ બીજી કામના નથી. આત્માનાં શ્રેય સિવાય કોઇ ભાવના નથી. એ સાધના સિવાય બીજી કોઇ કામ નથી. જીવન નિભાવ પણ ન્યાય નિતી ને સત્ય પૂર્વક થાય સ્વાર્થ પરમાર્થ નાં બન્ને સધાય. આત્મા ન છેતરાય અહંભાવ ન પોષાય, દંભ ન સેવાય, સહજભાવે સરળતાપૂર્વક નમ્રતાથી સર્વ આત્માઓ પ્રત્યે સમાન દૃષ્ટિ રાખી. સૌનું હિત સચવાય એ રીતે જીવન પરમાત્મ પંથે પસાર થાય એવી પરમકૃપાળુ પાસે પ્રાર્થના.

શ્રી મદનમોહન માલવીય: ટુંકો પરિચય.

ઇ. સ. ૧૮૬૧ નું વર્ષ ભારત વર્ષ માટે મંગલ વર્ષ હતું. કારણ કે ભારતના ભાવિના ઘડતરમાં અગત્યનો ભાગ ભજવે તેવી ત્રણ વિભૂતિઓનો આ વર્ષમાં જન્મ થયો. આ વિભૂતિઓ હતી– રવિંદ્રનાથ ઠાકુર, મોતીલાલ નહેરુ અને મદનમોહન માલવીય. પ્રથમ વિભૂતિ કવિ અને તત્ત્વ ચિંતક તરીકે ખ્યાતિ પામેલ છે, જ્યારે બીજી બે વિભૂતિઓ પાર્લામેન્ટેરીઅન અને કાર્યદક્ષ માનવી તરીકે પ્રસિદ્ધિ પામેલ છે. તેઓ ત્રણે ભારત રાષ્ટ્રના પુનર્જન્મના તેજસ્વી પ્રતીકો હતા.

ગયા ડિસેમ્બર મહીનાની પચીસમી તારીખે પંડિત મદનમોહન માલવીયજીની જન્મ શતાબ્દિ ઉજવવામાં આવી હતી. જો કે આ શતાબ્દિ ઉત્સવ સંપૂર્ણ સાદાઇથી અને ગૌરવથી ઉજવાયો હતો પરંતુ તેનો અર્થ એમ નથી કે રાષ્ટ્રોત્થાન માટેના તેમના ફાળાનું મહત્ત્વ ઓછું હતું. પંડિત મદનમોહન માલવીયજીએ મહાત્મા ગાંધીજી તખ્તા ઉપર આવે તે પહેલાં જાહેર જીવનમાં અગ્રિમ સ્થાન મેળવ્યું હતું. પોતાના વાક્ચાતુર્યના પ્રભાવથી અને પ્રમાણિકતાથી તેમણે હિંદી રાષ્ટ્રીય કોંગ્રેસનો સ્થાપક મી હ્યુમનું ધ્યાન પોતા તરફ ખેંચ્યું હતું. મહાત્માજીએ ખાદીને મહત્ત્વ આપ્યું તે પહેલાં માલવીયાજીએ ગ્રામોદ્યોગ ઉપર સૌનું ધ્યાન ખેંચ્યું હતું અને સાથો સાથ તેને ગૂંગળાવી નાખવાની બ્રિટિશ સરકારની નીતિ ઉપર આકરી ટીકાઓ કરી હતી. તેઓને નીતિની બાબતમાં પ્રસંગોપાત ગાંધીજી જોડે વિરોધ હોવા છતાં કોંગ્રેસ તરફની તેમની વફાદારી એક નિષ્ઠાવાળી હતી. કેંદ્રીય ધારાસભામાં રાષ્ટ્રવાદી પરિબળોનો પરચો આ બે વિભૂતિઓ–પંડિત મોતીલાલ નહેરુ અને પંડિત મદનમોહન માલવીયજીએ જ બતાવ્યો હતો.

એક રૂઢિચૂસ્ત હિંદુ હોવા છતાં માલવીયજી ધાર્મિક અંધ શ્રદ્ધા અને વહેમોના વિરોધી હતા. મહાન સમાજ સુધારક હતા. પરંતુ સ્વાતંત્ર પ્રાપ્તિના યુદ્ધમાં અને સમાજ સુધારના ક્ષેત્રમાં પોતાના ફાળા બદલ જ માત્ર તેઓ સ્મરણીય નહિ રહે પણ એક મહાન શિક્ષણ શાસ્ત્રી તરીકે પણ તેઓ સ્મરણીય રહેશે. તેઓ અનેક શિક્ષણ સંસ્થાઓના સ્થાપક હતા, અને એ માટે ગરીબ તેમજ તવંગર બંને પાસેથી ફંડ એકઠું કરવાની પણ તેમનામાં અજબ શક્તિ હતી. ઉચ્ચ ધ્યેય માટે કામ કરવામાં અગ્રિમ ઉત્સાહ દાખવનારા તેમના ઉત્સાહનું એક આદર્શ પ્રતીક તરીકે બનારસ હિંદુ વિશ્વવિદ્યાલય હંમેશને માટે યાદગાર રહેશે.

ગુજરાતી ગ્રંથો

ભગવાનના ચરિત્રો

૧ શ્રી શ્રેયાંસનાથ ચરિત્ર	૭-૫૦
૨ શ્રી શાન્તિનાથ ચરિત્ર	૭-૫૦
૩ શ્રી સુપાર્શ્વનાથ ચરિત્ર ભા. ૨	૨-૫૦
૪ શ્રી પાર્શ્વનાથ ચરિત્ર	૮-૦૦
ભારે કાગળ	૧૫-૦૦
૫ તીર્થંકર ચરિત્ર ચોવીશ તીર્થંકરોના ચરિત્રો તથા ચોવીશ પંચરંગી ચિત્રો સાથે	૬-૦૦

ચરિત્રો વિગેરે

૬ આદર્શ જૈન સ્ત્રીરત્નો ભા. ૨જો	૨-૦૦
૭ કથા રત્ન કોશ ભા. ૧લો	૮-૦૦
૮ ,, , ભા. ૨જો	૬-૦૦
૯ દમયંતી ચરિત્ર	૬-૫૦
૧૦ સંઘપતિ ચરિત્ર	૬-૫૦
૧૧ શ્રી વિજયાનંદસૂરિ (ગ. સ્વશીત)	૦-૫૦
૧૨ સુદેવ [હિંદી [ગુજરાતી ભાષાતર]	૧૫-૦૦

પૂજા અને કાવ્ય

૧૩ આત્મવલ્લભ પૂજાસંગ્રહ	૩-૦૦
૧૪ ચૌદ રાજલોક પૂજા	૦-૨૫
૧૫ નવાણું અભિષેક પૂજા	૦-૨૫
૧૬ વીશ સ્થાનકપૂજા (અર્થવાળી)	૧-૨૫
૧૭ સમ્યગ્ દર્શન પૂજા	૦-૫૫
૧૮ ચારિત્રપૂજાદિ ત્રયી સંગ્રહ	૦-૨૫
૧૯ જૈન ઐતિહાસિક કાવ્ય-સંગ્રહ	૨-૭૫
૨૦ ધર્મકૌશલ્ય	૧-૭૫
૨૧ કાવ્ય સુધાકર	૨-૫૦
૨૨ કુમાર વિહારશતક	૦-૭૫
૨૩ ચૈત્યવંદન સમીક્ષા	૫-૦૦
૨૪ સજ્ઝાયમાળા (ભીમશી)	૪-૫૦
૨૫ આત્મકાન્તિ પ્રકાશ	૦-૫૦

તત્ત્વ અને હિતોપદેશાદિ

૨૬ તત્વનિર્ણયપ્રાસાદ	૧૦-૦૦
૨૭ જૈન તત્ત્વસાર	૧-૦૦
૨૮ ધર્મબિન્દુ (આવૃત્તિ બીજી)	૩-૦૦
૨૯ આચારોપદેશ	૧-૦૦
૩૦ અનેકાન્ત (ગુજરાતી)	૧-૦૦
૩૧ ,, (ઇંગ્લીશ)	૨-૦૦
૩૨ નમસ્કાર મહામંત્ર	૧-૦૦
૩૩ જૈન ધર્મ	૧-૦૦
૩૪ જૈન ધર્મવિષયક પ્રશ્નોત્તર	૧-૦૦
૩૫ પંચ પરમેષ્ઠી ગુણ રત્નમાળા	૧-૫૦
૩૬ પ્રકરણ પુષ્પમાળા ભા. ૨જો	૧-૫૦
૩૭ શ્રમણ સંસ્કૃતિ	૪-૭૫
૩૮ શ્રાવકધર્મ વિધિ પ્રકરણ	૧-૫૦
૩૯ જ્ઞાનપ્રદીપ ભા. ૧લો	૪-૦૦
૪૦ ,, ભા. ૨જો	૪-૦૦
૪૧ ,, ભા. ૩જો	૨-૦
૪૨ આત્માનંદ જન્મશતાબ્દિ અંક	૨-૫૦
૪૩ સાધુ-સાધ્વી આવશ્યક સૂત્ર દેવનાગરી લીપીમાં	ભેટ
૪૪ ,, ગુજરાતી લીપીમાં	,,

તા. ક. ઉપરના ગુજરાતી ગ્રંથો મંગાવનારને એકસો ઉપર ૨૦ ટકા કમીશન કાપી આપવામાં આવશે.

લખો — **શ્રી જૈન આત્માનંદ સભા—ભાવનગર** (સૌરાષ્ટ્ર)

વિ卐વે卐ક

ઝાકળના બિંદુનું રૂપ તો કાંઈ નથી. પણ એ જ્યારે કમળના પાંદડાં પર પડ્યું હોય છે, ત્યારે તો એ સાચા મોતીની રમ્યતા સર્જતું હોય છે. તેમ વાણી ને વર્તનનું એમ તો કાંઇ મૂલ્ય નથી, પણ વિવેક વાપરવાથી એનું મૂલ્ય અનેકગણું વધી જાય છે.

આવનાર અતિથિ માટે બધી સગવડતા સાચવી હોય, દરેક રીતે તૈયારી કરી હોય પરંતુ કોઇ પણ એક વસ્તુની જરાકે ખામી રહી ગઈ હોય, તો બધી તૈયારીઓ અને અને સાચવેલી સગવડો વ્યર્થ જાય છે એમ કોણ નથી જાણતું ? છતાં આપણે જોઇશું તો જાણવા મળશે કે જીવન પંથના ઘણા ખરા મુસાફરો માત્ર એક વિવેકની ઊણપને લઇને જીવનમાં નિરાશા અનુભવતા હોય છે.

ધાર્મિક ઉત્સવ શું કે આધ્યાત્મિક ચિન્તન શું, સામાજિક પ્રવૃત્તિ શું કે રાષ્ટ્રીય ક્રાન્તિ શું—આ બધી પ્રવૃત્તિઓ વિવેક માગે છે, વિવેકના અભાવે આ વસ્તુઓ જળ-વિહોણા સરોવર જેવી બની જાય છે. જેને વિવેકનો ચીપિયો મળી આવે છે તે ગમે તેવી વસ્તુને પણ એ ચીપિયાથી ઉપાડી સમયને અનુરૂપ બનાવી શકે છે. પણ જેને ચીપિયો મળ્યો નથી, એ ગમે તેટલી પ્રવૃત્તિ કરે તો પણ એ પરિમલ વિનાના પંકજ જેવી જ ગણાય. વસ્તુ દેખાય ઘણી, પણ એમાં સત્ત્વ કાંઇ ન હોય

એટલે જ વિવેકી માણસો દુનિયામાં પમાલ ભરેલા શબ્દો કરતા અર્થ ભરેલા કાર્ય તરફ વધારે લક્ષ આપતા હોય છે. એ જેમ કાર્ય કરતા જાય તેમ એમાંથી સુવાસ પ્રગટતી જાય, અને કાર્યની સુવાસ જ્યારે બોલે છે ત્યારે એની આગળ માણસની વાચા સાવ પામર લાગે છે.

પણ અવિવેકી માણસો તો બોલવાને બહુ મહત્ત્વ આપતા હોય છે. એ તો એમ જ માનતા હોય છે કે વાચાળતાથી જ આ જગતનો રથ અવિરતપણે ચાલે છે. પણ અર્થહીન અને વિવેકહીન વાચાથી અનર્થની હારમાળા ઊભી થાય છે, એ એમના ધ્યાનમાં નથી આવતું.

—મુનિશ્રી ચંદ્રપ્રભસાગરજી

પ્રકાશક : ખીમચંદ ચાંપશી શાહ, શ્રી જૈન આત્માનંદ સભા વતી
મુદ્રક : હરિલાલ દેવચંદ શેઠ, આનંદ પ્રિન્ટીંગ પ્રેસ—ભાવનગર.

શ્રી આત્માનંદ પ્રકાશ

SHRI ATMANAND PRAKASH

નિર્મળ ભાવે સેવા કરનાર આત્મ પ્રતિષ્ઠા વધતાં કોઈકવાર મહત્ત્વાકાંક્ષાનો ભોગ થઈ પડે છે. મહત્ત્વાકાંક્ષા સર્પની માફક માણસના ચિત્તમાં પ્રવેશ કરે છે અને તેના જ્ઞાનપ્રદીપને ઓલવી નાંખે છે. જ્યાં સુધી મહત્ત્વાકાંક્ષાની ચૂડમાં સપડાયો નથી ત્યાં સુધી સેવા વતી માણસ સોળવલ્લું કુંદન હોય છે. એક વખત પદ કે અધિકારના પ્રલોભનને વશ થયો કે પછી કુંદનને કથીર બની જતાં બહુ વાર લાગતી નથી. એટલા જ માટે સંત તુલસીદાસે કહ્યું છે કે

લઘુતાસે પ્રભુતા મિલે, પ્રભુતાસે પ્રભુ દૂર.

સત્યં શિવં સુંદરમ્

૭૧૧૯૩

પુસ્તક ૫૯
અંક ૪

પ્રકાશક
શ્રી જૈન આત્માનંદ સભા
ભાવનગર

મહા
સં. ૨૦૧૮

અ નુ ક્ર મ ણિ કા

૧ કષ્ટ વાણી		૪૦
૨ જ્ઞાનમસ્તોના શાહ	પાદરાકર	૪૧
૩ સમાજ ઋણ	કે દેશાઇ	૪૨
૪ આત્મવિકાસ	અનુ: વિ. મૂ. શાહ	૪૬
૫ બીજી તારાદૃષ્ટિની સઝાય	સં. ડૉ. વલ્લભદાસ નેણસીભાઇ	૪૯
૬ શરીર એટલે ભોગાયતન	સાહિત્યચંદ્ર બાલચંદ હિરાચંદ	૫૧
૭ મતભેદ પ્રગટે ત્યારે		૫૬

રજીસ્ટ્રેશન ઑફ ન્યુઝપેપર્સ (સેન્ટ્રલ) રૂલ્સ, ૧૯૫૬ અન્વયે "આત્માનંદ પ્રકાશ" સંબંધમાં નીચેની વિગતો પ્રકટ કરવામાં આવે છે

૧ પ્રસિદ્ધિસ્થળ—ખારગેટ, ભાવનગર

૨ પ્રસિદ્ધિક્રમ—દરેક અંગ્રેજી મહિનાની સાતમી તારીખ

૩ મુદ્રકનું નામ—હરિલાલ દેવચંદ શેઠ
કયા દેશના—ભારતીય, ઠેકાણું—આનંદ પ્રીન્ટીંગ પ્રેસ, ભાવનગર

૪ પ્રકાશકનું નામ—શ્રી જૈન આત્માનંદ સભાની વતી ખીમચંદ ચાંપશી શાહ ભાવનગર
કયા દેશના—ભારતીય, ઠેકાણું—ખારગેટ, ભાવનગર

૫ તંત્રી મંડળ—શ્રી ખીમચંદ ચાંપશી શાહ, શ્રી વિઠ્ઠલદાસ મૂળચંદ શાહ, શ્રી હરિલાલ દેવચંદ શેઠ
કયા દેશના—ભારતીય, ઠેકાણું—શ્રી જૈન આત્માનંદ સભા, ભાવનગર

૬ સામાયિકના માલિકનું નામ—શ્રી જૈન આત્માનંદ સભા ભાવનગર

અમો આથી જાહેર કરીએ છીએ કે ઉપર આપેલી વિગતો અમારી જાણ અને માન્યતા મુજબ બરોબર છે. તા. ૭-૨-૧૯૬૨

ખીમચંદ ચાં. શાહ
વિઠ્ઠલદાસ મૂ. શાહ
હરિલાલ દે. શેઠ



વર્ષ ૫૯મું] મહા તા. ૭-૨-૬૨ [અંક ૪

ઇષ્ટ વાણી

क्रोधः सुदुर्जयः शत्रु र्लोभो व्याधिरनन्तकः ।
सर्वभूतहितः साधुरसाधुर्निर्दयः स्मृतः ॥

ક્રોધ દુર્જય શત્રુ છે, લોભ અનંત વ્યાધિ છે, પ્રાણીમાત્રનું હિત કરનાર સાધુ છે, નિર્દય તે અસાધુ ગણાય છે.

स्वधर्मे स्थिरता स्थैर्यं धैर्यमिन्द्रियनिग्रहः ।
स्नानो मनोमलत्यागो दानं वै भूतरक्षणम् ॥

પોતાના ધર્મમાં સ્થિર રહેવું તેજ સ્થૈર્ય છે, ઇંદ્રિયોનો નિગ્રહ એજ ધૈર્ય છે, મનના સર્વ મળોનો ત્યાગ એજ સ્નાન છે અને સર્વ પ્રાણીઓનું રક્ષણ કરવું એજ દાન છે.

अहन्यहनि भूतानि गच्छन्तीह यमालयम् ।
शेषाः स्थावरमिच्छन्ति किमाश्चर्यमतः परम् ॥

સંસારમાં રોજે રોજ પ્રાણીઓ યમલોકમાં જાય છે પરંતુ પાછળ રહેનારાઓ અમર રહેવાની ઇચ્છા ધરાવે છે. એનાથી વિશેષ આશ્ચર્ય કયું ?

જ્ઞાનમસ્તોના રાહ

(ગઝલ)

ના આવશો ! આવી શકો ના ! વિકટ મ્હારા રાહ છે !
એ રાહ જનારા બધા ! બીલકુલ બે પરવાહ છે ! ——ના !
જ્યાં સુર્ય–ચન્દ્ર પ્રકાશ ના ના અન્ય જ્યોતિ પ્રકાશ છે !
ચિનમાત્ર નિત્ય વિકાસ છે, એવા વિકટ મુજ રાહ છે ! ——ના !
જ્યાં પુત્ર પત્નિ બન્ધુજન નવ મ્હારૂં ત્હારૂં જરાય છે !
મન ઇન્દ્રિય ઉર્મિવાસના ના. વિકટ.........!
જ્યાં આશ પ્યાસ નિવાસ ના તૃષ્ણા ન મમતા વાસ હાં !
અભિમાન માન ભુલાય જ્યાં ! તે વિકટ.........!
જ્યાં કોઈ—કાંઇ ન દેખવાં નહિ બુદ્ધિથી કાંઇ પેખવાં !
જ્યાં તત્વ નિરાલંબના ! તે વિકટ . ...!
જે માર્ગ આંધ ધારતા, ને ચાલવાં જગ પાર હાં !
નટ—દોરવત્, વ્યવહાર જ્યાં ! તે વિકટ...... !
વિદ્વાન જ્યાં ભરમાઈ જાતાં ભય ભક્તજન પણ રાખતા !
જીવતા મરેલા ફાવતા ! તે વિકટ...... ...!
જ્યાં દષ્ટ દાહક યાગનાં, શાન્તિ મળે અંગારમાં !
ચિદ્દઘન સ્વયં પરકાશ ત્યાં ! તે વિકટ ....!
શિર હાથમાં લઇ ખેલવાં, મત્રો જપાયે લા–મ–કાં— !
તજવી તમા—મસ્તી—ફના ! તે વિકટ. .. .... !
જ્યાં જાપ ૐ ગુરૂ નામના જ્ઞાનામૃતે ભોજન થતાં !
જ્યાં ભેદભાવ જરાયના ! તે વિકટ.... . . !
ચિત્તવૃત્તિ ન ચળતા ન જ્યાં, દ્રઢ સ્થિર આસાન ખામખાં !
લખ અલખ તરવે તાન ત્યાં ! તે વિકટ.... . ....!
જ્યાં બ્રહ્મરસના પાન હાં ! પાસે ગુરૂ ભગવાન હાં !
મણિ—મસ્તકોનાં દાન જ્યાં ! તે વિકટ...... .. !

પાદરાકર

સમાજ ઋણ

કે. દેસાઇ

આપણા ધર્મમાં અનેક પ્રકારનાં ઋણ વિષે વિવેચન કરવામાં આવ્યું છે, દેવઋણ, પિતૃઋણ, લોકઋણ વગેરેના વિચાર આપણામાં ઘણાં જ જુના છે, અને આ બધા ઋણ વાળી શકવાને માટે આપણા ધર્મમાં દરેકને માથે જુદી જુદી ફરજો નાખેલી છે. પરંતુ હાલમાં કમનશીબે આપણા ધર્મની દરેક શાખામાં થયું છે, તેમ આમાં પણ એમ થયું છે કે જે ફરજો, જે કર્ત્તવ્યો, આ ઋણની તૃપ્તિ અર્થે આપણે કરવાના છે અને કરીએ પણ છીએ, તેનો મૂળ હેતુ આપણે ભૂલી ગયા છીએ: તે શા માટે કરવામાં આવે છે તેથી આપણામાંનો મોટો ભાગ અજાણ થઈ ગયો છે અને તે બધું ફક્ત ચાલતી આવેલી રૂઢીને લીધે જ અથવા તો લોકલાજથી કે માનસિક વ્હેમને લઇને કરવામાં આવે છે અને આ કારણને લીધે, બધા ઋણ વાળવા પ્રયત્ન કર્યા છતાંએ આપણો આત્મા ઉચ્ચ થવો જોઇએ, ઉદાત્ત થવો જોઇએ, તેટલો થતો નથી, અને લોકો વગર સમજે, ફક્ત બાહ્ય કારણોને લીધે જ આ બધું કર્યા કરે છે. તેમનું કર્યું કારવ્યું છૂટી પડે છે, એટલું જ નહિ પણ વખતના વહેવા સાથે, જમાનાના બદલાવાથી, નવીન સુધારાના પ્રસારથી, જે નવાં ઋણ આપણે માથે આવ્યાં છે, તે આપણે સમજી શક્યાં નથી. અને પરિણામે આ ઋણના બદલા તરીકે જે નવી જવાબદારીઓ આપણે શિરે આવેલી છે, તેથી આપણે અજાણ રહ્યા છીએ અને તેના બદલામાં આપણે જે કર્ત્તવ્ય કરવાનાં છે તેથી પણ વિમુખ થયા છીએ.

આ બધાં ઋણનો અને તેને અંગે ઉભા થતા કર્ત્તવ્યોનો વિચાર આપણે હવે ચાલુ જમાનાને અનુસરીને અને નવા સંજોગો ધ્યાનમાં રાખીને કરવાનો છે. દેવઋણ અને પિતૃઋણની ભાવના તો હજી આપણા લોકોમાં જોવામાં આવે છે. દેવે આપણને આત્મા અને જીવન વગેરે આપ્યાં, પિતૃઓએ આપણને શરીર, શરીરનું રૂપ, મનનાં વલણ અને સ્વભાવ વગેરે આપ્યાં એટલું તો ઘણાખરા સમજે છે. પરંતુ એ ઉપરાંતનાં બીજાં ઋણ છે તે ઉપર જોઇએ તેવું લક્ષ દેવાતું હોય તેમ લાગતું નથી. આવું એક ઋણ તે સમાજઋણ છે. આપણા સમાજના સમગ્રપણે આપણા ઉપર કેવા અને કેટલા ઉપકાર છે, અને તેને લીધે આપણને કેવા કેવા શુભ સંજોગો મળ્યા છે, અને પરિણામે આપણને જે લાભ થયો છે તેનો પૂરો ખ્યાલ નથી. અને તે કારણથી જ આ સમાજ ઋણ પાછું વાળવા માટે આપણે માથે જે કર્ત્તવ્યો રહેલા છે તેનો વિચાર કરવામા આવતો નથી. આપણે જે સંજોગોની વચ્ચે અને જે સમાજની અંદર જન્મ ધારણ કર્યો છે, તેને લીધે આપણને ઘણા જ લાભ થયા છે આ લાભને આપણે આપણો સામાજિક વારસો કહી શકીએ. જમાનાની પ્રગતિનાં વિચારોના વ્હેણુંની અને એવી બીજી અનેક છાપો આપણા ઉપર પડે છે તે સ્હેલાઇથી જોઇ શકાય તેમ નથી. જો આપણે એક સુધરેલા માબાપના છોકરાને જન્મથી જ જંગલી લોકોના સહવાસમાં મુકી દઇયે તો આપણને ખબર પડે કે તેના માબાપ તરફથી મળેલા ઉત્તમ વારસા છતાં યે તે બાળક લગભગ જંગલી જેવું જ થવાનું. આવો ક્રૂર બનાવ આ જમાનામાં થયેલો તો ધ્યાનમાં નથી. આ જમાનામાં આનાથી વિરૂદ્ધ પ્રકારના દાખલા તો બનેલા છે, એટલે કે જંગલી આફ્રીકન માબાપના એક બાળકને અમેરીકા લઇ જવામાં આવ્યું હતુ અને ત્યાંની હાર્વર્ડ પાઠશાળામાં ભણાવીને કેળવ્યું હતું. અભ્યાસ પૂરો કર્યા પછી તેણે પોતાના લોકોનો ઉદ્ધાર કરવા ઘણી મહેનત કરી હતી. એના પોતાની કેળવણી,

એના સંસ્કારી વિચાર અને એની સેવા બુદ્ધિ એ બધું ત્હેને પશ્ચિમના સમાજ તરફથી મળ્યું, અને એ સમાજનો તે માટે તે ઋણી થયો.

આ પ્રકારનું ઋણ સમજ્યા પછી આપણે આપણો પોતાનો વિચાર કરીએ. આપણા સમાજની અને કેળવાયલા હિંદની અનેક રીતે પ્રગતિ થયેલી જોવામાં આવે છે, આ પ્રગતિને માટે દરેક કેળવાયેલા હિંદ પુત્રે તેના વડવાઓની મહેનતનો, દેશના આગેવાનોના કામનો, કાંઈક પોતાની જાત મહેનતનો, અને સૌથી વધારે સામાજિક વારસાનો ઉપકાર માનવો ઘટે છે. અનેક પ્રકારના લાભ અને સગવડો આપણે ભોગવીએ છીએ, રાજકીય હક્ક, પ્રજા તન્ત્રિની ગણના, વિદ્યા પ્રાપ્તિની સગવડો, વ્યાપારનો વધારો, સ્થાનિક સ્વરાજ્યોની પ્રાપ્તિ, ગામડામાં થતા સુધારા, નહેરોમાં થતા વધારા, વગેરે દરેક જાતના લાભ માટે આપણે સમાજના ઋણી છીએ, આપણા માથે સમાજનું તે બધું દેવું છે. આ ઋણ, આ દેવું, આ કરજ પાછું વાળવાની આપણી મુખ્ય ફરજ છે, કોઇ માણસના આપણે ફક્ત થોડાક જ રૂપિયા ઉછીના લઇએ છીએ તો આપણું મન એ દેવાના ભારને લીધે કેટલું ચિંતામા રહે છે. અને તે દેવું પાછું વાળવા માટે આપણે કેટલા આતુર હોઇએ છીએ ? તો આપણા સમાજનું આપણા ઉપરનું આ મહાન ઋણ વાળવા માટે આપણે કેટલા આતુર અને કેવા ચિંતાતુર રહેવું જોઇએ ? પણ આ ઋણ પાછું શી રીતે વાળવું તે પ્રશ્ન ઘણાના મનમાં ઉભો થશે, " સામાજિક વારસા "નું ઋણ અદા કરવાનો ફક્ત એક મુખ્ય રસ્તો " સમાજ સેવા " કરવાની છે, સ્વાર્થનો ત્યાગ કરી, ફક્ત ધર્મવૃત્તિથી સમાજની સેવા કરવાથી જ આ ઋણ આપણે પાછું વાળી શકીએ તેમ છીએ. માટે દરેક કેળવાયેલા અને સમજુ હિંદીએ આવી સેવા કરવા તત્પર રહેવું, અને સેવાના માર્ગની હમેશા શોધ કરવી.

દરેક જણ બરોબર ધ્યાનમાં લે કે આપણા ઉપર સમાજનાં અનેક ઋણ છે અને તે ધ્યાનમા લઇ તેમને યથાશક્તિ પાછાં વાળવા પ્રયત્ન કરવો જ જોઇએ. અનેક રીતે આપણે માથે ઋણ ચઢ્યા જ કરે છે, આખા દિવસનું કામકાજ કર્યા પછી સાંજે મનને તાજું કરવા કોઈ જાહેર બગીચામાં આપણે જઇએ ત્યારે વિચાર કરવો જોઇએ કે આ જાહેર બગીચો ક્યાંથી થયો ? કોના પૈસાથી થયો ? અને શી રીતે નિભાવાય છે ? તે બધું કાંઈ આપણા પૈસાથી તો થતું નથી જ, માટે તે સારૂ આપણે કોઇના, કાંઇ નહિ તો સમાજ સમસ્તના, ઋણી થયા. તે જ પ્રમાણે જ્યારે મુસાફરી કરતા કોઈ ધર્મશાળામાં ઉતરીએ છીએ ત્યારે પણ કોઇના ઋણી થઈએ છીએ, કોઇ જાહેર પુસ્તકશાળામાં જઈ જ્ઞાન મેળવીએ છીએ અથવા વાંચનગૃહમાં જઇ મફત છાપું વાંચીએ છીએ, ત્યારે પણ કોઇના ઋણી થઇએ છીએ, કોઇ ઇસ્પિતાલ કે આરોગ્યગૃહનો લાભ લઇએ છીએ ત્યારે પણ કોઇના ઋણી થઇએ છીએ, કારણ કે આ બધી સંસ્થાનું મૂળ તપાસીશું તો જણાઇ આવશે કે અમૂક સદ્ગૃહસ્થે ધર્માદા ખાતર આટલી રકમ કાઢી હતી અને તેમાંથી આ ઇસ્પિતાલ કે લાયબ્રેરી કે બગીચો કરવામાં આવ્યા હતા. એટલે કે જ્યારે આપણે તે બધાનો લાભ લઇએ છીએ, ત્યારે આપણે કાંઈક " ધર્માદા સંસ્થાનો ઉપયોગ કરીએ છીએ " તે વાત સદાયે ધ્યાનમાં રાખવી. આ ઉપરથી કહેવાનો ભાવાર્થ એમ નથી કે આ સંસ્થાઓનો ઉપયોગ ન કરવો. દુનિયામાં એટલી બધી અક્કડાઈ ચાલી શકે તેમ નથી. કલાપી કહે છે તેમઃ—

" બ્રહ્માંડ આ તો ગૃહતાતનું છે,
આધાર સૌને સૌનો રહ્યો છે.
લે છે સહુ કંઇ, સહુને દઇ કંઈ,
આભાર સૌને સૌ ઉપરે છે. "

પરંતુ તે બધાનો ઉપયોગ કરતી વખતે, આધાર લેતી વખતે આપણે કોઇના ઋણમાં આવીએ છીએ તે વાત વિસરવી નહિં અને કોઈ પણ વખતે, કોઇ પણ રીતે યથાશક્તિ આ ઋણ સમાજને પાછું વાળી આપવા તત્પર રહેવું.

વળી આ સંબંધમાં બીજી પણ એક વાત ધ્યાનમા લેવા જેવી છે, કોઇવાર પરોપકારના કાર્યકરતા-લોકસેવા બજાવતા-તે કરનારને ઘણી અડચણો પડે છે, લોકો તરફથી તે ધિક્કારાય છે અધિકારીઓ તેને પજવે છે, આવી વખતે કેટલાએક હિમ્મત હારી જાય છે. એટલું જ નહિ પણ તેમાના કોઈ તો અકળાઈ જાય છે. અને તેના મનમા સમાજ તરફ એક જાતનો તિરસ્કાર પેદા થાય છે, અને તે કહે છે કે સમાજને મ્હારી કદર નથી તો મ્હારે શા માટે ત્હેની દરકાર કરવી જોઇએ, મ્હારે શા માટે નિઃસ્વાર્થ સેવા કર્યા પછી પણ ધિક્કારને પાત્ર થવું જોઇએ ? અકળાઇને આવા વિચાર કરવા તે યોગ્ય નથી. આવે વખતે શાંતિ ધારણ કરવી જોઇએ. સ્વસ્થ મનથી, શુદ્ધ આશયથી, નિ:સ્વાર્થ વૃત્તિથી આપણી બુદ્ધિ પ્રમાણે કર્તવ્ય કરતા હોઇએ ત્હેમા આવા કોઇ વિક્ષેપ આવે તેથી નિરાશ ન થવુ.

આ વખતે આપણે સમાજ ઉપર ઉપકાર કરવા નિકળ્યા છીએ તેવું અભિમાન મનમાંથી કાઢી નાખવું અને મનમા એમ જ જાણવું કે આગળના જમાનાના નેતાઓ અને દેશ સેવકો જે જે ઉપકાર સમાજ ઉપર કરી ગયા છે, તેનું સમાજના એક અંગ તરીકે ઋણ પાછું વાળવાનું મહારૂં કર્તવ્ય જ છે અને તે માટે આપણુ કામ કર્યે જ જવું. ધાર્મિક, સામાજિક કે રાજકીય સુધારા જે આપણે અનુભવીએ છીએ તે માટે કેટલાએ લોકોએ દુઃખ વેઠ્યા હશે, આપણા થઈ ગયેલા અને હાલના નેતાઓએ આવા વિચાર કર્યા હોત તો આપણે કેવી સ્થિતિમા હોત તેનો વિચાર કરવો પણ મુશ્કેલ છે. માટે કોઇ પણ પ્રસંગે નિરાશ ન થતા આપણું ઋણ પાછું વાળવા સતત્ પ્રયત્ન કર્યા જ કરવો.

પરંતુ આ ઋણ પાછું વાળતી વખતે એટલું ધ્યાનમા રાખવાનું છે કે આ કાર્ય ગમે તેવું દેવુ નથી, અને તે પાછું વાળતા અમે તેમ કરીને વેઠ કાઢવાની નથી આપણી માંદગી વખતે આપણી માતા ચાકરી કરે છે તેનો બદલો આપણે કોઇ નર્સને પગાર આપીએ તે રીતે પાછો વાળતા નથી, પણ પ્રેમ અને વાત્સલ્યથી તે પાછો વાળીએ છીએ તે જ પ્રમાણે આ ઋણ પણ આપણે પ્રેમ અને વાત્સલ્યથી પાછુ વાળવાનું જ છે

છેવટે ફરીથી દરેક બન્ધુને આ બાબતો ઉપર ગંભીરપણથી વિચાર કરવા આગ્રહપૂર્વક વિનંતિ છે. આપણે આર્ય ભૂમિના વસનારા આર્ય સંતાન છીએ. દેવા વિષે આપણી લાગણી તીવ્ર છે પેઢીઓનું દેવુ, પુત્રો, પૌત્રો અને પ્રપૌત્રો પણ મુદતનો બાધ નડ્યા સિવાય ચુકવે છે એવી આપણા ધર્મપુસ્તકોની ભાવના છે તો સમાજનું આપણા પાસેનું આ લ્હેણું આપણે શી રીતે વિસારે પાડી શકીએ ? આ લોક ઋણ-સમાજ ઋણ હરકોઇ પ્રકારે પણ પાછું વાળવા આપણામાંના દરેક જણે સમાજ સેવાનો કોઇપણ માર્ગ નિ:સ્વાર્થ અંગિકાર કરવો જોઇએ, વળી આ રીતે કોઇ લોક સેવાનું કાર્ય કરતા હોઇએ ત્યારે "અમે પરોપકાર કરીએ છીએ" "ધર્માદા કરીએ છીએ" એમ મનમાં અભિમાન આણવુ નહિ. પરંતુ જે રીતિથી એક ઓશિંગણ દેવાદાર પોતાનું દેવુ ચુકવે છે તેવી વૃત્તિથી લોકસેવા કરવી અને પ્રભુનો ઉપકાર માનવો કે ઋણ મુક્ત થવાનો અવસર એણે આપણને આપ્યો.

આત્મવિકાસ

અનુ :- વિ. મૂ શાહ

(૧)

" The plea that this or that man has no time for culture will vanish as soon as we desire culture so much that we begin to examine seriously into our present use of time."

M Arnold

આપણે આત્મસુધારણા અથવા આત્મવિકાસ માટે તીવ્ર આતુરતાથી ઇચ્છીને હાલમા સમયનો કેવો ઉપયોગ કરીએ છીએ તેનુ પરીક્ષણ કરવાનુ શરૂ કરીએ કે તરત જ અમુક મનુષ્યને આત્મવિકાસ સાધવા માટે વખત મળતો નથી એવુ બહાનું અદૃશ્ય થશે "

એમ. આર્નોલ્ડ

સામાન્ય રીતે કેળવણીનો એવો અર્થ કરવામા આવે છે કે એ પુસ્તકો અને શિક્ષકોની મદદથી મનને ખીલવવાની રીત અથવા પદ્ધતિ છે યોગ્ય વ્યવહારના અભાવે કે આવેલી તકનો લાભ લેવામા ન આવે તેથી જ્યારે કેળવણીને ભૂલી જવામા આવે છે ત્યારે આત્મવિકાસ કરવાની એક આશા અવશિષ્ટ રહે છે અને તેને અવલબીને રહેવુ પડે છે. આત્મ વિકાસ કરવાના અનેક પ્રસગો આપણી આસપાસ પડેલા છે આત્મવિકાસના સાધનો પુષ્કળ છે અને સસ્તા પુસ્તકો મફત પુસ્તકાલયો, વગેરેના આ જમાનામા માનસિક વિકાસ અને ઉત્કર્ષના જે સાધનો પુષ્કળ પ્રમાણમા પૂરા પાડવામા આવે છે તેનો ઉપયોગ કરવાનુ વિસરી જવા માટે કોઈ પણ બહાનું સભળી શકે નહિ

પચાસ વર્ષ અથવા એક સો વર્ષ પૂર્વે જ્ઞાન પ્રાપ્ત કરવામા જે મુશ્કેલીમાથી પસાર થવુ પડતુ હતુ તેમા, પુસ્તકોની તગી તથા તેનો અતિશય મોઘી કિમતનો અને સખત મજૂરી કરવામાથી અભ્યાસ માટે જે વણો થોડો સમય બચતો તેનો વિચાર કરીએ છીએ ત્યારે એવા વિકટ સમયમા કેવુ અદ્‌ભુત બુદ્ધિબળ ધરાવનારા મનુષ્યો વિદ્યમાન હતા તેનો વિચાર માત્ર ખરેખર આશ્ચર્ય પમાડે તેવો છે આ સર્વ મુસીબતો ઉપરાત શારીરિક અશક્તિ, અ વત્વ, શરીરના અનેક પ્રકારના રોગો અને વ્યાધિઓ વગેરે વિટબનાઓની સામે પણ ઘણા લોકોને થવુ પડતુ હતુ વળી આ બધાની સાથે વર્તમાન સમયમા અભ્યાસ અને આત્મવિકાસ કરવામા સહાયભૂત થનારા સાધનોની વિપુલતાનો આપણે વિચાર કરીએ છીએ ત્યારે આપણી સ્થિતિ જોતા આપણને શરમ ઉપજે છે, કારણકે આપણા ઉપયોગ તથા પ્રેરણા માટે અનેક સાધનોનો સદ્‌ભાવ હોવા છતા આપણે તેનો ઘણો ઓછો લાભ લઈએ છીએ

આત્મવિકાસ શબ્દનો ઉપયોગ પોતાને સુધારવાની અથવા પોતાની ઉન્નતિ સાધવાની પ્રબળ ઇચ્છા એવા સૂચક અર્થમા કરવામા આવ્યો છે જો ઉન્નતિ અથવા સુધારણા માટે આપણા હૃદયમા ખરેખરી ઇચ્છા જાગેલી હોય છે તો મોજશોખ અને એશ-આરામ કરવાની આપણી ઇચ્છાનુ દમન કરવાથી સુધારણા કરવાનુ કાર્ય સહેલાઇથી સાધી શકાય છે નવલકથાઓનુ વાચન, રમતગમત પર પ્રેમ, વાર્તાઓ કહેવાની અને સાભળવાની ટેવ—એ સર્વને બિનાજરૂરી

આપવી જોઈએ. અને ફુરસદની પ્રત્યેક ક્ષણનો સદુપયોગ કરવા તત્પર થવું જોઈએ. જેઓ આત્મવિકાસ માટે યત્ન કરતા હોય છે તે સર્વના માર્ગમાં આ શક્તિરૂપી સિંહ અવરોધ કરી રહ્યો હોય છે અને એ શત્રુનો પરાજય કરવાથી જ આત્મોત્કર્ષ –આત્મવિકાસ સાધી શકાય છે એ નિશ્ચિત વાત છે. કોઈપણ મનુષ્ય તેની નવરાશનો સમય કેવી રીતે પસાર કરે છે તે જાણવાથી તેનું ભવિષ્યનું જીવન કલ્પી શકાય છે, એટલું જ નહિ પણ તેનાથી તેના આખા જીવનની ચાવી આપણા હાથમાં આવે છે, અને એ આ જીવનને કયા દૃષ્ટિબિંદુથી જુએ છે તે કહી શકાય છે. નવરાશના સમયનો દુરુપયોગ કરવાથી ચારિત્ર્યનો જે અપકર્ષ ક્રમશઃ થાય છે, જે ભયંકર પરિણામ નીપજે છે તેનાથી તે કદાચ અજ્ઞાત હોય તોપણ ચારિત્ર્ય દૂષિત થાય છે એમાં લેશ પણ શંકા નથી.

પોતાને પોતાના પ્રતિસ્પર્ધીઓથી પશ્ચાત પડી જતા જોઈને કેટલાક યુવકોને આશ્ચર્ય થાય છે, પરંતુ જો તેઓ આત્મનિરીક્ષણ કરશે તો તેઓને જણાશે કે તેઓ પ્રગતિ કરતા અટકી ગયા છે. કેમકે તેઓએ પોતાનાં જીવનને આત્મવિકાસથી અલંકૃત કરવાના અને વિશાળ વાંચનક્ષેત્રમાં વિહરવાના પ્રયાસને તજી દીધો છે. વાંચનમાં તેમજ અભ્યાસ કરવામાં નવરાશનાં સમયનો સદુપયોગ કરવો એ ઉત્તમ ગુણોની નિશાની છે. ઘણાખરા મનુષ્યોની બાબતમાં અભ્યાસ કરવામાં અથવા નિયમિત કરેલા સમયને વસ્તુતઃ અવકાશનો સમય કહી શકાય નહિ, કેમકે તે સમય નિદ્રામાંથી, ભોજન સમયમાંથી કે આરામના વખતમાંથી બચાવવામાં આવ્યો હોય છે.

લીહુ બુરીટ નામના સોળ વર્ષની વયના એક છોકરાને એક લુહારની દુકાનમાં આખો દિવસ સખત કામ કરવું પડતું હતું. આ છોકરાને દુનિયામાં પોતાની ઉન્નતિ સાધવામાં સહાયભૂત થનારાં સાધનો અને પ્રસંગો હતા તેના કરતાં ઓછાં સાધનો કોઈપણ છોકરાને ભાગ્યે જ હશે. આવી સ્થિતિમાં મુકાયેલો હોવા છતાં ભોજન વખતે પુસ્તકો વાંચીને, રાત્રે અને રજાના દિવસોમાં અભ્યાસ કરીને અને પોતે નવરાશની પ્રત્યેક ક્ષણનો સદુપયોગ કરી શકે એવા હેતુથી તેના ગજવામાં પુસ્તક રાખીને જે થોડોઘણો સમય મળતો અથવા તો તે બચાવી શકતો તે દરમિયાન તે સુંદર કેળવણી સંપાદન કરવા શક્તિમાન થયો હતો. જે સમય ઘણાખરા છોકરાઓ આળસમાં ગુમાવે છે, જે વખત આળસુ છોકરાઓ બગાસાં ખાવામાં અથવા એદીની માફક લાંબા પડીને ગપ્પાં મારવામાં ગુમાવે છે તેવા વખતમાં બુરીટને આત્મવિકાસ સાધવા માટે જે તક પ્રાપ્ત થતી તે સર્વનો તે સ્તુત્ય સદ્વ્યય કરતો. તેને જ્ઞાન પ્રાપ્ત કરવાની અત્યુત્કટ પિપાસા હતી. અને આત્મવિકાસની ઉગ્ર અભિલાષા હતી, જેને લઈને તેના માર્ગમાં આવતા સર્વ વિઘ્નોનું તે અતિક્રમણ કરી શક્યો. એક શ્રીમંત ગૃહસ્થે તેની કેળવણીનો સઘળો ખર્ચ આપવાની ઈચ્છા જણાવી, પરંતુ બુરીટે કહ્યું "મારે કારખાનામાં બારથી ચૌદ કલાક કામ કરવાનું હોય છે, છતાં પણ હું પોતે મારી કેળવણી સંપાદન કરી શકીશ. મારે કોઈના આશ્રયની કે સહાયની અપેક્ષા નથી" આવો તેનો દૃઢ નિશ્ચય હતો. તેમાંથી તે ચલાયમાન થાય એ અશક્ય હતું. કારખાનામાં કામ કરતાં કરતાં જે થોડોઘણો સમય તેને મળતો તે કદાપિ તે વ્યર્થ જવા દેતો નહોતો, પરંતુ તેનો ખરેખર સદુપયોગ કરતો. તેની એવી મજબૂત માન્યતા હતી કે ભવિષ્યમાં તેને વખતની કરકસરનો વ્યાજ સહિત બદલો મળશે જ, અને તેનો દુરુપયોગ તેને અધઃપતનના ઊંડા ખાડામાં ફેંકી દેશે. લુહારની દુકાનમાં આખો દિવસ સખત મજૂરી કરતા છતાં એક વર્ષ જેટલા ટૂંકા સમયમાં તે સાત ભાષા શીખી શક્યો. આ વાતનો વિચાર કરતાં આપણને અનહદ આશ્ચર્ય ઉત્પન્ન થાય તેમ છે.

શક્તિની ન્યૂનતાને લઈને નહિ, પણ પ્રયત્નની

ખામીને લઇને માણસો આગળ વધી શકતા નથી. ઘણી વખત એવું પણ જોવામાં આવે છે કે સેવ્ય કરતાં સેવકનું મગજ વધારે સારું હોય છે. માનસિક શક્તિમાં પણ તે કેટલીક વખત ચઢી જાય છે. પરંતુ તે તેની શક્તિને-આંતર બળને સુધારી ખીલવવાની દરકાર કરતો નથી, તે ખરાબ ટેવોથી પોતાની શક્તિને કુંઠિત અને ક્ષીણ કરી મૂકે છે જુવાનીમાં તેઓ પોતાના સમય તથા શક્તિ નિરુપયોગી વિષયોમાં ગુમાવે છે અને પછી ઘડપણ આવે છે અને સતત સેવાની શૃંખલા પીડા કરે છે, ત્યારે ભાગ્ય પર દોષ મૂકીને નિરાશા અને શોકમાં શેષ જીવન વ્યતીત કરે છે

જે લોકોએ વિદ્યાર્થી અવસ્થામાં શુદ્ધ હસ્તાક્ષરોથી લખતા શીખવાનું અને વ્યવહારિક જીવનમાં આવશ્યક જ્ઞાનની મુખ્ય શાખાઓ પર આધિપત્ય મેળવવાનું યોગ્ય ગણ્યું હોતું નથી તેવા લોકોમાંથી જ કારકુનો અને નોકરોની મોટી સંખ્યા મળી આવે છે યુવાન પુરુષો અને સ્ત્રીઓમાં જે અજ્ઞાન દશા પ્રચલિત છે તે આ જમાનામાં અને આ દેશમાં ખરેખર શોચનીય અને દયાજનક છે દરેક સ્થળે ઉત્તમ નૈસર્ગિક શક્તિ ધરાવનાર સ્ત્રી પુરુષો હલકા દરજ્જાની નોકરી કરતા જોવામાં આવે છે, તેનું વાસ્તવિક કારણ એ છે કે તેઓ જે જ્ઞાન વડે કુશળ કાર્ય કરનાર થઇ શકે એવા જ્ઞાનની પ્રાપ્તિમાં તરુણ વયની અંદર ચિત્ત પરોવવાનું-એકાગ્ર કરવાનું તેઓને પૂરતી આવશ્યકતાવાળું જણાયું નથી હોતું. તેમજ હજારો સ્ત્રીપુરુષો જીવનના વિકાસક્રમમાં પાછળ પડી ગયેલા જોવામાં આવે છે તે એ કારણથી કે તેઓએ પોતાની જુવાનીના વખતમાં ઉપરથી નજીવી જણાતી પરંતુ અંદરથી અતિ ઉપયોગી બાબતો પરત્વે લક્ષ આપવાનું યોગ્ય ધાર્યું નથી હોતું.

અપૂર્ણ

સમયની કિંમત

પિતાજી-સ્વ બાળગંગાધર ટિળક-કેસરી માટે લેખ લખી રહ્યા હતા. એમાં તે એવા ખોવાઇ ગયા હતા કે સમયનો પણ એમને ખ્યાલ નહોતો. જમવાનું તૈયાર હતું ભોજનનો સમય થઇ ગયો હતો મા ક્યાર સુધી પિતાજીની વાટ જોતી રહી, પણ એક કલાક વીતી ગયો તો યે પિતાજી આવ્યા નહિ ત્યારે તેમણે મને, પિતાજીને જમવા માટે બોલાવવા મોકલી

મેં જઇને પિતાજીને કહ્યુંઃ 'પિતાજી, જમવાનું ક્યારનું યે તૈયાર છે તમે તો હજુ નાહ્યા પણ નથી !'

પણ એ તો કામમાં એટલા ડૂબેલા હતા કે કદાચ એમને હું એમના ઓરડામાં હતી એ હકીકતની પણ ખબર ન પડી. બે વાર મેં આમ કહ્યું ને બન્ને વાર મારું કહેવું નિષ્ફળ ગયું છેવટે હું હિંમત કરીને જોરથી બોલી આ વખતે મારો અવાજ એમને કાને પહોંચ્યો. એમણે કહ્યુંઃ 'દીકરી, બ્રહ્મદેવે ઘણી મોટી ભૂલ કરી છે !'

ભોજન માટે બોલાવવા જતાં, આવી વાત સાંભળીને મને નવાઇ લાગી. મેં આશ્ચર્યથી પૂછ્યું;

'શું કહ્યું, પિતાજી ?'

એમણે કહ્યું, અરે એમ, કે બ્રહ્માએ પેટની થેલીમાં એક કાણું રાખ્યું હોત તો કેટલું સારું હતું ! આ રસ વગેરે એમાં એક વાર ભરી દીધું કે બસ, હમેશ માટે ફુરસદ. આટલો બધો મહત્વનો સમય ! એને ભોજન જેવા કામમાં ખર્ચ કરતાં મને ઘણું દુઃખ થાય છે '

—પાર્વતીબાઈ કેલકર

બીજી તારાદૃષ્ટિની સઝાય

સં. ડૉક્ટર વલ્લભદાસ નેણસીભાઈ મોરબી

દર્શન તારા દૃષ્ટિમાં, મનમોહન મેરે,
આવેય અગ્નિ સમાન,
શૌચ-સંતોષ તે તમ ભલું,
સઝાય ઇશ્વર ધ્યાન. મનમોહન મેરે

પ્રથમની મિત્રાદૃષ્ટિ કરતાં, આ દૃષ્ટિમાં મિથ્યાત્વની મંદતા અને બોધની વિશેષતા કેટલી હોય છે તે દર્શાવે છે. જેમ મેલથી મલીન થયેલા વસ્ત્રને સાબુ તથા જલ આદિ સાધનોથી ધોતાં જેમ જેમ મેલની ક્ષતિ થતી જાય છે તેમ તેમ વસ્ત્ર પોતાના મૂળ ઉજ્જવલ સ્વભાવને ધારણ કરતું જાય છે. તે જ રીતે આત્મામાં મિથ્યાત્વનું જે આવરણ છે તે જ મેલ છે. તે મેલને દુર કરવા માટે સાચી જીજ્ઞાસાથી ઉત્પન્ન થયેલી સદ્ભાવનારૂપી જલ અને સદ્ગુરુના સદ્બોધ તથા સદ્આચરણરૂપી ખારનાં સાધનો મળવાથી જેમ જેમ મિથ્યાત્વરૂપ મેલની ક્ષીણતા થતી જાય છે એટલે મિથ્યાત્વનો રસ મંદ પડતો જાય છે તેમ તેમ આત્મામાં જાગૃતિ, સદ્વિચાર અને વિશુદ્ધિ વધતાં જાય છે તેથી તૃણાગ્નિના પ્રકાશ કરતાં છાણાના અગ્નિમાં જેમ પ્રકાશની વિશેષતા છે તેમ અવ્યક્તપણે પ્રગટ થયેલી સામાન્ય જિજ્ઞાસા કરતાં કાંઈક વિચારપૂર્વક વ્યક્ત થયેલી વિશેષ જીજ્ઞાસામાં આવરણની મંદતા થવાથી બોધજ્ઞાનની વિશેષતા થાય છે અર્થાત્ જીવાત્મા પરમાર્થ માર્ગ નજીક આવે છે તેની તેનામાં કાર્ય પરિણામી ગુણો જેવા કે—

(૧) શૌચ-મન વચન કાયાની પવિત્રતા.

(૨) સંતોષ-પૌદ્ગલિક પદાર્થોમાં અનાસક્ત વૃત્તિ અર્થાત્ તૃષ્ણા ઉપર જય વા અંતર સંયમ.

(૩) તપ-ઇચ્છા, વૃત્તિ કે વાસનાઓને જીતવા ઇંદ્રિયોના વિષયોથી વિરક્ત વા ઉદાસીન થવું.

(૪) સઝાય-જગતની ઉપાધિરૂપ જંજાળથી આત્માને મુક્ત કરીને પોતાના સ્વરૂપનું ચિંતવન કરવું.

(૫) ઇશ્વર પ્રણિધાન-પોતાના આત્માનું ચિંતન કરવું ને સ્વાધ્યાય પણ કારણ વિના કાર્ય થાય નહીં તેમ ઇષ્ટ દેવની ઉપાસના કર્યા વિના પોતાના સ્વરૂપનું ચિંતવન કે અનુભવ થઈ શકે નહીં. ઉપરોક્ત ગુણોને પ્રગટાવનારી તારા દૃષ્ટિ છે.

નિયમ પંચ ઇંહ સંપજે, નહિ કિરિયા ઉદ્વેગ,
જીજ્ઞાસા ગુણ તત્ત્વની, પણ નહિ નિજ હઠ.

ટેક—મન૦

આ દૃષ્ટિમાં અહિંસા-સત્ય-અસ્તેય-બ્રહ્મચર્ય અને અપરિગ્રહ એ પાંચ નિયમો પૂર્વક સદાચરણો વા સદ્સાધનોનું સેવન જરાપણ લોકભય લોકદૃષ્ટિ, લોકસંજ્ઞા, લોકરંજનતા ગણ્યા વિના ઉદ્વેગ લાવ્યા વિના, ઉત્સાહ, વૈરાગ્ય, અખેદતા અને શ્રદ્ધાથી સેવન કરે તેમજ કોઈ પણ જાતના સ્વચ્છંદ, પ્રતિબંધ, કદાગ્રહ, મતાગ્રહ, કે હઠાગ્રહ ગણ્યા વિના સદ્ગુરુની આજ્ઞાપૂર્વક નિષ્કામપણે નિષ્કપટપણે સરલતાથી સન્માર્ગની ઉપાસના કરીને આંતરિક સદ્ગુણોનો સાચો પ્રેમી બનીને તેવા ગુણોને મેળવવા માટે આ લોક, તથા પરલોકનું શ્રેય સાધવા માટે પ્રબલ પ્રયત્નશીલ બને છે.

એહ દૃષ્ટિ હોય વરતતાં, યોગ કથા બહુ પ્રેમ,
અનુચિત તેહ ન આચરે, વાળ્યો વળે જેમ હેમ.

મન૦ ૨

આ દૃષ્ટિમાં વર્તનાર જીવને યોગ કયા એટલે પરમાર્થમાર્ગ આપનાર શ્રી સદ્‌ગુરુના કલ્યાણકારી સદ્‌બોધ તરફ અતિપ્રેમ, અને શ્રદ્ધા હોય. જેનાથી જરા પણ આત્માનું પતન થાય તેવું કોઈ પણ અનુચિત (આત્માને અહિતકારી) આચરણ સેવે નહીં. અને શુદ્ધ સુવર્ણ જેવો સરળ અને નિર્મળ હોય. જેમ કે લોઢાના અને સોનાના બન્ને બારીક તારોને જેમ વાળીએ તેમ વળે પણ લોઢાના તાર બે ચાર વખત વાળવાથી તુટી જશે, અને સોનાના તારને સેંકડો વખત વાળવાથી તે ગુંચળું થઇને વળી જશે પણ તુટી નહીં જાય તેમ આત્માર્થી જીવ, જે સદ્‌ગુણી પાસેથી આત્માનું હિત સધાયું હોય કે સદ્‌ગુણોની પ્રાપ્તિ થતી હોય તેની પાસે જરા પણ ઉદ્ધતાઈ, વક્રતા, અહંકાર, કદાગ્રહ કે અવિનયપણું રાખ્યા વિના ગુણાનુરાગી થઇને નમ્ર, સરલ અને સત્પ્રેમી બનીને વિનય અને શ્રદ્ધાથી સન્માર્ગનો આરાધક બને છે. આત્માની ઉન્નતિ સાધવા શક્તિ માન થાય છે.

વિનય અધિક ગુણીનો કરે, દેખે નિજ ગુણ હાણ,
ત્રાસ ધરે ભવ ભય થકી ભવ માને દુઃખ ખાણ.
મન૦ ૪

પ્રભુ પ્રત્યે તન્મયતા, શ્રી સદ્‌ગુરુના ચરણ-કમલમાં તલ્લીનતા, અને ક્ષણે ક્ષણે પોતાના આંતરિક દોષોનું નિરીક્ષણ. આ ત્રણ મહા સાધનો એ જીવાત્માને તરવામાં શ્રેષ્ઠ સાધનો છે. આ પ્રમાણે પોતાના ગુણોની ખામી જોઇને, પોતાના દોષોનું અંતર્દૃષ્ટિથી નિરીક્ષણ કરનાર, પોતાનાથી અધિક સદ્‌ગુણી પુરુષોનો ઉલ્લાસિત ભાવે વિનય કરનાર, ભવવૃદ્ધિના કારણોથી ત્રાસ પામીને તેનાથી નિવૃત થનાર અને સંસારને અનંત દુઃખની ખાણ માનનાર જીવાત્મા જ સન્માર્ગનો આરાધક બને છે.

શાસ્ત્ર ઘણાં મતિ થોડલી, શિષ્ટ કહે તે પ્રમાણ,
સુયશ લહે એ ભાવથી, ન કરે જૂઠ ડફાણ—મન. ૫

જે આત્માર્થ જીવ હોય તે પોતાના સ્વચ્છંદ અને અહંકારને છોડીને તથા જે અજ્ઞાનાવસ્થામાં અસદ્‌-ગુરુની નિશ્રાયે શાસ્ત્રો વાંચીને મતિ કલ્પનાથી તે શાસ્ત્રોના ભાવોને અન્યથારૂપે માનેલ શાસ્ત્રાભિ-નિવેશ મિથ્યાત્વ તેનો ત્યાગ કરીને સદ્‌ગુરુની આજ્ઞાએ વર્તનાર મુમુક્ષુ આત્મા ઘણાજ ગહન શાસ્ત્રોના અર્થના રહસ્યને નહિ સમજવાથી, શાસ્ત્રોના અંતર રહસ્યને સમજ્યા વિના શાસ્ત્રોની જાળરૂપ ને મહાન અરણ્ય તે ચિતને ભ્રમણ કરવાનું કારણ બને છે તેમ સમજીને શિષ્ટ એટલે પરમજ્ઞાની શ્રી સદ્‌ગુરુદેવ જે કહે છે તે જ સત્ય અને શ્રેયસ્કરી છે એમ દૃઢ નિશ્ચય કરીને હું જાણું છું, હું સમજું છું, એવો જરા પણ જૂઠ કે ઘમંડ રાખ્યા વિના હું કાંઇ પણ જાણતો નથી એમ નિરભિમાનપણે શ્રી સદ્‌-ગુરુદેવના ચરણ કમલમાં અનન્ય ભક્તિભાવે શ્રી સદ્‌ગુરુદેવની ઉપાસના કરનાર જીજ્ઞાસુ આત્મા પોતાના આત્માને વિશુદ્ધ બનાવીને નિર્મલભાવથી સુયશ એટલે આત્મહિત સાધવાની ઉજ્જવલ કીર્તિને મેળવવા તે ભાગ્યશાળી બને છે.



શરીર એટલે ભોગાયતન.

લેખકઃ–સાહિત્યચંદ્ર બાલચંદ હીરાચંદ, માલેગામ

શરીર એટલે ભોગ ભોગવવાનું ઘર. શરીરમા જે ભોગેંદ્રિયો છે તે બધાઓનો આવિષ્કાર શરીર દ્વારા જ થઈ શકે છે. આપણે ખાવું, પીવું, જોવું, સુંઘવું ને સ્પર્શનું સુખ મેળવવું, એ બધું આ શરીરદ્વારા જ કરીએ છીએ. શરીર ન હોય તો આત્મા ગમે તેટલો બળવાન હોય છતાં એ આ ભોગવવાનું કાર્ય કરી શકતો નથી. એટલે આત્માને પોતાનું બધું કાર્ય આ શરીરના સાધનથી જ કરવું પડે છે. એટલે જ આ શરીરને ભોગોનું ઘર કહીએ તો ચાલે.

આપણા શરીરમા જેમ પાંચ ઇંદ્રિયો કાર્ય કરે છે તેમ મન પણ એક પ્રબલ શકિત છે અને એ મનદ્વારા જ બધા ઇંદ્રિયોના કાર્યો ચાલ્યા કરે છે. મનમાં જો કોઈ જાતની શિથિલતા આવી જાય અગર તો વિકૃત બની જાય તો બાકીની ઇંદ્રિયો પોતાની છતી શક્તિ ગુમાવી બેસે છે. મતલબ કે બધી ઇંદ્રિયોને પ્રેરણા આપનારૂં મન જ છે. એથી જ શાસ્ત્રકારો પોકારીને કહે છે કે, જીવને આ સંસારમાં બાંધી રાખનારૂં કોઈ હોય તો તે મન જ છે. તેમ એ બંધનમાથી છોડાવનારૂં કોઈ હોય તો તે પણ મન જ છે.

આપણે ખાઈએ છીએ, પીએ છીએ કે સ્વાદ ગ્રહણ કરીએ છીએ તે ભલે મુખ અને જીભથી કરતા હોઈએ પણ તેમાં પ્રેરણા આપનારું અને તેમા સારા નરસાની ઓળખાણ કરાવી આપનાર અને ગ્રહણ કરવું કે છોડવું એ બુદ્ધિ તો મન જ આપે છે. આપણું શરીર કે ઇંદ્રિયો જાણે પરવશપણે તેની આજ્ઞા પાળ્યે જાય છે. આપણે સુંદર રાગનું ગાયન સાંભળીએ છીએ, અગર કર્ણકટુ અવાજ સાંભળીએ છીએ ત્યારે તેનું ગ્રહણ કે તેનો તિરસ્કાર કરવાની પ્રેરકશક્તિ તો મન જ છે. સુગંધ કે દુર્ગંધ નાસિકાદ્વારા મળે છે. પણ તેને આવકાર આપવો કે તેનો ત્યાગ કરવો એ તો મન જ બતાવે છે. એ ઉપરથી જોઈ શકાય છે કે, આપણા શરીર અને ઇંદ્રિયો ઉપર મન સર્વોપરિ હક્ક અને તાબો ભોગવે છે ત્યા આપણું શરીર અને ઇંદ્રિયો એ કેવળ યંત્રવત્ કામ કરે છે.

પ્રાચીન ભવમા કરેલા શુભ કે અશુભ કર્મોનો ભોગવટો કરવાનું જો કોઈ સાધન હોય તો તે આપણું શરીર જ છે. જ્યારે મનની પ્રેરણાથી અને ઇંદ્રિયોની સહાયથી આપણે કોઈ કર્મ કરીએ છીએ ત્યારે જો આપણે વિવેકનો થોડો પણ આસરો લઈએ તો આપણા હાથે અશુભ કર્મ થવાનો સંભવ ઓછો હોય છે. પણ તેમ ઘણા ભાગે થતું નથી. કારણ આપણા માથે અહંકાર અને મોહનું ભૂત ચઢી બેઠેલું હોય છે. અને તેથી ત્યા વિવેકને આવવા અવકાશ રહેતો નથી એ કર્મોને પાકવાને થોડો કે ઘણો અવકાશ ને કાળ જોઈએ છે. અને તે પાકતા તેના ફલસ્વરૂપ ભોગ ભોગવવાનું આ શરીરને હોય છે ત્યારે આ દુઃખ ક્યથી આવ્યું ? એનો વિચાર આપણે કરવા બેસીએ છીએ. પણ પ્રત્યક્ષ દેખીતું કારણ નહી જણાતા આપણી મૂંઝવણ વધી પડે છે અને એ માટે ગમે તેનો દોષ કાઢવા આપણે પ્રેરાઈએ છીએ પણ વાસ્તવિક રીતે એને કારણભૂત આપણે પોતે જ છીએ, અને આ તો એનું ફળ છે. ત્યારે બીજાનો દોષ શા માટે કાઢીએ છીએ ? પણ અકસ્માત કોઈ દેખીતું કારણ ન હોવા છતા આપણને લાભ થઈ જાય છે, ત્યારે તેનું બધું શ્રેય આપણી બુદ્ધિ કે કર્તવ્યગારીને આપી સંતોષ માનીએ છીએ. પણ આ

આપણું શરીર એ ભોગાયતન અગર બદલો મેળવવાનું સાધન છે એ તદ્દન ભૂલી જઈએ છીએ. એ નકી સમજી રાખવું જોઈએ કે, આપણને જો કોઈ અકસ્માત લાભ થાય છે તેના કારણમાં આપણું પ્રસ્તુત પરાક્રમ કે શક્તિ નહીં પણ આપણે પૂર્વ ભવમાં જે સાધના કરવા માટે કાંઈ પરાક્રમ અને વીર્ય ફેરવ્યું હતું તેના ફલસ્વરૂપ એ પરિપાક છે.

એ ઉપરથી ફલિત થાય છે કે. આપણે જો કાંઈક પરાક્રમ ફેરવીએ અને સંયમ કેળવી ત્યાગ–વૈરાગ્યનો ભાગ કેળવીએ તો ઘણું સારૂં સાહિત્ય અને મૌલિક સંગ્રહ આગામી જન્મ માટે ભેગો કરી શકીએ. જ્યારે પૂર્વભવમાં કરેલા શુભ કર્મોનું ફળ આ પ્રસ્તુત ભવમાં ભોગવવા મળે છે, ત્યારે આ ભવમાં તેવું જ અને તેથી પણ વધુ પરાક્રમ કરી તેનું ફળ શા માટે ન મેળવી શકાય?

શરીર એ ભોગભૂમિ છે. સુખ અગર દુઃખ એથી જ ભોગવી શકાય છે, ત્યારે નવું કર્મ ઉપાર્જિત કરવાનું સાધન પણ એ શરીર જ છે એ સ્વયં સિદ્ધ થઈ જાય છે. જ્ઞાની ભગવંતોએ વારંવાર પોકારી પોકારી કહેલું છે કે, આ સંસાર એક ચક્રવ્યૂહ છે. એમાં જેને આનંદ આવતો રહે છે તે ચક્રવ્યૂહમાં એવો તો ગૂંચાતો જાય છે કે તેમાંથી છુટવાને તેને અવકાશ જ મળતો નથી. એકાદ સામાન્ય જણાતું કર્મ એ કરે છે અને સેંકડો, લાખો વરસો તો શું પણ સાગરોપમ પલ્યોપમનું એ ભોગનું આયુષ્ય એ મેળવી પોતાની રખડપટ્ટી એ વધારી મૂકે છે.

ભગવાન્ મહાવીરના આત્માએ એક સામાન્ય મિશ્ર વાક્ય ઉચ્ચાર્યું કે, ભગવંત ઋષભદેવ પાસે ધર્મ છે તેમ મારી પાસે તદ્દન ધર્મ નથી એમ તો નથી જ. મારી પાસે ધર્મ તો છે જ. આ બોલવાનું કેવડું ઘોર પરિણામ આવ્યું? પૂર્વે બાંધેલા શુભકર્મો પણ તિરોહિત થઈ ગયાં. અને અનેક કર્મો બાંધવાનું અને ભોગવવાનું સાહિત્ય ભેગું થઈ ગયું. આમ સામાન્ય દૃષ્ટિથી જોતાં એમણે કોઈ મહાન્ ઘોર હત્યાકાંડ ઉભું કર્યું ન હતું તેમ કોઈનું કાંઈ પણ અપહરણ કરેલું ન હતું. અગર કોઈ એવું મિથ્યા ભાષણ કર્યું ન હતું કે જેથી એકાદ જીવને મહાન્ દુઃખ થાય પણ તેનું ફળ માત્ર અતિ મહાન્ દુઃખમાં પરિણમ્યું. એથી જ સિદ્ધ થાય છે કે આપણા બોલવા ચાલવામાં કે દરેક નાની મોટી હીલચાલ કરવામાં કેટલી સાવચેતી રાખવાની જરૂર છે! આ ભોગાયતનને વાપરવામા કેવી સાવચેતી રાખવાની હોય છે.

ઘડીઆળ એ સમયનો બોધ આપનારી વસ્તુ છે. વખતોવખત આપણને જાગૃત રાખનારી વસ્તુ છે. અર્થાત્ એનો સીધો સરળ અને યોગ્ય ઉપયોગ કરવામાં અને એને સુવ્યવસ્થિત રાખવામાં આવે તો એ વસ્તુ આપણને ઘણી સારી મદદ કરી શકે છે. એટલા માટે એને સાવચેતીપૂર્વક શી રીતે વાપરવી અને ઉપયોગ કેવી રીતે કરવો એ તરફ વધુ ધ્યાન આપવું પડે છે. સુઘડ અને સમજદાર માણસના હાથમાં એ ઉપયોગી યંત્ર હોય ત્યાંસુધી જ એ સારૂં કામ આપે છે એ આપણો અનુભવ છે. એકાદ અણઘડ અને જંગલી માણસના હાથમાં એ જ ઘડીઆળ આવી પડે તો એ તે જ ઘડીઆળને શું કરે? કદાચ થોડા જ વખતમાં તેને ભાંગી ફોડી નકામું કરી મૂકે. અને એ જ ઘડીઆળ નાના બાલકના હાથમાં આવી જાય તો એ ઘડીના છઠ્ઠા ભાગમાં તેના કડકા કરી મૂકે. અને કદાચ એમાં રહેલ કાચ કે સ્પ્રીંગથી પોતાના શરીરને અપાય પણ કરી બેસે. એટલે જે ઘડીઆળ પાસે ઘણું સારૂં કામ કરાવવાનું હતું, તેથી ઊલટું તેથી પોતાને જ નુકસાન કરી બેસે,

આપણા આ ભોગાયતન કે શરીરને એ ઘડીઆળની ઉપમા બરાબર બંધબેસતી લાગે છે. જ્ઞાનીજનો એ શરીરનો સારામાં સારો ઉપયોગ શી રીતે થઈ શકે તે જાણતા હોવાથી અનેક પ્રકારના પુણ્યાનુબંધી શુભકર્મોનો સંગ્રહ કરી સંસારના બંધનોને કાંઈક શિથિલ કરી મૂકે છે. અને પોતાનો

સંસાર ઘટાડે છે. ત્યારે કોઈ એ ભોગાયતનનો ઉપયોગ ફક્ત ભોગ ભોગવવા માટે અને ભોગની નવી નવી સામગ્રી પેદા કરવામાં કરે છે. અને એથી જ સંસારનો અખંડ દુષ્ટચક્ર વ્યૂહ ચાલુ રાખવામાં એ પ્રયત્ન કર્યેજ જાય છે. અને અનંતાનંત સંસાર વધારે જ જાય છે. એવા માણસો માટે આપણે શું કહીએ ? આ શરીરનો ઉપયોગ પરોપકાર, દયા, ક્ષમા, શાંતિ માટે નહીં કરતાં જે સ્વાર્થ લોલુપતામાં કરે છે, તેને આપણે અજ્ઞાન, અવિદ્યાગ્રસ્ત મૂર્ખ માણસ કહીએ તો ચાલે! તેથી આગળ વધી જે ભોગાયતનનું મૂલ્ય તદ્દન જાણતા જ નથી, અને એ શરીર અર્થાત્ માનવદેહ મેળવવા માટે કેટલા પુણ્યનો સંચય કરવો પડે છે અને તેમાં કેટલા પરોપકાર આદિ કાર્યોનો ઉપયોગ થયેલો હોય છે તે તદ્દન ભૂલી જઈ એકાદ બાલક જેમ ઘડીઆળ ભાંગી નાખે તેમજ કામભોગથી એ શરીરને રોગોનું ઘર કરી મૂકે છે; ક્રોધથી અપકીર્તિ સાથે આયુષ્ય ઘટાડી નાંખે છે; અને લોભાંધ થઈ અનેક કૂડ કપટ કાવાદાવા કરી આખરે સરકારના કે જનતાના ગુન્હાગાર બને છે. અને જેલ જાત્રા કે આપઘાતના ભાજન બને છે. અને પરલોકમાં અનંતકાળ સુધી નરકાદિ યોનિઓમાં સબડયા કરે છે, એવા માનવને શું કહેવાય ? એ કેવો ભોગ ? જે ભોગથી અને તુચ્છ આનંદ પાછળ કેવા દુઃખોની પરંપરાનો જન્મ થાય છે, એ વિચાર કરવા જેવો પ્રશ્ન નથી શું ?

આ ભોગાયતનનો ખોટી રીતે ઉપયોગ કરતા કેવાં કડવાં ફળો ભોગવવાં પડે છે એ આપણે જોઈ ગયા. તેમ તેનો સમુચિત ઉપયોગ કરવાથી શું બને એનો પણ આપણે વિચાર કરવો જોઈએ.

વસ્તુનો સારો અને ખોટો એવા બે પ્રકારે ઉપયોગ થઈ શકે છે. દીવાસળીથી દીવો પ્રગટાવી શકાય ને ચુલો સળગાવી પાકનિષ્પત્તિ પણ થઈ શકે. તેમ ઘરમાં આગ ચાંપી તે બાળી પણ મૂકી શકાય. જ્ઞાની માણસ પોતાના બોલવાથી કે લખાણથી અનેકોને સરલ અને ધર્માનુસારી માર્ગદર્શન કરાવી શકે. અને જો એ વિપરીત રીતે કાર્ય કરે તો 'સાક્ષર' અર્થાત્ પંડિત મટી અવળો થઈ 'રાક્ષસ' એટલે અનંત પાપોનો પ્રચાર પણ કરી શકે. અને અનેકોના જીવનમાં હોળી સળગાવી મૂકે છે. એમાંથી કયો માર્ગ આપણે ગ્રહણ કરવો જોઈએ ?

માનવભવની દુર્લભતા શાસ્ત્રકારોએ અનેક જગે અનેક રીતે વર્ણવી છે. અવસર મહાનકાળ વિત્યા પછી હાથમાં આવ્યો છે. તેનો બને તેટલો સારામાં સારો ઉપયોગ કરી લેવો એ આપણા હાથમાં છે. તેથી પ્રાપ્ત થયેલો અમૂલ્ય અવસર શા માટે ખોઈ બેસીએ ?

તમે નિરોગી અને બલવાન હો તો યથા શક્ય દુર્બલોની મદદ કરો. બની શકે તેટલી તપશ્ચર્યા કરી જ્ઞાન ધ્યાનની આરાધના કરી સંયમવૃત્તિ કેળવો. તમે ધનવાન હો તો અપંગ, અનાથ અને ગરીબોને દ્રવ્યની મદદ પહોંચાડો. અને સાથે સાથે ધ્યાન રાખજો કે જેને તમે મદદ આપો તેનું સ્વમાન ન ઘવાય. તેમજ તમે કીર્તિ લોલુપ થઈ પ્રસિદ્ધિની આકાંક્ષા ન રાખો. નિષ્કામ રીતે કરેલું શુભ કાર્ય જ સાચું ફળ આપે છે, એ રખે ભૂલતા. તમે લેખક હો તો એવા લેખો લખો કે જેથી વાચનારના મનને સંતોષ થાય. અને એ કાંઈક સારૂ કાર્ય કરવા પ્રવૃત્ત થાય. તમે કવિ હો તો તમારા કવનોથી ગાનાર વાચનારના હૃદયના તાર ઝણઝણી ઊઠે, અને તેઓના આત્માને કાંઈક માર્ગદર્શન પ્રાપ્ત થાય. તમો વક્તા હો તો તમારી વાણીમાં બોધ, ત્યાગ, વૈરાગ્ય અને શુભ કર્મોની પ્રેરણા હોય અને પ્રત્યેક માણસને પોતાના દોષો જાણવાની વૃત્તિ જાગે! મતલબ કે જેની પાસે જે ગુણ હોય તે આ ભોગાયતન શરીર દ્વારા સારા જ કામમાં ઉપયોગી બને એવી રીતે વાપરો. આ ભોગાયતનનો ઉપયોગ સારામાં સારી રીતે કરવાની બુદ્ધિ દરેક માનવના મનમાં જાગે એ જ શુભેચ્છા!

અનેક વ્યાખ્યાનો આપ્યાં. ત્યાંના અગ્રેસરોને મારી વાત ઊતરી ને એક પાઠશાળા કુમઠીમાં ને બીજી ગદકમાં શરૂ થઈ ગઈ. એમ તો ત્યાંના કચ્છી બિરાદરો પૈસે ટકે સુખી હતા એટલે કેળવણીનું મહત્ત્વ સમજાતાં એમણે યથાશક્તિ ફાળો આપી સંસ્થાઓના કામને આગળ વધવાની સરળતા કરી આપી.

પરંતુ વેપારની લાયમાં કેળવણીને ભૂલી જવું તે વખતે સહેલું હતું, એટલે ૫–૭ વર્ષ સુધી વિદ્યા વિષયક સચેતતાને સજીવન રાખવા માટે સારી પેઠે પરિશ્રમ લેવો પડેલો. અત્યારે તો કેળવણી માટે કોઈને કશું કહેવું પડે એવું રહ્યું નથી. સૌ આપમેળે સમજીને પોતાનાં બાળબચ્ચાંને ભણાવે ગણાવે છે ને તેમાં ગૌરવ લે છે. કાળ કાળનું કામ કરે છે તે આનું નામ. આરંભનું કામ વિકટ હોય છે. ચીલો પડી ગયા પછી તો ગાડું ગબડ્યે જ જાય છે. દરિયો ખેડવા માટે નાવ બનાવવામાં મહેનત ને કુનેહ રહેલાં છે; પણ એકવાર એ તૈયાર થઈ ગઈ કે એમાં બેસનારા વગર બોલાવ્યે આવી મળવાના.

સંવત ૧૯૬૬ પછી મારા જીવનમાં પલટો આવ્યો. આત્મકલ્યાણની ને ભગવદ્‌ભક્તિની ભાવનાએ મારા જીવનનું સુકાન હાથમાં લીધું. સમાજ સુધારાના ને કેળવણી વગેરેના પ્રશ્નો એમને માર્ગે એમની રીતે કાળબળથી ચાલતા થઈ ગયા હતા, એટલે આધ્યાત્મિક જીવનને સેવવા માટેની જે ઝંખના બચપણથી જ ઊંડે ઊંડે રહી હતી તેને ઉપર આવવાનો અવકાશ મળ્યો ને મેં એને પોષવા માંડી.

આને પરિણામે અન્ય વિષયોમાંથી ચિત્ત ખસી જઈને ભજનકીર્તન ને સાધનામાં રસ લેતું બની ગયું. હું જ્યાં હોઉં ત્યાં ને જ્યાં જાઉં ત્યાં પછી તો ભજન કીર્તન કરવાનો આનંદ લેતો ને દેતો, આત્મકલ્યાણને જ વિષય બનાવી વાર્તાલાપો ને પ્રવચનો કરતો. કુમઠીમાં જાઉં ત્યારે ભાઈશ્રી માણેકજી પીતાંબરને ઘેર ઊતરતો ને ગદક જાઉં ત્યારે ભાઈ લાલજી લધાને ત્યાં ઊતરતો.

લાલજીભાઈ અમારા નિકટના સંબંધી હતા ને મારા પ્રત્યે તેમનામાં અંતરની ઊંડી લાગણી હતી. માણેકજીભાઈ કુમઠીમાં પોતાનો સ્વતંત્ર વેપાર કરતા, પણ લાલજીભાઈ તે વખતે શેઠ વિસનજી ત્રિકમજીની કંપનીમાં નોકરી કરતા. પછી તો એમણે લાલજી લધાના નામની પેઢી [illegible] પુત્ર હીરજી લાલ[illegible] તેને ઉચ્ચ સિદ્ધાંતો સાથે, ને પોતે વિસનજી [illegible]રે સંસ્થામાં હોદ્દેદાર થયા.

હું ગદક [illegible] — દર વર્ષે એક વાર હું ત્યાં જતો–ત્યાં આઠેક દિવસ સુધી રોકાતો ને ત્યાં ભજનકીર્તન તથા પ્રવચનોનો કાર્યક્રમ યોજાતો. લાલજીભાઈનો, ત્યાંની મારી સર્વ સાર્વજનિક પ્રવૃત્તિઓમાં ભારે ટેકો હતો ને એમને લીધે બીજા શ્રીમંતો પણ ટેકો આપવા તૈયાર રહેતા. આવા જિજ્ઞાસુઓ ને કલ્યાણ કાર્યોમાં સક્રિય રસ લેનારા જ્યાં હોય ત્યાં કાર્યકર્તાઓના ઉત્સાહનું પૂછવું જ શું ? ત્યાનું કાર્ય સર્વને માટે એક અનંદોત્સવ રૂપ બની જતું.

એ યાદગાર પ્રસંગ બની ગયો. લાલજીભાઈને કોટનપ્રેસમાં જવાનું હતું. વાંધો ન હોય તો તમેય ચાલો, જરા ફરી આવીએ કહી એમણે મને આમંત્રણ આપ્યું ને તેમની ઇચ્છાને અનુમોદન આપી હું તેમની સાથે કોટન પ્રેસમાં ગયો. રૂની મોસમ ચાલુ થઈ ગઈ હતી, હજારો બોરીઓનો ગંજ લાગેલો હતો. એક બોરી ઉપર મને બેસાડી લાલજીભાઈ પ્રેસમાં અંદર ગયા.

આ બોરીઓની ગાંસડીઓ થવાની હતી. મજુરો એક પછી એક બોરીમાં હુક ભેરવે ને ચાંપા બોરીને ઉપર લઈ જાય ને ત્યાં એની ગાંસડી બંધાય. મેં જોયું કે બે ચાર બોરીઓને મજૂરોએ હુક લગાડ્યા ને સડસડાટ કરતી એ બધી ઉપર ચડી ગઈ. આ હુક લગાડવાનું ને બોરીઓના ઉપર ચડવાનું કાર્ય જોઈને મને વિચાર આવ્યો કે અહીંયાં તો હજારો બોરીઓ પડી છે, બધી જ ઉપર ચડવા લાયક છે; પરંતુ જેને હુક લાગશે તે જ

ચડશે ને તેની જ માતબર ગાંસડી બંધાશે. આ જ નિયમ શું આત્માની ઉન્નતિને પણ લાગુ પડતો નથી? ઊંચે ચડવાની ગમ્યતા તો માનવ માત્રમાં રહેલી છે; પણ ઊંચે ચડે છે કેટલા? સત્સંગનો યોગ થાય તેટલા જ. ને સત્સંગ હુકના જેવો શું નથી! [illegible] સંસ્કૃત [illegible] તે ઊંચે ચડાવે છે ને પોતાને તો તેથી લાભ [illegible] એને પલટો આપી ભૂમિ પણ પોતાના દૃઢ માને 'કિં ન કરોતિ પુંસામ્। વગેરેગમ્ય છે. અને [illegible] કૈન્યં ચ મ્રન્તિ સન્તો મહાશયા.। ને એવાં [illegible] સુભાષિતો મને યાદ આવવા લાગ્યાં ને એક પ્રકારનો અલૌકિક આનંદ અંતરમાં ઉભરાવા લાગ્યો.

મારી આનંદ સમાધિનો ભંગ કરવા, લાલજીભાઈ ત્યાં આવી લાગ્યા ને બોલ્યા, માફ કરજો, તમને એકલા બેસાડી રાખ્યા, જરૂરી કામ હતું એટલે જવું પડ્યું "

મેં કહ્યું, "મને તો મહાલાભ થઈ ગયો. અહીં બેઠાં બેઠાં સાચો સત્સંગ સધાઈ ગયો, ને અમુક નિયમનું ગૂઢ જ્ઞાન મફતનું મળી ગયું, જુઓ 'આ તમારી બોરીઓ; પડી છે તો હજારો, બધી જ ઉપર ચડવાની શક્યતા ધરાવે છે; પણ હુક લાગે છે તે જ ચડે છે: બીજી બધી છે ત્યાંની ત્યાં જ પડી રહે છે. આપણા આત્માની બાબતમાં પણ એવું જ છે, એ જ નિયમ ત્યાંય પણ પ્રવર્તે છે એટલે એક જીવાત્મામાં ઊંચે આરોહવાની શક્યતા છે. પણ જેને સત્સંગનો હુક લાગે છે તે જ ઊંચા શિખરે ચડે છે, ઢીંગ-માણેક મોતીથી ય મોંઘો સત્સંગનો હુક લાગે છે તે જ ચડે છે " આ હુકની વાત જીવ્યા ત્યાં સુધી સંભારતા.

પૂજ્યપાદ સાધુ સાધ્વીજી માટે જ–પાલીતાણા મુકામે નેત્રયજ્ઞ

શ્રી પાલીતાણા મુકામે એક નેત્રયજ્ઞ કોઈપણ ગચ્છ-કે સંપ્રદાયના ભેદભાવ વગર માત્ર જૈન ધર્મના સાધુ સાધ્વીજી મહારાજો માટે જ એક સુખી ગૃહસ્થ તરફથી ગોઠવવામાં આવેલ છે અને વીરનગરના આંખના નિષ્ણાત સેવાભાવી ખ્યાત ડૉ. અધ્વર્યુ પોતે જાતે ઓપરેશન કરી આપશે. આ નેત્રયજ્ઞ સં. ૨૦૧૮ના ફાગણ વદી ૫ મંગળવાર તા. ૨૬-૩-૬૨ થી શરૂ થશે અને ડૉ. શ્રી અધ્વર્યુ સાહેબ પોતાના સ્ટાફ સાથે એક અઠવાડીયું પાલીતાણા રોકાશે અને તેમની સેવાનો લાભ આપશે.

તો પૂજ્યપાદ આચાર્ય ભગવંતો પુ. પન્યાસજી મહારાજો, પુ. સાધુ સાધ્વીજી મહારાજોને વિનંતિ કરીએ છીએ કે જેમને આંખ સબંધી તકલીફ હોય તેઓ ફાગણ વદી ૫ સોમવાર પહેલા વિહાર કરી પાલીતાણા પહોંચી જાય. નેત્રયજ્ઞમાં દાખલ થનાર માટે દશ દિવસ રહેવાની વિ. બધી ગોઠવણ કરવામાં આવશે. ત્યાર બાદ રહેવા વિ. ની ગોઠવણ તેમણે પોતે કરી લેવાની રહેશે.

જેઓ આ નેત્રયજ્ઞનો લાભ લેવા ઇચ્છતા હોય તેમણે નીચેના ઠેકાણે અગાઉથી જણાવવા વિનંતિ

પાલીતાણા નેત્રયજ્ઞ સમિતિ
કે. શ્રી સિદ્ધક્ષેત્ર શ્રાવિકાશ્રમ
પાલીતાણા (સૌરાષ્ટ્ર)

વાચકોને

"આત્માનંદ પ્રકાશ" નો આગામી અંક માર્ચ-એપ્રીલનો સંયુક્ત અંક તરીકે એપ્રીલ માસની ૧૫ મી તારીખે શ્રી મહાવીર-જન્મની અંક તરીકે પ્રગટ થશે તો લેખકોને વિનંતી કે ભગવાન મહાવીરના જીવન અંગે યોગ્ય સામગ્રી સત્વરે મોકલી આપે

મન

માણસ પોતાનાં કપડાં માટે કેટલું ધ્યાન આપે છે! મેલું ન થાય તેની કાળજી રાખે છે ને મેલું થાય કે તરત ઉતારીને ધોવરાવી નાંખે છે. મેલું વસ્ત્ર પહેરવાનો તેને કંટાળો આવે છે, મેલાં વસ્ત્ર પ્રત્યે એને સૂગ છે. નફરત છે.

પરંતુ પોતાના મનને સાફ રાખવા માણસ કેટલું ધ્યાન આપે છે? ગલીચ વાસના અને વિચારોથી એ એટલું તો મેલું થયેલું હોય છે કે મનનો મૂળ રંગ-મૂળ પ્રકૃતિ શું છે એ પણ ભૂલાઈ જવાય છે. મનુષ્યને એની બદબોની યે ખબર નથી પડતી એટલી હદ મલિનતા સાથે એકતા એણે થવા દીધી છે. આને પરિણામે વેરઝેર, કલહો, કંકાસ, ખૂના-મરકી અને યુદ્ધોની યાતનામાં માનવજાત સપડાઈ પડી છે.

મનુષ્ય મરણ પામે છે ત્યારે જેને માટે જીવનભર આળપંપાળ કરી હોય છે તે ધન-દોલત અને દેહ તથા સગાં બધું અહીં જ મૂકી જાય છે. એણે કરેલાં કર્મોનાં સંચિત ભોગવવા એ સૂક્ષ્મ મનની સાથે સંચરે છે. જન્માન્તરોના ભાવિનો આધાર આ મન પર છે. એ મનને સાફ રાખવાનું અને તે વડે પરમ સુખ મેળવવાનું માણસે ભૂલી જવું ન જોઈએ. મનુષ્યનો સહુથી મોટો સ્વાર્થ એ છે; ખરો સ્વાર્થ જ એ છે.

મૌન

કંઠમાં કે જીભમાં ખોટ હોવાથી મૂંગો માણસ બોલી ન શકે તો તે મૌન પાળે છે એમ કહેવાય. શારીરિક ખોટ ન હોય તે છતાં કોઈ પ્રસંગે પોતાનો સ્વાર્થ સમજી મનુષ્ય મૂંગો રહે કે પોતાને કંઈ ન સૂઝે તેથી ન બોલે તો તે મૌન પાળે છે એમ પણ ન કહેવાય. બોલવાની પૂરી શક્તિ હોય, બોલવું સૂઝતું હોય, ન બોલવામાં પોતાને દ્રવ્યથી ગેરલાભ હોય તે છતાં જે માણસ પોતે અગાઉથી કરેલા નિયમને કારણે બોલતો નથી તે મૌન પાળે છે.

મૌનવ્રતનો નિયમ લઈને પછી મોઢું બંધ રાખી પોતાનું કામકાજ ચાલુ રાખવા જે હાવભાવથી, ચેનચાળાથી કે પાટીમાં લખીને પોતાના વિચાર વ્યક્ત કરે છે. એ મૌન નથી, મૌનનો દંભ છે.

મૌનવ્રતનો હેતુ શબ્દને મુખ વાટે બહાર ન પડવા દેવાનો નથી પણ શબ્દ-વિચારને ઉત્પન્ન કરનાર મન પર અંકુશ મૂકી, તેને સ્વસ્થ બનાવવાનો છે. આથી શરીર અને નિરા-મય પ્રસન્ન હોય ઉત્કૃષ્ટ વ્યાખ્યાનની શક્તિ હોય છતાં જે સાધક પોતાના મનને વિચાર કરતું શાન્ત બનાવી દે કે જેથી વાણી ઉદ્ભવતી અટકી જાય તે ખરું મૌન છે. મૌન એ હોઠ બંધ રાખવાની ક્રિયા નથી પણ ચિત્તને સ્વસ્થ નિર્વિકલ્પ શાન્ત બનાવવાની એ વાત છે. મૌનવ્રતનો મૂળ આદર્શ આ છે.

—પારાશર્ય

પ્રકાશક : ખીમચંદ ચાંપશી શાહ, શ્રી જૈન આત્માનંદ સભા વતી
મુદ્રક : હરિલાલ દેવચંદ શેઠ, આનંદ પ્રિન્ટીંગ પ્રેસ—ભાવનગર.

શ્રી આત્માનંદ પ્રકાશ

SHRI ATMANAND

મ ન...ન

કેવળ માથું મુંડાવવાથી કોઈ શ્રમણ થવાતું નથી, કેવળ 'ઓમ્' 'ઓમ્' નો જાપ કરવાથી કોઈ બ્રાહ્મણ થવાતું નથી, કેવળ વનમાં વાસ કરવા માત્રથી કોઈ મુનિ થવાતું નથી અને કેવળ દાભ કે એવા બીજા ઘાસના બનેલાં વસ્ત્રો પહેરવા માત્રથી કોઈ તાપસ થવાતું નથી.

સમતાનો ગુણ કેળવવાથી શ્રમણ થઈ શકાય છે, બ્રહ્મચર્ય વ્રતના પાલનથી બ્રાહ્મણ થઈ શકાય છે. મનન-ચિંતન કરવાથી મુનિ થઈ શકાય છે અને મન, વચન, કાયાને જીતવાના હેતુપૂર્વક તપ કરવાથી તાપસ થઈ શકાય છે.

૭૨૨૩

પુસ્તક ૫૮
અંક ૫-૬

પ્રકાશક:
શ્રી જૈન આત્માનંદ સભા
ભાવનગર

ફાગણ-ચૈત્ર
સં. ૨૦૧૮

અનુક્રમણીકા

૧	અપરિગ્રહી મહાવીર		૫૭
૨	ગુરુ ગમ	સ્વ. પાદરાકર	૫૮
૩	યુગદ્રષ્ટા મહાવીર		૫૯
૪	ભગવાન મહાવીર		૬૨
૫	મહાવીર જયંતી		૬૪
૬	અંતરંગ અને બહિરંગ	સાહિત્યચંદ્ર બાલચંદ હિરાચંદ	૬૮
૭	ત્રીજી બલાદૃષ્ટિની સજ્ઝાય	ડૉ. વલ્લભદાસ નેણસીભાઈ	૭૦
૮	તાલધ્વજગિરિને	હસમુખ મહીવાળ	૭૩
૯	પારસ મણિ	મુનિ શ્રી ચંદ્રપ્રભસાગરજી	૭૪
૧૦	જીવનના આવશ્યક ગુણો: ગંભીરતા	મુનિ શ્રી ચંદ્રપ્રભસાગરજી	૭૫
૧૧	આચાર્ય શ્રી હેમચંદ્ર	કુ. સરોજ ન. પરીખ	૭૭
૧૨	પાંચમો વિજયધ્વજ		૮૦

જન્મજયંતિ મહોત્સવ:– પરમપૂજ્ય ગુરુદેવ આચાર્ય શ્રી વિજયાનંદસૂરીશ્વરજી (આત્મારામજી) મહારાજના જન્મજયંતી મહોત્સવ નિમિત્તે આ સભા તરફથી સં. ૨૦૧૮ના ચૈત્ર સુદી ૧ ગુરુવારના રોજ રાધનપુરનિવાસી શેઠ શ્રી સકરચંદભાઈ મોતીલાલભાઈ મુળજી તરફથી શત્રુંજય ગિરિરાજ ઉપર આદીશ્વર ભગવાનની મોટી ટુંકમા જ્યાં પૂજ્ય ગુરુદેવશ્રી આત્મારામજી મહારાજની પ્રતિમા બિરાજમાન છે તે સમક્ષ નવાણું પ્રકારી પૂજા ભણાવી અંગરચના કરવામાં આવી હતી આ પ્રસંગે ભાવનગરથી તેમજ પાલીતાણામા રહેતા સભાના સભ્યો લગભગ ૩૫ જેટલા આવ્યા હતા ને સભા તરફથી તેનુ સાંજના ગિતિભોજન યોજવામા આવેલ હતું. સાધુ સાધ્વીઓનો પણ બની શકે તેટલો સારો લાભ લેવામાં આવ્યો હતો અને આ રીતે ખૂબ આનંદપૂર્વક આ ઉત્સવ ઉજવવામાં આવ્યો હતો.

અવસાન નોંધ ભાવનગરનિવાસી શા દીપચંદ જેઠાભાઈ જસાણી (ઉમરાળાવાળા) સંવત ૨૦૧૮ના મહાવદી ૬ રવીવાર તા ૨૫–૨–૬૨ ના રોજ ૭૦ વર્ષની વયે સ્વર્ગવાસી થયેલ છે. તેઓ આપણી સભાના આજીવન સભાસદ હતા. તેઓ ધર્મપ્રેમી અને કાપડના એક પ્રતિષ્ઠિત આગેવાન વેપારી હતા. તેમના સ્વર્ગવાસથી સભાને એક લાયક સભાસદની ખોટ પડી છે સ્વર્ગસ્થના આત્માને પરમાત્મા પરમ શાંતિ અર્પે તેમ અમે પ્રાર્થીએ છીએ.

ભાવનગર નિવાસી શા વેલચંદ નરશુદાસ સં. ૨૦૧૮ ના પોષ વદી ૧૦ ને બુધવાર તા. ૩૧–૧–૬૨ ના રોજ ૬૯ વર્ષની વયે સ્વર્ગવાસી થયા છે. તેઓ આપણી સભાના આજીવન સભાસદ હતા અને ધર્મ તરફ પ્રેમ ધરાવતા હતા. તેમના સ્વર્ગવાસથી સભાને એક લાયક સભાસદની ખોટ પડી છે તેમનો આત્મા ચિરસ્થાયી શાંતિ પામે તેવી અમારી પ્રાર્થના છે.



વર્ષ પ૯મું] ફાગણ-ચૈત્ર તા. ૭-૪-૬૨ [અંક ૫-૬

अपरिग्रही महावीर

ભગવાન મહાવીર પોતે તદ્દન અપરિગ્રહી હતા. તેઓ પોતાની પાસે કાંઈપણ રાખતા ન હતા. તેમનું કહેવું એવું હતું કે મનુષ્ય જેમ જેમ વધારે સંગ્રહ કરતો જાય છે તેમ તેમ તે તેમાં વધારે ફસાતો જાય છે, વળી તે બીજાના અધિકારો પણ લૂંટી લેતો જાય છે. આ રીતે આત્મવિકાસ રૂંધાઇ જાય છે. આ જગતમાં વિષમતા અને અશાંતિનું મૂળ કારણ જ ગ્રહણ કરવાની વૃત્તિ છે. ભગવાન મહાવીરે ત્યાગપર વધારે ભાર મૂકયો હતો અને તેથી જ તેમનું બીજું નામ "નિગ્રંથ" પડી ગયું હતું. તેઓ ગાંઠે કાંઈ રાખતા ન હતા. મહાવીરે જ જગતને સૌથી પ્રથમ એ ઉપદેશ આપ્યો કે પરિગ્રહ અશાંતિનું એક મુખ્ય કારણ છે. જે મનુષ્ય ગાંઠ છોડી નાંખે છે તે પોતે દુ:ખી થતો નથી અને બીજાના દુ:ખનું કારણ પણ બનતો નથી.

અહિંસાની જેમ અપરિગ્રહમાં પણ અપેક્ષાવૃત્તિ પર જોર દેવામાં આવ્યું છે. વસ્તુઓનો સંગ્રહ કરવો એટલે દ્રવ્યપરિગ્રહ. પરંતુ તેમાં આસક્તિ રાખવી, તેને પોતાની સમજવી, બીજાને તેનો ઉપયોગ કરવા ન દેવો-તેને ભાવપરિગ્રહ કહે છે. એક વ્યક્તિ કૂવો ખોદાવી બધાંને પાણી આપે છે તો તે સાર્વજનિક સેવા ગણાય. પણ જો તે તેના પર સ્વામિત્વ જમાવી બેસી રહે અને બીજાંને પાણી ન આપે તો તે પરિગ્રહ કહેવાય છે.

પોતાની જરૂરિયાતો જેમ બને તેમ ઓછી કરવી તે પણ અપરિગ્રહ કહેવાય છે. પરિગ્રહથી મનુષ્ય પરાધીન બને છે અને અપરિગ્રહથી સ્વાધીન. એટલે જ મહાવીરે અપરિગ્રહ ઉપર આટલું જોર આપ્યું છે.

ગુરૂગમ

જોયું જગત અનાદી, રહ્યું શોધવું શું આદી,
જીવન ને જીવ કેરી, સરવાળા બાદબાકી.
ગુણને ગુણાંક ગુણતાં, આદી, અનાદી, સાદી,
કહે શુન્યને રહસ્યો, છે જાણવાંય બાકી.

રઝળ્યો અનંત યોનિ, બાકી ન કોઈ રાખી,
અવતારનો ઘડૈયો, આજેય હોય ખાખી.—જો.

ચોપટ એ ચોપડામાં, નામાં ખતવવાં બાકી,
એના તપાસનારા, કો હોય—જાય થાકી—જો.

ત્હારૂં ચણેલ મંદિર, ત્હારી ઘડેલ મૂર્તિ !
ખુદ તું જ છો પુજારી, પજા કરે તું ત્હારી—જો.

જીવ શિવ પ્રાણ પ્રભુની, પૂજાને સાધનાની
તે પ્રેમ ને પ્રણવની, વાતો સમઝવી બાકી—જો.

જીવનની જ્યોત જલતી, અદ્વૈતની રચેલી,
લખ અલખ ગૂઢ તત્ત્વો, કો બિંદુ રેખ આંકી—જો.

પરયંતિને પરાની, અદ્ભુત અગમ નિગમની,
પ્રભુ પામવા કે થાવું ? વાતો સમજવી બાકી—જો.

આ હંસલો હસે છે, રહે હંસલી ન રોતી,
મસ્તોને હાસ્ય રૂદને, મસ્તી જ સુઝવાની—જો.

વિરાટ વિશ્વ વિલસે, કૈં કૈં ગહન રહસ્યો,
ગૂઢ પામવા ગરજ છે, સંસાર હોમવાની—જો.

જડવાદના રચૈયા, ચૈતન્ય જાય ચુકી,
લાલનની લયમાં મણિમય, ગુરૂગમ હજી છે બાકી—જો.

સ્વ. પાદરાકર.

યુગદ્રષ્ટા મહાવીર

ભગવાન મહાવીર જીવનનાં વિવિધ પાસાંઓ યાને વિવિધ ક્ષેત્રોમાં સમાન રૂપથી જીવનદૃષ્ટિ પ્રદાન કરનાર યુગદ્રષ્ટા પુરુષ હતા. તેમણે ફક્ત ધાર્મિક ક્ષેત્રમાં જ નહિ પરંતુ સામાજિક, રાજકીય અને સાંસ્કૃતિક ક્ષેત્રોમાં પણ નવો દૃષ્ટિકોણ અર્પણ કર્યો અને આ દૃષ્ટિકોણના આધારે જ તેમણે સામાજિક વ્યવસ્થા બદલવાનો પ્રયત્ન કર્યો. જો એકાંગી દૃષ્ટિકોણ હોય તો તે યુગબાહ્ય બનીને અલુપ્ત થઈ જાય છે. પણ જો સર્વાંગી દૃષ્ટિકોણ હોય તો યુગોના યુગો સુધી ટકી રહે છે. મહાવીરનો દૃષ્ટિકોણ જો એકાંગી હોત અથવા અવૈજ્ઞાનિક હોત અથવા ફક્ત સ્વર્ગ અને મોક્ષની ચર્ચા પૂરતો જ હોત તો તે આજસુધી ટકી શકત નહીં. મહાવીર વ્યવહારવાદી હતા. તેઓ આપણા પ્રશ્નો સમજ્યા અને તેમણે તેમનું યોગ્ય સમાધાન કર્યું. એટલે તેમના વિચારોમાં યુગાંતરકારી પરિવર્તનની અભિવ્યંજના છે.

મહાવીર વડિલો પ્રત્યે માન, સમાન પ્રત્યે મૈત્રી, દુ:ખી પ્રત્યે દયા અને દુરાગ્રહી પ્રત્યે મધ્યસ્થભાવ રાખતા હતા. તેમણે ક્યારે ય કોઈ સાથે પક્ષપાત કર્યો નથી. પક્ષપાતથી આગ્રહ વધે છે અને આગ્રહને અહિંસા સાથે બનતું નથી. તેઓ અનાગ્રહી હતા. અનાગ્રહથી અનેકાંત દર્શનસૃષ્ટિ બની. આ અનેકાંતદૃષ્ટિથી તેઓ બીજાને સમજવા લાગ્યા. પરિણામે વિરોધીઓ પણ તેમની પાસે નમી પડ્યા.

અપાપા નગરીમાં યજ્ઞ કરવા માટે ઇન્દ્રભૂતિ જેવા અગિયાર પંડિતો આવ્યા. તેમને મહાવીરની મહાનતાની ઇર્ષા થઈ અને તેમને હરાવવા ગયા પણ મહાવીરે પંડિતોના જ તર્કો અને શાસ્ત્રોથી તેમને બેજવાબ કરી નાખ્યા. આગ્રહ પર અનાગ્રહનો વિજય થયો. મહાવીરની યાત્રાએ આ વિજયને લોકવિજય બનાવ્યો.

ધર્મનો અર્થ છે—સ્વભાવમાં સ્થિર બનવું. હૃદય જ્યારે સ્વાભાવિક સ્થિતિમાં હોય છે ત્યારે કરુણા, મૈત્રી અને સૌહાર્દનો સ્રોત ફૂટી નીકળે છે હૃદયને સ્વભાવાવસ્થામાં સ્થિર કરવાની સાધનાને જ અધ્યાત્મ કહે છે, આધ્યાત્મિક દૃષ્ટિ સ્વાભાવિક મર્યાદાઓનું અતિક્રમણ કરીને જ્યારે કોઈ સંઘ અથવા સંપ્રદાયમાં આબદ્ધ થાય છે ત્યારે જાતજાતના ક્રિયાકાંડો ઉદ્ભવે છે. મહાવીરના સમયમાં અનેક પ્રકારના ક્રિયાકાંડો હતા. અનેકાંત દર્શનવડે મહાવીરે આ બધા વચ્ચે સામંજસ્ય સ્થાપી સ્નેહસિંચનનું કાર્ય કર્યું.

મહાવીર પાસે સફેદ, પીળાં તથા ભગવાં કપડાં ધારણ કરનાર તેમજ તદ્દન નગ્ન રહેનાર આદિ અનેક જાતના સાધુઓ આવ્યા અને તેમણે તે બધાને અપનાવી લીધા. તેમના મનમાં સંકુચિતતા ન હતી. તેમના અનુશાસનમાં વ્યક્તિસ્વાતંત્ર્યનો નાશ નથી થયો, તેમના શિષ્યો આધ્યાત્મિક સાધના માટે હંમેશા સ્વતંત્ર હતા તેમજ સમાજસેવા કરવા માટે પણ સ્વતંત્ર શિષ્યોની માફક તેમની શિષ્યાઓએ પણ લોકોના રોગનું નિવારણ, પ્રેતાદિ સંકટ નિવારણ, ગૃહકલહનું નિવારણ વગેરે કાર્યો હતા.

પોટ્ટિલાથી તેનો પતિ જુદો થઈ ગયો. પત્ની પતિને મનાવવા પ્રયત્ન કરવા લાગી. આ વખતે તેને અનેક આર્યાઓ મળી. પોટ્ટિલા આ આર્યાઓને મળી, અને તેણે તેમને જંત્ર, તંત્ર, જડીબુટ્ટી વગેરે દ્વારા એવી અનુકૂળતા કરી દેવાની પ્રાર્થના કરી કે તે પતિ પત્ની વચ્ચે ફરી પ્રેમ ઉત્પન્ન થાય. આ પ્રકારે સુવ્રતા નામની આર્યાને સાર્થવાહની પત્ની ભદ્રાએ પુત્રપ્રાપ્તિનો ઉપાય પૂછયો હતો.

સાધુ-સાધ્વીઓ જો જંત્રમંત્રનો ઉપયોગ કરતા ન હોત, તો તેમના અનુયાયીઓ આવી પ્રાર્થનાઓ શા માટે કરત ? જે સાધુ-સાધ્વીઓ સમાજકલ્પથી પર હતાં તેઓ આવા પ્રસંગે મૌન રહેતા; પરંતુ જે સમાજનિષ્ઠ હતા, તે યોગ્ય ઉપાયો સૂચવતા હતા. મહાવીરની દૃષ્ટિ આવી અપેક્ષાઓની ઉપરવટ જઈ બુનિયાદી પ્રશ્નો સુધી પહોંચી હતી. વ્યક્તિના સમાધિભાવની સુરક્ષા તરફ તે વધારે ધ્યાન કેંદ્રિત કરતા હતા. સાધનાનું સંપૂર્ણ લક્ષ્ય સમાધિભાવ છે.

સમ્રાટ શ્રેણિક મહાવીરના દર્શન કરવા નીકળ્યા. એમણે રસ્તામાં રાજર્ષિ પ્રસન્નચંદ્રને જોયા. તે ધ્યાનમગ્ન હતા. તેમના ચરણોમાં પોતાની ભાવાંજલિ અર્પણ કરીને સમ્રાટ આગળ વધ્યા. આખે રસ્તે રાજર્ષિ સંબંધી ચર્ચા થઈ. મહાવીર પાસે પણ આ પ્રશ્ન ઉપસ્થિત થયો- તેમણે કહ્યું કે "સમ્રાટ, આ સમયે આપના ચિર-પરિચિત રાજર્ષિ પ્રસન્નચંદ્ર સમાધિ ભાવથી વિચલિત થઈ ગયા છે. તે બાહ્ય જગત પ્રત્યે અંતર્મુખ છે પરંતુ અંતર જગતમાં વિકૃતિઓથી ઘેરાઈ ગયા છે." ઈલાચી કુમારે નટવરનું કામ કરી લીધું હતું. ગીત ઉપર ચઢીને પોતાની કળા બતાવતા બતાવતા તે અંતર્મુખ બની ગયા. નટવર નારાયણ બની ગયા. મહાવીરે આ બન્નેને યોગ્ય મહત્ત્વ આપ્યું.

ભૂલ કરવી મનુષ્યો માટે સહજ છે. સાધુઓથી પણ ભૂલ થઈ જાય છે. ભૂલ કરનારને મહાવીર કદી તરછોડે કે તિરસ્કારો ન હતા. ફક્ત તેના પર એટલો પ્રતિબંધ લાદતા કે જેથી તે ફરીથી ભૂલો ન કરે. તેમ 'ક્ષમાપનાની દૃષ્ટિથી જ 'આવશ્યક સૂત્ર'ની પ્રરૂપણા થઈ છે. આવશ્યકની આરાધનાથી "खामेमि सव्वे जीवो सव्वे जीवा खमंतु मे" જેવા ઉચ્ચારણો બન્યા. આવા સૂત્રોમાં નિયમિત અને જીવન રહેવાનો સંકલ્પ છે તેમજ નિરંતર પ્રસંગના ક્રમે આગળ વધવાની પ્રેરણા પણ છે.

આષાઢનો મહિનો, કાળાં કાળાં વાદળાઓ, રિમઝિમ રિમઝિમ વર્ષા; ચમકતી વિજળી—આ સર્વ દૃશ્યોને બાલમુનિ અયમંતકુમારનો બાલભાવ જાગી ઊઠ્યો. તેમણે પાત્ર હલાવ્યું અને વહેતા પાણીને રોકીને પોતાના પાત્રનું વહાણ બનાવી તરાવવાનું શરૂ કર્યું. વયોવૃદ્ધ સાધુઓ આ બાળપણને બરદાસ્ત કરી ન શક્યા. તેઓ ફરિયાદ લઈને મહાવીર પાસે પહોંચ્યા. મહાવીરે આ બાળસુલભ ચપળતાને નિર્દોષ ગણી.

પુંડરિક નગરના યુવરાજ કુંડરિકે દીક્ષા લીધી. તે ગામેગામ ભટકવા લાગ્યો. કેટલાક સમય પછી સંન્યાસનું હાડિઅકરી સ્વરૂપ જોઈને તેની આસ્થા હલી ઊઠી, અને તે પાછો ઘેર ચાલ્યો આવ્યો. મહારાજાએ કુંડરિકને અપનાવી લીધો અને રહેવા માટે તેને દરેક જાતની અનુકૂળતા કરી આપી.

આપણી ભૂલથી પોતા પર ક્રોધ ચડે છે અને બીજા પર પણ ચડે છે. બીજાની ભૂલથી પણ એવું જ થાય છે. ભૂલ સુધારવાનો ઉપાય કષાયો ઉપર વિજય છે. કષાયો ચાર છે:-ક્રોધ, માન, માયા અને લોભ. મહાવીરે શાન્તિથી ક્રોધને, કોમળતાથી માનને, સરળતાથી માયાને અને સંતોષથી લોભને પરાજિત કર્યા. બાર વર્ષ, પાંચ માસ અને પંદર દિવસની કઠોર તપશ્ચર્યાને અંતે તે એવા નિર્ણય ઉપર આવ્યા કે કોઈપણ ક્રિયાથી બંધન અથવા મુક્તિ થતી નથી. ક્રિયાને સારા અથવા નરસા રૂપમાં ફેરવવી આપણા હાથમાં છે. ક્રિયાનું મનુષ્યદ્વારા સંચાલન થાય છે. એથી તેની સદોષતા કે નિર્દોષતા મનુષ્યના આંતરિક ભાવો ઉપર આધારિત છે.

જ્ઞાન આદર્શ છે, દયા યથાર્થ. આદર્શની તરફ આગળ વધવાનું છે. યથાર્થ પ્રમાણે ચાલવાનું છે. જ્ઞાનમાં તેજ છે, દયામાં શીતળતા, જ્ઞાન અને દયાના સંયોગથી મર્યાદિત આત્મભાવ અમર્યાદિત વિશ્વ સાથે એકાકાર થઈ જાય છે. આ એકાકાર વૃત્તિને વિવેક સ્થાયી બનાવે છે. ખાવું-પીવું, ઊઠવું-બેસવું, બોલવું એ બધામાં વિવેક રાખવાથી બંધનાં કારણભૂત કર્મો પણ નિર્જરાનાં કારણો બની જાય છે. રસ્તામાં જોયા વિના ચાલવાથી જો કે કોઈપણ જીવને દુઃખ ન થયું

હોય તોપણ ચાલનારો દોષિત ગણાય છે; પરંતુ જો જોઈને ચાલવાથી કદાચ કોઈને ક્લેશ થઈ ગયો હોય તો પણ ચાલનારો નિર્દોષ ગણાય છે. વૃત્તિની સાથે કાર્યની એકરૂપતા થવાથી સમ્યક્‌ચારિત્ર સંભવિત બને છે.

ચારિત્રવાન પુરુષે કેવી રીતે રહેવું જોઈએ, કેવી રીતે બોલવું જોઈએ, કેવી રીતે વ્યવહાર કરવો જોઈએ વગેરે સામાન્ય બાબતો ઉપર પણ મહાવીરે ગહનતાથી વિચાર કર્યો છે. તેમણે વ્યાવહારિક અને નૈતિક મર્યાદાઓની મીમાંસા કરીને જીવન ઉપર કાબૂ રાખવાવાળાઓને અપ્રમાદી રહેવાની શિખામણ આપી છે. પ્રમાદી મનુષ્ય ગુલામ છે; અપ્રમાદી મનુષ્ય આઝાદ છે. પ્રમાદમાં લાપરવાહી છે અને તેમાંથી બચવા માટે દરેક કામ યોગ્ય સમયે કરવાની તેમણે સલાહ આપી છે. પ્રમાદી જીવોનો પણ મહાવીરે સર્વથા ત્યાગ કદી કર્યો નથી.

મહર્ષિ શૈલગ પ્રમાદી બની ગયા. સાધુભાવથી તેનું મન ડગમગવા લાગ્યું. તેથી તેમની સેવા માટે પંથક નામના સાધુને રાખીને બીજા સાધુઓ તેમની પાસેથી ચાલી નીકળ્યા. પંથકે સેવા કરીને શૈલગને જીતી લીધા અને શૈલગ ફરીથી મૂળ રસ્તા પર આવી ગયા. અપ્રમાદી જીવનમાં ફરીથી આવતાં જ તેમના સમસ્ત શિષ્યોએ ફરીથી તેમનું ધર્મનું શાસન સ્વીકારી લીધું.

મહાવીરે સેવાને ધ્યાન-જ્ઞાનની વ્યાવહારિક કસોટી માની. "सेवाधर्मः परमगहनो योगिनामप्यगम्यः" —એ કથન આ બાબતનું તથ્ય સમજાવે છે. સેવકોને આત્મવિકાસની પ્રાપ્તિમાંથી મુક્તિ મળવી જોઈએ એ સાધુઓની ચર્ચામાંથી મળતો પાઠ છે. બધા નવયુવાન સાધુઓ સેવાના કાર્યમાં લાગી ગયા. બાળકોની સેવા, વૃદ્ધોની સેવા, દરદીઓની સેવા વગેરે ધર્મ બની ગયા. સેવાની ભાવનાને વૈયાવૃત્ય કહે છે. વૈયાવૃત્ય કરવાવાળા સાધુઓને મહાવીરે અનેક જાતની સગવડતાઓ આપી છે. સામાન્ય રીતે ચાતુર્માસમાં સાધુ-સાધ્વીને માટે એક જ વખત ભોજન કરવાનું વિધાન છે પણ સેવક સાધુઓને બંને વખત ભોજન કરવાની રજા આપી. બિમારોની સેવાને મહાવીરે પોતાની જ સેવા ગણી. તેમણે અસહાયોને મદદ કરી, માટે તેઓ અનાથોના નાથ કહેવાય છે.

સેવા કરનારાઓ માટે આચારશાસ્ત્ર રચાયું. આચારશાસ્ત્રથી આહારશુદ્ધિની પ્રેરણા મળી. આહારશુદ્ધિમાં માંસાહારનો નિષેધ એક શાનદાર પગલું છે. પોતાના અનુયાયીઓની આહારશુદ્ધિ માટે મહાવીરને ખાસ પ્રયાસ કરવો પડ્યો હતો.

ધન્ના શેઠ મહાવીરના પ્રસિદ્ધ ઉપાસક હતા. એકવાર ચિલાત ચોરની સાથે લડતા તે જંગલમાં ફસાઈ જવાથી તેમણે ત્યાં પુત્રોની સાથે બેસીને પોતાની મૃતપુત્રી સુસુમાનું માંસ ખાધું હતું. મહારાણી ચેલણા જેવી ધર્મપરાયણ શ્રાવિકાના મનમાં પણ પોતાના પતિ શ્રેણિકના કલેજાનું માંસ ખાવાની તીવ્ર ઇચ્છા થઈ. આ વખતે મહામંત્રી અભયકુમારે સમ્રાટના કલેજાના સ્થાને બીજું માંસ કુશળતાપૂર્વક ખવરાવી તેને સંતોષી હતી. રાજગૃહના પ્રમુખ નાગરિક મહાશતક ગાથાપતિની પત્ની રેવતીએ ગાયના વાછડાને મારી ખાધો હતો અને પૌષધશાળામાં બેસીને ધર્મધ્યાન કરતા પોતાના પતિને કહ્યું હતું કે "હે સ્વામી, તમે કેટલા ભોળા છો કે મારો સહવાસનું સુખ છોડીને સ્વર્ગ અને મોક્ષના ચક્કરમાં ફસાઈ ગયા છો." આ પ્રમાણે આપણે જોઈએ છીએ કે મહાવીરના સમયમાં માંસાહાર પ્રત્યે કોઈ ખાસ અરૂચિ ન હતી. લોકો જરાપણ સંકોચ વિના માંસ ખાતા હતા. આથી મહાવીરે જે તિવ્રતા અને સમજપૂર્વક માંસાહાર નિષેધનું વાતાવરણ સર્જ્યું તે આહારશુદ્ધિના ઇતિહાસમાં ખરેખર એક મહત્ત્વપૂર્ણ ઘટના છે.

જ્યારે મહાશતક ગાથાપતિએ પોતાની પત્નીને તરછોડી, ત્યારે મહાવીરે ગૌતમને તેમની પાસે મોકલીને કહેવરાવ્યું કે કોઈપણ અપ્રિય વચન કહેવાથી નૈતિક સિદ્ધાંતની અવગણના થાય છે.

માનવ મનનું સૂક્ષ્મ અધ્યયન કરનાર મહાવીર

આ પ્રમાણે સૌમ્યરીતે પોતાના વિચારો ફેલાવતા રહ્યા. અને આખરે તેમણે એવું વાતાવરણ સફળતાપૂર્વક સર્જ્યું કે દરેકે આહારશુદ્ધિની અનિવાર્યતા સ્વીકારી લીધી.

આહારનો શારીરિક અને માનસિક શુદ્ધિની સાથે ઘનિષ્ઠ સંબંધ છે. તામસિક આહારથી ક્રૂરતા વધે છે, રાજસિક આહારથી વિલાસિતા વધે છે અને સાત્વિક આહારથી સંયમ વધે છે. સંયમથી બીજાઓની અનુકુળતાઓ અને મર્યાદાઓનું ભાન રહે છે. સંયમ એ જ જીવન છે. મહાવીરે સર્વને માટે સંયમની સાધના કરી. આથી પશુઓનુ બલિદાન અર્થહીન બની ગયું. ખેડુત, કુંભાર, વણકર, લુહાર ચાંડાળ વગેરે સર્વે મહાવીર પાસે દોડી આવતા અને સંયમપરાયણ મહાવીર સર્વના બની ગયા.

મહાવીરની સાધનાથી શ્રેય સધાયું તેમજ પ્રેય પણ સધાયું. તેઓ વીર હતા તેમજ વિતરાગી પણ હતા. તેમની અનંતજ્ઞાન, દર્શન, ચારિત્ર અને બળના સમન્વયકારી સાધનાએ આર્થિક, સામાજિક, રાજનૈતિક અને સાંસ્કૃતિક જગતમાં યુગાંતરકારી પરિવર્તન કરી દીધું. આ સાધના આપણા જીવનનું બળ બને એ જ ભાવના આજે શ્રદ્ધાપૂર્વક આપણે ધરાવીએ. ૧

૧ શ્રી સાધકના 'શ્રમણ' વર્ષ ૧૨ અંક ૬—૭ મા આવેલા લેખનો સાભાર અનુવાદ અનુવાદક: પ્રો. સુશીલા હ. ભટ્ટ એમ એ.

ભગવાન મહાવીર

ભગવાન મહાવીર પુરુષાર્થી, કુશળ તથા ચપળ, પ્રજ્ઞાવાળા મહાપુરુષ અનંતજ્ઞાની તથા અનંતદર્શી હતા. લોકોની નજર સામે રહેલા (થઇ ગયેલા) તે યશસ્વી પુરુષનો ધર્મ જાણો તથા તેમણે પોતે તે ધર્મમાં બતાવેલી ધૃતિ જુઓ. ચારે દિશામા તથા ઉપર નીચે રહેલાં સ્થાવરજંગમ બધા પ્રાણીઓનું નિત્ય-અનિત્ય સ્વરૂપ જોઈ વિચારીને તે પ્રજ્ઞાવાન પુરુષે દીવાની પેઠે ધર્મને ભલી પ્રકારે પ્રગટ કર્યો છે.

તે સર્વદર્શી હતા. તેમનું જ્ઞાન (નીચેની ચાર કોટીઓની) પાર ગયેલું હતું. તે આમ ગંધ (મહાપાપ વગેરે)થી રહિત હતા. ધૃતિમાન હતા. સ્થિર ચિત્તવાળા હતા, સર્વજગતમાં શ્રેષ્ઠ હતા, વિદ્વાન હતા. ગ્રંથીઓને પાર કરી ગયેલા હતા તથા અભય હતા, તેમને હવે ફરી જન્મ નથી. તે મહાબુદ્ધિશાળી પુરુષ ઘરબાર વિના વિચરતા હતા, સંસારસાગરને તરી ગયા હતા, ધીર હતા, અનંત ચક્ષુ (જ્ઞાન)વાળા હતા,

સૂર્યની પેઠે સર્વોત્તમ તપ કરનારા હતા, તથા વૈરોચનેંદ્રની પેઠે (પ્રજ્વલિત અગ્નિપેઠે) અંધકારને દૂર કરનારા હતા, સ્વર્ગમાં સહસ્ર નેત્રવાળો મહાનુભાવ ઈંદ્ર જેમ દેવાનો નેતા છે, તેમ જિનોના સર્વોત્તમ ધર્મનામ એ કાશ્યપમુનિ (મહાવીર) નેતા છે.

પ્રજ્ઞાની બાબતમાં તે અક્ષય જેવા હતા, અગાધતા અને સ્વચ્છતામાં (સ્વયંભૂરમણ) મહાસાગર જેવા હતા. તેજમાં દેવાધિપતિ ઈંદ્ર જેવા હતા તથા સહન કરવામાં પૃથ્વી જેવા હતા. તે અનુભવી હતા; કુશળ હતા; તીવ્ર બુદ્ધિમાન હતા; ક્રોધ, માન, માયા અને લોભ વગેરે દોષોથી રહિત હતા; પરિપૂર્ણ પરાક્રમી હતા. તથા પર્વતોમાં ઉત્તમ સુદર્શન (મેરુ)ની જેમ તથા આનંદના ધામરૂપ દેવભૂમિની જેમ, અનેક ગુણોથી યુક્ત હતા.

લંબાઈવાળા પર્વતોમાં નિષધ પર્વતની પેઠે, ઘેરાવવાળા પર્વતોમાં રુચકની પેઠે, વૃક્ષોમાં સુવર્ણ દેવોના ક્રીડાસ્થાન શાલ્મલિ વૃક્ષની પેઠે, વનોમાં નંદનવનની પેઠે, શબ્દોમાં મેઘગર્જનાની પેઠે, તારાઓમાં ચંદ્રની પેઠે, સુગંધી પદાર્થોમાં ચંદનની પેઠે, સાગરોમાં સ્વયંભૂરમણ મહાસાગરની પેઠે, નાગોમાં ધરણેન્દ્રની પેઠે, રસોમાં શેરડીના રસની પેઠે, પક્ષીઓમાં ગરુડની પેઠે, યોદ્ધાઓમાં કૃષ્ણની પેઠે, પુષ્પોમાં કમળની પેઠે, ક્ષત્રિયોમાં દંતવક્રની પેઠે, દાનોમાં અભયદાનની પેઠે, સત્ય વચનોમાં પારકાને પીડા ન ઉપજાવનાર વચનની પેઠે, તપોમાં બ્રહ્મચર્યની પેઠે, વધુ જીવનારાઓમાં લવસત્તમ દેવોની પેઠે, સભાઓમાં સુધર્માની પેઠે, તથા સર્વધર્મોમાં નિર્વાણની પેઠે, તે જ્ઞાતપુત્ર મહામુનિ મહાવીર સર્વ મુનિઓમાં, નિર્વાણવાદીઓમાં તથા સર્વ મનુષ્યોમાં જ્ઞાન, શીલ અને તપની બાબતમાં સર્વોત્તમ હતા.

તેમણે ક્રોધ, માન, માયા, લોભ એ ચાર આંતર દોષોનો ત્યાગ કર્યો હતો. તે ન તો પાપકર્મ જાતે કરતા, કે ન બીજા પાસે કરાવતા, આલોક તથા પરલોકના સર્વ કામભોગોનો ત્યાગ કરી, દુઃખ ક્ષય કરવાના હેતુથી તેમણે અતિ દુષ્કર તપ આચર્યું હતું; અને સ્ત્રીભોગ, રાત્રીભોજન તથા તમામ ભોગપદાર્થોનો હંમેશાં ત્યાગ કર્યો હતો. પછી સર્વોત્તમ શુક્લ ધ્યાન પ્રાપ્ત કરી, તે અર્હંત (પૂજ્ય) બનેલા મહામુનિ પરમસિદ્ધિને પામ્યા હતા. તેમના સમયમાં પ્રચલિત ક્રિયાવાદી, અક્રિયાવાદી, વૈનયિક અને અજ્ઞાનવાદીઓના સર્વ વિરોધીવાદો જાણવા છતાં, તેમણે જીવનપર્યંત પોતાને યોગ્ય લાગતો સંયમધર્મ આચર્યો હતો. તથા સર્વ પદાર્થોનું સ્વરૂપ જાણીને, લોકોના કલ્યાણઅર્થે હિતકર એવો તે ધર્મ દીપકની પેઠે પ્રગટ કર્યો હતો, કે જે તેજસ્વી અગ્નિ જેમ સર્વ કર્મોનો નાશ કરનાર છે.

શુદ્ધ યુક્તિઓથી સંસ્થાપિત ધર્મને તમે પણ શ્રદ્ધા પૂર્વક તથા પ્રમાદરહિત પણે અનુસરો, તે ધર્મને બરાબર સમજી શ્રદ્ધાપૂર્વક અનુસરનારા, કાતો સંપૂર્ણ સિદ્ધિ પ્રાપ્ત કરે છે, અથવા દેવોના અધિપતિ ઈંદ્ર જેવું ઉત્તમપદ પામે છે.

'મહાવીરસ્વામીનો સંયમ ધર્મ'માંથી
સાભાર ઉદ્ધૃત

મહાવીર જયંતી

હિંદુ ધર્મ અને તેની માન્યતાઓ એટલી બધી જૂની થઈ ગઈ હતી કે તેમાં સંસ્કાર કર્યા વગર લોકોને તેમાંથી આશ્વાસન મળે એવું રહ્યું ન હતું. એવા સંસ્કાર કરનારા મહાપુરુષોમાંના એક વર્ધમાન મહાવીર હતા. વર્ધમાન મહાવીર એ જૈન ધર્મના સંસ્થાપક ગણાય છે.

જૈન મત બહુ જ પ્રાચીન છે. ભગવાન ઋષભદેવથી તે ધર્મના ૨૪ તીર્થંકર થઈ ગયા. વર્ધમાન મહાવીર એ છેલ્લા તીર્થંકર. મહાવીર બિહાર પ્રાન્તમા જન્મેલા. વૈશાલી નગરી પાસેના એક નાનકડા ગામમાં જ્ઞાતૃ નામના કુળમાં વર્ધમાનનો જન્મ થયો હતો. એમની મા લિચ્છવી રાજા ચેટકની બહેન હતી. નાનપણથી જ તેમના મનમાં વૈરાગ્ય સ્ફુર્યો, પણ વર્ધમાન ચુસ્ત માતૃપિતૃભક્ત હોવાથી વૃદ્ધોને રાજી રાખવા ખાતર યશોદા નામની એક રાજપુત્રી સાથે પરણીને ગૃહસંસાર ચલાવવા લાગ્યા. એમને પ્રિયદર્શના નામની એક કન્યા પણ થઈ હતી. ત્રીસમે વરસે માતાપિતા વિદેહ થયાં અને વર્ધમાન ગૃહ–સંસારથી છૂટા થયા. તેમણે ઘોર તપ આદર્યું અને પાર્શ્વનાથના પંથમા દાખલ થઈ શાંતિ મેળવી.

મહાવીરમાં અહિંસાધર્મનો અસાધારણ ઉત્કર્ષ થયેલો આપણે જોઈએ છીએ. લગભગ બેતાલીસ વર્ષની ઉમરથી તેમણે ઉપદેશ શરૂ કર્યો અને તે કામ બત્રીસ વર્ષ સુધી કર્યું. બુદ્ધ ભગવાન મધ્યમ માર્ગનો ઉપદેશ કરતા હતા, જ્યારે મહાવીર વિષયસુખનો આત્યંતિક ત્યાગ પસંદ કરનાર હતા. તપશ્ચર્યા કરીને ઇન્દ્રિયનિગ્રહ કરવાની જૂની પરંપરા મહાવીરે ચલાવી અને કાયદંડનું મહત્ત્વ વધારી દીધું. હિંદુસ્તાનમાં બૌદ્ધ સંપ્રદાય એક વખતે ખૂબ ફેલાયેલો હતો, પણ આજે તે નષ્ટપ્રાય થયો છે. જૈન ધર્મ પણ બૌદ્ધ ધર્મ જેટલો જ ફેલાયેલો જણાય છે, પણ બૌદ્ધ ધર્મની પેઠે એનો નાશ થયો નથી. આજે બંગાળ તરફ, રાજસ્થાનમાં, ગુજરાતમાં અને દક્ષિણમાં પણ અનેક ઠેકાણે જૈન લોકોની વસ્તી ઠીક પ્રમાણમાં છે.

બૌદ્ધ ધર્મની પેઠે જૈન ધર્મનો પ્રચાર કરવા માટે કોઈ સમર્થ રાજા તરફથી (ગુજરાતના રાજા કુમારપાળને છોડીએ તો) કે બીજી રીતે પ્રયાસ થયો નથી.

અહિંસાધર્મનો વિચાર કરતે કરતે સૂક્ષ્મ જીવ ક્યાં ક્યાં હોય છે એની તપાસ જૈન લોકોએ સારી પેઠે કરી છે. વનસ્પતિમાં કેટલો જીવ હોય છે, હવામાં તથા પાણીમાં જીવ કેવી રીતે રહે છે વગેરે બાબતોનું તેમણે એક મોટું શાસ્ત્ર રચ્યું છે. જૈન પંડિતોએ સાહિત્યની સેવા ખૂબ કરી છે. સંસ્કૃતમાં અનેક શાસ્ત્રો ઉપર જૈન લોકોએ લખેલા ગ્રન્થો છે. જૈન લોકો પણ મૂર્તિપૂજક હોવાથી તેમણે સ્થાપત્યકળામાં અને શિલ્પમાં સવિશેષ ઉન્નતિ કરી છે. ગુજરાતમાં જૈન લોકોએ બાંધેલાં કેટલાંય મંદિરો હિંદુસ્તાનમાં અસાધારણ ગણાય છે. આબુનાં–દેલવાડાના દેરાની કારીગરી જોઈ બધા દેશના મુસાફરો આશ્ચર્યચકિત થાય છે. કઠણ પથ્થરમા મીણ અથવા ફૂલની કોમળતા લાવવાની શક્તિ હિંદુસ્તાનના કારીગરોમાં છે એ આ દેરાં ઉપરથી સ્પષ્ટ થાય છે.

જૈનોમાં શ્વેતાંબર અને દિગંબર એવા ભેદ પડેલા છે. મહાવીરે કૈવલ્યપ્રાપ્તિ પછી વસ્ત્રનો પણ ત્યાગ કર્યો હતો, એટલે તેમની પૂજા વસ્ત્ર સાથે કરવી કે વસ્ત્ર વગર એ મતભેદને લીધે બે પંથો ઊભા થયા અને હવે તો તેમા પૂજાવિધિ અને કળાના આદર્શનો પણ ભેદ આવી ગયો છે.

જૈન ધર્મના પહેલા તીર્થંકર ઋષભદેવનો ઉલ્લેખ શ્રીમદ્ ભાગવતમાં આવેલો છે. ત્યાં તેમના ત્યાગ-વૈરાગ્યનું વર્ણન આદરપૂર્વક કરેલું છે. હિંદુ સમાજને સંસ્કારી બનાવવામાં ઋષભદેવનો ફાળો મોટો હતો એમ દેખાય છે. લગ્નવ્યવસ્થા, પાકશાસ્ત્ર, ગણિત, લેખન વગેરે સંસ્કૃતિમાં મૂળ બીજ ઋષભદેવે સમાજમાં નાખ્યાં એમ કહેવાય છે. આ બધું કરીને આખરે બધાંનો ત્યાગ કરી ઋષભદેવે પ્રવૃત્તિ અને નિવૃત્તિ બન્ને માર્ગ લોકો આગળ આચરી બતાવ્યા એમ કહીએ તો ચાલે.

ઋષભદેવ પછી અને મહાવીર પહેલાં બીજા બાવીસ તીર્થંકર થયા. તેમાં છેલ્લા પાર્શ્વનાથના પંથની અસર મહાવીર ઉપર ભારે થઈ. મહાવીરે પોતાના અનુભવથી પાર્શ્વનાથના ઉપદેશમાં ઉમેરો કર્યો અને સંયમધર્મ વધારે સ્પષ્ટ અને સંપૂર્ણ કર્યો. સત્ય, બ્રહ્મચર્ય, અહિંસા, અને અસ્તેય રૂપી યમને સંપૂર્ણ બનાવવા તેમણે અપરિગ્રહનું વ્રત તેમાં ઉમેરી દીધું. પાર્શ્વનાથના મત પ્રમાણે પાપનો એકરાર કરવાનો વિધિ મરજિયાત હતો. મહાવીરે તે ફરજિયાત કર્યો.

મહાવીર સ્વામી એ છેલ્લા તીર્થંકર ગણાય છે. તીર્થંકર એટલે પોતે તરી જઈ બીજા અસંખ્ય જીવોને ભવસાગરમાંથી જે તારે છે તે. તીર્થ એટલે આરો. સંસારસાગરરૂપી આરો શોધનાર કે બાંધનાર તે તીર્થંકર

જેમ બૌદ્ધ ધર્મમાં બોધિસત્ત્વની કલ્પના છે તેમ જૈન ધર્મમાં તીર્થંકરની કલ્પના છે. વૈદિક ધર્મે જૈન અને બૌદ્ધ ધર્મની નકલ કરી તેવી જ અવતારની કલ્પના ઊભી કરી છે એવો કેટલાકનો મત છે. વિષ્ણુના દસ અવતાર છે એમ મનાય છે. બીજી ગણતરી પ્રમાણે ચોવીસ અવતાર ગણાય છે. દસ અવતારમાં બુદ્ધાવતાર ગણાય છે. અને ચોવીસ અવતારમાં ઋષભદેવ છે એ ધ્યાનમાં લેવા લાયક છે.

ગૌતમ બુદ્ધની તપશ્ચર્યાની પેઠે મહાવીરની તપશ્ચર્યા પણ બહુ ઉગ્ર હતી. તિતિક્ષાની તેમણે સીમા કરી બતાવી. આ લાટ દેશમાં વીરપ્રભુને ઘણા ઉપસર્ગો ખમવા પડ્યા હતા. પ્રવાસ કરતાં જ્યારે કૂતરાંઓ આવીને વીરપ્રભુના ઉપર પાતાં તથા તેમને કરડતાં ત્યારે અહીંના લોકો કૂતરાંઓને વારતા નહીં, એટલું જ નહીં, પણ ભગવાનને મારતા અને કૂતરાઓને સિસકારીને તેમના તરફ ધસાવતા. પણ મહાવીરે તે બધું સહન કર્યું અને વિજય મેળવ્યો. આજે તે જ દેશમાં મહાવીરની આદરપૂર્વક પૂજા થાય છે.

પાપની જવાબદારી ફક્ત પાપ નહીં કરવાથી મટતી નથી; પાપ ન કરવું, ન કરાવવું અને તેને અનુમોદન પણ ન આપવું, તો જ પાપમાંથી મુક્તિ મળી શકે છે એવો ઉપદેશ મહાવીરસ્વામીએ કર્યો છે. મહાવીરે પાપ સામે સંપૂર્ણ અસહકાર ઉપદેશ્યો છે.

જૈન તત્ત્વજ્ઞાન અને જૈન વિધિઓમાં એક જ વસ્તુ બધે જોવામાં આવે છે, અને તે એ છે કે માણસને સંયમી બનાવી આત્મપ્રાપ્તિ તરફ દોરી જવો. જૈન પરિભાષામાં બાહ્ય પ્રવૃત્તિને 'આસ્રવ' કહે છે. એ આસ્રવમાંથી પરાવૃત્ત થઈ આત્માભિમુખ થવું એનું નામ 'સંવર'.

જૈન ધર્મમાં અને યોગદર્શનમાં ઘણું સામ્ય છે. અહિંસા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય અને અપરિગ્રહ એ પંચ મહાવ્રતો, મૈત્રી, કરુણા, મુદિતા, અને ઉપેક્ષા એ ચાર ભાવનાઓ, ધર્મનું દશવિધ લક્ષણ, વગેરે વસ્તુઓ વૈદિક, બૌદ્ધ અને જૈન ધર્મમાં સમાન જ છે. યાત્રા અને વ્રતનું માહાત્મ્ય પણ ત્રણેમાં સરખું જ છે. ભેદ મોટે ભાગે પરિભાષાનો છે.

જૈનોમાં દિગમ્બર અને શ્વેતામ્બર ઉપરાંત સ્થાનકવાસી કરીને એક પંથ નીકળેલો છે. તે પંથમાં મૂર્તિપૂજા નથી.

જૈન ધર્મમાં પુરાણો પણ સારાં પેઠે છે. તેમાં કેટલીક કથાઓ વૈદિક પુરાણોની કથાઓ સાથે કેટલેક અંશે મળતી આવે છે. જૈન પુરાણો, શક્તિ પુરાણો અને વૈદિક પુરાણોની સરખામણી કરવાથી પુરાણોમાં ઐતિહાસિક ભાગ કેટલો હશે અને તેનું સ્વરૂપ-હેતુ હોવું જોઈએ એ વિષે અટકળ કરી શકાય તેમ છે.

આ દૃષ્ટિએ જૂના સાહિત્યનો હજી પૂરતો ઉપયોગ થયો નથી.

'મહાવીર' એ નામ શ્રી વિષ્ણુને લગાડવામાં આવ્યું છે. તેનું વાહન ગરુડ એને પણ મહાવીર કહે છે. શ્રી રામચંદ્રજીને પણ મહાવીર કહે છે. શ્રી રામચંદ્રનો એકનિષ્ઠ સેવક હનુમાન પણ મહાવીર જ છે. આજે આપણે શ્રી પાર્શ્વનાથના અનુગામી વર્ધમાનને મહાવીર તરીકે ઓળખીએ છીએ.

'મહાવીર' શબ્દથી શો અર્થબોધ થાય છે? સર્વત્ર વ્યાપીને, આસુરી શક્તિનો પરાજય કરીને વિશ્વનું પાલન કરે છે તે વિષ્ણુ મહાવીર છે. અમૃત મેળવી શકે એવો શક્તિમાન માતૃભક્ત ગરુડ તે મહાવીર. પિતાનું વચન પાળવા ખાતર, પ્રજાનું કલ્યાણ કરવા ખાતર અને ધર્મનિષ્ઠાનો આદર્શ સ્થાપવા ખાતર રાજ્ય, સુખ અને પત્નીનો ત્યાગ કરનાર શ્રી રામચંદ્ર તે મહાવીર. કશા બદલાની ઈચ્છા રાખ્યા વગર સેવા કરનાર અને શક્તિનો ઉપયોગ રામની સેવામાં જ કરનાર બ્રહ્મચારી સેવાનન્દ હનુમાન તે મહાવીર. માતૃભક્તિ, સુખનો ત્યાગ, ભૂતમાત્ર વિષેની અપાર દયા અને ઇન્દ્રિયજયનો આદર્શ બતાવનાર જ્ઞાતૃપુત્ર વર્ધમાન તે પણ મહાવીર. આર્ય જાતિએ સર્વોચ્ચ સદ્ગુણોની જે મનોમય મૂર્તિ કલ્પી છે, જે આદર્શ રચ્યો છે તેને પહોંચનાર વ્યક્તિ તે મહાવીર, વિજય મેળવે તે વીર. અંતર્બાહ્ય દુનિયા પર વિજય મેળવે તે મહાવીર. વીર એટલે આર્ય. મહાવીર એટલે અર્હત્.

હિંદુ ધર્મ રાષ્ટ્રીય ધર્મ છે. એક મહાન રાષ્ટ્રનો ધર્મ હોવાથી તેને મહારાષ્ટ્રીય ધર્મ પણ કહી શકાય. પણ હિંદુ ધર્મના તત્ત્વો સાર્વભૌમ છે, વિશ્વધર્મના છે, તેનો ફેલાવો સર્વત્ર થઈ શકે એમ છે. હિંદુ ધર્મે મનુષ્યજાતિનો જીવનધર્મ શોધી કાઢ્યો છે. કઈ સરતે મનુષ્યકોટિ શાંતિથી રહી શકે, ઉત્કર્ષ પામી શકે, પરમતત્ત્વને ઓળખી શકે, અને મેળવી શકે એ હિંદુ ધર્મે ક્યારનું નક્કી કર્યું છે. 'स्वल्पम् अपि अस्य धर्मस्य त्रायते महतो भयात्' 'न हि कल्याणकृत् कश्चिद् दुर्गतिं तात गच्छति,' 'धम्मं मंगलमुक्किट्ठम्' એની શ્રદ્ધા કે અનુભવ આ ધર્મે નોંધી રાખ્યો છે. છતાં હિંદુ ધર્મ પ્રચારપરાયણ (મિશનરી) ધર્મ નથી. પોતાનો ધર્મ દુનિયામાં ફેલાવવો એ હિંદુ ધર્મનો આગ્રહ નથી. હિંદુ પોતાનો ધર્મ પોતાના આચરણમાં ઉતારવાનો જ પ્રયત્ન કરે છે તેમાં જો તે સફળ થાય તો તેની છાપ પડોશીઓ પર પડવાની જ. છાપ પાડવા જવું એમાં અધીરાઈ અને ઉતાવળ છે, એટલે કે જીવનની કચાશ છે, એમ માની હિંદુ વધારે પ્રયત્નપૂર્વક આત્મશુદ્ધિ જ કરવાનો.

સામાજિક હિંદુ ધર્મ એટલે સનાતન તત્ત્વોને આપણી વિશિષ્ટ જાતિને અનુકૂળ કરવાનો પ્રયત્ન. જુદો સમાજ આ જ તત્ત્વો જુદી રીતે પોતાના જીવનમાં ઉતારી શકે છે. હિંદુ ધર્મમાં આ સનાતન તત્ત્વો સમાજમાં દાખલ કરવાના અનેક અખતરાઓ આ દેશમાં થયેલા છે. રૂઢ સનાતન ધર્મ આ દેશ બહાર બિલકુલ ફેલાયો નથી. ફેલાવવાના પ્રયાસો કોઈ કાળે થયા છે કે નહીં તે આપણે જાણતા નથી. આ દેશમાંથી જ રૂઢ સનાતન ધર્મ નાબૂદ કરવાના પ્રયાસો થયા છે. તે પ્રયાસ નિષ્ફળ ગયા છે એટલું આપણે જાણીએ છીએ. પણ રૂઢ સનાતન પદ્ધતિ છોડીને બીજી ઢબે થયેલા અખતરાઓ દુનિયામાં સારી પેઠે ફેલાય છે. બૌદ્ધ ધર્મ એનો સાક્ષી છે, બૌદ્ધ ધર્મ એ જ પહેલવહેલો મિશનરી ધર્મ દેખાય છે. એના પહેલાં મિશનરી કાર્ય થયું હોય તો આપણે તે ચોક્કસ રીતે જાણતા નથી. વર્ણવ્યવસ્થાવાળો જીવનધર્મ પ્રચારક ન જ થઈ શકે એમ પણ લાગે છે. (જીવનધર્મ એટલે ફક્ત માનવા માટે રચેલો ધર્મ નહીં, પણ જીવવા માટે રચેલો ધર્મ.)

બૌદ્ધ અને જૈન ધર્મમાં પુષ્કળ ભેદ છે, છતાં બંનેમાં સામ્ય પણ ઓછું નથી. બંને મિશનરી ધર્મ થવાને લાયક છે. બંને વિશ્વધર્મ છે. સ્યાદ્વાદરૂપી બૌદ્ધિક અહિંસા, જીવદયારૂપી નૈતિક અહિંસા અને તપસ્યરૂપી આત્મિક અહિંસા (ભોગ એટલે આત્મ-

હત્યા—આત્માની હિંસા. તપ એટલે આત્માની રક્ષા—આત્માની અહિંસા) જે ધારણ કરી શકે તે જ વિશ્વધર્મ થઈ શકે, તે જ અકુતોભય વિચરી શકે 'यस्मान्नोद्विजते लोको लोकान्नोद्विजते च यः' એ વર્ણન તેને જ લાગુ પડી શકે છે. અહિંસાની આ પ્રસ્થાનત્રયી સાથે તમામ દુનિયાની યાત્રા થઈ શકે છે. આત્માની શોધમાં આ જ પાથેય કામ આવે એવું છે.

વિશ્વધર્મ એક જ હોય એમ માનવાનું કારણ નથી. જેમ કોઈ ઓરડીમાં રાખેલા ચારપાંચ દીવા પોતપોતાનો પ્રકાશ ઓરડીમાં બધે ફેલાવે છે, આખી ઓરડીનું રાજ્ય ભોગવે છે, અને છતાં પોતાનું વ્યક્તિત્વ જાળવી શકે છે; તેમ અનેક વિશ્વધર્મ એકીસાથે તમામ દુનિયાનું રાજ્ય ભોગવી શકે. ધર્મમાં અદેખાઈ કે મત્સર ક્યાંથી હોય? એક મ્યાનમાં બે તલવાર ન રહે. એક દરબારમાં બે મુત્સદ્દીઓ કારભારું ન કરે પણ એક દુનિયામાં ગમે તેટલા ધર્મ એક સાથે સામ્રાજ્ય ભોગવી શકે. કેમ કે ધર્મ તો અહિંસક જ હોય. ધર્મ એટલે જ અદ્રોહ. જ્યાં ધર્મ ધર્મ વચ્ચે ઝઘડાઓ ચાલે છે અને સંખ્યાબળની ઈન્તેજારી દેખાય છે ત્યાં જાણી લેવું કે ધર્મમાં ધાર્મિકતા રહી નથી, ધર્મને નામે અધર્મ શિરજોરી ચલાવી રહ્યો છે, ધર્મનું વીર્ય ક્ષીણ થયું છે. જે ધર્મવીર હોય, મહાવીર હોય તે જ દુનિયાને આવી સ્થિતિમાંથી ઉગારી શકે.

અહિંસાનું પૂરેપૂરું સ્વરૂપ આપણે જાણવું જોઈએ. અહિંસા એ મહાવીરનો ધર્મ છે, તમામ દુનિયાને આત્મશક્તિથી જીતવાની હોંશ રાખનાર જિનેશ્વરનો ધર્મ છે. દુનિયાના એક ખૂણામાં પણ જ્યાં સુધી હિંસા વર્તી રહી હોય ત્યાં સુધી એ અહિંસાધર્મ પરાજિત જ છે. કૃત્રિમ રીતે ભરણપોષણ આપી સૂક્ષ્મ જંતુઓને જિવાડવાથી અહિંસાધર્મને સંતોષ ન હોવો જોઈએ. મહાવીરની પેઠે તમામ દુનિયાનું દર્દ—પાપે ખદબદતું દર્દ આજના મહાવીરે તપાસવું જોઈએ અને પોતાની પાસેનું મન તન ઔષધ ત્યાં ત્યાં પહોંચાડવું જોઈએ. મહાવીરના અનુયાયીઓએ હૃદયની વિશાળતા અને ઉત્સાહનું શૌર્ય કેળવી બધે પહોંચી જવું જોઈએ. સંગ્રામના વીર શસ્ત્રાસ્ત્ર લઈને દોડે. અહિંસાના વીર આત્મશુદ્ધિ અને કરુણાથી સજ્જ થઈ સેવાવૃત્તિથી દોડે. તમામ દુનિયાનો અપાસરો બનાવવો જોઈએ. નાનકડા અપાસરામાં કેટલાને આશ્રય મળી શકે?

* 'સમર્પણ' એપ્રિલ ૧૯૬૧ માંથી સાભાર ઉદ્ધૃત.

અંતરંગ અને બહિરંગ

(લેખક—સાહિત્યચંદ્ર બાલચંદ હીરાચંદ, માલેગામ)

કોઈપણ વસ્તુને બે અંગો હોય છે. એક બહિરંગ એટલે બહારથી દેખાનારૂં અંગ. અને બીજુ તેનું અંતરંગ. એટલે અંદરનું સાચું અંગ. બહિરંગ જોવામાં આવે છે, પણ તેનું સાચું જે અંતરંગ તે પ્રથમ દર્શને જોવામાં આવતું નથી—કારણ એ આવરણોનીચે છુપાએલું હોય છે. અને સાચું તેનું કાર્યસાધક તો એજ અંતરંગ હોય છે. માટે જ કોઈ પણ વસ્તુનું પૂરૂં જ્ઞાન મેળવવું હોય ત્યારે તેના બાહ્યાંગ સાથે તેનું અંતરંગ પણ તપસવાની જરૂર છે. ફક્ત બહિરંગ ઉપર મોહીને જો આપણે વસ્તુની કીંમત આંકતા હોઈએ તો ઘણી વખત આપણે ઠગાવાનો પ્રસંગ ઉપસ્થિત થાય છે. અને છેવટે પસ્તાવાનો પ્રસંગ આવે છે.

ભોળા લોકોના અજાણપણાનો લાભ ઉઠાવી ઘણા ઠગ લોકો પિત્તળને સોનાનું રૂપ આપી પ્રત્યક્ષ સોનું હોવાનો આભાસ ઉત્પન્ન કરે છે. અને ઠગે છે. અને પાછળથી એ માણસને પસ્તાવાનો વખત આવે છે. હાલમાં ખાદ્યવસ્તુઓમાં અનેક યુક્તિઓ યોજી ઘણા હલકા પદાર્થો ભેળવી લોકોને લૂટવામાં આવે છે. પીગ માટે લસ્સી નામનું એક પેય બનાવવામાં આવે છે. તેમાં સ્ફેદ રંગના બ્લોટીંગ પેપરનો સરેઆમ ઉપયોગ કરી તેને મલાઈનું રૂપ આપવામાં આવે છે. એવી તો સેંકડો જાતની છેતરપીંડીઓ હાલના જમાનામાં ચાલી રહી છે. તે બધાઓનું વર્ણન કરવા બેસીએ ત્યારે એક મોટો પ્રબંધ કરવો પડે. પણ એનું આ સ્થાન નથી.

ગાયની ખોળ ઓઢી કેટલાક લોકોને ઠગતા ફરનારા અને લાગ આવતા ઘણાં બકરા ઘેટાંઓને ખાઈ જનારા વરૂઓનો આ જગતમાં તુટો નથી. સાધુનો વેશ ધારણ કરી, અને બાહ્યાચાર કરવાનો દેખાવ કરી સમાજની ભોળી બહેનોને ફોસલાવી તેમને ઠગનારા અને કદાચ પ્રસંગે તેમની લાજ લૂંટી જનારા કાવતરાખોર સાધુ નામ ધારણ કરનારા લોકોનો ઘણા હોય છે, એમાં શંકા નથી. માટે જ આપણે મહા જાગૃત રહી બહિરંગ ઉપર મોહી પડવુ એ ઉચિત ન ગણાય. ચોરના સહવાસમાં આપણે ભૂલેચુકે આવી જઈએ અને આપણું દ્રવ્ય કે કીમતી વસ્તુઓ ખોઈ બેસીએ, એ કદાચ ચલાવી લેવાય. ઘડીભર દિલગીર થઈ પાછા આપણા કામે લાગી જઈએ. અને થોડા કાળમાં તો એ બધુ ભૂલી પણ જઈએ પણ કોઈ સાધુનો સ્વાંગ સજી આપણે ઠગી જાય અને અવળે માર્ગે આપણને દોરી જાય તો આપણા જીવનમાં મહાન અનર્થ પેદા થયા વગર ન રહે. એવી સ્થિતિ શી રીતે ચલાવી લેવાય?

એ માટે જ અમો કહીએ છીએ કે, દરેક ઠેકાણે ફક્ત બહિરંગ ઉપર વિશ્વાસ રાખી બેસી નહીં પડીએ. પણ તેનું અંતરંગ અને વાસ્તવિક સ્વરૂપ ઓળખવા સુધી ધીરજ રાખવી જ જોઈએ. આપણા અમૂલ્ય આત્માને સમર્પણ કરતા પહેલા આપણે આપણો આત્મા કોને સોંપીએ છીએ તેની પુરી તપાસ કરવી જ જોઈએ. બહિરંગ ઉપર વિશ્વાસ મૂકી ઘણાએ લોકો ઠગાય છે. અને પાછળથી પશ્ચાત્તાપની આગમાં બળતા રહેલા જોવામાં આવે છે.

એક સાધુ વેશધારી બકભક્ત એવુ તો છટાદાર વ્યાખ્યાન આપે અને વૈરાગ્યનો રંગ જમાવે કે, ભનભલા સજ્જનો એની વાગ્જાલમાં મોહિત થઈ જઈ બોલી જાય કે આવા સંત મહાત્મા તો આપણે કોઈ દી' જોયા નથી એના ગુણ

ગાન કરે, અને એને ખમાખમા કરે. થોડાજ દિવસમાં એની આખી પોળ ખસી ગઈ. અને એનું સાચું સ્વરૂપ છતું થયું. આ તે પેલો વૈરાગ્યની ભાવના જમાવનારો સંત મહાત્મા કે રાક્ષસ! એનો ભ્રમ લોકોમા પેદા થયો. બનેલી ઘટના ઉપર કોઈનો વિશ્વાસ પણ ન બેસે. એ દાખલા ઉપરથી આપણે ઘણો બોધ તારવી શકીએ તેમ છે, અને માણસને સાવધાન રહેવાનું પણ સૂચન મળી રહે છે. એ ઘટના અમોએ કાલ્પનિક બોધમાટે ઉભી કરેલી નથી. પણ પ્રત્યક્ષ વસ્તુસ્થિતિનું દર્શન અમો કરાવીએ છીએ.

बलवानिंद्रियग्रामो विद्वांसमपि कर्षति । આ આપણી ઈંદ્રિયો અને તેના વિષયો એવા તો બલવાન છે કે, તે ભલભલા પંડિતો, તપસ્વીઓ, જ્ઞાની અને અનુભવીઓને પણ જબરીથી ખેંચી અવળે માર્ગે તાણી જાય છે. તેમાં સામાન્ય વેશધારીઓનું શું ગજું? બાહ્યવેશ પલટાથી કાંઈ હૃદયનું પરિવર્તન થઈ જતું નથી. વેશ પલટાનો ઉદ્દેશ એટલો જ છે કે, એવી સાધનામાં જાગૃતિ કાયમ રહે. અને પતનનો માર્ગ જરા અઘરો થઈ જાય. વેશ પલટાથી જો સાચા સાધુ થવાતું હોય તો આખુ જગત સાધુ બની જાય. નાટકમાં ચક્રવર્તિ રાજેશ્વરનું કામ કરી ઘડીભર લોકોને નટ છક કરી મૂકે છે. સાક્ષાત્ ચક્રવતિનું સ્વરૂપ બતાવે છે. પણ જવનિકામાં જતા પોતાના પગારની જ ફીકર તે કરતો હોય છે.

એક નાટકમાં પ્રસંગ એવો હતો કે, એક રાજાની અપરમાતા રાજાને મારી નાખવાનું કાવતરૂં રચે છે. તેમા એક શૂર કહેવાતા સૈનિકને વશ કરી તેની પાસ રાજાનું ખૂન કરવાના સોગન લેવરાવે છે. એ સોગન લેતા આગળ કેવડો અનર્થ થવાનો છે તેનું ચિત્ર પ્રેક્ષકો સામે ખડું થાય છે. એ સૈનિક સોગન લેવા તૈયાર થાય છે. ત્યારે એવી તો વિલક્ષણ અસર પ્રેક્ષકો ઉપર થાય છે કે, આ ફક્ત નાટક છે. એમાં સાચું કાંઈ છે જ નહીં, એ બધું ભૂલી પ્રેક્ષકમાંથી એક વકીલ ઉશ્કેરાઈ તખતા ઉપર કૂદી પડે છે. અને એ સૈનિકને સોગન લેતા વારવા માટે તેની પીઠ ઉપર પોતાના હાથમાની લાકડીથી એક ફટકો મારે છે. બધા લોકો એ જોઈ ચકિત થઈ જાય છે. અને પેલા વકીલની પણ સાન ઠેકાણે આવે છે. વકીલ પોતાની ભૂલ કબુલ કરે છે. ત્યારે પેલો સૈનિક બનેલો નટ પોતાની વાક્ચાતુરીથી લોકોને સમજાવે છે કે, વકીલ સાહેબે તે લાકડી મારી અમારૂં અપમાન કર્યું નથી. પણ અમારી નાટ્યકુશલતાનું પ્રમાણપત્ર અમોને આપ્યું છે. તેથી અમો તેમના ઉપકાર માનીએ છીએ.

આ પ્રસંગમાં નટ એવું તો નાટ્ય રજુ કરે છે કે, એ ઘટના જાણે પ્રત્યક્ષ બની રહેલી છે એવો જોનારને ભાસ થાય છે. એવા સાધુવેશધારી નીચ રાક્ષસને અમોએ જોયો છે. એ આચારવિચાર એવી તો સિફતથી પાળતો બતાવતો અને ભાષણ પણ એવી ચાતુરીથી આપતો કે ભલભલા ભણેલા પણ એને સાચો સાધુ જ માનતા હતા. પણ પાછળથી એક પ્રસંગ બન્યો કે, તેથી તેનું સાચું સ્વરૂપ પ્રગટ થઈ ગયું. અને એ એક નીચ દુષ્ટ માણસ છે, અને કામી, લોભી અને ધોખાબાજ માણસ છે એવુ સિદ્ધ થઈ ગયું. એટલા માટે જ અમો કહીએ છીએ કે, બહિરંગથી ભોળવાઈ જતા પહેલાં અંતરંગની પણ અવશ્ય તપાસ કરવી જોઈએ. પ્રથમ દર્શને જરા અવિશ્વાસ બતાવવામાં કાંઈ મહાન પાપ લાગી જવાનું નથી. પણ પુરી પરીક્ષાના અંતે તો સાચો અને મૌલિક વિશ્વાસ જામે છે. અને તે દૃઢ પણ બને છે. જ્યાં ત્યાં જરા જરા વાતમાં મોહી પડવું અને જરા જેવું વૈશિષ્ટ્ય કે ચમત્કાર જેવુ જણાતા સર્વસ્વ અર્પણ કરી દેવું એ તો મિથ્યાત્વ જ ગણાય. પ્રભુ મહાવીર ભગવંત પાસે જ્ઞાનનિધિ ઈંદ્રભૂતિ જાય છે. ત્યારે તેઓ ભગવંત આગળ હતપ્રભ થઈ ઝુકી પડે છે. તો પણ ચાલણી કરવા માટે જ પ્રભુ જો મારા મનમાનો સંદેહ ટાળે તો જ હું પ્રભુને સર્વજ્ઞ માની તે એમ વિચારે છે અને મારૂં સર્વસ્વ સમર્પણ કરૂં, પણ ત્યા સુધી નહીં અને પાછળથી તો તેઓ પ્રભુના અનન્ય ભક્ત

થઇ ગયા—મતલબ કે ઇંદ્રભૂતિ બહિરંગથી મોહી તો પડ્યા, પણ ઉંબટ એ તરંગ તપાસતા પહેલા રોકી જવું એમને ઉચિત લાગ્યું. એતો સરળ ઋજુ અને પ્રાજ્ઞ માનવોનો પ્રસંગ હતો. પણ હાલમા તો અસલ કરતા નકલી માલનો બહિરંમ ઘણો આકર્ષક કરવાની જનતામાં હોડ લાગેલી જણાય છે. એવા પ્રસંગે તો આપણી ચકાસણી તો વધુ આકરી અને સત્યશોધક બનવી જોઇએ. જેથી પાછળથી પશ્ચાત્તાપનો પ્રસંગ ન આવે.

બહિરંગ એ ફક્ત દેખાવ પુરતો હોય છે. ત્યારે અંતરંગ સાચુ સ્વરૂપ બતાવે છે. નેપાળ દેશમાં કસ્તૂરી ઘણી મળે છે. નેપાળના રાજાને રસ્તે ચાલતા અકસ્માત કીચડનો એક બિંદુ ઉડયો. અને રાજાને કપાળે જઇ ચોંટયો. એ જોતા લોકોને એ કીચડનો કાળો ડાઘ કસ્તૂરી જેવો જણાયો. કારણ નેપાળનાં કસ્તૂરીની વિપુલતા હતી, અને રાજા કાંઈ કીચડ પોતાના કપાળે લગાવે નહીં. તેથી લોકો એ કાળા કીચડના ડાઘને કસ્તૂરી માનવા માંડ્યા. અર્થાત્ એ પરિસ્થિતિ જન્ય ભ્રમ હતો. તેમ સાધુનો વેશ હોય, ઉપાશ્રયમાં નિવાસ હોય, અને સાધુના આચારો પાળતા હોય ત્યારે આ સાધુ નહીં પણ દંભી ઢોંગી, લબાડ માણસ હશે એવી કોણ કલ્પના કરે ?

એટલા માટે જ અમો દરેક કાર્યમા વધુ સાવધાનતા રાખી બહિરંગનો વિચાર બાજુ ઉપર મૂકી અંતરંગ ઓળખતા રહેવું એ ઉચિત છે એવી સાવધાનતાની સૂચના આપીએ છીએ. બંધુભગિનીઓ એ સમજે એજ અમારી સદિચ્છા !

ત્રીજી બલા દ્રષ્ટિની સજ્ઝાય

(સં. ડોક્ટર વલ્લભદાસ નેણસીભાઈ-મોરબી)

ત્રીજી દ્રષ્ટિ બલા કહીજી, કાષ્ઠાગ્નિ સમ બોધ,
ક્ષેમ નહિ આસન સધેજી, શ્રવણ સમીહા શોધ રે
જીનજી-ધનધન તુજ ઉપદેશ—

ભાવાર્થ: —

આ દ્રષ્ટિમાં લાકડાના અગ્નિ સમાન બોધ થાય છે. એટલે શ્રી સદ્ગુરૂદેવની આજ્ઞાથી જે જે સદ્‌સાધનોનું સેવન કરે, આ શંકા તથા અસ્થિરતા દોષ રહિત, અને શ્રદ્ધા-દ્રઢતા-તથા સ્થીરતાપૂર્વક **સંપક દોષને** ટાળીને કાયિક સંયમી બનીને સેવન કરે છે

યોગમાં કહેલા અનેક ઉત્તમ આસનોમાંથી વીરાસન, સિદ્ધાસન, કે પદ્માસનમાંના કોઈપણ એક **આસનમાં દ્રઢતાથી**-સ્થિરાસની બનીને સન્માર્ગનો ઉપાસક બને છે.

આગળની બે દ્રષ્ટિઓ કરતાં પણ આ દ્રષ્ટિમાં **મિથ્યાત્વના** રસની વધારે **મંદતા થવાથી** અને સન્માર્ગનું અંતર દ્રષ્ટિએ નિરીક્ષણ કરવાથી સત્પુરૂષના બોધને તીવ્ર જીજ્ઞાસાપૂર્વક સાંભળીને અંતર પરિણામી બનીને, અંતરત્યાગ, વૈરાગ્ય, ભક્તિ તથા શ્રદ્ધાદિ આંતરિકગુણોને પ્રગટ કરીને અંતરજીવનનો વિકાસ કરવાને શક્તિમાન થાય છે, ઉત્તરોત્તર **જીવનને વધારે** વિશુદ્ધ બનાવે છે.

તરૂણ સુખ સ્ત્રી પરિવર્યોજી, જેમ ચાહે સુરગીત
સાંભળવા તેમ તત્વને જી એ દ્રષ્ટિ સુવિનીત રે—
જીનજી—

ભાવાર્થ :—આત્માર્થી જીવે સમજવાનું કે અત્યારની રૂઢિચુસ્ત લોકો કુલાચારની ટેવ પ્રમાણે જ્યાં જ્યાં ધર્મસ્થાનકોમાં વ્યાખ્યાન સાંભળવા જાય છે, પણ ખેતરમાં **પાકેલા અનાજને** ચણવા આવેલા પંક્ષીઓને જેમ ખેડુત હોં હો કરીને ઉડાડે છે તેમ

આ શ્રોતાઓકો પણ વ્યાખ્યાન સાંભળતાં તેના હેતુ કે રહસ્યને સમજ્યા વિના અહો અહો-વાહ વાહ શું અપૂર્વ વાણી છે ! પત્થરને પણ પીગળાવી દે તેવી વા છે. આમ બોલીને માત્ર શાબ્દિક મહત્તા સિવાય કાંઈપણ સાર્થકતા જણાવતા નથી અથવા જીવનમાં વર્તનરૂપે કાંઈપણ પરિણમન થયું હોતું નથી. તેવા કૃત્રિમ શ્રોતા ન બનતાં, સદ્બોધ શ્રવણના સાચા પ્રેમી બનવાની જરૂર છે તેના દ્રષ્ટાંતમાં જણાવે છે કે ચતુર-સુંદર સુખી યુવાન અને સ્વરૂપવાળી સ્ત્રીની સાથે રહેતો ધનાઢ્ય સંગીતપ્રેમી અને સંગીતનો જાણકાર ગૃહસ્થ જેમ ગાંધર્વના હૃદયાકર્ષિત અને મનને મુગ્ધ બનાવે તેવા સુમધુર સંગીતમાં તલ્લીન, એકતાન બની જાય છે અર્થાત એકાગ્રતા, પ્રેમ અને ઉત્સાહથી તદાકાર બની એકાગ્રતાથી જેમ સાંભળે છે તેમ વાતોના તડાગ, ઉંઘના ઝોકા, કે આડીઅવળી દ્રષ્ટિને ફેરવ્યા વિના કાયિક, વાચિક અને માનસિક ચપલતા રાખ્યા વિના કાયાથી સ્થિર, વચનથી સંયમી અને મનથી એકાગ્રતા બનીને એ સદ્ગુરૂના સદ્બોધને પ્રેમ ઉત્સાહ તથા શ્રદ્ધાથી સાંભળી અંતરાત્માની જાગૃતિ-શુદ્ધિ અને વિકાસ કરવાને સદ્ભાગ્યશાળી થાય છે.

સરીએ બોધ પ્રવાહનીજી, એ વિણ શ્રુતથલ કૂપ
શ્રવણ સમીહા તે કિસીજી, શયિત સુણે જેમ ભૂપ રે
જીનજી—

જેમ કુવામાંથી નીકળતી સેરથી કૂપ જળથી ભરપુર બને છે તેમ આત્મારૂપી કૂપમાં અંતર્જ્ઞાનરૂપી જળના પ્રવાહને પ્રગટાવવા માટે સત્પુરૂષોનો બોધ એ સેર છે. એ સદ્બોધ અંતર પરિણામે ત્યારે જ સમ્યગ્જ્ઞાનની પ્રાપ્તિ થાય છે—

વિષય, કષાયાદિની વાસનાઓના અનેક વિકલ્પોમાં વ્યગ્ર ચિત્તવાળો જે હોય, તેને શય્યામાં સુતેલા નિદ્રાના ઘેનમાં ઝોકા ખાનાર રાજાને જેમ પાંચમાં વેદની અનુપમ ઉપમાને પ્રાપ્ત થયેલ સુમધુર સંગીતના સ્વાદની મહત્તા વા અપૂર્વતા સમજાતી નથી. તેમ વિષય-કષાયની મલીન વાસનાઓથી મોહાંધ થયેલ, બહિર્દ્રષ્ટિ અને બહિરાત્મભાવે વર્તનાર અને કુલાચારની રૂઢિ પ્રમાણે શ્રોતાપણાનો દાવો કરનાર, અને ખુદ્-ગજાનંદી હોય તેવા જીવને સત્પુરૂષનો બોધ અંતર પરિણામી થઈ શકતો નથી.

મન રીઝે તન ઉલ્લસેજી, રીઝે બુઝે એક તાન,
તે ઇચ્છા વિણ ગુણ કથાજી, બહેરા આગળ ગાન રે
જીનજી—

ભાવાર્થ :—મનની પ્રસન્નતા ઉલ્લાસભાવના અને અંતરજ્ઞાનપૂર્વક એકતાન થઈને સદ્બોધનું શ્રવણ કરનારને જ ગુણ પરિણામી થાય છે. આ ઉપરોક્ત ગુણો પ્રગટયા વિના ધર્મકથા સાંભળે તો બહેરા આગળ જેમ મધુર ગાયનની નિષ્ફળતા થાય છે તેમ આત્મ જાગૃતિ અને અંતર તન્મયતા વિના સદ્બોધ પણ સાર્થક થઈ શકતો નથી.

વિઘ્ન ઇહાં પ્રાયે નહીંજી, ધર્મ હેતુમાં કોય,
અનાચાર પરિહારથીજી, સુયશ મહોદય હોય રે.
જીનજી

ભાવાર્થ :—

જ્યારે લોકસંજ્ઞા, ઓઘસંજ્ઞા, બહિરાત્મભાવ, અને કુલાચારની રૂઢિપૂર્વક ધર્મકથાઓ સાંભળે છે ત્યારે જ જીવને નિદ્રા, વિકથા, શુષ્કતા, ગુણહીનતા, અને નિરસતાદિ કાઠીયાઓ (અંતર દોષો) નડે છે. પણ ઉપરોક્ત દોષોથી મુક્ત થઈને વિનય-નમ્રતા-શ્રદ્ધા અને એકાગ્રતાથી સદ્બોધ શ્રવણ કરીને અંતર પરિણામી થઈને સ્વચ્છંદતા તથા કદાગ્રહનો ત્યાગ કરીને સદ્ભાવનાનું સેવન કરે છે ત્યારે મુમુક્ષુ આત્માને મનની દ્રઢતા અને સદ્ગુરૂની કૃપાથી સન્માર્ગથી પતીત કરાવે તેવાં વિઘ્નો ઉપસ્થીત થતાં જ નથી. અને કદાચ પૂર્વકર્મ સંચિત અંતરાય કર્મના ઉદયથી થાય તો મનની દ્રઢતા અડગ શ્રદ્ધાથી તે વિઘ્નોને દૂર હઠાવીને આત્મબલનો વિકાસ કરીને આત્માને આવરણીત કરનાર, પતીત કરનાર, અંતરના અનાચારો (આત્મઘાતી દોષો)નો નાશ કરીને પોતાની નિર્મલતારૂપી સુયશ અને ઉન્નતિરૂપી મહાન ઉદયને મેળવી શકે છે. અર્થાત્ અંતરજીવનના વિકાસથી, સ્વસ્વરૂપાનુભવ સમ્યગ્જ્ઞાનની નજીક આવી જાય છે.

તાલધ્વજ ગિરિને

(વસંત તિલકા)

જ્યાં વાયુની મધુર લહેરખી ચે સદૈવ
લૈ શૌર્યના હજી વહે પડઘા પ્રચંડ,
જેની ત્રણે દિશ સમુદ્ર પ્રમત્ત ગાન
ગાતો બુલંદ સ્વરથી અણુધંસ શ્વાસે.

સૌરાષ્ટ્રની રસિલી એ રમણીય ભોમે
શેત્રુંજ ઉન્નત તણી ગિરિમેખલાથી,
છુટ્ટા પડેલ મણકા સમ તું પડ્યો છે
સમૃદ્ધ તાલધ્વજ પંથકને પ્રદેશે.

કોઇ પુરાણ સમયે ગજવૃંદ મત્ત
આ પંથકેથી કદી થાતું હશે પસાર,
ને કો તપસ્વીથી હશે કરી દુષ્ટ ચેષ્ટા
તેથી થયું સ્થગિત શાપ તણા પ્રભાવે.

એની અહીં બની હશે ગિરિમાળ ભવ્ય
તેમાં સમુજ્જવલ રહ્યું તુજ નામ રમ્ય,
કાયા પ્રલંબ નહીં, યદિ નથી પ્રચંડ
વા દેહનો નથી અતિ મજબૂત બંધ.

તું પ્રૌઢ રાજવીગણે કુમળો કુમાર
ના લેશ કિન્તુ તુજ જ્યોતિ તણો પ્રકાશ,
તારા જ વંશ તણી કીર્તિ થકી સમાન
ઉદ્ગ્રીવ તું: તુજ સકારણ છે ગુમાન

છો ગૌરીશંકર પરે વિજયી ધ્વજોને
લહેરાવતા મનુજ શક્તિગુમાન ધારી,
તું શૈલબાળ પણ તો તુજ શૃંગટોચે
કેવા વિનમ્ર તિરથંકર શું નિહાળે.

તારા પ્રસન્ન મનગમ્ય વિશાળ અંકે
તીર્થંકરે નિજ મૂકી પગલી વિરાટ,
એ પાપના પુનિત પ્રેરક કેં પ્રતાપે
જો તું પૂજ્ય બની પત્થરમાંથી દેવ.

તારી જ તો મધુર છાંય ઝીલી વહે છે
નાની શી તો ય રમણીય નદી તળાજી,
ગાંભીર્યનો જરીક ભાવ ધરી મળે છે
આશ્લેષમાં હસતી શેતલમાં સમાતી.

કોઇ પુરાણ સમયે તુજ દેહ વીંધી
કોણે ન જાણું પણ કોતરી છે બખોલ,
લોકોક્તિના બળથી આજ સુણી રહું છું
એકાદ નાની મહીંથી નરસિંહ બોલ.

ને એક પાંખ મહીં એભલ રાજવીના
ઔદાર્યની અમર લોક કથા જડી છે,
એનું ગુમાન સળકયું હતું વિપ્રનારી
કન્યા તણા સમુક લગ્ન કર્યાં કહે છે.

ને એ જ એભલની મંડપ ભવ્ય સાથે
સ્થંભો વિના ય હજી કીર્તિ ઊભી અડોલ,
જેના વિશાળ મનમોહક આંગણાંમાં
ગૂંજે અખંડ ગણ યાત્રિકનો કિલોલ.

ને અન્ય પાંખ મહીં સુંદર ખોડીઆર
માતા સુમંગળ સ્વરે નિત ગીત ગાતી:
તારે જ પૃષ્ઠ ફરકે ધ્વજ શંભુ કેરો
ને પાસમાં ફરકતી પીરની પતાકા'

ને કાળદૈંત પણ વાસ કરી રહ્યો છે
અલ્પ પ્રસિદ્ધ તુજ ગહ્વર કોક માંહે,
ઝાંખા પ્રદીપ તણી જ્યોત થકી સદૈવ
માપી રહ્યો છ ગતિ કાળની સૃષ્ટિ માટે.

તારાં ચઢાણ નથી કે વસમા નથી વા
તું શોભતો ઝરણ વા વનરાજીઓથી,
તું સ્થાન ઉદ્ગમતણું નથી વા નદીનું
સંપત્તિનું અણમૂલું નથી હો તું ધામ.

જાણું ન તેં નીરખીઓ ઇતિહાસ કેવો
વા કેટલી નીરખી તેં ઉદયાસ્ત લીલા,
કોના વળી અનુભવ્યા ઉરના પ્રકંપ
ને કોની આરઝૂતણા પ્રતિઘોષ પાડ્યા.

એ જાણું ના પણ તું કેંક યુગોથી આજે
શેત્રુંજે સાંજની વિલંબિત હારમાળો,
સંગે અશ્રાંત્ય કરતો અણજાણ ગોષ્ઠિ
ને પામતો નથી રહ્યો છે નિગૂઢ લીલા.

તારે જે શૃંગ વસી ચોમુખ દેવવૃંદ
નાનું છતાં ય ઉર ધરી અસીમ શ્રદ્ધા,
શેત્રુંજને શિખર રાજંત બંધુ વચ્ચે
સાથે સ્વધર્મની કરી રહ્યું રમ્ય ચર્ચા.

હું ઝીલવા મથી રહું રજ સાર એનો
કે આત્મના બધિર તંતુ સતેજ થાય.
છે વિશ્વ સંગીતની રમ્ય સુરાવલિમાં
સંવાદી સૂર પૂરીને કરું જાત ધન્ય.

ચાંચલ્ય હું મુજ સ્વભાવનું જાણું કિન્તુ
મર્યાદ મારી સઘળી થકી હું સભાન,
તેથી સદૈવ પડતાં મૂકિયાં પ્રવાસ
મેં બુદ્ધિના કઠીન માર્ગતણાં હસીને.

આજે અજાણ્યું પથનો પંજનો પ્રવાસી
તેથી તને તુજ તળેટી વિશે વસીને
ન્યાળી અપંગ નયનો ભરીને રહું છું,
અંગાંગથી પ્રકટતી તુજ માત્ર શોભા.

ને કોદી હું અનધિકાર કરું છું ચેષ્ટા
(તેન્સીંગ શો) ચઢી રહું અણિઆળ શૃંગે,
તારે, અને નગરનો નીરખું છું ગર્વ
જે તુચ્છ શો રમકડાં સમ તારી પાસે.

ત્યાં સાહરા હૃદયમાં પરિવ્યાપ્ત થાય
પેલી અકારણ પુનઃ જય એષણા કાં?
કલ્પી ઘડી ભૂપતિ શો મનમાં મને હું
સામ્રાજ્ય સ્થાપિત કરી મધુરું હસું છું.

હે શૈલમાળ! અવ કેવું અનુભવું છું
થોડા જ આ સમયના સહવાસમાંથી.
કેવો થતો પ્રકટ કોમળ મૈત્રી ભાવ
ને સ્નેહની અંતર કેવી દિંટાય ગાંઠ.

હે મિત્ર! તેથી મુજ જીવનમાં પ્રલંબ
દૌર્મનસ્યની પળ મને કદી આવરી રહે,
યાચીશ પૌરુષ તણો કણ માત્ર, ત્યારે
લંબાવશે મિત્ર તું સ્નેહભર્યો શું હાથ?

—હસમુખ મઠીવાળા.



(૯) પારસમણિ

—મુનિ શ્રી ચંદ્રપ્રભસાગરજી

પ્રેમનો સંદેશો લઈ, વસંતનું પ્રભાત આકાશના ફાંડંગણમાં આવ્યું હતું. ઉષાના મુખ પરથી અંધકારનો બુરખો ઊંચકાઈ ગયો હતો. ઉપવનમાં વસન્ત ઋતુ નૃત્ય કરી રહી હતી. પણ આ નગરના ધર્મવીર શેઠનો દિવસ આજ વસન્તનો નહોતો, પાનખરનો હતો, લક્ષ્મીદેવીનાં પૂર આજ ઊલટાં વહેતાં હતાં. પોતાની હવેલીને ઓટલે બેસી, શેઠ દાતણ કરતા કરતા સંપત્તિના આહ્લાદક પ્રકાશને જોયા પછી, નિર્ધનતાના ઓળાનું પણ સ્વાગત કરી રહ્યા હતા, વિચારતા હતા કે રથનાં પૈડાંના આરાની જેમ સુખ-દુઃખ ઉપર-નીચે થયા જ કરે છે. એમાં શોક કઈ વાતનો !

એ દિવસ બદલાણો. તડકા પછી છાંયડો આવે એ તો દિવસ પછી રાતની જેમ સ્વાભાવિક જ છે ! એમાં મૂંઝાવું શાને ?

સૂર્યાસ્ત થઈ ગયો હતો. પંખીઓ માળામાં સંતાઈ ગયાં હતાં પૂનમની રાત હતી. સૌ પર ચાંદની અમીધારા વર્ષાવી રહી હતી. એને મન ઉચ્ચ કે નીચ, શ્રીમન્ત કે ગરીબનો ભેદ નહોતો. આ વરસતી ચાંદનીમાં ગરીબોના વાસમાં દુઃખિયારાં ગરીબો ટોળે મળી, પોતાનાં સુખદુઃખની વાતો કરી રહ્યાં હતાં.

'નગરના દાતાઓમાં શ્રેષ્ઠ કોણ ?' એ આ અભાગિયાઓની ચર્ચાનો વિષય હતો. એકે કહ્યું : 'અમુક શેઠ તો દાનનો અવતાર કહેવાય. એને ત્યાં જે જાય તે ખાલી હાથે પાછો ન જ આવે. જમનારા થાકે, પણ એ જમાડતાં ન થાકે.'

બીજો કહે : 'ફલાણા શેઠની વાત જ ન થાય, એ તો રાજા કર્ણનો અવતાર છે. આપવા માંડે ત્યારે ખિસ્સામાં હાથ નાખતાં જે આવ્યું તે મુઠ્ઠી ભરીને આપી દે. ગણતરીની વાત જ નહિ. ધન્ય છે એનાં માતાપિતાને !'

ત્રીજો કહે : 'એ સૌ કર્ણના અવતાર ! પણ આપણા ગામના ધર્મવીર શેઠ તો પારસમણિ છે. એમને તો લોઢું અડે તોય સોનું થઈ જાય એવું એમનું દાન-પુણ્ય. એમના એકવારના દાનમાં તો બંદાનો બેડો પાર થઈ ગયો. કળજુગમાં એમના જેવા દાતા ન થયા, ન થાશે.'

આ દરિદ્રોના વાસમાં રહેતી સતાર નામની ડોસીના કાનમાં આ છેલ્લા શબ્દો પડ્યા અને ચમકી ગઈ. એ દુઃખીયારી હતી, વૃદ્ધા હતી. જુવાનજોધ બે દીકરાઓને એણે સ્મશાનમાં વળાવ્યા હતા. એનો ત્રીજો દીકરો સાધન વિના માંદગીમાં ટળવળતો હતો. પુત્રના માંદલા ને દર્દભરેલા ચહેરા સામે અનાથ નજરે જોતી, એ જીવી રહી હતી. આમેય ડોશી ઘણાં વૃદ્ધ હતાં એમાં આ ઉપરાઉપરી દુઃખના જખમોએ એની વૃદ્ધાવસ્થામાં ઉમેરો કર્યો હતો. હવે તો યાચવા જવાં જેટલીય શક્તિ એનામાં રહી ન હતી. પણ આ છેલ્લા શબ્દો સાંભળતાં એના આશાના તંતુ લંબાણા.

ડોસીએ હતી એટલી હિંમત એકત્રિત કરી, ડાબા હાથમાં ટેકા માટે લાકડી લીધી. જમણા હાથમાં એક લોખંડનો ટુકડો લીધો. શ્વાસ લેતી, હાંફતી, ધીમે ધીમે પેલા શેઠના હવેલીએ પહોંચી. વિચારનિદ્રામાં ડૂબેલા શેઠના જમણા પગે ડોસી લોખંડનો ટુકડો અડાડવા ગઈ, ત્યાં શેઠ એકદમ ચમકી ગયા :

'અરે ડોસી ! આ તું શું કરે છે ?' ડોસીની આ વિચિત્ર ચેષ્ટા જોઈ કડકાઈથી પૂછ્યું.

'શેઠ! લોકો વાતો કરે છે કે, આપ પારસમણિ છો. આપના સ્પર્શથી તો લોખંડ પણ સોનું થાય. શેઠ! આ સાંભળી, અભાગિણી એવી હું, આતો અખતરો કરવા આવી છું. શેઠ, માફ કરજો. ગરીબ અને ગરજવાનને અક્કલ હોતી નથી. આમાંય હું તો ગરીબ અને ગરજવાન બન્ને છું. એટલે મારામાં તો અક્કલ હોય તોય ચાલી જાય. શેઠ! હું કેવી પાપિણી છું કે હજુ હું જીવું છું. મારા બે દીકરા તો દવા અને દૂધ વિના ટળવળી-ટળવળીને મરી ગયા. હવે મારો છેલ્લો દીકરો પણ માંદગીમાં છેલ્લા શ્વાસ લઈ રહ્યો છે. એટલે ચાલવાની તાકાત નહોતી તોય ધનની આશાથી આપ જેવા મોટા માણસ પાસે ચાલીને આવી છું. ઉતાવળથી આપને સ્પર્શ કર્યો, તો અલ્લાની ખાતર માફ કરો.' શેઠની કડકાઈ જોવા છતાં ધ્રૂજતા ધ્રૂજતાં ડોસીએ બધું કહી નાખ્યું.

શેઠે ડોસી પર એક શાન્ત નજર નાખી. એનો નિખાલસ ચહેરો, દર્દભરેલી આંખો, મુખ પરથી ઝરતો વાત્સલ્યભાવ ને જીવનની વ્યથાને કહેતી એની મૌન વાણી—આ બધું જોતાં જ શેઠનું હૃદય કરુણાથી આર્દ્ર બની ગયું.

એમણે લોખંડનો ટુકડો માગી લીધો ને કહ્યું: 'જાઓ, પેલી પાટ પર બેસો!' ડોસી પાટ પાસે ગઈ, પણ ત્યાં બેસવાની હિંમત ન ચાલી. શ્રીમંતની આગળ ગરીબ પાટ પર કેમ બેસી શકે, એ એના સ્વભાવગત વિચારોમાંનો એક હતો. એ શાન્ત રીતે ઊભી જ રહી. જૂના નજરે આ નવો તમાશો નીરખી રહી હતી. પરિણામ શું આવશે, એની એને કલ્પના નહોતી. માલ મળશે કે માર, એનો એને પળેપળે વિચાર આવતો હતો. એક પળમાં એને પોતાની આ મૂર્ખાઈ માટે ગુસ્સો આવતો, તો બીજી પળમાં શેઠની મીઠી વાણી યાદ આવતાં કંઈક મળવાની લાલચ જાગતી. આશા ને નિરાશાના ઝૂલે એ ડોસી ઝૂલતી હતી.

શેઠે મહેતાને બોલાવ્યો. ટુકડો તોળ્યો તો પૂરો પચીસ તોલાનો.

શેઠને વિચાર આવ્યો: 'મને હતું ત્યારે તો આપ્યું, પણ એમાં નવું શું કર્યું! લોટો પાણીથી ભરાઈ ગયો હોય અને અંદર સમાતું ન હોય ત્યારે તો વધારાનું પાણી સૌ કાઢી નાખે. એને શું દાન કહેવાય? પણ પોતાના પીવાના પાણીમાંથી તરસ્યાને જે થોડું ઘણું આપે એ જ મહત્ત્વનું. એનું જ નામ દાન!'

શેઠના મોં પર હાસ્યનું એક કિરણ ચમક્યું. એમને મેઘ અને નદી સાંભરી આવ્યાં. હોય ત્યારે તો મેઘ અને નદી બંને જગતને પાણી આપે, પણ ન હોય ત્યારે તો નદી જ આપે. આકાશમાં વાદળ ન હોય ને વર્ષા થાય એવું કદી બનતું નથી. પણ નદી સુકાઈ ગઈ હોય છતાં, ત્યાં ખોદો તો અલ્પ પણ પાણી મળે જ મળે. ડોસી પણ આજ ઉનાળામાં અહીં નદી જાણીને આવી છે. એને તૃષાતુર પાછી કાઢું એ મને ન શોભે! 'અલ્પમાંથી પણ અલ્પ આપજો'—આ પ્રભુ મહાવીરનો દાનઘોષ રોજ શ્રવણ કરનારના ઘેરથી આવેલ વ્યક્તિ ખાલી હાથે જાય? ના, ના, એ કદી ન બને. આથી તો ધર્મી ને ધર્મ બન્ને લાજે.

શેઠે મહેતાને હુકમ કર્યો, અને પચીસ તોલા સોનું ડોસીના હાથમાં મુકાઈ ગયું.

સોનાની લગડીઓ પોતાના જર્જરીત સાડલાના છેડે બાંધી, પોતાના ઘર ભણી જતી સત્તાર ડોસી આંખમાંથી હર્ષના આંસુ વહાવતી કંઈક ધીમું ધીમું બબડતી હતી: 'અલ્લા આમને જન્નત બક્ષે. લોકો કહે છે તે જરાય ખોટું નથી. ખરેખર, શેઠ પારસમણિ છે!'

લોકો વાતો કરે છે: 'આ બનાવ પછી થોડા જ મહિનાઓમાં શેઠની સંપત્તિનો સૂર્ય ફરી, લાખ લાખ કિરણે પ્રકાશી ઊઠ્યો.

★ જીવનનો આવશ્યક ગુણ : ગંભીરતા ★

જીવનમાં ધર્મરૂપી રત્ન મેળવવા ઇચ્છનારે એ મેળવવાની વૃત્તિ ઉપરાંત પોતાની શક્તિ અને યોગ્યતાનો પણ અવશ્ય વિચાર કરવો જોઇએ.

આધ્યાત્મિક જીવન માટે અલૌકિક મૂડીની જરૂર રહે છે. જેની પાસે જીવનના આવા સદ્‌ગુણોની મૂડી ન હોય તે જો આધ્યાત્મજીવનની વાતો કરે તો એ પોતાની જાતને તેમજ સમાજને છેતરે છે.

ધર્મી આત્માએ જીવનમાં એકવીશ ગુણો કેળવવા જોઇએ. ઘણાખરા માણસો જીવનમા વધારે તો કલ્પનામાં જ ઉડનારા હોય છે. અને વાસ્તવિકતામાં તેઓ બીલકુલ શૂન્ય હોય છે. આવા કલ્પનાધારી માણસો આજે જીવનના ઉચ્ચ ધોરણને નીચે પાડી રહ્યા છે.

ધર્મ પાળનારો–આચરનારો માણસ પ્રથમ અક્ષુદ્ર હોવો જોઇએ જેના જીવનમા,જેની બુદ્ધિમા ઉતાવળીયા પણું હોય છે. તે ધર્મનો પાલક બની શકતો નથી.

માણસે પ્રથમ જીવનમા પચાવવાની શક્તિ કેળવવાની જરૂર છે.

કેટલીક વાતો એવી હોય છે કે જે વિચારીને પછીજ બોલવી જોઇએ. સત્ય હોય છતાં એને પચાવ્યા પછીજ રજૂ કરી શકાય. આપણા પાસેની વાતો આપણે વિચાર અને વિવેકનો ગળણાંથી ગળીને પછી જ બીજાને જણાવવાની છે.

કેટલાક પોતાને શંકરના ભક્ત કહેવડાવે છે. પણ શંકર એટલે ? જે બીજાનુ શમ-ભલું કરે છે તે શંકર. જે માણસ જીવનમાં ઝેર પચવી શકે એ શંકરનો સાચો ભક્ત બની શકે. તેણે હમેશા સમતા ધારણ કરવી જોઇએ. જે ઝેરને પચાવી દુનિયાને અમૃત આપે છે, તેનું નામ શંકર. આપણે આપણી જાતને ભક્ત કહેવડાવતા પહેલાં એના ગુણો જીવનમા લાવવાની જરૂર છે.

જીવનમાં આપણે પાર વગરની કાવી વાતો સાંભળીએ છીએ. એટલે આપણે વિચાર કરી ધ્યાનથી જીવવાનું છે.

એકની એક દવા એક માટે અમૃત બને છે, તે બીજા માટે ઝેર રૂપ થઈ પડે છે. માટે જે સાંભળેલું હોય તે ગળી જઇને પછી શબ્દોમાં પ્રગટ કરવાનું છે. આ માટે જીવનમાં ગંભીરતા ખૂબ જરૂરી છે. ક્યારેક પરહિત ખાતર જાણ્યું ન જાણ્યું. પણ કરવું પડે છે.

વાણી અને દષ્ટિની ગંભીરતા સાથે હ્રદય સાગર જેવું વિશાળ જોઇએ. દુનિયા ગોળ છે અને તેથી તમારી વાતો ફરી ફરીને પાછી તમારી પાસે આવશે, માટે બોલતાં પહેલા વિચારવું કે–જે વાત કોઇને માટે કહું છું તે વાત ફરતી ફરતી તેને કાને જશે તો તે તેને કેવી લાગશે ? મારે માટે તે શું થાશે ? આમ જે વિચારીને વાણી ઉચ્ચારે છે, તેજ મહાન બની શકે છે.

કોઈપણ શબ્દ વગર વિચાર્યે ન બોલવો જોઇએ. નહિતર ક્યારેક એનાથી કલહ જાગે છે. દરેક શબ્દ તમે કયા સંજોગોમા, કયા રૂપમા બોલો છો, તેના ઉપર પણ ઘણો આધાર રહે છે.

તમારી પુત્રવધૂ માટે તમે એમ કહો કે–' એ મોટા ઘરની છે. ' એટલે એ ખાનદાન કુટુંબની અને સદ્‌ગુણી છે એમ પણ અર્થ થાય અને એ કામની ચોર છે એવો પણ અર્થ ઘટાવાય. પણ માણસ જો સમજણ પૂર્વક વિચારે અને ઉચ્ચારે તો જીવનના આવા ઘણા કોયડા ઉકેલાઈ જાય.

ખરાબ વાત હોય તો તેને સારાં રૂપમાં મૂકવી જોઇએ કે જેથી કોઇને નુકશાન ન થાય, દુઃખ ન થાય.

સત્ય બધું જ બોલી નાંખવું એવી બાધા ન હોય. જૂઠું બોલવું નહિ એ બાધા વધુ જરૂરી છે. વાત કરતી વખતે જાણતા હોઇએ તે બધું સત્ય કહી દેવાની જરૂર નથી, એમાં સંયમ, વિનય અને વિવેક વાપરવો જોઈએ. અને જે બોલો તે મીઠું, સારૂ, સાચું અને બીજાને લાભકારી હોવું જોઇએ.

આચાર્યશ્રી હેમચંદ્ર

કુ. સરોજ ન. પરીખ

વિક્રમના ૧૨-૧૩માં સૈકામાં થયેલા હેમચંદ્રાચાર્યનો સમય ગુજરાતના રાજકીય તેમ જ સાહિત્યકીય ઇતિહાસમાં તેજસ્વી પ્રકરણો સરજી જાય છે. રાજનીતિજ્ઞતા, વ્યવહારકુશળતા અને બહુશ્રુતતાથી સંપન્ન એવી આચાર્ય હેમચંદ્રની અગાધ વિદ્વત્તા જોઈને આ એક પ્રાચીન ભારતીય સાહિત્યાચાર્યને 'જ્ઞાનનો મહાસાગર' અથવા કાલિકાલસર્વજ્ઞનું બિરુદ આશ્ચર્યથી ઊભરાતી લાગણી સાથે જૈનોએ આપેલું તે ડૉ. પીટર્સન જેવા એક પાશ્ચાત્ય વિદ્વાને પણ સ્વીકાર્યું છે.

ધંધુકાના પાહિની (કેટલાકના મતે ચાહિની નામ છે) અને ચાચીગ નામનાં મોઢ વણિક માતાપિતાને ત્યાં કાર્તિક સુદ પૂર્ણિમાને સંવત ૧૧૪૫ના દિવસે જન્મેલો બાળક ચાંગદેવ ૮ વર્ષની વયે પ્રસિદ્ધ જૈન સૂરિદેવચંદ્ર પાસે ખંભાતમાં સાધુવ્રતની દીક્ષા લે છે. ૨૧ વર્ષની યુવાનવયે નાગોરમાં હેમચંદ્ર નામ ધારણ કરીને આચાર્યપદ પ્રાપ્ત કરે છે. ત્યારપછી અણહિલપુર પાટણના મહત્વાકાંક્ષી રાજા સિદ્ધરાજ જયસિંહના મિત્ર બને છે. આચાર્ય હેમચંદ્ર અણહિલપુર પાટણમાં ક્યારે આવ્યા અને સિદ્ધરાજની મિત્રતા કેવી રીતે પ્રાપ્ત કરી તે વિષે કોઈ પણ જાતનો વિશ્વસનીય ઉલ્લેખ મળતો નથી. પરંતુ ઉદા મહેતાના પુત્ર બાહડે રાજા કુમારપાલ સાથે આ ઋષિ હેમચંદ્રનો પરિચય કરાવ્યો હતો, તેની વિગત 'કુમારપાલપ્રતિબોધ' માં મળે છે. તે ઉપરથી એમ અનુમાન થઈ શકે કે કદાચ અધ્યયનકાલ દરમિયાન જ ઉદા મહેતાને કારણે હેમચંદ્ર અણહિલપુરમાં આવ્યા હશે. આ મિત્રતાનો દોર આચાર્ય હેમચંદ્રે છેક મરણ પર્યંત અણહિલપુર પાટણના રાજસિંહાસન સાથે જોડાયેલો રાખે છે; આથી સમસ્ત ગુજરાતને અનેક રીતે લાભ થાય છે.

આચાર્ય હેમચંદ્રનો સમય એક રીતે કહીએ તો ગુજરાતની ભૂમિ ઉપર સિદ્ધરાજ-કુમારપાલ જેવા સોલંકી યુગના અસાધારણ તેજસ્વી રાજાઓના શાસનકાળનો હતો. ગુજરાતનું સામ્રાજ્ય આ કાળ દરમિયાન અભૂતપૂર્વ વિસ્તાર પામે છે. વિદ્યાભ્યાસ, વાણિજ્ય, મુત્સદ્દીગીરી, શિલ્પ—સ્થાપત્ય વગેરે સર્વ ક્ષેત્રોમાં ગુજરાતીઓની સાર્વજનિક પ્રગતિ થયેલી

...જૂના કાળમાં રાજાઓ પાસે એને દોરનાર—માર્ગદર્શક એવા ગુરુઓ અને મહાપુરુષો હતા. પણ પછી રાજાઓએ એ માર્ગદર્શન મેળવવાનું છોડી દીધું અને તેઓ પશુતાની પરાકાષ્ઠાએ પહોંચ્યા અને તેમનું પતન થયું. આવો કાળના નવાબનો એક પ્રસંગ છે.

પરદેશી પાર્લામેન્ટનો એક સભ્ય ભારતીય સંસ્કૃતિનો પરિચય સાધવા માટે અહીં આવેલો, એ નવાબના દરબારમાં ગયો. નવાબમાં ઝાઝી બુદ્ધિ ન હતી. પણ એનો દુભાષિયો ભારે હોશિયાર હતો, કુશળ હતો.

નવાબ તો એની ધુનમાં હતો. પણ ભારતની આબરૂ રાખવાનું કામ પેલા દુભાષિયાના હાથમાં હતું.

પેલો નવાબ તો "તમારે ત્યાં રાજા કેટલી રાણીઓ-બેગમો રાખે છે? એને છોકરાં કેટલાં છે?" એ પ્રશ્નો પૂછે, પણ દુભાષિયો એને બદલે નવા જ પ્રશ્નો રજૂ કરે છે અને અતિથિને જ્ઞાનભર્યો જવાબ આપે છે, ભારતની પ્રશંસા વધારે છે. આમ દુનિયાની ઊંધી વાતોને સીધી કરે, તેનું નામ ડાહ્યો માણસ.

જે માણસો બીજાને વાત કરતા આમ ચાંપતા હોય તેવાઓ ધર્મના જીવન માટે લાયક નથી.

માટે જીવનનો પ્રથમ આવશ્યક ગુણ ગંભીરતા અને તેની કેળવણી છે. ઉતાવળા મનનો માણસ બોલીને પોતાને અને બીજાને નુકસાન કરે છે. કોઈની વાત એની સંમતિ વગર બીજાને કહેવામાં વિશ્વાસભંગ રહેલો છે.

જે માણસ કુટુંબમાં, સંસારમાં અને જીવનમાં આવી ગંભીરતા રાખીને વર્તે છે, તે જ માનવતાને સોપાને ચડી શકે છે.

જણાય છે. આજે પણ એ કાળનાં શિલ્પ અને સ્થાપત્ય—કલાના અવશેષો. સિદ્ધપુરના રુદ્ર મહાલય તથા પાટણના સહસ્રલિંગ તળાવના અવશેષો જોવાં મળે છે એની વાણિજ્ય સંબંધી જાહોજલાલીના માહિતી પણ પરદેશી મુસાફરોનાં વર્ણનોમાંથી મળે છે અને આજે પણ વેપાર ઉદ્યોગોની બાબતમાં ગુજરાતીઓએ જે સ્થાન પ્રાપ્ત કર્યું છે તે તેના પુરાવા તરીકે ગણાવી શકાય એમ છે. પરંતુ આ બધા ઉપરાત ગુર્જર પ્રજાના સંસ્કારક્ષેત્ર ઉપર આચાર્ય હેમચંદ્રના પ્રતિભાવન પ્રભાવની અમર પડવાની શરૂઆત થઈ ચૂકી હતી તે લક્ષમાં રાખવા જેવી હકીકત છે,

હેમચંદ્રાચાર્ય એક વીતરાગી જૈન સૂરિ હોવા છતાં પ્રવૃત્તિવિમુખ નહોતા રહ્યા કે એમની પ્રવૃત્તિઓ જૈન ધર્મમાં જ રમી રહેનારી નહોતી. તે તો સર્વતોમુખી રહી હતી એમ તેમની અનેકવિધ પ્રવૃત્તિઓ જોતા જણાય છે. તેમની ધર્મભાવના પણ સંકુચિત નહોતી. તેમની દૃષ્ટિ હંમેશ સર્વધર્મ તરફ—ખાસ કરીને તે વખતે પ્રવર્તમાન શૈવધર્મ તરફ—સમભાવભરેલી જ જણાય છે. તેમના આવા વ્યક્તિત્વની છાપ તે વખતના સામાજિક, રાજકીય આર્થિક અને ધાર્મિક જીવન ઉપર પડેલી જણાય તો તેમા કંઈ આશ્ચર્ય પામવા જેવું નથી. જો કે આ મુખ્યત્વે સામાજિક, ધાર્મિક અને રાજકીય ક્ષેત્ર ઉપર અને તેમાય ખાસ કરીને સિદ્ધરાજ કુમારપાલના ઉપર વિશેષ કરીને પડે છે : પરિણામે સિદ્ધરાજ ભગવાન સામનાથનો પૂજક હોવા છતા જૈનધર્મ તરફ સમભાવ રાખે છે. કુમારપાલના સમયમાં તો જૈનધર્મ ખૂબ મહત્ત્વનું સ્થાન પ્રાપ્ત કરે છે.

ગુજરાતીઓ પ્રકૃતિયા જ પરધર્મને પોતાનો કરી લેવાની વૃત્તિ દાખવે છે. આચાર્ય હેમચંદ્ર સર્વ સમાદૃષ્ટિની જે પ્રેરણા પ્રજાજીવનમા મૂકે છે તેને લીધે એ વૃત્તિ તે સમયે વધુ પ્રબળ બને છે. પરિણામે ગુજરાતીઓનું સામાજિક જીવન પરિવર્તન પામે છે અને એ રીતે ગુજરાતીઓની વિચારભૂમિકામા પણ ક્રાન્તિ આવે છે. પૂ. બાપુજીની સર્વધર્મસમભાવની વિચારસરણીથી શું આજના સામાજિક, રાજકીય, આર્થિક કે ધાર્મિક જીવન ઉપર અસર થયેલી નથી જણાતી? તે જ પ્રમાણે તે સમયે બનેલું. પરંતુ તે ગુજરાત પૂરતું જ મર્યાદિત હતું. અને પૂ. ગાંધીજીના સમયે વધુ વિસ્તૃત ફલક ઉપર એની અમર ફેલાય છે, છતા આ સર્વ ક્રમાંયે એક સાહિત્યાચાર્ય હેમચંદ્રાચાર્યનું સ્થાન અનન્ય છે.

ગુજરાતમાં જ નહિ બલ્કે સમસ્ત ભારતવર્ષમા ઇતિહાસમાં આચાર્ય હેમચંદ્રનુ સ્થાન એક સાહિત્યાચાર્ય તરીકે પણ અત્યંત ગૌરવભર્યું છે. માલવપ્રજા અને ગુર્જર પ્રજાની રાજકીય સ્પર્ધામાથી સાહિત્યકીય સ્પર્ધા જન્મે છે. તેના પરિપાકરૂપે સિદ્ધરાજ જયસિંહની વિનતિથી હેમચંદ્ર 'સિદ્ધહેમ' નામનો વ્યાકરણનો ગ્રંથ આપણને આપે છે. ત્રણસો લહિયાઓને બેસાડીને રાજા તેની સેંકડો નકલો કરાવી દેશપરદેશ મોકલાવે છે. આ ગ્રંથ પૂર્ણ થયો ત્યારે રાજા તેને હાથીની અંબાડીમાં મૂકીને આખાયે અણહિલપુરમાં સરઘસઆકારે ફેરવીને તેનું તથા તેના રચનાર આચાર્ય હેમચંદ્રનું બહુમાન કર્યું હતું. આ ગ્રંથ આઠ અધ્યાયનો છે. પહેલા સાત અધ્યાય સંસ્કૃતમાં અને આઠમો અધ્યાય પ્રાકૃત અથવા અપભ્રંશ ભાષામા છે.

આ ઉપરથી એ પણ સાબિત થાય છે કે તેઓ સંસ્કૃત ભાષાને માન આપતા હતા; અને આઠમો અધ્યાય જે પ્રાકૃતમાં અથવા અપભ્રંશ ભાષામા છે તેથી ગુજરાતી ભાષાની દૃષ્ટિએ આજે પણ એ ગ્રંથ બહુ જ ઉપયોગી પુરવાર થઈ ચૂકયો છે; કારણ કે અપભ્રંશ ભાષાને અર્વાચીન બોલીઓની માતા તરીકે ગણવામા આવે છે અને તેનું મૂળભૂત સ્વરૂપ એમા સાચવી રાખવામા આવ્યું છે. તે ઉપરાત આ જ અધ્યાયમા અનેક સુભાષિતો પ્રાકૃત અથવા અપભ્રંશ ભાષામા મળે છે. તેમાં કેટલાકમાં શૃંગાર, કેટલાકમા વીરરસ, તો કેટલાકમા સ્વદેશાભિમાન નજરે પડે છે, અને કેટલાંક બોધપ્રધાન પણ છે. બીજાં કેટલાય

વિષયો પર પણ આ અધ્યાયમાં સુભાષિતો સંગ્રહવામાં આવેલા છે. આપણે અહીં એમાનું શૃંગારરસ આલેખતું એક જ સુભાષિત જોઈશું.

ઢોલ્લા સામલા ધણ ચંપા વણ્ણી,
ણાઇ સુવણ્ણ રેહ કસવટ્ટઇ દીણ્ણી.
‘(રંગે) નાયક શ્યામળ, નારી ચંપકવર્ણ,
કસપટ્ટીપર સોહતી, જાણે રેખ સુવર્ણ.’

આ ગ્રંથ દ્વારા આચાર્ય હેમચંદ્રની કીર્તિની સુવાસ એક વિદ્વાન પંડિત તરીકે દૂરદૂર સુધી ફેલાઈ. આ ઉપરાંત બીજા વ્યાકરણ ગ્રંથોમાં ‘લિંગાનુશાસન’ અને ‘ધાતુપારાયણ’ને ગણાવી શકાય. પરંતુ હેમચંદ્રાચાર્યની સર્વતોમુખી પ્રતિભા માત્ર આ વ્યાકરણ ગ્રંથો લખીને જ અટકી જતી નથી ‘કાવ્યાનુશાસન’ જેવા અલંકાર ગ્રંથ, છંદોની સમાલોચના કરતો ‘છંદોનુશાસન’ જેવો ગ્રંથ, અને એ જમાનામાં અદ્વિતીય ગણાય અને આજે પણ આપણને આટલી બધી સગવડો હોવા છતાં મુશ્કેલ ગણાય તેવો ગ્રંથ ‘અભિધાનચિંતામણિ’, ‘અનેકાર્થ સંગ્રહ,’ ‘નિઘંટુકોશ,’ તથા ‘દેશીનામમાલા’ જેવા શબ્દકોશો તે રચે છે. આ ઉપરાંત પણ ‘પ્રમાણમીમાંસા’ અને ‘યોગશાસ્ત્ર’ જેવા ગહન અને શાસ્ત્રીય વિષયો ઉપર પણ તેમણે ગ્રંથો લખ્યા છે. ‘મહાદેવસ્તોત્ર’ નામનો ગ્રંથ એક જૈન સૂરિ હોવા છતાં હેમચંદ્રે લખ્યો છે. ‘ત્રિષષ્ટિશલાકા’ જેવો ગ્રંથ આપણને કવિત્વયુક્ત ચરિત્ર પણ આપે છે. ઇતિહાસની દૃષ્ટિએ જેનું બહુ મૂલ્ય છે તે ‘દ્વયાશ્રય’ નામનો ગ્રંથ ચૌલુક્યોનો કુમારપાલ સુધીનો સિલસિલાબંધ ઇતિહાસ આપણને આપે છે. જો કે આ ગ્રંથમાં રાજાઓની જે પ્રશંસા કરવામાં આવી છે તે આજે આપણને ન રુચે તેવા પ્રકારની છે. એ રીતે એક સર્જક તરીકે હેમચંદ્ર આચાર્ય મહાન હતા છતાં તે વખતે પ્રચલિત એવી સમયની મર્યાદાઓને તેઓ દૂર કરી શક્યા નથી;

આવા એક વિદ્વાન અને પ્રતિભાસંપન્ન આચાર્યની આસપાસ વિદ્યાપ્રેમી શિષ્યમંડળ એકઠું થાય જ. તેમના પટ્ટશિષ્યનું નામ રામચંદ્રસૂરિ હતું. એમને વિષે આજે કંઈ પણ માહિતી ઉપલબ્ધ થતી નથી. પરંતુ બારેક નાટકો આ રામચંદ્રસૂરિના રચેલા હોય એમ મનાય છે. તેમાનું ‘નલવિલાસ’ એક છે. આ રામચંદ્રસૂરિએ રસને પહેલી જ વાર सुखदुःखात्मको रसः એ પ્રમાણે વર્ણવ્યો છે. તેમની દૃષ્ટિ વાસ્તવવાદી હોય એમ તેમના લખાણ ઉપરથી જણાય છે. હિંદભરમાં આ સૂરિ પણ એક વિદ્વાન તરીકે વિખ્યાત છે. બીજા શિષ્યોમાં મુખ્યત્વે કરીને ગુણચંદ્ર, મહેન્દ્રસૂરિ, વર્ધમાન ગણિ, દેવચંદ્ર, ઉદયચંદ્ર, યશશ્ચંદ્ર, બાલચંદ્ર વગેરેને ગણાવવામાં આવે છે. પરંતુ ગુજરાતી પ્રજાનું એ એક કમનસીબ છે કે આ સર્વ શિષ્યોના વિષે કોઈ પણ જાતની ચોક્કસ માહિતી આજે ઉપલબ્ધ નથી. જે કંઈ થોડીઘણી અહીંતહીં છૂટીછવાઈ વેરાયેલી પડી છે તે જોતાં એ વાત ચોક્કસ છે કે આ બધાએ સાહિત્યમાં આપેલો ફાળો નાનોસૂનો નથી; અને હેમચંદ્રાચાર્યની અગાધ વિદ્વતા તેમના આ શિષ્યમંડળમાં પણ ઊતરેલી જણાય છે.

ગુજરાતની ‘અસ્મિતા’ને તેજોમય કરી ગુજરાતીઓનાં મહત્તા અને ગૌરવ ઉત્પન્ન કરનાર જ્યોતિર્ધરનું કાર્ય સોલંકી યુગના તેજસ્વી સમયમાં આચાર્ય હેમચંદ્ર કરે છે. આચાર્ય હેમચંદ્ર વિના ગુજરાતનો અસ્મિતાનો ઇતિહાસ અપૂર્ણ ને અકિંચન લાગે છે. અદ્યાપિ પર્યંત જે પ્રેરણાનાં પાન ગુજરાતી પ્રજાએ કર્યાં છે તે આચાર્ય હેમચંદ્ર વિના કદાચ સંભવિત ન બનત. હેમચંદ્ર સાક્ષર તરીકે તો મહાન જ હતા; પરંતુ સંસ્કારદ્રષ્ટા તરીકે તો એથીયે વધુ મહાન લાગે છે, પછી ભલે તે શ્રી. મુનશી માને છે તેમ પ્રેમ કે યોગી તરીકે એટલા મહાન ન હોય. તેમણે જે સાહિત્ય સર્જ્યું, પ્રજાજીવનમાં નવજીવનની ઉષ્મા ઉત્પન્ન કરી તે ઠેઠ હમણા સુધી ગુજરાતી પ્રજાની નસેનસમાં વહી રહી છે. પંડિત ચિરાગ સાચું જ લખે છે

પાંચસો વિજયધ્વજ

વારાણસીની વિદ્વત્સભા, એ દિવસે મુંજ ઉઠી અનેક સભાઓને જીતી. એક દિગ્વિજયી કાર્તિક એ દિવસે વારાણસીના વિદ્વાનો સાથે જ્ઞાનચર્ચા કરવા આવવાનો હતો. પાંચસો તો તેની આગળ વિજયધ્વજ હતા.

એ આવ્યો. સભા ભરાઈ. ઘણા દિવસો સુધી શબ્દવેધી મેઘમાળાની ઝડી વરસી અને કાર્તિકની પૂર્ણિમાના દિવસે એણે સભાનો જય કર્યો. વિદ્વત્સભાના સઘળા પંડિતો શરમથી મસ્તક નમાવી રહ્યા.

વિજયી પંડિતે સિંહગર્જના કરી: 'હજુ કોઇ છે બાકી? હારું તો આ પાંચસો વિજયધ્વજો મૂકી એનાં ચરણોમાં પડું.'

એક યુવાને આ ઘોષણા ઝીલી લીધી. સૌની દૃષ્ટિ એ તેજસ્વી મૂર્તિ ભણી ખેંચાઈ. તુષારધવલા માતા સરસ્વતી એના પર આશીર્વાદ વર્ષાવી રહ્યાં હોય એવાં તેજ એની મુદ્રા પરથી વેરાતાં હતા.

તે યુવાનના મુખમાંથી જ્ઞાનનાં તેજથી ઝળહળતી અકાટ્ય દલીલો પ્રગટવા લાગી. અગાધ તર્કબળથી એણે એ દિગ્વિજયી વિદ્વાન પર વિજય મેળવ્યો; અને ત્યારે જ સૌને ખબર પડી કે, આ તો ગુજરાતમાંથી અભ્યાસ કરવા આવેલ ઉપાધ્યાય શ્રી યશોવિજયજી છે.

મહાસભાએ પ્રસન્ન થઈ ને એમને ન્યાયવિશારદનું બિરુદ આપ્યું. આ વિજય મેળવીને એ ગુર્જરભૂમિમાં પધાર્યા, પણ એમનું મસ્તક ગર્વથી ઉન્નત હતું. વિદ્યાના ગૌરવની સાથે વિદ્વાનોનો ગર્વ એમની ભ્રમરને ધનુષ્યની જેમ ખેંચાયેલા રાખતો હતો. પાંચસો પાંચસો વિજયધ્વજો એમની આગળ ચાલતા હતા, અને 'વાહવાહ' કરનારું પંડિતમંડળ એમની આસપાસ દિવ્ય આભામંડલની જેમ એમની પ્રતિભા પ્રસારી રહ્યું હતું.

આ સમાચાર મહાયોગી શ્રી આનંદઘનજીને મળતાં એમનાં નયનોમાં આનંદ ને વેદનામાં આંસુ ઊભરાય. અરે! જ્ઞાનનો ગર્વ સાધુને શોભે! નમ્રતા એની જીવનસંગિની હોય!

એક નમતી સાંજે એ ઉપાધ્યાયજીને મળ્યા, અને જ્ઞાનગોષ્ઠિ કર્યા પછી, ઠાવકું મો રાખીને સ્મિતપૂર્વક યોગીરાજે પૂછ્યું 'ઉપાધ્યાયજી! કેવળજ્ઞાનીઓનું અને ચૌદ પૂર્વધરનું જ્ઞાન આપણાં જ્ઞાન કરતાં વધારે કે ઓછું?

સાશ્ચર્ય ઉપાધ્યાયજીએ કહ્યું: 'શું બોલો છો યોગીરાજ! એ તો જ્ઞાનનો સિન્ધુ કહેવાય. આપણું જ્ઞાન તો એની આગળ માત્ર બિન્દુ ગણાય!'

યોગીરાજે મધુર સ્મિત કર્યું: 'હા, તો એમની આગળ વિજયધ્વજની લાખલાખ હારમાળા ચાલતી હશે ખરું ને?

આ સાંભળી પૂજ્યશ્રી ઉપાધ્યાયજીનો આત્મા નમી રહ્યો, અને ગર્વનાં પાણી નેત્રોદ્વારા ઝરી ગયા.

ત્યાં દિવ્ય ધ્વનિ થયો: 'सा विद्या या विमुक्तये'– વિદ્યા તે કે જે વાસનામાંથી મુક્તિ અપાવે, ગર્વમાંથી નમ્ર બનાવે.

'संस्कृत साहित्य और विक्रमादित्य के इतिहास में जो स्थान कालिदास का और श्री हर्ष के दरबारमें बाणभट्टका है, प्रायः वही स्थान ईसाकी बारहवी शताब्दिमें चौलुक्य वंशोद्भव सुप्रसिद्ध गुर्जर नरेंद्र शिरोमणि सिद्धराज जयसिंह के इतिहास में हेमचंद्रका है.'

આ રીતે ગુજરાતને ૧૨–૧૩માં સૈકામાં એક એવી વ્યક્તિ પ્રાપ્ત થાય છે કે જેનામાં જ્ઞાન, ભક્તિ અને માનવતાનો ત્રિવેણી સંગમ થયેલો જણાય છે.

ગુજરાતી ગ્રંથો

ભગવાનના ચરિત્રો

૧ શ્રી શ્રેયાંસનાથ ચરિત્ર — ૭-૮-૦

૨ શ્રી સુપાર્શ્વનાથ ચરિત્ર ભા. ૨ — ૨-૮-૦

૩ શ્રી પાર્શ્વનાથ ચરિત્ર — ૧૩-૮-૦

ભારે કાગળ — ૧૫-૦-૦

૪ તીર્થંકર ચરિત્ર
ચોવીશ તીર્થંકરોના ચરિત્રો તથા
ચોવીશે પંચરંગી ચિત્રો સાથે — ૬-૦-૦

ચરિત્રો વગેરે

૫ આદર્શ જૈન સ્ત્રીરત્નો (ભા. ૨જો) — ૨-૦-૦

૬ કથારત્ન કોશ (ભા. ૧લો.) — ૮-૦-૦

૭ „ „ (ભા. ૨જો.) — ૬-૦-૦

૮ દમયંતિ ચરિત્ર — ૬-૮-૦

૯ સંઘપતિ ચરિત્ર — ૬-૮-૦

૧૦ શ્રી વિજયાનંદસૂરિ [લે. સુશીલ] — ૦-૮-૦

૧૧ વસુદેવહિંડી (ગુજરાતી ભાષાંતર) — ૧૫-૦-૦

પૂજા અને કાવ્ય

૨ આત્મવલ્લભ પૂજાસંગ્રહ — ૩-૦-૦

૩ ચૌદ રાજલોક પૂજા — ૦-૪-૦

૪ નવાણું અભિષેક પૂજા — ૦-૪-૦

૫ વીશ સ્થાનક પૂજા (અર્થવાળી) — ૧-૪-૦

સમ્યગ્ દર્શન પૂજા — ૦-૪-૦

ચારિત્રપૂજાદિ ત્રયી સંગ્રહ — ૦-૪-૦

જૈન ઐતિહાસિક કાવ્ય-સંગ્રહ — ૦-૧૨-૦

કાવ્ય સુધાકર — ૨-૮-૦

ધર્મ કૌશલ્ય — ૧-૧૨-૦

૨૧ કુમાર વિહારશતક — ૦-૧૨-૦

૨૨ ચૈત્યવંદન સમીક્ષા — ૫-૦-૦

૨૩ સજ્ઝાયમાળા (ભીમશી) — ૪-૮-૦

૨૪ આત્મકાન્તિ પ્રકાશ
તત્ત્વ અને હિતોપદેશ — ૦-૮-૦

૨૫ તત્ત્વનિર્ણયપ્રાસાદ — ૧૦-૦-૦

૨૬ આરંભસિદ્ધિ — ૧૦-૦-૦

૨૭ જૈન તત્ત્વસાર — ૧-૦-૦

૨૮ ધર્મબિન્દુ (આવૃતિ બીજી) — ૩-૦-૦

૨૯ આચારોપદેશ — ૧-૦-૦

૩૦ અનેકાન્ત (ગુજરાતી) — ૧-૦-૦

૩૧ „ (ઈંગ્લીશ) — ૨-૦-૦

૩૨ નમસ્કાર મહામંત્ર — ૧-૦-૦

૩૩ જૈન ધર્મવિષયક પ્રશ્નોત્તર — ૧-૦-૦

૩૪ પંચ પરમેષ્ઠી ગુણ રત્નમાળા — ૧-૮-૦

૩૫ પ્રકરણ પુષ્પમાળા (ભા. ૨ જો) — ૧-૦-૦

૩૬ શ્રાવકધર્મ વિધિ પ્રકરણ — ૧-૮-૦

૩૭ જ્ઞાનપ્રદીપ (ભા. ૧ લો) — ૪-૦-૦

૩૮ „ (ભા. ૨ જો) — ૪-૦-૦

૩૯ „ (ભા. ૩ જો) — ૨-૦-૦

૪૦ આત્માનંદ જન્મશતાબ્દિ અંક — ૨-૮-૦

૪૧ સાધુ-સાધ્વી આવશ્યક સૂત્ર
„ (દેવનાગરી લીપીમાં) — ભેટ
„ (ગુજરાતી લીપીમા) — „

૪૨ કથાદીપ — ૧-૦-૦

તા. ક.—દિપોત્સવી સુધીમાં ઉપરના ગુજરાતી ગ્રંથો મંગાવનારને રૂા. ૨)ની કીંમતના પુસ્તક રે પાંચ, રૂા. ૫ ઉપર દસ અને સોકડો ઉપર ૨૦ ટકા કમીશન કાપી આપવામાં આવશે.

લખો — **શ્રી જૈન આત્માનંદ સભા—ભાવનગર** [સૌરાષ્ટ્ર]

स्पृहात्याग

કેટલાક ખાઉધરા લોકો શરીર પચાવી શકે તે કરતાં વધારે ખાય છે. તેઓ બીજાના ભાગનું ખાય છે એ દોષ તો છે જ; પણ તેઓ બીજાને અન્યાય કરે છે તેના કરતાં પોતાને ઓછો અન્યાય નથી કરતા. ખાઉધરાના એકલપેટાપણાને લીધે એનો ભાઈ ભૂખ વેઠશે તો એને પોતાને જાતજાતના રોગ વેઠવા પડશે. સમાજમાં જે વર્ગ પેલા ખાઉધરાની પેઠે સંપત્તિ વધાર્યે જ જાય છે તે સમાજને શાપરૂપ તો થાય જ છે, પણ પોતે પણ રોગી બની જાય છે. આરોગ્યની શક્તિ, આરોગ્યનો સંતોષ, અને આરોગ્યમાંથી મળતું દીર્ઘાયુષ્ય એ ત્રણેથી એ વંચિત રહે છે. પચે તેટલું અન્ન, બાકીનું બધું રોગ, જેમ માણસ સમજે છે, તેમ જ જ્યારે માણસ સમજશે કે, જાતમહેનતથી મેળવેલી સંપત્તિ તેટલી જ જીવતી સંપત્તિ બાકીની મડદાલ, અને જે સંપત્તિનો સમાજહિતને અર્થે સદુપયોગ થાય છે તેટલી જ પૌષ્ટિક અને બાકીની ઝેરીલી, તે જ દિવસે સમાજની સ્થિતિ સુધરશે. એને માટે લોકોના જીવન વિષેની માન્યતા સુધારવી જોઈએ. સુખ દુઃખ, લાભ હાનિ એની આપણી કલ્પના જ વિકૃત છે. અને તેથી ન્યાય અન્યાયની આપણી લાગણી બુઠ્ઠી થઈ જાય છે. દેશમાં રહેલી ખાનગી માલમિલકતને સામાજિક બનાવતા પહેલાં લોકોનાં હૃદય અને લોકોની લાગણીઓ સામાજિક બનાવવી જોઈએ. એથી જ સ્મૃતિકાર ગૌતમે આત્માના આઠ ગુણો આવશ્યક ગણાવ્યા છે અને તેમાં અસ્પૃહાને સ્થાન આપ્યું છે.

નાતજાતમાં માનનાર લોકો બીજાના હાથનું ન ખાવાનો આગ્રહ ચીવટપૂર્વક પાળતા હોય છે. જો બધા લોકો પરાઈ મહેનતનું મફતનું ન ખાવાનો ધર્મ એ જ ચીવટથી પાળે તો દુનિયાના ઘણાખરા ઝઘડા મટી જાય. આહાર શુદ્ધ હોય તો ચારિત્ર્યશુદ્ધિ જળવાય એ વચન ડગલે ને પગલે ટાંકનારા લોકો જો એટલું સમજી જાય કે, પ્રામાણિક રોટલો એ જ શુદ્ધમાં શુદ્ધ આહાર છે તો મહેનત મજૂરી કરનારા ઈશ્વરનાં બાળકોને ઘેર રોજ ને રોજ અગિયારશ અને શિવરાત્રી ઊજવવાનું નહિ રહે.

એક વાર સ્પૃહા મટી ગઈ તો સત્યયુગ દાખલ થતાં બહુ વાર નથી લાગવાની, કેમ કે પછી તો ઝાઝા કાયદા પણ કરવા ન પડે અને જબરજસ્તીથી એવા કાયદા પ્રજા પાસેથી પળાવવાના પણ ન રહે. અને કાયદા કરવા જ હોય તો જેમણે અસ્પૃહા કેળવી છે તેઓ તો એવા કાયદા સામે કોઈ વખત થવાના જ નથી. લોકમત કેળવાય ત્યારે જ સાચા કાયદાઓ કરી શકાય.

પ્રકાશક : ખીમચંદ ચાંપશી શાહ, શ્રી જૈન આત્માનંદ સભાવતી
મુદ્રક : હરિલાલ દેવચંદ શેઠ, -આનંદ પ્રિન્ટીંગ પ્રેસ-ભાવનગર.

ધર્મ

આપણા વડિલોએ, સંબંધીઓએ કે રાજ્યે ભલે નક્કી કરી આપ્યું હોય કે તમારૂં હિત આમાં જ છે, તે છતાં તે ઉપરાંત તમે જાતે તમારું હિત શેમાં રહ્યું છે, તે સમજવા મથો ને તે પામવા પ્રયત્ન કરો તે તમારો ધર્મ છે. જે વર્તન બીજાના હિતમાં વિરોધી નથી જે પ્રયત્ન તમને તમારા કલ્યાણ પ્રત્યે દોરી જાય છે તે વર્તન, તે પ્રયત્ન, તે આચારવિચાર તે તમારો ધર્મ છે ધૃ, ધાતુ ઉપરથી ધર્મ શબ્દ યોજાયો છે ધૃ એટલે ધારણ કરવું. માનવમાં પોતાના વિકાસના, ઉન્નતિના, આત્મકલ્યાણના જે સ્વાભાવિક ગુણો છે તેને પકડી રાખવા, ઝાલી રાખવા, વિકસાવવા. તેનું નામ ધર્મ. કુટુંબમાં, જ્ઞાતિમાં, સમાજમાં, રાજ્યમાં કે વિશ્વમાં આપણો જે વિચાર કે વ્યવહાર, આપણો પોતાનો અને તે સાથે બીજાનો આત્યંતિક ઉત્કર્ષમા ફાળો આપનાર હોય તે ધર્મ છે

આ અર્થમાં જે ધાર્મિક છે તે જ પોતાનું કે બીજાનું કંઇ કે ભલું કરી શકશે. જેને ખરેખર પોતાનું કલ્યાણ પામવાની દાનત નથી, પોતાનું પરમ હિત શું છે તે સમજવા વૃત્તિ કે શક્તિ નથી તે બાહ્યોપચાર જાળવી રાખે તો પણ તેથી પરમ કલ્યાણને પામતો નથી. જો ધર્મને તેના ખરા સ્વરૂપને આપણે વળગી રહીશું તો ધર્મ આપણને અન્તિમ શ્રેય સુધી લઇ ગયા વગર રહેશે નહીં.

મુકુંદરાય વિજયશંકર

૭૧૧૩

પુસ્તક ૫૯
અંક ૭

શ્રી જૈન આત્માનંદ સભા
ભાવનગર

વૈશાખ
સં. ૨૦૧૮

અનુક્રમણિકા

૧ સુભાષિત ૮૧

૨ આતમ પ્રભુ પ્રત્યે પ્રાર્થના (સ્વ.) પાદરાકર ૮૨

૩ દરિદ્રતા ૮૨

૪ ઉના મુનિ વિશાલવિજયજી ૮૩

૫ ચોથી દીપ્રા દૃષ્ટિની સજ્ઝાય ડૉ. વલ્લભદાસ નેણસીભાઈ ૮૭

૬ એક જ કોથળામાં બે વસ્તુઓ! સાહિત્યચંદ્ર બાલચંદ હિરાચંદ ૯૧

૭ ચંદનના દાગ ક્યારે ઉતરશે ? મુનિ જનકવિજયજી ૯૩

૮ શ્રી ફીનશા દાનચંદ દલાલનું ભાષણ ૯૬

શ્રી વિજયાનંદસૂરીશ્વરજી (શ્રીઆત્મારામજી) મહારાજનો જન્મોત્સવ.

જૈનાચાર્ય શ્રીમદ્ વિજયાનંદસરીશ્વરજી મહારાજનો એકસો પચીસમો જન્મ જયન્તી મહોત્સવ. તેઓશ્રીના જન્મસ્થાન. શ્રી લહરાગામ–જીરા ખાતે તા.૫-૪-૬૨ ના રોજ ધામધૂમ પૂર્વક ઉજવવામાં આવ્યો હતો.

સૌ કોઇએ વસાવવા જેવો અપૂર્વ ગ્રંથ

સ્વ. મોતીચંદ ગિરધરલાલ કાપડીયાના સિદ્ધ હસ્તે લખાએલ

" ધર્મ–કૌશલ્ય "

આપે ન વસાવેલ હોય તો જરૂર મંગાવો. મૂલ્ય. રૂા ૧—૭૫ ન.પૈ.

લખો–શ્રી જૈન આત્માનંદ સભા, ભાવનગર



વર્ષ ૫૯મું] વૈશાખ તા. ૭-૫-૬૨ [અંક ૭

सुभाषित

गुणैरुत्तुंगतां याति नोतुगेनासनेन वा ।
प्रासादशिखरस्थोऽपि काकः किं गरुडायते ॥

માનવી ગુણોથી ઉચ્ચપણાને પામે છે, ઊંચા આસનથી નહિ. મહેલની ટોચ ઉપર બેઠેલો હોવા છતાં કાગડો શું ગરુડ બની જાય છે ?

વિવરણ — ભારતીય સંસ્કૃતિએ ભૌતિક સિદ્ધિઓને કદી જીવનનું લક્ષ્ય નથી માન્યું. અર્થને પણ એણે ધર્મને માર્ગે મોક્ષ પ્રાપ્તિના એક સાધન તરીકે જ સ્વીકારેલ છે. ભૌતિક સિદ્ધિઓના ચરમ શિખરે પહોંચેલા રાવણને તો એણે રાક્ષસ કે અસુર જ ગણ્યો છે. આપણી સંસ્કૃતિને દૈવીસંસ્કૃતિ જ સ્વીકાર્ય છે, આસુરી નહિ. માનવીનું મન કદી નિષ્ક્રિય રહેતું નથી. માનવી પોતાનાં જીવનમાં સદ્‌ગુણનો વિકાસ કરવાનો સજાગ પ્રયત્ન ન કરે તો દુર્ગુણો અને આસુરી સંપત્તિનો ચોકો જરૂર બની જવાનું. ઉચ્ચતમ આસન માનવ જીવનને ઊચ્ચ બનાવી શકતું નથી એટલે જ ભર્તૃહરિ કહે છે કે મહેલની ટોચ ઉપર બેઠેલો કાગડો કદિ ગરુડ બની શકતો નથી.

स्वरूपानंदार्थे तलसती शुद्धवृत्तिनी

આત્મપ્રભુ પ્રત્યે પ્રાર્થના

મ્હારા પ્રાણજીવન પરમેશ રમેશ મહેશ છો
સૃષ્ટા નિજ સૃષ્ટિ તણા, વ્યક્તિ સમષ્ટિના !
ગુણાકર ગુણાતીત. ગંભિર ગુણે ભર્યા !
આવો નિજ ઘરનાથ, અમી ભરી દ્રષ્ટિના !

અંતર તાર સિતાર બજે તુજ સ્મરણના.
ધબકે અંતર તાર, પ્રભુ તુજ સૃષ્ટિના,
ભોક્તા નિજ ગુણ, ભોગી, યોગે અદભૂત હો !
રસના રટે તુંજ નામ, સાગર અમીવૃષ્ટિના !
તુજ સ્પર્શે બનું ધન્ય, ઉત્કર્ષ સ્વધર્મના !
અલખ અગોચર શ્રીધર નટવર મુક્તિના !

ધબકે દિલ ધબકાર, રગેરગ ઝંખના,
આતમના આધાર જડે કશી યુક્તિના.
નિરંજન નિરાકાર, અલખ - લખાયના.
નિર્મળ પ્રેમાળ ધાર, ઝંખુ જડે મુક્તિના.
ભક્તિ દિપક તેલ શ્રધ્ધા દિલ કોડીયે.
ટમટમ પ્રકટાવી જ્યોત-છતા જોવા શક્તિના
અંતર શાન્તિ અનૂપ જ્યોતિ પ્રકટાવજો,
શિરમણિ ભક્તિ છાપ, સદાશિવ છાપજો
તો દયા ઘન દેવ, છાનું તુ થી કાંઈ ના !
...ર્પણ મણિનું જોર, મનામણાં ભક્તિના !

સ્વ–પાદરાકર

દરિદ્રતા

सगं नैव हि कश्चिदस्य कुरुते,
संभाष्यते नादरात्
संप्राप्तो गृहमुत्सवेषु धनिनां
सावज्ञमालोक्यते !
दूरादेव महाजनस्य विहरत्यल्पच्छदो लज्जया
मन्ये निर्धनता प्रकाममपरं षष्ठं महापातकम्.

ગરીબ માણસની કોઇ સોબત કરતું નથી, તેને કોઇ આદરથી બોલાવતું નથી. ધનિકોને ઘેર ઉત્સવ વખતે જો તે જઇ ચડે છે તો સૌ એના તરફ તિરસ્કારની નજરથી જુએ છે. પોતામાં બીજી ઘણા પ્રકારની યોગ્યતા હોવા છતાં નિર્ધનતાની લજ્જાને લીધે તે મોટા ધનિક માણસથી દૂર રહે છે ખરેખર મને એમ જણાય છે કે જે પાંચ મહાપાતકો ગણવામાં આવેલાં છે તે બધાથી વધી જાય એવું ગરીબાઇ એ છઠ્ઠું મહાપાતક છે.

ઉના

'ઉના, પૂના અને ગઢ જૂના એ ત્રણે જૂનાં' એ કહેવત અનુસાર ઉના, પૂના અને ગઢ એ ત્રણે પ્રાચીન નગરો હોવાનું જણાય છે. પ્રાચીન લેખોમા ઉનાંનો ઉન્નતનગર અથવા ઉન્નતપુરથી ઉલ્લેખ કરેલો જોવામાં આવે છે.

પહેલા અહીં શ્રાવકોના માત્ર દશેક ઘર હતા પણ મહુવાથી શ્રી વિજયધર્મસૂરિ મહારાજનાં સંસારી કુટુંબનાં અને અન્ય બે-ત્રણ ઘરના કુટુંબો રહેવાને આવ્યા છે. એ પછી બીજાં ગામોમાથી પણ અહીં રહેવાને આવ્યા. આમ અત્યારે લગભગ ત્રીશેક ઘરના જૈનોની વસ્તી છે.

શ્રી હીરવિજયસૂરિમહારાજના સમયમા આ શહેરની ઉન્નત અવસ્થા હતી. જૈનોની વસ્તી પુષ્કળ હતી. એ સમયે અહીં પાચ જૈન મંદિરો વિદ્યમાન હતા. મોટી સાતસો પોષાધશાલા અને ઉપાશ્રયો હતા. એ ઉપરથી અહીં શ્રાવકોની વસ્તી કેટલી હશે તેનું અનુમાન નીકળે છે. શ્રી હીરવિજયસૂરિ વગેરે આચાર્યો આ નગરમા સ્વર્ગસ્થ થતા આ ગામ ગુરુતીર્થ તરીકે પ્રસિદ્ધિ પામેલું છે.

આજે અહીં છ જૈન મંદિરો વિદ્યમાન છે.

૧. શ્રી આદીશ્વર ભગવાનનું મંદિર

મૂળ ગભારામા શ્રી આદીશ્વર ભગવાનની બદામી રંગની મનોહર મૂર્તિ છે. તેની બંને બાજુએ સવા-કુટની શ્વેત આરસની બે કાઉસગ્ગિયા મૂર્તિઓ છે. આ કાઉસગ્ગિયા મૂર્તિઓ બીજા પ્રદેશથી આવેલી હોય એમ જણાય છે. મૂળગભારામા આરસની ૧૧ પ્રતિમાઓ છે.

મંદિરમા પ્રવેશ કરતા ડાબી બાજુ તરફની પહેલી દેરીમા આરસની ત્રણ પ્રતિમાઓ છે. એક મૂર્તિ ગૌતમસ્વામી ગણધરની છે. તેમના મસ્તક પાઠડી ઓઢી છે. એક હાથમા નવકારવાળી અને બીજા હાથમા મુહપત્તિ છે. નીચે લેખ નથી.

અંબિકાદેવીની બે નાની ધાતુ મૂર્તિઓ છે. એક બાળક દેવીની મૂર્તિના ખોળામા બેઠેલું છે જ્યારે બીજું બાળક ઊભેલુ જોવાય છે. આમાના એક મૂર્તિ નીચે સં. ૧૫૨૧ નો લેખ ઉત્કીર્ણ છે.

પાસેની બીજી દેરીમા આરસની ત્રણ મૂર્તિઓ છે. અને ધાતુની સાવ નાની ત્રણ એક મૂર્તિઓ છે.

ભમતીમા ૨૫ દેરીઓ છે. દરેકમાં એક ભગવાનની પ્રતિમા પધરાવેલી છે. ચોવીશ દેરીમાં આ આદીશ્વર ભ૦ની નીચે આ પ્રકારે લેખ હતો એમ ઉપા૦ શ્રી સમયસુંદર રચિત 'સામાચરીશતક'મા ઉલ્લેખ કરેલો છે.

एवमेव श्री द्वीपासन्न श्रीउन्नतनगर भूमि-गृहान्तर्वर्ति प्रतिमा प्रशस्तावपि लिखितमस्ति। यथा नवाङ्गवृत्तिकार अभयदेवसूरि संतानीयैः श्री धर्मघोषसूरिभिः प्रतिष्ठितम् ॥

પરંતુ આ મૂર્તિનો અહીં પત્તો નથી. આરસની ૨૪ મૂર્તિઓ છે જ્યારે પચીશમી એક દેરીમા ધાતુની પ્રતિમા બિરાજમાન છે.

મંદિરની નીચે ભોંયરું છે, ભોંયરામાં શ્રી અમીઝરા પાર્શ્વનાથની બદામી રંગની મનોહર મૂર્તિ બિરાજમાન છે. આ મૂર્તિમાથી વખતોવખત અમી

ઝરતું રહેતું હોવાથી તેને લોકો 'અમીઝરા' નામથી ઓળખે છે.

અહીં ભોંયરામાં એક સફેદ મૂછવાળો મોટો વૃદ્ધ સાપ રહે છે. કોઈ કોઈ વખત ભગવાનની મૂર્તિ ઉપર ફેણથી છત્ર કરીને ઉભેલો પણ જોવામાં આવે છે. આ સર્પ કોઈના ઉપર ધસારો કરતો નથી. ભોંયરામાં અત્યંત શાંતિ અને એકાંત છે.

આ ભોંયરાની પાછળ એક બીજું ભોંયરું પણ છે. તેમાં બહુ મોટી શ્રી આદીશ્વર ભગવંતની મૂર્તિ પાંચ ફૂટ ઉંચી છે. ઉપર મૂળનાયક આદીશ્વર ભગવંત છે. તે અને ભોંયરામાં તેમની ડાબી બાજુએ આદીશ્વર ભગવંત છે. બીજી તરફ શ્રી નેમનાથ ભગવાનની મૂર્તિ છે. એ મૂર્તિઓ જીર્ણ થઈ જવાથી સં. ૧૯૫૩ મા લેપ કરાવવામાં આવ્યો છે. આ ત્રણે મૂર્તિઓ ભૂખરી રંગની છે.

અગાઉ આ ભોંયરું બહુ નાનું હતું. તેનું બારણું બારી જેવડું નાનું હતું. પૂજારી મહા મુશ્કેલીથી અંદર જઈને પૂજા કરી આવતો. બીજું કોઈ અંદર જઈ શકતું નહોતું. આથી સં. ૧૯૫૮મા ગંગમંડપ અને પબાસનનું કામ શરૂ કરાવવામા આવેલું ત્યારે આ ભોંયરું પણ સુધારવામા આવ્યું. હવે તેમા સૌ કોઈ સરળતાથી જઈ શકે છે

આ મંદિર કોણે ક્યારે બંધાવ્યું એ સબંધી કોઈ ઉલ્લેખ મળતો નથી.

૨. શ્રી સંભવનાથ ભગવંતનું મંદિર

મૂળનાયક શ્રી સંભવનાથ ભગવાનની આરસની મનોહર મૂર્તિ પંચતીર્થી સહિત છે. તેનું પરિકર ખૂબ નકશીવાળું અને ભવ્ય છે. નીચેની ગાદી પણ શિલ્પયુક્ત છે. ગાદીમા વચ્ચે દેવી છે તે પછી હાથી, સિંહ, દેવી એ પ્રકારે બન્ને બાજુએ શિલ્પકૃતિ ભર્યા આલેખનો છે. તેની નીચે ધર્મચક્રની આકૃતિ કોતરેલી છે. ચક્રની બંને તરફ એકેક હરણનો દેખાવ આપ્યો છે. આ ગાદી પ્રાચીન જણાય છે. જ્યારે મૂળ નાયકની પલાંઠી નીચે લેખ છે તેમાં સં. ૧૬૬૫ના જેઠ શુદિ ૧૧ ને શનિવારે દીવના રહેવાસી એ.સવાલ જ્ઞાતીય પારેખ મેઘજીનાં ધર્મપત્ની લ ડકીબાઈએ આ બિંબ ભરાવ્યું એમ જણાવ્યું છે. આ પ્રતિમાની પ્રતિષ્ઠા શ્રી વિજયસેનસૂરિ મહારાજે કરેલી છે.

આ ગભારામાં મૂળનાયક સિવાય આરસની ૧૦ પ્રતિમાઓ છે સિવાય, ધાતુની પંચતીર્થી ૮, ધાતુની એકલમૂર્તિ ૪ અને એક ધાતુની ગૌતમસ્વામીની મૂર્તિ છે. શ્યામવર્ણની એક કાઉસગ્ગિયા પ્રતિમા છે. મૂર્તિઓ નીચે કોઈ લેખ જોવામાં આવતો નથી.

સં.૧૯૫૮ના ચૈત્ર શુદિ ૫ના દિવસે આ મંદિરનો જીર્ણોદ્ધાર કરવામાં આવ્યો એ સંબંધી એક તખ્તી અહીં ભીંતમાં જડેલી છે.

આ મંદિર ત્રણ ગભારાવાળું છે ને મનોહર લાગે છે. મોટી પ્રતિમાઓ આહ્‌લાદક છે.

અગાઉ આ દેરાસર કુંભારવાડામાં હતું એમ આ સ્થળના શ્રાવકો કહે છે. આજે તો અહીં કુંભારવાડામાં મકાનો બંધાઈ ગયાં છે. જે વખતે શ્રી આદીશ્વર ભગવાન અને શ્રી શાંતિનાથ ભગવાનના દેરાસરોનો જીર્ણોદ્ધાર કરવામાં આવ્યો તે વખતે આ મંદિરને કુંભારવાડામાંથી ખસેડી લઈ સં. ૧૯૫૯ ના વૈશાખ સુદિ ૧૨ ના રોજ અહીં પ્રતિષ્ઠા કરવામાં આવી.

જ્યારે કુંભારવાડામાં આ મંદિર હતું ત્યારે ૬૨ પ્રતિમાઓ હતી, એક ચૈવીશીનો પટ અને એક અષ્ટમાંગલિકની પટલી હતી, વળી ગામના કિલ્લાની અંદર ખોદકામ કરવામાં આવ્યું ત્યારે ૧૮ પ્રતિમાઓ નીકળી આવી હતી. આ બધીયે મળીને ૮૦ પ્રતિમાઓની આ મંદિરમા પ્રતિષ્ઠા કરવાનો શ્રી સંઘનો ઇરાદો હતો પરંતુ જૈન વસ્તી ઓછી હોવાથી મૂર્તિઓનો પરિવાર વધારવો ઠીક નથી એમ સમજીને

શ્રીસંઘે અહીં ૧૩ પ્રતિમાઓ તેમજ એક કાઉસગ્ગિયા પ્રતિમાની પ્રતિષ્ઠા કરાવી, બાકીનાં બિંબો ભાવનગર, પાલીતાણા, મુંબઈ વગેરે સ્થળે આપી દેવામાં આવ્યા.

૩. શ્રી સંભવનાથનું બીજું મંદિર

મૂળનાયક શ્રી આદીશ્વર ભગવાન તથા શ્રી શાંતિનાથ ભગવાનનાં બે દેરાસરો હતાં તે બંનેની વચ્ચે ખાલી જગ્યા હોવાથી શ્રીસંઘે એક નાનું દેરાસર બંધાવીને મૂળનાયક શ્રી સંભવનાથ ભ. ની મૂર્તિની પ્રતિષ્ઠા કરાવી છે.

૪. શાંતિનાથ ભગવાનનું મંદિર

મૂળનાયક શ્રી શાંતિનાથ ભગવાનની આરસની મૂર્તિ પંચતીર્થી સહિત છે. તેનું પરિકર નકશીવાળું છે. પરિકરના કાઉસગ્ગિયા નીચે લખેલ છે.

મૂળનાયકની જમણી બાજુએ શ્રી અજિતનાથ ભગવાન અને ડાબી બાજુએ શ્રી મહાવીર પ્રભુની મૂર્તિઓ છે. શ્રી શાંતિનાથ ભગવાનની પ્રતિમા ઉનાના રહેવાસી દોશી કીકા વીરજીએ ભરાવીને સં. ૧૬૬૫મા તેની પ્રતિષ્ઠા શ્રી વિજયસેનસૂરિ હસ્તક કરાવી છે.

મૂળનાયક સિવાય આરસની ૪ પ્રતિમાઓ છે અને ધાતુની ૩ મૂર્તિઓ છે.

ભમતીમા ૨૩ દેરીઓ છે, તેમા એક દેરી ખાલી છે, અને બે દેરીમા એકેક ધાતુમૂર્તિ છે આઠ દેરીઓમા આરસની એકેક પ્રતિમા છે અને બાર દેરીઓમા આરસની એકલતીર્થી અને પંચતીર્થી વગેરે મૂર્તિઓ છે.

'સભામંડપમા આરસનું ચૌમુખી સમવસરણ છે. આનું શિલ્પ પ્રાચીન જણાય છે પણ તેના ઉપર લેખ જોવામા આવતો નથી,

'જૈન તીર્થોનો ઇતિહાસ' નામક પુસ્તકમાં આ દેરાસરનું નામ આપ્યું નથી, પરંતુ તેની અંદર રહેલ શ્રી સંભવનાથ ભગવાનના મંદિરનો ઉલ્લેખ કર્યો છે.

૫. શ્રી પાર્શ્વનાથ ભગવાનનું મંદિર

મૂળનાયક શ્રી પાર્શ્વનાથ ભગવાનની મૂર્તિ શ્યામવર્ણની છે ને બહુ પ્રાચીન હોય એમ જણાય છે. જ્યારે આ પ્રતિમાનું પ્રક્ષાલન કરવામાં આવે છે ત્યારે અને રાત્રે રોશનીના વખતે પ્રતિમાના દરેક ભાગમા કોઈ એવી તેજસ્વિતા ચમકી ઉઠે છે કે, પ્રતિમા રત્નપાષાણ મિશ્રિત હોય એવો ભાસ થાય છે.

મૂળનાયકની બંને બાજુની પ્રતિમાઓ પાલીતાણાના બાબુ માધવલાલજીના દેરાસરમાં છે.

આ દેરાસરમા ગૌતમસ્વામી ગણધરની બે આરસ પ્રતિમાઓ છે. તેની પ્રતિષ્ઠા સં. ૧૬૫૮માં શ્રી વિજયસેનસૂરિ મહારાજે કરી હતી.

૧. પાલીતાણાના આ દેરાસરમા મૂળનાયક શ્રી સુમતિનાથ ભગવાનની મૂર્તિ શ્યામવર્ણની છે અને તેમની પડખેની બંને શ્યામવર્ણની જે મૂર્તિઓ છે તે આ ઉનાના પાર્શ્વના દેરાસરમાંથી લાવીને પધરાવેલ છે.

મૂળગભારાની બહાર રંગમંડપમાં જમણી તેમજ ડાબી બાજુની ભીંતમા એકેક ગોખલો છે ડાબી બાજુના ગોખલામા શેઠ–શેઠાણીની મૂર્તિઓ હાથજોડીને ઉભી છે. આ મૂર્તિ દેરાસર બંધાવનારની હશે એવું અનુમાન છે

એ જ રીતે જમણી તરફના ગોખલામા પણ એક શેઠ–શેઠાણીની મૂર્તિ હાથ જોડીને ઊભેલી છે એમણે પણ આ દેરાસરનો કોઈ ભાગ અથવા જીર્ણોદ્ધાર વગેરે કાર્ય કર્યાના સ્મરણમા મૂકવી હશે એમ લાગે છે.

૬. શ્રી નેમિનાથ ભગવાનનું મંદિર

મંદિરમા મૂળનાયક શ્રીનેમિનાથ ભગવાનની મૂર્તિ બીરાજમાન છે. મૂળનાયક સાથે આરસની ૨૪ પ્રતિમાઓ છે.

ઉપરાત અહીં એક અંબિકાદેવીની સુંદર મૂર્તિ છે. એક બાળક ખોળામા છે અને બીજુ તે દેવીની પાસે ઊભેલું છે. મૂર્તિ પાસે આમ્રલુંબ પણ બતાવી છે.

અહીં એક પગલા જોડી છે પણ તે કોના હશે તે સંબંધે કંઇ જ જાણવામા આવતું નથી.

શ્રી નેમિનાથ ભ૦ તથા શ્રી પાર્શ્વનાથ ભ૦ની પ્રતિષ્ઠા સં. ૧૯૨૪ના વૈશાખ સુદિ ૭ ના રોજ કરવામાં આવી છે.

અગાઉ આ બંને દેરાસરો જુદા જુદા લત્તામા હશે એમ જણાય છે.

આ દેરાસરમાથી કેટલીક પ્રતિમાઓ અન્ય સ્થળે મોકલવામા આવી છે. દીવ, ઉના દેલવાડામાથી ૪૦ આરસ પ્રતિમાઓ મુંબઈના ગોડીજીના મંદિરમા, ૩૨ આરસ પ્રતિમાઓ ભાવનગરના દાદા સાહેબના દેરાસરમાં અને ૨ મૂર્તિઓ ભાવનગરના ગોડીજીના મંદિરમા આપવામા આવી છે. ૩ પ્રતિમાઓ જામનગર તાબાંના લાલપુરમા આપી છે. એ સિવાય ધાતુની લગભગ ૧૦૦૦ પ્રતિમાઓ જુદા જુદા ઘણા સ્થળે મોકલી દેવામા આવી છે. તેમા યે ખાસ કરીને કદંબગિરિમા ઘણી મૂર્તિઓ અહીંથી ગયેલી છે.

સં. ૧૪૮૩મા રચાયેલ એક સ્તવન (વિજ્ઞપ્તિ ત્રિવેણી, પરિશિષ્ટ બીજી)મા ઉનામા શ્રી શાંતિનાથ ભ. નું મંદિર હોવાનું આ પ્રકારે જણાવ્યું છે.

ઉનઇ —એ પુરવરિ સંતિ.

વિજય તિલકસૂરિકૃત ' ચૈત્ય પરિપાટી ' કડીઃ ૪મા ઉનામા શ્રી આદીશ્વર ભ. નું મંદિર હોવાનું આ પ્રકારે જણાવ્યું છે.

" ઉનાગઢિ મરુદેવી તણુઉ. "

ચૌદમા સૈકામા શ્રીવિનયપ્રભ ઉપાધ્યાયે રચેલી ' તીર્થમાળા 'માં ઉનામા શ્રી મહાવીરસ્વામીનું મંદિર હોવાનો આ પ્રકારે ઉલ્લેખ મળે છે.

" વીરુ ઉણુવિ "

અઢારમા સૈકામા સૌભાગ્યવિજયજીએ રચેલી ' તીર્થમાલા 'મા ત્રણ સૂરિવર્યોના સ્તૂપ હોવાનો ઉલ્લેખ આ પ્રકારે કર્યો છે

" ઉનામે પગલાં ભલા છે ઉજલા રે,

ગુણનાયક થૂભ તીન. "

ઉપા૦ શ્રી મેઘવિજયજી મ૦ અઢારમાં સૈકામાં રચેલી ' પાર્શ્વનાથ નામમાળા 'મા ઉનામે અમીઝરા પાર્શ્વનાથ ભ૦ની મૂર્તિ હોવાનું આ પ્રકારે જણાવ્યું છે.

" બલવંત ધ્યાઉ પાસ વલેજઉ

અમીઝરો ઉનઇ વડવેજઉ. "

" અ મી ઝ રો મ ન રૂ ળી. "

પ્રા. તી. પૃ. ૧૦૨ કડી ૫૯

શ્રી મેરુકીર્તિએ ' શાશ્વત તીર્થમાળા ' લખી છે તેમા શાશ્વત તીર્થો પૈકી ઉના અને દીવનો પણ આ પ્રકારે ઉલ્લેખ કર્યો છે.

" ઉનઈ દીવ પ્રસિદ્ધી "

*

આ તીર્થમા શ્રી રાજસાગર શિષ્ય રવિસાગરજી મહારાજે સં. ૧૭૫૭માં મૌન એકાદશીની કથા રચી હતી.

ચોથી દીપ્રા દષ્ટિની સઝાય

ડોક્ટર વલ્લભદાસ નેણસીભાઇ

(૧) યોગ દૃષ્ટિ ચોથી કહીજી
દીપ્રા તીહાં ન ઉત્થાન,
પ્રાણાયામ તે ભાવથીજી
દીપ પ્રભા સમ જ્ઞાન;

મનમોહન જીનજી મીઠી તાહરી વાણ-

ભાવાર્થ:-

આ દૃષ્ટિને સમ્યક્સાધક વા સમ્યક્ત્વ સમીપા દૃષ્ટિ કહે છે. કારણ કે આ દૃષ્ટિમા આવનાર જીવાત્મા અંતરમુહૂર્તમા જ સમકિતને પામે છે. સાધનોનો પૂર્ણ ઉપાસક બનીને સાધ્યની નજદીક આવે છે. જો પરમાર્થ માર્ગ પામવાની તીવ્ર જીજ્ઞાસાપૂર્વક નિષ્કામપણે સદ્ગુરુની આજ્ઞાથી, સત સાધનો પણ સેવવામાં આવે તો પરમ કલ્યાણની પ્રાપ્તિ થાય છે; પરંતુ તેજ સાધનો જો અસદ્ગુરુની આજ્ઞાપૂર્વક બાહ્ય ભાવે સ્વચ્છંદપૂર્વક લોકરૂઢતાપૂર્વક અને અજ્ઞાનપણે સેવવામાં આવે તો અનંત સંસારની વૃદ્ધિ થાય છે.

શ્રી આચારાંગ સૂત્રમા "જે આસવા તે પરિસવા જે પરિસવા તે આસવા" જે આશ્રવના કારણો છે તેજ પરિસવા એટલે કર્મબંધનથી મુક્ત થવાના કારણો છે અને જે કર્મબંધનથી મુક્ત થવાના સાધનો છે તે જ કર્મબંધનના કારણો છે. આથી એમ સિદ્ધ થાય છે કે કર્મબંધન કે કર્મની મુક્તિ એ બહારના નિમિત કારણોમાં નથી, પણ તે કારણોનુ પરિણમન કરનાર આત્મામા જ છે. આત્માર્થી જીવે બાહ્ય નિમિતોમા પ્રતિબંધ તથા કદાગ્રહને છોડીને જે સાધનથી પોતાનુ શ્રેય થતું હોય તેજ સાધનોનું સદ્ગુરુની આજ્ઞાપૂર્વક, મનની શુદ્ધિ તથા સ્થીરતાપૂર્વક, બીજા સાધનો તરફ અરુચીપણું ન રાખતાં, મધ્યસ્થ ભાવ રાખીને સેવન કરવાથીજ સાધ્યની પ્રાપ્તિ થાય છે.

આ ચોથી દૃષ્ટિમાં દીપકના પ્રકાશ જેવો અંતરબોધ થાય છે. આ દૃષ્ટિમા રહેલો જીવાત્મા યોગની વિશેષ સ્થીરતાથી અને વિશેષ શુદ્ધિથી સાધ્યની નજીક આવેલ હોવાથી, સદ્સાધનોનું સેવન એકાગ્રતાપૂર્વક કરતો હોવાથી બીજી કોઈ પણ પ્રવૃત્તિ કે ક્રિયા તરફ વૃત્તિનું ઉત્થાન થતુ નથી. એટલે વૃત્તિ દોરાતી નથી. કારણ કે મન અને પવનનો વિશેષ સંયમી બને છે.

યોગશાસ્ત્રમા દર્શાવે છે કે જે પુરુષ પવનનો જય કરવા શક્તિમાન થાય છે તે વૃત્તિ અને મનનો જય સુગમતાથી કરી શકે છે.

પવનની વ્યાખ્યા:—

(૧) સમાન—નાભિ અને હૃદય વચ્ચેનો વાયુ.

(૨) ઉદાન—હૃદય અને મસ્તક વચ્ચેનો વાયુ.

(૩) વ્યાન—સમગ્ર ત્વચામા પ્રસરતો વાયુ.

(૪) અપાન—અંગના અનેક વિભાગોમાં પ્રસરતો વાયુ.

(૫) પ્રાણાયામ—શ્વાસોશ્વાસનો વાયુ

નેતી કર્મ, નોલી કર્મ, તથા ધોતી કર્મ વિગેરે યોગની અનેક બાહ્ય ક્રિયાઓથી શરીરમા વ્યાપી રહેલાં રોગાદિના અશુચિ પુદગલો અને અશુચિ તત્વોને દૂર કરીને યોગાભ્યાસી મનુષ્ય પ્રથમ શરીરની શુદ્ધિ કરે છે, તે પછી યમ-નિયમાદિ સદાચારોથી તથા યોગાસનોથી કાયાને સ્થીર કરે છે. અને તે પછી પ્રાણાયામાદિ સાધનોથી એટલે રેચક-પૂરક અને કુંભક

વિગેરેના પ્રયોગોથી શ્વાસનું રૂંધન કરીને તેને બ્રહ્મરંધ્રમાં ચઢાવીને જગતની બાહ્ય ઉપાધિ તથા કલ્પનાઓથી નિવૃત્ત થઇને અંતરમાં સ્થીર પરિણામી થઇને આત્મસ્વરૂપનું ચિંતવન કરવા સુવિચાર શ્રેણી (વિવેક દ્રષ્ટિ) ને પ્રગટ કરે છે. તેને પ્રાણાયામની ભાવસિદ્ધિ કહે છે, જેમ ક્ષપક શ્રેણી પ્રગટ થયા પછી અંતરમુક્તીનાં કેવળજ્ઞાન થાય છે તેમ આત્માર્થી જીવને સુવિચાર શ્રેણી પ્રગટ થયા પછી અંતરમુક્તીના જ સમ્યક્ત્વ જ્ઞાનની પ્રાપ્તિ થાય છે. પ્રાણાયામની ભાવશુદ્ધિ એ સમ્યક્‌જ્ઞાન પ્રાપ્ત થવામાં શ્રેષ્ટ સાધન છે અને તે સમાન વિગેરે પાંચ પ્રકારના પવનનો સહજ ભાવે (હઠભાવે નહીં) જપ કરવાથી પ્રાણાયામની શુદ્ધિ થાય છે. આવો અપૂર્વ બોધ કરનાર એવા હે મનમોહન જીનેશ્વર—તારી અપૂર્વ વાણી મીઠી, મનોહર છે અને જીજ્ઞાસુ આત્માને પરમ હિતકારી છે—

(૨) બાહ્ય ભાવ રેચક ઇહાંજી,
પૂરક અંતર ભાવ,
કુંભક થિરતા ગુણે કરીજી,
પ્રાણાયામ સ્વભાવ
મનમોહન જીનજી

ભાવાર્થ:— જેમ દ્રવ્ય પ્રાણાયામમાં શ્વાસનો નિરોધ કરીને દોષિત હવા તથા શારીરિક મલનો ત્યાગ કરે તે રેચક, સ્વચ્છ હવા અને શારીરિક શુદ્ધિ મેળવે તે પૂરક, અને શરીર તથા મનની સ્થીરતારૂપ ગુણનું સંરક્ષણ કરે તે કુંભક, એ પ્રમાણે દ્રવ્ય પ્રાણાયામ થાય છે, તેમ બહિરાત્મભાવ તથા અંતરની મલીન વાસનાઓનો ત્યાગ કરે તે રેચક, અંતરવૃતિઓ અને મનનો સંયમ કરીને સદ્‌ગુણોથી આત્માને સુવાસિત બનાવે તે પૂરક, અને પ્રાપ્ત થયેલા આત્મિક ગુણોને, ત્યાગ, વૈરાગ્ય, ભક્તિ, શ્રદ્ધા, તથા સદ્‌બોધથી ટકાવી રાખે, સ્થિર રાખે; તે કુંભક જેને ભાવ પ્રાણાયામ કહે છે.

(૩) ધર્મ અર્થે ઇહાં પ્રાણનેજી,
છાંડે પણ નહિ ધર્મ;
પ્રાણ અર્થે સંકટ પડેજી,
જુઓ એ દ્રષ્ટિનો મર્મ—
મનમોહન જીનજી—

ભાવાર્થ:—જેને પરમાર્થ માર્ગનું સાચું રહસ્ય સમજાયું છે તેને " દેહં પાતયામિ વા કાર્યં સાધયામિ " દેહ પડે તો ભલે પડે પણ આત્મહિત સાધવાનું કાર્ય અવશ્ય કરવું જ છે એવો દ્રઢ નિશ્ચય થયો હોય છે તે અર્થાત્ પ્રાણાંત કષ્ટ પડે તોપણ ધર્મના—આત્મહિતના રક્ષણ માટે સર્વ કષ્ટો, દુઃખો કે સંકટો સહન કરવાને તત્પર થશે. જરા પણ ચલીત કે ભયભીત થશે નહીં. આ દ્રષ્ટિમાં ધર્મ પ્રત્યેની આવી અસીમ પ્રીતિ, એકાગ્રતા અને શ્રદ્ધા રોમે રોમ વ્યાપ્ત હોય છે.

(૪) તત્વ શ્રવણ મધુરોદકેજી,
ઇહાં હોયે બીજ પ્રરોહ;
ખાર ઉદકસમ ભવતજેજી,
ગુરૂ ભક્તિ અદ્રોહ—
મનમોહન

ભાવાર્થ:—આ દ્રષ્ટિમાં વર્તનાર જીવાત્માને શ્રી સદ્‌ગુરૂના સદ્‌બોધનું તત્વશ્રવણરૂપી અમૃતનું સિંચન થવાથી ખારા જલરૂપ મિથ્યાત્વ ઉત્પન્ન થયેલ, ભવાનંદીપણાનો ત્યાગ કરીને સમ્યક્ત્વજ્ઞાનરૂપ બીજાંકુર પ્રગટ થવાની તૈયારી થાય છે. અર્થાત્ સમ્યક્ત્વ પ્રાપ્ત કરવાને પૂર્ણ અધિકારી બને છે.

(૫) સૂક્ષ્મ બોધ તોપણ ઇહાંજી,
સમકિત વિણ નવિ હોય;
વેદ્ય સંવેદ્યપદે કહ્યોજી,
તે ન અવેદ્યે જાય.
મનમોહન.

ભાવાર્થ:—આ દ્રષ્ટિમાં ગ્રંથીભેદ થવાની તૈયારી હોવાથી જો કે સમ્યક્‌જ્ઞાનનો સ્વભાવ પ્રગટ થતો નથી, તોપણ તેનો આભાસ થાય છે કારણ કે મિત્રાદિ આ ચાર દ્રષ્ટિમાં સ્વસ્વરૂપનું સંવેદનપણું ન હોવાથી અહીં

સૂક્ષ્મબોધનું વેદન થતું નથી. પણ અવેધ પદ એટલે સ્વાનુભવના વેધીનો અભાવ વા મિથ્યાત્વદશા વર્તે છે તથાપિ અનંતાનુબંધી કષાયનો ઉપશમ થવાથી અને મિથ્યાત્વ મોહનીયનો રસ અતિમંદ થઈ જવાથી મિથ્યાત્વની નિબિડ ગ્રંથી, ત્યાગ, વૈરાગ્ય, ભક્તિ, શ્રદ્ધા, અને સદ્બોધશ્રવણથી ઘણી જ શિથીલ થઈ જવાથી ગ્રંથીભેદની તૈયારી થાય છે. આત્માની જાગૃતિ અને શુદ્ધી થવાથી અપૂર્વકરણની નજીક આવીને ઉભો રહેલ હોવાથી વેધ સંવેધ બને છે એટલે સ્વસ્વરૂપ, સમ્યગ્જ્ઞાન પામવાનો અધિકારી બને છે.

(૬) વેધ બંધ શિવ હેતુ છે જી
સંવેદન તસ નાણ;
નય નિક્ષેપે અતિ ભલુંજી,
વેધ સવેધ પ્રમાણ.

મનમોહન.

ભાવાર્થ:—વેધપદ એટલે સ્વસ્વરૂપનું સ્વાનુભવનું સ્થાન. તેની નજીક આવવાથી આત્માના વીર્યબળનું પ્રબળપણે સ્ફુરણ થવાથી અંતરમાં ત્યાગ વૈરાગ્યાદિની પ્રબલ ભાવનાઓ જાગૃત થવાથી શુભ રસનો બંધ થઈને જે પુણ્યબંધ થાય છે તે પણ નિષ્કામ પુણ્ય હોવાથી મોક્ષમાર્ગ સન્મુખ લઈ જવાને સાધનભૂત થાય છે. જેથી કારણ ઉપર કાર્યનો ઉપચાર કરવાના ઉપચારિત નયની અપેક્ષાએ વેધપદના અધિકારીને સંવેધપદ એટલે સમ્યગ્જ્ઞાનની પ્રાપ્તિ થવાની ને મુમુક્ષુ આત્મા નૈગમાદિ સાતે નય, નામાદિ ચાર નિક્ષેપા, સપ્ત ભંગી, આદિ સાત પ્રમાણોથી તથા ગમા એટલે ગમ ખબર વા સ્વાનુભવનું સંવેદન કરવાથી આત્મા પોતાના સ્વરૂપનો સ્વાનુભવ તથા પ્રતીતિ કરે છે અને તેજ પ્રતીતિને જ્ઞાની પુરૂષો પ્રમાણભૂત માને છે—

(૭) તે પદ ગ્રંથી વિભેદથીજી,
છેહલી થાય પ્રવૃત્તિ;
તસ લોહપદ ધૃતિ સમીજી
તિહાં હોય અંત નિવૃત્તિ.

મનમોહન

ભાવાર્થ:— સ્વાનુભવ સ્વરૂપને વેદવાનું જે વેધ સંવેધપદ છે તે મિથ્યાત્વ મોહનીયના ક્ષયોપશમથી અને અનંતાનુબંધી કષાયના ઉપશમથી ગ્રંથી ભેદ થાય ત્યારે જ તે પદની પ્રાપ્તિ થાય છે. સતને અસત માનવું અને અસતને સત માનીને પરપુદ્ગલમા તદાસક્ત થઈ જવું એજ મિથ્યાત્વ વા કર્મની નિબિડ ગાંઠ છે તેનો નાશ કરવો તેને જ ગ્રંથી ભેદ કહે છે.

યથા પ્રવૃત્તિ કરણમાથી નીકળીને સન્માર્ગ પામવાની સાચી જીજ્ઞાસા થવાથી સત્પુરૂષ શોધીને અંતરદ્રષ્ટિથી વાસ્તવિક રીતે તેને ઓળખીને અનન્ય ભક્તિ અને અડગ શ્રદ્ધાથી તેની ઉપાસના કરવાથી તેનો સદ્બોધ અને સદ્કૃપારૂપી તીક્ષ્ણ કુહાડીની ધારથી મિથ્યાત્વની ગ્રંથી છેદતાં એટલે મિથ્યાત્વની મંદતા થતા આત્મ જાગૃતિ થાય, માર્ગાનુસારી દશા પ્રગટ થાય અને અંતર ત્યાગ—વૈરાગ્યાદિ, આંતરિક ગુણોથી આત્મા જેમ જેમ આગળ વધતે જાય તેમ તેમ મિથ્યાત્વની મંદતા વિશેષ થતી જાય. આ પ્રમાણે આગળ વધતાં વધતાં આત્મા તથા પુદ્ગલના તાત્વિક ધર્મોને સમજવારૂપ સુવિચાર શ્રેણી (વિવેક શક્તિ) પ્રગટ થવાથી પુદ્ગલના યથાર્થ સ્વરૂપને સમજીને તેનાથી પર (વિરક્ત) થઈને મિથ્યાત્વ મોહનીય તથા અનંતાનુબંધી કષાયનો ક્ષયોપશમ થવાથી મિથ્યાત્વની ગ્રંથીને ભેદીને આત્માનો સાક્ષાત્કાર થય તેને જ ગ્રંથીભેદ વેધ સંવેધપદ કે સમ્યગ્જ્ઞાન કહે છે.

આવું અપૂર્વ સમ્યગ્જ્ઞાન થવાથી છેલ્લી પાપવૃત્તિ એટલે પર પુદ્ગલમા પોતાપણાની માન્યતા, રમણતા તથા આસક્તિ તેજ આત્મઘાતક થય છે તે પાપને અગ્નિથી તપેલા લોઢા ઉપર પગ મુકીને આનંદથી ચાલવા જેટલી ધીરજ રાખીને મોહનીય કર્મનું સમ-

પરિણામે આત્માય યોગપૂર્વક વેદન કરવાથી તથા ધીરજ, દઢતા અને સહિષ્ણુતાથી પૂર્વ પ્રારબ્ધોદય કર્મ વિપાકને વેદવાથી તે પાપ પ્રવૃત્તિનો નાશ કરીને એટલે મિથ્યાત્વથી મુક્ત થઇને પરમ તત્વની પ્રાપ્તિ કરે છે—

(૮) એહથકી વિપરીત છે જી,
પદ તે અવેધ સંવેદ્ય;
ભવાભિનંદી જીવને જી;
તે હોય વજ્ર અભેધ.

મનમોહન.

ભાવાર્થઃ— ઉપરની ગાથામાં જણાવ્યા પ્રમાણે જે સ્વસ્વરૂપના વેદનથી વિપરીત દશા છે તેને અવેધ (નહિ વેદવા યોગ્ય) મિથ્યાત્વ કહે છે. જે જીવાત્મા સન્માર્ગની સાચી જીજ્ઞાસા વિના ગચ્છ–મત–કદાગ્રહની કલ્પનાઓમાં જ અજ્ઞાન અને સ્વચ્છંદતાથી ધર્મ માની, સન્માર્ગથી વિમુખ રહીને બહિરાત્મભાવ તથા દેહાધ્યાસથી પરપુદ્ગલમાં તન્મસક્ત થઇને મિથ્યાત્વની ગ્રંથીને દિન પ્રતિદિન ગાઢ, નિબીડ બનાવે છે તે જ જીવભવાનંદી બને છે અર્થાત ભવ પરિભ્રમણ કરે છે.

(૯) લોભી, કૃપણ દયામણોજી,
માચી મચ્છર ઠાણ;
ભવાભિનંદી ભય ભયેજી,
અફલ આરંભ અચાણ

મનમોહન.

જે જીવમાં નીચે જણાવેલા આઠ દોષ હોય તેને ભવાભિનંદી જીવ કહે છે.

(૧) લોભી ઇચ્છા–તૃષ્ણા અને પર પદાર્થોમાં વ્યામોહિત.

(૨) કૃપણ–પરનું ભલું નહિ ચિંતવતાં, પોતાનોજ સ્વાર્થ સાધનાર અને તુચ્છ સ્વભાવને ધારણ કરનાર.

(૩) દયામણો–સર્વનું અહિત કરનાર, બીજાને દુઃખ થાય, ગ્લાનિ થાય અને કંપારી છૂટે તેવાં આકૃત કરનાર.

(૪) માયી–સ્વાર્થ, પ્રપંચ અને નિર્દયતાથી બીજાને છેતરનાર અધમ અને દંભનું સેવન કરનાર.

(૫) મચ્છરી–ઈર્ષ્યા, અસહિષ્ણુતા અને અજ્ઞાનતાથી સન્માર્ગ તરફ દ્વેષ રાખનાર, બીજાનું સુખ જોઇને બળી જનાર અને બીજાનું દુઃખ જોઇને રાજી થનાર.

(૬) ભયકારી– બીજાને ત્રાસ આપનાર, ભય ઉપજાવનાર અને ઉદ્વેગ કરાવનાર.

(૭) અજ્ઞાની– સન્માર્ગથી વિમુખ રહેનાર.

(૮) ભવાનંદી– પરપુદ્ગલમાં અપક્ત થનાર તથા સંસારવૃદ્ધિના કાર્યો કરનાર.

આ ભવાભિનંદી વા પુદ્ગલાનંદી જીવ, સ્વચ્છંદ, મતાગ્રહ તથા અજ્ઞાનતાથી ગમે તેટલા શુભ કાર્યો કરે, યમ નિયમાદિ શુભ અનુષ્ઠાનો કરે તથાપિ ઓઘી સંજ્ઞા તથા લોકસંજ્ઞાથી ધર્મના નામે થતી સર્વ પ્રવૃત્તિઓ નિષ્ફળ છે. સંસાર પરિણામી છે.

એકજ કોથળીમાં બે વસ્તુઓ!

(લેખક :- સાહિત્યચંદ્ર બાલચંદ હીરાચંદ, માલેગામ)

કોઈ બાલકના કપડા મેલા થએલા હોય, તેના અંગ ઉપર ખૂબ મેલ ચોંટેલો હોય તેવી અવસ્થામાં તે બાલકની માતા પણ તેને પાસે આવવા દેતી નથી. તેનું અંગ જ્યારે ધોઈ સાફ કરી લુંછી કાઢે છે ત્યારે જ તે એ બાલકને નજીકમાં આવવા દે છે. એકાદ વાસણમાં ચીકણો અને ગંદો પદાર્થ ભરેલો હોય ત્યારે એ બહાર કાઢી, વાસણ ધોઈ સાફ કરી પછી જ તેમાં દૂધ જેવો પદાર્થ આપણે ભરીએ છીએ. થેલીમાં રાખ ભરેલી હોય અને એ જ થેલીમાં કેશર, કસ્તુરી જેવા સુગંધી પદાર્થો ભરવા હોય ત્યારે એ થેલી ખાલી કરી સાફ કરીએ ત્યારે જ તેમા સુગંધી પદાર્થો ભરી શકીએ અન્યથા નહીં.

એકાદ માણસ ક્રોધથી ધમધમતો હોય, એની આંખ લાલ થએલી હોય, એનું અંગ ધ્રુજતું હોય એવે સમયે આપણે એને કોઈ ઝીણી જ્ઞાનની વાત સમજાવવાનો પ્રયત્ન પણ ન કરીએ. એવા સમયે એનો ક્રોધ કેમ શાંત થાય, એનું ભાન શી રીતે ઠેકાણે આવે એનો જ પ્રયત્ન જ આપણે કરીએ. અને એ સમય જતો ફરી યોગ્ય સમય પાકે ત્યારે જ આપણે એની સાથે બીજી વાત કરીએ. એવા જ રીતે કોઈનું સ્વજન મૃત્યુ પામ્યું હોય, એ માણસ શોકાકુલ અવસ્થામાં હોય, એને ખાનપાન પણ સુઝતું ન હોય એવા પ્રસંગે એની સાથે કોઈ શાંતિથી વિચાર કરવા જેવી વાત કરે નહીં તેમજ કોઈ લોભી માણસ આગળ દાનપુણ્ય જેવી વાત કરી તેને ત્યાગનો બોધ આપીએ ત્યારે તેની ગતિ શું થાય! તેમજ કામાતુર થઈ મર્યાદ્રંગીઓ ગોથી વિવેકભ્રષ્ટ થઈ પશુવૃત્તિ ધારણ કરી આચરતો હોય તેના પાસે સંયમ, ત્યાગ અગર તપાચરણનો ઉપદેશ કરવાથી શો લાભ!

અમારો કહેવાનો હેતુ એ છે કે દેશ, કાલ અને પાત્રનો વિચાર કરી પછી જ ધર્મોપદેશ આપી શકાય. સમય અને પરિસ્થિતિનો વિચાર કર્યા વગર સારી વસ્તુ પણ નિરૂપયોગી તો શું પણ કોઈવાર નુકશાન કારક નિવડવાનો સંભવ છે. તેને જ્ઞાન આપવું હોય તે માણસ એ જ્ઞાન ગ્રહણ કરવાને લાયક છે કે નહીં? એ જ્ઞાન જીરવવાની એમાં શક્તિ છે કે નહી! અને આચરણમાં મૂકવાની તેની લાયકાત છે કે નહીં તેનોપણ વિચાર કરવો પડે. અપાત્ર માણસને ઉગ્ર કરણીના અનુષ્ઠાન કે જ્ઞાન ભણવાના સાધનોમાં વિચાર કર્યા વિના જોડી દેવામાં આવે ત્યારે તે અનુષ્ઠાન અને જ્ઞાન પણ લાજે.

નાલાયક અને અવિવેકી માણસના હાથમાં અકસ્માત મોટા ધનનો વારસો આવી જાય છે ત્યારે તે એ ધનને ખોટા માર્ગે વેડફી નાખી થોડા જ કાળમાં ફરી જેવો હતો તેવો થઈ બેસે છે. અપાત્ર માણસને તાંત્રિક જ્ઞાન મળી જાય છે ત્યારે તે જ્ઞાનનો પોતાના નિર્વાહ કે લોકોપકારક કાર્યમાં સારો ઉપયોગ નહીં કરતા લોકોને કનડવામાં અને અનીતિના કાર્યમાં કરે છે. શ્રી ગૌતમ ગણધર ભગવંતને અનેક લબ્ધીઓની સાધનાનું જ્ઞાન હતું પણ તેમણે ખાસ જરૂર જણાઈ અને બીજો કોઈ માર્ગ ન જણાયો ત્યારે જ એ લબ્ધીનો યથોચિત ઉપયોગ કર્યો એમાં પોતાના જ્ઞાનનો તમાશો નહીં કરતા તે જીરવવાનો ઉપદેશ સમાએલો છે. ગણધર ભગવંત એ જીરવી શકતા હતા, એટલે જ લબ્ધીઓ દીપી નિકળી. એકાદ સામાન્ય માણસના હાથમાં એવું જ્ઞાન જાય તો એ તેવા જ્ઞાનનું બજાર ઉભું કરે પોતાની માનનીયતા જમાવવા માટે જ્યાં ત્યાં એનું પ્રદર્શન ઉભું કરે અને છેવટ એ જ્ઞાનને અને પોતાના આત્માને મોટું

નુકશાન પહોંચાડે.

હીપ્નોટીઝમ, મેસ્મેરીઝમ વિગેરે વિદ્યાઓ અમે સારી પેઠે જાણતા હતા. એક સાધુ મહારાજ અમારી સાથે જોડાયા. અને અનેક જાતના પ્રયોગો વરસો સુધી અમોએ યશસ્વી રીતે કરી જોયા. એમાં મુખ્ય શરત એ હતી કે, કોઈપણ માણસના ખાનગી મતલબના પ્રશ્નોના જવાબો આપવા નહીં. ફક્ત આવી જાતની ગુપ્ત શક્તિઓ હોઈ શકે અને છે, એટલું જાણવા પુરતી જ એ પ્રયોગોની મર્યાદા હતી. દાખલા તરીકે દ્રુતવિલંબિત છંદના અક્ષરો કેટલા હોય અને યતિ કેટલા અક્ષરોમાં આવે છે. અગર ગણિત અગર વ્યાકરણના પ્રશ્નનો ઉકેલ માગવો. એવા પ્રશ્નો કે જે સામાન્ય માણસ જાણતો નહોય તેના જવાબો એક એકરો સ્હેજે આપે. એવા પ્રયોગો પછી અમોએ એ બધી બાબતનો છેવટનો પૂર્ણ વિરામ આપ્યો. સાધુ મહારાજને ખાસ સૂચના આપવામાં આવી કે, આ પ્રયોગો તમારે હવેથી કોઇ દિવસ કરવાજ નહી. તેમણે પણ સોગન પૂર્વક એ સૂચન પાળવાનું વચન આપ્યું. ત્યાર બાદ સાધુજી બીજે ગામ પધાર્યા. ચમત્કારની હકીકત તો પહેલાથી જ પહોંચી ગએલી. લોભી સટોડીઆનું ટોળુ ભેગું થયું. મહારાજને કીર્તિ અને જ્ઞાનનો ગર્વ થયો. અને ત્યાંથી તેમના પતનની શરૂઆત થઇ, **વિવેક भ्रष्टानां भवति विनिपातः शतमुखः।** સટોડીઆઓ પાયમાલ થયા. બધું ગુમાવી બેઠા. અને સાધુ મહારાજે તો સાધુપણું ગુમાવ્યું જ. અને સાથે સાથે માનવતા પણ ગુમાવી. અને ભ્રષ્ટપણે મોતને ભેટ્યા.

આ પ્રત્યક્ષ થએલી ઘટના છે. એથી આપણને ઘણું જાણવા અને સમજવાનું મળે છે. ચમત્કાર એ અહં કે હું પણાને પોષણ આપે છે. અને સ્વાભાવિક વિકાસ અહં કે હું પણાના ત્યાગમાંથી જન્મે છે. ચમત્કારમાં અહંને આગળ કરી આજ્ઞા કરવાની હોય છે. અને એમ કહી આત્માની શક્તિ ખોવી પડે છે. એટલેજ આવી હઠયોગથી મેળવેલી સિદ્ધિ નિરૂપયોગીજ નહીં પણ નુકશાનકારક બનેલી છે. અને એવી સિદ્ધિ મેળવવાનો નિષેધ પણ કરેલો છે. ત્યાગ, સંયમ અને તપશ્ચર્યાથી સિદ્ધિ મળે છે એમાં અહંપણાની ગંધ હોતી નથી. તેથી જ તેવી સિદ્ધિથી આત્માને નુકશાન થતું નથી. એટલે આપણામા કોઈ પણ એક જાતની વસ્તુ રહી શકે બે જાતની નહીં. અહંભાવનો ત્યાગ અને અહંભાવને પોષણ એક સાથે કેમ સંભવે ? માટે જ અમો કહીએ છીએ કે, એકજ કોથળામાં વિરૂદ્ધ ગુણ ધરાવનારી બે વસ્તુઓ ભરવી યોગ્ય નથી. એમ કરવાથી બન્ને વસ્તુઓના ગુણો નષ્ટ થઈ જવાના. અને છેવટે કોથળો પણ નકામો થઈ જવાનો. માટે જ આત્માની એકાંતે ઉન્નતી જ સાધવી હોય અને આત્માની અવનતિ અટકાવવી હોય તો આત્માને પોષણ મળે, આત્મા નિર્મલ થતો રહે એવા જ ગુણોનો અંગિકાર કરો.

આપણે કોઇ ઉપર ક્રોધ કરીએ, તેને ગમે તેવા દૂષણો આપતા રહીએ અને સાથે સાથે એની ઉપર દયા અને કરૂણા બતાવવાની વાત કરીએ એ કેમ બને ? વિષય વાસનાને મુક્તદ્વાર મૂકી પશુ જેવું વર્તન કરતા રહીએ અને સાથે સાથે સંયમની વાતો હાંક્યે જઇએ એ સુસંગત શી રીતે બની શકે ? કીર્તિ, બહુમાન, મોટાઈ અને હું પણું પળવાર પણ જતું નહીં કરીએ અને નામના કે કીર્તિ માટે મરી ફીટીએ અને સાથે સાથે ત્યાગ અને વૈરાગ્યના બણગાં ફૂંકતા રહીએ ત્યારે એથી આપણા આત્માને ગુણ શી રીતે થાય ? એટલા માટે જ અમો કહીએ છીએ કે, વિરોધી ગુણો ધરાવનારી વસ્તુઓ એકત્ર સેહેજ ભાવે રહેજ નહીં. ફક્ત વેશ પલટો કરવાથી ગુણ પલટો થઇ જ શકતો નથી.

આપણે નવી જગ્યામાં રહેવા જવાનું હોય ત્યારે તે ઘરને પહેલાં સાફ કરવું પડે. પૂરોકચરો કાઢી નાખવો પડે. ત્યારેજ નવું સાહિત્ય ત્યાં ગોઠવી શકાય. આપણે પહેલા નો કચરો કાયમ રાખી નિવાસ કરવા ધારીએ તો એ આપણું કાર્ય અસંગત અને અસાર્યક્ષમજ નિવડે તેવીજ રીતે



ચંદનના દ્વાર ક્યારે ઉઘડશે?

મુનિ જનકવિજયજી

જૈન ધર્મની અહિંસા, અનેકાન્તવાદ અને અસાંપ્રદાયિકતાનું યથાર્થ જ્ઞાન જે કરી લે છે તે આ સિદ્ધાન્તો તરફ આકર્ષાયા વગર રહેતો નથી. ભગવાન મહાવીર પ્રભુએ પ્રરૂપેલા સિદ્ધાન્તોની આજના યુગમાં ખૂબ જ જરૂરત છે. વિશ્વમાં સ્થાયી શાંતિના ઉપાયોની પૂર્વની અપેક્ષાએ આજે વધારે જરૂરત છે

દેશમાં સ્વતંત્રતા આવ્યા પછી સાંપ્રદાયિકતા અને ભેદભાવનાને ઉત્તેજન આપવાવાળી પ્રવૃત્તિઓનું મૂલ્ય ઘટતું જાય છે. લોકોમાં પ્રત્યેક ધર્મ સંપ્રદાયના તત્ત્વોને જાણવાની ભૂખ વધતી જાય છે. તેવા સમયે જો આપણે ભગવાન મહાવીરના સિદ્ધાન્તોનો પ્રચાર વાસ્તવિક રીતે કરવો જ હોય તો સર્વ પ્રથમ આપણે આપણું અન્તર્નિરીક્ષણ કર્યા વગર નહીં જ ચાલે, કારણકે સિદ્ધાન્ત અથવા મંતવ્યો ભલે તેટલા ઊંચા હોય પણ જો તેના અનુયાયીઓમાં જ તે સિદ્ધાન્તોનું આચરણ ન હોય તો તેનો પ્રચાર ન જ થાય તે સહજ છે અને તે સિદ્ધાન્ત કે ધર્મના સાચા અનુયાયીઓ પણ ન કહેવડાવી શકીએ તે પણ તેટલું જ સત્ય છે

આપણે ત્યાં "ષટ્ દર્શન જિન અંગ ભણીજે" આનંદઘનજી મહારાજનું આ સ્તવન ખૂબ પ્રસિદ્ધ છે અને અનેકવાર બોલવામાં પણ આવે છે. છ એ દર્શનનું અધ્યયન કરી સ્યાદ્વાદની વિચારણા અને ઉચ્ચના ગાનાઓ કરીએ અને ખૂબ જ ઉત્સાહથી લોકોને સમજાવીએ છીએ કે જૈન દર્શન વિશ્વ-દર્શન છે, જૈન ધર્મ વિશ્વ ધર્મ બનવાની યોગ્યતા રાખે છે. આ પ્રમાણે વખાણ અને પ્રશંસા તો

માણસના હૃદયમાં કાયમ વસતી કરી રહેલા કામ, ક્રોધ, લોભ, મોહ, દ્વેષ ને મત્સર કર્યા જેવા દોષો ઠાંસી ભરેલા હોય ત્યાંસુધી વૈરાગ્ય, સંયમ જેવા ઉચ્ચ આત્મિક ગુણો ત્યાં શી રીતે પ્રગટે! ભલે એ દુર્ગુણો સમૂળગા નષ્ટ નહીં થયા હોય પણ એ અવગુણોનો તિરસ્કાર તો જરૂર જાગવો જ જોઈએ. અને વળી કદાચિત એવા દૂષણો આવી જ ઉભા રહે ત્યારે તેનો પશ્ચાતાપ તો જરૂર થવો જ જોઈએ. અને ફરીવાર એવા દૂષણો પોતાનામાં ન પ્રગટે એની કાંઈક સાવચેતી તો જરૂર રાખવી જ જોઈએ. આવા દૂષણોને પોષણ મળતું જ રહે અને તેને જ સામા તરીકે સિદ્ધ કરવાનો પ્રયત્ન થતો જ રહે ત્યારે એ સાત્વિક અને બાહ્ય યોગ્યતા ક્યાં થાય! ઉલટા એ દોષો છુપાવવા દંભ કરવો એજ પુરુષાર્થ અને પરાક્રમ મનાય જાય એમાં શંકા નથી. માટે જ અમે કહીએ છીએ કે, વિરોધી ગુણો ધરાવતી વસ્તુઓ એકત્ર નિવાસ કરી ન શકે. સત્ય અને અસત્ય, ક્રોધ અને ક્ષમા, કૃપણતા અને ઉદારતા, વૈરાગ્ય અને દંભ એ બંને કદિ સાથે રહી શકતા નથી. ખરી ગમ્મત દેખાય છે પુનઃ તેને એકત્ર લાવવા પ્રયત્ન થાય છે ત્યારે તેનો કજીયો થયા વિના રહેતો નથી. સદ્ગુણોનો સંગ્રહ અને દુર્ગુણોનો ત્યાગ કરવા વૃત્તિ જાગે એ જ ઈચ્છીએ!

આપણે કરીએ છીએ પણ શું આટલાથી જ જૈન ધર્મમાં વિશ્વધર્મિતા અને વિશ્વવ્યાપિતા આવી શકે ખરી ?

જો તેના અનુયાયીઓનું જીવન એકાન્તવાદી, કદાગ્રહપૂર્ણ, સંકુચિત અને ગુણમત્સરતાવાળું હોય તો શું તેઓ પ્રશંસામાત્રથી પ્રચાર કરી શકે? શું તેઓ પ્રચારના વાસ્તવિક અધિકારી થઇ શકે? શું આજના પ્રગતિશીલ-વૈજ્ઞાનિક યુગમાં તેવા પ્રચારકોનો જગતમાં ઉપહાસ ન થાય? કેમકે સ્યાદ્વાદનો સાચો અર્થ એ જ છે કે જીવનમાં કદાગ્રહ-મિથ્યાઆગ્રહના સ્થાને સત્યાગ્રહ-સત્યગવેષક વૃત્તિ, વિરોધી મન્તવ્યો પ્રત્યે સમતા અને બધી જ ભિન્ન ભિન્ન અપેક્ષાઓને સમજવા સમન્વય કરવા સહિષ્ણુતા ગુણની નિરંતર વૃદ્ધિ અને સ્થિરતા લાવવાનો.

જો આપણું જીવન સક્રિયરૂપે સમન્વયવાદી બની જાય તો સિદ્ધાન્તોનો પ્રચાર ને વિસ્તાર આચારના માધ્યમથી જ થવા લાગે ને તે જ પ્રચાર યથાર્થને ચિર-સ્થાયી બની શકે અને સિદ્ધાન્ત જીવનસ્પર્શી હોવાના કારણે વાણીનો અલ્પ પણ પ્રચાર વધારે પ્રભાવશાળી બની જાય તે યથાર્થ છે.

જૈન સમાજની વર્તમાન દશાનું નિરીક્ષણ કરતા જ્યારે આપણે એક જ સંપ્રદાય અથવા એક જ ગચ્છમાં સામાન્ય વાતોને લીધે યોગ્ય શિષ્ટાચાર, પ્રેમાળ સંબંધ તથા વંદન આદિનો અભાવ જોઇએ છીએ ત્યારે ચિત્તમાં ઊંડો ખેદ થયા વગર રહેતો નથી, અને એથી પણ વધારે દુઃખનો વિષય તો એ છે કે આના કટુફળનો અનુભવ થવા છતાં આપણે જાગૃત થતાં નથી.

એમ કહેવાય છે કે પહેલા ૮૪ ગચ્છો હતા, ધીમે ધીમે લુપ્ત થતા આજે પાંચ-સાત અને તેમાં પણ સંખ્યા તથા પ્રભાવની દૃષ્ટિએ બે કે ત્રણની ગણત્રી થાય છે.

અનેક ગચ્છોની મર્યાદા તથા રીતિ-રિવાજોની ચર્ચા વિચારણા ન કરતાં એકલા તપાગચ્છનો વિચાર કરીએ તો તેમાં પણ પ્રેમભાવને વધારનારો વંદન-વ્યવહાર, યોગ્ય શિષ્ટાચાર તથા ગુણાનુરાગિતાના દર્શન થવાને બદલે સંકુચિતતા, તેજોદ્વેષ અને ગુણમત્સરતાના દર્શન જ અધિક માત્રામાં થાય છે, અરે, સાગર અને વિજયની જ વાત શા માટે? વિજયના વિજય સાથે પણ ગુણપૂજા અને દર્શનશુદ્ધિકરવા વાળો વંદન વ્યવહાર. તથા સ્નેહભાવનો અભાવ જોવામાં આવે છે અને આ જ કારણે શ્રમણ સંઘમાં દિવસે દિવસે દ્વેષભાવના ને કટુવૃત્તિ કેવી રીતે વધી રહી છે તેના દર્શન સારી રીતે થઇ રહ્યા છે, અને તેના દુષ્પરિણામો પણ આપણે ભોગવી રહ્યા છીએ.

જ્યારે કોઇ ગૃહસ્થ સ્ત્રી અથવા પુરુષે દીક્ષા ન લીધી હોય ત્યાં સુધી તો બધા સમુદાયના સાધુઓ પાસે જઇ શકે, વંદન વ્યવહાર તથા શિષ્ટાચાર કરી શકે પણ જો તે દિક્ષીત થઇ જાય તો બીજા ગચ્છ અથવા સમુદાયના મહાન આચાર્યને પણ તે મળી શકે નહીં, વંદન તથા સુખશાતા ન પૂછી શકે. બીજા ગચ્છના કે સમુદાયના સાધુઓ ભલે તેટલા મહાન કેમ ન હોય, એમની સંયમ-સાધના ભલે તેટલી નિર્મળ ને પ્રેરણાપ્રદ કેમ ન હોય તો પણ તેમને વંદન ન જ થાય, કારણ કે સમુદાય તથા ગચ્છના બંધ અને દૃષ્ટિરાગના કારણે તે એમ માનવા લાગે છે કે આથી મારી શ્રદ્ધામાં દુષણ લાગે, સંયમમાં બાધા પડે કેમકે મુનિપુંગવો બીજા ગચ્છ અને સમુદાયના છે, તેમની સાથે વ્યવહાર નથી. આ પ્રમાણે અનેક તુચ્છ ને દ્વેષવર્ધક નગણ્ય નિમિત્તોને સન્મુખ રાખી સંયમ સાધનાનો જે મૂળગુણ છે તેના ઉપર કઠોર પ્રહાર કરવામાં આવે છે. નજીવા મતભેદના કારણે બીજા ગચ્છ સંપ્રદાયના મુનિવરોની સંયમ-સાધના, નિર્મળ ગુણો, દીર્ઘ તપશ્ચર્યા આદિ બધું જ અનુપાદેયને અનાવરણીય બની જાય ને તે મહા

પુરુષ વંદનને યોગ્ય ન હોઇ શકે તે કેટલા આશ્ચર્ય અને દુઃખની વાત કહેવાય ?

આ કારણે જ અધ્યાત્મ કલ્પદ્રુમકારને કહેવું પડયું કે તપ, ક્રિયા, આવશ્યક દાન, પૂજન વગેરે ધાર્મિક ક્રીયા કરવાવાળામાં જો ગુણ મત્સરતા છે તો તે મોક્ષગામી નથી બની શકતો અને જેમ રસાયનોનું સેવન કરનાર જો તે અપથ્યનું ભોજન કરનાર હોય તો તે નિરોગી નથી થઇ શકતો.

"તપઃ ક્રિયાવશ્યક દાન પૂજનૈઃ શિવં ન ગંતા ગુણ મત્સરી જનઃ. અપથ્ય ભોજી ન નિરામયોભવેત્ રસાયનૈક રોપતુગૈઃ યદાતુરઃ."

જિનવાણીનું મધ્યસ્થ ભાવે ચિંતન અને મનન કરતાં આપણને અસાંપ્રદાયિક, વિશાળ અને સત્ય માર્ગાભિમુખ થવા માટે ગીતાર્થ પુરુષોના રહસ્યમય ઉદ્ગારો પ્રેરણા આપે છે જ.

તાર્કિક શિરોમણી ન્યા૦ન્યા૦પૂ૦ યશોવિજયજી મહારાજ પરમાત્મા પચ્ચીસીમાં જણાવે છે કે ઇન્દ્રિયો તથા કષાયોનું દમન કરવાવાળા શુભ આશયી સાધકો જુદા જુદા માર્ગો દ્વારા પણ પરમાત્મગતિને પ્રાપ્ત થઈ શકે છે.

અધ્યાત્મ મત પરિપદમાં આજ મહાપુરુષ જણાવે છે કે વધારે શું કહીએ, જેમ રાગદ્વેષ ઓછા થાય તેમ વર્તવું આજ આજ્ઞા જિનેશ્વરોની છે.

"જિતેન્દ્રયા જિત ક્રોધા દાન્તાત્માનઃ શુભાશયાઃ પરમાત્મ ગતિં યાન્તિ વિભિન્નૈરપિ વર્ત્મભિઃ
કિં બહુણા ઇહ જહ જહ રાગ દોષા તહઈ વિલિજ્જંતિ
તહ તહ પયટ્ટિઅવ્વં એસા આણા જિણિંદાણં"

આ પ્રમાણે સમતા ને સમન્વયના પોષક વિદ્વાનોના વિદ્યમાનતામાં પણ આપણે ઉંચા ઉઠી સંઘને ઉત્થાનની તરફ લઇ જવા પ્રયત્ન ન કરી શકતા હોઇએ તો એમ માનવાને કારણ મળે છે કે આપણને જિન શાસન કરતાં સ્વ શાસન, સ્વ-ગચ્છ ને સ્વ. સમુદાય વધારે પ્રિય છે અને આ દૃષ્ટિરાગના કુચક્રમાં પડી ત્યાગ અને ગુણ પૂજાને આધાર રાખી ચાલવાવાળી શ્રમણ સંસ્થામાં પણ પ્રારંભથી જ શિષ્યને સંકુચિતતાને ગુણ મત્સરતાનો પાઠ ભણાવવામાં આવે છે, આથી વિશેષ પતન અને અતિ ચિંતાનો વિષય બીજો શો હોઇ શકે ?

આ પ્રમાણે વૈમનસ્ય અને કુસંપ વધારનારી પ્રવૃત્તિની વૃદ્ધિ થવાના કારણે જે શ્રમણસંસ્થા એક સમયે તેજસ્વી અને વર્ચસ્વવાળી હતી તે આજે નિસ્તેજ ને વર્ચસ્વહીન દેખાઇ રહી છે. આજનો યુવક-ગણ નિરર્થક, નિરસ અને દૃષ્ટિરાગને પોષનારી આવી અનેકવિધ પ્રવૃત્તિઓથી કંટાળી ધર્મના સત્ય તત્વોથી પણ વધારે ને વધારે દૂર થતો જાય છે.

આજના વૈજ્ઞાનિક યુગમાં પણ જો શ્રમણ-સંઘના દીર્ઘદર્શી મહાપુરુષો આ અનિષ્ટકારી પ્રવૃત્તિને નાબુદ નહીં કરે તો ભવિષ્યની પેઢી આ પ્રથાને ક્યાં સુધી રહેવા દેશે, ? અને પોતાના જ પૂર્વ પુરુષો માટે શી કલ્પના કરશે તે સમજવું અનુભવિઓ માટે અશક્ય નથી.

દ્રવ્યક્ષેત્ર કાળ ભાવનો વિચાર કરી ગુણ-પૂજાની સાથે પ્રેમાળ સંબંધને વધારનાર વંદનના દ્વાર આપણે જલ્દી ઉઘાડીએ એ જ અભ્યર્થના

વ્યવસ્થાપુર્વક જોરદાર પ્રયાસ કરવાની આવશ્યકતા

[ભારતીય જૈન સ્વયંસેવક પરિષદના દસમા અધિવેશનના

પ્રમુખ શ્રી હીરાલાલ હાલચંદ દલાલના ઉદ્ગારો]

સ્વયંસેવક બંધુઓ, સજ્જનો અને સન્નારીઓ,

આ અધિવેશનનું પ્રમુખસ્થાન મને આપ્યું તે માટે આપ સર્વેનો આભાર માનું છું. અને આ ધુરાનો ભાર ઓછેવત્તે અંશે વહન કરવાની મને શક્તિ અને અનુકુળ સંજોગો આપે એવી શાસનદેવને પ્રાર્થના કરું છું.

આપણી પરિષદનો ઉદ્દેશ 'જૈન ધર્મ, સમાજ અને રાષ્ટ્રની સેવા' કરવાનો છે. આપણા ઉદ્દેશો બહુ વિસ્તૃત હોવા છતાં આપણી શક્તિ મર્યાદિત છે. એટલે ઉદ્દેશ ગમે તેટલા વિશાળ હોય પણ આપણી શક્તિની મર્યાદા અનુસાર આપણાં કાર્યક્ષેત્રની વ્યવહારૂ મર્યાદા બાંધવી જોઈએ. કારણોવસાત તેમાં ફેરફાર જરૂર કરી શકીએ, પરંતુ કાર્યની અગત્યતા પ્રમાણે અમુક વસ્તુ પર ધ્યાન કેંદ્રિત કરી આપણી બધી શક્તિ તેની પાછળ લગાડી દઈ સતત કામ કરીએ તો જરૂર સફળતાપૂર્વક કંઈક સારું કામ કરી શકશું. જ્યાં જ્યાં જે જે કાર્યો બીજા ભાઈઓએ ઉપાડી લીધા હોય તેવાં કાર્યો કરવા આપણે પ્રયત્ન કરવાની જરૂર નથી છતાં એવા કાર્યોમાં ઉણપ લાગે તો એના કાર્યકરોને સહકાર આપવા જ પ્રયત્ન કરવો ઈષ્ટ છે.

સમાજસેવાનાં એવાં ઘણા નાનાં મોટાં કાર્યો છે. કે જેના તરફ આપણું ધ્યાન કેન્દ્રિત થયું નથી. જો તેને હાથ ધરવામાં આવે તો આપણે જરૂર સમાજની એક મોટી સેવા કરી શકીશું.

અત્યારના વિષમકાળમાં જરૂરીયાતની ચીજવસ્તુઓની મોંઘવારીથી મધ્યમ વર્ગની યાતના વધતી જાય છે. ધંધા રોજગાર ઉપર કેટલાય કન્ટ્રોલ અને સરકારી નિયંત્રણોને લીધે કેટલાય માણસો બેકાર બન્યા છે. સારા ઉદ્દેશથી કાયદાઓ ઘડવામાં આવે છે. છતાં કેટલાય નિર્દોષ માણસોને અન્યાય થયો છે. જે થયું તે થયું, સામાજીક અને આર્થીક ક્રાંતિનો વંટોળ ચઢ્યો છે. કેટલાક એ વંટોળમાં ચઢી વૈભવનાં શિખરે પહોંચ્યા છે, ત્યારે કેટલાક દુઃખ દારિદ્રયના ખાડામાં પડ્યા છે જે લોકો ખાડાંમાં પડ્યા છે તેમને બહાર કાઢવા એ એક મોટી સમસ્યા છે.

શ્રાવક–શ્રાવિકા ઉત્કર્ષક્ષેત્ર માટે કેટલાય વખતથી સમાજના નેતાઓએ વિચારો તેમ પ્રયત્નો કર્યા છે, પણ તેનો ઉકેલ હજુ સુધી આવી શકયો નથી. એ દિશામાં વધુ વ્યવસ્થાપૂર્વક અને જોરદાર પ્રયત્ન કરવાની આવશ્યક્તા છે. જેઓ બેકાર છે અને કામ કરવું છે. એમને કામ મળતું નથી, અથવા ક્યાં મળશે તેની ખબર નથી; એવા માટે આપણા દેશમાં કેટલાય ઠેકાણે Employment Exchanges(કામ ધંધો મેળવી આપવા માટેની સંસ્થાઓ) છે. આપણા સમાજમાં બેકારી નીવારવા માટે એવી સંસ્થા સ્થાપવાના પણ પ્રયત્નો થયા છે. પરંતુ એમાં આપણને કામયાબી મળી નથી. આ માટે કોણ કેવા પ્રકારની લાયકાતવાળા માણસોનું રજીસ્ટર રાખવું જોઈએ. તેમ સરકારી કે બીન સરકારી એમ્પલોઈમેન્ટ બ્યુરો કે એક્સચેંજના સંપર્કમાં આવી તેની માહિતી તથા સંસ્થાઓમાં કેવી માંગ છે, કેવી લાયકાતવાળા

માણસોની જરૂર છે, એ જાણી સર્વ આપણા બેકાર ભાઈઓને એના સંપર્કમાં મૂકી એમને નોકરી ધંધો મેળવવા મદદ કરવી જરૂરી છે.

સેવાના અનેક પ્રકાર છે જેવું દુઃખ, જેવો પ્રશ્ન જેવી મુશ્કેલી, જેવા સંજોગો, તેવા સેવાના પ્રકાર. સેવા ધનથી જ થઈ શકે એમ નથી. જો કે ધન એ જરૂરી વસ્તુ છે, પણ સેવા જાતમહેનત અને સલાહ સૂચનથી વધારે થઈ શકે. દરેક માણસ પોતાની શક્તિ, સંજોગ અને ઇચ્છા પ્રમાણે સેવા આપી શકે.

અહીં સેવાના એક પ્રકારની નોંધ લેવા મન લલચાય છે. જેનો રિપોર્ટ 'ફ્રી પ્રેસ જનરલ'માં હતો. વેસ્ટ જર્મનીમાં એક ચશ્માવાળાએ એક ચર્ચના ખ્રિસ્તી દેવળના અધિકારીને વાત કરી કે હિંદમાં ઘણા લોકો પૈસાના અભાવે ચશ્માની તકલીફ ભોગવે છે. દેવળના અધિકારીએ ત્યાંના [illegible]ને એ વાત કરતા તેઓએ ઘેર ઘેર ફરીને ત્રણ હજાર ચશ્માની જોડ ભેગી કરી.

સેવાનો આ કેવો પ્રકાર! કેવી તાત્કાલિક વ્યવહારૂ અને બીન ખર્ચાળ સેવા! જનસેવાનો અને વિશ્વબંધુત્વનો કેવો સુંદર દાખલો છે! આપણે દરેક પ્રશ્ન ઉપર ખરા દિલથી વિચાર કરીએ તો આવું ઘણું કરી શકીએ.

સેવામાટે કેટલો ભોગ આપવો પડે, કેટલો સ્વાર્થત્યાગ કરવો પડે, ગમે તે કષ્ટ પડે પણ સેવા ચૂકે નહિ. એવો સચોટ આદર્શ આપણાં શાસ્ત્રમાં શ્રી નંદિષેણ મુનિની કથા અજોડ દૃષ્ટાંત પૂરું પાડે છે. આપણે જૈન ધર્મના અનુયાયીઓ, આવા અમૂલ્ય ખજાનાના વારસદાર કંઈ ને કંઈ સેવા કરી છૂટીએ, એવી ભાવના રાખવી જોઈએ.

સેવા એ આપણો ધર્મ છે, ભગવાનનો ઉપદેશ છે. "નમોત્થુણં જિણાણં"ની સ્તવનામાં આવતા કર-વાના કાર્યોનું પુનરાવર્તન રોજ કરીએ છીએ. તેમાં "પરોપકારી," એટલે પરોપકાર ભગવાન્ જીવની સેવા આવે છે.

આપણા સમાજમાં નજીવા અને ગૌણ મતમતાંતરો ઘણા છે જેનો આપણે ઉકેલ નહિ લાવી શકવાથી જુદા જુદા વિભાગો વચ્ચે કલહ અને વૈમનસ્ય વધ્યું છે. એવા મતમતાંતરોમાં અહં, મમત્વ અને ગેરસમજ મોટો ભાગ ભજવે છે. આપણે સરળતાથી અને પ્રમાણિકપણે ઉકેલ લાવવા મથીએ તો જરૂર ઉકેલ આવે ખરો. પણ સામાયિક જેવું આદર્શ છે, એવા સમતા અને સરળતાના પૂજારીઓમાં સમતાભાવ કે નિખાલસભાવ કેમ દેખાતો નથી?

જ્યાં જ્યાં ધાર્મિક અને [illegible] ખાતાના મત-મતાંતરો હોય, તે કયા કારણે છે, તે કેમ દૂર થાય ને એક બીજા પક્ષને દખલગીરી ન લાગે તેમ પૂરી કાર્યદક્ષતા, તટસ્થતા, નમ્રતા અને અપમાન પણ સહન કરવાની તાકાત રાખી તકરારો દૂર કરવા વિનમ્રભાવે પ્રયત્નો કરવા જોઈએ

વિશ્વબંધુત્વ આપણો આદર્શ છે. એ આપણો ધર્મ છે, એમાં કલહને સ્થાન નથી. ફરજ સ્વાર્પણ જ મુખ્ય છે. એમ પરસ્પરના પ્રેમમાં, સેવાના તાલથી આપણે જીવન જીવીએ તો આપણું જીવન એક સુંદર નૃત્ય સમું બની રહે.



સંસ્કૃતનું મહત્ત્વ

આપણા ભૂતકાળને સાંધનાર એ સેતુબંધ છે, જે આપણને પ્રેરકબળ આપે છે. ને આપણું ઉત્થાન તેને આધારે થયું છે. વર્ષોથી એ ભૂતકાળનો સંબંધ જોડનાર સેતુ છે, તે સંબંધને આપણે તોડી ફોડી ફેંકી દઈએ; તે શક્ય નથી.

આપણા ભૂતકાળના સંબંધને જોડનાર સેતુબંધમાં એક તો સંસ્કૃત ભાષા છે, મને તેને માટે ઘણું મોટું આકર્ષણ છે! ભારતીય વિચાર અને સંસ્કારના પ્રતિનિધિરૂપે સંસ્કૃત ભાષા ગૌરવ ધરાવે છે. ભારતીય બીજી ભાષાઓ સંસ્કૃતમાંથી સીધી ઊતરી આવી છે; અથવા તો તેના આધારે ચાલી આવી છે

આપણા દેશના વિવિધ પ્રદેશો પર જે વિચાર અને સંસ્કારનાં દર્શન થાય છે; તેના મૂલ આધારમાં અને તેની એકતાને જોડવામાં સંસ્કૃતે ઘણો મોટો ફાળો આપ્યો છે.

આજે ભારતમાં જે પ્રગતિ જોવાને મળે છે, તેનું મૂળ કારણ આ સંસ્કૃત ભાષા છે. જો એ મૂળને આપણે કાપી નાખીશું, તો પછી આપણા લોકો વધ રે પડતા છીછરા અને આછા વિચાર ધરાવનાર થઈ જશે ભારતીય જનો પછી ભારતીય નહિ રહે, સામાન્ય માનવીઓ થઈ જશે.

આપણા જીવનમાં અંગ્રેજી ભાષાનાં મૂળ ન ખાય; એવો આગ્રહ હું કદી પણ સેવું એમ નથી. આ તો પ્રજાતંત્રનો યુગ છે, એટલે કોઈ જાતનો આગ્રહ લોકો પાસે રાખી શકાય એમ નથી!

પણ એક વાત જરૂરની છે! ભૂત. વર્તમાન અને ભવિષ્યને જોડનારી એક સાંકળ જરૂર હોવી જોઈએ. આપણી આજની ભાષાઓનું સંસ્કૃતની સાથે જોડાણ જરૂર થવું જોઈએ. એ ભૂતકાળનાં ભવ્ય વારસાને વર્તમાનકાલીન વિચારસરણિ સાથે જોડવામાટે, જે કોઈ પ્રયત્ન હાથ ધરવો જોઈએ; તે જરૂર સ્વીકારી લેવાય! ભૂતકાળના સંસ્કારોની સાથે વર્તમાન યુગના વિજ્ઞાનની સાંકળ જરૂર જોડવી જોઈએ.

પંડિત જવાહરલાલ નેહરુ

પ્રકાશક : ખીમચંદ ચાંપશી શાહ. શ્રી આત્માનંદ સભા વતી
મુદ્રક : હરિલાલ દેવચંદ શેઠ, આનંદ પ્રિન્ટીંગ પ્રેસ—ભાવનગર

શ્રી આત્માનંદ પ્રકાશ

SHRI ATMANAND PRAKASH

વ્રત અને ચારિત્ર

વ્રત આચરવાથી દેહનું સારી પેઠે દમન થાય છે. દેહ ને કષ્ટ આપી તેને સંયમમાં રાખવાનું તેથી સહેલું બને છે. પણ સમજવું જરૂરી એ છે કે દેહ તો મનને અધીન છે. જો આપણું મન આપણા કાબૂમાં ન આવે તો દેહને ગમે તેટલું કષ્ટ આપ્યું હોય તે છતાં તે દેહ આપણાં મનને વશ વર્તવા મંડશે. જેને દમવાની ખાસ જરૂર છે તે છે આપણું મન. કારણ કે મનના દમન વડે જ તે પવિત્ર થાય છે અને તેથી પરિણામે મનુષ્ય ચારિત્રસંપન્ન બને છે. ખોટું બોલવું, છેતરવું અને ધંધામાં આગળ વધી કે સમાજમાં ફક્કડ ફરીને કડક વર્તાવનું આચરણ કરવું તે ચારિત્ર નથી પણ દેહને કષ્ટ આપનારાં વ્રત ન કરતા છતાં સાચું બોલવું, બીજાને આપત્તિમાં મદદરૂપ થવું અને પ્રભુના અનન્ય ઉપાસક થવું એ ચારિત્ર છે, પોતાને અને સમાજને એ જ ખરું ઉપયોગી છે.

—પારાશર્ય

૧૭૧૧૩

પ્રકાશક—
શ્રી જૈન આત્માનંદ સભા
ભાવનગર

પુસ્તક ૫૯
અંક ૮

જેઠ
સં. ૨૦૧૮

અનુક્રમણિકા

૧ તૃષ્ણા		૯૭
૨ ભો બગલા ?	સાહિત્યચન્દ્ર બાલચંદ હીરાચંદ	૯૮
૩ ઉના	મુનિ વિશાળવિજયજી	૧૦૦
૪ ચોથી દીપ્રા દૃષ્ટિની સજ્ઝાય	ડૉ. વલ્લભદાસ નેણસીભાઈ	૧૦૪
૫ સ્વરાજ્ય ?	સાહિત્યચન્દ્ર બાલચંદ	૧૦૯
૬ સમાજ સેવાના માર્ગે	આલબર્ટસ્વીઝ	૧૦૧

વાર્ષિક ઉત્સવ

આ સભાનો ૬૬ મો વાર્ષિક ઉત્સવ શ્રી તાલધ્વજગિરિ ઉપર જેઠ સુદી ૧ ને રવિવાર તા-૩-૬-૬૨ ના રોજ ઉજવવામાં આવ્યો હતો. આ પ્રસંગે સવારમા શ્રી તાલધ્વજગિરિ ઉપર સ્વ. શેઠ શ્રી મુળચંદભાઈ નથુભાઈ તરફથી શ્રી પાર્શ્વનાથ પંચ કલ્યાણક પુજા રાગ રાગણીથી ભણાવવામા આવી હતી તેમજ સ્વ. વોરા હઠીચંદ ઝવેરભાઈ તરફથી મળેલી આર્થિક સહાય તથા તેમના ધર્મપત્ની હેમકુંવર બહેને આપવાની રકમના વ્યાજવડે સભાસદબંધુઓનું તથા અન્ય સર્વે યાત્રિક ભાઈઓનું સ્વામીવાત્સલ્ય કરવામાં આવ્યું હતું આ શુભ પ્રસંગે ભાવનગરથી પેટ્રન તથા સભાસદ બંધુઓએ ઘણી સારી સંખ્યામા લાભ લીધો હતો.

આચાર્ય શ્રી વીજયઉમંગસુરીજી મ૦ નો સ્વર્ગવાસ

પૂ આ. શ્રી વિજય વલ્લભસુરિજી મ. ના પટ્ટધર આચાર્ય શ્રી વિજય ઉમંગસૂરિજી મ. વૈશાક વદી ૧ તા ૨૦મીના રોજ દેવલોક પામ્યા છે. તેઓશ્રી કેટલાક સમયથી બિમાર રહેતા હતા. અને સાબરમતી ખાતેના જૈન મંદિરમા આરામ ફરમાવતા હતા. બચપણથી જ આચાર્યશ્રીમાં ધાર્મિક સંસ્કાર જાગૃત હતા અને વૈરાગ્ય ભાવનામા લીન રહેતા હતા યુવાવસ્થામા આ. શ્રી વિજયવલ્લભસુરીશ્વરના મોટા શિષ્ય બન્યા હતા આ.શ્રી એ પોતાના ગુરુ તથા દાદા ગુરુની જીવન પર્યંત ખુબજ સેવા બજાવી હતી અને એમની યાદમા ઉપદેશ આપી શ્રી આત્મવલ્લભ જૈન જ્ઞાન મંદિર શરૂ કરાવ્યું હતું ને આજ સ્થાને એમનો સ્વર્ગવાસ થયો. શાસનદેવ આચાર્યશ્રી ના આત્માને શાંતિ બક્ષે એજ પ્રાર્થના

આચાર્ય શ્રી નો ફોટો તથા ટુંક જીવન ઝરમર આવતા અંકે લેવામ આવશે.

શ્રી આત્માનંદ પ્રકાશ

વર્ષ પ૯મું] જેઠ તા. ૭-૬-૬૨ [અંક ૮

તૃષ્ણા

હસ્તિનાપુરના સમ્રાટ યયાતિ એક અત્યંત વિલાસપ્રિય રાજવી હતા પોતાના પુત્ર પૂરુનું યૌવન માગી લઇ પોતે એક હજાર વર્ષ સુધી ભોગવિલાસમાં રચ્યાપચ્યા રહ્યા, પરંતુ પોતાને તૃપ્તિ થઇ નહી આ સમયે તેમને સત્ય જ્ઞાનનું દર્શન થયું.

न जातु कामः कामाना-
मुपभोगेन शाम्यति ।
हविषा कृष्णवर्त्मेव
भूय एवोपवर्धते ॥

ભોગો ભોગવવાથી કામની તૃપ્તિ થતી નથી. ઊલટું અગ્નિમાં આહુતિ હોમવાથી તે જેમ વિશેષ પ્રજ્વલી ઊઠે છે, તેમ જ ભોગો ભોગવવાથી ભોગવૃત્તિ વિશેષ ઉત્તેજિત બને છે.

यत्पृथिव्यां व्रीहियवं
हिरण्यं पशवः स्त्रियः ।
एकस्यापि न पर्याप्तं
तस्मात् तृष्णां परित्यजेत् ॥

આ પૃથ્વીમાં જેટલું અનાજ, જેટલું સોનું, જેટલાં પશુઓ અને જેટલી સ્ત્રીઓ છે તે સર્વે એક વ્યક્તિની તૃષ્ણા સંતોષવા પૂરતાં નથી માટે સૌથી ઉત્તમ ઉપાય એ જ છે કે તૃષ્ણાનો પરિત્યાગ કરવો.

ઓ બગલા !

(મદિરા છંદ)

ઓ બગલા ! તુજ અંગ ધવલ છે પાંખ ધવલ તારી શોભે
ઉજળું તારૂં મુખ આકૃતિ જે હંસસમી જનમન લોભે
એક પગે ઉભો રહી આંખો નિમ્ન કરી રહેતો ધ્યાને
નદી કિનારે મૌન ધરે તું યોગી ભાસે સહુ જનને

સાચુ માનતા તુજ વિશ્વાસે મત્સ્ય સમિપ તાહરા આવે
મલિન પંક નિજ અંગ ધરી કઈ કૃમિકીટક નમતા ભાવે
કપટરહિત ભોળા જીવોને ઠગવા શું તું સ્વાંગ સજે
જ્ઞાની તુજ વંચકતા સ્હેજે જાણી ગયા, તે નહીં ભજે ૨

ઉપરથી તું ધોળો છે પણ અંદરથી કાં શ્યામ રહ્યો ?
કાળો ધોળો મેળ ન મળશે વંચક તુજને એમ કહ્યો
વેશ સજે કોઇ વાલે સંતનો તેથી શું એ સંત બને ?
બાહ્યાભ્યંતર શુચિતા ધારે તેજ ગવાયે સંત જને ૩

સાધુ ગણાવી નિજને સજવો સ્વાંગ સાધુનો લેઇ ફરવું
હિંસા કરવી સ્વભાવ તારો શઠથી પેટ સદા ભરવું
બકને ઠગ સહુ જનતા બોલે વંચકતા છુપાઇ રહે
પિત્તલ થાય ન કનક કદીએ જોપણ પીળો રંગ વહે ૪

સુણ બક! મારી હિતશિખ સારી, તજ હિંસા ને કપટ સહુ
માન તાહરૂં વધશે જનમાં ઉજ્વલતા તુજ વધે બહુ
લો બગલા ! જો કૂડ કપટનું હૃદય કરે ઉજ્વલ રૂડું
હંસ તને સજ્જન સહુ ગણશે નામ જશે તારૂં કૂડું ૫

મહંત હું છું સંત ખરો છું વડાઇ બકતો નિજ મુખથી
તે ન બને સજ્જન વા સાધુ મનમાં જાણો એહ નકી
ઉપરથી ધોતાં સાબુથી અંતરંગ શું શ્વેત બને ?
કાળુ કદી નહીં ગનશે ધોળું નિજ નિજ કર્મ ગણો એને ૬

કૂડ કપટ હિંસા કરવાથી બકને ઠગ માને જનતા
બોધ તારવો બકના ગુણથી ધરવી મનમાં બહુ સમતા
ઉપર ધોળો અંદર કાળો અલ્પ કાળ જગ ઠગવાનો
સદા છુપાઇ રહે ન અંતર પ્રગટ થાય અવગુણ એનો ૭

વંચક ઠગથી દૂરજ રહીએ એમાં સાર્થક જીવનનું
મત્સ્યસમા ભોળા નહીં બનવું નહીં તો પ્રાણજ હરવાનું
આત્મ સાક્ષિએ ધર્મ ભાવિએ શઠક જાલમાં નહીં ફસવું
બાલેન્દુ કહે સાચું નાણું ખણખણ વગડાવી લેવું ૮

(કવિ- સાહિત્યચંદ્ર બાલચંદ હીરાચંદ, માલેગાંવ)

अनुसरति करिकपोलं भ्रमरः श्रवणेन ताड्यमानोऽपि ।
गणयति न तिरस्कारं दानान्धविलोचनो नीचः ॥

દુમિલા છંદ

હાથીના કર્ણોની ભમરા ઉપ ઝાપટો ખાયે રે,
તો પણ તેની પાછળ પાછળ મદ મેળવવા જાય રે;
એવી રીતે દાન લોભમાં અંધ થયેલા પ્રાણી રે,
તિરસ્કારને ન ગણે જરીયે સિદ્ધ વાત એ જાણી રે.

લેખક:—મુનિ મહારાજશ્રી વિશાળવિજયજી

(અંક નં. ૭ પૃ. ૮૬ થી ચાલુ)

ગુરુ તીર્થ

આચાર્ય શ્રી હીરવિજયસૂરિ છેલ્લી વાર પાટણથી મોટા સંઘ સાથે પાલીતાણા આવ્યા, ત્યારે ઉના, દીવ, ઘોઘા, રાધનપુર, ખંભાત વગેરે ગામ–નગરોના ૭૨ સંઘો અને બે લાખ માણસો પાલીતાણામાં એકત્રિત થયા હતા.

આચાર્યશ્રી પાલીતાણામાં કેટલાક દિવસ સ્થિર રહ્યા. એ સમયે [illegible] ગામોના શ્રાવકો એમને પોતાના ગામમાં ચતુર્માસ વીતાવવા વિનંતી કરવા લાગ્યા. એ સમયે દીવ અને ઉનાના રહીશ પારેખ મેઘજી તથા તેમનાં ધર્મપત્ની શ્રાવિકા લાડકીબાઇ આચાર્યશ્રીને ઉનામાં ચતુર્માસ વીતાવવા માટે વિનંતી કરતાં કહેવા લાગ્યા; 'મહારાજ! આપે અનેક સ્થળે ચતુર્માસ નિર્ગમીને, અજ્ઞાન અંધકારને દૂર કરી જ્ઞાનનો પ્રકાશ પાડ્યો છે; જ્યારે અમે તો ભોંયરા જેવા ગાઢ અંધકારમાં પડેલા છીએ. તો આ વખતે અમારે ત્યાં ઉનામાં ચતુર્માસ રહીને જ્ઞાનનો પ્રકાશ ફેલાવશો તો આપનો અનહદ ઉપકાર થશે.'

આમ કહી ખોળા પાથરીને એમણે અરજ કરવા માંડી. આ દંપતીની અતિ ઉત્કૃષ્ટ ભક્તિ જોઇ અને એ તરફના પ્રદેશની વાસ્તવિક સ્થિતિ જાણીને મહારાજશ્રીએ ઉનામાં ચતુર્માસ વીતાવવાનો નિર્ણય જાહેર કર્યો.

જ્યારે આચાર્યશ્રીએ પાલીતાણાથી ઉના તરફ વિહાર કર્યો ત્યારે દીવનો શ્રીસંઘ પણ સાથે હતો. તેઓ દાઠા, મહુવા થઇને દેલવાડા આવ્યા. દેલવાડાથી તે બધા અજારાતીર્થમાં આવ્યા. એ સમયે દીવનો શ્રીસંઘ પણ અજારાના ઉપાશ્રયમાં તેમને વંદન કરવા આવ્યો.

આચાર્યશ્રી દીવના શ્રીસંઘ સાથે દીવ આવ્યા અને ત્યાંથી ઉના આવ્યા.

આચાર્યશ્રીનું સ્વાગત કરવા લોકોએ આખા ગામને શણગાર્યું, બહેનોએ આચાર્યશ્રીને સાચા મોતીથી વધાવ્યા. ઠેર ઠેર ગહુંળીઓ કાઢવામાં આવી, આચાર્યશ્રીએ ટૂંકો ઉપદેશ આપી ઉનાના ઉપાશ્રયમાં પ્રવેશ કર્યો.

ચતુર્માસ-દરમિયાન ઉપધાન વગેરે ક્રિયાઓ શરૂ થઇ, કેટલાયે ભક્તોએ બ્રહ્મચર્યની બાધાઓ લીધી અને કેટલાકે બાર વ્રતનો સ્વીકાર કર્યો.

આ ચતુર્માસમાં આચાર્યશ્રીના હાથે ત્રણ પ્રતિષ્ઠાઓ થઇ હતી. તે પૈકી એક પારેખ મેઘજીએ, બીજી લખરાજ રુડાએ, અને ત્રીજી પ્રતિષ્ઠા લાડકીબાઇ શ્રાવિકાની માતા તરફથી કરવામાં આવી હતી.

અત્યારે જ્યાં શ્રી હીરવિજયસૂરિ મ., શ્રી વિજયસેનસૂરિ મ. તથા શ્રી વિજયદેવસૂરિ મહારાજની મૂર્તિઓ પધરાવવામાં આવેલ છે ત્યાં એક મોટો ઉપાશ્રય હતો, જ્યાં શ્રી હીરવિજયસૂરિ ચતુર્માસ રહ્યા હતા. આ ઉપાશ્રયમાં શ્રી હીરવિજયસૂરિ મહારાજના સમયમાં આઠમ અને ચૌદશના દિવસે ૮૦૦ જેટલા માણસો પોષધ કરતા હતા.

આ હકીકતથી એ વખતે અહીં શ્રાવકોની વસ્તી

કેટલી હશે, ઉપાશ્રયો અને મંદિરો વગેરે કેટલાં હશે તેનું અનુમાન થઈ શકે એમ છે.

આચાર્યશ્રીના ચતુર્માસ દરમિયાન ભંડાર શેઠે પોતાની લક્ષ્મીનો ધર્મમાર્ગમાં સદ્વ્યય કરીને શ્રી હીરવિજયસૂરિ પાસે દીક્ષા લીધી. એ સમયે ઉપધાન—માળારોપણ વગેરે ઉત્સવો વારંવાર થયા હતા.

(સૂરીશ્વર અને સમ્રાટ, પૃ. ૨૧૭)

શ્રી હીરવિજયસૂરિનો અંતિમ કાળ હતો. તેઓ બિમારીમાં સપડાયા. માંદગી ભયંકર હોવા છતાં તેઓ દવા લેવાની ના પાડતા હતા. આ વાતની ઉનાના શ્રી સંઘને ખબર પડી. જૈન સમુદાય એકઠો થઈને આચાર્યશ્રી પાસે આવ્યો અને દવા લેવાને વિનંતી કરી, એટલું જ નહિ આવી અવસ્થામાં દવા ન લેવાય ત્યાં સુધી શ્રી સંઘે ભોજન ન કરવાનો નિર્ણય લીધો; અને ઉપવાસ કરીને ઉપાશ્રયમાં બેસી રહેવાની પ્રતિજ્ઞા લેવા બેઠા. શ્રાવિકાઓએ પણ ગુરુ મહારાજ દવા ન લે ત્યાં સુધી પોતાનાં બાળકોને સ્તનપાન ન કરાવવાની પ્રતિજ્ઞા લેવાનો નિર્ણય કર્યો.

સંઘની આવી ઉત્કૃષ્ટ ભક્તિ જોઈને પં. સોમવિજયજી ઉપાધ્યાયે આચાર્યશ્રીને ઉપરની હકીકત જણાવી. આચાર્યશ્રી આકરી કસોટીમાં મુકાયા. તેમણે પરસ્થિતિ પારખીને જણાવ્યું: 'હું શુદ્ધ અને નિર્દોષ દવા લઈશ.'

(સૂરીશ્વર અને સમ્રાટ, પૃ. ૨૧૮)

આચાર્યશ્રીએ સંઘની વિનંતીથી દવા લીધી, પણ તેમનો અંતિમ કાળ હતો. દવાના ઉપાયો નકામા હતા. પ્રભુના નામનો જાપ એમના માટે ઉત્તમ દવા હતી.

આચાર્યશ્રી સં. ૧૬૬૨ના ભાદરવા સુદિ ૧૧ ના રોજ નવકારવાળી ગણતાં ગણતાં કાળધર્મ પામી ગયા. એ દિવસે સાધુઓએ અઠ્ઠમની તપસ્યા કરી, જ્યારે શ્રાવક, શ્રાવિકા અને બાળકોએ ઉપવાસ કર્યા.

ઉપા. રવિવિજય રચિત 'પટ્ટાવલી'માં જણાવ્યું છે કે—

"श्री हीरसूरयः क्रमेण मंत्र्यजीवान प्रतिबोध्य च श्रीदिवबन्दर आसन्ने उन्नतनगरे संवत् १६६२ भाद्रवा सुदि ११ दिने स्वर्गं प्राप्ताः॥"

શ્રી હીરવિજયસૂરિ કાળધર્મ પામ્યા તે વખતે તેમની પાલખી સ્મશાનમાં લઈ જવામાં આવી તેનું વર્ણન એક સજ્ઝાયમાં આ રીતે કરેલું જોવાય છે—

"માંડવી નીપની જવ રહી,
તવ રહી રાત્રિ ઘડી ચ્યાર રે;
તવ ઘંટાનાદ જ વાજીઉ,
જેહવઉ ઇંદ્રતઉ સાર રે;
સુણઇ તે વર્ણ અઢાર રે,
પછઇ વાંગો સાત ઉદાર રે,
જગનઇ વાહલો રે ગુરુ હીરજી. ૧૬

જવ થય સાહઇ પોઢાડીઆ,
જિહાં લગઇ દીઠું કાંઇ અંગરે,
તિહાં લગઇ પૂજિઆ મન રંગ રે;
રૂપાં નાણું અતિ અંગે રે.
જગ૦ ૧૭

પાગર મણ સુકડિ ભલી,
અગર તે ત્રણ્ય મણ જાણિ રે;
કપૂર સેર ત્રણિ તિહાં મળ્યું,
ચૂઓ સેર પાંચ પ્રમાણ રે,
કસ્તૂરિ બઇ સેર આણિ રે,
કેસર સેર ત્રણિ વખાણિ રે.
જગ૦ ૧૮

ઇણિ પરિ હીર અંગ સંસ્કારીઉ,
લ્યાહરી સાત હજાર રે,
તિણિ વાડી જે ભર લાઇઆ,
તેહ જ મોર્યા સહકાર રે;
ફલિઆ તેહ સહકાર રે,
અચરિજ એહ અપાર રે.
જગ૦ ૧૯

પારિખ મેઘ કરાવીઉં,
થૂભ તિહાં અતિ અભિરામ રે.
તિહાં રાત્રિ આવઇ રે દેવતા,
કરવા હીર ગુણ ગ્રામ રે;
નાટિક હુઇ છઇ તામ રે,
વાજિત્ર વાજઇ તેણિ ઠામ રે,
પ્રસિદ્ધ હુઊં આવિ ગામ રે,
જગ૦ ૨૦

તિહાં પૈત્રઇ જે વાસો વસઇ,
વાણિયો નાગર જાતિ રે,
તિણિ તિહાં જાઇ નઇ જોઇ ઉં,
ઉદ્‌દ્યોત વનમાં ન માત રે;
કાન સુણ્યઇં નીત ગાન રે,
વાજિત્ર દેવતાના વાત રે,
સમ કરી કહઈ પ્રભાત રે.
જગ૦ ૨૧

કલશ

ઇઅ વીરશાશન જગત્ર ભાસન,
હીર વિજય સૂરીશરો,
જસ સાહિ અકબરદત્ત છાજઇ,
બિરૂદ સુંદર જગ ગુરો;
જસ પટ્ટ પ્રગટ પ્રતાપ ઊગ્યો,
વિજયસેન દિવાકરો,
કવિરાજ હર્ષાણંદ પંડિત,
વિવેકહર્ષ સુહંકરો.

(– ઐતિહાસિક સજઝાયમાળા પૃ. ૧૦–૧૧)

'हत्राधिं तु स्तूपमकव्वरेण समीपभूमिः कियती वितीर्णा ।
सिद्धाचले सिद्धनृपेण नाभिभवं यथा द्वादशसंनिवेशाः ॥
— गुरुपादुकाधिष्ठानमर्पितुं पूजयितुमकब्बरेण याति
शाहिना कियती कियत्प्रमाणा द्वाविंशति वीघाप्रमिता ।

(– હીરસૌભાગ્ય કાવ્ય, સર્ગ: ૧૭ શ્લોક ૧૯૫)

— જે વખતે શ્રી હીરવિજયસૂરિ કાળધર્મ પામ્યા ત્યારે તેમને પાલખીમા પધરાવીને વાજતે ગાજતે સ્મશાન ભૂમિમાં લઇ જવામા આવ્યા. ત્યાં ચિતામાં ૧૫ મણ સૂખડ, ૩ મણ અગર–સુગંધ, કપૂર ૩ શેર, ચૂઓ ૫ શેર, કસ્તૂરી ૨ શેર, કેસર ૩ શેર, નાખવામાં આવ્યાં હતાં.

ગામથી પોણા માઇલના અંતરે નદીના કિનારે શ્રી હીરવિજયસૂરિજીના સ્થૂલ દેહનો અગ્નિસંસ્કાર કરવામાં આવ્યો. અગ્નિસંસ્કારની જમીન આગળ અકબર બાદશાહે ૨૨ વીઘા જમીનવાળો બગીચો ભેટ આપ્યો હતો.

'જૈન તીર્થનો ઇતિહાસ' અને 'જૈન તીર્થ-સર્વસંગ્રહ' એ બંને પુસ્તકોમાં અકબર બાદશાહે ૧૦૦ વીઘા જમીન ભેટ આપ્યાનો ઉલ્લેખ કર્યો છે.

આચાર્યશ્રીનો અગ્નિસંસ્કાર કરવામાં આવ્યો તે સ્થળે શેઠ મેઘજી પારેખની ધર્મપત્ની લાડકીબાઇએ સ્તૂપ તૈયાર કરાવ્યો.

શ્રી હીરવિજયસૂરિ કાળધર્મ પામ્યા તે સમયે એક બ્રાહ્મણે એક વિમાન સ્વર્ગમાં જતાં જોયું હતું. એ સમયે સ્મશાન ભૂમિમાં નાટારંભ થતો પણ જોવામાં આવ્યો હતો, મોસમ ન હોવા છતાં આંબાને મોર આવ્યો હતો.

*

શાહબાગ–બગીચામાં કુલ ૧૨ દેરીઓ છે. ને ૧૩ પગલાંજોડી છે. અત્યારે આ બગીચા પર શ્રીસંઘની માલિકી છે. શ્રી હીરવિજયસૂરિની દેરી પરના લેખનો ભાગ આ પ્રકારે છે—

"જગતગુરુ હીરવિજયસૂરિ મહારાજનો સ્તૂપ વિ. સં. ૧૫૫૩ના માગશર વદિ ૯ ના રોજ ખંભાતના રહેવાસી ઉદયકરણે બનાવ્યો હતો, તેમાં શ્રી હીરવિજયસૂરિ મહારાજની ચરણપાદુકાની પ્રતિષ્ઠા શ્રી વિજયસેનસૂરિ મહારાજે કરી હતી."

સં. ૧૭૧૩ ના અષાડ સુદિ ૮ ના રોજ શ્રી વિજયદેવસૂરિએ ઉનામાં તિવિહારનું પચ્ચક્ખાણ કર્યું અને દશમના રોજ ચઉવિહારનું પચ્ચક્ખાણ કરી અષાડ સુદિ ૧૧ ના દિવસે દેવલોક પામ્યા.

ઉપા. ધર્મસાગર રચિત 'પટ્ટાવલી'માં જણાવ્યું છે કે—

"सं. १७१३ वर्षे श्री उन्नानगरे आषाढशुदयने-कादश्यां प्रातःकाले अष्टमभक्तेन स्वर्गप्राप्तिः, तत्र स्तूपं मल्लजीरामपकारितं श्री हीरविजयसूरिपादुकायां स्तूप-तीरे अस्ति ॥

શ્રી હીરવિજયસૂરિ મહારાજનો જ્યાં અગ્નિસંસ્કાર કરવામાં આવ્યો હતો તેની બાજુની જગ્યામાં તેમનો અગ્નિસંસ્કાર કરવામાં આવ્યો. ઉનાના રહેવાસી રાયચંદ ભણુશાળીએ વિજયદેવસૂરિ મહારાજનો ત્યાં સ્તૂપ બંધાવ્યો.

એ પછી વિજયપ્રભસૂરિ ઉનામાં આવ્યા અને સં. ૧૭૪૯મા અહિં જ કાળધર્મ પામ્યા.

એ પછી શ્રી વિજયદયાસૂરિ અહીં કાળધર્મ પામ્યા હતા.

આમ અહીં બારેક આચાર્ય અને સાધુ મુનિરાજોનો સ્વર્ગવાસ થતાં આ ભૂમિ ગુરુતીર્થરૂપે જાણીતું થયું છે.

વહીવટ

પ્રથમ આ તીર્થનો વહીવટ મૂળજી અમરાજ કરતા હતા. પણ પાછળથી એ આસામી કાચી પડવાથી ગેરવ્યવસ્થા થઈ ગઈ. પછીથી એક ગોરજી વહીવટ પચાવી બેઠેલા; એમના સમયમાં દેરાસરો પ્રાચીન હોવાથી અતિજીર્ણ થઈ ગયેલા ત્યારે શેઠ પરમાણંદ કરસનજીએ પોતાને ખરચે અને બહારથી રકમ એકઠી કરી અહીંનાં મંદિરોનો જીર્ણોદ્ધાર કરાવ્યો હતો.

દેરી નં. ૧—શ્રી હીરવિજયસૂરિ સં. ૧૬૫૨ દિવાલ પર મોટો લેખ છે. તે આ પ્રકારે—

"શ્રી સંવત્ ૧૬૫૨ વર્ષે કાર્તિક શુદિ ૫ બુધે તેષા જગદ્ગુરૂણાં સંવેગ–વૈરાગ્ય–સૌભાગ્યાદિ ગુણશ્રવણાત् ચમત્કૃતૈર્મહારાજાધિરાજાધિરાજ પાતશાહિ શ્રી અકબ્બરાભિધાનૈર્ગૂર્જરદેશાત્ દિલ્લીમણ્ડલે સબહુમાનમાકાર્ય ધર્મોપદેશાકર્ણનપૂર્વક–પુસ્તક કોશસમર્પણ–ડાવરાભિધાન મહાસરોવર મત્સ્યવધનિવારણ–પ્રતિવર્ષ પાણ્માસિકામારિ પ્રવર્त्तनपूर्वक श्री शत्रुंजय तीर्थ मुण्डकाभिधानकर निवर्तनजीजियाभिधानकरनिवर्त्तन–निजसकलदेशदाण मृतस्वमोचन–सदैव बंदीकरण निवारण चैत्यादिधर्मकृत्यानि सकललोकप्रतीतानि कृतानि। प्रवर्त्तनैषा श्री शत्रुंजये सकलसंघयुतयात्राणां मादशुक्लैकादशीदिने जातनिर्वाण वाग्निसंस्कारस्थानासन्नकलितसहकाराणा श्री हीरविजयसूरीश्वराणां प्रतिदिनदिव्यश्रवणदीपदर्शनादिकानेकप्रभावाः स्तूपसहिताः पादुकाः कारिताः पं. मेघेन। भार्या लाडकीप्रमुखकुटुंबयुतेन। प्रतिष्ठिताश्च तपागच्छाधिराजैः भट्टारक श्री विजयसेनसूरिभिः। उपा० श्री विमलहर्षगणि–उपा० श्री कल्याणविजयगणि–उपा० श्री सोमविजयगणिभिः प्रणता [? भिः] भव्यजनैः पूज्यमानश्चिरं नंदतु। लिखिता प्रशस्तिः पद्मानंदगणिना। श्री उन्नतपुरे। शुभं भवतु॥

દેરી નં. ૨—શ્રી શાંતિસૂરીશ્વરજી, સં. ૧૬૬૪.

દેરી નં. ૩—શ્રી પ્રભાવ (પ્રભ) વિજય સૂરીશ્વર, સં. ૧૬૬૪, પગલાં ઉપર મોટા અક્ષરે વિસ્તૃત લેખ કોતરેલો છે. મસ્તક નાખીને વાંચી શકાય એમ નથી.

દેરી નં. ૪—શ્રી મુનિ સુંદરસૂરીશ્વરજી, સં. ૧૭૧૨, દિવાલ પર વિસ્તૃત લેખ છે. તેની લંબાઈ આશરે ૧।। ફૂટ અને પહોળાઈ ૧। ફૂટ છે. પરંતુ લેખ ઘસાઈ ગયેલો હોવાથી કેટલાક અક્ષરો વાંચી શકાય તેમ નથી.

દેરી નં. ૫—શ્રી પ્રભાવ (વિજય પ્રભ) સૂરીશ્વરજી સં. ૧૭૪૯.

દેરી નં. ૬—શ્રી હેમસૂરીશ્વરજી, સં. ૧૭૪૯

દેરી નં. ૭—શ્રી સોમસૂરીશ્વરજી, સં. ૧૭૮૫,

૬૨ મી પાટે થયેલા આ આચાર્ય ગૌતમાવતાર ગણાતા હતા. તેઓ સં. ૧૭૪૯માં સ્વર્ગસ્થ થયા હતા.

દેરી નં. ૮—શ્રી વિજય દેવાણુ (?) સૂરીશ્વરજી સં. ૧૮૧૪. (શ્રી વિજય દેવસૂરિ સં. ૧૭૧૩ માં ઉનામાં સ્વર્ગવાસી થયા હતા.)

દેરી નં. ૯—શ્રી વિજય ધર્મસૂરીશ્વરજી સં. ૧૮૧૬

દેરી નં. ૧૦—શ્રી વિજયેંદ્ર (વિજય જિનેન્દ્ર) (?) સૂરીશ્વરજી સં. ૧૯૦૮

દેરી નં. ૧૧— શ્રી વિજય દેવેંદ્રસૂરીશ્વરજી, સં. ૧૯૪૯

દેરી નં. ૧૨—ઉપર લેખ નથી અને પાદુકા ઉપર લેખ પણ નથી.

ચોથી દીપ્રા દૃષ્ટિની સજઝાય

ડૉક્ટર વલ્લભદાસ નેણસીભાઇ

(અંક નં-૭ પૃષ્ઠ ૯૦ થી ચાલુ)

(૧૦) એવા અવગુણવંતનું જી,
પદ, છે અવેદ્ય કઠોર.
સાધુ-સંગ આગમ તણો જી,
તે જીત્યો ધુરંધોર.

—મનમોહન.

ભાવાર્થ:—આવા દુર્ગુણી આત્માનું સર્વ વર્તન અવેદ્ય (અધઃપતન કરનાર) કઠોર છે તથા તેને ગ્રંથી ભેદ ન થાય ત્યાં સુધી તેને આત્માનો સ્વાનુભવ પણ થતો નથી જેથી આવા અવગુણી આત્માએ સંસાર પરિભ્રમણથી જો મુક્ત થવુ હોય તો સ્વચ્છંદ, પ્રતિબંધ, અહંકાર, બહિરાત્મભાવ, કદાગ્રહ, વિષયાસક્તિ, દંભ, પ્રપંચ, લોકસંજ્ઞા, લોકભય, અને અજ્ઞાનાદિ આત્મઘાતી દોષોનો, સન્માર્ગ પામવાની સાચી જીજ્ઞાસાવાળાએ પરમ કલ્યાણકારી શ્રી સદ્‌ગુરૂના સત્સમાગમ તથા સદ્‌બોધથી નાશ કરીને આત્માને જાગૃત અને શુદ્ધ બનાવવાથી જ તેઓ વેદ્ય સંવેદ્ય પદ (સ્વાનુભવ જ્ઞાન) ને મેળવવા સદ્‌ભાગ્યશાળી બને છે.

(૧૧) તે જીત્યે સ્હેજે રમેજી,
વિષમ કુતર્ક પ્રકાર,
દૂર નિકટ હાથી હણેજી,
જેમ બે બઠર વિચાર-

—મનમોહન

ભાવાર્થ:—જે જીવ મોહનીય કર્મને જીતવાનો પ્રબળ પ્રયત્ન કરે છે, તેના આશંકા તથા અશ્રદ્ધાના અધમ કુતર્કો નાશ પામે છે તેના ઉપર બે મૂર્ખાઓનું દૃષ્ટાંત આપે છે. મદોન્મત હાથી ઉપર બેસીને ફરવા જનાર એક મહાવતે સામેથી આવતા બે મૂર્ખાઓને કહ્યું કે આ હાથી મદ ઝરવાથી મસ્ત બની ગયો છે માટે તેનાથી દૂર રહો નહીંતર તમને કચડી નાંખશે ને તમારો સંહાર કરશે એ પ્રમાણે ચેતવણી આપ્યા છતાં તે બે મૂર્ખાઓ વિચારવા લાગ્યા કે આ હાથી પ્રાપ્ત થયેલને મારશે કે અપ્રાપ્ત થયેલાને? જો પ્રાપ્ત થયેલાને મારતો હોય તો તેની ઉપર ચડી બેસનાર મહાવતને કેમ મારતો નથી? અને જો અપ્રાપ્ત થયેલાને મારતો હોય તો તે સામે આવનારને હણે પણ પડખે થઇને પસાર થનાર આપણને તે કેમ મારી શકે? આમ વિચારી રહ્યા છે. ત્યાં તો હાથીએ બન્નેને સુંઢમાં કચડીને મારી નાંખ્યા-તેમ આત્માર્થી જીવો સન્માર્ગ સાધવાને જ્યારે પુરુષાર્થી બને છે ત્યારે તેના આશંકાદિ બધા કુતર્કો નાશ પામે છે:—

(૧૨) હું પામ્યો સંશય નહિજી,
મુરખ કરે એ વિચાર,
આળસુ આ ગુરૂ શિષ્યનોજી,
તે તો વચન પ્રકાર.

—મનમોહન.

ભાવાર્થ:—શીત ૠતુમાં જ્યારે સખ્ત ઠંડી પડતી હતી ત્યારે ઉઘાડો દરવાજો રાખી, જંગલની ઝુંપડીમાં સુતેલા આળસુ ગુરુ-ચેલાને કડકડતી ઠંડીમાં પણ દરવાજો બંધ કરવા માટે ઉઠવાનું મન થતું નથી. ગુરૂ ચેલાને દરવાજો બંધ કરવાનું કહે છે, અને ચેલો ગુરૂને બંધ કરવાનું કહે છે. ટાઢ અસહ્ય છે, ઓઢવાને પુરતાં સાધનો નથી.

દરવાજેથી કાળજું કંપાવી નાંખે એવો ઠંડો પવન આવી રહ્યો છે છતાં આળસને લીધે ઊઠીને કોઈએ દરવાજો બંધ ન કરવાથી અસહ્ય ઠંડીમાં ધ્રૂજીને મરણ પામ્યા. તેમ હું સમજું છું, હું જ્ઞાની છું, એવા અહંકારના ઘમંડમાં રહીને મૂર્ખ મનુષ્ય પોતાના કર્તવ્યનો વિચાર ન કરતાં, સન્માર્ગદર્શક એ સદ્‌ગુરુનો યોગ મળ્યા છતાં પોતાના આત્મ-વીર્યને ન ફોરવતાં પ્રમાદરૂપ આળસ અને અજ્ઞાનમાં રહીને અલભ્ય માનવ જીવનને વ્યર્થ ગુમાવીને પોતાની અધોગતિ કરે છે:—

(૧૩) બીજો તે પ્રતિ આવવુંજી,
આપ મતે અનુમાન.
આગમને અનુમાનથીજી,
સાચું લહે સુજ્ઞાન.
—મનમોહન

ભાવાર્થ:—જે જીવન સ્વચ્છંદ અને મતિ કલ્પનાથી અનુમાન કરીને સન્માર્ગનો વિચાર કરવા તથા શોધવા નિશ્ચય કરે છે તે પરમાર્થ તત્ત્વને પામી શકતો નથી; પરંતુ જે પુરુષ સ્વચ્છંદ, પ્રતિબંધ અને મતાગ્રહને દૂર કરીને સત્પુરુષની આજ્ઞા તથા આગમના અનુસારે સન્માર્ગનો વિચાર, શોધ તથા નિશ્ચય કરે છે તે જ પરમ તત્ત્વને પામી શકે છે.

પ્રત્યક્ષ સદ્‌ગુરુ યોગથી,
સ્વચ્છંદ તે રોકાય,
અન્ય ઉપાય કર્યા થકી,
પ્રાયે બમણો થાય.

જેમ અનુભવી વૈદની સંમતિ અને પથ્ય સેવન વિના જો રોગી પોતાની મતિકલ્પનાથી રોગનું નિદાન કરવા જાય તો રોગ નાબુદ થવાને બદલે ઊલટો વધી જાય છે તેમ મુમુક્ષુ આત્મા પણ પ્રત્યક્ષ સદ્‌ગુરુની આજ્ઞા પ્રમાણે વર્તીને જો સ્વચ્છંદને રોકે તો પરમાર્થ માર્ગ પામવા શક્તિવાન થાય છે—તે વિના બીજા અનેક ઉપાયો કર્યા છતાં પણ તત્ત્વજ્ઞાન મેળવી શકતો નથી પરંતુ ઊલટું અજ્ઞાનની વૃદ્ધિ કરે છે.

(૧૪) નહિ સર્વજ્ઞ જુજુઆજી,
તેહના જે વળી દાસ,
ભક્તિ દેવની પણ કહીજી
ચિત્રાઅચિત્ર પ્રકાશ.
—મનમોહન

(૧૫) દેવ સંસારી અનેક છેજી,
તેહની ભક્તિ વિચિત્ર,
એક રાગ પર દ્વેષથીજી,
એક મુક્તિની અચિત્ર
—મનમોહન

ભાવાર્થ:—જે સન્માર્ગનો સાચો ઉપાસક હોય તે વિચારક આત્માર્થી જીવને એ વાતની સુદૃઢ રીતે પ્રતીતિ હોય છે કે સો શાણાનો એક મત અને એક અજ્ઞાનીના સો મત—એ ન્યાયે અનંતકાલ થયાં અનંત કેવળી તથા અનંત તીર્થંકરો થઈ ગયા તેઓ સર્વે એક જ સ્વરૂપે હતા જો કે તેઓ દેહરૂપે જુદા જુદા હતા, પણ અનંત જ્ઞાને, અનંત અનુભવે અને અનંત આગમરૂપે (તત્ત્વબોધ સ્વરૂપ) તો એક જ સ્વરૂપે હતા. અને સંપૂર્ણ રીતે અવિતથ્ય (સત્યવાદી) હતા. તેમના દર્શાવેલા વીતરાગ માર્ગનું તાત્ત્વિક દૃષ્ટિએ આરાધન કરનારા તેમના ભક્તો વીતરાગ ભાવે જ તેમની ભક્તિ કરે છે—શાસ્ત્રમાં ચિત્ર અને વિચિત્ર એમ ભક્તિના બે પ્રકાર કહ્યા છે અને તે બન્ને ભેદોના અંતરભેદો તો અનેક પ્રકારે દર્શાવ્યા છે.

જેઓ વીતરાગભાવ તથા વીતરાગસ્વરૂપને પણ પામ્યા નથી છતાં પોતાને અહંકારભાવે હું જ્ઞાની છું, દેવસ્વરૂપ છું, પરબ્રહ્મ છું, સમકિતી છું, પૂજનીય છું. એમ માનીને દેવપણાનો વા ગુરુપણાનો દાવો કરનારા અનેક શુષ્ક જ્ઞાની (અજ્ઞાનીઓ) પડેલા છે તેમના તરફ સહાનુભૂતિ (રાગ)થી, દ્વેષથી, દેખા-

દેખાથી, કે ભયથી ભક્તિ કરે છે તેને વિચિત્ર ભક્તિ કહે છે. આવી ભક્તિ ગમે તેવા વિધિપૂર્વક કે વિચારપૂર્વક હોય તોપણ તેનું પરિણમન સંસાર વૃદ્ધિ જ છે.

કર્માવરણથી સર્વથા મુક્ત થઈને, કેવળજ્ઞાન પ્રાપ્ત કરનાર, વીતરાગદેવ અથવા કર્મબંધનથી મુક્ત થઈને જેમણે ક્ષાયિક સમકિત મેળવ્યું છે એવા વીતરાગ ગુરૂની અનન્ય પ્રેમ, અડગ શ્રદ્ધા, નિઃશંકતા, અને નિષ્કામપણે જે ભક્તિ કરવી તેને અચિત્ર ભક્તિ (ભેદ-કલ્પના અને શંકા રહિત) કહે છે કે જેનાથી મોક્ષની પ્રાપ્તિ થાય છે.

(૧૬) ઇંદ્રીયાર્થ ગત બુદ્ધિ છે જી,
જ્ઞાન છે આતમ હેત,
અસંમોહ શુભ કૃતિ ગુણેજી,
તેણે ફળ ભેદ સંકેત.

—મનમોહન

ભાવાર્થ:—અચિત્ર અને વિચિત્ર એમ બે પ્રકારની ભક્તિ છે તે અનેક પ્રકારનાં ફળોને આપે છે. જેમ બુદ્ધિના અનેક પ્રકારો છે તેમ ભક્તિનાં ફળો પણ અનેક પ્રકારે મળે છે—જેમ વાસનાસક્ત બુદ્ધિ ઇંદ્રિયોના વિષયોમાં જ અટવાઈ જાય છે અર્થાત વિષયો સુધી જ પહોંચે છે, જ્ઞાનપ્રાપ્તિ માટે પ્રયત્નશીલ બનતી નથી કોઈની બુદ્ધિ આગમના રહસ્યને જાણવા સુધી જાય છે અને કોઈની બુદ્ધિ, તૃષ્ણા—મમતા—તથા મોહાદિનાં બંધનોથી મુક્ત થઈને—નિર્મોહી બનીને જીવનની વિશુદ્ધિ કરનાર આંતરિક ગુણો પ્રાપ્ત કરવા સુધી પહોંચે છે. તેજ પ્રમાણે કોઈની ભક્તિ લોક રંજન કરવા માટે, કોઈનો હું ભક્ત છું એવો અભિમાન પોષવાને માટે, કોઈનો સ્વાર્થ સાધવા માટે થાય છે અને આત્માર્થી જીવનની નિષ્કામ ભક્તિ પરમ કલ્યાણકારી પરમાર્થ માર્ગ સુધી લઈ જનારી થાય છે.

(૧૭) આદર ક્રિયા રતિ ઘણીજી,
વિઘ્ન ટળે મિલે લચ્છી,
જીજ્ઞાસા બુદ્ધ સેવનાજી,
શુભ કૃતિ ચિન્હ પ્રત્યચ્છિ,

—મનમોહન

ભાવાર્થ:—શુભ કૃતિ એટલે અંતર જીવનનો વિકાસ - તે વિકાસ જે આત્માર્થી જીવને થયો હોય તેનાં લક્ષણો દર્શાવે છે.

વિધિપૂર્વક, હેતુપૂર્વક, લક્ષપૂર્વક, અને આત્મોપયોગ પૂર્વક શુદ્ધ ક્રિયા એટલે સ. દર્શન જ્ઞાન સહિત વિશુદ્ધ ચારિત્રમાં અતિ આદર, ઉદ્યમ અને સતત જાગૃતિ રહે તે—અર્થાત વિષય, કષાય, પ્રમાદ અને અજ્ઞાનથી મુક્ત થઈને આત્મસ્વરૂપની રમણતા તથા સ્થિરતામાં સુદ્રઢ રહે, નિષ્કામવૃતિથી સત્પુરૂષના ચરણ કમળની અનન્ય ભક્તિથી ઉપાસના કરીને પરમાર્થ માર્ગ આરાધવાની દ્રઢ જીજ્ઞાસાથી પરમ તત્ત્વજ્ઞાન પામવાને શક્તિમાન થાય તેને શુભ કૃતિનાં લક્ષણો કહે છે.

(૧૮) બુદ્ધિ ક્રિયા ભવ ફળ દીયેજી,
જ્ઞાન ક્રિયા શિવ અંગ,
અસંમોહ કિરિયા દીયેજી,
શીઘ્ર મુક્તિ ફળ અંગ.

—મનમોહન

ભાવાર્થ:—આ ગાથામાં બાહ્ય તથા અભ્યંતર ક્રિયાઓના ફળો દર્શાવે છે. જે પુરૂષ ગમે તેવી ઉત્કૃષ્ટ શુભ ક્રિયાઓ કરતો હોય પણ જો તે બહિરાત્માભાવે ઇંદ્રિયોના વિષયોમાં આસક્ત થઈને કરતો હોય, તો તેનું ફળ સંસારવૃદ્ધિ જ છે. જે જીજ્ઞાસુ આત્મા જ્ઞાનપૂર્વક (આત્માના શુદ્ધોપયોગ પૂર્વક) ક્રિયા કરતો હોય તો તેનું ફળ મોક્ષ છે કેમકે જ્ઞાન ક્રિયાભ્યાં મોક્ષ! એટલે જ્ઞાન એટલે સ્વ સ્વરૂપની રમણતા, અને ક્રિયા એટલે સ્વ સ્વરૂપની સ્થિરતા, આવી જ્ઞાન—ક્રિયાથી જ મોક્ષની પ્રાપ્તિ થાય છે, જેથી જ્ઞાનપૂર્વક અસંમોહ એટલે મૂર્છા

ભાવનાથી મુક્ત થઇને નિર્મોહીપણે વિશુદ્ધ ચારિત્ર પામનારને મોક્ષ મળે છે.

જ્ઞાનનું ફળ વિરતિ છે—વિરતિ એટલે મતાગત ચારિત્ર મોહનીયનો અબધકભાવે ક્ષય કરવો તે, વિરતિનું ફળ સંવર—એટલે નવા બંધાતા કર્મોનો અટકાવ; સંવરનું ફળ, ક્રિયા નિવૃત્તિ એટલે આત્માના સમ્યગ્ જ્ઞાન, દર્શન, ચારિત્રાદિ ગુણોનું આવરણીય કરનાર જે કર્મબંધન તેનાથી મુક્ત થવું તે, એ ક્રિયા નિવૃત્તિથી સર્વ કર્મથી રહિત થઇને અયોગીપણાની પ્રાપ્તિ થાય છે.

(૧૯) પુદ્ગલ રચના કારમીજી,
તિહાં જસ ચિત ન લીન,
એહ માર્ગ તે શિવ તણોજી,
ભેદ લહે જગ દીન.

—મનમોહન

ભાવાર્થ:—જેમ દુકાનનો નોકર માલનું વેચાણ કરતી વખતે ગ્રાહકોને અમારી દુકાનનો માલ સારો છે એમ સુંદર વાણીથી સમજાવે છે છતા શેઠની જેમ તેને દુકાન તરફ મમત્વભાવ કે આસક્તિભાવ નથી જેમ બાળક ધૂળનું ઘર બનાવીને રમતો રમતો ક્ષણવારમાં જ તે ઘરને ભાગી નાખે છે તેથી તેને તે ઘરમા મૂર્છાભાવ નથી, જેમ ધાવમાતા બાળકને પ્રેમના મધુરા વચનોથી હુલરાવીને ખવરાવે છે, છતાં તેને બાળક ઉપર જનેતાની જેમ તદા સક્તપણુ નથી તેમ આ આત્માર્થી જીવને તીવ્ર વૈરાગ્ય, ભક્તિ તથા પરમાત્મ સ્વરૂપના ચિંતવનમા તલ્લીન થઈ જવાથી તે પુદ્ગલભાવે કારમો એટલે નિર્માલ્ય—અસાર જાણીને તેમા તદાસક્ત ન થતા તેનાથી ઉદાસીન રહીને મોક્ષ માર્ગનુ સરળતા દ્રઢતા તથા અભિન્નતાથી સેવન કરે છે કેમકે આત્માર્થી જીવ વિચારશીલ અને વિવેકી હોય છે તેથી તે સારી રીતે સમજી શકે છે.—એમ મહાત્મા લખે છે કે—

લિંગ ભેદો અને જે વ્રતનારે,
તે તો દ્રવ્ય કાલાદિ ભેદ,
પણ જ્ઞાનાદિની જે શુદ્ધતા રે,
તે તો ત્રણ કાલે અભેદ.
મૂળ મારગ સાંભળો જીનનો રે.

(૨૦) શિષ્ય ભણી જીન દેશનાજી,
કહે જન પરિણતિ ભિન્ન,
કહે મુનિની નય દેશનાજી,
પરમારથથી અભિન્ન

—મનમોહન

ભાવાર્થ:—જેમ વરસાદનું પાણી સમાનભાવે વરસે છે છતાં પાત્રના માપની અને સ્થિતિની ભિન્નતાથી ભિન્ન ભિન્ન ભાવે પરિણમે છે. તેજ પ્રમાણે શ્રી જીન ભગવાન સહજ સ્વરૂપે સમાનભાવે દેશના આપે છે, પરંતુ તે દેશના સાંભળનાર સાધક આત્માઓની જેટલી જેટલી ક્ષયોપશમની શક્તિ અને લાયકાત હોય તેટલીજ પ્રમાણમાં તે બોધ પરિણમે છે તેમજ પરમ તત્વજ્ઞાન પ્રકાશક શ્રી સદ્ગુરુદેવ પણ પોતાના ક્ષયોપશમિક જ્ઞાનની તારતમ્યતાને લઇને જુદા જુદા નયોની અપેક્ષાએ જીજ્ઞાસુ જીવોને સન્માર્ગ સાધવા માટે જે જે સદુપદેશ આપે છે, તે તે બોધ સાંભળનારા જીજ્ઞાસુ જીવની ક્ષયોપશમિક શક્તિ તથા લાયકાત પ્રમાણે ભિન્ન ભિન્ન રૂપે, ન્યૂનાધિકપણે પરિણમે છે છતા શ્રી જીનેશ્વરનો યા સાધુજનનો બોધ સમ્યગ્ જ્ઞાન, દર્શન, ચારિત્રની પ્રાપ્તિમાં પરમ સહાયક હોવાથી તાત્વિક દ્રષ્ટિએ તે સદબોધ એકજ સ્વરૂપ છે. અર્થાત અભિન્ન છે

(૨૧) શબ્દભેદ ઝઘડો કિસ્યોજી,
પરમારથ જો એક,
કહો ગંગા, કહો સુરનદીજી,
વસ્તુ ફરે નહિ છેક.

—મનમોહન

ભાવાર્થ:—જેમ પોતપોતાની શક્તિના અનુસારે મળેલ હાથી, ઉંટ કે ઘોડા, ગાડું વિગેરે વાહનો દ્વારા એક જ શહેર તરફ મુસાફરી કરનારા મુસાફરોને જો તે શહેરનો લક્ષ ભૂલાયો ન હોય તો પછી વાહનોની ભિન્નતામાં મુંઝાઈને ઝઘડો કરવાની કાંઈ જરૂર જ રહેતી નથી. તેમ પરમાર્થ માર્ગ પામવાની પ્રબળ જીજ્ઞાસાવાળા આત્માર્થી જીવને પરમાર્થ તરફ જ લક્ષ છે તો કોઈપણ દર્શનોના નામભેદને લઈને વા સાધનભેદને લઈને ઝઘડો કરવાની જરૂર જ રહેતી નથી જેનું ધ્યેય એક જ પરમાર્થ જ છે તેને કદાગ્રહોના ઝગડામાં પડવાની જરૂર જ ન હોય-ગંગા નદીને કોઈ સુરનદી–ગંગા કે જાન્હવી કહે છતાં નામભેદથી કે શબ્દભેદથી તેની જુદાઈ થતી જ નથી. તે તો એક જ સ્વરૂપે છે તેમ સરલતા તથા મધ્યસ્થતા પૂર્વક પરમાર્થનો લક્ષ રાખીને જે સેવન કરે છે તે જ ધ્યેયને (પરમાર્થ તત્ત્વને) સુગમતાથી પામી શકે છે.

(૨૨) ધર્મ ક્ષમાદિક પણ મિટેજી,
પ્રગટે ધર્મ સંન્યાસ,
તો ઝગડા-ઝંઝર તણોજી,
મુનિને કવણ અભ્યાસ.

—મનમોહન

ભાવાર્થ:—ભાષ.તરકારે ક્ષમાદિક ધર્મ મિટે, એટલે ક્ષયોપશમભાવે ઉત્પન્ન થયેલા ક્ષમાદિ ગુણો ન રહે. આ પ્રમાણે શબ્દાર્થ કરીને આશયને ગુંચવણમા નાખી દીધો છે. જ્યારે આ દૃષ્ટિમાં ક્ષમાદિ ધર્મો ક્ષયોપક્ષમિક ભાવે ન હોય ત્યારે શું ક્ષાયિક ભાવે હોય? આ ચોથી દૃષ્ટિ સમ્યકત્વની સાધક દૃષ્ટિ છે પણ સાધ્ય પ્રાપ્ત થયેલી દૃષ્ટિ નથી. તેથી આ દૃષ્ટિમાં સમ્યકત્વ થયા પહેલાં ક્ષાયકભાવ તો હોય જ નહિ. એટલે સમ્યકત્વ થયા પહેલાં ક્ષયોપશમભાવથી ઉત્પન્ન થતા ક્ષમાદિ ગુણો મટી જાય તો જીવનની શૂન્યતા જ થઈ જાય. અર્થાત્ સાધ્ય પ્રાપ્ત થયા પહેલાં જ જો સાધનો છૂટી જાય તો જીવન શૂન્ય જ બની જાય. માટે આ ગાથાનો અર્થ આધ્યાત્મિક દૃષ્ટિએ જ વિચારવા યોગ્ય છે.

ક્ષમાદિ સાધનોને ધર્મ માનવાની જે ભ્રાંતિ હતી તે સમ્યકત્વજ્ઞાન પામવાની નજીક આવવાથી અને વિવેકશક્તિ જાગૃત થવાથી નાશ પામે છે અને ધર્મ સંન્યાસ એટલે પરભાવથી નિવૃત થઈને સ્વ-સ્વભાવમાં આત્માને સમ્યક્ પ્રકારે સ્થાપન કરવો તે પ્રગટ થાય છે તેથી સ્વસ્વરૂપની પ્રાપ્તિ કરનાર મુનિને મતભેદ કે કદાગ્રહના ઝગડાઓની ઝંઝટ (ઉપાધિ), હોય જ નહીં એ તો મહાન યોગી આનંદઘનજી મહારાજ દર્શાવે છે, તેમ

આપ સ્વભાવમાં રે અવધૂ સદા મગનમેં રહેના.

એ કહેવત પ્રમાણે સદાયે મગ્ન રહે છે.

(૨૩) અભિનિવેશ સઘળો ત્યજીજી,
ચાર લહી જેણે દૃષ્ટિ,
તે લેશે હવે પાંચમીજી,
સુયશ અમૃતઘન વૃષ્ટિ.

—મનમોહન

ભાવાર્થ:— મતાગ્રહ, કદાગ્રહ, લોકસંજ્ઞા અને અભિનિવેશ મિથ્યાત્વથી મુક્ત થઈને, સ્વચ્છંદ, પ્રતિબંધ, તથા અજ્ઞાનનો નાશ કરીને, સદ્‌ગુરુની આજ્ઞા પૂર્વક તીવ્ર ત્યાગ—વૈરાગ્ય—ભક્તિ તથા શ્રદ્ધાથી સન્માર્ગની ઉપાસના કરનાર મુમુક્ષુ આત્મા ચાર દૃષ્ટિઓની સાધન દશાને પામીને સ્વ સ્વરૂપની રમણતારૂપ તથા સુરસરૂપ અમૃતને વરસાવવાને મેઘની વૃષ્ટિ સમાન પાંચમી દૃષ્ટિને અવશ્ય પામે છે.



સ્વરાજ્ય !

(લેખક:—સાહિત્યચંદ્ર બાલચંદ હીરાચંદ માલેગામ)

સ્વરાજ્ય એટલે આપણા તાબે જેટલો પ્રદેશ છે તેની ઉપર આપણીજ હુકમત ચાલે, આપણા હિતની દૃષ્ટિથીજ બધા કાયદાઓ ઘડાય, આપણા વિરુદ્ધ કોઈ કાંઇ પણ ન કરી શકે. આપણા જે શત્રુઓ હોય તેમને જરા જેટલો પણ આશરો આપણા રાજ્યમાં ન મળે અને સાવચેતી પૂર્વક આપણા હિત વિરોધીઓને ચુંટી ચુંટીને દૂર કરવામા આવે એટલેથીજ બધું મંગળ અને સુરાજ્ય બનીજ જાય એમ ન કહેવાય. આપણો નોકર વર્ગ હોય તે બધો આપણીજ આજ્ઞા પાલન કરે. અને કોઈ આપણા હિતની વિરુદ્ધ જનારી ઘટના થઈ જતી હોય તો તેથી આપણને વખતસર સજાગ કરે. આપણું પ્રધાન મંડળ પણ નિર્દોષ હોવું જોઈએ. આપણો નોકર વર્ગ જો લાંચ રૂશ્વત ખાનારો બની જાય તો એવું નામનું સ્વરાજ્ય તો આપણને ખાડામાંજ ઉતારેને !

આપણો મુખ્ય મંત્રી આપણા હિતનીજ વાત આપણને બતાવે. તેમ નહીં કરતા આપણને મૂર્ખ બનાવ્યા કરે તો એવા સ્વરાજ્યથી આપણું કલ્યાણ શી રીતે થશે? આપણા રાજ્યમાં ચોરોને આશરો આપે,' અને આપણા માલ મિલકતની સતત લૂંટજ ચાલુ રાખે ત્યારે 'આપણું' એ સ્વરાજ્ય નકલી જ કહેવાય ને?

આપણે બધુંજ પહેલાથી જાણી ગયેલા અને દરેક બાબતમાં ચેતી 'ગયેલા હોઈએ એ સંભવિત નથી. 'આપણે તો દરેક બાબતમાં પરવશપણે વર્તવાનું હોય,' ત્યારે આપણા મંત્રી અને બીજો અધિકારી વર્ગ જો આપણને અંધારામા રાખી પોતાને જ જે ફાવે તેવું કરતા રહે ત્યારે 'આપણું' પોતાનું રાજ્ય હોય પણ તે શા કામનું? આપણું પોતાનું સ્વરાજ્ય છે, અને આપણું રાજ્યતંત્ર બરાબર ચાલે છે એવા ભ્રમમાં રહીએ ત્યારે તેવા સ્વરાજ્યનું પરિણામ શું આવે? એનું પરિણામ આપણા જાણવામાં આવે ત્યારે તો ઘણું મોડું થઇ ગયેલું હોય ત્યારે આપણે આપણા હાથમાંથી સ્વાતંત્ર્ય ખોઈ બેઠેલા હોઈએ અને ઊલટું બીજાના તાબેદાર થઈ ગયેલા હોઈએ. એવું સ્વરાજ્ય શા કામનું

રાજા પોતે પરાક્રમી નથી અને હંમેશ પારકાની બુદ્ધિથી ચાલનારો છે એવું જ્યારે મંત્રી જાણી જાય છે, ત્યારે મંત્રી પોતાનુંજ તંત્ર ચલાવ્યા કરે એ સ્વાભાવિક છે. એવી અવસ્થામા મંત્રી પોતાના તાબે વર્તતા એવા અવળે માર્ગે દોરી જનારા સેવકોને ઉશ્કેરી મૂકે, અને રાજાને રાજ્ય કારોબારની ગંધ પણ ન આવે એવી વ્યવસ્થા કરી મૂકે અને રાજાને ભ્રમમાંજ રાખી પોતાને તાબે બધું રાજ્ય લઈ અરાજકતાને ઉત્તેજન આપે એ દેખીતું છે. પ્રજા પાસેથી મેળવેલી સંપતિનો ઉપયોગ પોતાના વ્યક્તિગત કાર્યમા લગાડે ત્યારે એને પૂછનાર કોણ?

રાજાને ખાનપાન એશ-અને આરામ ભોગ અને વિલાસમાં, ગાનતાનમાં, ચેન ચાળામા રાખે અને એને પોતાનું શું થઈ રહ્યું છે એની ગંધ પણ ન આવે એવી સ્થિતિમા મૂકીદે ત્યારે રાજા તો પોતાની ધૂનમા દારૂડીઆની પેઠે પોતાની એક જુદીજ દુનિયા બનાવી લ્યે અને બધું સલામત છે એમ સમજી 'હું સુખી છું' એવી ભ્રમણામાં રહ્યા કરે એ સ્પષ્ટ છે.

રાજાને આવી પરવશ સ્થિતિમાં ગોંધી રાખી પ્રજામાં રાજાની નાસ્તિકી ચાલુ રાખે. મંત્રી રાજાની સ્થિતિનું

એવું વર્ણન લોકોમાં ફેલાવે કે, રાજા તો બેઅક્કલ છે. આખો દિવસ સ્ત્રીઓ અને માદક પદાર્થોના સેવનમાં મશગુલ રહે છે, રાજકાર્ય તરફ જોતાજ નથી જેમની પાસેથી કરવેરા ઉઘરાવીએ તેમનું ભલું કરવામાં એ સમજતાજ નથી, અમારે તો તેમની આજ્ઞામાં રહી કામ કરવાનું હોય છે. અમારૂં રાજાની આગળ કાંઈ ચાલતું નથી આવી સ્થિતિમાં પ્રજા હુલ્લડ જગાડે, બંડ પોકારે એ સ્વાભાવિક છે. અને આવા રાજાને ગાદી ઉપરથી ખસેડી અન્ય કોઈને રાજગાદી સોંપે એ બનવા જોગ છે. એટલેજ અમો કહીએ છીએ કે, રાજાએ એટલે આપણે પોતાનું રાજ્ય પોતેજ સંભાળી લેવું જોઈએ. આપણો મંત્રી આપણા હિતમાં રાજ્ય કરે છે કે પોતાનું ચલાવી આપણને ખાડામાં ઉતારે છે એની તકેદારી આપણે રાખવી જોઈએ. આપણો મંત્રી આપણા તાબે છે કે સ્વચ્છંદી છે. આપણા નોકરો આપણા તાબે વર્તે છે કે ઉલટા આપણી ઉપર હુકમત ચલાવે છે એની પૂરી તપાસ આપણે રાખીશું તોજ આપણે સ્વરાજ્ય ભોગવી શકીશું. અન્યથા આપણે આપણાજ નોકરોના ગુલામ થઈ જઈશું. એનો આપણે વિચાર કરવો જોઈએ,

એ બધી આવતી આપત્તિઓ ટાળવા માટે આપણે આપણી બુદ્ધિ ઠેકાણે રાખી વિવેકપૂર્વક કાર્ય કરવું જોઈએ. આપણે જે જે કૃતિ કરીએ છીએ તે આપણને હિત કરનારી છે કે, અહિત કરનારી ? આપણા સેવકો આપણીજ આજ્ઞામાં રહી આપણું કામ કરે છે કે, સ્વચ્છંદપણે પોતપોતાની લાલસા પૂરી કરતા રહ્યા છે ? એની તકેદારી આપણે નહી રાખીએ તો કોણ રાખે ? આપણું પોતાનું કામ તો આપણે પોતેજ કરવું રહ્યું, આપણી જવાબદારી તો આપણા જ માથા ઉપર રહેવાની ! આપણું પોતાનું કામ જો નોકરી કરનારાઓ ઉપર આપણે સોંપીએ અને તેમા કોઈ ભૂલ થઈ જાય તો તેની જવાબદારી આપણાજ માથે આવી પડે ને ! આપણે એવી જવાબદારી ટાળવા બેસીએ તો આપણેજ મૂર્ખ ઠરીએ ! એવી રીતે મૂર્ખ નહીં ઠરવું હોય તો દરેક કાર્ય પોતાની આજ્ઞાનુસાર અને પોતાના માર્ગદર્શન મુજબ થાય છે કે નહીં તેની તપાસ રાખવી જોઈએ.

આપણું જીવન કે સ્વરાજ્ય ન્યાયપૂર્વક અને વિશિષ્ટ ધ્યેયપૂર્વક ચાલ્યું છે કે નહીં, અથવા કેવું ચલાવવું જોઈએ તે જાણી લેવા માટે જેઓ પોતાનું સ્વરાજ્ય સાવધાનીથી યશસ્વી રીતે ચલાવી જગતમાં વખણાઈ ગયા છે, અને જેમનાં નામો ગ્રંથમાં લખાઈ ગયાં છે, અને જેમણે અંતે સ્વરાજ્ય સુખપૂર્વક ભોગવી સામ્રાજ્ય મેળવી લીધું છે એવા મહાત્માઓનો સંપર્ક આપણે સાધવો પડશે. જ્ઞાની ભગવંતોએ એમની કાર્યપદ્ધતિનું વિવરણ ગ્રંથોમાં લખી રાખેલું છે. આપણે તેનો અભ્યાસ કરવો જોઈએ અને તેમની કાર્યપદ્ધતિનું યથાર્થ જ્ઞાન તજજ્ઞ ગુરૂઓ પાસેથી મેળવી લેવું જોઈએ.

સ્વરાજ્યને અરાજકતામાં ફેરવી નાખનારાં કૃત્યો આપણે કરીએ અને આપણો માર્ગ બરાબર છે એમ બોલતા રહીએ એથી કાંઈ સ્વરાજ્ય આપણે મેળવ્યું એમ કહેવું શક્ય નથી.

સ્વરાજ્ય કોનું ? તેનો રાજા કોણ ? અને સ્વરાજ્ય કોના હિત માટે ? એનો જવાબ એવો હોય કે, સ્વરાજ્ય આપણા અચિંત્ય, અવ્યક્ત અજ્ઞેય, અનાદિ અને અનંત એવા આત્મામાટે જોઈએ. અને એ આપણા ચિરંતન આત્મા માટે અને એનાજ હિત માટે એની આપણને જરૂર છે. નહીં કે આપણા વિનાશી એવા એક જન્મના શરીર માટે. નહીં કે આપણી ઇંદ્રિયો માટે ! કારણ એતો હમેશ દ્રવ્ય અને ભાવ મનને વશવર્તી હમેશ એક આંધળાની પેઠે ખાડા કે ખાબોચિયા જોયા વિના જ મોહની ભ્રમણામાં ચાલ્યાજ કરે છે. એઓનો રાજા તો જાણે આપણું સદા ચંચલ રહેતું મન હોય એમ માની તેઓનું વર્તન હોય છે. સાચો રાજા જે આત્મા એની તો તેમને ઓળખાણ પણ હોતી નથી. આપણો રાજા તો આત્મા છે. અને આપણે કુબુદ્ધિ મનની સેવા કરીએ છીએ, એ વસ્તુનું એમને ભાન પણ નથી. ખુદ ઇંદ્રિયોનો પણ નાશ એજ અરાજકતા ચલાવનારૂં મન કરે છે એ સ્પષ્ટ છે. ઇંદ્રિયો પોતે જડ હોવાને કારણે એમને પોતાની સ્થિતિનું જ્ઞાન ક્યાંથી હોય ?

આવું અર્થહીન અને પરવશ રહેલું નામધારી સ્વરાજ્ય આપણે ચલાવી નથી રહ્યા શું ? આપણી ઇંદ્રિયો વાસ્તવિક રીતે આપણી નોકર છે. એઓ આપણું કહ્યું કરે છે કે, આપણા સંયમ મનનું અપચન કરે એવા પદાર્થો ખાવા એ આપણા શરીરને અને અંતે આત્માને રોગ આદિ ઉપદ્રવો કરી આપણી પ્રગતિ રૂંધી નાખે તેવા છે. છતાં આપણું સ્વચ્છંદી મન આપણી લાલસાને ઉશ્કેરી મૂકે અને મોઢામાં કોળીઓ મૂકાવે એમાં દોષ કોનો ? અભક્ષ્ય ભક્ષણ કરવામાં દોષ છે. નુકસાન છે. એમ આપણે બોલ્યા કરીએ અને મન નચાવે તેમ નાચી નહીં કરવાનું કર્યા કરીએ એમાં દોષી કોણ ? નહીં સુણવા લાયક બીભત્સ સંગીત સાંભળીએ અને સંભળવા લાયક સંતવાણી સાંભળવા માટે જરીએ ઉત્સુકતા નહીં બતાવીએ એનો દોષ કોના માથે મૂકાય? આપણું મન તો એવા અયોગ્ય કામો કરી તરત ખસી જાય. પણ તેનાં પરીણામો કોને ભોગવવા પડે ! ઇંદ્રિયો તો પ્રત્યક્ષ શરીરધારી આત્માના નોકરો છે પણ એજ નોકરો આપણા વાંદરા જેવા વિચિત્ર મનનેજ માલેક સમજી તેની આજ્ઞા પાલન કરે અને સાચો માલેક જે આત્મા તેની ઉપેક્ષાજ કરી મૂકે એ કેવો ન્યાય ? છતાં આપણે એને જ સ્વરાજ્ય ગણી બેસીએ એ કેવી દશા ! વાહરે સ્વરાજ્ય ! આપણે આપણા સર્વસ્વના માલેક છીએ એવી ડંફાસ શા કારણે હાંકો છો ?

કામ, ક્રોધ, માયા, લોભ, અહંકાર, ઈર્ષ્યા, મોહ, રાગ, દ્વેષ એ બધા તમારા વિશુદ્ધ અને નિર્વિકાર એવા સ્વરાજ્ય ભોગવતા આત્માના શત્રુઓ છે એ વસ્તુની શું તમને ખબર નથી ? તમારા સ્વરાજ્યમાં એ બધાઓ નિત્ય નવા તરકટો રચી ધીંગાણું કરી રહ્યા છે એ શું તમે નથી જોઈ શકતા ? યોગીએ રાજ્ય-કર્તા થઈ તમને એક ખાસલા જેવા કરી મૂક્યા છે એ સમજ તમને ક્યારે આવશે ?

આવું પોલં પોલ સ્વરાજ્ય તમારું શ્રેય શી રીતે કરી શકશે ? તમારો સાચો હિતશત્રુ હોય તો તે તમારું મન જ છે. એ ઓળખી લ્યો. તે મન ઉપર તમારો

સમાજસેવાનો માર્ગ

લેખકઃ આલ્બર્ટ સ્વીત્ઝ

(શાંતિ માટે નોબલ પારિતોષિક મેળવનાર આ યુગના એક વિખ્યાત મનીષિના આપણને સહુને સ્પર્શતા ઉદ્ગારો)

'કરવાનું તો ઘણુંય મન છે, લોકસેવા માટે મન માં ખૂબ ઝંખના રહ્યા કરે છે, પણ શું કરું ? માણ પોતાના જ કામનો એવો બોજો માથે છે કે દમ લેવા-નોય વખત મળતો નથી અને કામમાંથી એવી ફુરસદ પણ ક્યાં મળે છે કે બીજા માટે કાંઈક કરી શકાય' આવાં આવાં વચનો લોકોનાં મ્હોંએ આપણે અવાર નવાર સાંભળીએ છીએ અને એમની આ અસહાયતા સમજીને એમની તરફ સહાનુભૂતિ દાખવીએ છીએ પણ હકીકતમાં એ લોકો શું સાચે જ સહાનુભૂતિને પાત્ર હોય છે ? ખરેખર જ કામનો બોજો શું માણસ ને માથે એટલો બધો હોય છે કે તે સેવા કરવાની જરાય તક જ ન આપે?

હું એવું નથી માનતો. કોઈપણ માણસ એટલો રોકાયેલો તો નથી જ હોતો કે આખા દિવસમાં, કંઈ નહિ તો છેવટે એક માણસને પણ મદદ ન કરી શકે. રોજ રોજ એવા અનેક પ્રસંગો આપણી સામે ખડા થાય છે, જેમાં આપણે સમાજસેવાનું કંઈક કામ કરી શકીએ. સમાજસેવાનાં આ કામો માટે કોઈ વિશેષ સમય આપવાની જરૂર પડતી નથી કે કશી માથાકૂટ કરવાની પણ જરૂર પડતી નથી. જરૂર છે માત્ર એ પૂરતી ઇચ્છાની.

હાર્દિક પ્રસન્નતા

ધારો કે તમે કોઈક જરૂરના કામે જાઓ છો

ઉમેદો કરો. તો જ તમારું હિત સધાય તેમ છે. એ મનને તાબે કરી તમારું પોતાનું હિત સાધવું એ ઘણું મુશ્કેલ કાર્ય થઈ પડ્યું છે. પણ તેને તાબે કર્યા વિના ચાલે તેમ નથી. માટે ધીમે પણ મક્કમપણે એ કામ અત્યારે જ તમારે ચાલુ કરવું પડશે. હિંમત હારવાથી કાર્ય સધાશે નહીં. कार्यं वा साधयेत् देहं वा पातयेत् અને જય તો તમારો જ છે !

કોઇએ માર્ગમાં તમને પૂછ્યું કે ઇરિપતાલ અથવા સ્ટેશનનો રસ્તો કયો છે. તમે કશી વધારાની મહેનત વિના એને મદદ કરી શકો છો. રસ્તામાં કોઇ વ્યક્તિ પોતાનો બોજ ઉપાડાવવા માટે કોઇ મદદ કરનારની રાહ જોતી હોય ત્યારે તમે એને મદદ કરી શકો છો. એના બોજને ટેકો દઇ માથે ચડાવી શકો છો. કોઇ માણસને ટિકિટ ખરીદવામા થોડાક પૈસા ખૂટતા હોય તો તમે એને કામ આવી શકો છો. આવી જાતની કેટલીય તકો આપણે માટે ડગલે ને પગલે રાહ જોતી હોય છે. પણ આપણે એને કશું મહત્ત્વ ન આપતાં, સમાજસેવાના એવા કામ ભણી નજર માંડીએ છીએ જેને માટે કદીક આપણી પાસે સમય નથી હોતો, કદીક એ માટે જરૂરી પૈસા નથી હોતા કે કદીક એ માટે આવશ્યક એવી આવડત ને કુશળતા નથી હોતા.

કોઈ માણસને તમે નાની શી મદદ કરો અને જુઓ તમને કેટલો આનંદ થાય છે! તમે તમારી પોતાની જ નજરમા કેટલા ઊંચા બની જાઓ છો આ હાર્દિક પ્રસન્નતા અનિર્વચનીઓ હોય છે અને પૈસાથી કે ધનદોલતથી એનું મૂલ્ય આંકી શકાતું નથી. આ નાના નાના કામો તમારે માટે આનંદની સૃષ્ટિ રચી દે છે. જેને તમે મદદ કરો તેને માટે વરદાન જેવા સિદ્ધ થાય છે અને એ ઉપરાંત એક મોટું કામ એ થાય છે કે તમે સમાજનું તેમ જ રાષ્ટ્રનું ચારિત્ર્ય પણ ઉન્નત કરો છો, ને સાથે તમારું પોતાનું પણ.

ચારિત્ર્ય—ઉત્કૃષ્ટતાની ન ભૂંસાય તેવી છાપ

અહીં ભારતની એક એવી જ સમાજસેવા સંબધી ઘટનાનો ઉલ્લેખ કરીશ. જેણે ભારતીય ચારિત્ર્યની ઉત્કૃષ્ટતાની એક ન ભુંસાય તેવી છાપ અન્ય દેશવાસીઓનાં મન પર પાડી છે. એ વખતે ભારતમાં અંગ્રેજી શાસન હતું. પણ ભારતની લેજિસ્લેટિવ કાઉન્સિલના અધ્યક્ષ શ્રી વિઠ્ઠલભાઈ પટેલ એક ભારતીય હતા. એક દિવસ એક અંગ્રેજ દંપતી કાઉન્સિલ જોવા ગયા, પણ અજાણ્યાં હોવાને કારણે તેઓ કંઈક મુંઝવણ અને હેરાનગતિ અનુભવી રહ્યાં હતાં એક સીધા સાદા ભારતવાસીએ એમની આ મુંઝવણ ઓળખી અને પોતાની સાથે તેમને લઈ જઈને બધું બતાવ્યું. બીજે દિવસે, એ દંપતીએ પ્રેક્ષકોની ગેલેરીમાંથી જોયું તો એ જ ભારતીય જુવાન કાઉન્સિલના અધ્યક્ષસ્થાને બિરાજમાન હતો. આ ઘટનાએ તેમના પર કેવો ઊંડો પ્રભાવ પાડયો હશે ?

વસ્તુતઃ લોકસેવાની જેમને સાચેસાચ ઈચ્છા હોય છે તેમનામાં અહંકાર નથી હોતો અને જેમનામાં અહંકાર હોય તે સાચો લોકસેવક બની શકતો નથી. આજે આપણને જે સ્થિતિ દેખાય છે—ખાસ કરીને શહેરોમાં—તેમાં સમાજસેવા જેવી કોઇ ભાવનાનું દર્શન થતું નથી. કહેવા ખાતર તો બધા જ લોકો પોતાને સમાજસેવક કે સમાજસેવાના ચાહક કહેવડાવે છે. પણ હકીકતમાં સમાજસેવા એટલે શું તેની તેમને ખબર નથી હોતી. એનું એક મુખ્ય કારણ એ છે કે તેમની આંખો ઉપર અહંકારનું આવરણ છવાયેલું હોય છે. એક ઉજળાં કપડાં પહેરેલો માણુસ, કોઈ ગરીબની વસ્તુઓ રસ્તામા વેરાઇ જાય ત્યારે એને એકઠી કરવામાં એને મદદ કરતો નથી. પણ પોતાની બરોબરીના અથવા પોતાનાથી ઉચ્ચ વર્ગના લોકોના સંબંધમાં આવી ઘટના બને તો તે તરત મદદ કરવા તૈયાર થઇ જાય છે. આ દૃષ્ટિકોણ સમાજસેવાના મૂળ ઉદ્દેશ પર પ્રહાર કરનારો હોય છે.

સમાજસેવાનો અધ્યાત્મ સાથે સંબંધ

સમાજસેવાનો સંબંધ અધ્યાત્મ સાથે છે, નિઃસ્વાર્થ ભાવથી બીજાની સેવા કરવામાં જે આત્મસંતોષ મળે છે, તે વ્યક્તિનો આધ્યાત્મિક વિકાસ કરે છે. એ વાત તો સ્પષ્ટ જ છે કે જે લોકો ભેદભાવની નીતિ રાખે છે, તેમના હૃદયની કલુષિતતા નાશ પામતી નથી અને તેઓ પૂર્ણ આધ્યાત્મિક ઉન્નતિથી વંચિત રહી જાય છે. આથી જ કહેવાય છે કે સાચા હૃદયથી કરવામા આવેલી એક ક્ષણની સમાજસેવાનું મહત્ત્વ, બે મહિના સુધી કોઇએ કરેલી સમાજસેવાથી જરા યે ઉતરતું નથી. કારણ કે તેનાથી જેટલું થાય તેટલું ઓછું કે વધારે કામ તેણે કર્યું પણ હૃદયની શુદ્ધતા તો બંનેમા ઓછું કરનારમા તેમજ વધારે કરનામા એક સરખી જ રહી. આથી ઊલટું, દેખાવ ખાતર કરવામા આવેલી સમાજસેવાનું કશું જ મહત્ત્વ હોતું નથી. પછી ભલે તે વર્ષો સુધી કરવામાં આવે. કારણ કે તેમાં ત્યાગ તથા લોકોપકારની ભાવના નિઃસ્વાર્થતાના માર્ગ પર ગતિ કરતી નથી. ક્રમશઃ

ઉદ્‌ઘાટન સમારંભ

શ્રી ભાવનગર જૈન શ્વે૦ તથા સંઘ સંચાલિત શ્રી આણંદજી પરસોતમ સાર્વજનિક દવાખાના સાથે જોડાયેલ. શ્રી દુર્લભજી મૂળચંદ પેથોલોજી વિભાગનું ઉદ્‌ઘાટન. તા–૬–૫–૬૨ ના શ્રી મનુભાઈ ગુલાબચંદ કાપડીયાના હસ્તે થયું હતું આ અંગે એક સમારંભ શ્રી કૃષ્ણકુમારસિંહજી ટાઉન હોલમાં યોજાયો હતો. તેનું પ્રમુખસ્થાન શ્રી જગુભાઈ પરીખે લીધું હતું, આ સમારંભમાં માનનીય ગૃહપ્રધાન શ્રી રસિકભાઈ પરીખે પણ હાજરી આપી હતી.

શરૂઆતમાં દવાખાનાના ટ્રસ્ટી શ્રી ભોગીલાલ મગનલાલ શાહે દવાખાનાની વિગતો રજુ કરી ભવિષ્યમાં જનતાના સહકારથી વધુ વિકસાવવાની આશા વ્યક્ત કરી હતી. ત્યારબાદ શ્રી શાન્તિલાલ જ. દોશીએ દવાખાનાનો ટુંક અહેવાલ રજુ કર્યો હતો. અને મધ્યમ વર્ગને વધુ ને વધુ ઉપયોગી સંચાલક સમિતિ અને ટ્રસ્ટીઓનો આશય છે એ વાત તરફ લક્ષ ખેંચ્યું હતું. ત્યાર બાદ શ્રી ખાંતિચંદભાઈ વકીલે પેથોલોજી વિભાગ માટે દાન આપનાર શ્રી દુર્લભજી મૂળચંદના સુપુત્રોનો પરિચય આપી દાન આપવા માટે અભિનંદન આપ્યા હતા, અને ઉદ્‌ઘાટન કરનાર શ્રી મનુભાઈ કાપડીયાનો પરિચય આપતા શ્રી આણંદજી પરશોત્તમના કુટુંબે કરેલી સેવાઓનો ઉલ્લેખ કર્યો હતો. આ સંસ્થાના ભાવિ વિકાસ માટે પણ સૌનો સહકાર માગ્યો હતો, પછી દાતા શ્રીલખમીચંદ ભાઈએ આવા કાર્યો કરવાની વધુ તક મળે એવી ભાવના વ્યક્ત કરી હતી શ્રી સંઘના ઉપપ્રમુખ શ્રી ખીમચંદભાઈએ સંસ્થાના ટ્રસ્ટીઓ સંચાલક સમિતિને પ્રેરણા આપતા શબ્દો કહી જૈન સમાજને આવા શુભ કાર્યમાં સહકાર આપવા વિનંતિ કરી હતી

ત્યાર પછી શ્રી મનુભાઈ કાપડીયાએ પેથોલોજી વિભાગનું ઉદ્‌ઘાટન જાહેર કરતા જૈન સમાજને માંગી રાહત અને શિક્ષણ ક્ષેત્ર તરફ વધારે ધ્યાન આપવાની જરૂરીઆત ઉપર ભાર મુકી વધારે વ્યવસ્થિત રીતે ધન આપવા અપીલ કરી હતી અને સંસ્થાના ડોક્ટર સાહેબને જનતાની ચાહના મેળવવા બદલ અભિનંદન આપ્યા હતા, ત્યાર પછી પ્રમુખશ્રીએ શ્રી મનુભાઈના શબ્દો ઉપર લક્ષ આપવા જણાવ્યું હતું અને સંચાલક સમિતિ ટ્રસ્ટીઓને દવાખાનું વિકસાવવામાં સહકાર આપવા જનતાને જણાવ્યું હતું.

પ્રમુખશ્રીના પ્રવચન દરમીયાન ગુજરાત રાજ્યના માનનીય ગૃહપ્રધાનશ્રી આવી પહોંચ્યા હતા. તેમણે શ્રી જગુભાઈની વિનંતીથી બે મીનીટ પ્રવચન કર્યું હતું. અને સંસ્થા માટે શુભેચ્છાઓ દર્શાવી હતી.

વર્ષિતપ

પ્રસિદ્ધવક્તા મુનિરાજ શ્રી ભુવનવિજયજીની નિશ્રામાં આ સભાના પેટ્રન તથા એક આગેવાન સભ્ય ગૃહસ્થ શ્રી પ્રાણલાલ આંબાલાલના વર્ષિતપના પારણા નિમિત્તે વરતેજમાં એક ભવ્ય મહોત્સવ ઉજવાયો હતો. આ પ્રસંગે અઠ્ઠાઈ-મહોત્સવ પણ કરવામાં આવ્યો હતો તથા પૂજા ભાવના માટે મુંબઈથી સુપ્રસિદ્ધ સંગીતકાર શાંતિલાલ શાહ તથા માસ્તર વસંતને તેડાવવામાં આવ્યા હતા. મહોત્સવની પૂર્ણાહુતિ વખતે ભવ્ય રથયાત્રાનો વરઘોડો ચડાવવામાં આવ્યો હતો અને બહારગામથી પધારેલાં તેમજ ગામના ભાઈઓ બહેનોનું સ્વામિવાત્સલ્ય રાખવામાં આવ્યું હતું

રાષ્ટ્ર

રાષ્ટ્ર એ કંઈ વ્યક્તિઓનો શંભુમેળો નથી. ચિત્ત વ્યાપાર, અને હૃદયનું મિલન વગેરે પર રચાયેલ એ એવો સમાજ છે, રાષ્ટ્ર માટે અને ખાસ કરી આપણા રાષ્ટ્ર માટે જે મહાન ચિરંજીવી વસ્તુઓનું મૂલ્ય છે તે છે જ્ઞાનનાં શિખરો પ્રેમ અને બલિદાન, જે ચાલીસ સદીઓથી આપણને વારસામાં મળતાં આવ્યા છે. આપણા હૃદયમાં જ્યાં સુધી આ મહાન શિખરોનું પ્રતિબિંબ છે ત્યાં સુધી આપણું ભાવિ સલામત છે. કારણ કે પૃથ્વી ડગમગે તોય આ શિખરના પાયા મુદ્દલ ઊઠતા નથી. જેમણે આ દેશને ઘર બનાવ્યો છે તેવા સૌ માટે ભારત સદીઓથી માતા બની રહ્યું છે અને પ્રત્યેક બાળકને મા એની જરૂરિયાત પ્રમાણે સુખ અને આરામ અર્પે છે તેમ ભારતે તેમને બૌદ્ધિક સમૃદ્ધિ અને આધ્યાત્મિક શાતા બક્ષ્યાં છે સૌ વિવિધ છે પણ વિવિધ જ ઐક્યની ભૂમિકાપર જોડાણ પામે છે. લોકશાહીને આપણે રાજકીય વ્યવસ્થા તરીકે જ નહિ પણ એક નૈતિક ભાવના તરીકે સ્વીકારીએ છીએ.

આર્થિક ન્યાય સિવાય સમાનતા ન હોય તે આપણે સ્વીકારીએ છીએ. ભૂતકાળમાં આપણે ભૂલો કરી છે. અને દુઃખી થયા છીએ. હવે એ ભૂલો સુધારવા મથવું જોઈએ. આજનું વિશ્વ ભિન્ન છે. ટેક-નીકલ ક્રાંતિ સાથે આપણે કદમ મીલાવવાના છે. એજ પ્રગતિ છે. સર્વસત્તાધીશ રાષ્ટ્રનું રાજ્ય એ હવે પુરાણી વાત છે. કેંક મૂલ્યો અને આકાંક્ષાઓ સૌની મજિયારી મૂડી બન્યાં છે વિજ્ઞાન અને ટેકનો-લોજીના ચમત્કારો સારીયે માનવજાત માટે સારા અને મુક્ત જીવનની શક્યતા એ ઊભી કરે છે. આપણે એક એવો વિશ્વ સમાજ રચીએ કે જે રાષ્ટ્રીય મૂલ્યોની રક્ષા કરે અને વિશ્વ સલામતી જાળવે.

શ્રી રાધાકૃષ્ણન

પ્રકાશક : ખીમચંદ ચાંપશી શાહ, શ્રી જૈન આત્માનંદ સભાવતી
મુદ્રક : હરિલાલ દેવચંદ શેઠ, આનંદ પ્રિન્ટીંગ પ્રેસ-ભાવનગર.

શ્રી આત્માનંદ પ્રકાશ

SHRI ATMANAND PRAKASH

સૌંદર્ય

સત્ય સૌંદર્યરૂપે પ્રગટ થાય છે; કારણ સૌંદર્ય જો કેવળ અકસ્માત હોય, વાસ્તવિક જગતના અનંતઃપટમાં એક ચિરાડરૂપ હોય તો તે આપણને કહત અને હકીકતોના પરસ્પર વિરોધને લીધે પોતે પણ પરાજય પામત સૌંદર્ય એ કાંઈ કલ્પના નથી. એમાં વસ્તુનો સનાતન અર્થ રહેલો છે. જે હકીકતો નિરાશા અને વિષાદને પ્રેરે છે તે તો માત્ર ધુમ્મસ છે; અને જ્યારે એ ધુમ્મસને વિદારીને સૌંદર્યની તેજોમૂર્તિ ક્ષણિક દર્શન દે છે ત્યારે આપણને પ્રતીતિ થાય છે કે શાંતિ જ સત્ય છે, સંઘર્ષ નહિ; પ્રેમ જ સત્ય છે, દ્વેષ નહિ અને સત્ય (બ્રહ્મની પેઠે) એક છે; વિચ્છિન્ન અનેક વસ્તુઓનો પુંજ એ સત્ય નથી

સૌંદર્યની સ્ફૂર્તિ પૂર્ણતાનું સૂચન કરે છે; એ પૂર્ણતા પ્રેમની છે. આપણે ઘણા કવિઓને કરુણાથી અને નિરાશાથી એની હાંસી ઉડાવતા જાણ્યા છે, પરંતુ એ તો માંદું બાળક પોતાની માતાને મારતું હોય એના જેવું છે. એ હાંસી શ્રદ્ધાની છે, જે સત્યને આઘાત કરે છે. એમ છતાં એનાં એ દુઃખ અને ક્રોધ (શ્રદ્ધાનું) અસ્તિત્વ પુરવાર (પણ) કરે છે. એ શ્રદ્ધાનું પોતાનું સ્વરૂપ આવું છે : સૌંદર્ય એ એક આત્માએ બીજા આત્મા સમક્ષ કરેલું આત્મનિવેદન છે

સૃષ્ટિની વિશાળ શક્તિઓ પોતાનું સત્ય (સ્વરૂપ) વિરૂપતામાં નહિ, પણ સૌંદર્ય દ્વારા પ્રગટ કરે છે. સૌંદર્ય એ સર્જનહારે પોતાના સર્જનથી પ્રીતિ પામીને એના ઉપર નાખેલી પોતાના હસ્તાક્ષરોની છાપ છે.

રવીન્દ્રનાથ ઠાકુર

૧૭૯૨૩

અનુક્રમણિકા

૧ મૌનનું મહત્વ		૧૧૩
૨ ભક્તિ પરંપરા	સાહિત્યચન્દ્ર બાલચંદ	૧૧૫
૩ પોપટીયું જ્ઞાન	આત્મારામ શર્મા	૧૧૮
૪ અધ્યાત્મજ્ઞાન પ્રસારક મંડળ		૧૨૧
૫ શેઠ શ્રી માણેકલાલ ચુનીલાલનું ભાષણ		૧૨૨
૬ એક પ્રવચન	(શ્રી ફતેચંદભાઈ)	૧૨૪
૭ પુ. ઉમંગસૂરીની સ્વર્ગવાસ નોંધ		૧૨૬
૮ મહાવીર વિદ્યાલય વડોદરા ઉદ્દઘાટન		૧૨૭
૯ સમાલોચના		૧૨૮

આ સભાના નવા માનવંતા આજીવન સભ્યો

(૧) શાહ કુંદનલાલ કાનજીભાઈ — અરૂણ વિદ્યાલય ભાવનગર
(૨) કપાશી નગીનદાસ મેઘજીભાઈ — દાણાપીઠ ભાવનગર

જૈન વિદ્યાર્થીની સ્કોલરશિપ

છેલ્લા માર્ચ માસમાં લેવાયેલ એસ. એસ સી.ની પરીક્ષામાં સૌથી વિશેષ ગુણ પ્રાપ્ત કરનાર અને કોલેજમાં આગળ અભ્યાસ કરનાર શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન વિદ્યાર્થીનીને રૂપિયા અઢીસોની " જૈન લીલાવતી ભોગાભાઈ મોહનલાલ ઝવેરી જૈન સ્કોલરશિપ" આપવામાં આવશે. આ સ્કોલરશિપ એક વિદ્યાર્થીનીને આપવામાં આવે છે. નિયત અરજીપત્રક શ્રી મહાવીર જૈન વિદ્યાલયની ગોવાળિયા ટેંક રોડ મુંબઈ ૨૬ની ઓફીસેથી મળશે. અરજીપત્રક સ્વીકારવાની છેલ્લી તારીખ ૧૫મી જુલાઈ છે.

સ્વીકાર ભેટ

પરમ પૂજ્ય સાધ્વીજીમહારાજશ્રી ચંપાશ્રીજી તથા તારાશ્રીજીના શિષ્ય પૂજ્ય સાધ્વીશ્રીજી મંગળશ્રીજી મહારાજ તરફથી આપણી સભાને એક કબાટ તથા સંસ્કૃત—પ્રાકૃત ૪૭ ગ્રંથો તથા ગુજરાતી પુસ્તકો ૪૪—સભાને ભેટ મળેલ છે તે બદલ સભા તેઓશ્રીનો આભાર માને છે.

સુધારો ગતાંક પૃષ્ઠ ૧૦૧ માં સં. ૧૬૬૨ના બદલે ૧૬૫૨ જોઈએ.

ઉમેરો ગતાંક પૃષ્ઠ ૧૦૩ ઉપર લેખની અંતે નીચે પ્રમાણે ઉમેરવું.

જગદ્ગુરૂ આ હીરવિજયસૂરિ સં. ૧૬૫૨માં ઉનામાં ચોમાસુ હતા. ત્યારે જામનગરના દિવાન અબજી ભણશાલી તેમને વાંદવા ઉના ગયા હતા. તેણે ત્યાં આચાર્યદેવ તથા સાથેના સૌ મુનિવરોની સોનામહોરથી પુજા કરી હતી.

જૈન પરંપરાનો ઇતિહાસ ભાગ ૨ જો પૃ ૭૨૧



વર્ષ ૫૯મું] અશાડ તા. ૭-૭-૬૨ [અંક ૯

ॐ

भद्रं कर्णेभिः शृणुयाम देवाः। भद्रं पश्येमाक्षभिर्यजत्राः।
स्थिरैरङ्गैस्तुष्टुवांसस्तनूभिः। व्यशेम देवहितं यदायुः॥
ॐ शान्तिः शान्तिः शान्तिः॥

મૌનનું મહત્વ

ગ્રીસના વિશ્વવિખ્યાત ફિલસુફ પિથાગોરાસનો એક એવો નિયમ હતો કે પોતાને ત્યાં જે નવો શિષ્ય આવે તેને પહેલાં પાંચ વરસ સુધી એ સંપૂર્ણ મૌન પાળવાની તાલીમ આપતો. તેના આ વિચિત્ર નિયમનું એકવાર કોઈ મિત્રે કારણ પૂછ્યું, ત્યારે પિથાગોરાસે ઉત્તર આપ્યો કે "જે માણસ સતત પાંચ વરસ સુધી મુંગો રહી શકે તેને પછીના જીવનમાં હોઠ બંધ રાખવાની એવી સરસ આદત પડી જાય છે કે ખાસ જરૂર ન હોય ત્યારે એ કદી હોઠ ખોલતો નથી"

શરીરની વિવિધ ઇન્દ્રિયો ઉપર સંયમ કેળવનારા ઘણા માણસો જોવા મળે છે, તેમાં જીભ ઉપર સંયમ રાખનારાઓ બહુ જ ઓછા જોવા મળે છે. જેઓ જીભ પર સંયમ રાખવાનો યત્ન કરે છે તેમાંના ઘણા જીભનું કામ કલમ વડે કરતા હોય છે.

શબ્દો જ્યાં સુધી મ્હોંમાંથી છુટે નહી ત્યાં સુધી એના ઉપરનું સંપૂર્ણ સ્વામિત્વ તમારૂં પોતાનું છે પણ એકવાર શબ્દો મ્હોંમાંથી બહાર નીકળી ગયા પછી તમારા ઉપર એમનું સ્વામિત્વ સ્થપાય છે. ધનુષ્યમાંથી છુટેલા બાણની પાછળ દોડીને તેને પકડી લેવાની શક્તિ મહા બળવાન વીર ભીમસેનમાં હતી એમ કહેવાય છે પરંતુ મ્હોંમાંથી નીકળી ગયેલા શબ્દો અન્યના કાને પડે તે પહેલાં પાછા ખેંચી લેવાની શક્તિ ઈશ્વરે કોઈ પ્રાણીને આપી નથી.

નથી. એને એની લક્ષાધીશની ભૂમિકામાં પણ પોતાની અપૂર્ણતાજ પ્રતીત થાય છે કારણ એના કરતા વધુ ધનિક લોકો એની નજર સામે જણાય છે. તેવો પોતે ક્યારે બને, અને પોતાની અપૂર્ણતા ક્યારે પૂર્ણતામાં પરિણમે એવી ઝંખના એને થયા કરે છે. એ રીતે ગમે તેવી પરિસ્થિતિમાં એ પોતાને અપૂર્ણ જ માનતો રહે છે. એવી પરિસ્થિતિમાં જો અકસ્માત્ જે ધનને પોતાની પૂર્ણતા માટે જરૂરી માનતો હતો તે સંપૂર્ણપણે નષ્ટ થઇ જાય ત્યારે એના દુઃખનો પાર રહેતો નથી. કારણ પોતાની પૂર્ણતા માટે એ દ્રવ્યને જ કારણભૂત માનતો હતો. પણ બહારથી ઓઢેલી જડ વસ્તુ એ પોતાની ન હતી પણ પારકી હતી એની પ્રતીતિ એને થાય છે ત્યારે એને વિચાર થવો જોઇએ કે, હું તો ઝાંઝવાનાં જલને જ સાચું પાણી માની બેઠો હતો, સાચું પાણી તો જુદું જ છે. અને હું તો વગર ફોગટ દોડ્યો અને અંતે થાક્યો, પાણી તો મને મળ્યું જ નહીં. મારી તૃષા શાંત થવાને બદલે ઊલટી વધારે તીવ્ર બની! હું પૂર્ણતા માટે તરફડીઆ મારતો રહ્યો. એ પૂર્ણતા શામાં છે અને તે મેળવવાનાં સાધનો ક્યા છે? અને એ સાધનો કોની પાસે છે? એની મારે તપાસ કરવી જોઇએ.

એકાદ દારૂડિયો હોય છે. એ પોતાને અત્યંત વ્હાલો એવો દારૂ મેળવવામાટે કેવા ધમપછાડા કરે છે, કેવી આતુરતા અને તાલાવેલી સેવે છે એ આપણાથી અજાણી વસ્તુ નથી. એને આપણે અજ્ઞાન જન્ય આસક્તિ કે મોહિની કહીએ. પણ જ્યારે એની મેળવવાની અને પૂર્ણતાની વસ્તુ બદલાઇ એ પરમાત્મા તરફ વળે છે ત્યારે એજ આસક્તિ અને મોહિનીને આપણે ભક્તિનું મનોહર અને સર્વમાન્ય નામ આપીએ છીએ. પૂર્ણતા મેળવવાની તાલાવેલી કે આતુરતા તો એની એજ હોય છે. ફક્ત એના વિષયમાં ફેર પડ્યો હોય છે. જડ અને નિરૂપયોગી તો શું પણ અંતે વિનાશકારી વસ્તુ લુપ્ત થઇ તેની જગ્યાએ પૂર્ણ આનંદસ્વરૂપ ચૈતન્ય આવી ઉભુ રહેલું હોય છે. અવિદ્યા જાય છે. અને આત્મા પોતે જાગૃત થાય છે ત્યારે એને કામ્ય વસ્તુની ઝાંખી થવા લાગે છે. જેને એ પૂર્ણતા માનતો હતો તે પૂર્ણતા ઠગારી પૂર્ણતા હતી. અને સાચી પૂર્ણતાથી આપણને દૂર ને દૂર ધસડી જતી હતી, એવો સાક્ષાત્કાર થતા એનો આસક્તિનો વિષય બદલાઇ તેની જગ્યા ભક્તિનો વિષય ગ્રહણ કરે છે. પણ આત્માની સાથે પરિચિત સંજ્ઞા છે, અપૂર્ણતા એને ખટકે છે તેથીજ ફક્ત માર્ગ બદલવાની એને જરૂર છે, એ માર્ગ પ્રથમ નથી જડતો એનાં કારણોનો આપણે વિચાર કરીએ.

માનવના આત્મામાં અનંત શક્તિઓ પ્રસુપ્તાવસ્થામાં છુપાએલી પડેલી છે. અને તેને લીધે પોતે અપૂર્ણ છે એવો તેને ભ્રમ થાય છે. એ શક્તિઓ એને જણાતી નથી. કારણ એની ઉપર આછા પાતળા અને ગાઢ એવાં આવરણો છવાઈ ગયેલા હોય છે. આપણી દૃષ્ટિ અને એ શક્તિની વચમાં એ આવરણો આવી જાય છે. અને એ શક્તિને રૂંધી નાખે છે. જેમ ચંદ્રગ્રહણવેળા ચંદ્રનું કિરણ વેરતું મનોહારી આનંદદાયક બિંબ તદ્દન કાળું થઇ જાય છે અને આપણી તરફ આવતાં એનાં કિરણો લુપ્ત થઇ ગયેલાં લાગે છે. પણ એના બિંબની આડે આવતી પૃથ્વીની છાયા દૂર થાય છે, ત્યારે તેજ નિસ્તેજ થએલું ચંદ્રબિંબ પોતાની પ્રકાશરાશિ વેરવા માંડે છે. અને આપણી ખાત્રી થાય છે કે ચંદ્રતો એના બધા પ્રકાશ સાથેજ આકાશમાં ઝળહળી રહ્યો છે, તેવી જ રીતે આપણે પોતેજ નિર્માણ કરેલા અવરોધો અને આવરણોને લીધેજ આપણા આત્માનું સાચું સ્વરૂપ પારખી શકતા નથી. એની શક્તિની આપણને શંકા થાય છે. એ શક્તિ આપણી આંખ સામે શી રીતે પ્રગટ થાય અને એનો સાક્ષાત્કાર આપણને શીરીતે મળે એનો આપણે અંતઃકરણથી વિચાર કરવો જોઇએ.

આપણા જ્ઞાનના આડે આવતું અવિદ્યાનું

આવરણ આપણે ખસેડવું જ પડશે ત્યારેજ આપણને જ્ઞાનનું પ્રકાશમાન ચંદ્રબિંબ નજરે પડશે. એ જોવું હોય તો આપણે ગુરૂકૃપા મેળવી સરસ્વતીથી એકાગ્રથઇ તન મન ધનથી ઉપાસના અને સેવા કરવી પડશે. સુતા કે જાગતા, ઘરમાં કે બહાર, રાતના કે દિવસમાં, નહીં થાકતા સતત સેવા આદરવી પડશે! ઉંઘ અને ભૂખ પણ ભૂલવી જ પડશે. આપણે ફક્ત વિદ્યા + અર્થી, એટલે ફક્ત વિદ્યા માટે જ આપણું જીવન છે એમ માનવું પડશે-ત્યારે જ આપણે જ્ઞાનને આડે આવતાં આવરણો કાંઇક દૂર કરી શકીશું. જેમ જ્ઞાનના આરે આવરણો અને અવરોધો આપણે આપણી જ અણઆવડતને લીધે પેદા કરેલાં હોય છે! તેમજ ધર્મ ઉપરની અશ્રદ્ધા પણ આપણી જ અવિદ્યાએ ઉત્પન્ન કરેલી છે. તેપણ આપણે ટાળવી જ જોઇએ. વિદ્યાર્થી જ્યારે બાલ્યાવસ્થામાં પાઠશાળામાં એકડે એક ભણવા જાય છે, ત્યારે પાઠશાળામાં જવું એને ગમતું નથી. એને એ બંદીશાળા લાગે છે. પણ જ્યારે પાઠશાળાની ઉપયુક્તતા એના અનુભવમાં આવે છે, અર્થાત જ્યારે પાઠશાળા એ આપણને ગુણ કરનારી જગ્યા છે એમ એની પ્રતીતિ થાય છે ત્યારે પાઠશાળા માટે એની દર્શનશુદ્ધિ થાય છે. અને વિદ્યાર્થી ધીમે ધીમે ધીમે પ્રગતિની સાધના કર્યે જાય છે. એમાં મુખ્યત્વે કરીને પોતાની સાચી અપૂર્ણતાની કલ્પના, અપૂર્ણતાનો સાચો વિષય અને પૂર્ણતા મેળવવાની તાલાવેલી કે આતુરતા એજ કાર્ય કરે છે એ ભૂલવું ચાલે એમ નથી.

એવી રીતે આત્માને ઉંચે ચઢાવવાના મૂળભૂત ગુણો જ્યારે ભક્તિના રૂપમાં પરિણમે છે ત્યારે જ આત્મા ગુણસ્થાનો એક પછી એક વટાવ્યે જાય છે. અને અંતે પૂર્ણતા પામે છે.

આત્મા સાથે બીજરૂપે રહેલા ગુણોને સવળે માર્ગે જ વાળી તેનો વધારેમાં વધારે લાભ જે મહાનુભાવો ઉઠાવે છે, તેઓ સીધા જ પ્રકાશ પાથરી પોતાના આત્મગુણથી જુદા જ તરી આવે છે. અને લોકાગ્રણીઓ મનાઇ જાય છે. એવા મહાન્ આત્માઓએ જ સાચી ભક્તિ કરી જાણી છે, એમાં સંદેહ નથી. બધાઓ પોતાની પૂર્ણતા મેળવવાના એ માર્ગે ગમન કરવા માટે સદ્ભક્તિ મેળવે એ જ શુભેચ્છા!

—०—



પોપટિયું જ્ઞાન

—આત્મારામ શર્મા

મોટી નદીના કાંઠે મોટું વન હતું. વનમાં એક વિદ્વાન અને પીઢ ઋષિ રહેતા હતા. ઋષિએ પોતાને રહેવા માટે એક ઝુંપડી બાંધી હતી. એ ઝુંપડીની આસપાસ નાનાં નાનાં ઘણાં ઝુંપડાં હતાં. આ ઝુંપડાઓમાં ઋષિ પાસે ભણવા આવનારા વિદ્યાર્થીઓની ટોળીઓ રહેતી હતી.

સવારસાંજ ઋષિ નદીકાંઠે નહાવા જાય. નાહીને પૂજાપાઠ ત્યાં જ કરે. એમની સાથે કેટલાક વિદ્યાર્થીઓ પણ નહાવા જતા. આવતાંજતાં રસ્તામાં તેઓ ઋષિ સાથે ધર્મ અને શાસ્ત્રોની વાતચીત કરતા. ઘણીવાર તો નદીની રેતીના મોટા પટ ઉપર મોડી રાત સુધી આવી વાતચીતો ચાલતી રહેતી.

વિદ્યાર્થીઓ આવી બધી વાતોને પોતાના રોજરોજના જીવતરમાં કસોટીએ ચડાવતા, જાતે અનુભવ લઈ જોતા અને મનમાં જો ફરીવાર કોયડા ઉઠે તો ઋષિ સાથે સાંજસવારના આવા વખતે સમજી લેતા. આમ દિવસ બધો કોઈ ઝાડ વાવે, કોઈ ખેતી કરે, તો કોઈ ગાયો ચારે, ઉછેરે, દોહવા વલોવવાનું પણ કરે. વળી કેટલાક આશ્રમની વસતીને જોઇતાં કપડાં તૈયાર કરે, કોઈ વળી ઝુંપડાં બાંધે. આમ અન્ન, વસ્ત્ર અને આશરાનાં કામો સંપીને ચાલ્યાં કરતાં. આમ કરતાં કરતાં તે કામ તો આવડે પણ વધારામાં ઋષિ પાસેથી જીવતરના કેટલાક કોયડાને ઉકેલવાની ચાવીઓ પણ સમજી લેતા.

ઋષિ પણ ખૂબ ઓછાબોલા, જરૂર વગર બોલે જ નહીં, અને જ્યારે બોલે ત્યારે મુદ્દાની વાત જ ટુંકમાં પતાવે. બીજી તરફ વિદ્યાર્થીઓ પણ પોતાને ઊઠતી શંકાઓનો જાતે જ તોડ શોધતા, અથવા એકબીજાને સમજાવતા. ન છૂટકે ઋષિ પાસે જાય.

આમ જ્ઞાન લેવા અને દેવાનું ચાલતું હતું.

એક દિવસ સાંજના સમયે ઋષિ નદી કાંઠે જવા નીકળ્યા તેમની સાથે કેટલાક શિષ્યો પણ ચાલ્યાં. રસ્તે જતાં એક મોટું આમલીનું ઝાડ આવ્યું. ત્યાંથી જેવા થોડેક ગયા ત્યાં તો આંબલીના ઝાડ ઉપરથી ઉડતું ઉડતું એક પોપટનું બચ્ચું આવ્યું, અને ઋષિના કપડાંને વળગી પડ્યું. પોપટનું બચ્ચું ભયનું માર્યું હાંફતું હતું. ઋષિ તરત સમજી ગયા કે કોઈકના સપાટામાંથી છટકીને આ બચ્ચું ભાગેલું છે. ઋષિએ પોતાના ફાળિયાનો છેડો તેના પર ઢાંકી દીધો. હજુ થોડાંક ડગલાં ચાલ્યાં, ત્યાં તો એક પારધી દોડતો ઋષિ પાસે આવ્યો ને હાથજોડીને કહેવા લાગ્યો કે, "બાપજી, એ પોપટનું બચ્ચું મને આપી દો. પેલી આંબલીના ઝાડ ઉપરની બખોલમાંથી હું પકડતો હતો ત્યાંથી તે નાઠું છે."

ઋષિ સાથેના વિદ્યાર્થીઓમાંથી એક વિદ્યાર્થી બોલ્યો "ભાઈ પારધી, તું એ બચ્ચાંને શું કરીશ?"

પારધી કહે: "હું તેને પઢાવીશ, પછી વેચીશ."

વિદ્યાર્થી બોલ્યો : "તો તો એ બચ્ચું હું જ રાખીશ. હું યે તેને પઢાવીશ. આમેય તેં હજી પકડયું તો નથી તેથી તેના પર તારો હક્ક ન ગણાય."

પારધી બોલ્યો : "ભલે, પણ મને કાંઇક તો બદલો આપો ! મારો દિવસ ન પડે."

ઋષિ બોલ્યા : "ભાઈ, જો તું ઇચ્છતો હો તો તને બદલો આપવામાં વાંધો નથી, પણ હમણાં તું જા. તને બદલો હું આપીશ."

પારધી તો ઋષિને વંદન કરીને ચાલ્યો ગયો.

પછી ઋષિએ પોપટનું બચ્ચું પેલા વિદ્યાર્થીને આપતાં કહ્યું, "બેટા, આને છોડી મૂક. એને તો એનીજ ભાષા બોલવા દે. આપણી માણસની બોલી તે બોલશે એટલું જ. બોલીનો અર્થ તો સમજી જ નહીં શકે. તો પછી અર્થ સમજ્યા વગરનું જ્ઞાન કામનું શું ? તેવું જ્ઞાન જીવતરને નકામું ગણાય'

વિદ્યાર્થી તો મોહમાં પડેલો હતો. તેના મનમાં દયાભાવ હતો. તેના મનમાં વિદ્યાનો વિસ્તાર કરવાની તાલાવેલી જાગેલી હતી. અને એ રીતે પોતે પક્ષી-

પારધી કહે : "કાલે જ લાવી દઈશ."

બીજે દિવસે વહેલી સવારે પોતાની જાળ, દાણા લઈને પારધી ઊપડ્યો જંગલમાં. એક ઝાડ નીચે તેણે આ જાળ પાથરી તેમા દાણા નાખ્યા ને હાથમાં જાળની દોરી પકડીને પોતે ઝાડના થડ આડે લપાઈને બેસી ગયો.

સવાર થઈ ગયું. પંખીઓ હરફર કરવા માંડ્યાં. ત્યાં તો પોપટનું એક ટોળું ત્યાં ઝાડ ઉપર આવીને બોલવા માંડ્યું :

"પારધી આવે, જાળ બિછાવે,
"દાણા નાખે, નહીં ફસાવું."

પારધી તો આ સાંભળીને ભારે વિમાસણમાં પડી ગયો ને ઊભો થયો. પોતાની જાળ વીંટી લીધી, ને ગયો ઋષિ પાસે. જઈને કહે, બાપજી, હું પોપટને પકડી શકીશ નહીં. આ જંગલના પોપટ જ્ઞાની થઈ ગયા છે. મેં જાળ પાથરી દાણા નાખ્યા ને પોપટ આવ્યા. પણ બધા ઝાડ ઉપર બેઠા બેઠા બોલવા માંડ્યાઃ 'પારધી આવે, જાળ બિછાવે, દાણા નાખે, નહી ફસાવું.' તેથી હું તો ત્યાંથી ચાલ્યો આવ્યો."

આ વાત પેલો પોપટને પઢાવનાર વિદ્યાર્થી ત્યાં સાંભળતો હતો. તેના મનમાં તો હરખનો પાર ન રહ્યો અભિમાનથી તેની આંખો પણ બદલાઈ ગઈ. ઋષિ તેનો ચહેરો જોઈને વાત પામી ગયા ને બોલ્યા:

"ભાઈ પારધી, તેં ઉતાવળ કરી, થોડી ધીરજ રાખીને બેસવું તો હતું! હવે કાલે તું પાછો જજે. જો એકેય પોપટ ન પકડાય તો યે તને હું તારી મજૂરી આપીશ. પણ સાંજ સુધી ત્યા રહેજે."

બીજો દિવસ થયો. પારધી તો જાળ, દાણા લઈને પહોંચી ગયો, જાળ પાથરી દાણા વેર્યા અને લપાઈને બેસી ગયો.

થોડી જ વારે પંખીના ટોળાં આવ્યાં. પોપટનું ટોળું પેલો મંત્ર બોલતું બોલતુ આવ્યું પોપટનું ટોળુ નીચે ઊતર્યું. જાળમા પડેલા દાણા જોવાને લલચાયા. જાળમા બેસીને દાણાં ચણતા જાય છે ને પેલો મંત્ર બોલતા જાય છેઃ "પારધી આવે, જાળ બિછાવે, દાણાં નાખે, નહીં ફસાવું"

ત્યાં તો એક પોપટનો નહોર જાળની દોરીમાં ભરાઈ ગયો, ને માંડ્યો પાંખો ફફડાવવા ત્યાં તો જાળની દોરી ખેંચાણી, બધા યે પોપટના પગ ફસાઈ ગયા ને માંડ્યા બોલવા: "પારધી આવે, જાળ બિછાવે, દાણા નાખે નહીં ફસાવું."

પારધીએ દોરી ખેંચી ત્યા તો બધા જ ફસાઈ ગયા. પારધીએ જાળને વીંટીને ખભે નાખી. જાળમાં ફસાયેલા પોપટ પારધીના ખભા ઉપર પેલો મંત્ર બોલ્યા જ કરે છે.

પારધી ઋષિની ઝૂંપડીએ આવીને બોલ્યો. મહારાજ, લો આ બધા પોપટ આપણા જેવું જ બોલે છે.

ઋષિએ વિદ્યાર્થીઓને બોલાવ્યા ને પારધીની જાળમાં પડેલા પોપટને મોઢેથી બોલાતો મંત્ર સાંભળવા કહ્યું. સૌએ મંત્ર સાંભળ્યો ને બોલ્યા: ગુરુજી, આનો ભેદ શો? મંત્ર બોલે છે એક અને આચરણ છે બીજું."

ઋષિ બોલ્યા: "આનું જ નામ પોપટિયું જ્ઞાન કહેવાય. સમજ્યા વગર શીખવાનું જા ફળ જોયું ને? મંત્ર તો ઘણો અર્થવાળો છે, પણ તે અર્થ કોને માટે! સમજ્યા વગર જ બોલ્યા કરે તેના પરિણામ આ રહ્યા."

પેલો પોપટનો ગુરુ (વિદ્યાર્થી) આ બધું જોઈને પોતાની ભૂલ પોતે સમજી ગયો અને મનોમન ગુરુએ કહેલી વાતને યાદ કરવા માંડ્યો.

ઋષિએ પારધીને મજુરી આપી દીધી ને કહ્યું: 'ભાઈ, હવે આ બધા પોપટને ઉડાડી મૂક."

પોપટને જેવા છોડયા તેવા જ ફ ર ર ર કરતા ઉડ્યા ને બોલતા ગયા કે :

'પારધી આવે, જાળ બિછાવે,
દાણા નાખે નહીં ફસાવું."

(કોડિયુ, જાન્યુ. ૧૯૫૯)

(એક હિંદી વાર્તાના આધાર પરથી, ફેરફાર સાથે)

શ્રી અધ્યાત્મજ્ઞાન પ્રસારક મંડળ—મુંબઇ.

મુંબઈ શ્રી અધ્યાત્મજ્ઞાન પ્રસારક મંડળ દ્વારા-યોગનિષ્ઠ-અધ્યાત્મ વિશારદ આચાર્ય શ્રીમદ્‌ બુદ્ધિસાગરસૂરિશ્વરજી મહારાજની ૩૮મી સ્વર્ગારોહણતિથિની ઉજવણી પૂ. આ. શ્રીમદ્ કીર્તિસાગરસૂરિશ્વરજી મ. ના શિષ્યરત્નો પૂ. ઉ. શ્રી કૈલાસસાગરજી મ. પૂ. પં. શ્રી સુબોધસાગરજી મ. આદિ મુનિમહારાજોની શુભ નિશ્રામાં જેઠ શુદિ ૩ તા. ૨૦-૬-૬૨ના રોજ સવારે ૯-૦૦ વાગે પાયધુનિ શ્રી ગોડીજી જૈન ઉપાશ્રયમાં થઈ હતી. આ પ્રસંગે મંડળના નિવૃત્ત પ્રમુખ શ્રી ફતેહચંદ ઝવેરભાઇ શાહના લેખો અને કાવ્યોના સંગ્રહરૂપે મંડળ તરફથી તૈયાર થયેલ "સ્વાનુભવ ચિંતન" પુસ્તકનું શેઠ શ્રી માણેકલાલ ચુનીલાલ શાહના શુભ હસ્તે પ્રકાશન થયું હતું. પૂ. ઉ. શ્રી કૈલાસસાગરજી મ. પૂ. પં. શ્રી સુબોધસાગરજી મ. પૂ. શ્રી મૃગેન્દ્રમુનિ, શેઠ શ્રી માણેકલાલ ચુનીલાલ શાહ, શ્રી ફતેચંદ ઝવેરભાઈ શાહ, મંડળના પ્રમુખશ્રી મનસુખલાલ તારાચંદ મહેતા, ઉપ-પ્રમુખશ્રી હીરાલાલ જુઠાભાઈ શાહ, મંત્રીશ્રી ગૌતમલાલ અ. શાહ, શ્રી ધીરજલાલ ટોકરશી શાહ, શ્રી ફુલચંદ નગીનભાઈ જવેરી, શ્રી ફુલચંદ હરિચંદ દોશી આદિ વિદ્વાન વક્તાઓએ "યોગનિષ્ઠ આચાર્યશ્રી" ના જીવન વિષે તથા 'સ્વાનુભવ ચિંતન' પુસ્તક અને શ્રી ફતેચંદ ઝવેરભાઈના સંબંધમાં મનનીય પ્રવચનો કર્યા હતા. શ્રી કેશવલાલ મોહનલાલ શાહ, શ્રી ગુણવંતી ટોકરશી અને શ્રી સુલોચના વ. એ સંગીતમય ભાવવાહી પ્રાર્થના અને અજિતશાન્તિની ગાથાઓ તથા શ્રી ગણેશભાઈ પરમારે આચાર્યશ્રીના ગુણાનુવાદનું ગીત રજૂ કર્યા હતા. આ પ્રસંગે પૂ. આ. શ્રી ધર્મસૂરિજી મ. ના શિષ્યો પૂ. મુનિશ્રી મહાનંદવિજયજીએ પૂ. મુનિશ્રી સૂર્યોદયવિજયજી મ, પૂ. પં. શ્રી નિપુણમુનિજી ગણીના શિષ્ય પૂ. શ્રી ચિદાનંદમુનિ આદિ મુનિ મહારાજો અને પૂ. સાધ્વીજી મહારાજો ખાસ પધાર્યા હતા તેમજ શેઠશ્રી જીવતલાલ પ્રતાપશી મ.પી., શેઠશ્રી કેશવલાલ બુલાખીદાસ, શ્રી મનુભાઈ ગુલાબચંદ કાપડીયા, શ્રી ચંદુલાલ ટી. શાહ, ડૉ. શ્રી કેશવલાલ મણેકચંદ પરીખ, શ્રી હીરાલાલ છગનલાલ શાહ, શ્રી ચંદુલાલ નગીનદાસ બાખરીયા, શ્રી ખાતચંદ રામચંદ દુધવાળા, શ્રી બેચરભાઈ હરિચંદ, શ્રી જેઠાલાલ ચુનીલાલ ઘીવાળા, શ્રી અંબાલાલ ચતુરભાઈ શાહ આદિ જૈન સમાજના અગ્રગણ્ય આગેવાનો તથા અન્ય સદ્ગૃહસ્થો અને બહેનોએ વિશાળ સંખ્યામાં હાજરી આપી હતી. 'સ્વાનુભવ ચિંતન' પુસ્તકના પ્રકાશન અંગે શ્રી ફતેહચંદ ઝવેરભાઈ પ્રત્યે શુભાશિર્વાદ અને શુભેચ્છા વ્યક્ત કરતા સંદેશાઓ પૂ.આ. શ્રી ધર્મસૂરિજી મ. અને પૂ. મુનિશ્રી યશોવિજયજી મ., પૂ. મુનિશ્રી જિનભદ્રવિજયજી મ., શ્રી આત્માનંદ સભા—ભાવનગર, શ્રી પ્રાણજીવનદાસ હ. ગાંધી વગેરેના આવ્યા હતા. અંતે આનંદમય વાતાવરણમાં સમારંભ પૂર્ણ થયો હતો.

શેઠશ્રી ફતેહચંદભાઈ આ સભાના એક ઉપપ્રમુખ છે અને ઘણાં વર્ષથી આ સભાની ઉત્તમ પ્રકારની સેવા બજાવતા રહ્યા છે. સભાના સત્યજ્ઞાનના પ્રચારના કાર્યમાં તેમજ સભાની આર્થિક સદ્ધરતા વધારવામાં શ્રી ફતેચંદભાઈનો ફાળો કિંમતી છે એ નિર્વિવાદ છે. ઉપર જણાવ્યા પ્રમાણે સભાએ તાર કરી મેળાવડાને સફળતા ઈચ્છી હતી. આ પ્રસંગે પ્રમુખશ્રીએ તથા શ્રી ફતેચંદભાઈએ જે પ્રવચનો કર્યા હતા તે અહીં પ્રસિદ્ધ કરવામાં આવે છે.

સ્વાનુભવ—ચિંતન ગ્રંથના પ્રકાસનસમયે

શેઠ શ્રી માણેકલાલ ચુનીલાલનું ભાષણ

સં. ૨૦૧૮ના જેઠ વદિ ૩. તા. ૨૦–૬–૬૨, બુધવાર

પૂજ્ય ઉપાધ્યાય શ્રી કૈલાસસાગરજી મહારાજ, પૂજ્ય પં. શ્રી સુબોધસાગરજી મહારાજ, અન્ય મુનિરાજો, સાધ્વી મહારાજો, ભાઇઓ તથા બહેનો!

યોગનિષ્ઠ અધ્યાત્મવિશારદ આચાર્ય શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરીશ્વરજી મહારાજની આજે ૩૭મી સ્વર્ગારોહણ-તિથિ છે. એ મહાપુરુષને શ્રદ્ધાંજલિ આપવા તથા તેમનો ગુણાનુવાદ કરવા આપણે સહુ એકત્ર થયા છીએ. પૂજ્ય પુરુષોનો ગુણાનુવાદ કરવો અને તેમના ઉત્તમ ગુણોનું અનુકરણ કરવું, એ આપણી પરમ પવિત્ર ફરજ છે. મેં હમણાં જ એક પત્રમાં વાંચ્યું હતું કે જિનશાસનનો સાર નવકાર છે, નવકારનો સાર દેવગુરુની ભક્તિ છે, અને દેવગુરુની ભક્તિનો સાર ગુણગ્રાહકતા છે. જે ગુણીજનોના ગુણોને ગ્રહણ કરી શકતો નથી, તે ધર્મ પામી શકતો નથી.

સદ્ગત આચાર્યશ્રીએ દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવ લક્ષમાં રાખીને બહુ સુંદર દેશના આપી હતી. તથા સહુ સમજી શકે તેવી સરલ શૈલિમાં જુદા જુદા વિષયો પર અનેક ગ્રંથો લખ્યા હતા. હું ન ભૂલતો હોઉં તો તેમણે ૧૦૮ ની સંખ્યા પૂરી કરી હતી કે જે સંખ્યાનું ધાર્મિક દૃષ્ટિએ ઘણું મહત્ત્વ છે, તેમનું સાહિત્ય અધ્યાત્મનો ખજાનો છે અને નૈતિક ઉપદેશનો એક મહાન ભંડાર છે.

આ સાહિત્યને સુંદર સ્વરૂપે પ્રગટ કરવાનું કાર્ય શ્રી અધ્યાત્મ જ્ઞાન પ્રસારક મંડળ છેલ્લાં ત્રેપન વર્ષથી કરી રહ્યું છે. હું તેને આ દીર્ઘ સાહિત્ય સેવા અંગે ધન્યવાદ આપું છું અને તે પોતાની કાર્યવાહી અવિરતપણે ચાલુ રાખશે, એવી આશા રાખું છું.

આ પ્રસંગે મને શેઠ લલ્લુભાઇ કરમચંદ યાદ આવી જાય છે કે જેમણે વર્ષો સુધી આ મંડળની સેવા બજાવી હતી અને જીવનના છેલ્લા શ્વાસ સુધી તેના યોગ—ક્ષેમની ચિંતા કરી હતી.

સદ્ગત મોહનલાલ મણિલાલ પાદરાકર પણ આ સંસ્થાના પાયા મજબુત કરનારાઓમાંના એક હતા. તે સિવાય શ્રી ફત્તેચંદ ઝવેરભાઈ તથા બીજા ઘણા ગૃહસ્થોએ આ સંસ્થાનો વિકાસ કરવામાં એક યા બીજી રીતે ફાળો આપેલ છે અને તેથી જ આ સંસ્થા આજે સાહિત્ય—પ્રકાશનના ક્ષેત્રમાં સુંદર કાર્ય કરી રહેલ છે.

મને એ જાણીને ઘણો આનંદ થયો છે કે આ સંસ્થા પૂજ્ય આચાર્યશ્રીની કૃતિઓ ઉપરાંત બીજી પણ તાત્ત્વિક કૃતિઓ બહાર પાડે છે. હું માનું છું કે સાહિત્યપ્રકાશક સંસ્થા જેટલી વિશાળ દૃષ્ટિ રાખે, તેટલું વધારે સારૂં છે, કારણ કે તેથી તેનું ક્ષેત્ર વિશાળ બને છે અને તેના પ્રશંસકોની સંખ્યા વધે છે.

હાલમાં આ સંસ્થા તરફથી 'સ્વાનુભવ ચિંતન' નામનો લગભગ ૪૦૦ પાનાનો એક ગ્રંથ તૈયાર થયો છે અને તેનું પ્રકાશન કરવાનું મને કહેવામાં આવ્યું

છે, એટલે હું આપની સમક્ષ ઊભો થયો છું.

આ ગ્રંથ મેં બરાબર જોયો છે. તેમાં ૩૭ જેટલા મનનીય લેખો છે, ૨૮ કાવ્યો છે અને તે ઉપરાંત બીજા કેટલાક પરિશિષ્ટો પણ છે. ઉપરાંત તેમાં શ્રી ચિત્રભાનુ તથા પૂ. મુ. શ્રી જંબુવિજયજી મહારાજે આશીર્વચન આપેલ છે અને સાહિત્યવારિધિ શતાવધાની પંડિત **શ્રી ધીરજલાલ ટોકરશી** શાહે આ ગ્રંથના લેખક શ્રી ફતેહચંદભાઈના જીવનનો પરિચય આપેલ છે. વળી મંડળના હાલના પ્રમુખ શ્રી **મનસુખલાલ તારાચંદ શાહે** તેમાં આમુખ લખી લેખોનો પરિચય કરાવેલ છે. આ ઉપરાંત સમાજના અનેક જાણીતા માણસોએ ગ્રંથલેખક શ્રી ફતેચંદભાઈને જે ભાવભરી અંજલિઓ આપી છે, તેનો પણ એમાં સુંદર સંગ્રહ છે.

શ્રી ફતેચંદભાઈને આપણા સમાજમાં કોણ ઓળખતું નથી? એ સત્તોતર વર્ષના વૃદ્ધ નહિ, પણ સત્તોતેર વર્ષના યુવાન છે. આટલી ઉંમરે સેવાનો આટલો ઉત્સાહ મેં બીજા કોઈમાં જોયો નથી. કોઈ પણ સંસ્થાને ભીડ પડી તો આ સેવાભાવી પુરુષ તેની ભીડ ભાંગવા હાજર જ હોય છે. તે કાર્યકર્તાઓની સાથે ચાલે, દશ-વીશ દાક્તરની ચાકરી કરે, સામાને સમજાવે અને જ્યારે સંસ્થાની ઝોળીમાં કંઈ પણ પડે, ત્યારે જ સંતોષ પામે.

સ્વભાવ પણ શાંત અને મિલનસાર. મેં તેમને કોઈ દિવસ તપેલા જોયા નથી. હમેંશા તેમના ચહેરા પર એક પ્રકારની પ્રસન્નતા જોવામાં આવે છે.

પરંતુ મારે અહીં જે વાત કહેવી છે, તે બીજી જ છે. **શ્રી ફતેચંદભાઈનું** જીવનઘડતર, તેમનો ધાર્મિક અભ્યાસ, તેમનું તાત્ત્વિક ચિંતન એ વિષે મને પોતાને બહુ માહિતી ન હતી, પણ **શ્રી ધીરજલાલભાઈએ** તેમનો જે જીવન પરિચય લખ્યો છે, તે વાંચવાથી હું આ બધું જાણી શક્યો.

શ્રી ફતેચંદભાઈ ભાવનગરના એક ધાર્મિક કુટુંબમાં જન્મ્યા, ધાર્મિક વાતાવરણમાં ઉછર્યા, ધાર્મિક વૃત્તિવાળા પિતાની પ્રેરણાથી ધાર્મિક અભ્યાસમાં ઘણા આગળ વધ્યા અને તેમણે અનેક ગ્રંથોમાં અભ્યાસપૂર્ણ પ્રસ્તાવનાઓ લખી. આજકાલ તો તેઓ બહુ લેખો લખતા હોય એમ લાગતું નથી, પણ જ્યારે તેઓ યુવાન હતા, ત્યારે તેમની કલમ ઝપાટાબંધ ચાલતી અને તે જુદા જુદા તાત્ત્વિક વિષયો પર કંઈને કંઈ લખ્યા જ કરતી. વળી તેમને કાવ્યો રચવાનો પણ શોખ હતો, એટલે તેઓ, અવારનવાર કાવ્યો પણ રચ્યા કરતા, પરંતુ તેમનો વિષય મુખ્યત્વે ધાર્મિક અને આધ્યાત્મિક જ રહેતો. આ બધી સામગ્રી સચવાઈ રહી, એ પણ સમાજનું સદ્ભાગ્ય. ઘણી વખત લેખકો ખૂબ ઉત્સાહથી લખે છે અને તે લેખો માસિકો વગેરેમાં પ્રગટ થાય છે, પણ પછી તેની કોઈ સ્મૃતિ રહેતી નથી. એટલે કાળાંતરે તેઓ ભૂલાઈ જાય છે અને તેઓ પણ બનતાં સુધી સમાજને ભૂલી જાય છે!

શ્રી ફતેચંદભાઈને હું વર્ષોથી ઓળખું છું. તેમની કૃતિનું પ્રકાશન 'અધ્યાત્મજ્ઞાન પ્રસારક મંડળ' તરફથી થાય એ ઉચિત છે. આવા સુંદર ગ્રંથનું પ્રકાશન મારા હાથે થાય, તેને હું મોટું ગૌરવ સમજું છું.

સંસ્થાના કાર્યવાહકોએ આ તક મને આપી, તે માટે હું તેમનો આભાર માનું છું અને હવે આ ગ્રંથને પ્રગટ થયેલો જાહેર કરું છું.

ગોડીજી જૈન ઉપાશ્રય, મુંબઈ.

એક પ્રવચન

શ્રી ફતેહચંદ ઝવેરભાઈ

પૂ. ઉ. મહારાજ શ્રી કૈલાસસાગરજી, પૂ. પં. મ. શ્રી સુબોધસાગરજી, અન્ય મુનિરાજો, સાધ્વીજી મહારાજો, શેઠ શ્રી માણેકલાલ ચુનીલાલ, આમંત્રિત સજ્જનો અને બહેનો,

આજે સ્વ૦ પૂ૦ આ૦ મ૦ શ્રી બુદ્ધિસાગરસૂરિજીની સ્વર્ગારોહણ તિથિનો ૬૭મો મંગલમય દિન છે. એમના સંબંધમાં પૂ૦ મુનિરાજોએ એમના યોગનિષ્ઠ અને આધ્યાત્મિક જીવનની સંક્ષિપ્તપણે ઝાંખી કરાવી છે. એમનું ૧૦૮થી અધિક ગ્રંથો રચનારું સાહિત્ય જીવન, ભજનપદ સંગ્રહના અનેક વિશાળ ભાગોમાં કાવ્ય સરિતાને વહાવનારું કવિત્વ જીવન એમના સંયમી જીવનમાં વિલીન થયું હતું. અને એ રીતે એમણે સ્વ—પર ઉપકાર સાધ્યો છે.

કર્મયોગ અને આનંદઘનપદ સંગ્રહ જેવા મહાકાય અનેક ગ્રંથોનુ એમણે સર્જન કર્યું છે. એમના વિભૂતિમય જીવનની અનેક રેખાઓ 'યોગનિષ્ઠ આચાર્ય' ગ્રંથમાં ભરી પડી છે પરંતુ તે સંબંધમાં સવિશેષપણે નહિ કહેતા માત્ર એમના સંબંધીની આશ્ચર્યકારક ઘટનાઓ આપની સમક્ષ જણાવું છું.

(૧) વિજાપુરમાં સં૦ ૧૯૩૦માં પટેલ કુટુંબમાં જન્મ અને વિજાપુરમાં સં૦ ૧૯૮૧માં સ્વર્ગવાસ. પૂ૦ આ૦ શ્રી વિજયનેમિસૂરિનો જન્મ મહુવામાં અને સ્વર્ગવાસ પણ મહુવામાં—આ બન્ને વિભૂતિઓ માટે અલૌકિક ઘટના છે.

(૨) સં૦ ૧૯૭૩માં ભગવદ્ ગીતાની શૈલીને અનુસરીને સ્વતંત્ર રીતે મહાકાય ગ્રંથ 'કર્મયોગ' લખ્યો. તેનું મેટર લો૦ મા૦ તિલકને માંડલેની જેલમાં તપાસવા મોકલ્યું—તે ઉપરથી લો૦ મા૦ તિલકે તેમના ઊર્પરના એક પત્રમાં જણાવ્યું કે 'Had I known that yon are writting Karmayoga, I might n›t have written my Karmayoga' અર્થાત આપના કર્મયોગનાં પ્રૂફો મને પહેલાં મળ્યા હોત તો હું ગીતાનો કર્મયોગ જેલમાં લખત નહિ—આ રીતે કર્મયોગનું લખાણ ઘણું ઉચ્ચ, ગૃહસ્થ અને સાધુઓ માટેના કર્મયોગનું દિગ્દર્શન વિશાળ પ્રમાણમાં કરાવનારું અને જૈનોને નિર્માલ્યતા ખંખેરી નાંખી વીર બનવા પ્રેરનારું છે.

(૩) ભજનપદ સંગ્રહ ભા. ૨ પા. ૪૨૦માં પીસ્તાળીશ વર્ષ પહેલાં એક યોગીને છાજે તેવી આર્ષદૃષ્ટિ (Clairvoyance)થી કહ્યું છે કે—

'રાજા સકલ માનવ થશે, રાજા ન અન્ય કહાવશે,
એક ખંડ બીજા ખંડની, ખબરો ઘડીમાં આવશે;
એક દિન એવો આવશે.'

આ ભવિષ્ય કોઈ મહારાજાઓના જ્યોતિષીએ ભાખેલું નહોતું.

(૪) આનંદઘનપદ સંગ્રહ ભાવાર્થના વિશાળમય પુસ્તકમાં પા. ૧૫૫માં જણાવ્યું છે કે—વેદ અથવા બૌદ્ધ ધર્મના સિદ્ધાંતોનો ફેલાવો થવા માંડશે કે તરત દુનિયાનું લક્ષ્ય જૈન શાસ્ત્રો જોવામાં ચોંટશે અને જૈન શાસ્ત્રોના અનેકાંત

શૈલિથી દુનિયા ઉપર જૈન ધર્મનાં સૂર્યનાં કિરણો ફરીથી એકવાર સર્વત્ર પ્રકાશ આપશે. જૈન ધર્મની પડતી થાય છે તેમ કેટલાકને લાગતું હશે પણ કેટલાક વર્ષ પશ્ચાત્ યુગપ્રધાનો જન્મ લેશે.

(૫) કક્કાવળિ સંબોધનના કાવ્યગ્રંથમાં પા. ૭૫મે નીચે મુજબ ભવિષ્યકથન છે.

(૧) એકવીસમી સદી માંહે,
થાશે યુગપ્રધાનો મોટા ચાર;
એક એકથી મહા ચઢીઆતા,
જૈન જગત્ શાસન જયકાર.

(૨) એકવીશમી સદી માંહે દેશો,
એક એકથી થવા ચઢીયાત;
એક બીજાની સ્પર્ધાથી,
તે યુદ્ધો કરશે અનેક જાત.

(૩) એકવીશમી સદી માંહે એશીઆ,
બળ કળબુદ્ધિથી સ્વાતંત્ર્ય;
એકકો ફરી મેળવવા માટે,
સજ્જ થશે ધરી યંત્ર ને તંત્ર.

સ્વ૦ પૂ૦ આપશ્રી શ્રી સિદ્ધિસૂરિશ્વરજીને તેમના સ્વર્ગવાસે આશરે ત્રણ માસ પહેલાં આ ભવિષ્યકાળની હકીકત શ્રી મોહનલાલ જમનાદાસે વાંચી સંભળાવી હતી. જેથી તેમને જિનશાસનના સુંદર ભવિષ્ય માટે સંતોષ થયો હતો.

આવા યોગિ મહાત્માની સ્વર્ગારોહણ તિથિ પ્રસંગે એમને વંદનાંજલિ અર્પી આજે એ મહાપુરુષની જીવન ગાથાના અલ્પ ગુણગાન ગાઈ રહ્યા છીએ. તેમના માર્ગે જવાની મહાન્ શક્તિનું આપણને ભાન થાય એમ પરમાત્મા પ્રતિ પ્રાર્થના કરીએ.

હવે શ્રી અધ્યાત્મજ્ઞાન પ્રસારક મંડળે પ્રસ્તુત પ્રસંગે પ્રકાશિત કરેલા મારા લેખો અને કાવ્યોમય 'સ્વાનુભવ ચિંતન' પુસ્તક સંબંધમાં કાંઈક નિવેદન રજુ કરું છું.

સ્વ૦ પૂ૦ આ૦ મહારાજ શ્રી બુદ્ધિસાગરસૂરિજીની જયંતી પ્રસંગે એમના જીવંત આત્માના પ્રતીક સમક્ષ આજે પ્રસ્તુત ગ્રંથનું પ્રકાશન થાય છે તે માટે હું મારા આત્માને ધન્ય માનું છું અને એ રીતે ઇચ્છું છું કે એમની અધ્યાત્મશક્તિનો સંચાર મારામાં ગતિમાન થતો રહે.

સૌથી પ્રથમ મારામાં ધાર્મિક દૃષ્ટિએ યત્કિંચિત્ શુભ સંસ્કારો આવ્યા તેનું પ્રથમ માન મારા પૂ૦ પિતાશ્રીને ઘટે છે. તત્પશ્ચાત્ વકીલ શ્રી કુંવરજી આણંદજી તથા પૂ૦ આચાર્ય મહારાજો અને મુનિરાજોના સત્સમાગમ અને વ્યાખ્યાનશ્રવણ તથા દીર્ઘ વાંચનના અભ્યાસને આભારી છે.

પ્રસ્તુત લેખો અને કાવ્યો આત્માનંદ પ્રકાશમાં લગભગ ચાલીશ-પચાસ વર્ષો પહેલાં આવેલા હતા. તે અમારા મિત્ર શ્રી પ્રાણજીવનદાસ ગાંધીએ તારવી અને તેમણે અને શ્રી મનસુખલાલ મહેતાએ તે લેખો અને કાવ્યો ભવિષ્યની પ્રજાને ઉપયોગી લાગવાથી છપાવવાનો પ્રબંધ કરવા બે વિભાગમાં સૂચવ્યું. એક વિભાગ મોટા પાંચ લેખો, જૈન દર્શન મીમાંસા વિગેરેનો, તથા બીજા ૭૭ લેખો અને ૨૮ કાવ્યો પ્રસ્તુત 'સ્વાનુભવ ચિંતન'માં આવેલા છે. પ્રથમ વિભાગ ભાવનગર જૈન આત્માનંદ સભા તરફથી હવે પછી પ્રકાશિત થશે. જેમાં પૂ. આ. શ્રી વિજયધર્મસૂરિ અને પૂ. આ. શ્રી વિજયપ્રેમસૂરિજીનાં આશીર્વચનો છે તેમજ 'સાધમૂર્તિ' શ્રી પ્રેમજીભાઈ મહાશયની પ્રસ્તાવના છે.

શ્રી અધ્યાત્મજ્ઞાન પ્રસારક મંડળ તરફથી 'સ્વાનુભવ ચિંતન' પુસ્તક આજે જિનશાસનરત્ન શેઠ શ્રી ભાણુલાલ નથુભાઈના શુભ હસ્તે પ્રકાશિત થાય છે તેને હું મારા જીવનનો ધન્ય પ્રસંગ માનું છું.

સદ્ગત શ્રી લલ્લુભાઈ કરમચંદ તથા હાલના મંડળના પ્રમુખ શ્રી મનસુખલાલ મહેતા, ઉપ-પ્રમુખ

શ્રી હીરાલાલ જુઠાભાઈ અને મંત્રીશ્રીઓ અને કમીટીના સભ્યો તરફથી પ્રસ્તુત પુસ્તકના પ્રકાશનનો નિર્ણય થયો. પુસ્તકમાં ભિન્ન ભિન્ન વિષયો જુદા જુદા પ્રસંગોએ લખાયેલા છે. ઘણી ઘણી આંતર પ્રેરણાઓ, આપણી સર્વ શક્તિઓને જીવનના મૂળભૂત મૂલ્યોની તરફ કેંદ્રિત કરવા દીર્ઘકાળના ચિંતન સાથેની છે. વાંચકો વાંચીને તેને અમલમાં ઉતારી શારીરિક, માનસિક અને આધ્યાત્મિક રીતે જીવન ઉચ્ચ બનાવી શકશે અને યથાશક્તિ સેવામય જીવન વ્યતીત કરશે તો મારો પ્રયાસ અલ્પાંશે પણ હું સફળ માનીશ.

મારી આ ઉમ્મરે પૂ. મુનિરાજોના અને સ્નેહી સજ્જનોના આશીર્વાદથી યથાશક્તિ–યથામતિ અનેક સંસ્થાઓની અને દર્શન, જ્ઞાન, ચારિત્રની સેવા કરી રહ્યો છું તેનો મને પ્રશસ્ત આનંદ છે. મારા કરતાં અનેક ગણી મૂલ્યવાન સેવાઓ અનેક વ્યક્તિઓ કરી ગઈ છે, વર્તમાનમાં કરતી રહે છે તે હિસાબે મારી અલ્પ માત્ર સેવા છે તેમ હું માનું છું.

પૂ. મહારાજશ્રીઓએ, શેઠ શ્રી માણેકલાલભાઈએ અને અન્ય વક્તાઓએ જે કાંઈ મારા માટે પ્રશંસાના વાક્યો ઉચ્ચારેલ છે તેને માટે હું યોગ્ય નથી પરંતુ તે યોગ્યતા મેળવવા વધુ પ્રયત્નશીલ થવા મારેની સૂચના માની રહ્યો છું.

આજના ધન્ય દિવસે હું પૂ. ઉ. મ. શ્રી કૈલાસસાગરજી મહારાજનો, પૂ. પં. શ્રી સુબોધસાગરજી વિગેરે મુનિરાજોનો, શેઠ શ્રી માણેકલાલ ચુનીલાલ કે જેમના શુભ હસ્તે પ્રસ્તુત પુસ્તકનું પ્રકાશન થયું છે તેમનો, પુસ્તકમાં આશીર્વચનો આપનાર બંને મુનિરાજોનો, શ્રી ધીરજલાલ ટોકરશી અને શ્રી જયંતીલાલ રતનચંદનો તેમજ શ્રી અધ્યાત્મજ્ઞાન પ્રસારક મંડળના સંચાલકોનો અંતઃકરણપૂર્વક આભાર વ્યક્ત કરું છું. શાસનદેવ જીવનપર્યંત સેવાની ભાવના કાયમ રાખે તેમ પ્રાર્થના સાથે વિરમું છું.

સં૦ ૨૦૧૮. જેઠ વદી ૩
બુધવાર તા. ૨૦–૬–૬૨

આચાર્ય વિજયઉમંગસુરિનો સ્વર્ગવાસ

સાબરમતી શ્રી આત્મ–વલ્લભ જૈન જ્ઞાન મંદિરમાં પંજાબ કેશરી–ભારત દિવાકર પરમ પૂજ્ય સ્વર્ગસ્થ જૈનાચાર્ય શ્રીમદ્ 'વિજયવલ્લભસૂરીશ્વરજી મહારાજ શ્રીના પ્રશિષ્ય- પટ્ટપ્રભાવક–શાસન પ્રભાવક આચાર્ય મહારાજ વિજયઉમંગસૂરીશ્વરજી મહારાજ (વૈશાક વદ ૧ રવિવારના રાત્રે ૯-૩૦-કલાકે) એકદમ–અચાનક હૃદય પર અસર થવાથી પરમ મહાન મંત્ર નવકાર મંત્રનું ધ્યાન કરતાં કરતાં સમાધિ પૂર્વક સ્વર્ગવાસ પામ્યા તેઓશ્રીના વિનશ્વરદેહની સ્મશાનયાત્રા વૈસાક વદી-૨ સોમવાના સવારના ૯-૩૦ કલાકે ભવ્ય રીતે નિકળી હતી. જૈન જૈનેતરો તેમજ સાબરમતી જૈન સંઘે લાભ લીધો હતો પૂજ્ય આગમપ્રભાકર શ્રી પુણ્યવિજયજી મહારાજ તથા. પૂ. આચાર્ય શ્રી વિજ્ઞાનચંદ્રસૂરીશ્વરજી મહારાજ તથા નિરંજનવિજયજી મહારાજ આદિ પધાર્યા હતા. પરમ પૂજ્ય આચાર્યશ્રીના સ્વર્ગવાસથી તેઓ શ્રીના અંતેવાસી પૂ. ઉપાધ્યાય શ્રી ઉદયરત્નવિજયજી તથા મુનિ હીરવિજયજી તેમજ અખિલ-જૈન શ્રી સંઘને ઘણોજ આઘાત પહોંચ્યો છે.

પરમ પૂજ્ય ગુરુદેવ આચાર્ય મહારાજ વિજયઉમંગસૂરીશ્વરજી મહારાજશ્રીનો જન્મ વિ. સં ૧૯૪૬ રામનગર (પંજાબ)માં થયો હતો. તેઓશ્રીના પિતાશ્રીનું નામ ગંગારામજી હતું. તેઓશ્રીના માતુશ્રીનું નામ કર્માદેવી હતું માતા પિતા ધર્મશ્રદ્ધાળુ હતા. ઘરમાં સુપુત્રનો જન્મ થવાથી ઘરમાં આનંદનો પાર જ ન રહ્યો તેથી લાડીલા સુપુત્રનું નામ માતાપિતાએ પરમાનંદ પાડ્યું. માતા પિતા ધર્મશ્રદ્ધાળુ હોવાથી બાલ્યાવસ્થામાં પરમાણંદને ધર્મ સંસ્કાર પડતા ગયા તેમણે વ્યવહારીકજ્ઞાન તેમજ ધાર્મિક જ્ઞાન સારું મેળવ્યું–વૈરાગ્યભાવનાથી ૧૮ વર્ષની વયે તેઓ અમૃતસરમાં પંજાબકેશરી ભારત

દિવાકર વિજયવલ્લભસૂરીશ્વરજી મહારાજશ્રીની પાસે સંવત ૧૯૬૪ના ચાતુર્માસ પૂર્ણ થયે ગયા. આચાર્યશ્રીએ ચારિત્ર ગ્રહણ કરવાને યોગ્ય જાણી પોતાના પ્રથમ શિષ્યરત્ન તપસ્વિજી મહારાજ શ્રી વિવેકવિજયજી મહારાજની પાસે તેમને મોકલ્યા અને સાથો સાથ જણાવ્યું કે તેમને દીક્ષા આપી તમારા શિષ્ય કરો અને તેમનું નામ ઉમંગવિજયજી રાખજો. સંવત ૧૯૬૪ કાર્તિક વદી. ૭ તાલધ્વજ (તળાજામાં) મહારાજ શ્રીએ ભાઈ પરમાનંદને દીક્ષા આપી પોતાના શિષ્ય તરીકે જાહેર કરવામાં આવ્યા. ઘણો ઉમંગ હોવાથી ઉમંગવિજયજી નામ પાડવામાં આવ્યું. તેઓ ધાર્મિક અભ્યાસ કરવામાં તેમજ ગુરૂની અને અન્ય સાધુઓની વૈયાવચ્ચ કરવામાં હંમેશા તત્પર રહેતા. તેઓશ્રીને ગણિ તથા પંન્યાસ પદવી સં. ૧૯૭૬ કાર્તિક વદ ૫ વાલી (રાજસ્થાન) પૂ. વિજયવલ્લભસૂરિશ્વરજી મ. શ્રીની અધ્યક્ષતામાં મહોત્સવ સહિત સંઘ સમક્ષ ખૂબ ધામધૂમથી અપાઈ હતી. તેમજ આચાર્ય પદવી પંજાબ કેશરી ભારત દિવાકર આચાર્ય વિજયવલ્લભસૂરિશ્વરજી મહારાજશ્રીની આજ્ઞાથી સં. ૧૯૯૨ વૈસાક સુદી ૬ સોમવારના રોજ વલાદમાં (અમદાવાદ) પૂજ્ય ગુરુદેવ તપસ્વીજી વિવેકવિજયજી મ. શ્રી આદિ તેમજ સંઘ સમક્ષ ખૂબજ ધામધૂમથી મહોત્સવ સહિત થઈ હતી. ગુરૂદેવ આચાર્યદેવ હંમેશા છેલ્લા ૨૫ વર્ષથી ઉવસ્સગ્ગહરંની ૨ માળાનો જાપ તેમજ ૧૦ નવકારવાળી બાધી ગણતા હતા. કદાચ રહી જાય તો બીજે દિવસે પુરી કરી આપતા. આચાર્ય મ. શ્રી એ સમરાદિત્ય ચરિત્ર-ચંદ્રરાજ ચરિત્ર સુદર્શના ચરિત્ર, દેવકુમાર ચરિત્ર—જગડુ ચરિત્ર, દ્વાત્રિંશિકા; ઉત્તરાધ્યયન ચરિત્ર પ્રકરણ, ઋષિમંડલવૃત્તિ આદિ ગ્રંથો સાધુ-સાધ્વીઓને વ્યાખ્યાનમાં ઘણા ઉપયોગી થઈ પડે તે માટે ભેટ તરીકે બહાર પાડ્યાં છે. પૂ. આચાર્ય મહારાજશ્રીની અધ્યક્ષતામાં ઉપધાનો, ઉદ્યાપનો, સંઘો, મહોત્સવો, પ્રતિષ્ઠાઓ, અંજનશલાકા, શાન્તિસ્નાત્રો, અષ્ટોત્તરી સ્નાત્રમહોત્સવો આદિ ગામોગામ, શહેરોમાં ઉજવવામાં આવ્યા છે. તેઓશ્રી સરળ સ્વભાવી, ગુણગ્રાહી, ધ્યાની, મૌની, તપસ્વી હતા. પ્રભુમહાવીરની જેમ ૭૨ વર્ષનું આયુષ્ય પૂર્ણ કરી ૫૪ વર્ષ દીક્ષા પર્યાય પાળી આપણી પાસેથી વિદાયગિરી લીધી. મુમુક્ષુઓને સંસારમાંથી કાઢી યોગ્યને દીક્ષા આપવામાં તેઓ ઘણાજ ઉમંગી અને ઉત્સાહી હતા. તેઓશ્રીના આત્માને ભવોભવ અખંડ શાશ્વત શાન્તિ રહો એજ અંતિમ પ્રાર્થના.

શ્રી મહાવીર વિદ્યાલય વડોદરા

શ્રી કસ્તુરભાઈ લાલભાઈના વરદ હસ્તે ઉદ્ઘાટન

શ્રી મહાવીર જૈન વિદ્યાલય—મુંબઈની વડોદરા શાખાના મકાનને મોટું બનાવવામાં આવ્યું છે તેની સાથે સાથે શેઠ શ્રી મંગળભાઈ હરે' શ્રી છગનલાલ લક્ષ્મીચંદ વકીલવાળા સભાગૃહ, શ્રી ઉમાભાઈ લીલાભાઈ સ્મારક પુસ્તકાલય તથા શ્રી મણિબહેન શિવલાલ સતવાદી અતિથિગૃહનાં મકાનો પણ તૈયાર કરવામાં આવ્યા છે; અને વિદ્યાલયના ચોકમાં શેઠ શ્રી જમનાદાસ કાળીદાસ ઝવેરીની આરસ—પ્રતિમા પણ મુકવામાં આવે છે.

આ ત્રણે મકાનોના ઉદ્ઘાટનનો અને આરસ પ્રતિમાના અનાવરણ વિધિનો સમારંભ આપણા દેશના જાણીતા ઉદ્યોગપતિ અને મભારત જૈન સંઘના નેતા શેઠ શ્રી કસ્તૂરભાઈ લાલભાઈના અધ્યક્ષસ્થાને તેઓશ્રીના વરદ હસ્તે, વડોદરા મુકામે. વિ. સં ૨૦૧૮ ના જેઠ સુદિ ૧૩, તા ૧૬-૬-૬૨ને શનિવારના રોજ સવારના ૯ વાગતાં વિદ્યાલયના પટાંગણમાં, આનંદ અને ઉત્સાહના વાતાવરણમાં ભવ્ય રીતે ઊજવાયો હતો. આ પ્રસંગે સભા તરફથી શુભેચ્છા અને સફળતા દર્શાવતો તાર કરવામાં આવ્યો હતો.

સમાલોચના

(૧) હિત—ચિંતન

લેખક:-પૂ. પં. શ્રી ધૂરંધરવિજયજી ગણિવર
પ્રકાશક:-શ્રી જૈન સાહિત્યવર્ધક સભા અમદાવાદ
પ્રાપ્તિસ્થાન:-શ્રી અમૃતસૂરીશ્વરજી જૈન જ્ઞાનમંદિર, બોરીવલી. મૂલ્ય-દોઢ રૂપિયો

પૂ ગણિવર્યના મુંબઈના શ્રી. નમિનાથજી જૈન ઉપાશ્રયમાં થયેલ ચાતુર્માસ પ્રસંગે ત્યાં પાટીયા ઉપર લખાયેલા ૧૧૦ સુંદર લખાણોનો આ સંગ્રહ છે. લખાણો ચિંતન અને મનન કરવા યોગ્ય છે.

(૨) વિહરમાન જિનસ્તવન વિંશતિકા

(ગુર્જરાનુવાદ સભાર્થ સહિત) અનુવાદક અને સંપાદક:-ડૉ-વલ્લભદાસભાઈ નેણશીભાઈ મહેતા મોરબી

મૂલ્ય આઠ આના

પૂ. દેવચંદ્રજી ગણિવર વિરચિત વિહરમાન જિનસ્તવન વિંશતિકાથી ડૉ. વલ્લભભાઈએ કરેલ આ અનુવાદ અગાઉ આ માસિકમાંજ છુટો છુટો પ્રસિદ્ધ થયેલ છે. આ પુસ્તકરૂપે પ્રસિદ્ધ કરેલ છે. આ સ્તવન સંગ્રહમાં ઉત્તમ તાત્ત્વિક ભક્તિનું નિરૂપણ છે. જીજ્ઞાસુઓએ વસાવવા યોગ્ય છે.

(૩) શ્રી વર્ધમાન તપ મહિમા

(૫૦૦ આયંબિલનો પ્રભાવ)

લેખક:-પૂ. મુ. શ્રી જયપદ્મવિજયજી મહારાજ
પ્રકાશક:-સૌરાષ્ટ્ર ઇલેક્ટ્રીક એન્ડ મેટલ ઇન્ડસ્ટ્રીઝ,

વર્ધમાનતપ કરવા માટે પ્રેરણા આપતી આ પુસ્તિકામાં વર્ધમાનતપનો મહિમા દર્શાવતું શ્રી મહ-કેવલીનું ચરિત્ર તેમજ શ્રી નમસ્કાર મહામંત્રના પ્રભાવ દર્શાવતા થોડા બનાવો આપવામાં આવ્યા છે. પ્રકાશન આવકારદાયક છે.

(૪) વિચાર—સૌરભ:—

લેખક:-પૂ. પં શ્રી કનકવિજયજી ગણિવર
પ્રેરક:- પૂ. પં શ્રી મહિમાવિજયજી ગણિવર
પ્રકાશક:-પૂ. મહેતા કાંતીલાલ રાયચંદભાઈ સાણંદ

સાદી અને સરળ ભાષામાં લખાયેલ આ પુસ્તિકામાં વાચવા અને વિચારવા યોગ્ય તેત્રીશ જુદા જુદા વિષયોને સમાવિષ્ટ કરવામાં આવ્યા છે. પ્રયાસ આવકારદાયક છે.

(૫) नयगोचहं भ्रमनिवाहरणम्

લેખક:-પૂ આચાર્ય મહારાજ શ્રી વિજયલાવણ્ય-સૂરીશ્વરજી મહારાજ
પ્રકાશક:-શ્રી જ્ઞાનોપાસક સમિતિ, બોટાદ

પં. ઈશ્વરચંદ્ર શર્માએ લખેલ અને પૂ યશોવિજયજી મહારાજ સંપાદન કરેલ नयना ज्ञानात्मक द्वन्द्वान्यकाउ स्वरूपम् નામની પુસ્તિકાના જવાબરૂપે તેજ ભાષામાં (સંસ્કૃત ભાષામાં) પૂ. આચાર્યશ્રીએ આ પુસ્તિકા લખેલ છે. નય અને પ્રમાણ વિષેના આ નિબંધના પં. ઇશ્વરચંદ્ર શર્માના લખાણ વિષે જાણીતા વિદ્વાન શ્રી દલસુખભાઈ માલવણિયા લખે છે કે, "પ્રમાણ અને નયની મૌલિક વિચારણા પાછળનું રહસ્ય સમજવાને બદલે તેમાં ત્રુટી શોધવા જવું એ યોગ્ય

ન કહેવાય, અને એ નહિ સમજીને લેખકે (શર્માએ) નકામું પીંજણ કર્યું છે અને પ્રકાશકે વળી તેને છાપીને કોઈ શાસનની સેવા કરી છે એમ તો ન જ કહેવાય." પં. શર્માના જવાબરૂપે લખાયેલ પૂ. આચાર્યશ્રીનું આ પ્રકાશન આદરપાત્ર છે.

(૬) અતીત જિનસ્તવન ચોવીસી

(ગુર્જરાનુવાદ સહિત)

અનુવાદક:-ડૉ. વલ્લભદાસભાઈ નેણશીભાઈ ગૈતા
પ્રકાશક:- ઝવેરભાઈ કેશરીબાઈ ઝવેરી

આ અગાઉ પૂ. દેવચંદ્રજી ગણિવર વિરચિત વિહરમાન જિન સ્તવન ચોવીશીનો અનુવાદ (ભાવાર્થ સહિત) ડૉ. વલ્લભદાસભાઈએ કરેલ છે. તેવી જ રીતે આ અનુવાદ પણ તેઓએ સુંદર રીતે કરેલ છે. ઉત્તમ તાત્ત્વિક ભક્તિની પ્રધાનતાવાળો આ સ્તવનસંગ્રહ ચિંતન અને મનન કરવા યોગ્ય છે. જિજ્ઞાસુઓએ વસાવવા યોગ્ય છે.

(૭) આતમના અજવાળાં

લેખક:-પૂ. પં. શ્રી પ્રવીણવિજયજી ગણિવર
સંપાદક:-પૂ. પં. શ્રી મહિમાવિજયજી ગણિવર
પ્રકાશક:- મહેતા કાંતીલાલ રાયચંદ [illegible]

લગભગ આઠેક વર્ષ પહેલાં આ પુસ્તકની પહેલી આવૃત્તિ ' અંતરના અજવાળા ' એ નામે પ્રસિદ્ધ થયેલ છે. આ ૧૦૬૨ ગ્રંથના આઠ ખંડ છે જેમાં પ્રથમના ૬ ખંડના લેખક પૂ. પં. શ્રી પ્રવીણવિજયજી ગણિવર્ય છે જ્યારે બાકીના બે ખંડ પૂ. પં. શ્રી મહિમાવિજયજી ગણિવરે લખ્યા છે. વિવિધ વિષયો ઉપરનો તાત્ત્વિક અને મહત્ત્વપૂર્ણ વિચારણાનો સુંદર પ્રવાહ આ લેખોમાં વહે છે. જિજ્ઞાસુઓને વાંચી જવા ભલામણ કરવા જેવો આ ગ્રંથ છે.

(૧૮) લલીત વિસ્તરા:-વિવેચનાત્મક ગુર્જરની

અનુવાદ, પ્રથમ વિભાગ [illegible]

અનુવાદક તથા વિવેચક:-પૂ. પં. શ્રી ભદ્રંકરવિજયજી ગણિવર [illegible]

૧૪૪૪ ગ્રંથના પ્રણેતા, સમર્થ, યુગપ્રધાન આચાર્ય મહારાજશ્રી હરિભદ્રસૂરિજી મહારાજે [illegible] વિસ્તરા જેવી રચના "નમોત્થુણં" સૂત્ર ઉપર [illegible] સારવા જેવા જ્ઞાનને આપના [illegible] કરી છે. ઉપમિતિ ભવપ્રપંચા કથાના વિદ્વાન કર્તા પૂ. શ્રી સિદ્ધર્ષિ ગણિ આ લલિતવિસ્તરાના વિસ્તારપૂર્વકના વાચનથી જૈન શાસનમાં સ્થિર થયા અને તેથી પોતાની કૃતિમાં આચાર્યશ્રી હરિભદ્રસૂરિજીને ઉપકારી માનીને નમસ્કાર કરેલ છે. આ ગ્રંથ તેના વિવેચન સહિત અનુવાદ છે. વિદ્વાન અનુવાદકશ્રી પૂ. પં. શ્રી તેમની ભૂમિકામાં કહે છે કે, "લલિતવિસ્તરા [illegible] અભ્યાસ કરવો એ કોઈ સાધારણ [illegible] નથી. એની પંક્તિએ પંક્તિએ ન્યાય ભરેલો છે, [illegible] છે, તર્કશાસ્ત્ર ગુંથેલું છે, વ્યાકરણ [illegible], અલંકાર અને સાહિત્ય પણ સાથે [illegible] થયેલા જોવા મળે છે. તેને વાંચવાનું કાર્ય [illegible] દુષ્કર છે તો પછી તેને ટેકા [illegible] જ નહિ પરંતુ વિચારવું, પચાવવું અને [illegible] કેટલું દુષ્કર ગણાય?" આ રીતે આ ગ્રંથ [illegible] ઉપયોગી ગ્રંથ છે [illegible] વાચક અને [illegible] કરવા યોગ્ય છે.

(૧૯) શ્રી જૈન ગુર્જર સાહિત્ય રત્નો

ભાગ-બીજો.

પ્રકાશક:-શેઠ નગીનભાઈ મંછુભાઈ જૈન [illegible] ફંડ વતી ભાઈચંદભાઈ નગીનભાઈ ઝવેરી, મુંબઈ
[illegible] ૨-૨૫

આ ગ્રંથમાં શ્રી ઋષભદેવ, શ્રી શાંતિનાથ, શ્રી નેમનાથ, શ્રી પાર્શ્વનાથ અને શ્રી મહાવીરસ્વામી એમ પાંચ [illegible] [illegible] કવિઓના [illegible] સ્તવનો [illegible] મુનિવરોના [illegible] છે. શ્રી [illegible] [illegible] ભક્તિના [illegible] [illegible] [illegible] કૃતિઓ [illegible] [illegible] આ ગ્રંથમાં [illegible] [illegible] [illegible] [illegible] અભ્યાસ કરવા જેવા છે.

'અહિંસા: આચારધર્મ'

આપણા દેશમાં સદ્‌ભાગ્યે જમાને જમાને ધર્મતત્ત્વનું ચિંતન કરનાર પ્રજાના જીવનમાં ધર્મની પ્રતિષ્ઠા કરવાનો, સર્વભૂત હિત-ચિંતા પ્રેર્યા પુરુષાર્થ કરનાર યુગપુરુષો નીપજ્યા છે. આ મહાપુરુષો પોતપોતાના સમયમાં પ્રજાજીવનને ઉન્નતિ પ્રતિ અભિમુખ કરવાનું અવતાર કાર્ય કરી ગયા છે. આ એક સમર્થ ધર્મચિંતક ને ધર્મ પ્રવર્તક મહાવીર સ્વામી આપણને પ્રથમ મળ્યા.

મહાવીર સ્વામીનો ધર્મવિષયક વિશિષ્ટ સંદેશ અને પ્રદાનશ તે અહિંસા છે આ એક એવું તત્ત્વ છે, જે જીવનના અસ્તિત્વના મૂળમાં રહેલું છે. જીવનના આધારરૂપ છે સંસ્કૃતિની યાત્રામા મનુષ્યે આજ સુધીમાં જે કંઈ મેળવ્યું છે સમાજ, રાજ, અર્થ આદિની વ્યવસ્થા તેના મૂળમાં એક આંતરિક સંવાદનું, મેળનું, બીજા પ્રત્યે એનુપદ્રવી રહેવાનું વલણ રહેલું સમજાય છે મનુષ્યનો મનુષ્યેત્તર સૃષ્ટિ સાથેનો સંબંધ પણ એકંદરે તો પરસ્પરના સહઅસ્તિત્વનો છે એટલે એમ કહી શકાય કે મનુષ્યને પોતાના તેમજ પોતાને ઉપયોગી એવી આ સૃષ્ટિના હિત ખાતર પણ અહિંસા ધર્મનું કંઈક અંશે પાલન કર્યા વગર ચાલે એમ નથી અને છતાં વિચિત્ર વાત તો એ છે કે મનુષ્યને અહિંસાનો બોધ આપવો પડે છે; એનું હિત એને સમજાવવું પડે છે.

અહિંસા મનુષ્યને સુખી થવાનું માત્ર સાધન જ નથી, એ તો પરમ સાધ્ય પણ છે. વ્યક્તિ સુખી થવા માટે બીજાને પીડે એ પણ સંભવિત છે. એટલે એણે બીજાના સુખનો હ્રાસ કર્યા વગર બીજાની સાથે સાથે જ સુખી થવાનું છે એ વાત સમજી લેવાની છે. આવું સમજાતાં પછી એને આપોઆપ અહિંસા સાધ્ય છે એમ સમજાઈ જશે આજે તો મનુષ્યને ભયમાં જીવતો ને સતત અસ્તિત્વના લોપનો ભય સેવતો બનાવી દીધો છે આ સંજોગમાં દયા માનવતા, પરસ્પર સહિષ્ણુતા, સહાનુભૂતિ એવા ગુણોની અનિવાર્ય જરૂર ઊભી થઈ છે. આ બધા ગુણો અહિંસાના જ અંશો છે અહિંસાનાં જ આચરણરૂપ સ્વરૂપો છે, એ સમજવું જોઈએ અહિંસા એ સત્ય કરતા વધુ સમજાય એવું ને આચારમા મૂકી શકાય એવું મત તત્ત્વ હોઈ એ દ્વારા સત્યનો સાક્ષાત્કાર કરવાની ગાંધીજી જેવા મહાપુરુષોની ખેવના હતી

આજે સૌથી વધુ આવશ્યક તો અહિંસાને તત્ત્વના રૂપમાં તરીકે નહિ પણ વાસ્તવ જીવનના પ્રવર્તતા એક બળ તરીકે જોવાની ને સમજવાની છે

જયંત પાઠક

'જનસંદેશ' તા. ૨૬-૫-૬૮

પ્રકાશક : ખીમચંદ ચાંપશી શાહ, શ્રી જૈન આત્માનંદ સભા વતી
મુદ્રક : હરિલાલ દેવચંદ શેઠ, શ્રી આનંદ પ્રી. પ્રેસ ભાવનગર

શ્રી આત્માનંદ પ્રકાશ

SHRI ATMANAND PRAKASH

मेरी भावना

मैत्री भाव जगत में मेरा सब जिवों से नित्य रहे,
दीन दुःखी जीवों पर मेरे उरसे करुणा स्रोत बहे।
दुर्जन—क्रूर—कुमार्ग रतों पर क्षोभ नहीं मुझको आवे,
साम्य भाव रक्खूं मैं उन पर ऐसी परिणति हो जावे॥

गुणी जनों को देख हृदय में मेरे प्रेम उमड़ आवे,
बने जहां तक उनकी सेवा करके यह मन सुख पावे।
होउ नहीं कृतघ्न कभी मैं द्रोह न मेरे उर आवे,
गुण ग्रहण का भाव रहे नित दृष्टि न दोषों पर जावे॥

પુસ્તક ૫૬
અંક ૬
૧૦

શ્રી જૈન આત્માનંદ સભા
ભાવનગર

અનુક્રમણિકા

	લેખ	લેખક	પૃષ્ઠ
૧.	પાપામાંથી મુક્તિ		૧૨૯
૨.	ક્રોધ ઉપર ક્રોધ કરો	સાહિત્યચંદ્ર બાલચંદ	૧૩૦
૩.	ભવિતવ્યતા	સાહિત્યચંદ્ર બાલચંદ	૧૩૧
૪.	અજારા તીર્થ	મુનિશ્રી વિશાલવિજયજી	૧૩૩
૫.	વિકૃતિ (૯ કે ૧૦) અને વિકૃતિગત (૩૦)	હિરાલાલ ર. કાપડિયા એમ. એ.	૧૩૫
૬.	સાધુ સંન્યાસીઓ સુગદષ્ટા બને	મુનિ નમિચંદ્ર	૧૪૧
૭.	સ્વીકાર સમાલોચના	—	૧૪૪

આ સભાના નવા માનવંતા આજીવન સભ્ય શેઠ જયન્તીલાલભાઇ હીરાચંદભાઈ-મુંબઇ

સભાને ભેટ

શ્રી ગોડીજી જૈન ઉદ્યાપન સમિતિ તરફથી પૂ. આ. વિજયધર્મસૂરીશ્વરજી મહારાજ સાહેબની પ્રેરણાથી મખમલ ઉપર જીંકનો છોડ -૧, પુંઠીયું -૧. તોરણ-૧ સ્વ શેઠશ્રી મોહનલાલ મગનલાલના ધર્મપત્ની રસિલાબહેન તરફથી સભાને ભેટ મળેલ છે તે બદલ સૌનો અમે આભાર માનીએ છીએ.

સ્વર્ગવાસ નોંધ

પૂ. પંન્યાસ શ્રી મહિમાવિજયજીનો લીંબડી ખાતે થયેલો સ્વર્ગવાસ

સ્વ. આચાર્ય શ્રીમદ્ વિજયલબ્ધિસૂરિશ્વરજી મહારાજના શિષ્ય પ્રસિધ્ધ વક્તા પં. શ્રી પ્રવિણ-વિજયજી ગણિવરના શિષ્ય પૂ. પં. શ્રી મહિમાવિજયજી મહારાજ ૫૩ વર્ષની ઉંમરે ૩૨ વર્ષ દીક્ષાપર્યાય પાળીને તા. ૮-૭-૬૨ રવિવારે કાળધર્મ પામતા તેઓશ્રીના અંતિમ દર્શનાર્થે સુરત મુંબઇ વિગેરે આજુબાજુ અનેક ગામોથી તેઓશ્રીના ભાવિક ભક્તો આવ્યા હતા તેઓશ્રીની સ્મશાનયાત્રા સાંજે ચાર વાગે નીકળતાં હજારો જૈન જૈનેતરો જોડાયા હતા તે નિમિત્તે દુકાનો બજારો બંધ રહ્યાં હતા તેઓશ્રીના આત્માને ભવો-ભવ અખંડ શાશ્વત શાંન્તિ રહે એજ અંતિમ પ્રાર્થના

વડોદરાના નામાંકિત ધારા શાસ્ત્રી શ્રીયુત નાગકુમારભાઈ મગાતી મુંબઇ મુકામે તા. ૨૦-૭-૬૨ને શુક્રવારના રોજ પંચાવન વર્ષની ઉંમરે સ્વર્ગવાસી થયેલ છે તેઓ ઘણી સંસ્થાઓ સાથે સંકળાયેલા હતા તેમણે સાહિત્યકાર તરીકે ઘણા પુસ્તકો લખ્યાં હતા આ સભા સ્વર્ગસ્થના આત્માની શાંતિ ઇચ્છે છે.

શેઠ ઉજમશી માણેકચંદ સંવત ૨૦૧૮ના અષાડ સુદી ૬ને રવીવારે તા. ૮-૭-૬૨ ૮૬ વર્ષની ઉમરે ભાવનગર મુકામે સ્વર્ગવાસી થયેલ છે તેઓ આપણી સભાના આજીવન સભાસદ હતા તેમના અવસાનથી સભાને એક લાયક સભાસદની ખોટ પડી છે તેમના આત્માને પરમકૃપાળુ પરમાત્મા શાંતિ આપે તેજ પ્રાર્થના

વર્ષ ૫૯મું] શ્રાવણ તા. ૭-૮-૯૨ [અંક ૧૦

પાપમાંથી મુક્તિ

એક મહાત્માની વાત છે. એક માણસે પૂછયું: 'મહારાજ, તમારૂં જીવન કેટલું સાદું અને કેટલું નિષ્પાપ છે! અમારૂં એવું કેમ નથી? તમે કદી કોઇપર ગુસ્સે થતા નથી, તમારે કોઇની સાથે તકરાર થતી નથી. તમે કેવા શાંત, પવિત્ર અને પ્રેમાળ છો.!'

મહાત્માએ કહ્યું 'મારી વાત કરવી હમણાં રહેવા દે, પરંતુ તારી બાબતમાં મને એક વાતની ખબર પડી છે કે તારૂં આજથી સાત દિવસ પછી મરણ થવાનું છે.'

મહાત્માએ કહેલી વાત ખોટી કોણ માને? સાત દિવસ પછી મરવાનું: ફક્ત એકસો ને અડસઠ કલાક બાકી! અરેરે! હવે શું થાય?

તે માણસ ઝટપટ ઘેર પહોંચ્યો. તેને કંઇ સુઝે નહિ. બધી સોંપણનોંધણની વાતો કરી. સોંપણનોંધણ કરી પણ દીધી પછી તે માંદો પડયો પથારીએ પડયો, છ દિવસ એમને એમ પસાર થયા. સાતમે દિવસે મહાત્મા તેની પાસે આવ્યા.

મહાત્માએપૂછયું : કેમ છે?

તેણે ઉત્તર આપ્યો : જાઉં છુ હવે.

મહાત્માએ પૂછયું આ છ દિવસમાં કેટલુ પાપ થયું? પાપના કેટલા વિચારો મનમાં ઊઠયા?

પેલો માણસ બોલ્યો: ગુરૂદેવ પાપનો વિચાર કરવાનો વખત જ કયાં હતો? નજર સમક્ષ મૃત્યુ એક સરખું ઘુમ્યા કરતુ હતું

મહાત્માએ કહ્યું : અમારૂ જીવન નિષ્પાપ કેમ હોય છે તે હવે સમજાયું? મરણનો વાઘ હંમેશા સામે ઘુરકતો હોય ત્યારે પાપ કરવાનું કયાંથી સુઝે?. પાપ કરવું હોય તેને માટે, પણ એક જાતની નિરાંત જોઇએ.

'મરણનું હમેશ સ્મરણ રાખવું' એ પાપમાંથી મુક્ત રહેવાનો એક માત્ર ઇલાજ છે મરણ સામે દેખાતું હોય ત્યારે કોની હિમતે માણસ પાપ કરશે?

ક્રોધ ઉપર ક્રોધ કરો

હરિગીત

આત્મા તણો છે પ્રબલ રિપુ જે ક્રોધ બાળે ગુણ ઘણા,
એ જ્ઞાન શોધી ભ્રષ્ટ કરતો બુદ્ધિ સાત્વિક ભાવના.
બહુ કાર્ય અઘટિત એ કરાવે ભાન ભૂલાવી સદા,
કરી ભ્રાંત, દૂષિત, વ્યગ્ર મનને એ હટાવે સર્વદા. ૧

સાક્ષાત અગ્નિ ધમધમે મનકુંડમાંહે એ બળે,
આખું શરીર ધ્રુજાવતો એ શુષ્ક કરતો નહીં ટળે,
દેખાય નહીં એ આંખથી પણ બાળતો એ નિત રહે,
પ્રત્યક્ષ પ્રલયાંગાર છે સાનિધ્ય એ ભવભવ લહે. ૨

ક્રોધી હરાવા યત્ન કરતો અન્યને નિજ ક્રોધથી,
પણ એ હરાયે નિજતણા શુભ અખિલ સાત્વિક બોધથી,
કં મેળવે નહીં પણ ગુમાવે આત્મશક્તિ સહેજમાં,
વ્યવહાર એ ઉલટો એ કરે છે ક્રોધથી સંસારમાં. ૩

જો ક્રોધ કરવા ધારતા હો ક્રોધ ઉપર એ કરો
એ ક્રોધરિપુને તિવ્ર ક્રોધે દૂર હાંકી સંહરો.
જો ક્રોધ જાશે ચિત્તથી તો ક્ષમા, શાંતિ આવશે
આનંદ, મંગલ, શુભમતિથી આત્મ ઉન્નતિ લાવશે. ૪

એ ક્રોધ સહુને બાળતો સુખશાંતિ મનની હારતો,
મૈત્રીતણો કરી નાશ રિપુ વિવિધ અહીં પ્રગટાવતો.
નવનવીન કારણ ક્રોધના એ નિત્ય મનમાં રોપતો,
જેનો ન દીઠો અંત કો’ દી, શાંતિ મનની હારતો. ૫

કોઇ કરે જો ક્રોધ અમપર છે ક્ષમા ઔષધ ભલું,
‘ક્રોધે ન જાયે ક્રોધ કદી’ પણ શાંતિ આપે સુખ બહુ.
માટે ન કરવો ક્રોધ કો’દી; એ રિપુ છે આપણો.
બાલેંદુ વિનવે શાંતિ ધરવી માર્ગ એ છે મુક્તિનો. ૬

સાહિત્યચંદ્ર બાલચંદ હીરાચંદ-માલેગામ.

ભવિતવ્યતા !

(લેખકઃ—સાહિત્યચંદ્ર બાલચંદ હીરાચંદ માલેગામ)

એક ગ્રંથકારે પોતાનો ગ્રંથ લગભગ બે વરસના સતત પ્રયત્નથી બનાવ્યો હતો. તે માટે ઘણા ગ્રંથોનું અવલોકન તેમણે કર્યું હતું. સંદર્ભ ગ્રંથોમાંથી ટિપ્પણિઓ તેમાં મૂકી હતી, અને પોતાની પ્રતિભાથી સિદ્ધાંતોનો મેળ મેળવી પોતાના નિષ્કર્ષોને પુષ્ટ કર્યા હતા. એવી રીતે તે ગ્રંથ લખવામાં તેમણે ખૂબ પરિશ્રમ કરેલ હતો. તે ગ્રંથની પાંડુલીપિ એટલે છાપખાના માટે કોપી તૈયાર કરી હતી. તે વારંવાર તપાસી ગ્રંથ વિદ્વદ્‌ભોગ્ય તૈયાર કરેલો હતો અને તે વાચી ગ્રંથકારે ખૂબ સમાધાન અને આનંદ અનુભવ્યો હતો.

પ્રેસ તરફ મોકલવા માટે તેને સારી રીતે પેક કર્યો હતો. અને પારસલ રજીસ્ટર્ડ કરવા માટે વધુ ટિકિટો પણ ચોડી હતી. અને પોસ્ટની રસીદ પણ મેળવી રાખી હતી. અને સાથે જ એક સાદા કવરમાં પ્રેસવાળાને અમુક ગ્રંથ મોકલવામાં આવ્યો છે એવો નિર્દેશ પણ કર્યો હતો. એટલે એ ગ્રંથ માટે જેટલી કાળજી લેવાની જરૂર હતી તેટલી પૂરી રીતે લેવામાં આવેલી હતી.

મુંબઈની પોસ્ટ ઓફિસમાં યથા સમયે પારસલ પહોંચી ગયું. ત્યાંની પદ્ધતિ મુજબ સાદી ટપાલ લઈ પોસ્ટમેન નિકળી ગયો. અને પ્રેસમાં સાદો કાગળ પહોંચાડી દીધો. અને પ્રેસનો મેનેજર પારસલની રાહ જોતો રહ્યો.

રજીસ્ટર્ડ પારસલો વિગેરે લેઈ જવા માટે પોસ્ટમેન તૈયારી કરી રહ્યા હતા. એટલામાં અકસ્માત પોસ્ટ ઓફીસમાં આગ ભભૂકી ઊઠી. અને પેલા ગ્રંથનું પારસલ આગે ક્ષણવારમાં ભસ્મસાત કરી નાખ્યું ! કેવી ભવિતવ્યતા ! નિયતિનો કેવો કઠોર ન્યાય ! બબ્બે વરસોનાં બુદ્ધિ અને જ્ઞાનના પરિશ્રમો એક ક્ષણવારમાં ધૂળ ભેગાં કરી મૂક્યા. અગ્નિને ક્યાં દરકાર હતી કે, ગ્રંથકારને કેવું દારૂણ દુઃખ પડશે ! અને ગ્રંથના જ્ઞાનથી હજારો જિજ્ઞાસુ જ્ઞાન પિપાસુઓને વંચિત રહેવું પડશે !

એવો હોય છે ભવિતવ્યતાનો ન્યાય ! આપણે ગમે તેટલું વિચારપૂર્વક અને સાવચેતી રાખી કરેલું કાર્ય એને મંજુર નહીં હોય તો તે ક્ષણવારમાં કાળના મુખમાં પડેલી જ છે.

કોઈપણ કાર્ય સિદ્ધ થવા માટે કાળ, સ્વભાવ, ઉદ્યમ, કર્મ સાથે ભવિતવ્યતા કે નિયતિની અનુકૂલતા હોવી જોઈએ. એટલી ખામી રહી જાય તો કાર્ય સિદ્ધિ થતી નથી.

ગ્રંથકારે પ્રેસને કોપી મોકલવા માટેની બધી શરતો પૂરી કરેલી હતી. પોસ્ટ ખાતાના બધા નિયમો યથાસ્થિત પાળવામાં આવ્યા હતા. અને ટપાલ ખાતાએ પણ તે ગ્રંથને ઇચ્છિત સ્થળે પહોંચાડવાની બધી અનુકૂલતા કરી આપેલી હતી. અને ઇચ્છિત સ્થળના નજીકમાં તે ગ્રંથ પહોંચાડી પણ આપેલો હતો. પણ વસ્તુ સિદ્ધિમાં એક કારણ પ્રતિકૂલ થઈ પડ્યું. અને બધી બાજી ઉલટી ગઈ. અને બધી ખટપટ ક્ષણવારમાં નષ્ટભ્રષ્ટ થઈ અને તદ્દન સન્નિધ આવેલી સિદ્ધિ જતી રહી. એનું કારણ ભવિતવ્યતાની પ્રતિકૂલતા હતું એ સ્પષ્ટ જોવામાં આવે છે,

એવી ઘટનાઓ જગતમાં નિત્ય થયા જ કરે છે. એક ખેડુત પોતાની બળદની જોડી લઈ જંગલમાં જઈ રહ્યો હતો. એવામાં સુંસવાટ કરતો પવન આવવા માંડ્યો. આકાશ વાદળાઓથી ઘેરાઈ ગયું. વિજળીના ધડાકા થવા માંડ્યા. નજીકના આંબાના ઝાડ નીચે ખેડુતે આશરો લીધો. હવાના જોરથી કેરીની એક લુંબ જમીન ઉપર પડી. ખેડુત તે લેવા રોકાયો. અને બળદની જોડીથી આઘો થયો.

એટલામાં વિજળીનો કડાકો થયો. બન્ને બળદો મૃત્યુ પામ્યા. અને પેલો ખેડુત મૂર્છિત થઈ પડ્યો. પણ ભવિતવ્યતાની મદદથી કાળના મ્હોંમાંથી પાછો ફર્યો! એનું નામ નિયતિ!

એ ઉપરથી આપણે શું બોધ તારવવાના? જે થવાનું હશે તે થશે. આપણે એ ફેરવી શકીએ તેમ નથી, માટે છાનામાના બેસી રહેવું? અને એક પ્રેક્ષકની માફક ટગર ટગર જોયા કરવું? ના. એમ કહીને નહીં ચાલે. આપણે તો સમજણપૂર્વક અને જ્ઞાનીઓએ બતાવેલ માર્ગે કાર્ય કરે જ જવું જોઈએ. પુરૂષાર્થ ફેરવેજ જવું યોગ્ય છે. કારણકે બધી સિદ્ધિઓ પુરૂષાર્થથી જ થઈ શકે છે જે સ્થગિત થઈ બેશી રહે. કરગ પર હાથ મૂકી બેશી રહે, તેના મ્હોંમાં કોળીઓ શી રીતે આવી પડે? તેના હૃદય મંદિરમાં અજવાળુ ક્યાંથી પ્રગટે? આપણે તો કાર્યસિદ્ધિ માટેના બધા જ કારણો અનુકૂલ કરી લેવા પ્રયત્નશીલ રહેવાનું છે. સાવચેત રહેવું જોઈએ. અને ત્યાર પછી ભવિતવ્યતા જે કરે તેની રાહ જોઈ શકાય ત્યાં સુધી નહીં. કદાચિત્ ભવિતવ્ય આપણી અનુકૂલ પ્રવૃત્તિની ગઠ જોતું હોય. અને આપણી યત્કિંચિત્ ભૂલ કે પ્રમાદથી તે ફરી જવાનો પણ સંભવ હોય! ભવિષ્યના અંધાગમાં શું છુપાએલુ છે તે આપણે જાણતા નથી. તે માટે જ આપણે પુરૂષાર્થ ફેરવતા જ રહેવાનું છે. પ્રમાદથી કોઈનું હિત થએલું આપણા જાણવામાં નથી.

ઘણા લોકો કાંઈક પુણ્ય સમજીને કાર્ય કરે છે, અને બીજે જ દિવસે તેના ફળની અપેક્ષા રાખે છે, એ કેવું સુસંગત હોય? પુણ્ય સમજીને જે કાર્ય કરવામાં આવે છે તેમાં પોતાની તન્મયતા કેટલી છે અને પોતાના ત્યાગની માત્રા એમાં કેટલી છે, એનો જરાએ એ વિચાર કરતો નથી. તેમજ ફળની અપેક્ષા રાખી કરેલું પુણ્યકાર્ય પણ કેવું નિષ્ફળ જેવું નિવડે છે એની જરાએ દરકાર હોતી નથી. એ તો એમજ સમજે છે કે, આપણે બજારમાં જઈએ, સાથે થોડા પૈસા હોય, ત્યારે શાકભાજી ખરીદી ઘેરે લાવી શકાય. તેવી જ રીતે દાન પુણ્યના નામે આમતેમ પૈસા ખરચી નાખીએ ત્યારે તેનું ફળ તો મળવું જ જોઈએ. અને આવું ફળ હાથમાં નહીં આવે ત્યારે એવી જાતનું પુણ્ય કરવામાં કાંઈ અર્થ નહી એવી બુદ્ધિ મનમાં સ્થિર થઈ જાય. માટે જ ફળ મેળવવાની આકાંક્ષા રાખ્યા વગર નિઃસ્વાર્થ બુદ્ધિ રાખી, કર્તવ્ય સમજી કરેલું હોય તેવું પુણ્ય જ ફલ આપનારૂ નિવડે અને એ ફલ પણ તેનાં નિયમોને અનુસરી તેવો પરિપાક થાય ત્યારે જ મળવાનું! આપણી અજ્ઞાન જન્ય ઉતાવળથી નહીં! કદાચ એવું ફળ ભવિષ્યના જન્મોમાં પણ મળે, પણ કર્મના આઘાતો અને પ્રત્યાઘાતો નિષ્ફળ તો જાય જ નહીં.

ભગવદ્ગીતામાં પણ કહ્યું છે કે, તમારો અધિકાર કર્મ કરવા પુરતો જ છે. ફળની અપેક્ષાનો નહીં. તેનું ફળ તો યથા કાળે મળી જ જવાનું છે. માટે તમારે સત્કર્મ કરે જ જવું જોઈએ. ભવિતવ્યતાના રૂપમાં તમારા આત્મા સાથે તે નિગડિત થઈ ગયેલું જ હોય છે.

કોઈ પણ સારું કે માઠું કર્મ જેવા હેતુથી અને જેવી ભાવનાથી કરેલું હોય છે તેવા રૂપમાં બીજા કારણો સાથે ભવિતવ્યતાનું જોર વધતા ફળી ભૂત થયા વગર રહેતું નથી.

હસતા કરેલાં કર્મો રોઈને પણ ભોગવવાનાં હોય છે. કર્તવ્ય અને નિઃસ્વાર્થ બુદ્ધિથી બનેલાં કર્મો પુણ્યરૂપે પરિણમી આત્માને ઉચે ચઢાવે છે.

ઈત્યલમ

અજારા તીર્થ

લેખક:-શ્રી વૃદ્ધિધર્મજયંતોપાસક મુનિ મહારાજ શ્રી વિશાળવિજયજી

સૌરાષ્ટ્રના સોરઠ પ્રાંતમાં દરિયા કિનારે આવેલાં જૈનોનાં તીર્થધામોનો ઇતિહાસ આલેખવાનો ઉદ્દેશ છે. તેથી અજારા, ઉના, દીવ, દેલવાડા, પ્રભાસ પાટણ તેમજ આ તીર્થોની નજીકમાં આવેલાં કોડીનાર, વેરાવળ, માંગરોલ, વંથળી વગેરે ગામોનાં જૈન મંદિરો અને તેના ઇતિહાસ આપવા પ્રયત્ન કરીશું.

ઉનાથી ૧।। માઈલ દૂર જૈનોનું અજારા પાર્શ્વનાથ નામે તીર્થ છે. ઉનામાં આવેલા શ્રી હીરવિજયસૂરિશ્વર આદિના સ્તૂપના બગીચાથી ।।। ગાઉ દૂર છે. અજારા આજે એક નાનું ગામડું છે પણ પ્રાચીન કાળમાં તે એક મોટું નગર હતું. એ વિશે આગળ જણાવીશું.

અજારા ગામ પ્રભાસ પાટણથી ૨૨ કોશ દૂર છે વેરાવલ પ્રભાસ પાટણથી રેલ્વે રસ્તે, મુંબઈ કે ભાવનગરથી જળમાર્ગે સ્ટીમર દ્વારા અને રાજુલા-કુંડલાથી મોટર રસ્તે અહીં આવી શકાય છે રસ્તો સુગમ છે.

અજારા, ઉના, દીવ, દેલવાડા એક—બીજાથી એક-બે કોશના અંતરે આવેલાં ગામો છે.

વર્તમાન સ્થિતિ

'અજારઈ હો દાદઈ આણંદ'

(પ્રા. તી. પૃ. ૭૧ કડી ૧૯)

અજારા ગામના છેડા ઉપર અજારા પાર્શ્વનાથનું શિખરબંધી જૈન મંદિર આવેલું છે. આ જિનાલયમાં ત્રણ ગભારા છે.

વચ્ચેના મૂળ ગભારામાં મૂળનાયક શ્રી અજારા પાર્શ્વનાથ ભગવંતની ત્રણ તીર્થીની ભવ્ય આરસ પ્રતિમા છે. સં. ૧૯૫૫ અને સં. ૧૯૭૯ની સાલમાં જૂનો લેપ કાઢી નાખીને જ્યારે નવો લેપ કરવામાં આવ્યો ત્યારે એ બિંબ ઘણું પુરાતન હોય એવો ભાસ થતો હતો. લેપ કર્યા પછી આ બિંબ અતિ મનોહર લાગે છે.

આપણી જમણી બાજુના ગભારામાં મૂળનાયક શ્રી ચિંતામણિ પાર્શ્વનાથની શ્યામ આરસની પંચતીર્થી પ્રતિમા બિરાજમાન છે. તેની ગાદી પ્રાચીન-શિલ્પયુક્ત છે. એના ઉપર લેખ છે તેનો ભાવાર્થ આ પ્રકારે છે—

સં. ૧૩૪૩ના માઘ વદિ ૨ને શનિવારના રોજ મહેતા લાખણના પુત્ર વીરમ, તેના પુત્ર વાસણે પોતાના કલ્યાણ માટે શ્રી પાર્શ્વનાથ ભગવાનની પ્રતિષ્ઠા કરાવી—

આ પ્રતિમા સં. ૧૯૩૬ની સાલમાં આ ગામના સીમાડાની જમીનમાંથી કાઉસગ્ગિયા, પરિકર, યક્ષ, યક્ષિણી સાથે નવગ્રહ સહિત શ્રી ચિંતામણી પાર્શ્વનાથની શ્યામ મૂર્તિ પણ મળી આવી હતી.

આ ગભારામાં મૂળનાયક સહિત આરસનાં ત્રણ બિંબો છે.

ડાબી બાજુના ત્રીજા ગભારામાં ભ. મહાવીરસ્વામીની એકલ તીર્થી આરસ પ્રતિમા છે. મૂળનાયક સહિત આરસનાં ત્રણ બિંબો છે. આરસનો એક ચોવીશીનો ખંડિત પટ્ટ છે. તેના ઉપર લેખ પણ છે.

શ્રી ગૌતમસ્વામી ગણધરની આરસની એક નાની મૂર્તિ છે ગરદન પાછળ ઓઘો છે. એક હાથમાં નવકારવાળી છે, ને બીજા હાથમાં મુહપત્તિ છે. તેના ઉપર લેખ નથી.

મૂળ ગભારાની બહાર બન્ને બાજુએ એકેક કાઉસગ્ગિયા પ્રતિમા છે, તે પરિકર સાથેના છે. ૪ ફુટ, ૯ ઇંચની ઊંચાઈ છે. બંને કાઉસગ્ગિયાની નીચેના ભાગમાં દેવી છે, તે પછી બાજુની પાંચ

દ્વારમાં એકેક ભગવાન છે. કાઉસગ્ગિયાનાં કાન પાસે એકેક માળાને ધારણ કરનારા પુરુષો છે. તે પછી બંને બાજુએ એકેક હાથી છે ને હાથી ઉપર ભગવાનની મૂર્તિ છે. કાઉસગ્ગિયાના પગ પાસે બંને બાજુએ એકેક ચામરધર ઇંદ્ર ચામર ઢોળી રહ્યા છે. નીચે બંને બાજુએ મળીને એક તરફ શ્રાવક અને બીજી તરફ શ્રાવિકાની કૃતિ હાથ જોડીને ચૈત્યવંદન કરતાં હોય તેમ બેઠેલી છે. એક કાઉસગ્ગિયા મૂર્તિ આદીશ્વર ભગવાનની છે જ્યારે બીજી કાઉસગ્ગિયા પ્રતિમા ભ. મહાવીરસ્વામીની છે. નીચે જે શેઠ–શેઠાણીની કૃતિ છે તેણે જ આ કાઉસગ્ગિયા પ્રતિમા ભરાવેલી લાગે છે. એક જ ભક્ત શેઠે આ બંને પ્રતિમાઓ ભરાવી હોય એમ જણાય છે.

આ મૂર્તિઓ નીચે લેખ છે, તેનો ભાવાર્થ આ પ્રકારે છે—

સં. ૧૩૨૩ના જેઠ વદિ ૮ને ગુરુવારે શ્રી ઉદય-પ્રભસૂરિની પાટે થયેલા શ્રી મહેન્દ્રસૂરિએ પ્રતિષ્ઠા કરી.

આ લેખ પૂરેપૂરો વંચાતો નથી.

આ બંને કાઉસગ્ગિયા પ્રતિમાઓ સં. ૧૯૪૦ માં અહીંના પ્રસિદ્ધ અજયપાળના ચોતરા નજદીક ખોદકામ કરતાં નીકળી આવેલ છે.

સભામંડપમાં દક્ષિણ તેમજ ઉત્તર દિશા તરફની દિવાલમાં એક ગોખલો છે. તેમાં શ્રાવકનાં પગલાંની એકેક જોડ છે.

સભામંડપની દક્ષિણ તરફની દિવાલમાં ઊંચે એક શિલાલેખ છે. શ્વેત પથ્થરમાં ઉત્કીર્ણ લેખની પહોળાઈ આશરે ૧ ફુટ અને ઊંચાઈ ૧ા ફુટ છે. તેનો ભાવાર્થ આ પ્રકારે છે.

સં. ૧૬૭૭ના વૈશાખ સુદ ૩ રોહિણીને મંગળવારે ઊનાનિવાસી શ્રીમાલી જીવરાજ દોશીના પુત્ર કુંવરજી દોશીએ દીવાના સંઘની સહાયતાથી શ્રીવિજયદેવસુરી મહારાજની વિદ્યમાનતામાં આ મંદિરનો જીર્ણોદ્ધાર કરાવ્યો. આ ચૌદમો જીર્ણોદ્ધાર છે.

शिलालेखः ॥

પહેલો શ્લોક ખંડિત થયેલો હોવાથી વાંચી શકાય તેમ નથી તેથી આપ્યો નથી. ॥ १ ॥

श्रीमद्विक्रमतः संवत् मुनि–राशि–रसेन्दुके
(१६७७) ।
वर्षे वैशाखमासेन्दुर्वाधपक्षेऽर्कभूदिने । २ ॥
अक्षयायां तृतीयायां रोहिण्याख्ये नवार्बुदे ।
एवं पूर्वशुभे घस्रे जीर्णः प्रासाद उद्धृतः ॥३॥
श्रीमत्पार्श्वजिनेन्द्रस्य कल्याणफलहेतवे ।
श्रीमत्यामजापुर्यां च ध्रुवायां तीर्थसंसदि ॥४॥
श्री श्रीमालिकुलाम्भोधिचन्द्रेण सितकीर्तिना ।
दोसी श्रीजीवराजाहसुतेन गुणशालिना ॥५॥
सद्धर्मचारिणा हर्षादुन्नतपुरवासिना ।
श्रीमत्कुंवरजी नाम्ना सद्व्ययस्य व्ययेन च ॥६॥
साहाय्याद् श्रीपसंघस्य गुरुदेवप्रसादतः ।
जाता कार्यस्य संसिद्धिः पुण्यैः किं किं न
सिद्ध्यति ॥७॥
श्रीमत्तपागणाधीशश्री हीरविजयप्रभोः ।
पट्टे श्रीविजयसेनसूरिः परमभाग्यवान् ॥८॥
तत्पट्टेऽभिविराजति सुगुरौ श्रीविजयदेवसूरीन्द्रे
निष्पन्नोऽयं पुण्यः प्रासादवरश्चिरं जीयात् ॥९॥
तस्य दक्षिणदिग्भागे सद्भद्ररचनान्विते ।
स्तूपे श्रीऋषभस्वामिपादुकेऽत्र महाद्भुते ॥१०॥
पूजनीयाः शुभाः श्लाघ्या गुरूणां तत्र पादुकाः ।
कारिता मदनाख्येन दोसिना वालयाऽन्विता ॥११॥
धर्मशाला विशाला च सा भाईकेन निर्मिता ॥
माहात्म्याद् वरसङ्घस्य दोसीसङ्घस्य तुष्टये ॥१२॥
पण्डितगणमौलिमणेः तार्किक सिद्धान्तवाद–
शास्त्राब्धेः ।
श्रीमद् कल्याणकुशलसुगुरोश्चरणप्रसादेन ॥१३॥
सच्छिष्यस्य सुबुद्धेर्विदुषः सुयतेर्दयकुशलनाम्नः
महतोद्यमेन कृत्यं सिद्धं श्रीभगवतः कृपया ॥१४॥
रम्यो जीर्णोद्धारः श्रीपार्श्वनाथान्वितोऽर्च्यमानश्च
आचन्द्रार्कं राजतु सज्जनजनसुखकरो नित्यम्
॥ १५

વિકૃતિ (૯ કે ૧૦) અને વિકૃતિગત (૩૦)

(લે. પ્રો. હીરાલાલ ર. કાપડીયા એમ. એ.)

'વિકૃતિ' એ સંસ્કૃત ભાષાનો શબ્દ છે. એને માટેનો પાઇય (પ્રાકૃત) શબ્દ 'વિગઈ' છે. એ 'વિગઈ' શબ્દ જૈન સાહિત્યમાં બે અર્થમાં વપરાયો છે, (૧) વિકાર અને (૨) વિકારજનક ખાવા-પીવાની વસ્તુ. પ્રથમ અર્થવાચક 'વિગઈ' શબ્દ ઉત્તરજ્ઝયણ (અ. ૩૨)ના ૧૦૧માં પદ્યમાં જોવાય છે ખરો, પરંતુ એ અત્ર પ્રસ્તુત નથી. દ્વિતીય અર્થવાચક શબ્દ વિવિધ જૈન ગ્રંથોમાં નજરે પડે છે. એ પૈકી કેટલાકની નોંધ આ લેખમાં હું લેનાર છું. 'વિગઈ'ને બદલે કેટલાક જૈનો 'વિગય' શબ્દનો વ્યવહાર કરે છે.

નાયાધમ્મકહા (સુય૦ ૧, અ ૮, સુત્ત ૬૪, પત્ર ૧૨૨ આમાં 'વિગઈ' શબ્દ દ્વિતીય અર્થમાં વપરાયો છે.

સંખ્યા—ઠાણ (ઠા ૯, સુત્ત ૬૭૮)માં નીચે મુજબની નવ વિકૃતિઓ ગણાવાઈ છે. (૧) દૂધ, (૨) દહીં, (૩) માખણ, (૪) ઘી, (૫) તેલ, (૬) ગોળ, (૭) મધ, (૮) મદ્ય અને (૯) માંસ.

પજ્જોસવણાકપ્પમાંની પાંચમી સામાયારી (સામાચારી)મા પણ આ જ નવ વિકૃતિઓનો ઉલ્લેખ છે. **આવસ્સયની** નિજ્જુત્તિ (ગા. ૧૬૦૧) ની સમજાવવાળી હરિભદ્રસૂરિએ રચેલી ટીકા (પત્ર અ,)માં તેમજ **પંચવત્થુગ** (ગા. ૩૭૧) મા ઉપર્યુક્ત નવ વિકૃતિઓ ઉપરાંત 'અવગાહિમક' નામની દસમી વિકૃતિ દર્શાવાઇ છે. **પચ્ચખાણભાસ** (ગા. ૩૦)માં પણ દસ વિકૃતિઓ દર્શાવાઇ છે. એમાં 'અવગાહિમક'ને બદલે 'પકવાન'નો ઉલ્લેખ છે.

વર્ગીકરણ-ઠાણ (ઠા. ૪, સુત્ત ૨૭૪) માં વિકૃતિઓમાં ત્રણ વર્ગ પડાયા છે: (૧) ગોરસ-વિકૃતિ, (૨) સ્નેહ-વિકૃતિ અને (૩) મહાવિકૃતિ. વિશેષમાં અહીં પ્રત્યેક વર્ગમાં ચચ્ચાર વિકૃતિઓનો નીચે પ્રમાણે નિર્દેશ છે:—

ગોરસ-વિકૃતિઓ ચાર છે: (૧) દૂધ, (૨) દહીં, (૩) ઘી અને (૪) માખણ.

સ્નેહ-વિકૃતિઓ ચાર છે: (૧) તેલ, (૨) ઘી, (૩) ચરબી અને (૪) માખણ

મહાવિકૃતિઓ ચાર છે: (૧) મધ, (૨) માંસ, (૩) મદ્ય અને (૪) માખણ.

આ ઉપરથી જોઇ શકાશે કે માખણ એ ત્રણે વર્ગની વિકૃતિ છે, જ્યારે ઘી ગોરસ-વિકૃતિ તેમજ સ્નેહ-વિકૃતિ એમ બે વર્ગની છે, અને બાકીની તો કોઇ એક જ વર્ગની છે. વિશેષમાં આ વર્ગીકરણમાં -ત્રણ વર્ગના પ્રકારોમાં 'ગોળ' નો ઉલ્લેખ નથી; એને બદલે ચરબીનો છે. ગમે તેમ પણ અહીં પણ નવ જ વિકૃતિઓ દર્શાવાઇ છે.

"संवत् १६७७ वर्षे वैशाख सुदि ३ शनौ श्री अजारापुर महातीर्थ जीर्णोद्धारो जातः। श्री तपागच्छे भट्टारक प्रभुश्री पू० श्री विजयदेवसूरिविजयराज्ये पं. श्री मेरुमुनीन्द्रगणि शिष्य पं. श्री कल्याणकुशलगणि शिष्य पं० श्रीदयाकुशलगणि शिष्येण प्रशस्तिरियं लिखिता गणि भक्तिकुशलेन । श्रीरस्तु ॥"

સભામંડપની બહાર ભમતીમાં જવાના બંને તરફ દરવાજા છે તેની પાસેના ગોખલામાં એક ઘંટ છે એ ઘંટનું વજન ૩૫ રતલ છે. તેના ઉપર આ પ્રકારે લેખ છે.

"श्री अजारापार्श्वनाथ सं. सं. १०३४ शा. रायचंद जेचंद ॥"

બીજો ઘંટ અહીં હતો તેના ઉપર પણ લેખ હતો તેનો ભાવાર્થ આ પ્રકારે હતો.

સં. ૧૬૬૨ના અષાઢ સુદિ ૨ ઊનાવસ્તવ્ય શ્રં જમપાલભાર્યા બાઈ હબકબાઇના પુણ્યાર્થે ઘંટ કારિત.

આ ઘંટ હવે અહીં જણાતો નથી.

દશ વિકૃતિઓના અવાંતર ભેદો–દૂધમાં પાંચ પ્રકારો છેઃ (૧) ગાયનું, (૨) ભેંસનું, (૩) ઊંટડીનું, (૪) બકરીનું અને (૫) ઘેટીનું. મનુષ્ય–સ્ત્રી[૧] વગેરેનું દૂધ વિકૃતિ નથી.

દહીંના ચાર પ્રકારો છેઃ ઉપર્યુક્ત પાંચ પ્રકારના દૂધ પૈકી ઊંટડીના દૂધ સિવાયનાં દૂધમાંથી બનાવેલાં દહીં.

માખણના પણ તેમજ ઘીના પણ એ જ રીતે ચચ્ચાર પ્રકાર છેઃ આનું કારણ એ છે કે ઊંટડીના દૂધમાંથી દહીં, માખણ કે ઘી બનતું નથી, કેમકે એમાં 'સરઢ[૨] હોય છે એમ **પવયણસારુદ્ધાર** (ગા. ૨૧૮)ની **તત્ત્વપ્રકાશિની** નામની વૃત્તિ (પત્ર ૫૩ આ)માં કહ્યું છે.

તેલના ચાર પ્રકાર વિકૃતિ ગણાય છેઃ (૧) તલનું, (૨) અલસીનું, (૩) કુસુંભનું[૩] (કસુંબાનું), અને (૪) સરસવનું (સરસિયું). ડોલ, મહુડાનાં ફળ, નાળિયેર, એરંડિયા, શિંશપા વગેરેનાં તેલ વિકૃતિ નથી. આથી જોઈ શકાશે કે ડોળિયું (મહુડાના ડોળનું તેલ), કોપરેલ, એરંડિયું (દિવેલ) વગેરે વિકૃતિ નથી. કેટલાક આવા તેલ તરીકે ભોંયસિંગનું તેમજ કપાસિયાનું તેલ પણ ગણાવે છે

ગોળના બે પ્રકાર છેઃ (૧) દ્રવ–ગોળ અને (૨) પિંડ–ગોળ દ્રવ–ગોળ એટલે ઢીલો–રાબડિયો રસરૂપ ગોળ અને પિંડ–ગોળ એટલે કાઠો ગોળ.

મદ્યના બે પ્રકાર વિકૃતિ છેઃ (૧) કાષ્ઠ–નિષ્પન્ન અને (૨) પિષ્ટ–નિષ્પન્ન. કાષ્ઠ–નિષ્પન્ન એટલે શેરડી, તાડ વગેરેમાંથી બનાવાયેલો અને પિષ્ટ-નિષ્પન્ન એટલે પષ્ટિકા, કોદ્રવ. (કોદરા), ચોખા વગેરેમાંથી બનાવાયેલો. 'પષ્ટિકા'નો અર્થ 'સાઠી ચોખા' કરાય છે.

મધના ત્રણ પ્રકારો વિકૃતિ છેઃ (૧) માખીએ બનાવેલ, (૨) [૧]કુત્તિકાએ બનાવેલ અને (૩) ભમરાએ બનાવેલ. 'કુત્તિકા'નો અર્થ જંગલમાં થનારાં અને વર્ષાકાળે વિશેષ જણાતાં 'બમતરાં' કરાય છે. આને જ કેટલાક 'ચતુરિન્દ્રિય એક જાતના કીડા' કહે છે.

માંસના ત્રણ પ્રકારો વિકૃતિ છેઃ (૧) જલચરનું, (૨) સ્થલચરનું, અને (૩) ખેચરનું. જલચર એટલે માછલાં વગેરે. સ્થલચર માછલાબકરા, પાડા, (ડુક્કર), સસલાં, હરણ, વગેરે. ખેચર એટલે લાવક (લાવરી) અને ચકલા વગેરે.

માંસના ત્રણ પ્રકાર જે વિકૃતિ ગણાય છે તે અન્ય રીતે પણ જાણવાઃ (૧) ચામડું, (૨) ચરબી અને (૩) લોહી

'ઓગાહિમક' એટલે ઘી કે તેલથી ભરેલી તાપિકા (તાવડી)માં 'ચલ ચલ' એવો અવાજ કરતી [૨]સુકુમારિકા ઇત્યાદિ રંધાય છે–તળાય છે ત્યારે એક ઘાણ સમજવો. પછી એ જ ઘી કે તેલમાં બીજો ઘાણ, અને પછી એમાં જ ત્રીજો ઘાણ તૈયાર કરાય તો આ ત્રણે ઘાણ વિકૃતિ છે. પરંતુ એ જ ઘી કે તેલમાંનો ચોથો ઘાણ વિકૃતિ નથી. અને એથી યોગ વહન કરનારાઓએ નિર્વિકૃતિક અર્થાત્ નીવીનું પ્રત્યાખ્યાન (પચ્ચક્ખાણ) કર્યું હોય તેમને એ કલ્પે–ખપે.

એક જ પૂપક (પૂડા)થી કે ખજ્જક (ખાજા)થી આખી તાપિકા ભરી હોય તો તેમાં બીજો પૂડો

---

૧ વગેરેથી ગધેડી, વાઘણ, સિંહણ વગેરે સસ્તન પ્રાણીઓ સમજવાં.

૨ આનો અર્થ જાણવો બાકી રહે છે.

૩ આથી 'કસુંબાનું' એવો અર્થ કરાય છે.

૧ આવસ્સયની ચુણ્ણિ (ભા. ૨, પત્ર ૩૧૯–૩૨૦)માં દૂધ, દહીં, માખણ ઘી, તેલ, મદ્ય, મધ, ગોળ અને પુદ્ગલ (માંસ) એમ નવ વિકૃતિ ગણાવી દરેકના અવાંતર ભેદો દર્શાવાયા છે. ત્યાર બાદ દસમી વિકૃતિ તરીકે ઓગાહિમ (સં. અવગાહિમ)નો ઉલ્લેખ અને એનું સ્પષ્ટીકરણ છે. હરિભદ્રીય ટીકા અને અનુસરે છે.

૨ આનો અર્થ 'સુખડી' કરાય છે.

વગેરે નાખવાથી વિકૃતિ થતી નથી. નિર્વિકૃતિકોને પણ એ કલ્પે.

ભક્ષ્ય વિકૃતિઓ— વિકૃતિઓના પચ્ચક્ખાણભાસમાં ભક્ષ્ય અને અભક્ષ્ય એમ બે વર્ગ પડાયા છે. એની ૩૦મી ગાથામાં નીચે મુજબ ૭ ભક્ષ્ય વિકૃતિ ગણાવાઈ છે.

(૧) દૂધ, (૨) ઘી, (૩) દહીં, (૪) તેલ, (૫) ગોળ અને (૬) પકવાન્ન. ગાથા ૩૦-૩૧માં દૂધના ૫, ઘીના ૪, દહીંના ૪, તેલના ૪, ગોળના ૨ અને પકવાન્નના ૨ એમ ૨૧ પ્રકારનો ઉલ્લેખ છે. અહીં કુસુંભને બદલે 'લટ્'નો ઉલ્લેખ છે ખરો, પણ એથી અહીં અર્થમાં ફરક પડતો નથી. 'લટ્'નો અર્થ ખસખસ વગેરેનું તેલ એમ પણ થાય છે.

અભક્ષ્ય વિકૃતિઓ – **પચ્ચક્ખાણભાસની** ૪૧મી ગાથામાં મધ, મદ્ય, માંસ અને માખણને ચાર 'અભક્ષ્ય વિકૃતિઓ' કહી છે. સાથે સાથે એ ચારના અનુક્રમે ૩, ૨, ૩ અને ૪ પ્રકાર છે એમ પણ કહ્યું છે; ૭ ભક્ષ્ય વિકૃતિના ૨૧ પ્રકાર સાથે ચાર અભક્ષ્ય વિકૃતિના ૧૨ પ્રકાર ગણતાં દસ વિકૃતિના એકંદર ૩૩ પ્રકાર થાય છે.[1] પવયણસારોદ્ધાર (ગા. ૨૨૫)માં ૩૨ પ્રકારો નીચે મુજબ દર્શાવાયા છે:— દૂધ (૫), દહીં (૪), તેલ (૪), માખણ (૪), ઘી (૪), ગોળ (૨), મધ (૩), માંસ (૩), મદ્ય (૨) અને પકવાન્ન (૧). આમ અહીં પકવાન્નનો એક જ પ્રકાર કહ્યો છે એટલે એકનો ફેર રહે છે; બાકીની નવ વિકૃતિના પ્રકારોની સંખ્યામાં કશો તફાવત નથી.

દ્રવ-વિકૃતિ—ઉપર્યુક્ત દસ વિકૃતિના (૧) દ્રવ-વિકૃતિ, (૨) પિંડ-વિકૃતિ તેમજ (૩) દ્રવ-પિંડ-વિકૃતિ એમ ત્રણ વર્ગ પડાય છે. પચ્ચક્ખાણભાસ (ગા. ૨૨)માં આ ત્રણ વર્ગ પૈકી પ્રત્યેકની વિકૃતિઓ નીચે મુજબ દર્શાવાય છે:-

દૂધ, મદ્ય, મદિરા અને તેલ એ ચાર 'દ્રવ-વિકૃતિ' છે એ ચારે પ્રવાહી છે. માખણ અને પકવાન્ન એ બે પિંડ-વિકૃતિ છે, કેમકે એ બે પિંડ જેવી છે. ઘી, ગોળ, દહીં અને માંસ એ દ્રવ-પિંડ-વિકૃતિ છે, કેમકે એ પ્રવાહી તેમજ પિંડરૂપ છે.

દ્રવ-વિકૃતિને કેટલાક 'રસ-વિકૃતિ' કહે છે અને પિંડ-વિકૃતિને 'કડાહવિગઈ' કહે છે. ખરી રીતે તમામ વિકૃતિ 'રસ-વિકૃતિ' છે.

રસ-વિકૃતિ—તત્ત્વાર્થાધિગમસૂત્ર (અ. ૯, સૂ. ૧૯)ના સ્વોપજ્ઞ ભાષ્ય (ભા. ૨, પૃ. ૨૩૮)માં મદ્ય, માંસ, મધ અને માખણ વગેરેને 'રસ-વિકૃતિ' કહી છે. સિદ્ધસેનગણિએ 'વગેરે'થી દૂધ, દહીં, ગોળ, ઘી અને તેલ એ પાંચ વિકૃતિઓનો ઉલ્લેખ આના ઉપરથી પોતાની ટીકા (પૃ. ૨૩૯)માં કર્યો છે વિશેષમાં અહીં એમણે મધના ત્રણ પ્રકારો, નવનીત યાને માખણના ચાર, દૂધના પાંચ, દહીંના ચાર, અને તેલના ચાર પ્રકારો ગણાવી દસમી વિકૃતિ તરીકે ઘી વગેરેમાંના અવગાહથી નિષ્પન્ન વિકૃતિ દર્શાવી છે. ગોળની વિકૃતિ એટલે શેરડીનો વિકાર. એમ કહી "फाणितादि प्रसिद्धं खण्डशर्कराद्यं:" એમ કહ્યું છે અહીં તેલના ચાર પ્રકાર ગણાવતાં તલ, અલસી, [2]સિદ્ધાર્થક અને કુસુંભકનો ઉલ્લેખ કરાયો છે. માંસને અંગે "सर्वरसातिशायी वृष्यतमश्च" એમ કહ્યું છે.

મહાવિકૃતિઓના દોષો અને એનો ત્યાગ—'કલિકાલ સર્વજ્ઞ' હેમચન્દ્રસૂરિએ યોગશાસ્ત્ર (પ્ર. ૩, શ્લો ૬-૭)માં [3]ચાર વસ્તુઓ ત્યજવી એમ કહ્યું છે. એમાં મદ્ય, માંસ, માખણ અને મધનો પ્રારંભમાં જ નિર્દેશ છે. ત્યાર પછીના શ્લો ૮-૧૭માં મદ્યપાનના દોષો દર્શાવી એના સ્વોપજ્ઞ વિવરણમાં એનું સ્પષ્ટીકરણ આપી શ્લો. ૧૭ના સ્પષ્ટીકરણમાં તેર આંતર શ્લોકો આ સૂરિએ આપ્યા છે.

---

૧. જુઓ પચ્ચક્ખાણભાસ (ગા. ૨૯). એમાં ૨૧+૧૨ પ્રકારનો ઉલ્લેખ છે.

૨ આનો અર્થ 'સરસવ' છે.

શ્લો. ૧૮–૩૩માં માંસ ભક્ષણના દોષો દર્શાવી શ્લો. ૩૩ના સ્વોપજ્ઞ વિવરણમાં સોળ આંતરશ્લોકો આપ્યા છે. શ્લો. ૩૩ના સ્વોપજ્ઞ વિવરણમાં કહ્યું છે કે માંસની કાચી, પકવેલી તેમજ પકવાતી પેશીઓમાં *નિગોદના જીવો સતતપણે ઉત્પન્ન થાય છે.*[4]

શ્લો. ૩૪–૩૫માં માખણ ખાવાથી ઉદ્‌ભવતા દોષોનું નિરૂપણ છે. શ્લો. ૩૪માં કહ્યું છે કે અંતર્મુહૂર્ત બાદ માખણમાં ઘણા સૂક્ષ્મ જંતુઓના સમૂહો ઉત્પન્ન થાય છે.

શ્લો. ૩૬–૪૧માં મધ ખાવાથી જે દોષો ઉદ્‌ભવે છે તે દર્શાવાયા છે.

સંબોહપયરણમાં 'સાવયવય' અધિકારમાં નિમ્નલિખિત ૭૬મી ગાથામાં કહ્યું છે કે મધ, મધ, માંસ અને માખણ એ ચારેમાં તે તે વર્ણના અસંખ્ય જંતુઓ ઉત્પન્ન થાય છે.

"मज्जे महुम्मि मंसम्मि नवनीयम्मि चउत्थए ।
उप्पज्जंति असंखा तव्वण्णा तत्थ जन्तुणो ॥७६॥"

વિકૃતિઓનું અશનાદિમાં અવતરણ— પ. સા. (ગા. ૨૧૧)માં કહ્યું છે કે (ચાર જાતના આહાર પૈકી) 'પાન'માં [5]'સરક' વિકૃતિ, 'ખાદિમ'માં પક્વાન્નનો અંશ,–સ્વાદિમમાં ગોળ અને મધ અને 'અશન'માં બાકીની સાત વિકૃતિ ઊતરે છે.

એની વૃત્તિ (પત્ર ૫૨ અ)માં કહ્યું છે કે પક્વાન્નનો અંશ એટલે ગોળ ધાણા વગેરેમાંનો પાવ મુંદનો અવયવ વગેરે બાકીની સાત વિકૃતિ તે દૂધ, દહીં, ઘી, તેલ, પક્વાન્ન માખણ અને માંસ છે.

[૨]

૩૦ વિકૃતિગત યાને નીવિયાતાં—વિકૃતિગત એટલે વિકૃતિ નહિ, પરંતુ વિકૃતિમા રહેલ યાને વિકૃતિને આશ્રિત એ નિર્વિકૃતિક છે, એથી સામાન્ય જૈનો એને 'નીવિયાતું' કહે છે.

પવયણસારોદ્ધાર (દાર ૪, ગા. ૨૨૭–૨૩૪)માં છ યે ભક્ષ્ય વિકૃતિ પૈકી પ્રત્યેકનાં પાંચ પાંચ વિકૃતિગતનાં નામ અપાયાં છે એટલું જ નહિ પણ કોઈ કોઈનું સ્પષ્ટીકરણ પણ અપાયું છે.

દૂધનાં પાંચ નીવિયાતાં– (૧) પેયા, (૨) દુગ્ધાટી, (૩) દુગ્ધાવલેહિકા, (૪) દુગ્ધસાટિકા અને (૫) ક્ષીર એ દૂધના પાંચ નીવિયાતાં છે. 'પેયા' એટલે દૂધની કાંજી (કાઞ્જિક).[6] ખટાશથી યુક્ત દૂધ 'દુગ્ધાટ્ટી' એને 'કિલારિકા' કહે છે.[7] કેટલાક એને 'બલહિકા'* કહે છે.[8] કોઈ કોઈ એને 'ફેદરી'

---

૩ ઉદુમ્બર (ઉમરા) વગેરે પાંચ વૃક્ષનાં ફળ, અનંતકાળ, અજ્ઞાત ફળ, રાત્રિભોજન, દ્વિદળ, વાસી અન્ન, બે દિવસ ઉપરનું દહીં અને કોહી ગયેલું અન્ન એમ આઠ વસ્તુઓ ચાર મહાવિકૃતિના ઉલ્લેખ પછી ગણાવી છે.

૪ સરખાવો **સંબોહપયરણ** (સાવય. અધિકાર, ગા. ૭૫).

૫ આના બે અર્થ થાય છેઃ (૧) ગોળ અને ધાતરીનો બનેલો દારુ અને (૨) મદિરાનું પાન.

૬ **પ. સા.** (ગા. ૨૨૭) ની વૃત્તિમાં આ અર્થ અપાયો છે.

પચ્ચખાણભાસ (ગા. ૩૨)માં તો થોડા ચોખા નાંખીને પકાવેલા દૂધને 'પેયા' કહેલ છે. જ્યારે ઘણા ચોખા નાંખ્યા હોય તો તેને 'ક્ષીર' કહેલ છે.

૭ જુઓ **પ. સા.** (ગા. ૨૨૮)ની વૃત્તિ.

૮ **પ. સા. વૃ.** (પત્ર ૫૫ આ).

* આ તરતની–ત્રણ દિવસ ઉપર વિંયાએલી ગાય કે ભેંસ વગેરેના દૂધની બને છે, એને 'બલદટાં' તેમજ 'બળી' કહે છે.

કહે છે.[4] ચોખાનું[5] ચૂર્ણ (લોટ) નાખીને પકાવેલું દૂધ તે 'દુગ્ધાવલેહિકા' છે. દરાખથી મિશ્રિત દૂધ પકાવાય તો તે 'દુગ્ધસારિકા' કહેવાય છે. એને 'પયઃસાટી' પણ કહે છે,

પ. સા. (ગા. ૨૨૮)માં દુગ્ધાટ્ટી, પયઃસાટી અને દુગ્ધાવલેહિકાના અર્થ અપાયા છે "જૈન શ્રેયસ્કર મંડળ' તરફથી વિ. સ. ૧૯૩૦માં છપાવેલા 'ત્રણ ભાષ્ય ભાવાર્થ સહિત" (પૃ. ૨૧૭)માં પેયાનો અર્થ 'દૂધપાક કરાયો છે. વિકૃતિ અન્ય યોગ્ય દ્રવ્યના સંયોગ વિના 'નિવિકૃતિ' થાય નહિ. એ હિસાબે અત્યારે પ્રચલિત બાસુદી નીવિયાતું ન ગણાય.

દહીંનાં પાંચ નીવિયાતાં— (૧) ઘોલવડાં, (૨) ઘોલ, (૩) શિખરિણી, (૪) કરંબ અને (૫) સલવણ દધિ. ઘોલવડા એટલે ઘોલથી યુક્ત વડા.[1] ઘોલ એટલે કપડા વડે ગાળેલું-છણેલું-ગળેલું દહીં. શિખરિણી એટલે હાથે વલોવેલું અને ખાંડવાળું દહીં.[2] કરંબ એટલે કરથી યુક્ત દહીં.[3] લવણના કણથી યુક્ત અને વલોવાયેલું દહીં તે 'સલવણદધિ' એનો [4]'રાજિકાખાટક' એવો અર્થ કરાય છે. એમાં સંગરિકા (સાગરી) વગેરે ન નંખાએલ હોય તોપણ એને નીવિયાતું કહ્યું છે. સંગરિકા અને પુંસ્કૂસની કકડી પડતાં તો એ નીવિયાતું થાય છે જ.

ઘીનાં પાંચ નીવિયાતાં-(૧) પાકું ઘી, (૨) ઘીનો મેલ, (૩) ઔષધિને ઘી સાથે પકાવતાં તેના ઉપર વળતી ઘીની તરી (તરિકા), (૪) નિર્ભંજન અને (૫) વિસ્યન્દન ઔષધો વડે પકાવેલું ઘી તે પાકું ઘી દા ત સિદ્ધાર્થક ઇત્યાદિ. 'નિર્ભંજન' એટલે પકવાન તળ્યા પછી (કડાઈમા) રહેતું બળેલું ઘી 'વિસ્યંદન' એટલે દહીંની તરી અને (ધાન્યની) કણિક્કા (? કણક) મેળવીને બનાવેલી ચીજ[5]. એ 'સપાદલક્ષ' દેશમા જાણીતી છે.

તેલનાં પાંચ નીવિયાતાં-(૧) તેલની મળી, (૨)[6] તલની કુટ્ટિ, (૩) દગ્ધ તેલ, (૪) ઔષધિ ઓના ઉપરનુ તેલ અને (૫) લાક્ષાદિ દ્રવ્યથી પકાવેલ તેલ. 'દગ્ધ' તેલ એટલે નિર્ભંજન[7] એ તળેલા પકવાનથી ઊતરેલુ બળેલું તેલ છે. આમ એ પકવાનનું લક્ષણ છે.[8]

ગોળનાં પાંચ નીવિયાતાં—(૧) અડધો ઉકાળેલો શેરડીનો રસ, (૨) [9]ગોળનું પાણી (૩) સાકર, (૪) ખાંડ અને (૫) [10]પાકો ગોળ (પાક ગુડ)

---

૪ જુઓ વેણીચંદ સૂરચંદે વિ. સ. ૧૯૦૬મા છપાવેલ "ચૈત્યવંદનાદિ ભાષ્યત્રયમ્" (પૃ ૨૫૪) એક આધુનિક લેખકે દુગ્ધાટ્ટીના અર્થ તરીકે માવો અને મલાઇનો ઉલ્લેખ કર્યો છે તે શું ઉચિત છે?

૫ આને 'કૂકરણું' કહે છે. જુઓ "ચૈ૦ ભાષ્યત્રયમ્" (પૃ. ૨૫૩ .

૧ કેટલાક આને કાંજીવડા તેમજ દહીંવડાં તરીકે ઓળખાવે છે.

૨ શિખરિણીનો અર્થ કેટલાક 'શિખંડ' કરે છે

૩ આને કેટલાક 'સીધોરો' કે 'દધિસીધોરો' કહે છે.

૪ આનો અર્થ દહીંનું રાઇતું કે દહીંનો મઠો હોવાની સંભાવના કેટલાક કરે છે. 'રાજિકા' એટલે 'રાઈ'

૫ આને કેટલાક 'કુલ્લરી' કહે છે. ત્રણ 'ભાષ્ય' (પૃ ૨૧૮)માં આને 'કુલેર' કહી છે—

૬ તલ તથા ગોળ કુટીને-ખાંડીને એકત્રિત કરાય તેને 'તિલકુટ્ટી' અર્થાત્ 'તિલવટ' કહે છે,

૭ કેરી વગેરેના સરસિયા વગેરે તેલને પણ 'નિર્ભંજન' કહે છે.

૮ તેલના તલની કુટ્ટિ સિવાયના ચાર નીવિયાતાના નામ ઘીનાં વિસ્યંદન સિવાયનાં નીવિયાતાનાં નામ સાથે મળતા આવે છે અને એ રીતે અર્થની સમાનતા છે.

પાક ગુડ વડે ખાજાં વગેરે લેપાય છે. એ 'પાક-ગુડ'નો અર્થ કેટલાક 'ગોળની ચાસણી' કરે છે.

પકવાન્નમાં અર્થાત્ '**કડાહવિગઈ**'નાં પાંચ **નીવિયાતાં**—(૧) એક ઘાણ પછીનું, (૨) ત્રણ ઘાણ પછીનું (૩) ગુડધાનિકા, ઇત્યાદિ, (૪) જલ-લપનશ્રી, અને (૫) ચીકાસથી લેપાયેલી તાવડીમાં પકવેલો પૂડો. સમગ્ર તાવડાને ઢાંકે એવા પૂડા ઉપર બીજો પૂડો તળાય તો એ બીજો પૂડો પહેલું નીવિયાતું છે. બીજું નીવિયાતું એટલે ત્રણ ઘાણ પછી નવું ઘી ઉમેર્યા વિના એ જ ઘીમાં પકવેલ ચીજ. 'ગુડ-ધાનિકા' એટલે ગોળધાણી.

જલ-લપનશ્રી એટલે પાણી વડે સિજાવેલી લાપસી. સુકુમારિકા વગેરે પકવાન્ન તળ્યા બાદ જે ઘી કે તેલ વધ્યું હોય તેનાથી ખરડાયેલા તવામાં પાણી સાથે રાંધેલી લાપસી તે 'જલ-લપનશ્રી' છે. ઘઉંના ઉરણા ને ગોળનાં પાણીને ઘી વગેરે સાથે ભેળવી સીજવે તેને 'મરુ' દેશમાં લાપસી તેમજ 'લહગટુ' કહે છે. એ જ 'જલ-લપનશ્રી' છે.

પાંચમું નીવિયાતું એટલે પોતું દઇને સીજવેલો, નહિ કે તળેલો, પૂડો એમ **પચ્ચક્ખાણભાસ** (ગા. ૩૫)માં કહ્યું છે.

નીવિયાતાં ત્રીસ જ નથી. આ તો સામાન્યથી મુખ્ય મુખ્યનો જ નિર્દેશ છે. બાકી દરેક ભક્ષ્ય વિકૃતિનાં વિવિધ રૂપાંતરોથી બીજાં પણ ઘણાં નીવિયાતાં છે, એ અન્ય ગ્રંથથી જાણી લેવાં.

આંબિલ (પા. આયંબિલ, સં. આયામામ્લ કે આચામામ્લ) કરનારને એક પણ વિકૃતિ તો શું, પણ એકે નીવિયાતું યે ન ખપે, જ્યારે નીવી કરનારને કોઇ પણ નીવિયાતું ખપે; બાકી એને પણ વિકૃતિ ન જ ખપે.

વ્રતધારી શ્રાવક-શ્રાવિકા તેમજ શ્રમણ-શ્રમણી મહાવિકૃતિનું સેવન ન કરે એ દેખીતી વાત છે. વિશેષમાં ૭ ભક્ષ્ય વિકૃતિઓનું પણ વારંવાર કે વધુ પ્રમાણમાં સેવન કરાય તો એ સંયમી જીવનને બાધક ગણાય છે. 'ઉપભોગ પરિભોગ' વ્રતના અતિચારો પૈકી [11]અભિષવ-આહાર વિષે પૂરતી સાવચેતી રાખવી ઘટે.[12]

ભક્ષ્યાભક્ષ્યના સંબંધમાં શ્રી ગોપાલદાસ જીવાભાઇ પટેલ દ્વારા સંપાદિત **યોગશાસ્ત્રનાં** પૃ. ૨૫૮-૨૫૯માં મનુસ્મૃતિ (અ૦ ૫, શ્લો. ૫ ૪૦) નો, પૃ. ૨૫૯માં એના અ. ૬, શ્લો. ૧૨-૨૧ તથા અ. ૧૧, શ્લો. ૯૩નો તેમજ પૃ. ૨૫૯-૨૬૦માં **ભવિષ્યત્-પુરાણમાં** વર્ણવેલા આઠ પ્રકારનાં અભક્ષ્યનો તથા **હઠયોગ પ્રદીપિકા** (૧-૧૮) **ઘેરંડ-સંહિતા** (૫-૧૭) અને **બ્રહ્મપુરાણમાંથી** પ્રાસંગિક બાબતોનો સારાંશ અપાયો છે.

---

૯ કેટલાક અખાત્રીજે કરાતું 'ગળમાણું' એવો અર્થ કરે છે અને એ માટે 'ગુલવાણ્ય' પાઠ રજૂ કરે છે.

૧૦ ગોળની પાતિ તે 'પાક-ગુડ' એમ કેટલાક કહે છે અને એને માળવા વગેરે દેશોમાં 'હાકબપાતિ' તરીકે ઓળખાવે છે.

૧૧ જુઓ ત. સૂ. (અ. ૭, સૂ. ૩૦) નું સ્વોપરી ભાષ્ય અને એનાં તેમજ મૂળનાં વિવરણો.

૧૨ લેખનું કલેવર ધારવા કરતાં વધી જવાથી સંસૃષ્ટ-દ્રવ્યો અને ઉત્કૃષ્ટ દ્રવ્યોનું નિરૂપણ મેં જતું કર્યું છે.



સાધુ સંન્યાસીઓ યુગદ્રષ્ટા બને!

લેખકઃ— મુનિ નમિચંદ્ર

આજનો યુગ ક્રાંતિનો યુગ છે, આ યુગે ઘણી ક્રાંતિઓને જન્મ આપ્યો છે, પહેલાં વીસ વરસમાં જે પરિવર્તન થયું હતું તે આજે બે–ચાર વરસમા જ થઈ જાય છે. યુગ બહુજ ઝડપથી બદલતો જાય છે, જેમ જેમ યુગ બદલતો જાય છે, તેમ તેમ સમાજની સમસ્યાઓ, આવશ્યકતાઓ અને પરિસ્થિતિઓ પણ બદલાતી જાય છે. સમાજના રૂઢ માનસમાં પણ આજે તીવ્ર હીલચાલ પેદા થઈ ગઈ છે અને બદલવા નહીં માગનારને પણ યુગના આઘાતો ખાઈને બદલાવું પડે છે.

ભારત આઝાદ થયું પછી પણ કેટલું પરિવર્તન થઈ ગયું એ આપણે નજરે જોયું છે. જે રાજાઓ વર્ષોથી વંશપરંપરાથી રાજ્ય કરતા ચાલ્યા આવતા હતા, જેમને સ્વપ્નમા પણ ખ્યાલ ન હતો કે અમારા હાથમાંથી રાજ્ય જતું રહેશે, તે યુગની જોરદાર માગે કરી બતાવ્યું. તિબેટના સર્વસત્તાધીશ ધર્મગુરૂ દલાઈ લામાને સ્વપ્ને પણ આ કલ્પના ન હતી કે મારે અહીંથી નાશીને ભારતનું શરણુ લેવું પડશે, પણ તે થઈને જ રહ્યું. બ્રિટિશશાસન ભારતમાં ઘર ઘાલીને બેઠું હતું પણ ગાંધીજીના યુગાનુસારી સ્વરાજ્યના અહિંસક આંદોલને એવી રાજ્યક્રાંતિ કરી બતાવી કે બ્રિટિશશાસકોએ અહીંથી વિદાય થવું પડયું. આજે કોઈપણ વ્યક્તિ સમાજની પરિસ્થિતિ, યુગનો પોકાર અને જમાનાની ગતિ ઉપર વિચાર્યા વગર ચાલશે તો યુગ તેને પછાડી દેશે અને તે તેને એટલું પાછળ ધકેલી દેશે કે તેને ઉઠવામા કદાચ વર્ષો સુધી પગથી માથા સુધી પરસેવો પાડવો પડે, એટલું જ નહીં બલ્કે યુગની માગને ઠોકરે માર્યા પછી કદાચ તેને ફરીથી તે મોકો ન યે મળે.

સામાન્ય વ્યક્તિ યુગને પહેલાથી ઓળખી શકતી નથી, પણ જેને આપણે સમાજનું મસ્તિષ્ક કહીએ છીએ, સમાજનો માર્ગદર્શક કહીએ છીએ તેવી ઉચ્ચકોટિની અને વિશિષ્ટ વ્યક્તિ જો યુગને નહીં ઓળખવા જેવી ભૂલ કરી બેસે તો તેનો દંડ આખાય સમાજને ભોગવવો પડે છે. જુના વખતમાં "રાજા કાલસ્ય કારણું" કહેવામાં આવતું હતું, તે વખતે યુગ બદલવાનું કારણુ રાજા શા માટે હતો? એટલા માટે નહિ કે રાજાના હાથમાં સત્તા હતી પરંતુ એટલા માટે કે યુગપ્રવર્તક ઋષિમુનિઓ અને બ્રાહ્મણોના મુખેથી યુગસંદેશ સાંભળીને તે તેને અમલમાં મુકવા પ્રયત્ન કરતો હતો. એને લીધે જ તે સેવાલક્ષી સત્તાવડે યુગ પરિવર્તન કરવામાં સહયોગ આપી શકતો હતો. પરંતુ મૂળ યુગપરિવર્તક તો યુગદ્રષ્ટા ઋષિમુનિઓ કે બ્રાહ્મણો હતા. એટલા માટે જ કહ્યું છે—'ઋષયો મંત્રદ્રષ્ટારઃ' (ઋષિયો યુગના મંત્રદ્રષ્ટા છે.)

જૈનધર્મની દૃષ્ટિએ વિચારીએ તો માલુમ પડે છે કે દરેક તીર્થંકર જુના સમાજ (તીર્થ=સંઘ)ની વ્યવસ્થા, નિયમોપનિયમો અને મર્યાદાઓમા યુગના પોતાના પરમદર્શન પ્રમાણે સુધારા–વધારા કરે છે ઘણી ખરી જુની વસ્તુઓ યુગબાહ્ય થઈ જવાને લીધે તીર્થંકરો તેમનું નવીનીકરણ કરે છે. તેઓ સમાજની કક્ષા પ્રમાણે ધર્મને યુગના સંચામા ઢાળવાનો પ્રયત્ન કરે છે.

તીર્થંકરના ગયા પછી પણ દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવ પ્રમાણે સમાજની વ્યવસ્થાઓ, નીતિનિયમો અને

મર્યાદાઓમાં પરિવર્તન કરવાની કે સંશોધનપરિવર્ધન કરવાની તેમની નક્કર આજ્ઞા પ્રમાણે પાછળના આચાર્યો અથવા ક્રાંતિપ્રિય સાધુઓ ઘણા નીતિ-નિયમો, વ્યવસ્થાઓ કે મર્યાદાઓમાં પરિવર્તન કરે છે. તીર્થંકર અનેક સામાજીક પરિવર્તનો કરતા હતા. તેમાં જેમ સિદ્ધાંતનું સાતત્ય સચવાતું હતું, એજ રીત તેમના પરંપરાનુગામી આચાર્યો કે ક્રાંતિપ્રિય સાધુઓ અનુસરે છે. તેથી તેમની સાધુતાને કોઈપણ આંચ આવતી નથી. ભ. પાર્શ્વનાથના સાધુઓ જુદા-જુદા રંગવાળા વસ્ત્રોનો ઉપયોગ કરતા હતા. અને ભ મહાવીરે પોતાના સાધુઓ માટે સફેદ વસ્ત્રોનું વિધાન કર્યું, તેથી ભગવાન પાર્શ્વનાથના સાધુઓમાં સાધુતા રહી નથી એવું તો કંઈ હતું જ નહીં, અથવા ભ. પાર્શ્વનાથવિહિત ચાતુર્યામ (ચાર મહાવ્રત)ને ઠેકાણે ભ. મહાવીરે પાંચ મહાવ્રતનું વિધાન કર્યું. તેથી સાધુતાનો દરજ્જો ઓછો થતો ગયો, એવું પણ કંઈ નથી, સાધુતાનું મૂલ્યાંકન સિદ્ધાંતપ્રિયતા ઉપરથી થતું આવ્યું છે ને થવું જોઈએ, નહિ કે બાહ્યનિયમો કે મર્યાદાઓ ઉપરથી. એ કહેવાની ભાગ્યે જ જરૂર છે કે પાંચ મહાવ્રતોના મૂળ ભાવોને સાચવીને જ ફેરફાર કરવાની જરૂર હોય છે.

આવાજ ખ્યાલથી ભ. મહાવીરે યુગને ઓળખવાની અને યુગ પ્રમાણે આચાર વ્યવસ્થા ગોઠવવાની વાત પોતાના શ્રમણો અને શ્રમણોપાસકને કરી છે. આચારાંગસૂત્રમાં સાધુને 'કાલજ્ઞે' (કાલજ્ઞ-યુગને ઓળખનાર) થવાની વાત કરી છે. સાથે જ દશવૈકાલિકસૂત્રમાં સાધકોને યુગાનુકુળ આચાર ગોઠવવાની વાત " કાંલે કાલે સમાયરે " શબ્દો દ્વારા કહેવામાં આવી છે, તેમજ એજ સૂત્રમાં સામાજીક મૂલ્યોને યુગાનુકુલ બદલવા માંગનાર સાધકને લક્ષમાં રાખીને એ ગાથા કહેવામાં આવી છે.

"બલં થામંચ પેહાએ, સદ્ધા મારુગ્ગમ પ્પણો ।
ખેત કાલંચ વિન્નાય, તહપ્પાણં નિ ઉંજએ ॥

એટલે સાધક પોતાની શક્તિ, ધૃતિ-શ્રદ્ધા અને આરોગ્યને જોઈને તથા ક્ષેત્રયુગ(કાળ)નું વિશિષ્ટજ્ઞાન મેળવીને પોતાને (સામાજીક મૂલ્યો બદલવામાં) લગાડી દે.

દરેક ધર્મસંસ્થાપક પોતપોતાના યુગક્ષેત્ર (દેશ) પરિસ્થિતિ, લોકમાનસ અને લોકશક્તિને જોઈને જ ધર્મનો સંદેશ જનતાને આપે છે. આ વાત તો તે ધર્મશાસ્ત્રમાંથી સિદ્ધ થાય છે. રામ, કૃષ્ણ, બુદ્ધ, મહાવીર, ઈશુખ્રીસ્ત, હજરતમહમદ અને જરથુસ્ત વ. મહાત્માઓએ પોતપોતાના ક્ષેત્ર (દેશ) કાળ (યુગ) પરિસ્થિતિ અને લોકમાનસને જોઈને જ ધર્મનું વિધાન કર્યું છે.

જગદ્ગુરુ શ્રી આદ્ય શંકરાચાર્યે યુગને ઓળખીને ધર્મમાં યુગાનુરૂપ પરિવર્તન કરવાની વાત સ્પષ્ટ શબ્દોમાં કહી છે. " યસ્મિન્ દેશે કાલેચ યો ધર્મો ભવતિ, સએવ દેશાંતરે કાલાંતરે સાધર્મો ભવત્યેવ." જે દેશ અને કાળમાં જે વસ્તુ ધર્મ હોય છે, તે જ વસ્તુ દેશ અને કાળ પલટી જવાથી અધર્મ થઈ જાય છે.

કેટલી સચોટ આ યુગદષ્ટિ છે ? સામાન્યમાં સામાન્ય માણસ પણ દેશ-કાળ પલટાતાં જ પોતાના ખોરાક, પોશાક, અને રહેણીકરણીમાં પરિવર્તન કરી દે છે. જે કપડાં, ખોરાક કે રહેણીકરણી ઉનાળાની મોસમમાં અનુકુળ હોય છે, તેજ કપડાં, ખોરાક કે રહેણીકરણી શિયાળામાં અનુકુળ નથી હોતાં. ઋતુ પલટાતાં જ માણસ પોતાનાં ખોરાક, પોશાક અને રહેણીકરણીમાં ફેરફાર કરી દે છે, તે જ રીતે દેશ અને કાળ (યુગ) પલટાતાંની સાથે જ જે ધાર્મિક આચાર-વિચાર યુગબાહ્ય થઈ જાય છે, તેમને પલટવા અનિવાર્ય છે આ વાત શાણો માણસ કેમ ભૂલી જાય છે. ?

સામાન્ય માણસ યુગના સ્પષ્ટ દર્શનમાં કદાચ ભૂલ કરી બેસે, અને પરિવર્તન નહિ કરે તે સમજી શકાય, પણ સાધુ સંન્યાસીઓ, જેઓ યુગના પગરણ ઓળખનારાઓ અને સ્પષ્ટ માર્ગદર્શન કરનારા હોય,

તેઓ જો યુગની પાછળ ઢસડાતા હોય, પલટો નહિ લાવતા હોય, તો આ વાત કેટલી હાસ્યાસ્પદ અને અનર્થની પરંપરાને જન્માવનાર બની જાય છે?

ક્રાંતિપ્રિય જૈન શ્રમણોએ જોયું કે જો આગમજ્ઞાનની ગુરુ મુખેથી શ્રવણ કરીને કંઠસ્થ કરવાની પરંપરાને પલટવામાં નહિ આવે અને આગમોને લિપિબદ્ધ નહિ કરવામાં આવે તો ભવિષ્યમાં જ્ઞાનપરંપરા સુરક્ષિત રહી શકશે નહિ. એટલે યુગને ઓળખીને દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવને જોઈને તેઓએ આગમોને હાથથી લખવાની પરંપરા શરૂ કરીને તે વિશાળ જ્ઞાનને સાચવી રાખ્યું.

સમય પલટયો, મુદ્રણકળાનો આવિષ્કાર થયો. અને લખવા કરતાં છાપવામાં પ્રચાર પણ વધારે થઈ શકે અને જ્ઞાન પણ સર્વસુલભ થઈ શકે, આમ વિચારીને સમાજે શાસ્ત્રોને હસ્તલેખીત કરવા કરતા છાપવાનું ઠીક ગણ્યું. અને આજે તો હજારો શાસ્ત્રો અને ગ્રંથો પ્રકાશિત થઈ ચુકયા છે. યુગદ્રષ્ટા શ્રમણોએ રૂઢિચુસ્ત સમાજનો વિરોધ હોવા છતાં પણ જ્ઞાનપ્રચાર અને જ્ઞાનારાધનાના સિદ્ધાંતને લક્ષ્યમાં રાખીને શાસ્ત્રો છપાય, એમાં વિરોધ નથી નોંધાવ્યો

જગદ્ગુરુ શંકરાચાર્યે બ્રહ્મચર્યાશ્રમ, ગૃહસ્થાશ્રમ, અને વાનપ્રસ્થાશ્રમ, એ ત્રણે આશ્રમો પાર કરીને જ સંન્યાસાશ્રમ સ્વીકારી શકવાની પૂર્વ પરંપરાને બદલીને બ્રહ્મચર્યાશ્રમ કે ગૃહસ્થાશ્રમથી પણ સીધો સંન્યાસાશ્રમ સ્વીકારી શકાય છે એ વિધાન યુગને ઓળખીને કર્યું હતું.

સ્વામી વિવેકાનંદ અને સ્વામી રામતીર્થ જેવા યુગદ્રષ્ટા સંન્યાસીઓએ સમુદ્ર પાર કરીને, વિદેશી જવું એ રૂઢ પરંપરામાં નિષિદ્ધ હોવા છતાં, વેદાન્તનાં પ્રચારને વિશ્વજનસુલભ બનાવવા માટે વિદેશોમાં જવાનું સ્વીકાર્યું. અને આ યુગ ધર્મના દર્શન સંન્યાસીઓને કરાવ્યા.

વચ્ચે શ્વેતાંબર જૈન સાધુઓમાં ગૃહસ્થ પંડિતો પાસે સંસ્કૃતનો અભ્યાસ કરવાની પરંપરા બંધ હતી. કિંતુ યુગદ્રષ્ટા આચાર્યો અને મુનિઓએ સંસ્કૃતભાષા અને તેમાં ષડ્દર્શન, ન્યાય તથા વિભિન્ન ધર્મશાસ્ત્રોનું નક્કર અધ્યયન કરવાની પરંપરા ફરીથી ચાલુ કરી છે.

મહાત્મા ગાંધીજી દ્વારા ઉપદેશાયેલ અસ્પૃશ્યતા નિવારણ, સર્વ ધર્મ સમન્વય, ખાદી-ગ્રામોદ્યોગ પ્રચાર વગેરેને યુગ ધર્મ સમજીને ઘણા પંકાયેલા હિંદુ ધર્મના વિદ્વાનો અને જૈન તથા સનાતન (વૈષ્ણવ) ધર્મી વિદ્વાનો આ યુગ ધર્મને અનુસર્યા છે.

જે સામુદાયિક અહિંસાને એક દિવસ અહિંસાની સાથે સંતાયેલી કાયરતા ગણવામાં આવતી હતી અને વ્યક્તિગત સાધનાની વસ્તુ હતી-તે અહિંસાને વીરતા અને સામુદાયિક સાધનાની વસ્તુ બનાવીને મહાત્માજીએ આખા ભારતરાષ્ટ્રને યુગધર્મના દર્શન કરાવ્યા હતા. એટલું જ નહીં બલ્કે છલ-પ્રપંચ, અને કાવાદાવાનું ક્ષેત્ર ગણાતા રાજકારણમાં પણ સત્ય અને અહિંસાને દાખલ કરાવીને જગતને આશ્ચર્યમાં મૂકી દીધું હતું.

આજે બીજા સામાન્ય માણસો કરતા સાધુ-સંન્યાસીઓએ સૌથી પહેલા યુગદ્રષ્ટા બનવાની જરૂર છે. જુના વખતમાં મંદગતિથી યુગ પલટાને લીધે, ભૌગોલિક સીમાઓ સાંકડી હોવાને લીધે, અને યાતાયાતના સાધનો બહુજ મંદગતિવાળા હોવાને લીધે યુગને વહેલા ન ઓળખતા છતાં ચાલતું હતું. પણ આજે તો ભૌગોલિક સીમાઓ વિસ્તૃત હોવાને લીધે તથા વિજ્ઞાને આપેલા યાતાયાતના ઘણા જ ઝડપી સાધનોને લીધે યુગ બહુજ ઝડપથી પલટતો જાય રહ્યો છે. ત્યારે એવે વખતે વહેલી તકે યુગના સ્પષ્ટ દર્શનની અનિવાર્ય જરૂર છે.

જો સાધુસંન્યાસીઓ આજના યુગને ઓળખશે નહિ, પોતાના યુગના બધાજ વિચારપ્રવાહો, પ્રશ્નો, વાદો, સમસ્યાઓ અને બળોનો ઊંડાણથી અભ્યાસ કરશે નહિ તો તેઓ પોતે તો પાછળ રહેશે તે રહેશે જ, પણ સમાજ અને રાષ્ટ્રને પણ પાછળ રાખવાનો મોટો અપરાધ કરશે, કોઈ પણ

સાધુસંન્યાસી જો પાછળ રહે તો તે ધર્મ અને સંસ્કૃતિ યથાયોગ્ય વિકાસ થવા પામતા નથી. ધર્મમાં કુરૂઢિઓ, દંભો, અવિશ્વાસો અને ચમત્કારોને પેસવાનો મોકો મળી જાય છે. અને સમાજ તથા રાજ્ય પણ યુગદર્શનને અભાવે ધર્મને બદલે સત્તા, ધન કે બીજા અનિષ્ટો તરફ વળી જાય છે. સાધુસંન્યાસીઓને જો યુગનું સ્પષ્ટ દર્શન હોય તો તેઓ યુગે-યુગે પેદા થતી અવનવી સમસ્યાઓ અને પરિસ્થિતિઓની સાથે સિદ્ધાંતરક્ષાપૂર્વક ધર્મનો મેળ બેસાડી શકે છે યુગના જ્વલંત પ્રશ્નોને ધર્મદૃષ્ટિએ ઉકેલી શકે છે યુગના વિચારપ્રવાહોની સંસ્કૃતિ અને ધર્મની સાથે સંગતિ બેસાડી શકે છે, બધાય વાદો અને ધર્મનો પરસ્પર સમન્વય કરી શકે છે. સામાજીક મૂલ્યોને લક્ષમાં રાખીને ધર્મની સામુદાયિક રીતે આરાધના કરી-કરાવી શકે છે અને જુનાં ખોટાં મૂલ્યોને નિવારીને સમાજમાં નવાં સાચાં મૂલ્યોને સ્થાપી શકે છે. પરંતુ દુઃખની વાત એ છે કે મહાત્મા ગાંધીજી સંન્યાસઆશ્રમી નહી હોવા છતા વાનપ્રસ્થી જીવનમાં જે યુગસત્યનાં સ્પષ્ટ દર્શન કરાવી શકયા હતા તેને આજના મોટાભાગના સાધુસંન્યાસીઓ ઝીલી શકયા નહીં, એટલુ જ નહી બલ્કે ગાંધીજી યુગદર્શનમાં આગળ વધી ગયા જ્યારે સાધુસન્યાસીઓ પાછળ રહી ગયા આજે તો સમય પાકી ગયો છે તેમણે જે યુગસત્યનું ઉદ્દ્ઘાટન કર્યું હતું તેને સાધુસંન્યાસીઓ વહેલી તકે ઓળખે અને સમાજમાં નવી ક્રાન્તિનો શંખ ફૂંકે. દરેક વસ્તુમાં ઉત્પાદ, વ્યય અને ધ્રૌવ્યનાં જૈનધર્મની દૃષ્ટિ ક્રાન્તિનો અમર સંદેશ આપી રહી છે. જગતની, ઉત્પત્તિ સ્થિતિ અને પ્રલયની વૈદિક ધર્મની દૃષ્ટિ પણ ક્રાન્તિની પ્રેરણા આપી રહી છે તે ક્રાન્તિ બીજી કંઇ નહી પણ મૂલ્ય પરિવર્તન કરવું એજ છે. આવી મૂલ્ય પરિવર્તનરૂપ ક્રાન્તિ કરવામાં મોટાભાગના સાધુસંન્યાસીઓનાં પગ લથડી રહ્યા છે તેનાં મુખ્ય કારણો છે:- સ્વત્વમોહ, કાળમોહ, અને પ્રતિષ્ઠામોહ. કેટલાક સાધુઓને પોતાપણાનો મોહ છે. પોતાના માની લીધેલા ધર્મ, જ્ઞાતિ, દેશ, ભાષા વગેરેને સર્વશ્રેષ્ઠ કહે છે, અને બીજા ધર્મો, જ્ઞાતિઓ, દેશો, ભાષાઓ વગેરેને અત્યંત નિકૃષ્ટ કહે છે. તેમજ પોતાના ધર્મ, જ્ઞાતિ, દેશ, ભાષા વગેરે ઘણા જૂના બતાવે છે. બીજાનાને પાછળના અને આ રીતે પોતાનાને સર્વશ્રેષ્ઠ માને છે. તેમાં યુગાનુકુળ ક્રાન્તિ કરવા, તેમાં દાખલ થયેલી વિકૃતિઓને છોડવા અને યુગબાહ્ય થઇ જવા છતાં પણ તેમાં સંશોધન અને પરિવર્તન કરવા માટે તૈયાર રહેતા નથી. યુગસત્ય સમજવા છતાં પણ પોતાના માનેલા સંપ્રદાયમાં જ જુની યુગબાહ્ય અને અહિતકર વાતોને ચલાવતા રહેવાથી જામેલી પ્રતિષ્ઠા છૂટી જવાની બીકે ઘણા ખરા વિચારક અને વિદ્વાન ગણાતા માણસો પણ યુગબાહ્ય વાતોને વળગી રહે છે અને સમાજમા જુનાં ખોટાં મૂલ્યોને ચાલુ રહેવા દે છે.

હવેનો જમાનો સાધુસંન્યાસીઓ જેવા ઉચ્ચ કોટિના પુરૂષોની આ યુગ દર્શન ઉપેક્ષાને સહી શકશે નહી તેમણે પ્રતિષ્ઠા, પરિગ્રહ અને પ્રાણ સુદ્ધાંની પરવા તજીને યુગધર્મને વહેલામા વહેલી તકે ઓળખવો પડશે અને સમાજને યુગાનુલક્ષી માર્ગદર્શન આપવું પડશે.

સ્વીકાર અને સમાલોચના

સ્વાનુભવચિંતન:— ચિંતક અને લેખક—શ્રી ફતેહચંદ ઝવેરભાઈ, પ્રકાશક—શ્રી આધ્યાત્મ જ્ઞાન પ્રચારક મંડળ-મુંબઇ, કિંમત ૨-૦૦ રૂપિયા.

આ ગ્રંથના લેખક જૈન તત્ત્વજ્ઞાનના ઊંડા અભ્યાસી અને ચિંતક છે, સિત્તોતેર વર્ષની વયે પણ યુવાન જેવી ધગશ અને સ્ફૂર્તિ ધરાવતા આ લેખક આ સભાના ઉપપ્રમુખ છે અને બીજી પણ ઘણી સંસ્થાઓ સાથે સક્રિય રીતે સંકળાયેલા છે. લગભગ પચાસ વર્ષ પૂર્વે આ જ માસિકમાં તેમના

લખાયેલા તેમના લેખો તથા કાવ્યોનો આ સંગ્રહ છે. જુદા જુદા વિષયો ઉપર ઊંડા ચિંતન અને મનનપૂર્વક લખાયેલા આ લેખોમાં સુંદર આકર્ષક અને ઊપયોગી વિચારધારાનો એકધારો પ્રવાહ વહે છે. વિષયોનું પ્રતિપાદન પણ વ્યવસ્થિત અને રોચક છે. પૂ. આનંદઘનજી જેવા નિજાનંદમસ્ત યોગીશ્વરના કેટલાક પદો ઉપરથી રચેલ કાવ્યો તેમજ બીજા પણ આત્મિકભાવનું નિરૂપણ કરતા કેટલાંક કાવ્યો આ પુસ્તકનું એક સુંદર અને સુવાચ્ય અંગ બની રહે છે, પુસ્તકના અંતમાં આપેલ માધુકરી વિભાગ પુસ્તકની ઊપયોગીતા ને આકર્ષકતામાં વધારો કરે છે. પૂ. મુનિમહારાજશ્રી ચંદ્રપ્રભસાગરજી મહારાજ તથા પૂ. મુનિમહારાજશ્રી જંબુવિજયજી મહારાજના પ્રાપ્ત થયેલ આશીર્વચનો આ પુસ્તકને વધુ સમૃદ્ધ કરે છે. ત્યા આધ્યાત્મજ્ઞાન પ્રસારક મંડળના પ્રમુખ શ્રી મનસુખલાલ તારાચંદ મહેતાએ લખેલ સુંદર આમુખ, જાણીતા સિદ્ધહસ્ત લેખક શ્રી ધીરજલાલ ટોકરશી શાહે ગ્રંથ લેખકનો આપેલ જીવન પરિચય અને બીજા પણ કેટલાક લેખકોએ ગ્રંથલેખકને આપેલ ભાવભરી અંજલીઓ આ પુસ્તકના વિશિષ્ટ અંગો બની રહે છે. ચિંતન અને મનન કરવા યોગ્ય આ પુસ્તક ખાસ વસાવવા યોગ્ય છે.

શ્રીમદ્ રાજચંદ્ર જીવન જ્યોત:—('શ્રીમદ્ રાજચંદ્ર જીવન પ્રભા' નું અનેક વિષ વધારા સહિત નવસંસ્કરણ) લેખક:—પૂ. મુનિરાજ શ્રી પુણ્યવિજયજી મહારાજ (જિજ્ઞાસુ). પ્રકાશક:—શ્રી જીવનમણિ સદ્વાંચનમાળા ટ્રસ્ટવતી લાલભાઈ મણીલાલ શાહ ઠે. હઠીભાઈના દેરા સામે, અમદાવાદ મૂલ્ય ૧-૨૫ પોસ્ટ ખર્ચના ૦-૨૫ ચાર આના બીડવાથી સીલીકમાં હશે ત્યાં સુધી નીચેના સરનામેથી વિના મૂલ્યે મળી શકશે:—માણેકલાલ છોટાલાલ ગાંધી, ઠે. ધનરનેશનલ કોટન કાપા, ૪ લી. ગ્લોબ ચેમ્બર્સ, પો. બો. નં. ૧૫૭૪, મુંબઈ ૧.

આ પુસ્તકમાં આત્મજ્ઞાનની ઊંચી ભૂમિકાએ પહોંચેલા શ્રીમદ્ રાજચંદ્રના પવિત્ર જીવનનું આલેખન કરવામાં આવ્યું છે. આવા દેહાત્મભાવથી પર પહોંચેલા મહાત્માને કોઈ યથાર્થ સ્વરૂપે ઓળખી શકે તેવા હેતુથી વિદ્વાન્ જિજ્ઞાસુ મુનિમહારાજે શ્રીમદ્‌ના પવિત્ર અને ઊર્ધ્વગામી જીવનવિકાસનો પરિચય કરાવવા ઉપરાંત તેમની અન્ય લોકોત્તર વિશિષ્ટતાનો, પરિશિષ્ટ વિભાગમાં છ વિષયો દાખલ કરી સુસંગત પરિચય આપ્યો છે. શ્રીમદ્‌ના પત્રોની નોંધ તથા અન્ય અવતરણો અમૂલ્ય જ્ઞાનપ્રસાદીનો લાભ આપે તેવા છે. લેખની લેખનશૈલી આ પ્રમાણ છે. તેમના શબ્દે શબ્દે અધ્યાત્મરસ ઝરે છે. તેમનો પ્રશમભાવ, તીવ્ર વૈરાગ્ય, અસંગવૃત્તિ, કષાયજય, ઇન્દ્રિયનિગ્રહ વગેરે ઉત્કૃષ્ટ પ્રકારના હતા જેનો ટુંક મનનીય ઉલ્લેખ પ્રસ્તાવનામાં પણ કરવામાં આવ્યો છે.

આ રીતે એક સમર્થ વિચારક અને જેમનું જીવન ઉચ્ચ કોટીનું હતું તેવા પુરુષના જીવનનું આલેખન કરતું આ પુસ્તક જીજ્ઞાસુઓએ ખાસ વાંચવા, વિચારવા અને વસાવવા યોગ્ય છે

યાત્રા પ્રવાસ અંક:—સંપાદક—શ્રી ધીરજલાલ ટોકરશી શાહ, પ્રકાશક—શ્રી ગોધારી જૈન મિત્ર મંડળ વતી શ્રી હીરાલાલ જુઠાલાલ શાહ, મૂલ્ય રૂપિયા બે.

શ્રી ગોધારી જૈન મિત્ર મંડળ મુંબઈ તથા શ્રી ચંદ્રપ્રભુ જૈન ભક્તિમંડળના સંયુક્ત ઉપક્રમે સમેતશિખરજી, પાવાપુરી વગેરે તીર્થોનો પીસ્તાલીશ દિવસનો યાત્રા પ્રવાસ યોજવામાં આવ્યો હતો. તેને અનુલક્ષીને પ્રસ્તુત અંક બહાર પાડવામાં આવ્યો છે. આ અંકમાં યાત્રા પ્રવાસનું વિસ્તૃત, વ્યવસ્થિત અને રોચક વર્ણન આપવામાં આવ્યું છે. શ્રીજીવટશરી આદિતીર્થો વારપુર આ દળદાર અંક યાત્રા પ્રવાસે જનારાઓ માટે ખરેખર એક ભોમીયા (ગાઈડ) જેવો બની રહે છે. તીર્થયાત્રા અંગેના લેખો અને ફોટાઓ અંકની શોભા સમૃદ્ધિમાં વધારો કરે છે. અંક ખાસ વસાવવા અને વાંચવા યોગ્ય છે.

સમાજમાં જુદા જુદા સ્વભાવનાં માણસો સાથે આપણને રોજ પ્રસંગ પડે છે. કુટુંબમાં પણ જે માણસો હોય છે. તે બધાનો સ્વભાવ એક જ પ્રકારનો હોતો નથી માતા અને પિતા, પતિ અને પત્ની, ભાઈ અને બેન, શેઠ અને નોકર, પાડોશી અને પાડોશી આ બધામાં વિવિધ પ્રકારના સ્વભાવ જોવામાં આવે છે. અને તેથી સંઘર્ષ થાય છે. ચિત્તને ક્લેશ થાય છે. માનવી દુઃખી થાય છે. કેટલાક આત્મઘાત કરી જીવનનો અંત આણે છે આ દૃષ્ટિએ જગતને જોનાર માણસોમાં વૈરાગ્યની ભાવના જાગે છે.

એટલું તો ખરૂં કે દુઃખમાંથી છુટવાની અને સુખ મેળવાની ઇચ્છા બધાય માણસોને થાય છે. એ તો આપણા અનુભવની વાત છે. આપણા ઋષિમુનિઓએ જગતના કલ્યાણ માટે ઘણા ઉપાયો દર્શાવ્યા છે સ્વભાવ ભેદને લીધે જે દુઃખ ઉભું થાય છે, તેને પણ દૂર કરવાનું સાધન સ્થિતપ્રજ્ઞ પુરૂષો એ દર્શાવ્યું છે. પ્રાણ અને પ્રકૃતિ સ્વભાવ સાથે જ રહે અને સાથે જાય. એ આપણી કહેવત સ્વભાવનું કેટલું બળ છે તે જણાવે છે.

પ્રકૃતિ સ્વભાવ પ્રાણથી છુટે તેમ નથી, એ સાચી હકીકત જરા ધ્યાનમા રાખવાની જરૂર છે. સ્વભાવ બદલવાને માટે અંગત પ્રયત્નોની આવશ્યકતા હોય છે. તેથી આપણે જો સંયમ પાળીએ તો બીજાઓના જુદા જુદા સ્વભાવોને ગળી શકીએ. સાત્વિક આહાર વાચન અને સત્સંગ એ ત્રણ સાધનોની શક્તિ અસાધારણ છે. કોઇને ઉદ્વેગ થાય એવી વાણી ન બોલવી, એવું વર્તન કરવું, સર્વ નો તરફ પ્રેમભાવ રાખવો મારૂં તારૂં એ ભેદ ભૂલવો: આ અને આવા જે જે નિયમો જણાવવામાં આવ્યા છે તે નિયમો પાળવાથી બધી જાતના સ્વભાવોને આપણે પી જઈશું વિરૂધ્ધ પ્રકારનો સ્વભાવ જોતા માણસોને એકદમ ક્રોધ ચઢે છે. અને ગમે તેમ બોલે છે. ક્રોધ તો રજોગુણનું કાર્ય છે અને જ્ઞાન અને વિજ્ઞાનનો નાશ કરનાર છે. જ્યારે ક્રોધ આવે ત્યારે મૌન ધારણ કરવું એમ આપણાં શાસ્ત્રો કહે છે. વ્યવહારમાં પણ આપણે મૌનનું મહત્ત્વ અનુભવીએ છીએ.

એક તત્ત્વચિંતકે કહ્યું છે કે પ્રભુ જ આ પ્રમાણે બોલે છે. એમ માની કઠોરમા કઠોર વચનને માણસે સહન કરવુ. જૈન દર્શનમાં સ્યાદ્વાદનો ફક્ત તાત્વિક ચર્ચા માટે ઉપયોગ છે એમ નથી પણ આપણા રોજના જીવનમાં પણ તે બહુ ઉપયોગી છે. જુદા જુદા નજર બિંદુઓ જોવા તેને સમજવા અને બધાનો સમન્વય કરવો એ કામ સ્યાદ્વાદનું છે.

(પ્રો. ગોવિંદલાલ ભટ્ટ)

પ્રકાશક : ખીમચંદ ચાંપશી શાહ, શ્રી જૈન આત્માનંદ સભાવતી
મુદ્રક : હરિલાલ દેવચંદ શેઠ, આનંદ પ્રીન્ટીંગ પ્રેસ. ભાવનગર



પર્વાધિરાજ પર્યુષણ-પર્વના માંગલિક પ્રસંગે

પ્રાર્થના

सकलार्हत्प्रतिष्ठानमधिष्ठानं शिवश्रियः ।
भूर्भुवः स्वस्त्रयीशानमार्हन्त्यं प्रणिदध्महे ॥

સર્વે અર્હંતોનું પ્રતિષ્ઠાન, સર્વ કલ્યાણોનું અધિષ્ઠાન અને પાતાળ, પૃથ્વી, સ્વર્ગ એ ત્રણેયનું નિયામક એવા અર્હત્પદને અમે પ્રણમીએ છીએ.

ક્ષમાપના

यद्यन्मनसा बद्धं यद्यद्वाचया भाषितं पापम् ।
यद्यत्कायेन कृतं मिथ्या मे दुष्कृतं तस्य ॥

જે જે પાપવૃત્તિઓને મેં મનમાં સંકલ્પેલી હોય, જે જે પાપવૃત્તિઓને મેં વાણીથી ઉચ્ચારી હોય અને જે જે પાપવૃત્તિઓને મેં શરીરદ્વારા આચરી હોય તે તે મારી પ્રવૃત્તિઓ-તે તે મારૂં દુષ્કૃત મિથ્યા હો.

શુભેચ્છા

सर्वे सुखिनः सन्तु सर्वे सन्तु निरामयाः ।
सर्वे भद्राणि पश्यन्तु मा कश्चिद् दुःखभाग् भं

સર્વે પ્રાણીઓ સુખી થાઓ, સર્વે નિરોગી બનો અને સર્વે કલ્યાણને જૂઓ. કોઈપણ દુઃખી ન હો.

પુસ્તક ૫૯ અંક ૧૧

શ્રી જૈન આત્માનંદ સભા ભાવનગર

ભાદરવો સં. ૨૦૧૮

અનુક્રમણિકા

૧	ક્ષમા યાચના	કુન્દનલાલ કાનજીભાઈ	૧૪૫
૨	સાચી પ્રભુભક્તિ		૧૪૬
૩	સુખની ચાવી		૧૪૬
૪	યોજકસ્તત્ર દુર્લભ:		૧૪૬
૫	હારની ચોરી		૧૪૭
૬	માનવતાનું પ્રાગટ્ય		૧૫૩
૭	અજારા તીર્થ	મુ. શ્રી વિશાળવિજયજી	૧૫૬
૮	પાંચમી થિરા દૃષ્ટિની સઝાય	વલ્લભદાસ નેણશી	૧૫૮
૯	સ્વીકાર ને સમાલોચના		૧૬૦

આ સભાના નવા માનવંતા આજીવન સભ્યો

સલોત અમૃતલાલ રતીલાલ (ભગતભાઈ) ભાવનગર

શેઠ અનંતરાય હરીલાલ (કુંડલાકર) ભાવનગર

ભેટ

શ્રી છોટાલાલ મગનલાલ ભાવનગરવાળા તરફથી આ સભાને શ્રી સિદ્ધહેમશબ્દાનુશાસનમ્ ભેટ તરીકે મળેલ છે તેની સાભાર નોંધ લેવામાં આવે છે.

"સ્વાનુભવ-ચિન્તન"

જૈન તત્ત્વજ્ઞાન ઉપર સરળ શૈલિએ લખાયેલ અનુભવસિદ્ધ નિબંધોને અને કાવ્યોનો સુંદર સંગ્રહ.

આ સભાના ઉપપ્રમુખ શ્રીયુત ફતેહચંદભાઈ ઝવેરભાઈના અનુભવોનો નીચોડ રજુ કરતા નિબંધો અને કાવ્યોનો સંગ્રહ આ ગ્રંથમાં કરવામાં આવ્યો છે. તાજેતરમાં પ્રગટ થયો કે તરત જ આ ગ્રંથનો સારો ઉઠાવ થઈ રહ્યો છે.

આપે તો આ ગ્રંથ હજુ ન વસાવ્યો હોય તો તરત મંગાવી લેવા વિનતિ.

મૂલ્ય રૂા. બે (પોસ્ટેજ અલગ)

લખો: શ્રી જૈન આત્માનંદ સભા—ભાવનગર



વર્ષ ૫૯મું] ભાદરવો તા. ૭-૯-૬૨ [અંક ૧૧

ક્ષમા યાચના

(પૃથ્વી શિખરીણી).

પિતા જનની ને વળી સુહૃદ બ્હેન ને બાંધવો,
સગા વડીલ ને ગુરો સકળ વિશ્વના સૌ જીવો,
દુભાયા મ્હારાથી, ફરજ મમ ચુકયો કદીય જો,
ક્ષમા વાછુ દૈન્યે, શુધ હૃદયથી માફ કરજો—

થયો દુઃખદ હું કદી, સ્થુળ બળે કિંમ્ બુદ્ધિથી,
કુચિન્ત્યુ મનમાં હશે તમ તણું બુરા દ્વેષથી,
વળી ભોકયા ક્રોધે, કટુ વચનના શલ્ય તમને,
ક્ષમા દ્યો દોષોની પ્રિયજન! દયાવન્ત થઇને—

ક્ષમા કરવી તો ઘટે, પ્રભુ કને ક્ષમા યાચવા,
વહે ઝરણુ દિવ્ય એ વિમલતા જગે અર્પવા,
ક્ષમાવી અન્યોન્યે સુખકર થઇ આત્મ સર્વે,
અને નિત્યે મ્હાલી વિભુ સદનમા સ્નેહ પરવે—૩

કુન્દનલાલ કાનજીભાઇ.

સમજુ હતી, શાણી હતી, ગમે તેવા દુઃખમાં પતિને આશ્વાસન આપે એવી હતી; કેમ કે એ ધર્મનિષ્ઠ હતી! પરન્તુ થોડુંય ન મળે ત્યારે કરવું શું?—એની એને મન પણ પાકી મુંઝવણ હતી.

આમ સુશ્રાવિક–સુશ્રાવિકા પતિ–પત્ની મુંઝવણમાં દિવસો પસાર કરતા હતા. એવામાં પ્રસંગ પામીને સાંતનુએ કુંદદેવીને કહ્યું કે–'હવે તો ચોરી કરીને દ્રવ્ય મેળવવા સિવાય કોઈ આરો નથી. ચોરી કરવાથી પણ જો થોડુંકેય દ્રવ્ય મળી જાય તો વ્યાપાર થઈ શકે અને વ્યાપારમાંથી જો દ્રવ્યોપાર્જન થાય તો જ આપણાથી નભી શકાય.'

આ વાત સાંભળીને કુંદદેવી પણ ચિન્તામાં પડી ગઈ. ચિન્તા કરતે તેણીને પણ લાગ્યું કે–ખરેખર ચોરી કર્યા વિના આરો નથી, કેમ કે કોઈ પાસે માગવાને હાથ લંબાવી શકવા જોગી તો તેમની સ્થિતિ નહોતી. માગવા કરતા તો મરવું સારૂં, એવું એમનું દિલ હતું. જે રીતિએ ઉછરેલાં હતા, તેનો વિચાર કરતા તો ઝેર ઘોળી પીએ પણ માગવાને હાથ ધરે નહિ, એવી એમની મનોવૃત્તિ હતી. અને ચોરી કરવા પાછળ તો એ વિચાર હતો કે–કમાતાંની સાથે જ પાછું પહોંચાડી દઈશું! એ સમજતી હતી કે–'મારા સ્વામિને વ્યાપાર સિવાય કાંઈ આવડતું નથી અને વ્યાપાર માટે તો ધન જોઈએ. તે ધન હવે ચોરી સિવાય મેળવી શકાય તેમ નથી.'

આમ કુંદદેવીએ પણ પતિના ચોરી કરવાના નિર્ણયને સમ્મતિ આપી; પણ પાછો વિચાર થયો કે–ચોરી કરવી કોની? અને, ચોરી કરવી શી રીતિએ? વિચારીને તેણે કહ્યું કે–'ચોરી કરો તો આપણા કોઈ સારા સાધર્મિકની જ વસ્તુ ચોરજો!'

આ વિચાર પાછળ શું તત્ત્વ છે, એ સમજવા જેવું છે. એક તો ચોરી કરવી અને તેય પાછી સાધર્મિકની વસ્તુની જ ચોરી કરવી! સાધર્મિક પ્રત્યે તો કેવો ભાવ હોવો જોઈએ? સાધર્મિકનું તો વાત્સલ્ય કરવાનું જ મન હોવું જોઈએ ને! સાધર્મિકને તો દેવાનું જ હોય તો ચોરનારને ચોરી કરતાં અટકાવવો એ સાધર્મિકનું કામ છે ને! એને બદલે, સાધર્મિકની જ વસ્તુ ચોરવાનો વિચાર અને નિર્ણય, એ શું કહેવાય! પણ અહીં આપણે એ જોવું જોઈએ કે–કેવળ વખાના માર્યા આ લોકોને ચોરી કરવાનો નિર્ણય કરવો પડયો છે અને ચોરી જેવું પાપ કરવા છતાં પણ પોતાનું ઉત્તમ કુળ નિન્દાય-નહિ, ધર્મ નિન્દાય નહિ, સાધર્મિકો નિન્દાય નહિ, એની ચિન્તા મનમાં રહેલી છે. પારકું લેવું પણ પડે તોય સાધર્મિકનું લેવું. એવો પણ મનોભાવ હોઈ શકે. દુનિયામાં કહેવાય છે કે–જેવું અન્ન, તેવો ઓડકાર. ગમે તેનું દ્રવ્ય ઘરમાં આવે અને તે મનના ભાવોને બગાડી મારે તો શું થાય, એવી પણ ચિન્તા શ્રાવક-શ્રાવિકાને હોઈ શકે છે! દેવ, ગુરૂ અને ધર્મ પ્રત્યેના અમારા ભાવમાં કોઈ વિપરીતતા પ્રવેશી જાય નહિ અન્ય કોઈના દ્રવ્યથી, એવો વિચારેય શ્રાવક-શ્રાવિકાને આવે ને?

બન્નેએ નિર્ણય કરી લીધો કે–'ચોરી કરવા સિવાય આરો નથી અને ચોરી સાધર્મિકની વસ્તુની જ કરવી.' આ નિર્ણય મનમાં રાખીને સાંતનુ સન્ધ્યાકાળે પ્રતિક્રમણ કરવાને માટે ઉપાશ્રયે ગયો.

સંપત્તિશાળી સુશ્રાવકો શ્રી જિનમંદિરે અને ઉપાશ્રયે ધર્મક્રિયા કરવાને માટે જાય, તે કેવી રીતિએ જાય! પોતપોતાના વૈભવાનુસાર ઠાઠમાઠથી જાય. વસ્ત્રાલંકારથી સુસજ્જ બનીને જાય. એમા પણ શ્રી જિનશાસનની પ્રભાવના છે. આવાઓ પણ આ મંદિરે અને આ ઉપાશ્રયે ધર્મક્રિયા કરવાને જાય છે, આવો વિચાર જોનારને આવે અને જોનાર જો યોગ્ય હોય તો એના હૈયામાં શ્રી જિનના ધર્મ પ્રત્યે આદરભાવ પ્રગટે તેમ જ એને પણ આવા ધર્માનુષ્ઠાન આચરવાનું મન થાય.

ઉત્તમ વસ્ત્રાલંકારોથી સુસજ્જ બનીને ઉપાશ્રયે ગયેલા સુશ્રાવકો જ્યારે સામાયિકાદિ ક્રિયા કરે,

ત્યારે વિધિમાં જરૂરી વસ્ત્રો સિવાયનાં વસ્ત્રો અને અલંકારો ઉતારીને બેસે. અલંકારોને ઉતારીને સામાયિક-પ્રતિક્રમણમા બેસવાનો વિધિ પૂર્વકાળમાં પ્રચલિત હતો.

સાંતનુ જેમ ઉપાશ્રયે આવ્યો, તેમ ઘણા સુશ્રાવકો પ્રતિક્રમણ કરવાને માટે આવ્યા હતા એમાં એક શ્રી જિનદાસ નામના શેઠ પણ આવેલા. એમણે પોતાના કપડાં સાથે પોતાના ગળામાં પહેરેલો હાર પણ ઉતાર્યો અને તે પોતાનાં કપડાં ભેગો મૂકયો સાંતનુએ આ જોયું અને પોતાના નિર્ણયનો અમલ કરવાની તક મળી ગઇ તે શ્રી જિનદાસ શેઠની પાસે જ બેસી ગયો.

પ્રતિક્રમણની ક્રિયા ચાલુ હતી અને રાત્રિનો અન્ધકાર વ્યાપી ગયો. સાંતનુએ એ અન્ધકારમા શ્રી જિનદાસ શેઠનો મોતીનો કીમતી હાર ઉઠાવી લીધો. સાંતનુને ચોરી કરવી જ હતી. એટલે એણે પ્રતિક્રમણ કરવાનો દેખાવ કર્યો હશે પણ સામયિક નહિ ઉચ્ચર્યું હોય અથવા તો પછી પોતે પ્રતિક્રમણ ઝડપથી કરી લીધું હશે.

હવે જ, શું બને છે, એ ખરેખર જોવાજાણવા જેવું છે; અને, બોધપાઠ પણ એમાંથી લેવા જેવો છે.

શ્રી જિનદાસ શેઠે સકળ સઘ સાથે પ્રતિક્રમણ કર્યું અને સૌની સાથે સામાયિક પાર્યું, એ પછી પોતાનાં વસ્ત્રાલંકાર પહેરવા જતાં, પોતાનો હાર ગુમ થયેલો જણાયો.

તેમને ખ્યાલ આવ્યો કે-પોતાની પાસે સાંતનુ બેઠો હતો. બીજુ કોઈ એટલું પાસે બેઠું નહોતું. અને સાંતનુ આજે પ્રતિક્રમણમાંથી વહેલો ઉઠીને ચાલ્યો ગયો હતો.

આથી શ્રી જિનદાસ શેઠ સમજી ગયા કે-'મારો હાર સાંતનુએ જ લીધો હોવો જોઈએ' અને સાંતનુએ હારની ચોરી કર્યાની કલ્પના આવતાંની સાથે જ શ્રી જિનદાસ શેઠ કમ્પી ઉઠયા. પોતાનો હાર ચોરાયો એથી નહિ, પણ આ ચોરી એ મારી જ ભૂલનું પરિણામ છે, એવા વિચારથી એ કંપી ઉઠયા.

કોઇ પણ વાતમાં સુશ્રાવકો પોતાની ભૂલ પહેલી તપાસે છે. કોઇ પણ નહિ ઇચ્છવા જેમ બનાવ બન્યો, તો એમા મારી ભૂલ છે કે નહિ અને છે તો કેટલી છે તથા છે તો એ ભૂલ કેમ સુધરે, એનો વિચાર સુશ્રાવકને તો હોય ને? જે પારકી ભૂલ જ જોયા કરે અને પોતાની ભૂલ જૂએ નહિ તે અણસમજુ; સમજુ તેજ કે જે પોતાની ભૂલ પહેલી જૂએ અને પોતાની નાની પણ ભૂલને મોટી બનાવીને જૂએ તથા પારકી ભૂલ જોવામા પણ એના હૈયે પારકાના હિતની ચિન્તા હોય! ગમે તેવી ભૂલ કરનારનું પણ ભૂંડું તો ઇચ્છામ જ નહિ.

શ્રી જિનદાસ શેઠ વિચારે છે કે-'આ સાંતનુની આટલી બધી અવદશા થઇ ગઇ? એના બાપ દાદા મહા ધનવાન હોવા સાથે તેઓ શ્રી સઘના અગ્રણી હતા. દાનથી અને પરોપકારથી તેમણે શ્રી સંઘની આગેવાનીને પણ દીપાવી હતી આવા બાપ-દાદાના સંતાન સાંતનુને આવી રીતે ચોરી કરવાનો અવસર આવી લાગ્યો? મહા મુસીબતમાં મુકાય ગયા વિના સાંતનુ ચોરી કરે એ બને નહિ, એટલે અત્યારે તે ખૂબ જ વિષમ સ્થિતિને પામેલો હોવો જોઇએ એનાં માત-પિતા મરી ગયા પછી મારે જ એની સારસંભાળ રાખવી જોઇતી હતી. હું મારા કર્તવ્યને ચૂકયો, એનું જ આ પરિણામ છે. સાંતનુએ ચોરી કરી એ ખરેખર તો મારી જ ભૂલ છે, કેમ કે મેં જો મારું કર્ત્તવ્ય અદા કર્યું હોત તો એને ચોરી કરવાનો વખત આવત નહિ. પોતાનો કીમતી હાર ચોરાયો છે. એ જાણ્યા પછી, આવો વિચાર આવે! આ બાબત દરેકે પોતપોતાના અન્તઃકરણને પૂછવાની છે. 'હાર કેટલો બધો કીમતી? એની ચોરી ધર્મસ્થાનમાંથી જ અને તે ધર્મક્રિયા કરવાને બહાને! ધર્મસ્થાનમાં ધર્મક્રિયા કરવાને બહાને આવેલો કરે, એનામાં વળી શ્રાવકપણું શાનું! એવા નામના

શ્રાવકોની તો બરાબર ખબર લઈ નાંખવી જ જોઈએ !' આવા આવા વિચાર આવવા એ સહેલું ? કે, કેટલી ધીરજ હોય, કર્તવ્ય પ્રત્યે કેટલી નિષ્ઠા હોય અને સાધર્મિકની થઈ જવા પામેલી અવદશાનો કેટલો ડંખ લાગે એવું હોય, ત્યારે શ્રી જિનદાસને જેવો વિચાર આવ્યો તેવો વિચાર આવે?

આજે 'ખબર લઈ નાંખવી જોઈએ'–એવી વૃત્તિ વધતી જાય છે અને તે સાથે અનિચ્છનીય બનાવો વધતી જાય છે. હવે તો જો કોઈ મહા ધર્મી પણ સાંતનુએ જેવું કર્યું તેવું કરવા જાય તો એ માર ખાય, એનું કુટુમ્બ વગોવાય અને સાથે ધર્મ તથા ધર્મસ્થાનોની પણ ભારે અપભ્રાજના થવા પામે !

એટલા ખાતર પણ, કોઈ દુઃખીમાં દુઃખી બની ગયેલા પણ સુશ્રાવકે, સાંતનુએ જેવું કર્યું તેવું કરવાની ભૂલ કરવા જેવી નથી. એ વાત પણ સમજવી જોઈએ કે–આવા પ્રસંગો સાભળીને કદી પણ સાંતનુએ કર્યું તેવું કરવાના વિચાર નહિ આવવા જોઈએ, પણ શ્રી જિનદાસે જે કર્યું તેવું કરવાનો જ વિચાર આવવો જોઈએ. સુશ્રાવક પોતે દુઃખમાં આવી પડે ત્યારે શું કરે–એ સમજાવવાને માટે નહિ પણ પોતાના સાધર્મિક ભાઈને દુઃખી બનેલો જોઈને, દુઃખનો માર્યો અનાચરણ આચરતો જોઈને, સુશ્રાવકે શું કરવું જોઈએ એ માટે વર્ણવવામાં આવે છે. એ વાત દરેકે ધ્યાનમાં રાખવી જોઈએ કે–'હું ગમે તેટલો દુઃખી થઈ જાઉં તોય, મારે સાંતનુની જેમ ચોરી કરવાનો વિચાર કરવો એ મારા ધર્મને શોભે નહિ !'

શ્રી જિનદાસ શેઠને તો, બીજો કોઈ જ વિચાર આવવાને બદલે, પોતાના કર્તવ્યનો અને પોતાની ભૂલનો વિચાર આવ્યો. અને એટલે જ એમણે પોતાના ગુમ થયેલા હાર વિષે કોઈને કાંઈ કહ્યું નહિ. એમનાં મનમાં તો હવે એ બાબતની ગડમથલ ચાલતી હતી કે સાંતનુને એની મુસીબતમાંથી કેમ ઊગારી લેવો ! સાંતનુ પણ હાર ઉઠાવી લઈને સીધો પોતાને ઘેર ગયો હતો અને તે હાર તેણે પોતાની ધર્મપત્ની કુંઝદેવીને સોંપ્યો હતો. સાંતનુના કહેવાથી કુંઝદેવીએ જાણ્યું હતું કે–આ હાર ધર્માત્મા શ્રી જિનદાસ શેઠનો છે; એટલે બીજે દિવસે જ તેણીએ પોતાના પતિને કહ્યું કે–' આપ આ હાર લઈને એ જ ધર્માત્મા શેઠની પાસે જાઓ, તેમને આ હાર આપો અને હાર એમના હાથમાં મૂકતાં કહેજો કે-' આ હારના આધારે મને અમુક રકમ ધીરો !' એ જે રકમ આપે તે તમે લઈ આવો અને એમાંથી વ્યાપાર કરો !'

આ સાંભળીને, સાંતનુ મુંઝાયો. તરત જ એણે કુંઝદેવીને પૂછ્યું કે–' એ શેઠ શું પોતાના હારને ઓળખશે નહિ ? અને, પોતાના હારને ઓળખીને એ શેઠ ચોર તરીકે મને કોટવાલ પાસે પકડાવી દેશે નહિ ?'

કુંઝદેવીએ કહ્યું કે–' આપ ખાતરી રાખો કે એવું કાંઈ જ નહિ બને, ચોક્કસ એ શેઠ મહા ધર્માત્મા છે. એટલે એ તમને પકડાવશે તો નહિ પણ ખુશીથી તમને જોઈતી રકમ આપશે.'

સાંતનુ પૂછે છે કે–' શું ધર્માત્મા પોતાના અપરાધીને પણ દંડ આપે–અપાવે નહિ ?'

તોય કુંઝદેવી કહે છે કે–' એ શેઠ મહા ધર્મીષ્ઠ છે, એમના વિષે તમે આવી શંકા પણ કરો નહિ. જો એ મહા ધાર્મિક ન હોત તો એમણે ક્યારનીય તમને પકડાવવાની તજવીજ કરી હોત અને આપણો ફજેતો થઈ ગયો હોત. એમનો હાર ચોરાઈ ગયો અને તમારા ઉપર શંકા આવે એવું હોવા છતા પણ એમણે હારની ચોરીની વાત જરાય બહાર પડવા દીધી નથી. એથી મને તો લાગે છે કે–એ શેઠ તમારા દુઃખે દુઃખી થતા હશે ! જો એમનાથી કાંઈ ખરાબ થવાનું હોત તો અત્યાર સુધીમાં થઈ ગયું હોત પણ હાર ચોરાયાની વાત ગણે-ગણે પણ ક્યાંય સંભળાતી નથી. એટલા ઉપરથી અને હું

તેમને ઓળખું છું તે ઉપરથી આપને ખાતરીથી કહું છું કે, શેઠ તમને પકડાવશે તો નહિ, પણ તમને મદદ કર્યા વિના પણ રહેશે નહિ; માટે, આપ કશી પણ શંકા મનમાં રાખ્યા વિના આ હાર લઈને એ શેઠની પાસે જાઓ, આ હાર એ શેઠને આપો અને આ હારના આધારે ઉછીના પૈસાની માગણી કરો !'

સાંતનુને પોતાની ધર્મપત્ની કુંજીદેવીની બુદ્ધિમાં અને ધર્મભાવનામાં વિશ્વાસ હતો. એની પણ શ્રી જિનદાસ શેઠનો હાર પચાવી પાડવાની દાનત નહોતી. એને ચોરી કરવી પડી હતી, પણ એનું હૈયું ચોર નહોતું. આથી તેણે કુંજીદેવીની વાત કબૂલ કરી અને પોતે ચોરેલો હાર લઈને તે જિનદાસ શેઠની પેઢીએ પહોંચ્યો. શ્રી જિનદાસને પગે લાગીને બેઠો.

એને આવેલો જોઈને શ્રી જિનદાસને પણ આનંદ થયો. પોતાના મનમાં જે ગડમથલ ચાલતી હતી, તેનો ઉકેલ આવશે, એમ શ્રી જિનદાસને લાગ્યું. શ્રી જિનદાસ સાધર્મિકનું પ્રસંગાનુરૂપ વાત્સલ્ય કરવાને ઇચ્છતા હતા અને એ તક એમને મળી ગઈ.

શ્રી જિનદાસે સાંતનુને તરત જ કુશળ સમાચાર પૂછ્યા. એથી સાંતનુમાં બોલવાની હિંમત આવી. એણે પોતાના ગજવામાંથી હાર કાઢીને શ્રી જિનદાસના હાથમાં મૂક્યો અને કહ્યું કે–' પાંચ હજારની જરૂર છે માટે આ હાર લઈને આપની પાસે આવ્યો છું. આપ આ હાર આપની પાસે રાખો અને મને આના ઉપર પાંચહજાર ધીરો !

શ્રી જિનદાસ શેઠ તો હાર હાથમાં આવતાં જ હાર પોતાનો છે એ સમજી ગયા, પણ એ વખતે એમનો પુત્રેય પેઢી ઉપર હાજર હતો અને તેણે પણ એ હારને પોતાના હાર તરીકે ઓળખી કાઢ્યો. શ્રી જિનદાસ સમજી ગયા એટલે પુત્ર કાંઈ અણુગતુ બોલી નાખવાની ભૂલ કરે તે પહેલાં તો તેમણે પુત્રને આજ્ઞા કરી કે—' આ હાર તીજોરીમાં મૂકી રાખો અને આ શેઠને પાંચ હજાર હમણાં જ ગણી આપો.'

શ્રી જિનદાસ શેઠનો પુત્ર પણ આજ્ઞાંકિત હતો. પિતાની આજ્ઞા સામે પ્રશ્ન ઉઠાવે એવો એ નહોતો. એ સમજતો હતો કે –' એ હાર આપણો છે એ પિતાજી પણ સમજી શક્યા જ હશે, છતાં પણ તેઓ પાંચ હજાર આપવાની આજ્ઞા કરે છે, તો તેની પાછળ કોઈ રહસ્ય હશે.' આથી તરત જ તેણે પાંચહજાર સાંતનુને ગણી આપ્યા. શ્રી જિનદાસ શેઠે પાંચહજાર લઈને જતા સાંતનુને કહ્યું કે— ' જુઓ કોઈ વાતે મુંઝાશો નહિ. આ તો ઠીક છે, પણ જ્યારે તમને જરૂર પડે ત્યારે તમે વગર સંકોચે મારી પાસે આવજો. ''

જોયું સાધર્મિક વાત્સલ્ય ! સાધર્મિક પ્રત્યે કેવો ભાવ હોવો જોઈએ, એ આમાંથી શીખવા જેવું છે.

સાંતનુના ગયા પછીથી, શ્રી જિનદાસે પોતાના પુત્રને સાંતનુની ઓળખ આપી. કેવા ખાનદાન, ધર્મશીલ અને શ્રીમંત કુટુંબનો આ નબીરો છે, એ સમજાવ્યું. મહા મુશ્કેલીમાં મૂકાઈ ગયા વિના આ પૈસા લેવાને આવે એવો નથી એમ સમજાવ્યું. પણ ગઈ કાલે આ આપણો હાર ચોરી ગયો હતો એમ કહ્યું નહિ. ઊલટું સાધર્મિક પ્રત્યે આપણું શું કર્તવ્ય છે, એ વિષે જ શ્રી જિનદાસે પોતાના પુત્રને કહ્યું.

આમ શ્રી જિનદાસ શેઠે ખુબ જ ભલી લાગણી સાથે, સાંતનુનું કેમ ભલું થાય અને કેમ એ સુખી થાય એ જ એક ભલી ભાવનાથી પાંચહજાર આપ્યા હતા; અને શ્રી જિનદાસ શેઠની એ ભલી ભાવના સફળ થવા પામી. શ્રી જિનદાસ જેવા પુણ્યવાનનું દ્રવ્ય પણ સાંતનુના પુણ્યના ઉદયનું કારણ બન્યું.

સાંતનુએ ઘેર જઈને શ્રી જિનદાસ શેઠ પાસેથી

આપેલા પાંચ હજારના દ્રવ્યથી વ્યાપાર શરૂ કર્યો. એનું જે લાભાન્તરાય કર્મ ઉદયમાં આવ્યું હતું, તે ભોગવાઈને ક્ષીણ થઈ જવા પામ્યું હતું અને હવે તેના લાભાન્તરાય કર્મનો ક્ષયોપસમ થવા પામ્યો. એથી, થોડા જ વખતમાં સાંતનુ વ્યાપારમાં ફાવ્યો અને તેને અઢળક સંપત્તિ પ્રાપ્ત થવા માંડી.

કુંજદેવીએ કહ્યું કે–' પહેલી તકે તમે શ્રી જિનદાસ શેઠની રકમ વ્યાજ સાથે પાછી આપી આવો.

હવે તે સાંતનુ ફરીથી શ્રી જિનદાસ શેઠની પેઢીએ પહોંચ્યો. પહેલી વાર લેવા ગયો હતો અને અને આ વાર દેવા ગયો હતો. તેણે મૂળ રકમ અને તે સાથે તે દિન સુધીના તે રકમના વ્યાજની રકમ પણ શ્રી જિનદાસ શેઠના હાથમાં મૂકી.

શ્રી જિનદાસ શેઠના હર્ષનો પાર રહ્યો નહિ. પોતાની રકમ પાછી આવી એનો એમને હર્ષ નહોતો, પણ પોતાનો સાધર્મિક દુઃખમાંથી ઉગરી ગયો અને તેનો ઉદ્ધાર થઈ ગયો એનો એ મહાનુભાવને હર્ષ હતો. એમને પોતાનું કર્તવ્ય અદા કર્યાનો સંતોષ હતો અને પોતે કર્તવ્ય અદા કર્યું એનું જે સુંદર ફળ આવ્યું એનો આનંદ હતો.

સાંતનુને જરા પણ ઓછું ન આવે એ માટે શ્રી જિનદાસ શેઠે પોતાની રકમ વ્યાજ સાથે લઈ લીધી, પણ એ જ વખતે તીજોરીમાં મૂકેલો હાર કાઢીને સાંતનુને આપવા માંડ્યો.

એ વખતે સાંતનુની આંખોમાંથી આંસુ વહે જતાં હતાં. શરમથી એનું મોઢું લેવાઈ ગયું હતું. એણે શ્રી જિનદાસ શેઠ પાસે પોતાની ભૂલ કબૂલ કરી, એ માટે ક્ષમા માગી અને હાર સંબંધી વધુ કાંઈ કહીને પોતાને નહિ શરમાવવાની શ્રી જિનદાસ શેઠને વિનંતિ કરી.

આ પ્રસંગ જ એવો હતો કે શ્રી જિનદાસ જેવા પુણ્યવાનની આંખોમાં પણ આંસુ આવી ગયા વિના રહે નહિ. સાંતનુને એ કહે છે કે-'ભૂલ તમે નથી કરી પણ ખરેખર તો ભૂલ મેં જ કરી હતી. તમે તો મારી આંખો ઉઘાડી નાંખી. હું મારું સાધર્મિક પ્રત્યેનું કર્તવ્ય ભૂલી ગયો હતો, તે તમે મને જાગ્રત કર્યો. હું તો તમારો એ માટે ઉપકાર માનું છું.'

સાંતનુએ કહ્યું કે–' આપના મહાન ધાર્મિકપણાનો આ પ્રતાપ છે. આપને ઠેકાણે કોઈ બીજો હોત તો મારી ગતિ કયી થાત ? આપે તો મારો ઉદ્ધાર કર્યો છે. આપે મારા ઉપર કેવળ ધર્મબુદ્ધિએ જે ઉપકાર કર્યો છે, તેને હું કદી પણ નહિ વિસરી શકું. તો આપ મને મારી ભૂલ માટે ક્ષમા કરો.'

શ્રી જિનદાસ કહે છે કે–' નહિ ભાઈ ! મેં જે તમારા જેવા મારા સાધર્મિક ભાઈની સાર સંભાળ ન રાખી અને એથી મારા સાધર્મિક ભાઈ એવા તમને જે આવું કાર્ય કરવાની ફરજ પડી, તે માટે હું જ તમારો ગુનેગાર છું; અને તમે મને એ માટે ક્ષમા કરો, એ જ મારી તમારી પાસે માગણી છે.'

જોઈ ક્ષમાપના ? બન્નેની ક્ષમાપના જોવા જેવી, જાણવા જેવી અને એવો અવસર આવી લાગે ત્યારે આચરવા જેવી છે.

બન્ને ક્ષમાપનાના શુદ્ધ ભાવમાં રમતા છુટા પડે છે તે પછી એ નગરમાં ભગવાન શ્રી મહાવીર પરમાત્મા પધારે છે. સૌની સાથે બન્ને સુશ્રાવકો ભગવાનના દર્શને જાય છે. ત્યા ભગવાનના શ્રીમુખે ધર્મદેશનાનું શ્રવણ કર્યા બાદ, એ બન્નેય પોતપોતાની ભૂલ માટે ભગવાન પાસે પ્રાયશ્ચિત માગે છે.

આવા આત્માઓ મોટે ભાગે તો પોતાના પરિતાપથી જ શુદ્ધિ સાધી લે. ભગવાનની દેશના સાંભળવાને મળેલા લોકો તો આ બન્નેની વાત સાંભળીને આશ્ચર્યમુગ્ધ બની ગયા.

—શ્રી વિજયરામચંદ્રસૂરીશ્વરજી મહારાજ:

'પરમાર્થ' માર્ચ ૧૯૬૮ માંથી સાભાર ઉદ્ધૃત.

ધર્મનું આખરી ક્ષેત્ર આચરણ છે. તમે રોજ પૂજા, દેવદર્શન કરતા હશો, વ્યાખ્યાન શ્રવણમાં નિયમિત રીતે જતા હશો, એકાગ્રતાથી ધ્યાનમાં બેસતા હશો, પરંતુ એ બધું કર્યા છતાં યે જો તમારા આચરણમાં ધર્મ નહિ દેખાય, તમારો વ્યવહાર દોષરૂપ કે અન્યાયરૂપ હશે તો પછી પૂજા, દેવદર્શન કે વ્યાખ્યાનોથી તમે કંઈ સિદ્ધ કર્યું નથી એ જ ફલિત થશે.

ધર્મનું મુખ્ય કામ માણસના આચરણમાં પરિવર્તન કરવાનું છે. સાચું શું છે એ આપણે બધા જાણતા હોઈએ છીએ આપણે સાચું વર્તન કરવું જોઈએ એમ આપણું હૃદય આપણને સૂચવે છે પણ ખરું, પરંતુ આપણા ખોટા સંસ્કારો, આપણો લોભ, મોહ કે કામની વૃત્તિઓ આપણને જાણે પરાણે ખોટું કામ કરવા પ્રેરે છે. સાચું વર્તન કે શુદ્ધ વ્યવહાર કરવાની આપણી માનસિક શક્તિ ખોઈ બેઠા હોઈએ એમ આપણને લાગે છે. જેના હાથને લકવો થયો હોય તેનો હાથ ધારેલું કામ કરી શકતો નથી, તેમ આપણું મન આપણા ખોટા સંસ્કારોને લીધે સત્ય આચરણ-શુદ્ધ વ્યવહાર કરી શકતું નથી. પૂજા, દેવદર્શન, વાંચન-મનન ઇત્યાદિ દરેક ક્રિયાનો અન્તિમ હેતુ આપણા મનમાં એ શક્તિ નિર્માણ કરવાનો છે કે જેનાથી આપણને જે સાચું લાગે છે તે કરવાની આપણામાં શક્તિ આવે. આપણો લોભ, મોહ ક્રોધ ઇત્યાદિ સંસ્કારોનું બળ ઓછું થતું જાય, આપણું મન આપણા હાથમાં રહે, આપણું મન સ્વાધીન બને અને આપણે કહીએ એમ કરે. ઘણે ભાગે તો એમ દેખાય છે કે મન-સંસ્કારો-કહે છે તેમ આપણે વર્તીએ છીએ. આપણે કહીએ છીએ તેમ મન વર્તતું નથી. આપણા અને આપણા મનની વચમાં માલિક મન હોય છે અને નોકર આપણે હોઈએ એમ લાગે છે. ધર્મનું અન્તિમ ધ્યેય આપણને મનના માલિક બનાવવાનું છે. આપણે ધારીએ તે મુજબ વર્તન કરવાની આપણી શક્તિ હોવી જોઈએ. આમ આપણું મન જ્યારે આપણને આધીન બન્યું હશે ત્યારે જ આપણાથી ધર્મનું આચરણ થઈ શકશે

કબીર સાહેબે આ જ અર્થમાં કહ્યું છે કે:

લેને કો હરિનામ હૈ, દેને કો અન્નદાન,
તરને કો સ્વાધીનતા, ડૂબને કો અભિમાન.

લેવા જેવી વસ્તુ હોય તો ઈશ્વરનું નામ એટલે કાયમની જાગૃતિ જોઈએ. દાનમાં અન્નદાન જેવું કોઈ દાન નથી, જેનાથી દયા કરુણા અને બંધુત્વની લાગણી નિર્માણ થાય છે. જીવન તરી જવા માટે સાચી રીતે જીવન પાર કરવા માટે આપણી ઇન્દ્રિયો, આપણું મન આપણને સ્વાધીન હોવા જોઈએ. મનની ઉપર સવારી આપણી હોવી જોઈએ. મન આપણા ઉપર સવારી કરતું હશે તો આપણાથી ધર્મનું આચરણ નહિ થાય, અભિમાનથી આખરે ડૂબી જવાશે.

ધર્મનું આચરણ

અભિમાન અનેક પ્રકારના હોય છે. ક્યાંક ભાષા માટે અભિમાન, ક્યાંક પ્રાન્ત માટે અભિમાન ક્યાંક ધર્મ માટે અભિમાન. આવા સંકુચિત માનસ અને સ્વાર્થદૃષ્ટિથી ભાષા, પ્રાન્ત કે ધર્મનું ઉત્થાન થતું નથી જ; ઊલટું એનાથી પારાવાર નુકશાન થાય છે. પાણીમાં પડવાથી ડૂબી જવાય

છે એમ નથી. પાણીમાં તરી ન શકનાર તો પાંચેક મિનિટમાં ડૂબી જાય છે, પરંતુ અભિમાનથી તો માણસ ધીમે ધીમે ડૂબતો રહે છે અને સાથે સાથે બીજાઓને પણ ડૂબાડતો રહે છે. ભાષાના અભિમાન ને કારણે આજે દેશમાં જે કટુતા અને વૈમનસ્ય ફેલાયાં છે તે આપણે જોઈ શકીએ છીએ.

ધર્મનું આચરણ એ સહેલી વસ્તુ છે અને મુશ્કેલ પણ લાગે છે. જેમને જીવનનું સાચું મહત્ત્વ સમજાયું હશે, જેમની દૃષ્ટિ સાફ થઈ હશે એ લોકો જીવનના દરેક કાર્યને-દરેક વ્યવહારને ઉત્તરોત્તર શુદ્ધ બનાવતાં સદાચારી બનશે. એવા લોકોને માટે ધર્મનું આચરણ મુશ્કેલ નહિ બને પરંતુ જે લોકોને જીવનની સાચી કિંમત નથી સમજાઇ, ખાઇ પી, મોજમજા કરીને જીવન પૂરું કરવાનાં જેમની વૃત્તિ હશે, માત્ર ધનપ્રાપ્તિ કે સત્તાપ્રાપ્તિ એ જેમનો જીવનનો મહત્ત્વનો ઉદ્દેશ હશે એવા લોકોને માટે ધર્મનું આચરણ મુશ્કેલ બનશે. સંત પુરુષો, મહાત્માઓ, યુગાવતારી પુરુષો આપણા જેવા માનવીઓ જ હતા. એમનામાં સૌમાં આપણા જેવી જ લાગણીઓ અને વૃત્તિઓ હતી. એમને પણ મન હતું, પરંતુ એમને જીવનનું મહત્ત્વ સમજાયું હતું અને એમણે પોતાની વૃત્તિઓને શુદ્ધ અને સાફ કરીને મનને પોતાના આધીન બનાવ્યું. પ્રાણીમાત્રને માટે એમના મનમાં દયા અને કરુણા વ્યાપી. ક્યાંક પણ દુઃખ કે આપત્તિ જોતા એમનું હૃદય દ્રવી ઊઠતું અને આમ માનવમાત્રની સેવા કરતાં કરતાં એ મહાન બન્યા. એમણે જ આપણને જીવનનું જ્ઞાન આપ્યું.

માનવ અને પશુઓમાં મહત્ત્વનો ભેદ

આપણે ધારીએ તો આપણે પણ એ સન્તો અને મહાપુરુષોની માફક આપણી વૃત્તિઓને શુદ્ધ અને સાફ બનાવી શકીએ છીએ. આપણે પણ આપણા મનને સ્વાધીન બનાવી શકીએ છીએ, પરંતુ એને માટે આપણી વૃત્તિઓ ક્યાં જાય છે, ક્યા પ્રલોભનોને કારણે આપણાથી સાચું વર્તન, ધર્મનું આચરણ થતું નથી એ આપણે તપાસવું પડશે. આરસી વગર મોઢા ઉપર ક્યાં ડાઘ છે એ જોઈ શકાતું નથી તેમ અન્તરદૃષ્ટિ વગર, મનને તપસ્યા વગર મનની અશુદ્ધિઓ દેખાશે નહિ માનવ અને પશુઓમાં આ મહત્ત્વનો ભેદ છે. પશુ પંખીઓ આરસીમાં પોતાને જોઈ ગભરાય છે. ચકલીઓ આરસીમાં બીજી છે એમ માનીને આરસીમાં પ્રહાર કરે. પરંતુ આ શક્તિ હોવા છતાંયે પોતાના મનની તપાસ કરતી વખતે ખૂબ સાવધાની રાખવી પડે છે. મનને કેટલીક ઝીણવટથી તપાસવું પડે છે.

આત્મનિરીક્ષણ કરતી વખતે પણ માણસ પોતાના મનની વૃત્તિઓ અને આવેશોને સાચી રીતે જોવામાં સારીરીતે સાફેલ બની શકે છે તે સમજી શકાય. તેમ છે.

વિજ્ઞાનની શોધખોળને કારણે આજે દુનિયાના કોઇ પણ ભાગમાં જે કાંઇ બન્યુ હોય તેની ખબરો થોડીવારમાં મળી શકે છે. પહેલાંના જમાનામાં આપણા ગામમાં જે કાંઇ બનતું તેની જ આપણને ખબર પડતી. ગામમાં ક્યાંય પણ આફત કે અન્યાય થતો ત્યાં સેવા અને સહકાર કરીને એ આફતમાં લોકોને સહાય કરી શકાતી, પરંતુ આજે જગત નાનું બન્યું છે અને બીજા કોઈ દેશમાં રેલ, ભૂકંપ કે એવી કોઈ કુદરતી આફત આવી હોય તો દેશપરદેશોથી માનવ-સમાજ એ આફતના નિવારણ માટે મદદ મોકલી શકે છે. આજે આપણા દેશમાં અન્નની તંગી છે અને પરદેશોથી આપણે અન્ન મેળવી શકીએ છીએ આમ જ્યાં જ્યાં માનવતા પ્રગટ થાય છે ત્યાં જ સુખ નિર્માણ થાય છે.

તા.-૨૨-૭-૧૯૬૧ના 'જનસંદેશ' માંથી સાભાર ઉદ્ધૃત.

અજારા તીર્થ

લેખક:-વૃદ્ધિધર્મજયંતોપાસક મુનિમહારાજ શ્રી વિશાળવિજયજી

(ગતાંક પાના ૧૩૫ થી ચાલુ)

ભોંયરું-

અજારા પાર્શ્વનાથ મંદિરમાં એક ભોંયરું હોવાનું કહેવાય છે. એ ભોંયરામાંથી અમુક અમુક ગામે જવાય છે એવી લોકોક્તિ ચાલે છે; પરંતુ તેમાં તથ્ય કેટલું હશે તે કહી શકાય નહિ.

આ ભોંયરાની સં. ૧૯૫૪ની સાલમાં તપાસ કરવામાં આવી હતી. એ વખતે ઘણી ભીનાશ અને દુર્ગંધને લીધે વધુ ઊંડે જઈ શકાયું નહોતું. એક છૂપા માર્ગ જેવું જણાતું હતું પણ માર્ગ ઘણો મુશ્કેલ લાગતો હતો આ કારણથી વધારે તપાસ કરવાનું કામ અટકાવી દેવામાં આવ્યું હતું. હાલમાં એ છૂપો માર્ગ બંધ કરી દેવામાં આવ્યો છે.

આ ભોંયરામાં ખંડિત પ્રતિમાઓનો મોટો જથ્થો છે. આજે પણ અહિં ખોદકામ કરતાં ખંડિત પ્રતિમાઓના આકારો મળી આવે છે.

*

આ ભોંયરા વિશે બારોટના ચોપડામાં નીચે મુજબ લખેલી દંતકથા જાણવા મળે છે-

અજારા ગામમાં એક ધનાઢ્ય શેઠ રહેતા હતા. તેમને અજારા પાર્શ્વનાથ ભગવાન પ્રતિ ખૂબ ભક્તિ હતી. એ સમયે આ ગામ સાધારણ હતું અને તેમાં સાત જૈન મંદિરો મૌજુદ હતાં.

ચૌદમા સૈકામાં અલ્લાઉદ્દીન ખિલજી-દિલ્હીથી પાટણ ઉપર ચડી આવ્યો ત્યારે દિલ્હીથી પાટણ આવવાના માર્ગે આવતા ગામ-નગરોને લૂંટી, ત્યાંનાં મંદિરોને તોડતો પાટણ આવ્યો પાટણમાં ખૂબ લૂંટ ચલાવી અને ત્યાંના મંદિરો તેમજ મૂર્તિઓને ખંડિત કરી નાખી. સૌરાષ્ટ્રમાં આવવાના સમાચાર મળ્યા.

શેઠને વિચાર આવ્યો કે મુસ્લિમ સેના અહીંનાં મંદિર અને મૂર્તિને ખંડિત કરે એવી પરિસ્થિતિ જોવા કરતાં મરવું બહેતર છે. આથી તે અઠ્ઠમનો તપ કરી દેરાસરમાં બેસી ગયા. બરાબર બે દિવસ પસાર થઈ ગયા ત્યારે રાત્રિના સમયે અધિષ્ઠાયક દેવ પ્રસન્ન થઈ શેઠ આગળ હાજર થયા. શેઠે સઘળી હકીકત દેવને કહી સંભળાવી ત્યારે દેવે કહ્યું : "આ દેરાસરના રંગમંડપના નૈઋત્ય ખૂણામાં ખોદવાથી એક ભોંયરું નીકળશે. તેમાં આ દેરાસરોની પ્રતિમાઓને ભંડારી દેજે.

"વળી, અહીંથી પાંચ કોસ દૂર આંગડા ગામ છે ત્યાં અજારા પાર્શ્વનાથ ભગવંતનો ખરા અંતઃકરણથી ભક્તિ કરનારો ભક્ત રહે છે. તે રક્તપિત્તના રોગથી પીડાય છે તેને ત્યાં આ પાર્શ્વનાથની પ્રતિમા પ્રગટ થશે. એ સમયે એ પ્રતિમાનું ન્હવણજળ શરીરે લગાડવાથી તેનો રક્તપિત્તનો રોગ દૂર થશે."

આમ કહીને દેવ અંતર્ધાન થઈ ગયા. શેઠના મનનું સમાધાન થયું. તેમણે વળતા દિવસની વહેલી સવારે પ્રતિમાઓ ઉત્થાપન કરીને ભોંયરામાં ભંડારી દીધી ને તે શેઠ દેવ વચન અનુસાર આંગડા ગામે ગયા. ત્યાં જઈને જુએ છે તો અજારા પાર્શ્વનાથની મૂર્તિ હાજર હતી. તેમની નજીક દીપને ધૂપ પ્રજળી રહ્યા હતા.

અહીં પેલા રક્તપિત્તવાળા પ્રભુભક્તે પ્રભુજીની પૂજા-પખાળ કરી શરીર ઉપર તે ન્હવણજળ લગાડયું. એમ ત્રણ દિવસ સુધી કરતા તેના શરીરનો રોગ નષ્ટ થયો અને કાયા કંચનવર્ણ જેવી થઈ.

પાંચમી થિરા દ્રષ્ટિની સઝાય

લેખક:-વલ્લભદાસ નેણશી

(૧) દ્રષ્ટિ થિરા માંહે દર્શન જાત્યે,
રત્નપ્રભા સમ જાણો રે,
ભ્રાંતિ નહીં વળી બોધ સૂક્ષ્મ,
પ્રત્યાહાર વખાણો રે,

(૨) એ ગુણ વીર તણો ન વિસારૂં,
સંભારૂં દિન રાત રે,
પશુ ટાળી સુરરૂપ કરે જે,
સમકિતને જીવહાતરે—

ભાવાર્થ:—આ પાંચમી થિરા દ્રષ્ટિમાં, મિથ્યાત્વ મોહનીય, મિશ્રમોહનીય, તથા સમકિત મોહનીયનો ગ્રંથી ભેદ (ક્ષય)થવાથી સ્વસ્વરૂપનો સ્વાનુભવ થાય છે. અર્થાત તેલ-વાટ વિગેરે બહારના કૃત્રિમ સાધનોથી પ્રગટ થયેલ દીપક સમાન પ્રભા આ દ્રષ્ટિમાં નથી. પણ સ્વાનુભવથી પ્રાપ્ત થયેલી સ્વાભાવિક રત્નપ્રભા સમાન બોધ થાય છે, જેથી નિત્ય (અવિનાશી)સમ્યગ્જ્ઞાન-દર્શન પ્રગટ થાય છે અને તેથી અનાદિકાળના મિથ્યાત્વની ભ્રાંતિ નાશ પામે છે.

અનંતાનુબંધી કષાય, મિથ્યાત્વ, અને અજ્ઞાનનો નાશ થવાથી ઇંદ્રિયોના વિષયોમાં આસક્તપણું તથા પરપુદ્ગલ રમણતા નાશ થવાથી પ્રત્યાહાર ગુણ એટલે મન અને ઇંદ્રિયોના વિષયોને જીતીને વૃત્તિ સંયમી બનવાનો ગુણ પ્રગટ થાય છે અને આત્માનો સાક્ષાત્કાર થાય છે. આત્મા કૃતાર્થ બને છે.

અનંતકાળના સંસાર પરિભ્રમણથી રહિત કરનાર તથા સ્વસ્વરૂપનું ભાન કરાવનાર એવા અનંતકૃપાળુ પરમાત્મા શ્રી વીરપ્રભુના અસીમ ઉપકારને ક્ષણ માત્રની પણ વિસ્મૃતિ કર્યા વિના રાત દીવસ સતતપણે સંભારૂં છું, અને સમકિત દાતા પરમોપકારી શ્રી સદ્ગુરૂદેવને ઉલ્લસિત ભાવે વંદન કરૂં છું.

(૩) બાલધૂલી ઘર લીલા સરખી,
ભવચેષ્ટા ઇહાં ભાસે રે.
રિદ્ધિસિદ્ધિ સવિ ઘટમાં પેસે,
અષ્ટ મહા સિદ્ધિ પાસે રે—એ

ભાવાર્થ:—જેમ બાળકો શેરીમાં ધૂળના ઘરો બનાવીને ક્રીડા કરે છે, તે ઘરો કલ્પના રૂપ જ વાસ્તવિક નથી. સ્વસ્વરૂપનો સ્વાનુભવ કરનાર સમ્યગ્જ્ઞાની મહાત્માને પુદ્ગલના વિલાસો કે સંસારની સર્વ ચેષ્ટાઓ સત્ય લાગતા નથી પણ ધુળના ઘર જેવા લાગે છે અર્થાત અસત્ય-અસાર લાગે છે તેથી આવા વિશુદ્ધ જ્ઞાની મહાત્માને અંતરમાં સર્વે સિદ્ધિ-રિદ્ધિ અને અષ્ટ મહાસિદ્ધિઓ પણ આવીને રહે છે તે અષ્ટ મહા સિદ્ધિનું વર્ણન દ્રવ્ય તથા ભાવથી દર્શાવે છે.

(૪) વિષય વિકારે ન ઇંદ્રિય જોડે.
તે ઇહાં પ્રત્યાહારો રે,
કેવલ જ્યોતિ તે તત્ત્વ પ્રકાશી,
શેષ ઉપાય અસારો રે—એ-

ભાવાર્થ:—પાંચ ઇંદ્રિયોના વિષયોના આસક્તિ ભાવથી નિવૃત થઇને સ્વસ્વરૂપના આનંદમાં વર્તે તેજ પ્રત્યાહાર (મન ઇંદ્રિય જય) છે તેજ પામનાર જ્ઞાની આત્મા સંસારના સર્વે અસત્ય અને અસાર પદાર્થોથી ઉદાસીન (વિરક્ત) બનીને પરમ તત્ત્વ જ્ઞાનરૂપી સર્વોત્તમ પ્રકાશમાં આનંદીત બને છે.

(૫) શીતલ ચંદનથી પણ ઉપજ્યો
અગ્નિ દહે જેમ વનને રે,
ધર્મજનિત પણ ભોગ ઇહાં તેમ,
લાગે અનિષ્ટ તે મનને રે,—એ-

ભાવાર્થ:—જેમ શીતલ ચંદનથી ઉત્પન્ન થયેલો અગ્નિ પણ ભસ્મ વનનેબાળી નાખે છે. તેમ ઉગ્ર

તેવા યમ–નિયમ–જપ–તપ–વ્રતાદિસાધનોમાં જીવાત્મા વર્તતો હોય તોપણ જો ભૌતિક ભોગોમાં આસક્ત થઈને રહેતો હોય તો પોતાના આત્મસ્વભાવને બાંધી નાંખે છે. આવરણીત કરે છે.

મુખથી જ્ઞાન કથે અને અંતર છૂટ્યો ન મોહ
તે પામર પ્રાણી કરે, માત્ર જ્ઞાનીનો દ્રોહ.

શબ્દ અધ્યાત્મીઓ વા શુષ્કજ્ઞાનીઓની જેમ મોઢેથી મોટી મોટી તત્ત્વજ્ઞાનની વાતો કે ચર્ચાઓ કરે અને અંતરથી બહિરાત્મ ભાવે વર્તીને મોહાસક્ત રહે તો તે પામર જીવ જ્ઞાનનો સન્માર્ગનો તથા જ્ઞાની મહાત્માઓનો દ્રોહ કરે છે ઇંદ્રિયોના વિષયોને ઝેર સમાન અનિષ્ટ માનીને તેનાથી નિવૃત્ત થઈને તથા ગૃહવાસને પાશ સમાન કે બંધન સમાન જાણીને તેનાથી નિવૃત થવા માટે સતત પ્રયત્નશીલ બનીને આત્મજાગૃતિમાં રહે છે.

(૬) અંશે હોય ઇહાં અવિનાશી,
પુદ્ગલ જાલ તપાસી રે.
ચિદાનંદઘન સુયશ વિલાસી,
કેમ હોય જગનો આશી રે–એ–

ભાવર્થ :–દર્શન મોહનીયનો ક્ષયોપશમ થવાથી જેટલે અંશે મોહનીય કર્મ સત્તામાંથી અબંધભાવે ક્ષય પામે છે, તેટલે અંશે આત્મ નિરાવરણ થાય છે અને જેટલે અંશે આત્માની નિરાવણતા થાય છે તેટલે અંશે આત્મા અવિનાશી ભાવને પામે છે જેથી તે સ્વાનુભવી, નિરાવરણી. અવિનાશી આત્મા આ સંસારની સર્વ રચનાને પુદ્ગલની જાલનો તમાસો (પુદ્ગલ રચનાનું નાટક) સમજીને તેના ઉદયમાં જરાપણ આકુલ અસ્થિર, કે આસક્ત ન થતાં પોતાના અસીમ સુયશકારક સચ્ચિદાનંદ સ્વરૂપનોજ વિલાસી (ભક્તિ) બને છે. વિભાવ દશામાં આત્મા એ કર્મનો કર્તા બનીને જે સંસાર પરિભ્રમણ કર્યું છે તે હવે સ્વભાવ દશામાં પોતાના સ્વરૂપનો કર્તા–ભક્તિ બનીને પર સ્વરૂપનો ફક્ત દૃષ્ટા રહીને સચ્ચિદાનંદ સમ્યગ્જ્ઞાન દર્શન ચારિત્રમાં મગ્ન રહીને કર્મબંધ નથી મુક્ત બનીને પરમ પદ (મોક્ષ) પામવાને પરમ ભાગ્યશાળી બને છે.

[અજારા તીર્થ પૃષ્ટ૧૫૭થી ચાલુ]

હતો. જીર્ણોદ્ધારનું કામ ચાલુ કરતાં અગ્ર ભાગ ઉપર પાલખ બાંધીને કારીગરો જ્યારે શિખર ઉપર કામકાજ કરી રહ્યા હતા ત્યારે એકાએક આકાશવાણી થઈ 'કે સાવચેત થાઓ, નીચે ઊતરો.' આ ચેતવણી સાંભળીને કારીગરો જેવા નીચે ઊતર્યા તેવી જ એ પાલખ તૂટી પડી

મંદિરના અગ્ર ભાગ ઉપર કોઈ વેળા તેજસ્વી દીપક પ્રજ્વલતો જોવામાં આવે છે.

એક વખત પ્રભુજીની પૂજા રહી ગયેલી પણ પાછળથી તપાસ કરતાં પૂજા થયેલી માલમ પડતી હતી,

સં૦ ૧૯૯૯માં જ્યારે મૂર્તિ ઉપરનો લેપ જીર્ણ થઈ ગયો ત્યારે નવો લેપ કરાવવા માટે અમદાવાદથી બે કારીગરોને બોલાવવામાં આવેલા. એ સમયે પૂજારીએ વહેલી પખાલ–પૂજા કરી લીધી છેવટે પ્રભુની આરતી અને મંગળદીવો ઉતારતી વખતે લેપ કરતારા કારીગરો હથિયારો લઈને પ્રભુ ની આગળ આવીને ઊભા. ગોઠીએ તેમને કહ્યું, 'પ્રભુને મંગળદીવો ઉતારી લઉં ત્યાં સુધી થોભો.' કારીગરોએ જવાબ આપ્યો કે, 'હવે જોયા તમારા શ્રાવકના દેવ.'

બસ. એ જ સમયે તોપ જેવો અવાજ થયો. એ સાંભળીને કારીગરોના હાથમાંના હથિયારો હેઠા પડી ગયાં. આખાયે દેરાસરમાં પ્રભુજીનો જેવો લાલ રંગ છે તેવો રંગ સર્વત્ર છવાઈ ગયો. આખા રંગમંડપ અને ગભારામાં લાલ ધટા થઈ ગઈ, ત્યાં સુધી કે એક માણસ બીજા માણસને જોઈ ન શકે. આ ધટા દશેક મીનીટ સુધી રહી હતી. આ જોઈને કારીગરોએ કહ્યું, 'અમે દેવને લેપ નહીં કરી શકીએ, આવા દેવ અમે કયાંય કદી જોયા નથી.' ઘણી સમજાવટ પછી કારીગરો માની ગયા અને લેપ કરવા લાગી ગયા.

અહીંની આબોહવા

આ સ્થળનાં કુદરતી હવા પાણી એટલાં સારાં અને સ્વચ્છ છે કે, બિમાર માણસ દવા લીધા વિના જ તંદુરસ્ત બની જાય છે. આ સ્થળનું પાણી આસપાસના પાણી સાથે મુકાબલો કરતાં રતલે એક રૂપિયાભાર વજનમાં ઓછું થાય છે.

સ્વીકાર સમાલોચના

ભગવતી આરાધના:–ભાગ ૧ લો ગુજરાતીમાં
અર્થ ભાવાર્થ તૈયાર કરનાર
સૌભાગચંદ ગો. તુરખીયા.
સંપાદક:–નગીનદાસ ગીરધરલાલ શેઠ
કિંમત રૂા. ૪–૦૦

આ એક પ્રાચીન અને મહાન ગ્રંથ છે. સદ્‌ગતિને માટે સમાધિમરણ અત્યંત આવશ્યક છે અને સમાધિમરણ માટે સમ્યગ્‌દર્શન, જ્ઞાન, ચારિત્ર અને તપની આરાધના માટેનું વિસ્તૃત વર્ણન આ ગ્રંથમાં આપવામાં આવ્યું છે. અધ્યયન, ચિંતન અને મનન કરવા યોગ્ય ગ્રંથ છે

આત્મસિદ્ધશાસ્ત્ર:–(શ્રીમદ્ રાજચંદ્ર પ્રણિત)
જૈન સિદ્ધાંત ગ્રંથમાળા મણકો ૩૮ મો
વિવેચન લખનાર: ભોગીલાલ ગીરધરલાલ શેઠ
પ્રકાશક:–જૈન સિદ્ધાંત સભા, મુંબઈ
કિંમત રૂા. ૪–૦૦

આ કૃતિમાં શ્રીમદે આત્માને લગતું આવશ્યક પૂર્ણ રહસ્ય દર્શાવી આપ્યું છે. આમાં શ્રીમદે જે નિરૂપણ કર્યું છે તે જીવનના અનુભવમાંથી આપેલું હોઈ માત્ર તાર્કિક નથી પણ આત્માનુભવથી થયેલ સિદ્ધ પ્રતીતિ છે. આધ્યાત્મિક જીવનનું પરમ ઉત્કૃષ્ટ રહસ્ય આમાં છે. મુમુક્ષુઓએ ખાસ વાંચવા અને ચિંતન અને મનન કરવા યોગ્ય ગ્રંથ છે.

શ્રી સિદ્ધહેમશબ્દાનુશાસનમ્:–અનુપૂર્તિકાર
અને સંપાદક:–**પૂ. આચાર્ય મહારાજશ્રી**
વિજયલાવણ્યસૂરીશ્વરજી મહારાજ
પ્રકાશક:–**શ્રી સિદ્ધહેમ પ્રકાશન સમિતિ,**
મુંબઈ.

કલિકાળસર્વજ્ઞ પૂ. આચાર્ય મહારાજ શ્રી હેમચંદ્રસૂરિશ્વરજીએ સિદ્ધહેમ વ્યાકરણ રચેલ છે. અને તેના ઉપર તેમણે જ ૮૪૦૦૦ શ્લોક પ્રમાણ બૃહન્યાસ રચેલ હતો. આજે તે સંપૂર્ણપણે ઉપલબ્ધ નથી. આ પરિસ્થિતિમાં પ્રાપ્ત થતાં ન્યાસને શુદ્ધ કરવાનું અને જે ન્યાસ મળતો નથી તેનું અનુસંધાન કરવાનું વિકટ કાર્ય પૂ આચાર્ય મહારાજ શ્રીએ કરેલ છે, જેના સંદર્ભમાં આ ગ્રંથ પ્રગટ કરવામાં આવ્યો છે. આ વિષયના અભ્યાસીઓએ ખાસ વાંચવા અને વસાવવા યોગ્ય છે.

જીવનયાત્રાના સંસ્મરણો:–લેખક અને પ્રકાશક:
વકીલ ન્યાલચંદ લક્ષ્મીચંદ, ભાવનગર.
મૂલ્ય બાર આના

આ પુસ્તકમાં લેખકે પોતાનો વિસ્તૃત જીવન-પરિચય આપ્યો છે.

જંબુસ્વામી રાસ:— સંપાદક:– ડૉ. રમણલાલ ચીમનલાલ શાહ પ્રકાશક:— શેઠ નગીનદાસ મંછુભાઈ જૈન સાહિત્યોધ્ધાપક ફંડ. સૂરત.
કિંમત રૂા. ૨=૦૦

" વાણી વાચક જસતણી કોઈ નમે ન અધૂરીજી" એવા સમર્થ ભાષા પ્રભુત્વવાળા પૂ. મહોપાધ્યાય શ્રી યશોવિજયજી કૃત આ જંબૂસ્વામી રાસનું સંપાદન તેમની પોતાની જ હસ્તલિખિત પ્રત ઉપરથી કરવામાં આવ્યું છે. સંસ્કૃત અને પ્રાકૃતમાં અનેક ગ્રંથોની રચના કરનાર પૂ. મહોપાધ્યાય શ્રી યશોવિજયજીએ ગુજરાતી ભાષામાં પણ ઘણી રચનાઓ કરી છે. આ રાસમાં એમનું ગુજરાતી ભાષા ઉપરનું પ્રભુત્વ ઘણું સારું જોઈ શકાય છે. પૂ. મહોપાધ્યાય મહારાજશ્રીનો જીવનપરિચય તથા તેમની અન્ય કૃતિઓની નામાવલિ તેમજ અંતરરાસ અંગેનું ટિપ્પણ આપીને ગ્રંથની ઉપયોગિતામાં વધારો કરવામાં આવ્યો છે. જંબુસ્વામીરાસનું આ સંપાદન ઘણું જ આવકારદાયક છે.

શ્રી મહેન્દ્ર જૈન પંચાગ (વર્ષ ૨૮ મું):— કર્તા:—પૂ. આચાર્યશ્રી વિકાશચંદ્રસૂરીશ્વરજી કિંમત રૂ. ૧=૨૫

સાંપત અને નિરપત પદ્ધતિ પ્રમાણે ઘણા પંચાંગો દર વર્ષે પ્રગટ થાય છે. પરંતુ જેમને સૂક્ષ્મમાં સૂક્ષ્મ સમયની જરૂર હોય તેમની જરૂરિયાત આ પંચાંગ પુરી પાડે છે. હિંદુ વ્રત તહેવારો પણ આમાં ઉમેરીને આ પંચાંગ સર્વજનતાને ઉપયોગી બનાવવામાં આવ્યું છે. સં. ૨૦૨૦ની સાલમાં અધિક તેમજ ક્ષય માસ આવે છે. જનતા આવા પ્રસંગે ગુંચવણો ન અનુભવે તે માટે આ પંચાંગમાં સં. ૨૦૧૯ના પંચાંગની સાથે સં. ૨૦૨૦ના ફાગણ સુધીનું પંચાંગ પણ આપેલું છે. આ પંચાંગ સહુ કોઈએ, જૈનોએ તો ખાસ અપનાવી લેવા યોગ્ય છે અને તે માટે અમારી ભલામણ છે.

શ્રી પ્રસન્નમુખ સુરચંદ બદામી બી. એ. બી. એસસી. બાર-એટ-લો (ચીફ જજ, સ્મોલ કોઝીઝ કોર્ટ)ના રવિવાર તા. ૫મી ઓગસ્ટ ૧૯૬૨ના રોજ થયેલ અકાળ અવસાન અંગે ઊંડા શોક અને દિલસોજીની લાગણી અમે વ્યક્ત કરીએ છીએ.

સ્વ. શ્રી બદામી ધાર્મિક તથા કેળવણી વિષયક અનેક સંસ્થાઓ સાથે સંકળાયેલા હતા. તેમજ જૈનધર્મ તથા વૈદિક તત્ત્વજ્ઞાનના તેઓ ઊંડા અભ્યાસી હતા. સંસ્કૃત સાહિત્યના પણ તેઓ પ્રખર વિદ્વાન હતા.

આવા શિક્ષણપ્રેમી, સાહિત્ય ઉપાસક, સેવાપરાયણ અને સંનિષ્ઠ કાર્યકરના દુઃખદ અવસાનથી જૈનસમાજને ન પૂરાય તેવી ખોટ પડી છે.

સ્વર્ગસ્થ આ સભાના એક આજીવન સભ્ય હતા. અમે તેમની બહુવિધ સેવાઓને અંજલિ આપીએ છીએ તથા તેમના પુણ્યાત્માને ચિર શાંતિની પ્રાર્થના કરીએ છીએ.

શ્રી ચંદુલાલ સારાભાઈ મોદી બી એ. (ઓનર્સ)ના મંગળવાર તા. ૭ મી ઓગષ્ટ ૧૯૬૨ના રોજ થયેલ અવસાન અંગે અમે દુઃખ અને દિલસોજી વ્યક્ત કરીએ છીએ.

સ્વ. શ્રી, ચંદુલાલભાઈ શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સ, શ્રી મહાવીર જૈન વિદ્યાલય તેમજ ધર્મ, કેળવણી તથા સમાજની અનેક નાની મોટી સંસ્થાઓ સાથે ગાઢ સંપર્ક ધરાવતા હતા. તેઓશ્રીના અવસાનથી આવી સર્વે સંસ્થાઓને ન પૂરાય તેવી સાચા અને પીઢ કાર્યકરની ખોટ પડી છે. આવી નિઃસ્પૃહી, ધર્મપ્રિય અને શિક્ષણપ્રેમી વ્યક્તિ આપણી વચ્ચેથી જતાં ખરેખર દુઃખ અને ગ્લાનિ થાય છે. સ્વર્ગસ્થ આ સભાના જૂના પેટ્રન હતા. અમે સ્વર્ગસ્થના સેવાપરાયણ આત્માને શાશ્વત શાંતિ ઈચ્છીએ છીએ.

शाश्वत जीवन प्रगटाववा अंतरात्माने निर्देश.

હરિગીત.

કષ્ટોતણાં નિર્માણથી અભિભૂત થઈ ગભરાય શું ?
શ્રદ્ધાવડે સંસાર ચીલો કાપતાં કરમાય શું ?
આવી મળે જે જે પ્રસંગો અશુભ કે શુભને વિષે,
કરી તુલ્યવૃત્તિ શાંતિથી કર ચિત્ત સંયમ દશ દિશે.

ના તુચ્છ તું;—નથી દીન તું; સામર્થ્ય તારૂં જો રહ્યું,
સંતપ્ત કાં કર ચિત્ત ત્હારું ! આયુ નિષ્ફળ જો વહ્યું;
નિર્લેપ બનવા મોહજલ સંપર્કથી તૈયાર થઈ,
શુભ સાધવા સાક્ષી બની દુર્વાસના હણતી લઈ.

× × ×

જે જે મનુષ્યો સંયમી છે વચન, મન, કાયા થકી.
સંપ્રાપ્ત તો છે તેમને પરમાત્મપદની વાનકી;
છે પરમપદની સિદ્ધિનું જો લક્ષ્યબિંદુ શાસ્ત્રનું;
અધ્યાત્મલક્ષ્મી યુક્ત જે ઐશ્વર્ય પ્રાપ્તી માત્રનું.

જીવો અનંતા જે ક્રમે સિદ્ધિ ગયા તે માર્ગનો,
સાદર કરી, અવસાન કરજે અંતરારિવર્ગનો;
છે મૂલરૂપ સ્વભાવગત તે પામવા તૈયાર થા,
શ્રદ્ધા લહી પરિણામ માટે ભાઇ તું ન અધિર થા.

મલિન માટીથી નીકળતું, માટી માંહિ લય થતું,
અંતિમ ભાવી વિશ્વના જે જડ પદાર્થનું હતું;
તારી સંકલના નથી; તે ભાવિ સાથે જો હવે,
અજ્ઞાત ભાવી વારસાથી જ્ઞાત થઈ જા આ ભવે.

જાગૃત કરી એ સુપ્ત શક્તિ અનવાપ્ત સામર્થ્યથી,
ઉત્સંગમાં અધ્યાત્મલક્ષ્મી પ્રાપ્ત કરવા વીર્યથી;
ચિરકાળનાં જે બંધનો પ્રિયતમ હવે તું તોડજે,
ઉત્તેજથી પરમાત્મપદની પ્રાપ્તિમાં મન જોડજે.

"સ્વાનુભવ-ચિંતન" પા. ૨૬૨

પ્રકાશક : ખીમચંદ ચાંપશી શાહ, શ્રી જૈન આત્માનંદ સભાવતી.
મુદ્રક : હરિલાલ દેવચંદ શેઠ, આનન્દ પ્રીન્ટીંગ પ્રેસ. ભાવનગર

જીવનદૃષ્ટિ

ક્રોધ અને તિરસ્કારથી ભરેલા આ જગતમાં માનવતાનું સ્મિત કે સહાનુભૂતિભર્યો નિઃશ્વાસ શોધવા જવું તે મિથ્યા છે. આપણા કાર્યમાં આપણે કંઇક આશા, કંઇક ઔદાર્ય લાવવું જ હોય તો આપણે ફરી પાછો મૂળગામી ધર્મ સ્વીકારવો જોઇએ. આ ધર્મ નથી પૂર્વનો કે પશ્ચિમનો એ તો સાર્વત્રિક છે. તંદુરસ્ત મનોવૃત્તિની આધ્યાત્મિક જીવનદૃષ્ટિ વિના આપણે કોઈ ચિરંજીવ રચના કરી શકીએ નહિ. માનવ આત્માની દૈવી સંભવનાઓમાં શ્રદ્ધા રાખતી, સમગ્ર જીવનને અને અસ્તિત્વને સાંકળતી અને માનવ ઐક્યને સહારૂપ થાય તે માટે જુદા જુદા ધર્મો અને સરતીઓના સમન્વયનો આગ્રહ રાખતી પૌર્વાત્ય જીવનદૃ આપણે સ્વીકારવી જોઇએ.

સંવત ૨૦૧૮ વાર્ષિક અનુક્રમણિકા

પદ્ય વિભાગ

ક્રમાંક	લેખ	લેખક	પૃષ્ઠ
૧	મિત્તી મે સવ્વભૂએસુ	વિ. મૂ. શાહ	૧
૨	વર્ષારંભે પ્રભુસ્તુતિ	,,	૨
૩	નૂતન વર્ષારંભે માંગલ્ય ભાવના	,,	૨
૪	યોગાભ્યાસનો એકડો	પાદરાકર	૮
૫	વેરં મજ્ઝ ન કેણઈ	ધમ્મપદ	૨૫
૬	મધુર વચન બોલોં		૨૬
૭	ઇષ્ટ વાણી		૪૧
૮	જ્ઞાનમસ્તોના રાહ		૪૨
૯	અપરિગ્રહી મહાવીર		૫૭
૧૦	ગુરુગમ	સ્વ. પાદરાકર	૫૮
૧૧	તાલધ્વજ ગિરિને	હસમુખ મઢીવાળા	૭૨
૧૨	સુભાષિત		૮૧
૧૩	આત્મપ્રભુ પ્રત્યે પ્રાર્થના	સ્વ. પાદરાકર	૮૨
૧૪	દરિદ્રતા		૮૨
૧૫	તૃષ્ણા		૯૭
૧૬	ભો બગલા !	સાહિત્યચંદ્ર બાલચંદ હીરાચંદ	૯૮
૧૭	મૌનનું મહત્ત્વ		૧૧૩
૧૮	પાપમાંથી મુક્તિ		૧૨૯
૧૯	ક્રોધ ઉપર ક્રોધ કરો	સાહિત્યચંદ્ર બાલચંદ હીરાચંદ	૧૩૦
૨૦	ક્ષમાયાચના	કુન્દનલાલ કાનજીભાઈ	૧૪૫
૨૧	ભાવનાશીલ	,,	૧૬૩

ગદ્ય વિભાગ

૧	નૂતન વરસનું મંગળમય વિધાન	હ. દે. શેઠ	૩
૨	ભક્તિ અને વિભક્તિ	સાહિત્યચંદ્ર બાલચંદ હીરાચંદ	૯
૩	અહિંસાની ત્રણ ધારાઓ	મુનિશ્રી શ્રીમલજી મહારાજ	૧૧
૪	મનનું પાપ	મનસુખલાલ તારાચંદ મહેતા	૧૪
૫	ધર્મગુરુ અને ડોક્ટર	-	૧૭
૬	મિત્રા દૃષ્ટિની સઝાય	સ. ડો. વલ્લભદાસ નેણશીભાઈ	૨૦
૭	સ્વીકાર અને સમલોચના		૨૩
૮	ભય અને જય	સાહિત્યચંદ્ર બાલચંદ હીરાચંદ	૨૭
૯	શ્રમણ એક વાખ્યા		

શ્રી આત્માનંદ પ્રકાશ

વર્ષ ૫૯મું] આસો તા. ૭-૧૦-૬૨ [અંક ૧૨

ભાવનાશીલ

ઘેલો લેખી જગ-અનુભવી તો ઉપાલંભ દે છે,
હાનિ થાશે અનુસરણથી એમ તે તુચ્છકારે,
બુદ્ધિના એ વમળ ઉભરા સાર એમાં નહિં છે,
એવું કે'તા જન સહુ જતાં, સાથ ના કો રહે રે-
તિરસ્કારે ક્ષુલક જન તો મુર્ખ માની હસે છે,
ઊંડે ઊંડે વ્રણ હૃદયમાં થાય આ સૌ પ્રહારે,
ને ત્યાં સ્નેહી હવઈ મમ સૌ ભાવનાને કહે છે,
'ના જાણું કે કથન કરૂં શું કે જવું કેઈ પાર?
નિસ્પૃહાએ શુભ પુનિત જે ભાવનાઓ પ્રવર્તે,
છો ના તત્ત્વો મુજ જીવનના વિશ્વમાં મેળ લેતાં,
વર્ષા વર્ષે, સ્તુતિ જન કરે નિન્દતા વા ભલે તે,
ભાવો વર્ષો સતત હૃદયે દિવ્યતાને વહન્તા,
સત્કાર્યોનો કદર-કર તું, ચિત્ત શાતા રહી તે,
વાંછુ દેવા! જીવન વહજો, શુદ્ધ કલ્યાણ થાતાં.

કુન્દનલાલ કાનજીભાઈ શાહ

ભક્તિની શક્તિ

જ્ઞાન થયા પછી કરેલું કર્મ શોભે છે ખરું, પરંતુ તેમાં બળ નથી આવતું. બળ તો તેમા જ્યારે ભક્તિનું તત્ત્વ ભળે છે ત્યારે જ આવે છે.

આ ભક્તિનું બળ વરાળ જેવું છે.

વરાળ જ્યારે નજર સામે દેખાય તેવા વાતાવરણમાં વિહરતી હોય છે ત્યારે તેને ઝાપટાં મારી આઘીપાછી કરી શકાય છે. પરંતુ જો તેને આંતરવામાં આવે તો મોટાં મોટાં એન્જીનો અને યંત્રો ચલાવવાની શક્તિ તેમાં આવી જાય છે.

ભક્તિનું પણ આવું છે.

ભક્તિ જો બહારની દુનિયાને દેખાડવા માટે કરવામાં આવતી હશે તો ગમે તે પ્રકારના પ્રસંગની ઝાપટ એને વેર-વિખેર કરી દેશે, પરંતુ જો એ ભક્તિના તત્ત્વને હૃદયની ભીતરમાં વિપુલ પ્રમાણમાં એકઠું થવા દેવામાં આવશે તો ભક્તિ અજબ શક્તિશાળી બની જશે.

વરાળની શક્તિ તો એન્જિનના યંત્રનું જ સંચાલન કરી શકતી હશે. ભક્તિની શક્તિ તો વિશ્વના સંચાલનને પણ વેગ આપી શકશે.

એન્જિનની ગતિને વેગ આપનાર વરાળને આંતરનારા કે એકત્ર કરનારા સાધનમાં જો છિદ્રો હોય તો વરાળ બહાર નીકળી જતાં શક્તિ અને ગતિ ઓછી થઇ જાય છે. તે રીતે ભક્તિને સાચવતાં હૃદયરૂપી સાધનમાં પણ આવું, રોવું અને પ્રદર્શન કરવું એવાં ત્રણ છિદ્રો પડતા હોય છે. એ છિદ્રો દ્વારા ભક્તિનું તત્ત્વ વેરવિખેર થઇ જાય તો શક્તિનો સંચય થઈ શકતો નથી.

કેટલાક માણસો જીવનને માટે ઉપયોગી અને અનિવાર્ય સૂચનો આપતાં ભજન કેવળ ગાવામા જ સાર્થકતા માને છે. એથી આગળ કશું વિચારતા નથી અને તેથી તેમની ભક્તિ શક્તિના પ્રાદુર્ભાવ માટે નકામી નીવડે છે.

—રવિશંકર મહારાજ.

ગૌતમસ્વામીનો વિલાપ

કોઈ કોઈ વાર ગૌતમસ્વામીને પોતાના જીવનમાં ઊણપ દેખાતી.

પોતાના પછીથી દીક્ષિત થયેલાં કંઇક નવાં મુનિઓ સત્વર કેવળજ્ઞાન પામી જતાં, એક દિવસ કંઈક વ્યગ્રતાથી એમણે ભગવાન મહાવીરને આનું કારણ પૂછ્યું:

"પ્રભો! મને કેવળજ્ઞાન ક્યારે પ્રાપ્ત થશે?"

'હે ગૌતમ! જે દિવસે હું નિર્વાણ પામીશ તે જ દિવસે તને કેવળજ્ઞાન પ્રાપ્ત થશે."

ગુરુ ગૌતમને સમાધાન ન થયું. પ્રભુએ વિશેષ ખુલાસો કર્યો:

"જ્યાં સુધી તને મારા પ્રત્યે-મારા દેહ પ્રત્યે રાગદૃષ્ટિ છે ત્યાં સુધી કેવળજ્ઞાન દૂર છે."

ગૌતમ શું બોલે?

ત્યાર પછી તો ઘણો કાળ વીતી ગયો, પાવાપુરીમાં પ્રભુએ સ્થિરતા કરી. જાણ્યું કે જીવનયાત્રા પૂરી થવા આવી.

નિર્વાણને દિવસે જ પ્રભુએ ગૌતમનો મોહ દૂર કરવા કરુણાપૂર્વક એમને રાજગૃહીમાં દેવશર્મા નામના બ્રાહ્મણને પ્રતિબોધ પમાડવા વિદાય કર્યા.

આસોની અમાસની રાતે ભગવાને સમાધિપૂર્વક દેહ છોડયો. વાતાવરણ કરુણમંગલ બની રહ્યું.

રાજગૃહીથી પાછા ફરતાં ગૌતમસ્વામીએ પ્રભુના નિર્વાણના સમાચાર સાંભળ્યાં અને....પછી....'

ઇતિહાસમાં આવી રીતે કોઈના રુદનની કે વિલાપની નોંધ નથી લેવાઇ!

કેવું કરુણ....મર્મવેધી...નાના બાળક જેવું આક્રંદ! વનવગડાના ડુંગરા કે ઝાડપાન પણ કંપવા લાગ્યા!

રુદનભારથી થોડીવારે અંતર કંઇક હળવું થયું. મનમાં મંથન જાગ્યું, મોહરૂપી અંધકાર ઓસરવા લાગ્યો.

સત્ય-જ્ઞાનની ઉષા પ્રગટ થવા લાગી.

ગૌતમસ્વામી કંઇક સ્વસ્થ થયા. અને ત્યાં તો... લખલખ તેજ પ્રગટ્યું, ગુરુગૌતમને કેવળજ્ઞાનાં'

—શાંતિલાલ શાહ.

ગુરુ અને શિષ્ય

મનસુખલાલ તારાચંદ મહેતા

મુનિરાજ શ્રી સિદ્ધર્ષિની ખ્યાતિ ચારે તરફ ફેલાઈ ગઈ હતી. જૈન સંઘે શ્રી સિદ્ધર્ષિને 'વ્યાખ્યાતૃ'–સુપ્રસિદ્ધ વક્તાનું બિરુદ આપ્યું હતું, અને તે તદ્દન યથાર્થ હતું. ગારુડીની મોરલી પર વિષધર સર્પ પણ જેમ નૃત્ય કરવા લાગે છે, તેમ વેર–ઝેરથી અકળાયેલાં માનવીઓ પણ તેમનું વ્યાખ્યાન સાંભળી શાંત અને સૌમ્ય બની જતાં. તર્ક, ન્યાય અને કાવ્યશાસ્ત્રમાં તે અજોડ વિદ્વાન હતા. વ્યાખ્યાનમાં ઉત્તમ દૃષ્ટાંતો તેઓ એવી અપૂર્વ શૈલીથી સમજાવતા કે શ્રોતાજનો તેની પર મુગ્ધ બની જતાં, અને ઘડી બેઘડી તો પોતાની જાતને પણ વીસરી જતાં. અન્ય ધર્મના પંડિતો, સંતજનો, ભક્તજનો અને સંન્યાસીઓ પણ તેમના વ્યાખ્યાનનો લાભ લેવા ચૂકતા નહિં.

સિદ્ધર્ષિ યુવાન, સશક્ત અને ભારે તેજસ્વી હતા. તેના ભાલ પર જ્ઞાન અને સંયમનું અલૌકિક તેજ દીપતું હતું, અને તેથી ભલભલા વિદ્વાન સ્ત્રી પુરુષો પણ તેની પ્રતિભામા અંજાઈ જતાં. અનેક ધનવાન, વિદ્વાન અને અધ્યાત્મ પ્રેમી સ્ત્રી પુરુષો તેમનો સમાગમ સાધવા અને પરિચયમા આવવા સતત પ્રયત્ન કરતાં, અને તેમા જેઓ સફળ થતા તેઓની ગણતરી તે વખતે મહાન ભાગ્યશાળીમાં થતી.

સિદ્ધર્ષિએ લગભગ તમામ ધર્મશાસ્ત્રોનો અભ્યાસ કર્યો હોવા છતા બૌદ્ધ ધર્મના શાસ્ત્રોના અભ્યાસથી તેઓ વંચિત રહ્યા હતા. બૌદ્ધ ધર્મના શાસ્ત્રો માત્ર બૌદ્ધોને જ ભણાવવામાં આવતા, અને તે માટે અભ્યાસીઓએ બૌદ્ધ ધર્મની વિદ્યાપીઠોમા જવું પડતું. એ વખતે, નાલંદા, ગયા, તક્ષશીલા અને મહાબોધનગરમા બૌદ્ધ ધર્મની વિદ્યાપીઠો હતી. સિદ્ધર્ષિએ પોતાના ગુરુદેવ પાસે બૌદ્ધ ધર્મના અભ્યાસ માટે મહાબોધ વિદ્યાપીઠમા જવા માટે રજા માગી, અને ગુરુદેવ પોતાના શિષ્યની આવી વાત સાંભળી સ્તબ્ધ બની ગયા.

જ્ઞાનનું સંક્ષિપ્ત સ્વરૂપ સમજાવતાં ગુરુદેવે પોતાના શિષ્યને કહ્યું : તાત્ત્વિક દૃષ્ટિએ જ્ઞાન અને જ્ઞેય કાંઇ જુદા જુદા પદાર્થો નથી. આત્મા સ્વયં જ્ઞાન સ્વરૂપ છે. બહિર આત્મા, અંતરાત્મા અને પરમાત્મા, જુદા જુદા શબ્દો હોવા છતાં એક જ વસ્તુના ઉપાધિભેદે જુદાં જુદાં નામ છે. જ્ઞાનવડે પરમ આત્માની સ્થિતિ પ્રાપ્તિ કરવાની છે, અને તેથી જ ભગવાન મહાવીરે કહ્યું છે કે જે આત્મા છે તેજ વિજ્ઞાતા છે, અને જે વિજ્ઞાનનો દૃષ્ટા છે તેજ આત્મા છે.

સિદ્ધર્ષિના ગળે ગુરુદેવની વાત ન ઉતરી એટલે ત્યાં જવાના ભય સ્થાનો બતાવતાં ગુરુદેવે કહ્યું : ત્યાં ગયા પછી બૌદ્ધોની પેઠે રહેવું પડે, એના શાસ્ત્રો ભણવાં પડે તેમજ વિધિ–વિધાન પણ કરવા પડે, અને ન્યાય તર્કની જટિલતામાં ગૂંચવાતાં પાછા ફરવાનું પણ કદાચ અશક્ય બની જાય.

સિદ્ધર્ષિના જ્ઞાન પાછળ અનુભવની ઉણપ હતી. અને અનુભવ વિનાનું જ્ઞાન ઘણી વખત જીવન વ્યવહારમાં ભારરૂપ થઈ પડે છે. ગુરુદેવની વાત સાંભળી સિદ્ધર્ષિનુ અભિમાન ઘવાયું અને તેણે કહ્યું : ગુરુદેવ ! ન્યાયતર્કની જટિલતામા ગૂંચવાય જઉં તેવો સામાન્ય માનવી તમે મને માનો છો ? મારું ધ્યેય તો બૌદ્ધ ધર્મ પર વિજય મેળવવાનુ છે, અને તે ધર્મના શાસ્ત્રોના અભ્યાસ કર્યા વિના કયાથી શક્ય બને ?

ગુરુદેવ ભારે તત્ત્વજ્ઞ, વ્યવહાર કુશળ અને અનુભવી હતા. એમણે શ્રુતજ્ઞાન અને નિમિત્તનો ઉપયોગ મૂકી જાણી લીધું કે સિદ્ધર્ષિ મહાબોધ :

સિવાય રહેવાનો નથી; પરન્તુ ભવિષ્યમાં એક વખતે ચોક્કસ પાછો આવે એ ધ્યેયને દષ્ટિ સમક્ષ રાખી તેને જવાની રજા આપતાં કહ્યું: સિદ્ધર્ષિ ! તને જવાની રજા તો આપું છું-પણ એક શરતે. અભ્યાસ કરતાં કરતાં કોઇ પણ કારણે, ભવિતવ્યતાના યોગે તારું મન ભમી જાય અને કાયમ માટે ત્યાં જ રહેવાનું થાય, તો એ પરિસ્થિતિમાં તારે પોતે મારી પાસે આવી દીક્ષાગ્રહણ કરતી વખતે સ્વીકારેલો ઓઘો મને પાછો આપી જવો.

ગુરુદેવની શરત સાંભળી સિદ્ધર્ષિ ચમકયો અને કાંઇક આવેશમાં આવી કહ્યું : આપને શું એમ લાગે છે કે જૈન ધર્મમાં મારી અશ્રદ્ધાના કારણે હું બૌદ્ધ ધર્મનો અભ્યાસ કરવા જઇ રહ્યો છું ?

ગુરુદેવે શાંતિપૂર્વક કહ્યું : તને અને મને જે લાગે તે પ્રમાણે જ આ જગતનો વ્યવહાર ચાલે તે શકય નથી. આજે અશકય દેખાતી વાત કાલે શકય પણ બની જાય છે. ભાવિ શું શું બનવાનું છે તે આપણે જોઇ શકતાં નથી, પણ માનવીના મનનાં અધ્યવસાયો સદાકાળે એક સરખાં સ્થિર રહી શકતાં નથી, અને તેમાં અવારનવાર પરિવર્તન આવે જ છે, એ વસ્તુ તો આપણે પ્રત્યક્ષ જોઇ શકીએ છીએ તેથી જ તને જવાની રજા આપતાં પહેલા આ શરત તારી પાસે માન્ય રખાવવાની મારી તીવ્ર ઇચ્છા છે.

સિદ્ધર્ષિ મહત્વાકાંક્ષી હોવા છતા ભારે ચતુર અને ચપળ હતો. ગુરુદેવની શરત સ્વીકારી તેમને થતી મૂંઝવણમાંથી મુક્ત કરવાના હેતુથી કહ્યું : ગુરુદેવ ! બૌદ્ધ શાસ્ત્રના તર્કમાં અનેક હેત્વાભાસો છે, અને તેઓ તમામ વસ્તુઓને ક્ષણિક માને છે. મનમાં અધ્યવસાયો સદાકાળ કદાચ સ્થિર ન રહે, પણ જૈનધર્મ અને બૌદ્ધધર્મનો તુલનાત્મક અભ્યાસ કર્યા પછી, મારી શ્રદ્ધામાંથી ચલિત થઇ ભ્રષ્ટ બની જઇ બૌદ્ધો સાથે મળી જઉં, એટલો બધો અધમ અને વિવેકહીન તમે મને માનો છો ?

પોતાની તીક્ષ્ણ દૃષ્ટિ સિદ્ધર્ષિ પર સ્થિર કરી અતિનમ્ર ભાવે પણ મદગર્હિત કંઠે ગુરુદેવે કહ્યું : સિદ્ધર્ષિ ! પ્રત્યેક મોહ માનવીની ઉન્નતિમાં બાધક અને અવનતિમાં નિમિત્ત રૂપ બને છે.

પછી તો ગુરુદેવના આશીર્વાદ લઇ સિદ્ધર્ષિ મહાબોધ પહોંચી ગયા અને ત્યાં વિદ્યાપીઠમાં દાખલ થઇ બૌદ્ધધર્મ શાસ્ત્રોનો અભ્યાસ શરૂ કર્યો

જે શાસ્ત્રોના અભ્યાસ માટે વરસોના વરસો વીતી જાય, તે શાસ્ત્રો સિદ્ધર્ષિએ રમતમાત્રમાં શીખી લીધાં વિદ્યાપીઠના ગુરુવર્ગને સિદ્ધર્ષિના મૂલ્ય સમજતાં વાર ન લાગી, અને વિદ્યાપીઠની સમિતિએ સિદ્ધર્ષિને આચાર્યપદે નિયુક્ત કરવા પ્રયત્નો શરૂ કર્યાં.

દેવલોકની અપ્સરાઓ પણ જે સાધકના મનને ડગાવવામાં નિષ્ફળ નીવડે છે, તેવા મહાન તપસ્વી, જ્ઞાની અને સંયમી સાધકને પણ સત્તા, પ્રતિષ્ઠા અને કીર્તિનો મોહ ઘણી વાર પતનના માર્ગે ઘસડી જાય છે, અને પછી તો વિવેકભ્રષ્ટાનાં ભવતિ વિનિપાતઃ શતમુખઃ સિદ્ધર્ષિની બાબતમાં પણ આવુ જ બન્યું. બૌદ્ધો પર વિજય મેળવવાની વાત એક બાજુએ રહી, પણ સત્તા, પ્રતિષ્ઠા અને કીર્તિના મોહમા એ પોતેજ બૌદ્ધોનું એક રમકડું બની ગયો.

સિદ્ધર્ષિના ત્યાગ, તપ અને સંયમમા જેમ જેમ ઓટ આવવી શરૂ થઇ, તેમ તેમ બીજી બાજુએ સત્તા, પ્રતિષ્ઠા અને કીર્તિની ભૂખમા ભરતી આવતી શરૂ થઇ. પછી તો બૌદ્ધોના ગુરુસ્થાને દીક્ષા આપવાના મુહૂર્તનો દિવસ અને સમય પણ નક્કી થયાં, પરન્તુ તેમ કરતા પહેલાં પોતાના ગુરુદેવને તેનો ઓઘો સુપરત કરવા માટેનું આપેલુ વચન તેને યાદ આવ્યું. સિદ્ધર્ષિ વચનપાલન અર્થે ગુરુદેવ પાસે જવા નીકળી પડ્યા, અને એક દિવસે વ્યાખ્યાનની પૂર્ણાહુતિ વખતે ઉપાશ્રયમાં જઇ પહોંચ્યા. ગુરુદેવ એ વખતે વ્યાખ્યાનની પાટ ઉપરથી નીચે ઉતરવાની તૈયારી કરતા હતા.

સિદ્ધર્ષિએ ગુરુદેવ પાસે જઇ સુખ શાતા ન પૂછ્યાં, કે કરી વંદના વિધિ પણ ન કર્યો. અભિમાનમાં

આત્મા સાથે કર્મ જોડવાનાં કારણો

(લેખક:-સાહિત્યચંદ્ર બાલચંદ હીરાચંદ, માલેગામ)

આપણે જે સ્થૂલ શરીર જોઈએ છીએ, તેટલો જ આ આત્મા છે, એવું માનીએ છીએ પણ તેની સાથે બીજા પાંચ કોષો કે જે આવરણો આપણા આત્મા સાથે જોડાયેલા કે વીંટાએલા હોય છે એ ભૂલી જઈએ છીએ. મન અને વાસનાઓ સાથે આપણા આત્માનો સબંધ ઓતપ્રોત થયેલો છે. તે આપણે જાણતા નથી. આપણે આપણું શરીર સંકોચી બેસી રહીએ ત્યારે પણ આપણું ચંચલ મન તો કામ કરતું જ હોય છે. અને એમે ત્યાં ભટકતું અને અથડાતું હોય છે જ.

શરીર છૂટી ગયા પછી પણ અર્થાત્ મૃત્યુ પછી પણ આપણું શરીર દૂષિત મન આપણા આત્મા સાથે જાય છે જ. એ સમજવા માટે આપણે એક દાખલો લઈએ. એટલે તેની કલ્પના આપણને સમજાશે.

એક વ્યસનમાં આસક્ત થયેલો માણસ જ્યારે મરી જાય છે ત્યારે તેના આત્મા સાથે તેના વ્યસનની આસક્તિ નષ્ટ થઈ જતી નથી. તે ભૂત, પિશાચ વ્યંતર વિગેરે યોનિઓમાં ઘણા કાળ સુધી ભટકયા કરે છે. અને પોતાનું વ્યસન જ્યાં સેવાતું હોય ત્યાં તે વ્યસનનો ઉપભોગ લેવા તરફડિયા મારે છે. અને વ્યસની માણસની વાસના પ્રદીપ્ત થયે જાય છે, પણ વ્યસનનો પૂરો ઉપભોગ લેવાનું જે સાધન તેનો અભાવ હોવાથી અર્થાત્ સ્થૂલ શરીર નહીં હોવાથી તેનું દુઃખ ખૂબ વધી પડે છે, અને તે પોતાની વાસનાઓનું દુઃખ ભોગવતો હોય છે.

જ્ઞાની સાધકો સર્વ પ્રથમ પોતાના ચંચલ મનને કબજે કરવાનો પ્રયત્ન કરે છે. મન તાબે

અંધ બની, વિવેકશૂન્ય બનીજઈ સિદ્ધર્ષિએ ગુરુદેવને કહ્યું: આપ આટલા ઉંચા આસને બેઠા છો તે આપને શોભતું નથી.

ગુરુદેવ માનવ સ્વભાવના મહાન અભ્યાસી હતા. સિદ્ધર્ષિની સામે નજર નાખતાજ તેના મનની-બધી વાતનો ફોડ પામી ગયા. ચર્ચા, વાદ વિવાદ કે ઉપદેશ આપવાનો એ સમય ન હતો એમ સમજી ગુરુદેવે તેને મહર્ષિ હરિભદ્રસૂરિજી રચિત 'લલિત-વિસ્તરા'ની ચૈત્યવંદન વૃત્તિ વાંચવા આપી, અને તરતજ પોતાના શિષ્ય સમુદાય સાથે મંદિરમા દર્શન અર્થે ચાલી નીકળ્યા.

ગુરુદેવ મંદિરમાં ગયા બાદ સિદ્ધર્ષિએ 'લલિત વિસ્તરાનું' વાચન શરૂ કર્યું. ગુરુદેવનો અદ્ભુત પ્રયોગ સફળ થયો. કારણ કે તેના વાચનથી તેના મન પરની સત્તા, પ્રતિષ્ઠા અને કીર્તિની પકડનો ભાંગી ભૂકો થયો, એટલું જ નહીં, પણ તેને એવો ભાસ થયો કે મહર્ષિ હરિભદ્રસૂરીએ એ મહાન ગ્રંથની રચના તેના આત્માના હિતાર્થે જ કરી હતી. કેવી અજબ રીતે અને કેટલી ઝડપથી માનવીના અધ્યવસાયો, પરિવર્તન પામે છે, અને સાતમી નરકને લાયકનો જીવ ક્ષણ માત્રમાં કઈ રીતે મુક્તિનો અધિકારી બની જાય છે, તે હકિકત પ્રસન્નચંદ્ર રાજર્ષિના જીવન પરત્વેની ભગવાન મહાવીર અને શ્રેણિકની ચર્ચામાંથી સમજી શકાય છે. સિદ્ધર્ષિનું પણ આમજ બન્યું. કારણકે થોડી વારે જ્યારે ગુરુદેવ ઉપાશ્રયમાં પાછાં આવ્યા ત્યારે સિદ્ધર્ષિ તેમના વંદન કરી, પોતાથી થયેલાં અપરાધો માટે પ્રાયશ્ચિત માગી રહ્યા હતા.

સિદ્ધર્ષિમુનિએ 'ઉપમિતિ ભવપ્રપંચા'ની મહાન કથા લખી છે, અને આજે પણ જૈન સાહિત્યમાં તેનું સ્થાન મોખરે છે.

મનસુખલાલ તારાચંદ મહેતા

થતા અંતે મનોલય થાય છે, અને ઉન્મની અવસ્થા આત્માને પ્રાપ્ત થાય છે. યોગસાધનાની એ ઉંચી ભૂમિકા હોય છે. માટે જ કહ્યું છે કે, જીવને બંધનમાં નાખનારૂં અને તેને મુક્ત કરવાનું સાધન મન જ હોય છે.

માણસ મર્યા પછી પણ જે જે વસ્તુઓ ઉપર તેની વાસના દૃઢ થઈ ગયેલી હોય છે ત્યાંથી તે આઘું ખસી શકતું નથી. અને ઘણા કાળ સુધી એ પોતાની વહાલી વસ્તુ ઉપર પોતાનું ચિત કેંદ્રિત કરી રાખે છે. પણ સ્થૂલ શરીરના અભાવે તે ઉપભોગ લઈ શકતો ન હોવાને કારણે પાર વિનાનું દુઃખ ભોગવે છે.

વૈદિક લોકોમાં શ્રાદ્ધ વિગેરે કરવાની કલ્પના ઉદ્દભવી અને તે ચાલી રહી છે તેનું મૂળ આમાં રહેલું છે.

આપણે સ્વધર્મી વાત્સલ્ય કરીએ છીએ તેમાં પણ પ્રકારો પડી જાય છે. એક ભાઈ પોતાના ધર્મ બંધુઓને આમંત્રે, સાદું પણ સ્વાદિષ્ટ ભોજન પિરસે, ભાવપૂર્વક ખુશી થઈ જમાડે, અને મનમા રાજી રાજી થઈ જાય, એવો એક પ્રકાર છે. તેમ બીજો કોઈ તેવું જ સ્વધર્મી વાત્સલ્ય જમાડે, અને કહે કે આપણે લોકોના ઘરે જમી આવીએ અને કોઈને બોલાવીએ નહીં એ લોકોમાં સારૂ કહેવાય નહી તેથી આપણે પણ એક જમણ કરી નાખ્યું. ત્યારે ત્રીજો માણસ તેવુજ સ્વધર્મી વાત્સલ્ય કરે અને કહે કે, ભાઈ આપણે બીજાઓની પેઠે સાદું જમણ કરી પતાવી નહીં નાખીએ. આપણે તો પાંચ પકવાનો જમાડીએ જેથી આપણું નામ જ્યાં ત્યાં ગવાય અને લોકોમાં આપણી નામના અને વાહવાહ બોલાય. એ બધી ઘટનામાં ક્રિયા તો સરખીજ છે, પણ તેમાં દરેકની મનોભૂમિકા જુદી જુદી હોવાથી ફલનિષ્પતિ તદ્દન જુદી જુદી થાય એ, સ્પષ્ટ જોવામાં આવે છે. એટલેજ અમો કહીએ છીએ કે, મન એજ બંધનું અને મોક્ષનું પણ કારણ હોઈ શકે.

મનની ભાવનાની જેટલી સચ્ચાઈ અને નિખાલસતા અને ઉંડાણ હોય તે પ્રમાણમાં શુભ અગર અશુભ કર્મનો બંધ આત્મા સાથે પડે છે. અને તેનો પરિપાક થતાં તેનાં સારાં કે માઠાં પરિણામો ભોગવવા પડે એ દેખીતું જ છે

કેટલાએક લોકો પોતાની પાછળ પોતાનુ નામ જળવાઈ રહે તે માટે કાંઈક દાનપુણ્ય કરે છે તે બાબત યાદ રાખવું, જોઇએ કે, તેની પાછળ નામના કીર્તિનો મોહ કામ કરતો હોય છે અને તેથી તેના ફળમાં તેટલા પ્રમાણમાં કલુષિતતા પેસી ગએલી હોય છે, તેથી તેનું પૂર્ણ, અને શુદ્ધ ફળ મળવું અશક્ય બની જાય છે.

કોઈ લોકો પોતાના માતા, પિતા કે સગાઓને નામે દાનપુણ્ય કે મોટી રકમથી સ્મારક કરવાનો પ્રયત્ન કરે છે, તેમાં તે વ્યક્તિ માટેની ઉંડી ભક્તિ પૂજ્ય ભાવના કે આદર બતાવવાનો હેતુ હોય છે. તેમાં પોતાના મનની લાગણી પ્રગટ કરવાનો ઉદ્દેશ હોય છે. અને તેના પરિણામોનો સંબંધ તે પૂજ્ય માનેલી વ્યક્તિ સુધી પહોચી શકે તેમ નથી. એમાં તો પોતાનીજ નમ્રતા, વિનય અને સદ્દગતના ગુણો ઉપર પૂજ્યભાવ દાખવવાનો હોય છે.

આપણે મહાપુરૂષોની પ્રતિમાઓ નિર્માણ કરી તેની સ્થાપના કરી તેના દર્શન પૂજનની વ્યવસ્થા સામુહિક રીતે કરીએ છીએ. તેમાં તે તે મહાપુરૂષોના ગુણોનો આદર્શ આપણી નજર સામે રાખી આપણે તેમનું અનુકરણ કરતા રહીએ એટલો જ ઉદ્દેશ હોય છે.

કોઈ રાજકારણી પરાક્રમી કે કાર્યકુશલ મુત્સદ્દીની પ્રતિમાઓ પણ ઉભી કરવામાં આવે છે. કોઈ પ્રતિભાસંપન્ન પંડિતોની પ્રતિમાઓ પણ ઉભી કરવામાં આવે છે. એમા બહુજન સમાજને પ્રેરણા મળતી રહે એટલો જ ઉદ્દેશ હોય છે.

કોઈ કોઈ વ્યક્તિઓના સ્મરણાર્થે અમુક કાળે અનેક જાતના ઉત્સવો કરવામા આવે છે તેની પાછળ તે તે વ્યક્તિના ગુણવિશેષ આપણા મનમા જાગે અને આપણા હાથે તેવા કાર્યો થવાની આપણને પ્રેરણા મળે એવો ઉદ્દેશ હોય છે.

સારા ગુણોનું ગૌરવ આપણે કરતા હોઈએ, અને તેની અનુમોદના કરતા હોઇએ ત્યારે આપણામાં પણ તેવા ગુણો પ્રગટ થવાનો સંભવ હોય છે. કરણ કરાવણ ને અનુમોદન સરખા ફળ નિપજાવે એ વચનાનુસાર આપણામાં પણ તેવા ગુણોનો પ્રાદુર્ભાવ થાય એવો સંભવ રહે છે. માટે જ ગુણીજનોનું ગુણગૌરવ કરવું તેની અનુમોદના કરવી એ આપણું કર્તવ્ય છે. તેથી જ મૃત્યુ પામેલા મહાન જ્ઞાનીઓ અને પરાક્રમીઓનું સ્મરણકીર્તન આપણા માટે ગુણકારક જ નિવડે એમા શંકા નથી.

હવે પ્રશ્ન થાય છે કે, આપણા કોઈ સગા કે પૂજ્ય માણસની પાછળ કોઈ પુણ્ય કાર્ય કરીએ, મંદિરમાં સમારોહ ઉત્સવ કરીએ કે દાનધર્મ કરીએ અથવા એના નામની કોઇ સંસ્થા ઉભી કરીએ તેમાં તે મૃત્યુ પામેલી વ્યક્તિને આપણે પુણ્યનો હીસ્સો પહોંચાડી શકીએ કે કેમ ? એનો જવાબ મેળવવો જોઇએ

મરનાર વ્યક્તિના આત્મા સુધી આપણે તે પુણ્ય પહોંચાડી શકીએ કે કેમ એ માટે શંકા ભલે હોઇ શકે પણ આપણને તો સદ્‌ગતના માટે આદરભાવ, આદરની લાગણી, બહુમાન અને ભક્તિની લાગણી હોવાથી કાંઇને કાંઇ પુણ્ય તો લાગે છે જ.

મરનાર આત્મા નવા જન્મમાં ભૂત, પિશાચ, વ્યંતર આદિમાની કોઇયોનિ ધારણ કરે અને તે જીવન અદ્રશ્ય રૂપે અહિંઆ ને અહિંઆ વ્યતીત કરતો હોય તો તેની પાછળ આપણે જે કાંઇ કરીએ તેના આઘાત પ્રત્યાઘાત જાણતા કે અજાણતા તેના ઉપર પડે એમાં આશ્ચર્ય નથી. એ તો બધું જેની તેની મનઃસ્થિતિ ઉપર અવલંબી રહે છે.

કોઇ જીવ પોતાના કર્મના પરિણામને લીધે તિર્યંચ કે કૃમિકીટ તરીકે જન્મ ધારણ કરે અને મોહવશ આપણા સાનિધ્યમાં અવતરે તો પણ મૂકભાવે અજાણ સ્થિતિમાં લાભ મેળવે તેમાં આશ્ચર્ય નથી.

એ બધી વસ્તુઓ અદ્રશ્ય અને સામાન્ય બુદ્ધિને અનાકલનીય હોવાથી નિયાત્મક રીતે આમજ થયું એમ નિશ્ચયાત્મક કહી શકાય નહીં.

અમે પહેલા કહી ગયા તેમ દરેક ઘટનામાં મન એ મુખ્ય ભાગ ભજવે છે એમા સંદેહ નથી તેથીજ આવા દાનપુણ્ય મરનાર સુધી પહોંચે નહીં તેથી કરવા લાયક નથી, એમ તો કહી શકાય નહી.

મરનાર ઉપર જો આપણા સાચાં પ્રેમ અને ભક્તિ હોય તો તેની પાછળ આપણી લાગણી પ્રગટ કરવાની આપણી કાંઈ કાંઇ ફરજ તો હોય જ તેથી આપણે તે ફરજ બજાવવાનું કાર્ય કરવું જ રહ્યું. મરનાર સુધી તેનુ પરિણામ જવું જોઇએ એવો આગ્રહ આપણે રાખી ન શકીએ.

મનમાં જરા જેવી પણ લાગણી ન હોવા છતાં લોકને બનાવવા માટે જે કોઇ કાંઇ કરતા હોય તે માટે અમો કાંઈ કહેવા માગતા નથી.

દેલવાડા તાથ

લેખક:—વૃદ્ધિધર્મજયંતોપાસક મુનિ મહારાજ શ્રી વિશાળવિજયજી

ઉનાથી ૩ માઇલ અને અજારા તીર્થથી ૧ માઇલ દૂર દેલવાડા ગામ આવેલું છે. દેલવાડા સ્ટેશનનું ગામ છે. સ્ટેશનથી ગામ ૦॥ માઇલ દૂર છે.

અહીં એકેય જૈનનું ઘર નથી. કપોળજ્ઞાતિના શ્રેષ્ઠીઓએ ભરાવેલી મૂર્તિઓના ઉલ્લેખો મળી આવે છે. આજે એ કપોળબંધુઓ મોટે ભાગે વૈષ્ણવધર્મ પાળે છે.

જૈન દેરાસરની પાસે ત્રણ ઓરડીઓવાળી એક નાની ધર્મશાળા છે. યાત્રાળુઓ અને સાધુઓ આ ધર્મશાળાનો ઉપયોગ કરે છે.

અહીં મૂળનાયક શ્રી ચિંતામણિ પાર્શ્વનાથનું સુંદર મંદિર છે. આ મંદિર ઘણું પ્રાચીન છે. સં૦ ૧૭૮૪માં દીવનિવાસી કસ્તુરબાઇએ આ મંદિરનો જીર્ણોદ્ધાર કરાવ્યો છે.

મંદિરમાં આજે પાંચેક મૂર્તિઓ છે. થોડાં વર્ષો પહેલાં અહીં આરસની ૩૮ પ્રતિમાઓ હતી. આરસનો ચોવીશીનો એક પટ્ટ હતો અને ધાતુ મૂર્તિનો બહુ મોટો પરિવાર હતો. આ કારણે જ તીર્થમાળાકારોએ 'દેલવાડે બહુદેવ' કહીને આ તીર્થનો ઉલ્લેખ કર્યો છે.

અગાઉ અહીં દેરાસરની પાસે મોટો ઉપાશ્રય હતો પણ સારસંભાળ વિના જમીનદોસ્ત થઇ ગયો તેથી એ જગ્યા ઉપર ત્રણ ઓરડીઓ યાત્રાળુઓ માટે અને એક ઓરડી રસોડા માટે બંધાવી રાખેલ છે.

અહીંના દેરાસરની સ્થિતિ વધુ જીર્ણ બની ગઈ હતી તેથી ભાવનગર નિવાસી શેઠ કુંવરજી આણંદજીની પ્રેરણાથી શેઠ ખુશાલચંદ કરમચંદના સુપુત્રોએ લગભગ દશેક હજારની રકમ આપી જીર્ણોદ્ધાર વગેરે કાર્યો કરાવ્યાં છે.

સત્તરમા સૈકામાં જ્યારે શ્રી હીરવિજયસૂરિ ઉનામાં ચાતુર્માસ ગાળવા નિમિત્તે આવ્યા ત્યારે તેઓ અજારા તીર્થની યાત્રાએ ગયા હતા એ સમયે બીજા ગામના શ્રી સંઘોની સાથોસાથ દેલવાડાનો શ્રીસંઘ પણ તેમના દર્શનાર્થે ગયો હતો.

(હીરસૌભાગ્ય મહાકાવ્ય સર્ગ: શ્લો૦ ૬ની ટીકા)

શ્રી વિજયસેનસૂરિ પ્રભાસપાટણમાં ચાતુર્માસ નિર્ગમી, ત્યાં ત્રણ પ્રતિષ્ઠાઓ કરાવી, સીધા દેલવાડા પધાર્યા હતા અને દીવના સંઘના આગ્રહથી દેલવાડામાં ચાતુર્માસ રહ્યા હતા. શ્રી વિજયપ્રશસ્તિ કાવ્ય, સર્ગ: ૨૧, શ્લો૦ ૨૧માં જણાવ્યું છે કે—

"पार्थि तपुण्यपूर्णेन संघेन द्वीपवासिना ।
चतुर्मासं चकारासौ तद्देवकुलपाटके ॥"

એ સમયે શ્રી વિજયસેનસૂરિએ દેલવાડામાં દીવનિવાસી શેઠ હીરજીભાઇના ઘરદેરાસરની અને શોભા નામની શ્રાવિકાના ઘરદેરાસરની પ્રતિષ્ઠા કરી હતી.

શ્રી વિજયસેનસૂરિ દીવના શ્રીસંઘ સાથે પાલીતાણા ગયા હતા. તે દરમિયાન દીવના રાજકર્તા ફિરંગી અધિકારીઓ પણ આ સૂરિ પ્રત્યે બહુમાન ધરાવતાં વિનતિ કરવા આવ્યા હતા.

તુર્કોએ શ્રીમાલ, અણહિલવાડ, ચંદ્રાવતી, દેલવાડા, સોમેશ્વર એ બધાં સ્થાનોનો નાશ કર્યો હતો તેમ કહેવાય છે.

અનીશની પંચતીર્થના ગામોની આસપાસનાં ગામોમાં જૈન દેરાસરો હતાં પણ કેટલેક સ્થળે તો આજે તેનું નામનિશાન જોવા મળતું નથી, કેટલેક સ્થળે દેરાસરો ખંડિત દશામાં વિદ્યમાન છે.

કોડીનાર પાસે આવેલા રોહીશા ગામનું જૈન મંદિર ખંડિયેર સ્થિતિમાં છે.

અહીંથી ૧૫-૧૭ માઈલ ઉપર સમુદ્રની વચ્ચે જાફરાબાદ નામે બેટ છે. તે અગાઉ શિયાળબેટ નામે જાણીતો હતો. ત્યાં જૈન મંદિરોનાં ખંડિયેરો છે અને જૈન પ્રતિમાઓના ખંડિત ભાગોનો દુરુપયોગ કરેલો પણ જોવામાં આવે છે. આજે તો અહીં એકેય જૈનની વસ્તી નથી મોટે ભાગે ચાચિયા લોકો જ અહીં રહે છે. અહીંથી મળી આવેલી પ્રતિમાઓના કેટલાક લેખોનો સાર આ પ્રકારે છે

(૧) સં. ૧૩૦૦માં સહજિગપુરના રહેવાસી પલ્લીવાલ જ્ઞાતિના શેઠે પ્રતિમા ભરાવી.

(૨) સં. ૧૩૧૫માં મહુવામાં મહાવીરસ્વામીના દેશમાં પોરવાડ શેઠ આસપાલના પુત્ર આશાદેવના પુત્ર ગાંધી જીવાએ પોતાના કલ્યાણ માટે શ્રીપાર્શ્વનાથની પ્રતિમા ભરાવી.

(૩) સં. ૧૨૭૨માં ટીમાણાવના મહેરરાજ રણસિંહના શ્રેય માટે સર્વ સંઘે મળીને મહાવીરસ્વામીની પ્રતિમા ભરાવી.

આ લેખો ઉપરથી જણાય છે કે, આ બેટમાં અગાઉ જૈનોની પુષ્કળ વસ્તી હશે અને એક કરતાં ઘણાં જિનમંદિરો હશે. અને તે તેરમા સૈકાથીયે વધુ પુરાણાં મંદિરો હશે.

આજે તો આ અવશેષો જે પોતાની કથા કહે છે તેજ માત્ર સાંભળવાની રહે છે.

અવસાન નોંધ

ભાવનગરનિવાસી પારેખ મનસુખલાલ નાગરદાસનું યાત્રાની મુસાફરી દરમિયાન રાધનપુર મુકામે તા-૨-૧૦-૬૨ના રોજ ત્રેપન વર્ષની ઉંમરે હાર્ટફેઈલથી અવસાન થયેલ છે તેની આ સભા દુઃખ પૂર્વક નોંધ લે છે. તેઓ ધાર્મિકવૃત્તિવાળા અને સેવાભાવી હતા. અમો સ્વર્ગસ્થના આત્માને ચિરશાંતિ ઇચ્છીએ છીએ અને તેમના અવસાનથી તેમના કુટુંબીજનો પર આવેલી આપત્તિ પ્રત્યે સમવેદના વ્યક્ત કરીએ છીએ.

જયંતી

પ્રાતઃસ્મરણીય શાંતમૂર્તિ શ્રી વિજયકમળસૂરીશ્વરજી મહારાજની સ્વર્ગવાસ તિથિ આસો શુદી મંગળવારના રોજ આ સભા તરફથી દર વર્ષ મુજબ ગુરુભક્તિ નિમિત્તે અત્રેના મ્હોટા દેરાસરના શ્રી આદિનાથ મંદિરમા શ્રી નવપદજીની પૂજા ભણાવવા વગેરેથી ઉજવવામાં આવશે.

આભાર.

શ્રી ઉંઝા ફાર્મસી લિમિટેડના માલિક શેઠ શ્રી ભોગીલાલભાઈ નગીનદાસ જેઓ આપણી સભાના લાઈફ મેમ્બર પણ છે તેમના તરફથી દર વર્ષની માફક આ વર્ષે પણ વિ. સં. ૨૦૧૯ની સાલના કાર્તિકી જૈન પંચાગ સભાના સભાસદ બંધુઓને ભેટ આપવા માટે મોકલવામાં આવેલ છે. આ પંચાગ આ અંકની સાથે બીડેલ છે, જે સંભાળી લેવા વિજ્ઞપ્તિ છે. શેઠશ્રીની સભા પ્રત્યેની હાર્દિક લાગણી માટે અમે આભાર વ્યક્ત કરીએ છીએ

પરિચય ટ્રસ્ટનું માસિક "ગ્રંથ"

મુંબઈના પરિચય ટ્રસ્ટ તરફથી વિવેચનનું માસિક "ગ્રંથ" થોડા સમયમાં શરૂ થનાર છે.

ગુજરાતના અનેક જાણીતા વિવેચકો, વિદ્વાનોના અને અભ્યાસીઓએ આ માસિકને પોતાનો સંપૂર્ણ સાથ આપવાનું સ્વીકાર્યું છે.

ઠે, ૧૯,૨૧ હમામ સ્ટ્રીટ મુંબઈ-૧

ભગવાન નેમનાથ

શ્રી રતિલાલ મફાભાઈ શાહ

ભગવાન નેમનાથ ઉર્ફે અરિષ્ટનેમિ એ જૈન-ધર્મના ૨૨મા તીર્થંકર છે. ઐતિહાસિક દૃષ્ટિએ અન્ય શાસ્ત્રોમાં એમનો ઉલ્લેખ ખાસ દેખાતો નથી, એમ છતાં પુરાણોમાં બે ચાર ઠેકાણે એમના નામનો જે ઉલ્લેખ થયો છે એ ઉપરથી એટલું તો કહી શકાય કે એ એક ઐતિહાસિક વ્યક્તિ હતા.

જૈન શાસ્ત્રોની દૃષ્ટિએ યાદવ વંશના ક્ષત્રિય રાજ-કુમાર હતા, એટલું જ નહીં યોગેશ્વર ગણાતા ભગ-વાન શ્રીકૃષ્ણના એ પિત્રાઈ ભાઈ હતા. એમના પિતાનું નામ સમુદ્રવિજય અને માતાનું નામ શિવાદેવી હતું. શ્રીકૃષ્ણના પિતા વસુદેવ અને નેમ-નાથના પિતા સમુદ્રવિજય એ બન્ને યાદવપતિ અંધકવૃષ્ણિના પુત્રો હતા આ દૃષ્ટિએ યાદવકુળે બે સમર્થ વિભૂતિઓને સાથે જન્માવી હતી જેમણે ભારતીય ઇતિહાસમાં અહિંસા અને ગોવંશાદિ પ્રાણીઓની રક્ષાને ધર્મ મનાવી ધાર્મિક ઇતિહાસમાં એક નવું જ પ્રકરણ ઉમેરી આપ્યું હતું.

જન્મ્યા હતા તો એ બન્ને શૌર્યપુરમાં અને એમનું બાળપણ પણ ત્યાં જ વીત્યું હતું; પણ પાછળથી શ્રીકૃષ્ણે કરેલા કંસના વધ પછી કંસના સસરા મગધરાજ જરાસંધના ઉપરા ઉપરી આક્ર-મણોથી કંટાળી યાદવોએ નીચે ઊતરી આવી સૌરાષ્ટ્રમાં વાસ કર્યો હતો અને દ્વારિકા નામે નગરી વસાવી ત્યાં રાજધાની સ્થાપી હતી.

શ્રીકૃષ્ણના જીવનમાં ઉલ્લાસ અને તરવરાટ દેખાય છે, જ્યારે નેમનાથનું જીવન શાંત, ગંભીર અને ચિંતનશીલ હતું. પ્રકૃતિ વૈરાગ્યના રંગે રંગાયેલી હતી. શૌર્ય જો કે એમનું અપાર હતું. એમ છતાં એને સંયમમાં રાખવાનું સામર્થ્ય અને સમજ હતી. પ્રસંગ આવે એ શૌર્ય બતાવવામાં પાછા પણ ન પડતા.

લાંબા સમય પછી કંસની પત્ની જીવયશાને કૃષ્ણ તથા યાદવકુળના વીરો વૈભવપૂર્વક દ્વારિકામાં વસી રહ્યાની જાણ થતાં એણે પિતાને કહી કૃષ્ણનું વેર લેવાની હઠ પકડી. જૈન કથાનક મુજબ આથી જરાસંધ, શિશુપાલ, હિરણ્યનાભ તથા દુર્યોધનાદિ કૌરવસેનાઓ સાથે દ્વારિકા ઉપર ધસી આવ્યો. શ્રીકૃષ્ણ–બળરામ–નેમનાથ–વસુદેવ–સમુદ્રવિજયાદિ દશ દશાર્હો તથા કૃષ્ણના પુત્ર પ્રદ્યુમ્ન–શીબ સહિત યાદવ સેનાએ એ પ્રચંડ સેનાને માર્ગમાં જ રોકી· પાંડવો પણ શ્રીકૃષ્ણના પક્ષે ઉપસ્થિત થયા હતા. એ ભીષણ સંગ્રામમાં બાજી હારજીત પર રહેતી એકવાર જરા-સંધના પ્રબળ આક્રમણ અને જરાનાં ફેંકવાથી યાદવસેના પાછી હટી મૂર્છિત બની ગઈ. એક માત્ર નેમનાથ જ સ્વસ્થ બની ઊભા રહેલા. એમણે શંખ ફુંકી યાદવસેનાને ફરી સચેત કરી પ્રોત્સાહિત બનાવી. એ ભયંકર યુદ્ધમાં નેમનાથે અનેક રાજાઓના મુગટો તોડી પાડ્યા રથો ભાંગી નાખ્યા તથા કૈંકને ધૂળ ચાટતા કર્યા. પાંડવોએ કૌરવોનો અને શ્રીકૃષ્ણે શિશુપાલ સહિત જરાસંધનો ઉચ્છેદ કર્યો. આમ પ્રતિવાસુદેવ જરાસંધનો નાશ કરી શ્રીકૃષ્ણ વાસુદેવ તરીકે પ્રગટ થયા. જૈનમતે એ છેલ્લા નવમા વસુદેવ હતા. આ યુદ્ધમાં ભીમે દુર્યોધનને અને બળદેવે અન્ય અનેક દુશ્મન મહારથીઓનો સંહાર કરી વિજય મેળવ્યો. આમ વિજય મેળવી યાદવસેના પાછી ફરી. જે જગ્યાએ આ તુમુલ યુદ્ધ મચેલું એ જગ્યાએ અતિપ્રાચીન એવી ભાવિ પાર્શ્વનાથની પૂર્વયુગમાં ઘડાયેલી મૂર્તિ સ્થાપિત કરી શંખેશ્વર પાર્શ્વનાથનું મંદિર બાંધવામાં આવેલું. આ કારણે આજના સકલ જૈનતીર્થોમાં એ અતિપ્રાચીન જૈનતીર્થ ગણાય છે ને એનો આજ પણ ભારે મહિમા ગવાય છે.

નેમનાથ બોલતા બહુ ઓછું. એમ છતાં એમના મુખપર એક જાતની પ્રસન્નતા છવાયેલી રહેતી અને

મુખપર મલકતું હાસ્ય રાજવૈભવ હોવાને કારણે સુખ સાહેબીનો પાર નહોતો. ભોગનાં સાધનો પૂરેપૂરા ઉપલબ્ધ હતા છતાં એમને એમા રસ નહોતો. ને એ કારણે લગ્નથી એ બંધાયા નહોતા ઇચ્છતા માતાપિતાની હોંસ હતી કે પુત્ર પરણે તો સારું! પણ એ તો એનો ઇનકાર જ કરતા. આ જોઇ ભગવાન શ્રીકૃષ્ણે લગ્નજીવન માટે એમને પ્રેરિત કરવા પોતાની પટરાણીઓની મદદ માગી અને એ માટે હરેક રીતે પોતાનું કલા-સૌંદર્ય અજમાવી એમને સમજાવી-સંમતિ મેળવી લેવા પટરાણીઓને તૈયાર કરી.

એથી એ બધી જલક્રીડા કે એવા કોઇ નિર્દોષ આનંદ-પ્રમોદના અવસરે એમને પરણવા માટે મીઠા -મધુર વચનોથી લલચાવવા મથતી, ક્યારેક ઠઠ્ઠા-મશ્કરીઓ કરતી, ક્યારેક જલક્રીડામા ગભરાવી મૂકતી તો વળી 'કુંવર કેમ પરણતા નથી? ખર્ચની બીક હોય તો અમે એ ભોગવી લઇશું' કહી મીઠા મહેણા પણ મારતી. આમ મીઠી મજાકો અને દેરાણી લાવવાની વાતોથી એકવાર કુમાર નેમનાથ હસી પડયા. એ હાસ્યને એમની સંમતિ માની લઇ એની જાહેરાત કરવામા આવી અને કંસના પિતા ઉગ્રસેનની પુત્રી રાજીમતિ સાથે સેવિશાળ પણ તરત જ ગોઠવી દેવામા આવ્યું. જરાસંઘના મૃત્યુ પછી કંસની ગાદીએ પાછળથી એના પિતા ઉગ્રસેનને બેસાડવામાં આવેલા, આથી મથુરામાં લગ્નની તડામાર તૈયારીઓ ચાલવા લાગી.

શુભ મુહૂર્તે દ્વારિકાથી જાન નીકળી અને મથુરા શ્વસુરગૃહે આવી પહોંચી આ વખતે ગામના ઝાંપે પશુશાળામાં પૂરેલા હજારો મૂક પશુઓ મૃત્યુના ભયે થરથર ધ્રૂજતા કરુણા યાચતી આંખે વરરાજા સામે ટગરટગર જોઇ રહ્યા હતા; જાણે કે એમ ન કહેતા હોય કે 'હે કુમાર! તમારા લગ્નનો મહોત્સવ એ તો અમારા માટે મરણનો જ મહોત્સવ બનશે, ને અમારું રુધિર તારું કુંકમ તિલક બનશે, તારા એકના સુખ ખાતર આમ હજારોની બલિ દેવાશે, એ શું તને ગમશે!'

નજર સમક્ષ નાચી રહેલા મૃત્યુના ભયે એ કરુણ આક્રંદ કરી રહ્યા હોય તેમ આંખો એમની ફાટી રહી હતી. હૃદય ધબકતું હતું અને મુખ પર ગભરાટ વ્યાપેલો હતો. આવું કરુણ દૃશ્ય જોઇ નેમનાથે પોતાના સારથિને પૂછ્યું કે 'આક્રંદ કરતાં આટલાં બધા પશુઓ અહીં કેમ એકત્ર કરવામાં આવ્યાં છે?'

પ્રત્યુત્તર મળ્યો કે 'આપના લગ્ન નિમિત્તે એનું મિષ્ટ ભોજન પીરસવા.' આવો જવાબ સાંભળી કુમાર નેમનાથનું હૃદય દ્રવી ઊઠયું. એમણે જાતે દોડીને એ બધા પશુઓને મુક્ત કર્યા ને એમને અભય આપ્યુ. પશુઓ કરુણા યાચતી આંખે એમનો પરમ ઉપકાર માનતા હોય તેમ કુમારની સામે જોતા જોતાં ભાગી છૂટયા. દોડે ને પાછુ વાળી સામે જોતા જાય.

કુમારના હૃદયમા આ કરુણ પ્રસંગ જોઇ તુમુલ-યુદ્ધ મચ્યું. એ પોતાના મનને પૂછવા લાગ્યા કે 'લોકો લગ્નાદિ મહોત્સવ ઊજવવા કાજે સ્વાદની મજા માણે અને એ સ્વાદને ખાતર નિર્દોષ પશુઓની હત્યા કરે એ કેવું ક્રૂર કાર્ય છે! અને અહીં તો એ બિચારા મારે જ કારણે મરવાનાં હતાં ને? એથી ભાગતા ભાગતાં પણ એ પાછુ વાળી મૌનપણે મને એમ જ કહી રહ્યા હતા કે 'જો અમને કોઇ બચાવી શકે તો કુમાર તું એક જ છે' અમારા દિલની વ્યથા સમજનારો તું જ એકમાત્ર અમારો સહારો છે'

આવા પ્રકારના વિચારોની ઊથલપાથલમા નેમનાથ ઊંડા ઊતરી ગયા. એમને સૂઝી આવ્યુ કે એવાં લગ્નજીવનનો ત્યાગ કરવાથી જ એવા અબોલ પશુ-ઓનો કરુણ પોકાર જનહૃદયને જાગૃત કરી શકશે. એથી એવા નિર્દોષ પશુઓની રક્ષા ખાતર ત્યાગી બની એમની રક્ષા માટે અવાજ ઉઠાવ

મારા માટે જીવન જીવવાની સાર્થકતા ગણાય.

આવા પ્રકારના નિશ્ચયથી પ્રેરાઈ કુમાર નેમનાથે પોતાનો રથ પાછો વાળ્યો અને સીધો એકાંત વન-પ્રદેશનો માર્ગ લેવા રથ હંકારી મૂકયો. માંસાહાર અને પશુહત્યાથી હૃદય એમનું ઘવાઈ ઉઠયું હતું. સંસાર પ્રત્યેનો તીવ્ર વૈરાગ્ય ભાવ એમનામાં પ્રગટી ચૂકયો હતો. એથી લોકોના કાલાવાલા અને આગ્રહ છતાં એ પાછા ન ફર્યા તે ન જ ફર્યા. છેવટે વડીલોના આગ્રહથી એ દ્વારકા આવ્યા. પણ થોડા સમયમાં જ એમણે સંસારનો ત્યાગ કર્યો.

જનહૃદયને જાગૃત કરવા જેટલું વ્યકિતત્વ ખીલવવા અને એ અર્થે જીવનશુદ્ધિની સાધના કરવા એકાંત પવિત્ર સ્થળની આશાએ એ શત્રુંજયની ટેકરીએ ચડયા. પણ ચારે બાજુ જીવોત્પત્તિનો પાર ન હોઈ એ અડધેથી જ પાછા ફર્યા અને ગિરનારની ભવ્ય ગિરિકંદરાઓમાં જઈને સ્થિર બન્યા ત્યાંના સહસ્રામ્રવનની પવિત્ર જગ્યામાં એમણે ભિક્ષુપદ સ્વીકારી લીધું. જગતમાં વ્યાપેલી ઘોર હિંસા સામે માથું ઊંચકવા અને જનતાને જાગૃત કરી વિશુદ્ધિનો માર્ગ બતાવવા એમણે ત્યાં ઘોર સાધનાઓ સાધી, ઊંડું ચિંતન કર્યું અને આકરાં તપ તપ્યા પરિણામે એમની કર્મજાળ ભેદાઈ ગઈ અને એ સિદ્ધ-બુદ્ધ-તીર્થંકર-વીતરાગ પદને પ્રાપ્ત થયા.

બીજી બાજુ રાજમહેલની અગાશી પર સખીઓ સાથે બેઠેલી રાજીમતિ દૂરથી પતિને નીરખી રહી હતી. સખીઓ એની મીઠી મજાકો કરતી હતી. એક જણ બોલી કે કુમાર છે તો નમણો પણ કાળો છે. શરમથી નીચું જોઈ રહેલી રાજીમતિ આવા વેણથી ચમકી ઊઠી. શરમ તજી એ બોલી ઊઠી 'કેશ, કસ્તુરી, કીકી કાળાં છે માટે જ શોભે છે. ગજરાજ કાળો હોવા છતાં પણ કેવો કામણગારો લાગે છે? અને ધોળો હોવા છતાં ગધેડા સામું તો કોઈ જોતું પણ નથી. માટે રૂપ ચામડીમાં નથી પણ ગુણમાં છે બહેન! ગુણ વિનાની ચામડી શા કામની? કોઈનું જ દિલ એ આકર્ષી શકતી નથી.'

આમ વાત ચાલે છે ત્યાં તો કુમારનો રથ પાછો ફરતો દેખાયો. રાજીમતિના દિલમાં ધ્રાસ્કો પડયો, અમંગલની એને શંકા આવી. એથી તરત જ તપાસ કરાવી તો જણાયું કે કુમાર એકત્ર કરી રાખેલા પશુઓની થનારી હત્યાથી ખિન્ન થવાને કારણે સંસાર પ્રત્યે વૈરાગ્ય વાસિત બની પાછા ફર્યા છે.

આ ખબર સાંભળતાં જ રાજીમતિ મૂર્છિત બની ધરણી પર ઢળી પડી દોડાદોડ અને સારવાર પછી જ્યારે એને ભાન આવ્યું ત્યારે જે માર્ગે નેમ ગયા હતા એ જ માર્ગે ગાંડી બની એ દોડવા લાગી 'એનાથી પણ સારો વર તને શોધી આપશું' એવું એને આશ્વાસન આપવામાં આવ્યું પણ એ આશ્વાસન તો ઊલટું એના સમગ્ર શરીરને અગ્નિની ઝાળ જેવું લાગતું હતું આઠ આઠ ભવની એની પ્રીતિ હતી, એથી એ તો કોઈથી રોકી રોકાઈ નહીં. ચોધાર આંસુએ રડતી 'ઓ મારા નેમ-ઓ મારા નેમ'ના અવાજ સાથે વિલાપતી એ એના માર્ગે ભાગવા લાગી.

ગાંડાની જેમ છૂટા કેશે ભાગતી-ભટકતી એ એમની શોધમાં ફરતી ફરતી ગિરનાર આવી પહોંચી. ત્યાં જાણવા મળ્યું કે નેમ સહસ્રામ્રવનમાં ભિક્ષુ બની ધ્યાનસ્થપણે ત્યાં ઊભા છે. એણે સહસ્રામ્રવનનો માર્ગ પકડયો, પણ રસ્તો અતિ ભયંકર ને વિકટ હતો.

અધૂરામાં પૂરું વરસાદ અને તે પણ ધોધમાર, વાદળ, ધુમ્મસનો પાર નહીં ને પવન કહે કે મારું કામ. રસ્તો આથી સૂઝે નહીં. જેથી એ નજીકની એક ગુફામાં આશ્રય લેવા પેઠી અને પલળેલા વસ્ત્રો સૂકવવા એ નગ્ન બની રહી. સામે જ એક મુનિ ધ્યાનસ્થપણે ઊભા હતા રાજીમતિને નગ્ન જોઈ એ કામવિહ્વલ બન્યા. અને એની પાસે આવી દુષ્ટ માગણી કરવા લાગ્યા. રાજીમતિએ સ્વસ્થ બની તરત જ વસ્ત્રથી શરીર ઢાંકી દીધું, અને મુનિને આવું ઉત્તમ ચારિત્ર્ય ક્ષણના સુખને ખાતર ન ગુમાવવાનો

બોધ આપ્યો. એના સતીત્વ અને પવિત્રતાએ એવી ભવ્ય અસર નિર્માણ કરી કે મુનિ શરમિંદા બની એનાં પગમાં પડ્યા, ને બતાવેલી માનસિક દુર્બલતા માટે પશ્ચાત્તાપ અનુભવી ફરી ફરી એની ક્ષમા માગવા લાગ્યા. એ મુનિ હતા નેમનાથના જ ભાઈ રહનેમિ.

રાજીમતિનો છેવટે નેમકુમાર સાથે ભેટો થયો, પણ એમનો સંસાર પ્રત્યેનો નિરાસક્તભાવ, નીતરતું પાવિત્ર્ય અને દિલને જગવનારો ધર્મબોધ પામી એ પણ એ જ પ્રમાણે વૈરાગ્ય—ત્યાગના જ પંથે વળી અને એણે પણ ભિક્ષુણિ પદ સ્વીકારી લીધું. એમનો એ પ્રણય હવે ધર્મ પ્રણયરૂપે ફેરવાઈ ગયો હતો. એમના જીવનની આ પ્રણયકથા એક કાવ્યનું રૂપ પામી આજે પણ ઘેર ઘેર ગવાય છે

ઊંડા આત્મચિંતન અને જીવનશુદ્ધિની સાધના પછી કુમાર નેમનાથને કૈવલ્ય જ્ઞાન પ્રગટ થયું. સંસારના બધાં બંધનો તૂટી ગયાં હતાં. એ વીતરાગ—અર્હંત જિનેશ્વર પદને પામ્યા હતા. શ્રીકૃષ્ણ—બળરામ સહિત પદ કોટી યાદવોએ એ પ્રસંગે ભારે મહોત્સવ ઊજવ્યો. ઘણાઓએ એમના શરણે આવી ભિક્ષુપદ પણ સ્વીકારી લીધું.

જ્ઞાનપ્રાપ્તિ પછી પોતાને પ્રાપ્ત થયેલા જ્ઞાનનો પ્રચાર કરવા ભગવાન આખા દેશમાં ઘૂમ્યા, ખાસ કરીને માંસાહાર ત્યાગ અને પશુદયા પર એમણે ભારે ઝોક આપ્યો. અથવા તો એમ કહી શકાય કે માંસાહારત્યાગ અને પ્રાણીદયાનો ધર્મ પ્રબોધનાર એ સહુથા પ્રથમ હતા. ગુજરાતમાં આજે જે માંસાહારત્યાગ, ભૂતદયા, તથા પ્રાણીરક્ષાનો ધર્મ પ્રવર્તી રહ્યો છે, એના ઊંડા મૂળ નાખનાર ભગવાન શ્રી નેમનાથ જ હતા, જેમણે શૌર્યપુર—મથુરાથી અહીં ઊતરી-આવી અહિંસા—દયાની સંસ્કૃતિ નિર્માણ કરી હતી.

પોતાનું જીવનકાર્ય પૂરું કરી એ લાંબી ઉમરે ગિરનાર પર્વત પર નિર્વાણ પામ્યા હતા. જેમની સ્મૃતિમાં આજે પણ એ સ્થાને ભવ્ય જૈન મંદિરો ઊભાં છે, જે હરેક યાત્રીનું આકર્ષણ ને આરામસ્થાન બનતાં રહ્યાં છે.

ભગવાન નેમનાથનો મૂળ ઉપદેશ શો હતો એ જાણવાનું આપણી પાસે કોઈ સાધન ઉપલબ્ધ થયું નથી. એમ છતાં પરંપરાએ જે ધર્મ વહેતો આવ્યો છે એ ઉપરથી એટલું તો કહી જ શકાય છે કે અહિંસા—દયાનો ધર્મ પ્રચારનારાઓમાં એ અગ્રણી હતા.

વૈદિક ગ્રંથોમાં ભાગ્યે જ એમનું નામ જડે છે. પુરાણોમાં એકાદ બે સ્થાને એમના નામનો ઉલ્લેખ થયેલો છે પણ સાંપ્રદાયિક કાળમાં લખાયેલ એ ગ્રંથોમાં એમનાં કેવળ નિંદા—વાક્યો જ નજરે પડે છે. તેમ જ જ્યાં જ્યાં એમનાં સ્તુતિ—વાક્યો છે ત્યાં ત્યાં એ વાક્યોનો અર્થ જ પાછળના ટીકાકારોએ બદલી નાખ્યો જણાય છે. જેમ કે અરિષ્ટનેમિ એ નેમનાથનું જ બીજું નામ છે. પણ એનો અર્થ બહુ વિચિત્ર કરવામાં આવ્યો છે. આ કારણે એમના વિષેનું સંશોધન અન્ય શાસ્ત્રોદ્વારા કરવું ભારે કઠિન બની ગયું છે.

જૈન શાસ્ત્રો મુજબ શ્રીકૃષ્ણ નેમનાથના ઉપાસક હતા. વૈદિક મતે શ્રીકૃષ્ણ એમના કાળ દરમ્યાન અવતાર પદ પામ્યા નહોતા. (વાંચો વેદની વિચારધારા. લેખક શ્રી રાધાકૃષ્ણ) એમને અવતાર પદ તો પાછળથી આપવામાં આવેલું. એમના કાળમાં તો એ એક મહાન સમ્રાટ જ હતા, ને એથી એમને રાજ્યાવતારી પુરુષ કહેવામાં આવે છે. અહિંસા—કરુણતાના અવતાર બુદ્ધ—મહાવીરની જેમ ધર્માવતારી એમને ગણવામાં નથી આવ્યા. આ દૃષ્ટિએ શ્રીકૃષ્ણ નેમનાથ પ્રત્યે આકર્ષાયા હોય તો એમાં કંઈ આશ્ચર્ય જેવું ન ગણાય. એમનું જીવનકાર્ય નિષ્કામ કર્મયોગ આચરી વ્યાવહારિક ધર્મની સ્થાપના માટે હતું. આમ છતાં ગીતાના ગાયક તરીકે ત્યાગ—તપ—કરુણા—દયા—અહિંસાદિ તત્ત્વો પ્રત્યે એમનો જે પક્ષપાત હતો એ કાં તો ભગવાન નેમનાથના

પ્રાગૈતિહાસિક ગુજરાતઃ ટૂંક નોંધ

ડૉ. હસમુખ સાંકળિયા

સાહિત્ય પરિષદનાં ૨૧માં અધિવેશનમાં પુરાતત્ત્વ વિભાગનાં પ્રમુખ
ડૉ. હસમુખ સાંકળિયાના વ્યાખ્યાનમાંથી સાભાર

આજથી એકહજાર વર્ષ પહેલાં શરૂ થયેલો કાળ— ઈ. સ. ૯૭૦થી ઈ. સ. ૧૨૦૦ સુધીનો કાળ, જેને આપણે સોલંકી યુગ તરીકે જાણીએ છીએ તે—ગુજરાતના ઇતિહાસનો સુવર્ણયુગ કહી શકાય. ગુજરાતનું વિસ્તરેલું સામ્રાજ્ય, જાહોજલાલી ભોગવતું પાટનગર, અસંખ્ય મંદિરો અને તોરણોથી વિભૂષિત તળભૂમિ—આ સર્વ પાણીની પૂરતી સગવડો સિવાય અસ્તિત્વમાં આવવાં અને લાંબો વખત નિભાવવાં અશક્ય હતાં. તેથી જ રાજા, રાણી, અધિકારી વર્ગ અને પ્રજાએ ઠેર ઠેર તળાવો, કૂવા વાડી બાંધી પોતાને કૃતાર્થ થતાં માન્યા છે. આનું એક જ કારણ કે ઉત્તર ગુજરાતમાં હમણાંની જેમ વરસાદ બહુ અનિયમિત રીતે આવતો. એટલે દીર્ઘદૃષ્ટિ રાખીને રાજાએ અને પ્રજાએ પાણી સંઘરવુ જ રહ્યું. આ તળાવ કે કૂવો તમે ધાર્મિક દૃષ્ટિએ બાંધો કે બીજા કોઈ હેતુથી, પરંતુ એનો ફાયદો તો એક જ રૂપે થાય.

સોલંકી યુગનાં આવા કેટલાયે તળાવો અને કૂવાઓમાં પાટણનું સહસ્ત્રલિંગ તળાવ અને વીરમગામનું કર્ણસર તળાવ પ્રસિદ્ધ છે.

પાણીની આ કિંમત માનવે ફક્ત સોલંકી યુગમાં જ જાણી ન હતી. ગુજરાતનો સાંસ્કૃતિક ઇતિહાસ આવાં તળાવોથી શરૂ થાય છે. આ કાળથી જ માનવ એક ઠેકાણે થોડોક સમય પણ ઠરી ઠામ રહેવા લાગ્યો અને પોતાના કુટુંબીજનોને જ્યાં રહેતો ત્યાં દાટવા લાગ્યો. આ વાતની શરૂઆત હજારો વર્ષ પર થઈ. ઉત્તર અને મધ્ય ગુજરાતમાં જ્યાં જ્યાં કુદરતી તળાવો છે ત્યાં માનવે વસ્તી કરી હતી એમ અમારા છેલ્લાં વીશ વર્ષના અભ્યાસ પરથી માલુમ પડયું છે. આ કેવી રીતે બન્યું તે સહેજ વિસ્તારથી જોઈએ.

વાસને કારણે હોય યા તો ઋષિ ઘોર આંગિરસને કારણે હોય. કારણ કે अथ यत्तपोदानमार्जवम हिंसासत्यवचनमिति ता अस्य दक्षिणा: ॥ (છાંદો. ઉપ. ૩·૧૭·૪·૬) શબ્દો દ્વારા આ જ્ઞાન ઘોર આંગિરસ તરફથી શ્રીકૃષ્ણને પ્રાપ્ત થયું હતું એમ કહેવાય છે.

ઉપરના તપ, દાન-અહિંસાદિ તત્ત્વો શ્રવણ વિચારધારા સાથે વધારે સુસંગત હોઈ આજના પંડિતો ઘોર આંગિરસ એ જ ભગવાન નેમનાથ છે એમ માનવા તરફ ઢળ્યા છે. (વાંચો હિંદી સંસ્કૃતિ અહિંસા) એથી જો ઘોર આંગિરસ એજ નેમનાથ હોય તો નેમનાથ વિષેની ઐતિહાસિક સાશંકતા નિર્મૂળ બને.

જેમ ભગવાન નેમનાથ એ જૈનધર્મના આ યુગના ૨૨મા તીર્થંકર છે તેમ જૈનશાસ્ત્રોની કલ્પના મુજબ ભગવાન શ્રીકૃષ્ણ આવતા યુગના ઘમમ નામે ૧૨મા તીર્થંકર બનશે. જે ભવિષ્ય સંભવામિ યુગે યુગે એ વચન મુજબ ગીતાકારની ભાષા સાથે બહુ અંશે મેળ ખાય છે. ગમે તે હો; પણ એક વાત છે જ કે ગોવંશાદિ પ્રાણીઓની રક્ષાનો ધર્મ શીખવી શ્રીકૃષ્ણે તેમ જ અહિંસા દયાનો ધર્મ શીખવી નેમનાથે આજની ભારતીય સંસ્કૃતિનો ઊંડો પાયો નાખ્યો હતો.

પ્રાગૈતિહાસિક તળાવો

ઉત્તર ગુજરાતમાં અમદાવાદથી માંડીને અરવલ્લીના પહાડ સુધી જ્યાં જ્યાં જોઇએ ત્યાં એક રેતાળ સપાટ પ્રદેશ દેખાય છે. ગુજરાતના વાતાવરણમાં અમુક ફેરફારો થવાથી આ રેતીના ઢગો પવન અને નદીએ રચ્યા. ઘણી જગ્યાએ આવા રેતાળ પ્રદેશમાં નાના નાના ટીંબાઓ જોવામાં આવે છે. આવી રચના પરથી પણ ગુજરાતનું પ્રાચીન હવામાન કેવા પ્રકારનું હોવું જોઇએ તે જાણવા મળે છે. હવે જ્યાં જ્યાં ત્રણેક ટીંબા ભેગા મળે છે ત્યાં ત્યાં તેમની વચ્ચે એક નાનું તળાવ કુદરતી રીતે જ ઉદ્ભવે છે. આ તળાવમાં વર્ષના ૮થી ૧૦ મહિના પાણી ભરાઈ રહે છે.

આ ટીંબાઓ પર નાનાં પથ્થરનાં હથિયારો મળી આવે છે. સાધારણ રીતે ઉત્તર ગુજરાતમાં પથ્થરનો એક ટુકડો પણ મળવો મુશ્કેલ છે, પરંતુ માનવે ત્રીશ–ચાલીશ માઈલ લાંબેથી અકીક જેવા પથરા લાવીને અને એમાંથી નાના નાનાં ચપ્પુનાં પાનાં જેવાં હથિયારો બનાવીને પોતાનો જીવનનિર્વાહ શરૂ કર્યો. આવી રીતે અમુક હવામાનને લીધે બનેલાં તળાવોને સૌથી પહેલી જ વાર (ગુજરાતમાં) માનવે ઉપયોગમાં લીધાં. એટલે જો આપણે કેવળ તળાવોનો જ ઇતિહાસ લખવો હોય તો તેની શરૂઆત ગુજરાતના એ તળાવોથી થાય.

લાંઘણજનો માનવ

માનવનું આ જીવન કેવા પ્રકારનું હતું તે થોડેક અંશે અમને લાંઘણજ નામના ગામ પાસે આવેલા ટીંબાઓના ખોદકામથી સમજવા મળ્યું. લાંઘણજ આંબલિયાસન વિજાપુર રેલલાઇન પર એક નાનું ગામ છે, અને અમદાવાદથી લગભગ ૬૦ માઇલ ઉત્તરમાં આવેલું છે. અહીં આવેલા ટીંબાઓની શોધ અમે ૧૯૪૨માં કરી હતી. ત્યાર પછી ત્યાં પાંચેક સાલ નાના નાનાં ખોદકામ કર્યાં હતાં. આ ખોદકામની બધી વિગતોમાં અહીં નહિ જઇએ. ટૂંકમાં કહીએ તો ગુજરાતના આ વિસ્તારમાં પાંચથી દસહજાર વર્ષ પહેલાં હાલ કરતાં સહેજ વધારે વરસાદ પડતો અને ગેંડા (Rhinoceros) પ્રાણી આવા તળાવ અને તેની આસપાસ આવેલાં જંગલોમાં ઘૂમતાં. માનવ આ ગેંડાનો શિકાર કરતો, એટલું જ નહિ, પણ એના મોટાં ભાગો–જેવાં કે ખભાનું હાડકું–એને એરણ તરીકે કે પાટા તરીકે ઉપયોગમાં લેતો. મેં ઉપર કહ્યું તેમ ઉત્તર ગુજરાતમાં પથ્થર જ નથી, એટલે કંઇ કામ માટે કર્યાંકથી પણ આવા પથ્થરો લાવવા રહ્યા (લાંઘણજમાં આવા તળાવ પર ગણપતિની એક મૂર્તિને ઊંધી કરી એના પર કપડાં ધોવાતાં મેં જોયા છે.)

નાનાં પથ્થરો તો નદીના પાત્રમાંથી લાવવામાં આવતા, પણ આ પથ્થરો એક સપાટ અને પહોળા પાટા પર મૂકીને એમાંથી હથિયારો બનાવી શકાય. આને માટે જો પથ્થર મળે તો હાડકું વાપરવામાં આવતું. આમ માનવે વાતાવરણનો બહુ સુંદર અને હોંશિયારીથી ઉપયોગ કર્યો હતો.

શબને દાટવાની પ્રથા

જે રીતે આ માનવના શબને ગુજરાતમાં દાટવામાં આવતું તે પણ નોંધવાલાયક છે. શબને દાટતાં માથું ઉત્તર તરફ અને પગ દક્ષિણ તરફ સાધારણ રીતે રાખવામાં આવતાં. હવે આ જ પ્રથા અહમદનગરમાં નેવાસી સ્થળે કરવામાં આવેલા અમારા ખોદકામમાં અમારી નજરે પડી. અહીં લગભગ ૨,૫૦૦ વર્ષ જૂના ૧૦૦થી વધારે માટીના ઘડામાં દાટેલાં નાનાં બાળકોનાં અને આધેડ વયનાં માનવોનાં દફનો અમને સાંપડયાં છે.

આમ, ભારતના જુદા જુદા પ્રદેશોમાંથી હમણાં જ પ્રાપ્ત થયેલી આ નવી હકીકત પરથી આપણે કહી શકીએ કે આપણામાં હાલ જે વહેમ છે કે રાતના સૂતી વખતે માથું ઉત્તર તરફ ન રાખવું તે આશરે પાંચ હજાર વર્ષ જૂની દાટવાની પ્રથા ઉપરથી ઉત્પન્ન થયો હશે! અને હવે સાપ અપા

અને લિસ્નોટા રહ્યા તેમ આ પ્રથા-વહેમ તરીકે જ ચાલુ રહી છે ! !

પ્રાગૈતિહાસિક કાળમાં લોકો

લાંઘણજમાંથી મળી આવેલાં હાડપિંજરો અને અન્ય ચીજો ગુજરાતના અને હિંદના માનવ-ઇતિહાસ માટે બહુ ઉપયોગી છે. પણ સૌથી મહત્ત્વનાં તો આ હાડપિંજરો જ છે. પ્રાગૈતિહાસિક કાળમાં લોકવસ્તી કેવી જાતની હતી તે સમજવાને આ હાડપિંજરોથી વધારે સારું સાધન કયું મળે ? વળી, હમણાં તો આવાં આરેક હાડપિંજરો કેવળ લાંઘણજમાંથી મળ્યાં છે. ત્યાં બીજાં પણ મળવાનો સંભવ છે. અને જ્યારે હું તમને જણાવું કે લાંઘણજ જેવા ઉત્તર ગુજરાતમાં બીજા ૧૦૦થી વધારે ટીંબાઓ છે ત્યારે તમને ખ્યાલ આવશે કે આપણા ગુજરાતના અને હિંદના પ્રાચીન માનવ-વંશના ઇતિહાસને માટે આ એક અમૂલ્ય સામગ્રી છે હજુ તે જમીનમાં જ દટાયેલી છે, કારણ કે અન્ય કામોને લીધે ઉત્તર ગુજરાત તરફ હવે જવાતું નથી પણ મને આશા છે કે ગુજરાતની વિવિધ યુનિવર્સિટીઓના પુરાતત્ત્વ અને માનવવંશશાસ્ત્રના વિદ્યાર્થીઓ આ કામ ભવિષ્યમાં ઉપાડી લેશે

લાંઘણજનો આ માનવ હમણાં તો ભારતનો જૂનામાં જૂનો માનવ મણાય છે. લોથલ, મોહનજો-ડેરો, હડપ્પા ઇત્યાદિ સ્થળોમાંથી માનવનાં જે હાડપિંજરો મળી આવ્યાં છે તેનાં કરતાં પણ આ વધારે જૂનો છે, છતાં એ ગુજરાતનો આદિમાનવ તો નથી જ.

ગુજરાતનો આદિમાનવ

આ આદિમાનવે બનાવેલા પાષાણનાં હથિયારો મહી, સાબરમતી, ઓરસંગ અને કરજણની ભેખડો-માંથી અમે ૨૦ વર્ષ પર શોધ્યાં હતાં. જે થરોમાંથી આ હથિયારો મળ્યાં હતાં તેમના અભ્યાસ પરથી અને હથિયારોના આકાર પરથી આદિમાનવ ગુજરાતમાં આશરે બે લાખ વર્ષ પર વસતો હશે એમ અમે અનુમાન કર્યું હતું.

બે જુદી જુદી રીતે આ માનવના સમય અને હવામાન પર તાજેતરમાં નવો પ્રકાશ પડ્યો છે. પ્રથમ તો આદિમાનવ—જેનો કાળ લગભગ સાડા ૭ લાખ વર્ષ જૂનો માનવામાં આવતો તે—હવે સત્તર લાખ વર્ષ જૂનો હોવાનો સંભવ છે. આ સમય એક તદ્દન નવી આધુનિક શાસ્ત્રીય પદ્ધતિ અનુસાર નક્કી કરવામાં આવ્યો છે. અંગ્રેજીમાં એને આર્ગોનપોટેશિયમ પદ્ધતિ (Argon–Potassium Method) કહે છે.

૪૪ સાધુ સંન્યાસીઓ યુગદ્રષ્ટા બને !	મુનિ નમિચંદ્ર	૧૪૨
૪૫ સાચી પ્રભુભક્તિ		૧૪૬
૪૬ સુખની ચાવી		૧૪૬
૪૭ યોજકસ્તત્ર દુર્લભ		૧૪૬
૪૮ હારની ચોરી		૧૪૭
૪૯ માનવતાનું પ્રાબલ્ય		૧૫૦
૫૦ પાંચમી સ્થિરાદૃષ્ટિની સઝાય	સં. ડૉ. વલ્લભદાસ નેણશીભાઈ	૧૫૮
૫૧ ભક્તિની શક્તિ	રવિશંકર મહારાજ	૧૬૪
૫૨ ગૌતમસ્વામીનો વિલાપ	શાંતિલાલ શાહ	૧૬૪
૫૩ ગુરુ અને શિષ્ય	મનસુખલાલ તારાચંદ મહેતા	૧૬૫
૫૪ આત્મા સાથે કર્મ જોડવાનાં કારણો	સાહિત્યચંદ્ર બાલચંદ હીરાચંદ	૧૬૭
૫૫ દેલવાડા તીર્થ	મુનિશ્રી વિદ્યાવિજયજી	૧૭૦
૫૬ ભગવાન નેમિનાથ	રતીલાલ મફાભાઈ શાહ	૧૭૨
૫૭ પ્રાગૈતિહાસિક ગુજરાત	ડૉ. હસમુખલાલ સાંકળિયા	૧૭૬

ક્રમાંક લેખ	લેખક	પૃષ્ઠ
૧૦ મિત્રા દૃષ્ટિની સઝાય	સં. ડૉ. વલ્લભદાસ નેણશીભાઈ	૩૨
૧૧ મધુકરી		૩૬
૧૨ અમર આત્મ નિરીક્ષણ	અમરચંદ માવજી શાહ	૩૮
૧૩ સમાજ ઋણ	કે. દેસાઈ	૪૩
૧૪ આત્મવિકાસ	વિ. મૂ. શાહ	૪૬
૧૫ બીજી તારાદૃષ્ટિની સઝાય	સં. ડૉ. વલ્લભદાસ નેણશીભાઈ	૪૯
૧૬ શરીર એટલે ભોગાયતન	સાહિત્યચંદ્ર બાલચંદ હીરાચંદ	૫૧
૧૭ મતભેદ પ્રગટે ત્યારે		૫૪
૧૮ ઠુક લાગે તે ચડે	શિવજી દેવશી મઢડાવાળા	૫૫
૧૯ યુગદ્રષ્ટા મહાવીર		૫૯
૨૦ ભગવાન મહાવીર		૬૨
૨૧ મહાવીર જયંતી		૬૪
૨૨ અંતરંગ અને બહિરંગ	સાહિત્યચંદ્ર બાલચંદ હીરાચંદ	૬૮
૨૩ ત્રીજી બલા દૃષ્ટિની સઝાય	સં. ડૉ. વલ્લભદાસ નેણશીભાઈ	૭૦
૨૪ પારસમણિ	મુનિશ્રી ચંદ્રપ્રભસાગર	૭૪
૨૫ જીવનનો આવશ્યક ગુણ : ગંભીરતા		૭૬
૨૬ આચાર્ય શ્રી હેમચંદ્ર	કુ. સરોજ ન. પરીખ	૭૭
૨૭ પાંચમો વિજયધ્વજ	મુનિશ્રી વિશાળવિજયજી	૮૩–૧૦૦
૨૮ ઉના	મુનિ શ્રી વિશાળવિજયજી	૮૩–૧૦૦
૨૯ ચોથી દીપ્રા દૃષ્ટિની સઝાય	સં. ડૉ. વલ્લભદાસ નેણશીભાઈ	૮૭–૧૦૪
૩૦ એકજ કોથળીમાં બે વસ્તુઓ	સાહિત્યચંદ્ર બાલચંદ હીરાચંદ	૯૧
૩૧ અંતના દ્વાર ક્યારે ઉઘડશે	મુનિશ્રી જનકવિજયજી	૯૩
૩૨ હીરાલાલ લાલચંદ દલાલનું ભાષણ		૯૬
૩૩ સ્વરાજ્ય	સાહિત્યચંદ્ર બાલચંદ હીરાચંદ	૧૦૭
૩૪ સમાજસેવાનો માર્ગ	આલ્બર્ટ સ્વીત્ઝ	૧૧૧
૩૫ ભક્તિની પરંપરા	સાહિત્યચંદ્ર બાલચંદ હીરાચંદ	૧૧૫
૩૬ પોપટિયું જ્ઞાન	આત્મારામ શર્મા	૧૧૮
૩૭ અધ્યાત્મજ્ઞાન પ્રસારક મંડળ		૧૨૦
૩૮ શેઠ માણેકલાલ ચુનીલાલનું ભાષણ		૧૨૨
૩૯ એક પ્રવચન	ફતેચંદ ઝવેરભાઈ	૧૨૪
૪૦ વિજય ઉમંગસુરિનો સ્વર્ગવાસ		૧૨૬
૪૧ ભવિતવ્યતા	સાહિત્યચંદ્ર બાલચંદ હીરાચંદ	૧૩૧
૪૨ અજારાતીર્થ	મુનિશ્રી વિશાળવિજયજી	૧૩૨–૧૫૫
૪૩ વિકૃતિ અને વિકૃતિગત	પ્રો. હીરાલાલ ર. કાપડિયા, એમ.એ.	૧૩૩

(અનુસંધાન પૃષ્ઠ ૧૭૮)

શાંતિનો માર્ગ

ઇતિહાસ આપણને ચેતવે છે કે આજના માર્ક્સવાદી તર્ક તથા મિશનરીના જેવા ઉમંગ અને ઈશ્વર માટેના માનવીના ઉત્સાહ વચ્ચેનો સંઘર્ષ પણ સમજબુદ્ધિથી અને થોડી બાંધછોડ કરીને અટકાવી શકાય. આપણી પોતાની બાજુ જો આપણને બરાબર સમજાતી હોય (તે ય આપણને તો સમજાતુ નથી) તો માનવજાતને ગારાં અને કીચડમાં રગદોળી નાખવાની જૂની રસમનો આશ્રય લેવાની આપણને જરૂર પડે ખરી? આજે સૌથી મોટી જરૂર તો ઉદારતાની છે. 'આપણે એકમેકના અંગો છીએ' એ સંત પૉલનું કથન સાચું અનુમાન છે અને એક પ્રકારની નૈતિક વ્યવસ્થા માટેનું આવાહન છે. શાન્તિ સ્થાપવાની જો આપણી ઈચ્છા જ હોય તો દરેક સંઘર્ષને ધાર્મિક સ્વરૂપ આપી દેતી, આ પોતાની જાતને સાચી જ ઠેરવતી અંધવૃત્તિનો આપણે ત્યાગ કરવો જોઈએ. 'વિચારોનું યુદ્ધ કોઈ પણ ભોગે જીતવાનો આપણે નિર્ધાર કરીએ છીએ—પછી ભલે એમ કરતાં દુનિયા આખીનું સત્યાનાશ નીકળી જાય.' આપણે કોઈ સંસ્થાન માટે લડતા હોઈએ તો એ ધ્યેય સિદ્ધ થતાં યુદ્ધનો અંત આવી જાય છે. પણ આપણે જો ન્યાય માટે લડતા હોઈએ તો આપણું યુદ્ધ વિનાશક બની જાય છે. આધુનિક યુદ્ધની ચાવણીઓ એટલી વિનાશક અને ભયંકર છે, અને ત્રીજા વિશ્વયુદ્ધનાં આર્થિક, સામાજિક અને સાંસ્કૃતિક પરિણામો એવાં વિનાશક હશે કે વિજેતાને માટે, વસવાટ માટે સાવ નકામા ખંડેરો અને જેમાં પરિવર્તન શક્ય નથી તેવી વિટંબના વિના બીજું કંઈ રહેશે નહીં, સમતોલ ચિત્તવૃત્તિ ધરાવતી કોઈ પણ વ્યક્તિ આવું ભવિષ્ય જોઈને થથરી જશે. આ સામુદાયિક આત્મહત્યામાંથી આપણે માનવજાતને બચાવી લેવી જોઈએ

આજના આ વિક્ષિપ્ત યુગમાં સિદ્ધાંતાભિમાનીઓની જવાબદારી, ના, એમની માટેની તક ઘણી મોટી છે, કારણ કે છેવટે તો માનવજાતનું ભવિષ્ય વસ્તુઓથી નહીં પણ વિચારોથી નક્કી થશે. આપણી પાસે તો મુદ્રાલેખ તરીકે 'સત્યમેવ જયતે'નું સૂત્ર છે. આખરે તો વિજય સાચી—સમજ ધરાવનારા અને સહાનુભૂતિપૂર્વક પ્રેમ દર્શાવનારા માનવીના આત્માનો જ થશે

પ્રકાશક : ખીમચંદ ચાંપશી શાહ, શ્રી જૈન આત્માનંદ સભા વતી.
મુદ્રક : હરિલાલ દેવચંદ શેઠ, આનંદ પ્રીન્ટીંગ પ્રેસ, ભાવનગર